ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૩)

(ગાથા-૨૯૭ થી ૩૨૩, શ્લોક-૧૮૨ થી ૨૦૦, પ્રવચન-૩૬૪ થી ૩૯૧)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત
૨૦૭૪


વીર સંવંત
૨૫૪૪

ઈ. સન
૨૦૧૮

**પ્રકાશન**
જેઠ સુદ-૫, તા.૧૮-૬-૨૦૧૮, સોમવાર
શ્રુત પંચમી

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।**
**एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।**

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હ્રદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૩ શ્રુત પંચમીના દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૬૪ | ૧૩-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૭ | ૦૦૧ |
| ૩૬૫ | ૧૪-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૨, ગાથા-૨૯૭ | ૦૧૭ |
| ૩૬૬ | ૧૫-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૨, ગાથા-૨૯૮-૨૯૯ | ૦૩૧ |
| ૩૬૭ | ૧૬-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૮-૨૯૯ | ૦૪૫ |
| ૩૬૮ | ૧૭-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૩-૧૮૪,ગાથા-૨૯૮થી૩૦૦ | ૦૬૦ |
| ૩૬૯ | ૧૮-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૫, ગાથા-૩૦૦ | ૦૭૬ |
| ૩૭૦ | ૧૯-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૬, ગાથા-૩૦૧ થી ૩૦૩ | ૦૯૧ |
| ૩૭૧ | ૨૦-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૧ થી ૩૦૫ | ૧૦૫ |
| ૩૭૨ | ૨૧-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૪-૩૦૫ | ૧૨૧ |
| ૩૭૩ | ૨૨-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૭, ગાથા-૩૦૬-૩૦૭ | ૧૩૬ |
| ૩૭૪ | ૨૩-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૬-૩૦૭ | ૧૫૪ |
| ૩૭૫ | ૨૪-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૮-૧૮૯ | ૧૭૦ |
| ૩૭૬ | ૨૫-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૯ થી ૧૯૧ | ૧૮૮ |
| ૩૭૭ | ૨૬-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૯૨-૧૯૩ | ૨૦૫ |
| ૩૭૮ | ૨૭-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૯૩-૧૯૪,ગાથા-૩૦૮થી૩૧૧ | ૨૨૦ |
| ૩૭૯ | ૨૮-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૨૩૭ |
| ૩૮૦ | ૨૯-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૨૫૫ |
| ૩૮૧ | ૩૦-૧૦-૧૯૬૭ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૨૭૧ |
| ૩૮૨ | ૩૧-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૯૫, ગાથા-૩૧૨-૩૧૩ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૮૩ | ૦૧–૧૧–૧૯૬૭ | શ્લોક–૧૯૬, ગાથા–૩૧૪–૩૧૫ | ૩૦૨ |
| ૩૮૪ | ૦૨–૧૧–૧૯૬૭ | શ્લોક–૧૯૬, ગાથા–૩૧૬ | ૩૧૭ |
| ૩૮૫ | ૦૩–૧૧–૧૯૬૭ | શ્લોક–૧૯૭, ગાથા–૩૧૭ | ૩૩૨ |
| ૩૮૬ | ૦૪–૧૧–૧૯૬૭ | ગાથા–૩૧૭–૩૧૮ | ૩૪૯ |
| ૩૮૭ | ૦૫–૧૧–૧૯૬૭ | ગાથા–૩૧૮, શ્લોક–૧૯૮ | ૩૬૪ |
| ૩૮૮ | ૦૬–૧૧–૧૯૬૭ | ગાથા–૩૧૯, શ્લોક–૧૯૮ | ૩૭૮ |
| ૩૮૯ | ૦૭–૧૧–૧૯૬૭ | ગાથા–૩૨૦ | ૩૯૩ |
| ૩૯૦ | ૦૮–૧૧–૧૯૬૭ | શ્લોક–૧૯૯, ગાથા–૩૨૦ થી ૩૨૩ | ૪૦૮ |
| ૩૯૧ | ૦૯–૧૧–૧૯૬૭ | શ્લોક–૨૦૦, ગાથા–૩૨૧ થી ૩૨૩ | ૪૨૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૩)**
**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**આસો સુદ ૧૦, શુક્રવાર તા. ૧૩-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૭, પ્રવચન-૩૬૪**

શિષ્ય પૂછે છે જિજ્ઞાસુ થઈને. કે મારા આત્માના શુદ્ધતાના મોક્ષ માટે ક્રિયા કઈ? **'આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો?'** એમ પૂછે છે. આ આત્મા જ્ઞાનના લક્ષણે લક્ષિત એવી જે જ્ઞાન પર્યાય અથવા વર્તમાન પ્રજ્ઞા, એવા પ્રજ્ઞા વડે આત્માને કેમ ગ્રહવો એટલે કેમ અનુભવવો? આવી જેને ધગશ છે એને ઉત્તર દેવામાં આવે છે. શું કીધું સમજાણું? જેને એમ થયું છે કે આ આત્મા જે વસ્તુ છે એને જ્ઞાન એટલે વર્તમાન પ્રજ્ઞા જે અવસ્થા છે એ પ્રજ્ઞા એ એનું લક્ષણ છે અને એ વડે અંતરમાં આત્માને જાણી શકાય છે. અને એ પ્રજ્ઞા એ ક્રિયા છે-છીણી. પુણ્ય-પાપના રાગ એને જુદું પાડવાની. જ્ઞાન જ્યાં ઊઠે છે ત્યાં રાગ ઉઠે છે, એ બેની વચ્ચે આ જ્ઞાન અવસ્થા અંતરમાં વળે એ એની છીણી છે.

તો એને હવે આત્મા વસ્તુ છે જે શાંતિ અને આનંદનો સાગર છે. એને વર્તમાનમાં જ્ઞાનની વર્તમાન દશા દ્વારા કઈ રીતે અનુભવવો? ગ્રહવો એટલે કઈ રીતે અનુભવવો? એમ પ્રશ્ન છે. **'તેનો ઉત્તર કહે છે :-'**

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।**

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

ઝીણી વાત તો છે આ મોક્ષના માર્ગની. ઝીણી વાત છે, ઝીણી ક્રિયા છે. એણે કોઈ દિ' ચૈતન્યની જાત શું છે અને મહાન પદાર્થ આ દેહના પરમાણુથી ભિન્ન છે અને પુણ્ય-પાપના વિકલ્પ દુઃખરૂપ દશાથી પણ ચૈતન્ય વસ્તુ અંતર જુદી અને ભિન્ન છે. એવું સ્વલક્ષણ વડે કોઈ દિ' પોતાના સ્વરૂપને એણે જાણ્યું નથી. જે જાણવું જોઈએ તે જાણ્યું નથી અને જે જાણવું જોઈએ નહિ તેને એણે જાણ્યું છે.

હવે કહે છે, '**ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો), તે આ હું છું;...**' ધ્યાન રાખો. આ તો ઝીણી વાત છે ને બહુ. મોક્ષના અધિકારમાં વાત તો પહેલી આવી ગયેલી છે, આ બીજી રીતે વર્ણવે છે. નિયત... ભગવાન આત્મા. આમ લોકમાં નહોતું કહેવાતું? ભાઈ! રમતા ત્યારે એવું કહેતા, એ દીવો બળે એ મામાનું ઘર.

મુમુક્ષુ :- મામાનું ઘર.

ઉત્તર :- મામાનું ઘર. રમતા ત્યારે કહેતા. આ તો ઘણા વર્ષની વાતું છે. ખબર છે ને? અમારે ત્યાં મામાનું ઘર નજીક ખરું ને. મામાનું ઘર કેટલે? કે એ દીવો બળે એટલે. અમારે તો ઘર પાસે મામા જોડે એ બધા. ઓલા મામા ત્યાં રહેતા બધા. સાત મામા અને સાત મોટા ગૃહસ્થ હતા. બધા ખલાસ. ત્યાં રમતા ત્યારે કહેતા. નાની ઉંમરની હોં ૧૨-૧૩ વર્ષની. ૧૨ વર્ષની. મામાનું ઘર ક્યાં આવ્યું? કે ઓલો દીવો બળે એટલે. એમ આત્માનું ઘર ક્યાં આવ્યું? જ્યાં જ્ઞાન બળે ત્યાં. જ્યાં જ્ઞાનનો દીવો ઝગમગ... ઝગમગ.. પર્યાયમાં જાણ થાય ત્યાં આત્મા છે. સ્વરૂપચંદભાઈ! એવું રમતા. તમારે શહેરમાં તો ન હોય. અમારે ગામડામાં તો હોય ને. એવું હતું. મામાનું ઘર કેટલે? દીવો બળે ત્યાં. ત્યાં બધો પ્રકાશ છે. એટલે મામાને ત્યાં બધું મળે. ખારેક ને ટોપરા ને ત્યાં મળે. ભાણેજને આપે.

એમ ભગવાન આત્મા એનું ઘર ક્યાં છે? કે જે આ જાણવાની જે ક્રિયા, જાણવાની પર્યાય છે ને એ આત્માની છે. એ એનું ઘર ત્યાં છે. સમજાય છે? આ શરીર, વાણી, આ તો માટી જડ ધૂળ છે. એ ક્યાં આત્મામાં છે અને ક્યાં આત્માની છે? અને આ ક્યાં આત્માના થઈને રહ્યા છે? શરીર, વાણી, આ મન, આ જીભ, આ બધું એ આત્માના થઈને રહ્યા નથી. કહો, બરાબર છે? સ્વરૂપચંદભાઈ! કોના થઈને આ રહ્યા છે? એ તો એના થઈને એ રહ્યા છે. આત્માના થઈને એ રહ્યા નથી. એ તો જડ, અજીવ, માટી, ધૂળ છે. અંદર કર્મ છે આઠ એ પણ કર્મ કર્મપણે થઈને રહ્યા છે. આત્માના થઈને, અને આત્મામાં થઈને એ રહ્યા નથી. કર્મ કર્મપણે રહ્યા છે.

હવે ખરેખર તો પુણ્ય અને પાપના ભાવ એ પણ વિકાર વિકારપણે થઈને રહ્યા છે.

એ આત્માપણે થઈને રહ્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ રૂપે વિકાર થઈને રહ્યા નથી. વિકાર વિકારપણે થઈને રહ્યા (છે). કારણ કે તત્ત્વ જ આસ્રવતત્ત્વ ભિન્ન છે. એ આત્મતત્ત્વ થઈને રહ્યા નથી. આહાહા..! જેઠાલાલભાઈ! આ તો સાદી ભાષા છે. એ અમારે હિંમતભાઈ કહેતા હતા સવારમાં. સાદી તે સમજાય એવું બધાને છે આ તો. નવા હોય એને પણ સમજાય એવું છે. આત્મા ક્યાં અંદર નવો છે? એ તો જૂનો અનાદિનો છે.

કહે છે કે '**નિયત સ્વલક્ષણ...**' આ જાણવાની જે દશા છે એ એનું લક્ષણ છે. એ લક્ષણ વડે આ આત્મા છે એમ જણાય. રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિ એ તો પરરૂપે થઈને રહ્યા છે. જ્ઞાનની પર્યાય તો સ્વ રૂપે થઈને રહેલી છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આમાં ક્રિયા આવશે. એઈ..! તમે ક્રિયા ક્રિયા કરો છો ને. આહાહા..! '**નિયત...**' એટલે નિશ્ચય. '**સ્વલક્ષણ...**' એટલે આત્માનું નિશ્ચય નિશ્ચય-સાચું-ખરું-લક્ષણ. એને '**અવલંબનારી પ્રજ્ઞા...**' પ્રજ્ઞા એટલે જાણવાની દશા. એ લક્ષણને અવલંબનારી. એ '**વડે જુદો કરવામાં આવેલો...**' જ્ઞાન તે હું. આ જાણવાની દશા તે હું. એમ પુણ્ય-પાપ અને શરીર, વાણી, જડથી જ્ઞાનની પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો.

'**જે ચેતક (-ચેતનારો),...**' ચેતનારો. ચેતનારો. જાણનારો... જાણનારો... જાણનારો... '**તે આ...**' જે ચેતનારો '**તે આ હું છું;...**' ઝીણી વાત છે ને? અંતરની વાત છે ને? આ તો બધા ખોખા થોથાં કો'કના ઊભા છે અને કો'કના થઈને રહ્યા (છે). એ તો ચાલ્યા જવાના બધા. એ તારી પાસે છે નહિ. તારી પાસે છે નહિ અને તારા નથી. ભગવાન તું છો એ પ્રજ્ઞા વડે ચેતનારો જુદો થઈને રહેલો છે. જુઓ! '**જુદો કરવામાં આવેલો જે ચેતક (-ચેતનારો),...**' હું તો જાણનાર-દેખનાર. જાણનાર-દેખનારો છું. એ મારું સ્વરૂપ છે.

'**તે આ..**' એમ. જાણનાર-ચેતનારો તે આ '**હું છું;...**' તે આ હું છું. '**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ...**' અન્ય જે પુણ્ય-પાપના વિકલ્પો આદિ વિકાર તે સ્વલક્ષણથી. એના લક્ષણથી જાણવા યોગ્ય છે. આત્માના જ્ઞાનલક્ષણથી તે જણાવા યોગ્ય નથી. પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે-વિકાર છે. આમ જ્ઞાનરૂપી દશા એનો ધરનાર આત્મા એનાથી આ પુણ્ય-પાપની વૃત્તિઓ જે ઉઠે છે શુભ-અશુભભાવ એમ અન્ય છે એ. અન્ય સ્વલક્ષણ. એનું લક્ષણ પણ અન્ય છે પણ છે એનું લક્ષણ. અન્ય સ્વલક્ષણો.

'**અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યના લક્ષણ સિવાય...**' ભગવાન જ્ઞાનસ્વભાવના લક્ષણવાળો એનાથી અન્ય લક્ષણવાળા '**બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય)...**' એ તો રાગ છે, પુણ્ય છે, પાપ છે. અંતર્મુખ જાણનાર પર્યાયથી બહિર્મુખ જતી વૃત્તિઓ

બધો વિકાર છે. એવા એના લક્ષણેથી જણાવાયોગ્ય. જાણનારો આ જ્ઞાન. પણ એના લક્ષણથી લક્ષ થવા લાયક છે. ભાઈ! જાણનારો આ. પણ એના લક્ષણથી લક્ષ થવાને લાયક જાણનારો આત્માના એના લક્ષણથી જાણે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. આહાહા..!

આમ વસ્તુ ચૈતન્યબિંબ એની વર્તમાન જ્ઞાન-પ્રજ્ઞા અવસ્થા. જેમાં. જેમાં આ... આ.. આ... આ.. આ... એમ જણાય છે એવી પ્રજ્ઞા તે આત્માનું લક્ષણ. એનાથી રાગથી જુદો પાડ્યો. અને ચૈતન્યથી અન્ય લક્ષણવાળા એના જે સ્વલક્ષણો પુણ્ય અને પાપ, દયા, દાન, વિકલ્પો આદિ વિકાર એના સ્વલક્ષણથી લક્ષ થવા લાયક પર. વિકાર કીધું ને? શું કીધું? વિકાર આ જાણવું એ અવસ્થાનું લક્ષણ આત્માનું. એ સિવાય વિકાર લક્ષણ છે જડનું, વિકારનું. એ વિકાર અચેતન છે ખરેખર. ચૈતન્યની પર્યાયનું કિરણ એમાં નથી. પુણ્ય અને પાપ... અહીં કહેશે ખુલાસો કે, એ બધો વ્યવહારભાવ (છે). પુણ્ય અને પાપ, શરીર, વાણી તો ક્યાંય રહી ગયા. આ તો માટી, ધૂળ. કો'કની ક્યાંક આવીને રહી ગઈ. એમાં, એનામાં ઉત્પન્ન થતાં પર્યાયમાં વસ્તુ દ્રવ્ય, ગુણમાં નથી અને એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થતાં પરલક્ષણ અન્યથી-ચૈતન્યથી પરલક્ષણ અને એનું સ્વલક્ષણ, એવા જે રાગ, પુણ્ય આ વિકાર એનાથી લક્ષ થવા લાયક જે પરભાવ. એ બાકીના. **'જે આ બાકીના...'** જુઓ! એને વિદ્યમાન તો છે. જે આ પુણ્ય અને પાપ, **'આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** જુઓ! જેટલા પુણ્ય અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો જે રાગ એ બધો વ્યવહારરૂપ ભાવ, એના લક્ષણથી જણાવા લાયક ચૈતન્યથી જુદાં. સમજાણું કાંઈ? **'જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...'** એટલે કે આ દયા, દાન, વ્રતાદિ, પુણ્ય-પાપના વિકલ્પો બધા અંતરના પ્રજ્ઞાની પર્યાય દ્વારા ઓળખાય, એનામાં એ નથી. તેથી તેને પરલક્ષણવાળા, એના સ્વલક્ષણથી જણાવાયોગ્ય વ્યવહારભાવો. પુણ્ય અને પાપ. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ચાહે ગમે તે રાગ હો. એ બધા વ્યવહારભાવ છે. સમજાણું કાંઈ?

**'તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...'** ભગવાન આત્મા ચેતનારો... ચેતનારો... જાણનારો એ જાણનારના વ્યાપકપણામાં-પ્રસરવાપણામાં-ફેલાવાપણામાં-એ વિકારી ભાવો ફેલાવ કરીને તેની અવસ્થા નહિ થતી હોવાથી. શું કીધું? આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. માલચંદજી! દુકાનનો ધંધો હોય જેમ તેમ ચાલતો હોય, આડોઅવળો મારે ... એમ આત્મામાં ચાલે એવું નથી આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ ચાલે એવું નથી એમાં. એય.. શેઠ! લ્યો તમારે એનું કામ કરે છે ને એ? દુકાન. શું કરે? કોણ ફોતરું ફેરવે નહિ, શું કરે? અહીં તો એ કહેશે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- અન્ય ભાવો કરે છે.

ઉત્તર :- અન્ય ભાવો. અન્ય ભાવો આ તો રાગ. ઓલી તો હજી ક્રિયા કહેશે. એની ક્રિયા જુદી. એની રાગની ક્રિયા નહિ અને દેહની ક્રિયા નહિ અને પરની ક્રિયા તો એની છે જ નહિ. આહાહા..!

ભાઈ! જેને આત્મા વસ્તુ જે સત્ સ્વરૂપ છે પ્રભુ, અનાદિઅનંત નિત્ય પરથી જુદું જ્ઞાનતત્ત્વ એ ભગવાન આત્મા છે. એને જ્ઞાન દ્વારા, રાગના લક્ષણથી જુદો જાણી અને જ્ઞાનલક્ષણથી આત્માને જુદો જાણી અને એને એવી રીતે જાણવું કે જે રાગાદિ વિકલ્પો છે એ મારા ચેતકપણારૂપી. હું તો ચેતનારો, જાણનારો, એનું વ્યાપક. એટલે ચેતનારો જે પ્રસરે છે એ જ્ઞાયકભાવ એનું વ્યાપ્ય. એનું એ વ્યવહાર દયા, દાન, ભક્તિના વિકલ્પો છે એ ચેતકપણાની વ્યાપક શક્તિના વ્યાપ્ય નામ અવસ્થા નહિ થવાને લાયક છે. કહો, જ્ઞાનચંદજી! હવે જ્ઞાનથી તો વાત ચાલે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચેતકપણામાં વ્યાપે નિર્મળ પર્યાય. એ હવે કહેશે, હજી હવે કહેશે. એ ક્રિયા કહેશે હજી. સમજાણું કાંઈ?

વસ્તુ છે ને, ચૈતન્ય શક્તિ સત્ત્વ ગુણ વસ્તુ. એ જો વ્યાપક થાય એટલે પ્રસરે, ફેલાય તો તો એ જ્ઞાયકની જ્ઞાનચેતના ક્રિયા એમાંથી પ્રગટ થાય. એના વ્યાપ્ય નામ વ્યાપક જે ચેતનારો વ્યાપક એના પુણ્ય અને દયા, દાનના રાગ વિકાર તે તેની અવસ્થા થવાને લાયક જીવ લાયક નથી અને એ રાગ આની અવસ્થા થવાને એ રાગ પણ લાયક નથી. ફરીને. શેઠી! વાંચ્યું તો હશે ત્યાં ઘણીવાર. મીઠાલાલ છે ને મીઠાલાલ?

આહાહા..! ભગવાન! તારી લીલા જ અંદર એવી ચૈતન્ય છે ને. ચૈતન્યનો સમુદ્ર છે એ તો ચૈતન્યનો ચૈતન્યપણે પરિણમતો, ડોલતો ભગવાન આત્મા છે એ. એને ક્યાં કાંઈ પોતાની ખબરું ન મળે ને. બીજાની ખબરું ને ડહાપણ ડહોળવા માંડ્યો. આ છે ને આ છે ને, ધૂળેય નથી. સાંભળને! પોતાના સાચા જ્ઞાન વિના પરનું પણ સાચું જ્ઞાન એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા '**તે બધાય,...**' તે બધાય. ચાહે સો ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠતો હો રાગ કે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આ વિકલ્પ ઉઠતો હોય. જુઓ! આ રાડ્યું નાખે છે લોકો. અરે..રે..! એને નિષેધે છે, કહે છે. એ ચારિત્ર (છે). ભગવાન! એ ચારિત્ર નથી. ભાઈ! એ ચેતનનું વ્યાપ્ય થવા લાયક નથી. આહાહા..! જેઠાલાલભાઈ! આવે છે ને? કાલે વંચાવ્યું નહિ? કાનજીસ્વામી ચારિત્રને નિષેધે છે. શું ચારિત્ર? એનું માનેલું. અરે.. ભગવાન!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તને ચારિત્રની ખબર નથી ભાઈ! એ ચેતનપણાની ચેતના એમાં ઠરે ચેતનામાં, ઠરે વીતરાગ ભાવે એ આત્માનું ચારિત્ર છે. એ આત્માની ચેતવાની જે સ્થિરતાની ક્રિયા એ આત્માની ક્રિયા અને ચારિત્ર છે. એ પંચ મહાવ્રતના વિકલ્પો આદિ જે વિકલ્પ છે એ તો '**ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય...**' એટલે દ્રવ્યની અવસ્થા નહિ થતાં હોવાથી.

ભગવાન આત્મા... જુઓ! શરીર આની તો અવસ્થા ક્યાં થાય એમાં? આ શરીર, વાણી આ બધું જડ, એની જે આ અવસ્થાઓ થાય છે એ તો આત્માની એ અવસ્થા થવાને લાયક નથી. આત્મા પણ લાયક નથી. એ ચીજ અહીં અવસ્થા થાય એવી એ ચીજ નથી. આહાહા..! સુમેરુમલજી! આહાહા..! કહે છે કે, ભગવાન આત્મા એક જ ચેતનારો પદાર્થ આખો આમ. એનું જે વ્યાપકપણે ચૈતન્યનું પ્રસરવું. એની એ રાગ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત જે વિકલ્પ છે એ ચેતનના વ્યાપકની દ્રવ્યની પર્યાય થવાને રાગ લાયક નથી અને ચેતક તેની અવસ્થા ધારણ કરે એ ચેતક પણ એને લાયક નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો...**' જુઓ! '**છે,...**' કીધું. છે ને? વ્યવહારરૂપ ભાવો છે. એમ નથી કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એટલે રાગાદિ કોઈ છે જ નહિ. ન હોય તો તને દુઃખરૂપ દશા ક્યાંથી આવી? આનંદરૂપ આત્મા તો સચ્ચિદાનંદ આનંદ છે. તો તારી દશામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ વેદાવો જોઈએ. અતીન્દ્રિય આનંદનો અભાવ તે દુઃખનો સદ્ભાવ. એ દુઃખની ક્રિયા રાગની જે પુણ્ય-પાપની એ ખરેખર ભગવાન ચેતકની અવસ્થા થવાને લાયક છે જ નહિ. આનંદરૂપી ભગવાન એની તો આનંદ અવસ્થા થવાને લાયક આત્મા છે. સમજાણું કાંઈ? છે ને? સામે પુસ્તક તો પડ્યું છે. એનો અર્થ થાય છે કે નહિ?

એક જણા કહેતા હતા એક જણો. ભાઈ! આ આપણે કેટલાક લોકો વિરોધ કરે છે સ્વામીજીનો. પણ સ્વામીજી શાસ્ત્રના આધારે બધી વાત કરે છે. એમ કહેતો હતો એક જણો. પાઠ બતાવીને પાઠનો અર્થ કરીને કહે છે કે જુઓ આ. એક જણો કહેતો હતો. ત્યાં તો એમ કહે છે. આ કાંઈ અધ્ધરથી હું કહું છું આમ અને મારું કહેવું આમ એમ નહિ. આમ આ ભગવાન કહે છે એવું છે સ્વરૂપ. આ રહ્યો તારી સામે પાઠ અને રહ્યો એનો અર્થ. નવનીતભાઈ! કો'ક કહેતું હતું ત્યાં.

મુમુક્ષુ :- દિલ્હીમાં શાહૂજી.

ઉત્તર :- હા લ્યો. દિલ્હીમાં શાહુજી કહેતા લ્યો. આ મહારાજ તો વાત કરે છે આ બધાય કહે છે કે આમ હોય.. આમ હોય.. પણ એ શાસ્ત્રનો પાઠ બોલીને, પાઠનો અર્થ

કરીને આ તો કહે છે. આ તો શાસ્ત્રનો આધાર આપીને કહે છે. પાઠમાંથી કહે છે એમ કહે છે. એ કહેતા હતા. શાહૂજી કહેતા હતા. એને બિચારાને પરિચય વધારે નથી. એને બહુ પૈસા ને બધું ... નહિતર પરિચય થોડો કરે ને તો ધીમે ધીમે સમજાય. આ એવી વાત છે. આ વસ્તુ... એટલું તો એણે પૂછ્યું. એ આધાર.. એણે બીજું પૂછ્યું ઓલા વિદ્યાનંદજીને કે તમે અત્યાર સુધી તો શુભભાવની વાત કરતા હતા અને સ્વામીજી કહે છે કે શુભભાવથી અન્ય- ભિન્ન પડે તો ધર્મ થાય એમ કહે છે. એમ પૂછ્યું હતું. ક્યાં ગયા ચેતનજી! એ બેઠા હતા. હું નહોતો. ત્યારે ઓલા કહે કે મહારાજ! સ્વામીજી તો ધર્મની વાત કરે છે. અને હું પાપથી બચવા માટે કહેતો હતો. એમ કરીને... શું થાય? જગતની સ્થિતિ એવી છે અનાદિની. અનાદિની છે. ભગવાન આત્મા એની ચૈતન્યની જાતમાં આખું ભર્યું છે એનું એને ભાન નથી. બહારથી લાવવું નથી અને બહારની ચીજ એમાં પ્રવેશ કરતી નથી. ક્યાં છે? જુઓને આ.

ભગવાન! આ રજકણો જે માટીના છે એ તો ઉપર ઉપર ફરે છે બધા. ભગવાન ચૈતન્ય ગોળો, ચૈતન્ય ગોળો આત્મા એના ઉપર આ રજકણો ઉપર ઉપર ફરે છે. પણ એની વર્તમાન દશામાં પરલક્ષી પરલક્ષણવાળા જે પુણ્ય અને પાપના ભાવ (થાય) એ પણ ચેતનના વ્યાપક એટલે દ્રવ્યની વ્યાપ્ય નામ અવસ્થા થવાને લાયક નથી. કહો, સોભાગભાઈ! એમાં પકડાય એવું છે ને. આમાં કાંઈ બહુ ઝીણી એવી ભાષા નથી. આ સાદી અને સરળ (ભાષા છે) અને સત્‌નું સ્વરૂપ છે આ તો. કહો, સમજાણું કાંઈ? એમાં પહેલું શું છે એવું લક્ષમાં તો એને આવવું જોઈએ ને? લક્ષમાં આવ્યા વિના માનવું શું અને છોડવું શું? એટલે પહેલા એના લક્ષમાં આ સત્ય છે, આ રાગ છે, આ વિકાર છે, આ લક્ષણે લક્ષિત છે. એવી આ ચીજ છે એમ એના ખ્યાલમાં પહેલી આવવી જોઈએ. સમજાણું કાંઈ?

'**જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...**' જુઓ! પાછા કેટલા અર્થ કર્યા છે? એનું અન્ય લક્ષણથી લક્ષ્ય છે. એક વાત. અને તે બાકીના વ્યવહારરૂપ ભાવો છે. એક નહિ પાછા '**તે બધાય,...**' એમ. ચાહે સો વ્યવહારનો વિકલ્પ ગમે તે ઉઠો. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો શ્રદ્ધાનો રાગ. એ બધા રાગો ચૈતન્યની પર્યાય થવાને લાયક નથી. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યની મૂર્તિ પ્રભુ છે ને. ઓલા નથી કહેતા? નથી ઓલા શું આ? બાહુબલીમાં નથી આ? સર્ચ લાઈટ. બે છે મોટી હજાર હજારની શું કહેવાય એ? પ્રકાશ. રાતે બેઠા હતા એક ફેરી દોઢ કલાક. એ તો હજાર હજારવાળું છે. આ તો અનંતગુણા ચૈતન્યના કિરણો નીકળે એવો છે આત્મા. સર્ચ લાઈટ છે આત્મા ચૈતન્યની આખી એકલી. ચૈતન્યનું નૂર. પણ એની સામું જોયું નથી. કોણ છે એની ખબરું ન મળે. ચૈતન્યના પ્રકાશનો આખો સૂર્ય

છે. એમાંથી સર્ચ લાઈટની જેમ પ્રકાશ નીકળે આમ બહાર જાય છે ને? એમ એના કિરણો જ્ઞાનની અવસ્થા બહાર આવે છે દ્રવ્યમાંથી. આ પુણ્ય અને પાપ અંધકાર છે. તે આત્માના ચૈતન્યની પર્યાય અંધકાર થવાને લાયક નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**તે વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી...**' એટલે હું તો ચેતનારો, જાણનાર... જાણનાર... જાણનાર... એવું જે દ્રવ્ય, એવી જે વસ્તુ હું પદાર્થ, એવો જે વ્યાપક હું એટલે દ્રવ્ય, તેનો વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપ્ય એટલે પર્યાય, વ્યાપ્ય એટલે દશા, એ વ્યવહાર વિકલ્પ છે એ આત્માની દશા-પર્યાય-વ્યાપ્ય-અવસ્થા-થઈ શકવાને લાયક જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, શાંતિભાઈ! આ બધું સમજ્યા વિના હતું. જય મહારાજ. પડો દિગંબર થઈને.

મુમુક્ષુ :- સાધુ થઈ જાય.

ઉત્તર :- સાધુ. અરે.. ભગવાન! બાપા! દિગંબર મુનિ! ઓહોહો..! એ તો અલૌકિક છે! દિગંબર મુનિ એટલે અલૌકિક દશા. એ તો પરમેશ્વર દશા. એની શું વાત!! પણ મુનિપણું જોઈએ કે નહિ? કે નગ્નપણું એ મુનિપણું?

અહીં તો કહે છે કે નગ્નપણાની દશા આત્માની થવાને લાયક નથી પણ પુણ્ય અને વ્યવહાર પંચ મહાવ્રત આદિ દયા, દાન કે અઠ્યાવીશ મૂળગુણ જે છે એ વિકલ્પો આત્માની અવસ્થા થવાને લાયક નથી. આખો ચૈતન્ય ગોળો અહીંયા પરિણમે છે, એ ચૈતન્ય પોતાની નિર્મળ શ્રદ્ધા, જ્ઞાનની પર્યાયપણે વ્યાપીને પરિણમે એવો એ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેવી રીતે ગ્રહણ કરવો?

ઉત્તર :- આવી રીતે ગ્રહણ કરવો હવે કહે છે. કેવી રીતે અનુભવવો. એમ. આહાહા..!

'**વ્યાપકના વ્યાપ્ય...**' એટલે દ્રવ્યની અવસ્થા '**નહિ થતા હોવાથી,...**' આહાહા..! સમકિતી, મુનિ કે શ્રાવક આદિ પોતાના આત્મામાં એમ જાણે છે કે હું ચેતનારો ભગવાન આત્મા છું. એ ચેતનારની અવસ્થામાં આ વ્યવહારના જેટલા વિકલ્પો (ઉઠે) તે મારી પર્યાય થવાને લાયક નથી. મારામાં ભળે એવા એ નથી. એમ કહે છે. ભળે સમજો છો ને? મિલાન. આહાહા..! એ ભિન્ન રહે એવા છે એમ કહે છે. આહાહા..! આ શરીર માટી તો ભિન્ન જ કામ કરે છે બિચારા એ તો એને કારણે, એને લીધે.

મુમુક્ષુ :- પણ ત્યાંથી આઘેથી દેખાય છે કે નહિ?

ઉત્તર :- પણ આઘે. આ આઘે દેખનારો નથી એવો નિર્ણય કોણે કર્યો? દેખાતો નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં કર્યો? એ ચૈતન્યની સત્તામાં નિર્ણય થયો છે. એ સત્તા છે.

હું જણાતો નથી. એનો અર્થ કે હું જણાઉં છું. સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- જ્ઞાનમાં એમ ઉતરે છે.

ઉત્તર :- એમ ઉતરે છે. હું જણાતો નથી. એટલે શું? હું જણાતો નથી એ કઈ સત્તામાં? એ ક્યા હોવાપણામાં હું નથી જણાતો એવું નક્કી થયું? એ તો ચૈતન્યના હોવાપણામાં નક્કી થયું કે હું જણાતો નથી એટલે કે હું જણાઉં એવો છું. સમજાણું કાંઈ? કોઈ દિ' એ વિચારની ધારા એણે કરવા માંગી નહિ અને જરૂરિયાત આ છે એવી જરૂરિયાત માની નથી. આ ધૂળની બહારની હોળી આ કરું... આ કરું... કરી શકતો નથી કાંઈ? આંખની પાંપણ પણ ફેરવી શકતો નથી. કારણ કે એ જડની દશા છે.

અહીં તો અંદરમાં પોતે અજ્ઞાનપણે જે રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ સ્વરૂપના ભાન વિના જે ઊભા કરતો એ સ્વરૂપના ચેતનામાં એ મારી પર્યાય થવાને લાયક નથી એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

'**મારાથી અત્યંત ભિન્ન છે.**' જુઓ! પાછી આ ભાષા વાપરી. શું કીધું? એ બધા પુણ્ય-પાપના વ્યવહાર દયા, દાન, વ્રત અઠ્યાવીશ મૂળગુણ સાધુના હો, શ્રાવકના બાર વ્રતના વિકલ્પ હો એ બધા રાગ પરલક્ષણે લક્ષિત દ્રવ્યની અવસ્થા થવાને લાયક નહિ. મારાથી અત્યંત ભિન્ન છે. હું ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છું. એવું મારું હોવાપણું છે એની અવસ્થાથી તે વ્યવહાર અત્યંત જુદો છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! બે શી રીતે પડ્યું નક્કી? કે આ ચેતનારો તે હું. એ પોતાના લક્ષણથી જુદો જાણ્યો અને રાગ લક્ષણ એવા વિકાર એ બે પડ્યા. બે પડ્યા એટલે એ દશા મારાથી અત્યંત ભિન્ન છે. મારી અવસ્થા થવાને લાયક નથી. બધા છે ખરાં. પણ અત્યંત સ્વભાવની પર્યાયથી, સ્વભાવની પર્યાયથી ભિન્ન રહેવાવાળા એ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ ધર્મ કથા. નવનીતભાઈ! આવી કેવી ધર્મકથા?

મુમુક્ષુ :- ક્રિયાપ્રધાન જૈન ધર્મ છે.

ઉત્તર :- હા, ક્રિયાપ્રધાન એ આવે છે અહીં. એ જ આવે છે જુઓ અહીં. શું કહે છે? જુઓ!

'**હું જ,...**' '**માટે હું જ,...**' મારાથી અત્યંત ભિન્ન છે પુણ્ય-પાપના વિકલ્પો પરલક્ષણે જણાવા લાયક મને. હું ચેતનારો ભગવાન આત્મા '**માટે હું જ,...**' એ કર્તા. છ કારક નાખે છે. ... એ ષટ્કારકની વાત થઈ હતી, ષટ્કારકની. કારક એટલે ક્રિયા થવાના કરનારા તે કારકો. ચેતનાની જે ક્રિયા છે, જ્ઞાનની ક્રિયા અંદર ઠરવું, પલટવું એ ચેતનાની ક્રિયાના આ ષટ્કારકો છે. આ ષટ્કારકો શરીરની ક્રિયા આત્માની નહિ એ તો પરમાં જાય છે. આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હલવું, ચલવું, બોલવાની ક્રિયા અવસ્થા એ ક્રિયા જડની ક્રિયા છે. જડની ક્રિયા જડ કરનારો છે. અંદર બધો વ્યવહાર જે દયા, દાનના વિકલ્પોની ક્રિયા એ વિકારની ક્રિયા. એ આત્માની ક્રિયા નહિ. આહાહા..!

ભગવાન અંદર વિકારથી, પુણ્ય-પાપના વિકલ્પના લક્ષણથી ભિન્ન અને સ્વલક્ષણે જણાવા યોગ્ય એવો ચેતન પ્રભુ એની જે ચેતના, જાણવા-દેખવાની જે ચેતના ક્રિયા એ ક્રિયાના કારક કરનારા છ છે. પોતામાં, પોતાને લઈને એમ કહે છે. રાગની પુણ્યની વ્યવહાર, દયા, દાનના વિકલ્પોની ક્રિયા, એનો હું કર્તા પણ નથી, એ મારું કાર્ય નથી, એનો હું સાધન પણ નથી, મારાથી થયા નથી, મારા આધારે રહ્યા નથી. આહાહા..! ભારે ભાઈ! કહો, જેઠાલાલભાઈ! આહાહા..! અંધારું અને પ્રકાશ બે જુદા જ હોય ને. સૂર્યના કોઈ પ્રકાશમાં અંધારું આવે છે? સૂર્ય જ્યાં છે એ તો એક સાધારણ પદાર્થ છે. આ તો ચૈતન્ય પ્રકાશ. સૂર્યના પ્રકાશને પ્રકાશનારો. એવો ભગવાન ચૈતન્ય સૂર્યનો પ્રકાશનો પુંજ, એમાં રાગ પુણ્ય-પાપનો અંધકાર એમાં આવે જ નહિ, ભળે જ નહિ. સમજાય છે કાંઈ?

અનાદિ અજ્ઞાનથી સ્વના ભાન વિના તે વિકાર મારા અને હું તેમાં આવ્યો એમ એણે માન્યું છે. એમ એણે માન્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ કેવું જ્ઞાન? આવી જાતનું? બી.એ. એલ.એલ.બી. ને મેટ્રીકમાં આવું આવતું (ન હોય). ઓલા તો કલાક બોલી ગયા પ્રોફેસર, જાવ સાંભળી લ્યો. એય.. સ્વરૂપચંદભાઈ! આ કઈ જાતનું? બાપુ! આ તો આત્માનું વિજ્ઞાન છે. આ તો વિજ્ઞાન અજ્ઞાનીઓના એનું વિજ્ઞાન એટલે જાણનારો કોણ છે એની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**હું જ,...**' હું ચેતનારો તે હું જ. એ કર્તા. મારી જાણવાની, દેખવાની ક્રિયા નામ પલટવાની પર્યાય એ મારી ક્રિયા. શરીરની ક્રિયા મારી નહિ અને દયા, દાનના વ્યવહારની ક્રિયા મારી નહિ. કેમકે એની અવસ્થા થવાને હું લાયક નથી, એ અવસ્થા મારે લાયક નથી એ મારાથી અત્યંત ભિન્ન છે. અત્યંત જુદું... જુદું... જુદું... જુદું... હવે રહી પોતામાં ચૈતન્યની ચેતનાને લક્ષણે જાણેલો તેની પલટવાની ક્રિયા. સમજાણું કાંઈ?

'**માટે હું જ,...**' એ કર્તા છે. કર્તા એને કહીએ કે ક્રિયાને સ્વતંત્રપણે કરે તે કર્તા. ક્રિયાને પોતાની ચેતનાના જાણવા-દેખવાની ક્રિયાને સ્વતંત્ર કરે પરની મદદ સહાય વિના એવી ક્રિયાનો કર્તા તેને સ્વતંત્ર કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલે શું? કે હું જ કર્તા. એ રાગનો મંદ ભાવ હતો તો મારી નિર્મળ દશાનો કર્તા હું થયો એમ નથી. સમજાણું કાંઈ? હું છું તેને મારાથી મારી ક્રિયા ચેતનની થાય છે. રાગ અને પુણ્ય-દયા, દાન વિકલ્પો એ મારી ચીજમાં નથી, માટે હું તેનો કર્તા અથવા એ છે તો કર્તા થઈને મારી નિર્મળ ક્રિયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ?

'**હું જ, મારા વડે જ,...**' એ કરણ આવ્યું. પહેલો કર્તા, (બીજું) કરણ. ક્રિયામાં સાધનરૂપ નિવડે તેને કરણ કહેવામાં આવે છે. જ્ઞાનની જાણવા-દેખવાની ક્રિયા જે પુણ્ય-પાપના રાગથી ભિન્ન સ્વલક્ષણે લક્ષિત થયેલો ભગવાન, એની જે જાણવાની-દેખવાની જે શુદ્ધ ક્રિયા એ મારું સાધન હું જ છું. એ મારા વડે થયેલું છે. આહાહા..! એ દયા, દાન, વ્રતના કષાય મંદ ભાવ હતા તો એ દ્વારા મારી નિર્મળ દશા થાય છે એમ નથી. અધિકાર તો બહુ સરસ આવ્યો છે આ. દિલ્હીથી આવ્યા દૂરથી એને... દૂરથી દિલ્હીથી આવ્યા. ભાગ્ય હોય કે નહિ પાછા એને? કેમ?

કહે છે, ભાઈ! તું છો ને? તું છો ને? હું જ. હું ચેતનારો... ચેતનારો... ચેતનારો... હું જ મારા વડે. મારા ચૈતન્યના અંતર સાધન દ્વારા. એ ચૈતન્યમાં કરણ નામનો ગુણ છે એક. કર્તા ગુણ છે એ દ્વારા કરણ નામનો ગુણ એક અંદર ત્રિકાળ પડ્યો છે. એ મારા વડે જ મારી નિર્મળ ક્રિયાનો હું કર્તા છું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે નિર્મળ આત્માના મોક્ષમાર્ગના જે પરિણામ,.. મોક્ષ અધિકાર છે ને? એ મોક્ષમાર્ગના જે પરિણામ જે પ્રજ્ઞાથી નક્કી કર્યો કે આ આત્મા, શુદ્ધ શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં સ્થિરતા એવી જે અંદર ચેતનની ક્રિયા મોક્ષમાર્ગરૂપી અવસ્થા તેની ક્રિયા મારા વડે થાય છે. કર્તા હું છું, મારા વડે થાય છે. પર વડે નહિ. આહાહા..! નિમિત્ત છે કે નહિ? વળી વ્યવહાર નિમિત્ત એમ નાખે. પણ એ નિમિત્તનો અર્થ જ કે એના વડે થતું નથી ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! ભારે તકરાર કરે છે હોં બિચારા. માંડ મળ્યું પ્રભુ! ન તકરાર થાય અત્યારે. આ ટાણા એવા આવ્યા એમાં આ ક્યાં માંડી તેં? આહાહા..! સમજાણું કાંઈ? સારા હરખજમણ હોય ને? અમારે હરખજમણ થાય છે સમજાય તમને એ? લગન કરે ને લગન? પહેલા તો બહુ લગનનું હતું ને. સાત ટંક જમાડતા. હવે તમારે તો ચાર વાગે અને છ વાગે વયા આવે છે એવું છે ને મુંબઈમાં? પહેલા સાત ટંક જમાડે અને પછી ઓલો કરે.. શું કહેવાય એ?

મુમુક્ષુ :- વરોઠી.

ઉત્તર :- વરોઠી કરે પછી ઓલાને હરખ જમણ દેવું પડે વેવાઈને. હરખજમણ. હરખની હોંશનું જમણ. બધા આવો... આવો... સમજાણું? એમાં હરખજમણમાં કોઈ રોવે તો કાંઈ રોવાય નહિ. આ તો હરખના જમણ છે. એમ આત્માની ધાર્મિક ક્રિયામાં આ નાના નાના રોઈશ નહિ હોં! આમ હોય... આમ ન હોય... રહેવા દે, રહેવા દે. અહીં ન હોય એવી વાત. જેઠાલાલભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, મોં ધોવાય નહિ.

ઉત્તર :- હમણાં નહિ. અરે.. ભગવાન! રહેવા દે ભાઈ! આહાહા..! એ હરખ જમણ અમારે ચાલતા બહુ હોં! ઉમરાળમાં બધું નાની ઉંમરમાં જોયેલું. બધું ૧૩ વર્ષનું જોયેલું એની વાતું છે. પછી કોણ જોવા ગયું હતું?

'**મારા વડે જ,...**' આહાહા..! મારી ક્રિયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ હું જ મારા વડે કરું છું. આમ હજી ભેદથી વિચાર કરે છે, હોં! સમજાણું કાંઈ? પરથી નહિ એમ તો અહીંયાં નિર્ણય કરે છે. પછી કાઢી નાખે છે. ભેદ નથી. હું તો અભેદ છું, શુદ્ધ છું. ઓલો પરથી... પરથી... પરથી... એ કાઢી નાખે છે. સમજાણું કાંઈ? '**મારા વડે જ,...**' મારા વડે જ. ભાષા જુઓ!

'**માટે હું જ,...**' એટલે કર્તા એક જ થયો. બીજો નહિ એનું નામ અનેકાંત છે. ઓલા કહે છે ને ભાઈ! બે કર્તા ઠરાવો તો અનેકાંત થાય. એક કર્તા તો એકાંત થઈ જશે. અરે.. ભગવાન! એમ ન હોય. એમ એકાંત નહિ. એનું નામ જ અનેકાંત છે. હું જ મારી નિર્મળ પર્યાયનો કર્તા, બીજો નહિ. એનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ? તેથી 'જ' વાપર્યો છે. '**મારા વડે જ,...**' મારા વડે જ. હું ચૈતન્ય છું ને. જ્ઞાનનો સૂર્ય ભગવાન ચૈતન્યમાંથી અનંત કિરણ નિર્મળ નિકળે એ મારી ચીજ છે. એટલે હું મારા વડે જ કરણ નામ સાધન થાવ છું. બે સાધન કહો ને. તો અનેકાંત કહેવાય. એ વ્યવહાર સાધન કહ્યું એનો અર્થ કે એ સાધન નથી એને કહેવું એનું નામ વ્યવહાર સાધન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નથી એને કહેવું એનું નામ વ્યવહાર.

ઉત્તર :- નથી એને કહેવું એનું નામ વ્યવહાર. હોય એને જાણવું એનું નામ નિશ્ચય. સમજાણું કાંઈ આમાં?

'**મારા વડે જ,...**' ઓહોહો..! ટીકા આચાર્યોની. બહુ જ થોડા શબ્દોમાં, ઘણાં જ ભાવને ગંભીરપણે ભર્યા છે. ભાઈ! તું ચૈતન્ય સ્વરૂપ આખો પદાર્થ છો કે નહિ? જ્ઞાનનો ચૈતન્ય સૂર્ય અથવા ચૈતન્ય આખું. સમજાય છે? સ્ફટિક મણિ. ચૈતન્યરૂપી સ્ફટિક મણિ આખો ભગવાન છે. શરીરના રજકણથી, રાગના રંગથી, રાગના રંગથી અને શરીરના રજકણથી ભિન્ન ભગવાન ચૈતન્ય સ્ફટિક રતન આખી મૂર્તિ છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન કે હું મારા વડે જ મારી નિર્મળ ક્રિયાનો કર્તા છું. નવનીતભાઈ! રાગાદિ નહિ, વિકલ્પ નહિ, વ્યવહાર વડે મારી નિર્મળ ક્રિયાનો (કર્તા છું), એના સાધન વડે અને આ સાધન વડે (એમ) બે સાધન નહિ. આ આકરું લાગે માણસને. ઓલો કહે, વ્યવહાર. ભાઈ! એ વ્યવહાર છે. પણ છે એ આને લાભ કરે છે એમ નથી. જેમ પરદ્રવ્ય નથી અનંતા?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એ નથી? એમ વ્યવહાર છે. છે એટલે શું પણ? છે માટે અહીં લાભદાયક છે અને એ વડે અહીં થાય છે એમ છે? તો તો છે પર એમ રહ્યું નહિ. જેમ પરદ્રવ્ય છે એટલે ભલે હો. એને લઈને અહીં શું કાંઈ પર્યાય છે? એમ વ્યવહાર એક પર વસ્તુ તરીકે ખરેખર તો એ પરદ્રવ્ય જ છે. આહાહા..! સમજાણું?

'**મારા વડે જ,...**' જ.. જ... જ. '**મારા માટે જ,...**' કહો, સમજાણું કાંઈ? એ તો શ્લોક ભાઈએ મોઢે કર્યો છે ને. એ છે ને ... ભાઈએ કહ્યું હતું ને. એ આવશે આનો સાર આવશે. એનો સરવાળો આવશે. પણ એ તો આમાં આવે છે ને? આમાં આવે છે ને. આ શબ્દમાં આવે છે કે અહીં આવે છે એ .. '**મારા વડે જ,...**' મારા વડે જ. ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? હું જ્ઞાન પ્રભુ છું, ચૈતન્યની પ્રભુતાથી શોભિત હું છું. હું કાંઈ રાગ અને નિમિત્તથી શોભિત હું નથી. એવો ચૈતન્ય પ્રકાશ મારા વડે જ પ્રકાશની પર્યાય સાધનથી થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયારૂપ નિર્મળ પરિણામ મારા વડે જ થાય છે. વ્યવહાર વડે થતાં નથી. એનું નામ અનેકાંત કહેવામાં આવે છે.

'**મારા માટે જ,...**' લ્યો! સમજાય છે? સંપ્રદાન. '**મારા માટે જ,...**' હું આત્મા ચૈતન્ય શુદ્ધ જ્ઞાનમૂર્તિ વ્યાપક એ મારી નિર્મળ પર્યાય થાય તે મારે માટે છે. કો'કને માટે નથી, કો'કને દેવાની નથી. મારા માટે મારામાં રાખવા લાયક છે. આહાહા..! જુઓ! આ દાન. બહારની ક્રિયાના દાન એ તો પરવસ્તુ એને કારણે જાય. એમાં રાગની મંદતા થાય એ પુણ્ય. પણ એ આત્માની ક્રિયા નહિ. આહાહા..! '**મારા માટે જ,...**' મારી શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ મારી નિર્મળ પર્યાય મારા માટે થયેલી, મારા માટે થઈને મેં લીધી અને મેં દીધી. મેં લીધી અને મેં દીધી. પાત્ર પણ હું અને દેનાર પણ હું. આહાહા..! હજી વાતને સમજવામાં આમ બધું માથું ફરી જાય એવું થઈ જાય. એ તો કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો છે એમાં વળી આ સમજાય નહિ એમ હોઈ શકે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**મારા માટે જ,...**' હું જે આ નિર્મળની પર્યાયપણે ક્રિયા પરિણમું છું. છેલ્લો શબ્દ છે ચેતના જે ક્રિયા. એ ચેતવું, જાણવું, દેખવું, શ્રદ્ધા, જ્ઞાન, રમણતા એ મારી ચેતનાની ક્રિયા મારે માટે છે. એ ક્રિયા મારે માટે છે. કો'કને દેવી નથી, કો'કથી લેવી નથી. મારા માટે શુદ્ધ પરિણમન કરીને હું જ મને દઉં અને હું જ મને લઉં છું. સમજાણું કાંઈ?

'**મારામાંથી જ,...**' લ્યો! સમજાણું? થી-થી. રાગથી નહિ. જે કાંઈ શુદ્ધ મારી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ એવી મારી ક્રિયા મારામાંથી થાય છે. મારામાંથી આવે છે. મારામાંથી થી-થકી આવે છે. પરથી આવતી નથી. '**મારામાંથી જ,...**' ભગવાન ચૈતન્યનો સાગર પ્રવાહ વહે છે. એના તરફની દૃષ્ટિ-જ્ઞાન થતાં તેનું પરિણમન પ્રવાહ શુદ્ધ વહે છે. મારામાંથી આવે છે.

મોક્ષના માર્ગની પર્યાયની ક્રિયા મારામાંથી આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મારામાંથી જ, મારામાં જ,...**' લ્યો! આધાર. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુદ્ધ જ્ઞાન વડે આત્મા જાણ્યો એવી પ્રતીત થઈ, સ્થિર થયો એવી જે ચેતનાની ક્રિયા મારે આધારે થઈ છે. એ રાગને આધારે, નિમિત્તને આધારે (થઈ નથી). પેલા કહે, કેવળજ્ઞાન થાય છે ને, એ વ્રજનારાચ સંઘયણને આધારે થાય. શરીર સારું મનુષ્યપણું એને આધારે કેવળજ્ઞાન થાય. આ મનુષ્યપણા વિના થતા હશે? હવે સાંભળને. એ અંદરની સમ્યગ્દર્શન-ચારિત્રની જે સ્વભાવની ક્રિયા એનો આધાર હું છું. મારે આધારે આ. તો કેવળજ્ઞાન મારે આધારે છે. શરીર સંઘયણ હો ભલે નિમિત્તથી. એને આધારે થાય છે અંદર? તકરાર એ નિમિત્તની, વ્યવહારની અને ક્રમબદ્ધની. આ બધા પ્રકાર. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ આ પાંચ બોલ મોઢા આગળ મૂકે. એય..સોનગઢનું ખોટું. સોનગઢનું કહે કે ભગવાનનું કહે. એનું ભગવાનનું છે એમ કહે. તને ખબર નથી. ભગવાન! તું ભૂલ્યો છો. ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો છે. આત્મારામભાઈ છે ને આપણે નહિ? એના બાપ-દાદા ભગવાન ભુલા હતા. એની ખડકીમાં રહે છે એ. તે દિ' ગયા હતા તો કહે, ભગવાન ભુલાની ખડકી. આ બેન એમાં રહે છે ને આપણા બા. વાડીભાઈ ત્યાં રહેતા ને? ..ભાઈ બહાર રહે છે. એ બહાર રહે છે. નહિ? એ અંદર રહે. આ ભગવાન ભુલાની ખડકીએ ચડી ગયો છે. રાગ ને પુણ્ય ને આ ને આ. એ ભૂલ્યો ભગવાનને. એની ખડકીએ ચડી ગયો તો ગયો અંદર.

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત પ્રભુ અંદર. રજકણના પરમાણુએ પરમાણુથી ભિન્ન પ્રભુ છે. આહાહા..! એવો જે ભગવાન '**મારામાં જ,...**' મારા આધારે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ક્રિયા થાય છે. એને કોઈ આધાર બીજો છે નહિ. સમજાણું? એ એનામાં ષટ્કારક શક્તિ છે એના પરિણમનની વાત કરે છે. '**મને જ ગ્રહણ કરું છું.**' એ કાર્ય. એ મારું કર્મ આ છે. કર્મ એટલે કાર્ય. હું શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની રમણતા એ મારું કાર્ય છે, એ મારું કામ છે, એ મારું કામ છે, એ મારું કર્મ છે. કર્તા હું, મારું ઈષ્ટ તે કર્મ. એ મારું ઈષ્ટ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મની શાંતિની પર્યાય એ કર્તા સ્વતંત્ર હું કરીને એ કર્મ મારું ઈષ્ટ છે. ધર્મીનું ઈષ્ટ વ્યવહાર પણ નહિ, એનું ઈષ્ટ નિમિત્ત પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા, ધર્મની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિપણે સ્વભાવને લક્ષણે પરિણમ્યો, એનું કાર્ય જડાદિ, શરીરાદિ આ અવસ્થા એનું કાર્ય નહિ, એનું કામ નહિ. માણસ નથી કહેતા? કે એ તારા કામ નહિ. રહેવા દે ભાઈ! અહીં ભગવાન કહે છે, પણ એ જડની પર્યાય તારા કામ નહિ.

મફતનો શું કરે છે? અને આ પુણ્યના દયા, દાન વ્યવહારના વિકલ્પ આવે એ તારું કામ નહિ. સમજાણું કાંઈ? જુઓ! ગ્રહણ કરું છું એ કામ આવ્યું. કામ એટલે કર્મ, કર્મ એટલે કર્તવ્ય, કર્તવ્ય. કર્તાનું કામ, કર્તાનું કર્તવ્ય.

ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ છે એવો કર્તા હું તેનું શુદ્ધ પર્યાયરૂપી મારું કર્તવ્ય એ મારું કામ. કહો, સમજાણું કાંઈ? ઘણાં કર્તવ્ય આણે કર્યા. બીજાના, દેશના અને આ. અરે..ભગવાન! ત્રણ કાળમાં કરી શકે નહિ, સાંભળને! આણે આ કર્યું.. આ કર્યું.. નથી અત્યારે પંચ શીલને શું કાંઈ કહે છે? પંચ શીલ. આવા કામ કરે છે અને.. અરે.. ભગવાન! કોણ પર્યાયના કામ કરે? એ જડનું કામ જડ કરે. ચૈતન્યના કામ જડ કરે અને જડના કામ ચૈતન્ય કરે? આહાહા..! ભારે આકરું. તો પછી આ દેરાસર ને એ કરાવો છો શું કરવા? એમ કહે છે, લ્યો. અરે.. ભગવાન! તને ખબર નથી. કોણ કરાવે એને? એ તો ધર્મી જીવને શુભભાવ હો અને એ વખતે પરમાણુની પર્યાય તે પ્રકારે કાર્યરૂપે પરિણમવી હોય તો પરિણમે. આત્મા મંદિર બનાવી શકે એવું આત્માનું કાર્ય છે જ નહિ. આહાહા..! આ તો ઓલો શુભભાવ જે ભક્તિનો આવે એ પણ આત્માનું કર્મ નથી, હવે આ તો ક્યાંય રહી ગયું. ક્યાં ગયો ઓલો ભરત છે કે નહિ ભરત? ઓલો ભરત પૂછતો હતો. એય.. ત્રિભુવનભાઈ! તમારો પૌત્ર. ઈ કહે, ભગવાનની પૂજા શુભ થાય તો પછી કરવી શું કરવા પુણ્ય થાય તો? એમ કહે. પ્રશ્ન બરાબર પૂછે છે. એ પુણ્ય આવે, હોય, એ કાળે હોય. કેમ કે એ જ રાગનું જ્ઞાન કરવાની લાયકાતવાળું જ્ઞાન ત્યાં પ્રગટે છે. એ રાગનું જ્ઞાન અને સ્વનું જ્ઞાન. એ જાણવાનું કાર્ય તેનો કર્તા આત્મા છે. રાગ તેનું કાર્ય છે નહિ.

મુમુક્ષુ :- રાગ પણ નથી અને ...

ઉત્તર :- જડની તો ક્યાંય રહી ગઈ. પૂજામાં હો.. હા.. સ્વાહા.. ભારે આકરું કામ. સ્વરૂપચંદભાઈ! જૈનમાં જૈનની ખબર ન મળે એને. આ જૈનના ઘરની શું જૈન કહે છે? જૈન છીએ... અમે જૈન. શું જૈન છો તું પણ?

કહે છે કે હું '**મને જ ગ્રહણ કરું છું.**' એ મને એટલે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન મોક્ષમાર્ગ એ મને જ મેં ગ્રહણ કર્યું છે. એ મારી દશાને મેં ગ્રહણ કરી છે. મારી દશા એ મારું કાર્ય છે. સમજાણું કાંઈ? '**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' જુઓ, હવે આવ્યું. '**આત્માની, ચેતના જ એક...**' લ્યો આ ક્રિયા એય.. દેવાનુપ્રિયા! ક્યાં સંભળાય છે? એ સાંભળતા નથી. પણ સાંભળીને .. કહી દીધું. ક્રિયા આવી. હુશિયાર માણસ ભેગું કરી દે પછી. પણ કાને બહુ નથી. હીરાભાઈ તો કાંઈ સમજે નહિ. કહો, સમજાણું આમાં? અહીં તો ભાઈ...

'**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની પર્યાયમાં, અવસ્થામાં જે જાણવા, દેખવા, શ્રદ્ધા, આનંદ, ચારિત્ર એ એની એક જ ચેતનાની એક જ ક્રિયા છે. ચેતનાની. સમજાણું કાંઈ? એ દયા, દાનનો વિકલ્પ એ ક્રિયા આત્માની નથી. આ જડ હલે છે, આ આમ આમ થાય એ આત્માની ક્રિયા નથી. આહાહા..! આ એમાં પડ્યો પણ થોથું જ્યારે બંધ થઈ જાય પક્ષઘાત (થાય ત્યારે). હલાવને. પડ્યો છો એમ ને એમ અને ખબરેય હોય છે આ. એ હલે છે કે સ્થિર થાય છે એ જડની દશાને લઈને. તારે લઈને બિલકુલ નહિ. મારે આ બેસવું. જીવતી જ્યોત બેઠી છે અને એ મારાથી જડનું ન થાય એને કેમ ગળે ઉતરે? એ હોય તો આ હલે. એક જણો કહે, આ હલાવીએ છીએ. ભાઈ! તને ખબર નથી. એમાં શું હલ્યું? કોને કારણે શું થયું એમાં નિમિત્ત? એ પર્યાયને તેં જાણી નથી, એની પર્યાય ચેતનની શું છે અને આ જડની પર્યાયની ભિન્નતા આ મેં હલાવ્યું. બાપુ! ભ્રમ છે મોટો. સમજાણું કાંઈ?

એ '**આત્માની, ચેતના જ...**' ભગવાન આત્મા એને તો એ જાણવા, દેખવાની પર્યાય એ અવસ્થામાં શુદ્ધ શ્રદ્ધા, આત્માની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ચેતના એ બધાને ચેતનાની ક્રિયા કીધી છે. કારણ કે જ્ઞાનની પર્યાય સાથે અવિનાભાવી શ્રદ્ધા સ્થિરતા છે એ આત્માની ચેતના એક જ ક્રિયા છે. એ ક્રિયાના ષટ્કારકો પોતાના છે બધા. એમ કહ્યું. ક્રિયાના ષટ્કારકો પોતાના છે. એક ક્રિયામાં બીજાનો કારક બીજાને લાગુ પડતો નથી. એની ક્રિયા ઉપર ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૧, શનિવાર તા. ૧૪-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૨, ગાથા-૨૯૭, પ્રવચન-૩૬૫**

૨૯૭ ગાથા. મોક્ષ અધિકાર. અહીં સુધી આવ્યું છે, જુઓ. '**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' છે અંદર? શું કહે છે? કે આત્માને રાગાદિ પુણ્યાદિ જે વિકાર છે એનાથી ભેદ પાડતા જે જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા રહે છે એ આત્માની ચેતના જ એક ક્રિયા છે. ચેતવું એ એની ક્રિયા. પરની ક્રિયા નહિ અને કષાયની મંદતા જે રાગ દયા, દાન કે ભક્તિ એ રાગ પણ એની ક્રિયા નથી, આત્માની ક્રિયા નથી. કહો, સમજાય છે?

'**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય, એનું ચેતવું, જ્ઞાનનું પરિણમવું એ જ એની એક ક્રિયા છે. સમજાણું કાંઈ? એટલે કોઈ એમ કહે કે કષાયની મંદતા શુભભાવ હોય તો અહીં ક્રિયા ધર્મની થાય અથવા એમાં મદદ મળે એમ વસ્તુમાં છે નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? વસ્તુ પોતે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એ પુણ્ય-પાપના રાગથી અને પરથી ભિન્ન એવી ચૈતન્યની જે ક્રિયા, પ્રજ્ઞાની ક્રિયા, જ્ઞાનની અવસ્થાની ક્રિયા એ જ આત્માની એક ક્રિયા છે. રાગની, કષાયની મંદતા આદિ ક્રિયા તે વિકાર વિભાવ, શરીર આદિની ક્રિયા પર છે. ચેતના એ ક્રિયા જ આત્મામાં થાય છે. બીજી ક્રિયા એને હોતી નથી. કહો, સમજાણું કાંઈ?

'**ચેતના જ એક ક્રિયા હોવાથી, હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું;...**' જ્ઞાનની દશા દ્વારા હું કર્તા થતો આત્માને ચેતું છું. '**હું ચેતું જ છું.**' સમુચ્ચય કહ્યું છે પહેલું. એવી જ્ઞાનની ક્રિયા દ્વારા હું આત્માને પ્રજ્ઞા દ્વારા ગ્રહણ કરું છું એટલે કે આત્માને ચેતું છે. હવે એના ષટ્કારકો. ઝીણી વાત છે આ. પરવસ્તુ કાઢી નાખી. હવે આત્મામાં ષટ્કારકો પરિણમે છે ભેદરૂપે એની વાત કરે છે. પછી એ ભેદરૂપેય કાઢી નાખશે.

ધર્મી જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પામવાના કાળમાં રાગાદિની ક્રિયા, કષાય મંદ આદિની તો નથી. નિમિત્તની ક્રિયા શરીર, વાણીની પણ આત્મામાં નથી અથવા એ ક્રિયાથી આત્મામાં કાંઈ લાભ થાય એમ નથી. સમજાણું કાંઈ? ફક્ત ભગવાન આત્મા અનંત જ્ઞાન ચેતનાસ્વરૂપ ચેતનાની સાથે અનંત ગુણ છે, એની ચેતનાની જે ક્રિયા એટલે જ્ઞાનની ક્રિયાનું પરિણમન તે એક જ ક્રિયા હોવાથી તે હું ચેતું છું. આત્માને ચેતું (છું), આ દ્વારા ચેતુ છું.

'**ચેતતો જ ચેતું છું,...**' એ કર્તા આવ્યો. જ્ઞાનને જાણતો થકો, ચેતતો થકો, કર્તા (થતો) થકો સ્વતંત્રપણે હું જ્ઞાનને ચેતતો ચેતું છું. રાગને જાણતો આને ચેતું છું કે રાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કષાય મંદ, માટે હું ચેતું છું આત્માની ક્રિયા, એ ક્રિયા મારી ક્રિયા નથી. નથી એમ ન લેતા હું ચેતું છું મારા જ્ઞાન દ્વારા એ હું કર્તા મારી જ્ઞાનની ક્રિયાનો.

મુમુક્ષુ :- થોડો વધારે ખુલાસો કરો ને.

ઉત્તર :- વધારે?

આ વસ્તુ છે કે નહિ ચૈતન્ય વસ્તુ? જ્ઞાન. હવે એનું પરિણાન ચાલે કે નહિ પરિણમન? પર્યાયનું બદલવું. એ બદલવું થાય એ પરિણમવું એ ચેતના એની ક્રિયા કહેવાય. એની રાગાદિ નહિ, પર નહિ કાંઈ નહિ. સમ્યગ્દર્શન પામવા કાળમાં અથવા તેને પામવાના ભેદના કાળમાં એ વિચારે (છે કે) હું તો આત્મા ચેતું છું... ચેતું છું. ચેતતો થકો ચેતું છું-કર્તા. છે ને? '**ચેતતો જ ચેતું છું.**' જાણતો થકો, આ જાણતો થકો. કોને? મને અને રાગાદિમાં રાગનું જ્ઞાન અને મારું એ બધું ચેતવામાં જ્ઞાનમાં આવી જાય છે. રાગાદિ હોય એનું જ્ઞાન અને મારું એ બધું ચેતતો થકો જ એ જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે.

'**ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...**' અર્થ કરવો પડ્યો. કર્તા-કર્તા. હું આત્મા કરનારો, સ્વતંત્રપણે રાગ વિના મારી ચેતનાની ક્રિયાને ચેતતો થકો હું ચેતું છું. એમ ધર્મીનો પહેલો આવો ભેદરૂપ વિચાર હોય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું લાગે આમાં. કંટાળા જેવું લાગે કેટલાકને. કંટાળા જેવું નહિ, આ તો કંટાળાને ટાળવાની વાત છે. આમ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો આમ બદલે છે કે નહિ? રાગાદિ નથી, પુણ્યાદિ નથી, શરીરાદિ નથી. હવે એ વાત તો એકકોર રહી ગઈ. ચૈતન્યમૂર્તિ જે જ્ઞાયકસ્વરૂપ છે એ આમ બદલે છે. ત્યારે કહે છે કે હું ગ્રહણ કરું છું મને. એટલે કે હું મને ચેતું છું, એટલે કે હું મને જાણું છું. હવે એ ચેતતો થકો એ કર્તા લીધું. ઓલી સામાન્ય વ્યાખ્યા કરી પહેલું.

'**હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું;...**' હું જ મને જાણું છું. હું જ મને જાણું છું. એ ચેતતો થકો, હું મને જાણતો થકો જાણું છું. ન્યાલભાઈ! આ તો બધી જુદી જાતની વાત નીકળી. કોઈ દિ' ક્યાંય સાંભળી નથી અને સાંભળવા મળતી નથી. કરો આ ભગવાનની ભક્તિ અને કરો આ દયા, દાન, કરો વ્રત, જાઓ થઈ જાશે તમારે ધર્મ. એ કારણ થાશે. ધૂળેય નહિ થાય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? કેમ? ચેતનાર એકલો વીતરાગરસથી ભરેલું તત્ત્વ છે. અકષાયસ્વભાવસ્વરૂપ ચૈતન્ય છે. એ અકષાયસ્વભાવસ્વરૂપ ચેતન એ કર્તા થઈને હું ચેતતો થકો મારા સ્વભાવને જાણતો થકો જાણું છું. ચેતતો થકો, જાણતો થકો, ચેતતો થકો-અનુભવતો થકો અનુભવું છું. આહાહા..! કહો, પકડાય છે કે નહિ આમાં? એ.. માલચંદજી! આ ઝીણું છે આજ તો બહુ. મગજને કસી નાખે એવું થોડું. આહાહા..! આ મગજ ક્યાં? આ તો જડ-માટી-ધૂળ છે. આ તો જડમાં ગયું. અંદર રાગ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉઠે કોઈ શુભરાગ, શુભરાગ. એ ગયો વિભાવમાં. એ કાંઈ આત્મામાં નથી. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... કહે છે કે હું કર્તા થઈને ચેતતો થકો ચેતું છું. જાણતો થકો અનુભવતો થકો, અનુભવતો થકો, જાણનારને જાણતો થકો જ જાણું છું. આહાહા..! કહો, જ્ઞાનચંદજી!

**'ચેતતા વડે જ ચેતું છું,...'** હું મારા જાણનાર વડે જ જાણું છું. જાણનાર વડે જાણું છું. હું મને જાણનાર વડે જાણું છું. આહાહા..! કરણ થયું. એ કરણ થયું-સાધન. રાગની મંદતા હતી માટે એ દ્વારા મને જાણવાની ક્રિયા થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? લોકોને નડે આ શુભરાગ કાંઈક પ્રશસ્ત રાગ, શુભરાગ કાંઈક મદદ કરે કે નહિ ધર્મ થવામાં? રાગનો ટેકો મળે ને અંદર પાધરો ટેકો મળે તો અંદર જાય. કહે છે કે વીતરાગ સ્વરૂપ આત્મા એના પરિણમનમાં રાગનો ટેકો જરીએ નથી. સોભાગભાઈ! ભારે વાતું આ.

આખો ચૈતન્ય પિંડલો પ્રભુ છે. કહે છે કે એના ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે કે એ ચેતના વડે જ ચેતે છે. ચેતતા વડે જ ચેતે છે. જાણનાર વડે જ જાણે છે. જાણનાર વડે જ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગાદિ હો અને પોતે, એ પોતે પોતાને જાણનાર વડે જાણે છે. રાગ છે માટે અહીં જાણે છે એમ નહિ અને રાગનું જ્ઞાન પોતામાં થાય એ પોતે પોતાના વડે જાણતો થકો જાણે છે. ચેતતા વડે જ. કરણ છે એ કરણ. સમજાય છે કાંઈ? આ તો હજી ભેદ અંતરમાં પાડ્યા, પરના સંબંધ વિનાના.

**'ચેતતા માટે જ ચેતું છું,...'** હું તો મારા સંપ્રદાન છે આ. ચેતતા માટે. મારા જ્ઞાનના અનુભવ માટે અનુભવું છું. મારા જ્ઞાનના અનુભવવા માટે અનુભવું છું. એટલે ચેતના વડે ચેતું છું એ મારા અનુભવવા વડે મારામાં અનુભવ મારો મારામાં રાખીને અનુભવું છું. ભારે વાતું ધર્મની. હળવે હળવે લઈ ગયા કરતા ત્યાં નાખ્યું. છે તો જડથી ભિન્ન જાત. પણ મોક્ષના માર્ગમાં છ કારકો પહેલા સમજાવીને ભિન્ન કીધું, પછી ભિન્ન પાડ્યા. સમજાય છે કાંઈ? વ્યવહારનો વિકલ્પ, તેનો હું કર્તા એ પણ નથી આત્મામાં અને વ્યવહારનો વિકલ્પ તે કર્તા અને નિર્મળ ક્રિયા (વ્યવહાર) વડે નિર્મળ ક્રિયામાં એ સાધન થાય એ બિલકુલ નથી. સમજાણું કાંઈ? આવું એ સત્ સ્વરૂપ જ આવું છે.

**'ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું,...'** મારા માટે. જાણનાર માટે જાણું છું. જાણનાર માટે જાણું છું. જાણવાની જે ક્રિયા થઈ એ મારામાં રહી, મેં લીધી અને મેં દીધી. સમજાણું કાંઈ? જાણનાર વડે, જાણનાર વડે જ જાણું છું. ચૈતન્યના જ્ઞાયક વડે જ જ્ઞાયકને જાણું છું. પર વડે હું જાણું છું મારામાં એમ નહિ, તેમ રાગાદિ મંદતા છે મને જરીએ મદદ કરે છે મારી ધાર્મિક ક્રિયા સાધનમાં (એમ) બિલકુલ નથી. કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આમાં શું સમજવું? તો પછી આટલા આટલા વર્ષથી આ ત્યાગ કર્યો. સમજાણું? ધર્મનો. એ આમાં શબ્દ આવ્યો છે કે આટલું આટલું આ બધું બાયડી છોકરા બધું છોડો, બધું છોડ્યું. પણ આટલું છોડતા અનંત કાળના મિથ્યાત્વના સંસ્કાર છોડ્યા નહિ ત્યાં તેં શું છોડ્યું? એક આમાં શબ્દ આવ્યો છે જરી. શું કહેવાય આ? સન્મતિ સંદેશ. વાત તો સાચી ને. ઓલા સંશયની વાત મૂકીને સંશયની. એ પોતાનો લેખ છે પોતે કાંઈક છે. સંપાદકનો લેખ છે ને કાંઈક? .. સબ કુછ છોડ દેતા હૈ, કિંતુ અપની પુરાની માન્યતા હી નહીં છોડ સકતા. એ પકડ્યું છે ને મિથ્યા ભ્રાંતિ કે રાગથી આમ થાશે, પુણ્યથી આમ થાશે. વિકલ્પ આવ્યો તો એનાથી કાંઈક ધર્મ થાશે. એ બધું છોડે છે. છોડે છે એટલે દેખાય છે એમ લોકોને. છોડે છે ક્યાં? પણ આ પોતાના સંસ્કાર જે મિથ્યાત્વના છે કે આ રાગનો વિકલ્પ છે એ મને મદદ કરશે આત્માના ધર્મમાં. આત્માનો ધર્મ સાપેક્ષ છે, રાગની સાપેક્ષ છે, વ્યવહારની સાપેક્ષ છે. વ્યવહાર હોય તો અહીં થાય એવો જે મિથ્યાત્વભાવ. બધું છોડે પણ આ છોડતો નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈએ લખ્યું છે. સંપાદકનું છે હોં!

મનુષ્ય ધન પરિવાર સબકુછ છોડ દેતા હૈ. કિંતુ અપની પુરાની માન્યતા હી નહીં છોડ પાતા. જબકિ સબસે પૂર્વ વહી માન્યતા છોડનેકી વસ્તુ હૈ. પહેલા તો એ જ છોડવાની જે વસ્તુ. હવે એને છોડવું નથી ને આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું. બરાબર છે? આ તો આ જરી.. વચમાં નાખ્યું. નહિતર પાછળ નાખે છે. પ્રકાશ.. ગયા હતા ને આપણે કાનપુર. કહો, સમજાણું આમાં?

અંદર જે અભિપ્રાયમાં મિથ્યા સંસ્કાર છે કે કાંઈક આ રાગની મંદતાનો ભાગ વ્યવહાર હોય તો મને આ નિશ્ચય થાય. એવા જે મિથ્યાત્વના સંસ્કાર છે એ પુરાણા સંસ્કાર છે, અનાદિના છે. બીજું બધું છોડ્યું જાય. બાયડી, છોકરા છોડ્યા એ જુદા હતા. .. નાગો થઈને થઈ ગયો નગ્ન મુનિ લ્યો. ઓલા જે સંસ્કાર મિથ્યાત્વના છે એ છોડ્યા નહિ તો એ છોડવા લાયક તો પહેલું એ છે. અને એ છોડ્યું નહિ (તો) તેં છોડ્યું શું? આ તો એણે નિમિત્તથી કથન નાખ્યું. બાકી .. લ્યો ... બાયડી નહિ, છોકરા નહિ, વેપાર નહિ, ધંધો નહિ, લઈ જાવ દુકાન-બુકાન છોડીને જંગલમાં. શું છોડ્યું તેં? અનાદિના સંસ્કાર કે જે આત્માનો સ્વભાવ રાગથી, નિમિત્તથી પર છે, એને પરથી લાભ થાય એવા રાગની મંદતાથી આ નિમિત્ત મળ્યું માટે લાભ થાય એવો જે મિથ્યાત્વ સંસ્કાર છે એ તો છૂટ્યો નથી. એ છૂટ્યા વિના તેં છોડ્યું આ એમ વ્યવહારે પણ કેમ કહેવાય તને? સમજાણું કાંઈ? આહાહા..!

આપણે ભાઈ ભગવાનને પકડી રાખો. ભગવાનને પકડશે તો કો'ક દિ' કલ્યાણ થાશે.

કહે છે કે એ મિથ્યાત્વ સંસ્કાર છે. ભગવાન એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યને આપણે શ્રદ્ધામાં પકડી રાખો તો શ્રદ્ધા પરદ્રવ્યની તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ રાગથી આત્માને કલ્યાણ થશે એવો જે મિથ્યાત્વ સંસ્કાર, એને તો છોડવા નથી. અને પછી બધું આ છોડ્યું... આ છોડ્યું.. શું છોડ્યું તેં? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે રાગની મંદતા તો સાધન નથી પણ હું મારા ચેતનારો સાધન એ પણ ભેદ પાડું છું એ પણ હજી વિકલ્પ છે. મારામાં છ પ્રકારના ભેદ પાડું છું એ પણ એક વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતતા માટે જ ચેતું છું,...'** મારી જ્ઞાનની પર્યાય શુદ્ધતા, પવિત્રતા એવી ચેતતા ચેતનારો હું એને માટે ચેતું છું. મારામાં જે પર્યાય પરિણમીને રહે એવો હું છું. રાગ થાય એ તો પરવસ્તુ થઈ ગઈ. **'ચેતતામાંથી જ ચેતું છું,...'** હું ચેતતામાંથી જાણનારમાંથી જાણું છું. જાણનારમાંથી જાણું છું. અહીં તો ચેતતા બે ભેગું નાખ્યું છે હોં. પછી જ્ઞાન-દર્શન જુદા પાડશે. મૂળ તો અહીં જ્ઞાન-દર્શન ભેગા કરીને ચેતના લીધી. એક એકને બે જુદા પાડશે.

ચેતના, ચેતતામાંથી, ચેતના, ચેતતો આત્મા એમાંથી હું ચેતું છું, એમાંથી ચેતું છું. ઓલો રાગ છે, પુણ્ય છે, વ્યવહાર છે, એને લઈને ચેતું છું, એને લઈને ચેતું છું એમ નથી. વસ્તુ એમ છે નહિ. રાડ પાડેને ઓલા કે પણ વ્યવહાર-વ્યવહાર, વ્યવહાર સાપેક્ષ વીતરાગ નિશ્ચય છે કે નહિ? એ વ્યવહાર સાપેક્ષ ન હોય તો નિશ્ચય એકલો એકાંત થઈ જાય છે.

અહીં કહે છે કે નિશ્ચય એકાંત થાય એ સમ્યક્ છે. વ્યવહારની સાપેક્ષતા એમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કરે? વીતરાગનો માર્ગ વીતરાગથી ઊભો થાય છે- વીતરાગ પર્યાયથી. એ વાત સાંભળી ન હોય અને પછી ઘૂંટ્યું હોય. અને શાસ્ત્ર વાંચે તો એ રીતે વાંચે. જુઓ! આમાં આમ કહ્યું છે, જુઓ! આમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે તો શું એનો અર્થ છે? વ્યવહાર સાધન કહ્યું છે લ્યો. પંચાસ્તિકાયમાં. વ્યવહાર સાધ્ય-સાધન કહ્યા છે, નિશ્ચય સાધ્ય-સાધન કહ્યા છે. કહ્યા છે કે નહિ? એય..! એણે લખ્યા છે અર્થ બધાય. પછી નીચે વળી અર્થ કર્યા પાછા કે બધું આમ છે ને તેમ છે ને ઢીંકણું છે.

મુમુક્ષુ :- એમ કરીને બધું ઉડાડી

ઉત્તર :- ઉડાડી દીધું. સંસ્કૃતમાં હતું એવું લખ્યું. પણ પાછું નીચે ઉડાડીને કીધું વ્યવહારથી કહ્યું છે, આમ છે, તેમ છે. આહાહા..! ભાઈ! એ તો નિમિત્ત ત્યાં કોણ હતું એનું જ્ઞાન (કરાવે છે). પણ એ રાગની મંદતા તેનાથી તેનામાંથી ચેતુ છું એમ છે જ નહિ. એકલો જ્ઞાન ભગવાન આત્મા જ્ઞાનચેતનાથી ચેતું છું. ચેતનામાંથી ચેતું છું. ચેતનામાંથી ચેતું છું. રાગમાંથી

ચેતું છું અને રાગને આધારે ચેતું એ મારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતતામાંથી જ ચેતું છું,...'** આધાર. ઓલું થી-થકી હતું. થી હતું. ચેતનામાંથી એમાંથી ચેતું છું. રાગમાંથી ચેતું છુ એમ નહિ. ચેતતામાં ચેતું છું. ચેતનામાં ચેતનામાં જ ચેતું છું. જ્ઞાતામાં જ્ઞાનપણાને ચેતું છું. અહીં તો બેય ભેગું છે જ્ઞાન-દર્શન. ચેતતામાં જ ચેતું છું. ચેતતામાં, જ્ઞાન દર્શનરૂપી સામાન્ય જે ભાવ એમાં હું ચેતું છું. પરને આધારે નહિ. નિમિત્તને આધારે, વ્યવહારને આધારે હું ચેતતો નથી, એવો ભેદ પાડીને હજી વિકલ્પ છે. ખરેખર એ પણ મારા સ્વરૂપમાં ભેદ છે નહિ. ભારે. નિમિત્ત કાઢી નાખ્યું, વ્યવહાર કાઢી નાખ્યો. હવે એના છ પ્રકાર છે એ કહીને પછી કાઢી નાખશે. આવશે ને? **'भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं'** (જે) કાંઈ ભેદી શકાય છે તે સર્વને. એમ છે ને? **'यच्छक्यते'** એ ને? ભેદી શકાય છે. **'द्भेत्तुं यच्छक्यते'** જે ભેદું. ભેદવા યોગ્ય છે એ કાઢી નાખી, ભેદીને તે સર્વને. એટલે કે નિમિત્ત તો નહિ. ભેગા ગુરુ મળ્યા અને જ્ઞાની મળ્યા માટે અહીં જ્ઞાન થાય એમ તો નહિ. પણ એને શ્રદ્ધ્યા એવો વિકલ્પ થયો માટે એને લઈને અહીં જ્ઞાન થાય સમ્યક્ એમ નહિ. પણ અહીં મારા વડે થાય એવા છ ભેદના વિકલ્પ વડે પણ જ્ઞાન થાય એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતતામાં જ...'** આધાર છે. આધાર. સમજાણું કાંઈ? **'ચેતતામાં જ ચેતું છું,...'** ચેતનાને ચેતું છું. પછી ચેતનાને એ આત્માને ચેતું છું. આત્માને જ ચેતું એ એનું કર્મ થયું. છેલ્લું. કર્મ એટલે કાર્ય. મારું કાર્ય આત્માને ચેતું છું એ મારું કાર્ય. રાગને ચેતું છું, પરને ચેતું છું એ મારામાં છે નહિ. આહાહા..! પરનું કરવું તો નથી, પરથી થતું નથી પણ પરને ચેતું છું એ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એકાંત ઓલા વેદાંત કૂટસ્થવાળાને તો એવું લાગે, આ શું કહે છે આ બધું? આટલા આટલા ભંગ. આટલી પર્યાયો, અવસ્થાઓ એની, એમાં રાગ કાઢી નાખ્યો. પર્યાયમાં આમ છે ને તેમ છે, અકર્તા છે, આમાં એવા ભેદ છે. એ ભેદ પણ ઉઠ્યા એ કહે છે, ભલે હો. અભેદ દૃષ્ટિમાં ભેદ છે નહિ. આહાહા..!

**'ચેતતાને જ ચેતું છું.'** એટલે મને જ હું જાણું છું. મને જ હું જાણું છું. કહો, સમજાણું કાંઈ? મને જ હું જાણું છું. જાણનારને જાણું છું. જાણનારને જાણું છું. જણાવાયોગ્ય વસ્તુ એને જાણું છું એમ પણ નહિ. સમજાણું કાંઈ? મૂળજીભાઈને એમ બોલ્યા હતા છેલ્લે. આપણે મૂળજીભાઈ હતા ને? વાંચેલું બહુ. રુચિ બહુ ઘણી. લાખાણી. રાજકોટ. ઓળખતા હતા પ્રેમચંદભાઈ? ત્યાં મુખ્ય હતા ને મંત્રી? મંત્રી કહેવાય? શું કહેવાય? સેક્રેટરી. જે હોય એ. આ.. દુઃખો બહુ. ... ૮૧-૮૨ વર્ષ થયા હશે નહિ? હતો એનો .. સવારમાં થોડું થયું હતું. બોલાવો ડોક્ટરને. ઓલા છોકરાઓ કહે. પૈસાવાળા માણસ ઘણા લાખોપતિ. અહીં

કહે, બોલાવો લાલચંદભાઈને. આ કહે બોલાવો લાલચંદભાઈને. લાલચંદભાઈ આવ્યા. ભાઈ! આ દેહના દુઃખ છે તે જ્ઞાનમાં જણાય છે, હોં. દેહનું દુઃખ. આવે છે ને? 'દેહનો ધર્મ જીવપદમાં જણાય છે.' શ્રીમદ્દમાં. દેહ છે, આ રોગ થાય છે એ જ્ઞાન એને જાણે છે. જ્ઞાન એને જાણે છે. મૂળજીભાઈ! આ આત્મા આ રોગ થાય છે એ એનામાં નથી. આત્મામાં નથી. આ જે ભીંસ પડે ને? અહીં છે ને આ તો. આ અહીં છે ને ઓલું અહીં છે. પિત્તવાળું શું કહે? લીવર. સંચા છે ને બધા? શરીરમાં રોગ થાય છે એ આત્મા જાણે છે. ત્યારે જવાબ આપે છે. શેઠિયા! મૂળજીભાઈને ઓળખતાને? લાખાણી નહોતા? આત્મા રોગને જાણે? કે આત્મા આત્માને જાણે? એમ જવાબ આપ્યો હતો. મરવાના ટાણા હોં, દેહ છૂટવાના. રોગને જાણે? આ દેહમાં રોગ છે એને જાણે આત્મા? કે આત્મા આત્માને જાણે? પુરુષાર્થનું જરી જોર હતું. સમજાણું કાંઈ? ...

કહે છે કે **'ચેતતાને જ ચેતું છું.'** હું તો મને જ ચેતું છું. મારું જ કાર્ય મારામાં મારું. મને જાણવું એ મારું કાર્ય છે. મને જાણવું એ મારું કાર્ય છે. રાગને જાણવું એ મારું કાર્ય છે જ નહિ. દેહના રોગને જાણવું એ મારું કાર્ય છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! એના અંતરની રમતું એકલી ચૈતન્યના આશ્રયે થાય છે એ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યગોળો તદ્દન રાગથી ભિન્ન છે. એ વાંધા છે ને. અગાસમાં બહુ ચર્ચા થઈ બપોરે ત્યારે એક મારવાડી આવ્યા, મારવાડી. રાત્રે. પણ તમે વાત કરો છો પણ હવે એનું સાધન શું? સાધન આ. એમ કે ભક્તિ કરવી, ગુણગ્રામ ગાવા, એ સાધન. ધૂળેય સાધન નથી. એય..! ત્યાં એક હતા મારવાડી વૃદ્ધ હતા વૃદ્ધ કોઈ.

મુમુક્ષુ :- ફૂલચંદ સોગાદી

ઉત્તર :- ફૂલચંદ સોગાદી. . વાળા. વ્યાખ્યાન સાંભળ્યું બપોરે. ભાઈ તો બોલ્યા. દેવજીભાઈ કે કોણ કહેતું હતું? ચોકીદાર. એ તો બોલ્યા કે આવું સૂક્ષ્મ ભારે વાત અહીં ચાલતી નથી. એમ બોલ્યા. ઓલો રાતે આવ્યો. બધી વાત (સાચી) પણ આમાં સાધન કરવું શું? અમારે આનું કાંઈ કરવાનું ખરું? એમ કે જાપ કરવો, ભક્તિ કરવી, ગુણગ્રામ ગાવા, આ કરવું, આ કરવું... બધું સાધન? કીધું, સાધન કાંઈ નહિ. આકરું લાગે, બહુ આકરું લાગે. સમજાણું કાંઈ? 'વાડા બાંધીને બેઠા રે પોતાનો પંથ કરવાને.'

અહીં તો વીતરાગનો માર્ગ તો આ છે. હું મને જાણું છું. પર ઉપર લક્ષ છે કે સ્વ ઉપર લક્ષ છે? બરાબર છે? હું મને જાણું છું એ મારું કાર્ય-કામ. હું મને જાણું છું એ મારું કામ છે. ઓહોહો..! વ્યવહારથી લાભ ન થાય પણ વ્યવહારને જાણે એ અહીં ન લીધું, ભાઈ! વિમલચંદજી! આહાહા..! વ્યવહારથી કાંઈ અહીં થાય, રાગની મંદતાથી (થાય) એ

તો વાત ક્યાંય કાઢી નાખી ઝાટકીને. પણ એ વ્યવહારને હું જાણું છું એ કામ મારું નહિ. હું તો મને જાણું એ મારું કામ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'તે તે રંગ ત્યાંના રે .. ...' એ રંગ અંદરની વાત છે, કહે છે. આહાહા..! કેટલી જોવે ધીરજ અને કેટલી જોવે અંદર શાંતિ. સમજાણું કાંઈ? બહારના બધા વમળ અને ઉછાળા સમાઈ જાય ત્યારે એને ઓળખવા એમાં જાય.

કહે છે કે હું પોતે મને જાણનાર મને જાણું છું. મને હું જાણું છું, હોં! મને જાણું એ જાણવાનું કાર્ય મારું, મને જાણું છું. પરને જાણું છું એમ નહિ. ઓલા રાડ પાડે. સર્વજ્ઞ... હવે સાંભળને! સર્વજ્ઞ પોતાને જાણે છે. સાંભળ તો ખરો. એ તો પરને જાણવું કહેવું એ તો વ્યવહાર છે. ત્યારે જુઓ વ્યવહાર થઈ ગયોને પરને જાણવું. એમ નહિ. પરમાં તન્મય થઈને જાણતા નથી. બાકી પોતાની પર્યાયમાં સ્વ અને પરનું આખું જ્ઞાન એ પોતાનું છે તેને એ જાણે છે. આહાહા..! એની ચર્ચા લીધી. .. જુઓ! સર્વજ્ઞને માનો છો કે નહિ? સર્વજ્ઞ તો વ્યવહાર છે ઉપચાર. સાંભળને. સર્વજ્ઞ એ નિશ્ચય છે. સર્વજ્ઞ સ્વપર્યાય પોતાને જાણે છે પૂરી તેને સર્વજ્ઞ કહીએ. પરને જાણે છે એમ કહેવું એ તો બીજી ચીજ થઈ ગઈ, એ તો વ્યવહાર થઈ ગયો. સ્વ અને પરનું જેટલું જ્ઞાન પોતાનું પોતાનું છે તેને તે સર્વજ્ઞ તે પોતે જાણે છે એટલે પોતે પોતાને જાણે છે. સર્વજ્ઞ પર્યાય, સર્વજ્ઞ પર્યાય એ પોતે પોતાને જાણે છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને પૂર્ણ જાણે છે. પૂર્ણ એને જાણે છે. ઓલાને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એથી વ્યવહાર છે માટે સર્વજ્ઞ જાણતો નથી એમ નહિ. આહાહા..! મોટી તકરાર, વાંધા ત્યાં. મોટા મોટા પંડિતો ગોથા ખાય છે ત્યાં.

અરે.. ભાઈ! એમ ન હોય બાપુ! એ પ્રભુ ભગવાન કોઈની અપેક્ષા રાખ્યા વિના પરિણમે એવો એ છે. એનામાં સર્વજ્ઞગુણ છે. એ સર્વજ્ઞશક્તિ છે. એનું લક્ષ કરીને જે અંદર એકાકાર થઈને સર્વજ્ઞદશા થઈ એ તો પોતે પોતાને જાણે છે. સમજાણું કાંઈ? નદીના પાણીને જાણતો, નદીમાં દેખાય એ નક્ષત્ર આદિ એ તો પાણીની અવસ્થા તેને એ જાણે છે. આમ પાણી હોય ને નદીમાં? એમાં નક્ષત્ર (દેખાય). એ તો પાણીની પર્યાયને જાણતા ઓલું જણાઈ જાય. એ ઓલું જણાઈ જાય છે કહેવું વ્યવહાર છે. એ તો ખરેખર પોતાની જ પર્યાય આખી છે. જળની જ પર્યાય સ્વચ્છ અને .. અંદર જાણી એ તો જળની પર્યાયનું પરિણમન છે. સુમેરુમલજી! આહાહા..!

એમ ભગવાન આત્મા ચૈતન્ય અરિસો એની જ્ઞાન પર્યાયમાં પોતાને અને પરને જાણવાની પોતાની પર્યાય છે તેને જ હું જાણું એ જ મારું કાર્ય છે. આહાહા..! પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા. ભારે વાત ભાઈ! જૈનદર્શન એટલે વસ્તુ સ્વરૂપ છે ઈ. એ સ્વરૂપ સમજવું

અનંત પ્રયત્ન માગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'ચેતતાને જ ચેતું છું.'** એ જાણનારને જ જાણું છું. એમ. આ બે ભેગુ છે. આ તો સહેલું થવા માટે કહ્યું છે. **'અથવા...'** હવે કાઢી નાખે છે. એના ને એના છ ભંગનો ભંગ છે એ પણ મારા સ્વરૂપમાં નથી. ભેદ છે એ વસ્તુમાં નથી. અભેદ ચૈતન્યમાં વળી છ ભંગ કેવા? ઈ છે એનો ઈ છે. સમજાણું કાંઈ? **'નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો,...'** લ્યો! સમજાણું? નથી ચેતતો થકો ચેતતો એ કર્તા છે. નથી ચેતતો એ સામાન્ય આવી ગયું. એ સામાન્ય. **'નથી ચેતતો થકો ચેતતો,...'** એ કર્તા. **'નથી ચેતતા વડે ચેતતો,...'** ચેતતા વડે, સાધન વડે ચેતતો એ નહિ. રાગ વડે જાણું છું, નિમિત્ત વડે જાણું છું એ તો નહિ, પણ ચેતના વડે ચેતું છું એ નહિ હું. ભેદ છે ને ભેદ? આહાહા..!

**'નથી ચેતતા માટે ચેતતો,...'** મારા ભેદ વડે ચેતતા માટે ... છું એવો ભેદ પણ મારામાં નથી. અભેદ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એની દૃષ્ટિમાં આ ચેતતા વડે ચેતતો એ પણ એમાં નથી. આહાહા..! એ આમ થઈ શકે એવું એનામાં સામર્થ્ય છે હોં! એમ ન માનવું કે આવી વાત, આવી વાત કેમ થઈ શકે? થઈ શકે એવી આ વાત છે. આગળ કહેશે ને? ભેદી શકાય એવું ભેદાય છે. પણ ભેદી શકાય એવું એનું સામર્થ્ય છે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ?

**'નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો,...'** થકી પાંચમી (વિભક્તિ). ચેતતામાંથી ચેતતો એ પણ ભેદ છે. એ હું નથી. હું તો અભેદ જ્ઞાયક. **'નથી ચેતતામાં ચેતતો;...'** છઠ્ઠી. આધાર. **'નથી ચેતતા માટે ચેતતો;...'** છઠ્ઠી નહિ એ તો આધાર. **'નથી ચેતતામાં ચેતતો,...'** હું ચેતનાને ચેતતો નથી. ઓહોહો..! હું મને જાણતો નથી. લે! આ કેવું? એય.. વજુભાઈ! એટલે કે ઓલો ભેદ નથી એમ કહે છે. આ હું મને જાણું... હું મને જાણું એ તો ભેદ થઈ ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિર્વિકલ્પ થઈને જોશે ત્યારે એને સમજાશે. આ કહે છે કે નિર્વિકલ્પ થઈને સાંભળે તો. નિર્વિકલ્પ થઈને સાંભળે ક્યાંથી? આ એવી એક મૂકે છે ને હેઠે. એનો અર્થ કે કાંઈ બરાબર સમજતા નથી એમ થાય. આહાહા..!

અરે.. બાપુ! તારું સ્વરૂપ જ એવું છે ને ભાઈ! પ્રભુ તું છો. અનંત ગુણે સામર્થ્યે પ્રભુ છો. તારા ગુણમાં કર્તા આદિ ષટ્કારકો છે. એ ષટ્કારક એકસાથે છે અને એકસાથે તેનું પરિણમનમાં ભેદ પરિણમન છે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર...'** જુઓ! આ સર્વવિશુદ્ધ શરૂ થાય છે ને હવે આગળ?

એનો ઉપોદ્‌ઘાત થવા માંડ્યો હવે. મોક્ષ અધિકાર. '**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર...**' ચૈતન્યમાં.. ચૈતન્યમાં અભેદ ચૈતન્યમાં. નિમિત્તના અભાવવાળો, રાગના વિકલ્પના અભાવવાળો અને ભેદના અભાવવાળો હું ચૈતન્યમાત્ર સર્વવિશુદ્ધ એકરૂપ છું. એવી અંતર દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? મોંઘુ થતું થતું તો ક્યાં લઈ ગયા? કો'ક કહે, સોનગઢનું સમકિત મોંઘુ. વળી એક જણો એમ કહેતો હતો. સમકિત પણ કોના ઘરનું હતું? એ તો આત્માના ઘરનું છે. એય..! સોનગઢે બહુ સમકિત મોંઘુ કરી દીધું. ઓલા તો સહેલું સટ. જાવ. ભગવાનને માનો, આ માનો, આ દેવ નવ તત્ત્વને માનો, દેવ-ગુરુ-શાસ્ત્રની અર્પણતા કરો, જાવ. અહીં કહે છે કે લાખ વાતે નવ તત્ત્વના અનુભવ ભેદનો કર તોપણ મિથ્યાત્વ છે. લ્યો. ભગવાને કહેલા નવ તત્ત્વનો નવ રૂપે ભેદ રૂપે અનુભવ થવો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

એકરૂપ ચૈતન્ય સર્વવિશુદ્ધમાત્ર છે. જેમાં ભેદ પણ ઉઠતા નથી એવી એ ચીજ છે. એવો ચૈતન્યમાત્ર સર્વવિશુદ્ધ તે હું છું. એ તો સમજાવે છે હોં! સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર પણ હું છું એવો વિકલ્પ નહિ. આ તો સમજાવે ત્યારે શું કહે? જુઓ! '**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું.**' આવો ભાવ છું એવો પણ એક વિકલ્પ છે. પણ અહીં સમજાવે છે કે ત્યાં આવો થઈ જાય છે. એક સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર છું એવું થઈ જાય છે. એમ. સમજાણું કાંઈ? ભાષા તો હું સર્વવિશુદ્ધ ચૈતન્ય છું, અભેદ છું. એ વિકલ્પ થયો. પણ ત્યાં અંતરદૃષ્ટિમાં એકરૂપ થતાં તે સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે, થઈ જાય છે. એવો છું એમ અહીંયાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અનેકાંત કરો, નહિતર એકાંત થઈ જશે. વીતરાગનો માર્ગ અનેકાંત છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય, નિમિત્તથી પણ થાય, ભેદથી પણ થાય, અભેદથી પણ થાય. અહીં કહે છે કે અભેદથી થાય, ભેદથી ન થાય. સ્વભાવથી થાય, રાગથી ન થાય. સ્વથી થાય, નિમિત્તથી ન થાય. સમજાણું કાંઈ? એ અનેકાંત તે અમૃત છે. એ અનેકાંત તે અમૃત છે.

જુઓ! ઓલામાં જ-જ શબ્દ આવ્યો હતો ને બધે? જ. મને જ ચેતું છું. એમ મને જ ચેતું છું એ તો એકાંત થઈ જાય. થોડુંક એમ કહે ને, મને ચેતું છું અને પરને ચેતું છું એમ લ્યોને. સમજાણું કાંઈ? એનો અર્થ એવો છે કે શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ પડતાં ત્યાં ભેદપણું રહેતું નથી. રાગ તો રહેતો નથી, નિમિત્ત તો એમાં રહેતું નથી પણ ભેદ પણ રહેતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આવી ચીજ દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને અભેદ દૃષ્ટિ થઈ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વથી મુક્ત થયો.

'**ભાવાર્થ :- પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક...**' જ્ઞાનની પર્યાયરૂપી,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થારૂપી પ્રજ્ઞા, જ્ઞાનની અવસ્થારૂપી પ્રજ્ઞા એ દ્વારા જુદો કરવામાં આવ્યો એ ચેતક '**તે આ હું છું...**' તે આ હું છું '**અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ,...**' લ્યો, અભિન્ન છ કારકો તો લીધા હોં પાછા. ઓલા ભેદવાળા પણ અભિન્ન લીધા, ભાઈ. અભિન્ન એટલે ઓલા પરવાળા નહિ એમ. પ્રશ્ન ઉઠ્યો હતો ને એ? (સંવત) ૧૯૬૨માં. છ કારક પોતાના પોતાથી અભેદથી છે. પરની અપેક્ષા વિના વિકાર કરતા પોતે છે. નિશ્ચયથી પોતે કર્તા વિકારનો, પોતે કરણ, પોતે સાધન, સંપ્રદાન, પોતે આધાર, પોતે સંપ્રદાન અને અપાદાન. એ તો અભિન્ન કારકની વાત છે. પણ અભિન્નની જ વાત છે આ. પરની અપેક્ષા કર્મના ઉદયની અપેક્ષા વિના જીવ આત્મા વિકારપણે કર્તા, કર્મ, કરણપણે ષટ્કારકપણે નિરપેક્ષપણે પરિણમે છે. વિકારમાં હોં! આ તો નિર્વિકારની વાત અત્યારે ચાલે છે. આહાહા..! વિકારપણે આત્મા પરિણમે કર્તા થઈને એ પણ સ્વતંત્રપણે પરની અપેક્ષા વિના. કર્મના ઉદયની, નિમિત્તની અપેક્ષા વિના. ભાઈ! ૬૨મી ગાથા પંચાસ્તિકાયની આવે છે ને. મોટી ચર્ચા દસ વર્ષ પહેલા થઈ, પંડિતજીની સાથે. બધા બેઠા હતા.

નિરપેક્ષપણે આત્મા વિકારનો સ્વપર્યાયનો પરની અપેક્ષા વિના નિરહેતુક કર્તા-કર્મ આદિનો પોતે જ છે. એ નહિ. અભિન્ન. પણ અભિન્નનો અર્થ શું થયો? પરના નહિ એમ. આ જુઓ આવ્યું. નહિતર અભિન્ન.. એ આવ્યું આ. ઓલું અભિન્ન જુદું રહી જાય છે. અહીં તો અભિન્ન એટલે પરના નહિ. બસ. પરના નહિ એને અભિન્ન કહ્યું. આ તો ઓલો અભિન્ન શબ્દ આવ્યો હતો ને ત્યારે? બેય જણા બોલ્યા હતા. એ અભિન્ન કારક છે. પણ અભિન્ન કારક એટલે શું? પોતાની પર્યાયમાં પોતે વિકાર સ્વતંત્રપણે કરે, સ્વતંત્રપણે કરણ થાય, સ્વતંત્રપણે પોતાથી થાય, પોતાને આપે અને પોતે રાખે અને પોતાના આધારે થાય. એમાં પરની અપેક્ષા, ઉદયની અપેક્ષા, કર્મનો ઉદય છે માટે થાય એ તો વ્યવહારની અપેક્ષા થઈ. સમજાણું કાંઈ? રાડ નાખી ગયા કે આહાહા..! આ તો પકડાણા. સોનગઢવાળા પકડાણા કે આહાહા..! વિકાર નિરપેક્ષ? પરની અપેક્ષા વિના? પોતાથી થાય? આહાહા..! લખો ચારે કોર હવે. હવે લખાઈ ગયા છે બધાય. લખો ત્યાં શેઠ ઉપર શાહૂજી ઉપર. પૂછો એને. આવ્યા. આહાર કરીને બેઠા હતા ત્યાં આવ્યા. શું હતું? ઉત્તર અપાઈ ગયા છે. આ તો શેઠને... શેઠ એટલે શું પણ? અમારે શું છે? શાહૂજી આવ્યા હતા. ભાઈ હતા. કેવા? ગજરાજ. ગજરાજને ત્યાં આહાર કરતા હતા. ત્યાંથી એક પ્રશ્ન આવ્યો છે કે વિકાર નિરહેતુક છે કે સહેતુક છે? ફલાણું છે કે ઢીંકણું? એમ પ્રશ્ન હતો. એ ઉત્તર અપાઈ ગયા છે ત્યાં. .. માં કહ્યું હતું ને ભાઈ બે વાગે? .. બે વાગે .. પહેલા મળ્યા ત્યારે. જુઓ નિમિત્ત.. હવે ક્યાં .. હવે છે બધે. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુને સમજે નહિ અને ધોકાપંથી.

અહીં તો વિકાર... વિકાર... વિકાર... સંસારની પર્યાયનો વિકાર ઉદયભાવ જીવની પર્યાયમાં, હોં. એ પણ પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે નિશ્ચયથી જે વિકારની પર્યાયને પોતે કરે અને પોતાના આધારે કરે. નિમિત્તને આધારે નહિ અને પરને આધારે નહિ. ... ઝીણું પડે. જુઓ! નિમિત્ત વિના થાય એટલે સ્વભાવ છે. હવે સાંભળને. એ પર્યાય સ્વભાવ છે. પર્યાયનો એક સમયનો સ્વભાવ છે. નિમિત્તને લક્ષે થાય છે તેથી એને વ્યવહારથી થયો એમ કહેવામાં આવે છે. ... કહો, સમજાણું આમાં?

જગતને મિથ્યાત્વના સંસારના લાકડા ખસવા ભારે કઠણ. બીજું બધું જાય પણ એ આકરું કામ ભારે. હજી તો વિકારમાં પાછું હોં! વિકાર.. આ લખ્યું આત્માવલોકનમાં. નિમિત્ત વિના થાય તો સ્વભાવ થઈ જાય. એ પણ મોટી તારી ભૂલ છે. એમ આવે એમાં. એ તો વિકારને અનિત્યપણું સ્થાપવા અને કાયમ રહેનારી ચીજ નથી અને એ વિકારી છે માટે પરના લક્ષે થાય છે એટલું સિદ્ધ કરવું છે. પણ જ્યાં લક્ષ વિના થાય છે એમ સિદ્ધ કરવું પોતાથી પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એ તો નીકળી ગઈ વાત, એ તો સંસાર છે.

અહીં તો હવે મોક્ષમાર્ગમાં આવનારો જીવ. આ છ પ્રકારના ભેદ એ પરના, એ તો નહિ. અભિન્ન કારક રહ્યા હવે પોતામાં. પોતામાં એનું નામ અભિન્ન. છે પોતામાં હજી એ ભિન્ન, પણ ઓલા પરની અપેક્ષાએ અભિન્ન. પરના જે રાગનો કર્તા અને વ્યવહારનો કર્તા, નિમિત્તનો કર્તા એ રહ્યું નહિ. કહો, સમજાણું આમાં? એ તો પહેલેથી શબ્દ હશે ને એમાં? સંસ્કૃતમાં. જયચંદ્ર પંડિત. ... ૨૯૭. અભિન્ન શબ્દ છે ને એટલે જોવાનું. .. પાઠમાં એણે નાખ્યો છે કે નથી નાખ્યો? સર્વવિશુદ્ધ. ભાવાર્થ છે ને? .. અભિન્ન છ કારક.. લખ્યું છે હોં. તો અભિન્ન છ કારક લગાવવા. એટલે અહીં તો એનો શબ્દ છે એનો. અભિન્ન કારક છે પરથી જુદું એ અપેક્ષાએ ભિન્ન એમ મારું કહેવું છે. નહિતર છે બેય ભિન્ન. પણ પરથી ભિન્ન છે એ અપેક્ષાએ એને અભિન્ન (કહ્યું છે). જુઓ છે. 'તો અભિન્ન છ કારક લગાને.' પછી કહ્યું આ 'મૈં મુજકો મેરે લિયે' આવે છે ને. કઈ ગાથા? ૯૭ છે એ. બરાબર છે. અભિન્નની વ્યાખ્યા કરી એમ. છે તો આ પણ હજી ભિન્ન. સ્વની અપેક્ષાએ, અભેદની અપેક્ષાએ. પણ અભિન્નનો અર્થ પરની જ્યાં અપેક્ષા રહી નહિ, પરનું ભિન્નપણું છે એનું. એના ને એનામાં છ એની અપેક્ષાએ અભિન્ન કહ્યા. સમજાણું કાંઈ?

આત્મા ને આત્મામાં હું. જુઓ! **'હું જ, મારા વડે...'** હું એ કર્તા. મારા વડે કરણ. મારા માટે સંપ્રદાન, મારામાંથી તે અપાદાન, મારામાં જે આધાર, મને ગ્રહણ કરવું એ કરણ. એવા આ છને અભિન્ન કહ્યા. જયચંદ્ર પંડિતે પણ એ અભિન્ન કહ્યા. અભિન્નનો અર્થ સ્વમાં

થયા, પરની અપેક્ષા વિનાના એને અહીંયાં અભિન્ન કહેવામાં આવ્યા. નહિતર તો પોતાના અભિન્નની અપેક્ષાએ તો ભિન્ન છે, ભેદ છે. ભેદ છે. સમજાણું કાંઈ? આમાં તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. ઓલું નિર્વિલ્પ કહેતા હતા. વિકલ્પ ઘટાડીને સમજે તો સમજાય એવું છે. નહિતર નથી સમજાય એવું આમાં. નિર્વિકલ્પ થઈને સમજે તો નહિ પણ વિકલ્પ થોડા બીજા મંદ પાડીને સમજે તો સમજણ પડે. કહો, આહાહા..!

કહે છે, અભિન્ન એટલે હું જ કર્તા, મારા વડે '**મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.**' એટલે ચેતું છું. ગ્રહણ કરું એટલે શું? પકડવું છે? ચેતું છું, જાણું છું એનું નામ ગ્રહણ કરવું. '**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.**' લ્યો! એ ચેતવું, જાણવા-દેખવાનું અભિન્નપણું તે જ એક આત્માની ક્રિયા છે. ક્રિયા એ એક ક્રિયા છે. બીજી આત્માની કોઈ ક્રિયા નથી. કહો, સમજાણું કાંઈ? દયા, દાન, ભક્તિના વિકલ્પ એ આત્માની ક્રિયા છે જ નહિ. સમજાણું કાંઈ? એક વખત તારણસ્વામીએ લખ્યું હતું. છતાં એણે થોડુંક નાખ્યું છે પાછું. ... તારણ સ્વામી .. મૂર્તિ નથી .. કરીને? એટલે .. આ તારણસ્વામી થઈ ગયા છે ને. ભગવાનદાસ. ભગવાનદાસના .. તારણ સ્વામી. .. નથી. છતાં એ શુભભાવ એણે પોતે નાખ્યો જરી.

'**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.**' રાગની ક્રિયા રાગરૂપે થવું, નિમિત્તરૂપે થવું, નિમિત્તથી થવું એવું તો એનામાં છે નહિ. '**માટે હું ચેતું જ છું;...**' હું ચેતું છું. '**ચેતનારો જ, ચેતનાર વડે જ,...**' હું ચેતું છું સામાન્ય થઈ ગયું. ચેતનારો જ એ કર્તા થઈ ગયો. ચેતનાર વડે જ કરણ થઈ ગયું. ચેતનારો હું, ચેતનાર વડે તે જ હું. મારા વડે. '**ચેતનાર માટે જ,...**' મારા માટે. '**ચેતનારમાંથી જ,...**' મારાથી. રાગમાંથી નહિ. '**ચેતનારમાં જ,...**' મારે આધારે. ચેતનારને એટલે કર્મ કાર્ય. '**ચેતનારને જ ચેતું છું.**' જાણનારને જાણું. ચેતનારને ચેતું. જાણનારની જુદી આવશે. જ્ઞાન-દર્શનની. બે સામાન્ય સાથે લઈને ચેતના લીધી.

'**અથવા દ્રવ્યદષ્ટિએ તો–**' લ્યો. વસ્તુદષ્ટિએ જોતાં તે ભેદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યદષ્ટિએ તો, વસ્તુદષ્ટિએ તો અભેદ દષ્ટિ થતાં '**છ કારકોના ભેદ પણ મારામાં નથી,...**' એ તો અહીં સમજાવવામાં આવે છે. મારામાં નથી એ પણ એક વિકલ્પ છે. પણ ત્યાં નથી રહેતા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.**' એ શુદ્ધ જ્ઞાયકમાત્ર ભાવ.. ભાવ.. ભાવ વસ્તુ છું. એવો જે અનુભવ એમાં ભેદપણું આવતું નથી.

'**આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે**

**અનુભવવો.**' જાણનાર-દેખનાર તરીકે અનુભવવો.

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं हि यच्छक्यते**
**चिन्मुद्राङ्किकतनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।**
**भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि**
**भिद्यान्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।**

ઓહોહો..!

**'શ્લોકાર્થ :- જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને...**' એટલે જુદા પડી શકે છે તે સર્વને. એમ કહે છે. **'સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...**' જ્ઞાનલક્ષણે લક્ષિત છું. એમ એના જેટલા જુદા પડવા યોગ્ય તેને જુદા પાડીને. એમ કહે છે. ભારે ક્રિયા. કહો, જેઠાલાલભાઈ! બહારની ક્રિયા હોય તો તો કાંઈ આ લીધું ને મૂક્યું એ સૂઝે. આ સૂઝ પડે નહિ. આ જ સૂઝ પડે એવી ક્રિયા છે, કહે છે. સૂઝ સમજાય છે? સમજાય એવી.

**'જે કાંઈ ભેદી શકાય છે...**' એટલે તેનાથી જુદું પડી શકાય છે. ચૈતન્યથી. **'તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે...**' ભગવાન આત્માનો તો ચિન્મુદ્રાથી અંકિત. જ્ઞાન જેની મુદ્રા છે. લ્યો. મુદ્રા રાખે છે ને આ? પોસ્ટમાં નહિ? નાખે, છાપ મારે. છાપ મારે સરકારી. આત્મામાં છાપ છે ચિન્મુદ્રાની. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... શુદ્ધ ચિદ્ એ મુદ્રા જેની અંકિત છે. એમાં અંકાયેલી છે. નિર્વિભાગ જેનો ભાગ નથી એવી આત્માની મહિમા છે. એવી આત્માની મોટપ છે.

**'જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે...**' એ ચેતના, ચેતવું એ એનું લક્ષણ છે એવું અંકિત નિર્વિભાગ છે. જેમાં ભાગ નથી. ચૈતન્યની છાપથી ચિહ્નિત. જુઓ! અહીં અર્થમાં **'ચૈતન્યની છાપથી ચિહ્નિત...**' છે. રાગની, પુણ્યની, વિકલ્પની, વ્યવહારની એમાં છાપ છે જ નહિ. **'ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત...**' ભાગલા નથી એમાં. **'જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' લ્યો. એવો શુદ્ધ ચૈતન્ય હું છું. એમ અંતરમાં દૃષ્ટિ લઈને અનુભવવો એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? વિશેષ એના પ્રકાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૨, રવિવાર તા. ૧૫-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૨, ગાથા-૨૯૮-૨૯૯, પ્રવચન-૩૬૬**

૧૮૨. શું કહે છે? મોક્ષ અધિકાર છે. જેને આત્મામાં મિથ્યાત્વનો નાશ કરવો હોય તો એણે કેવી રીતે કરવો એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અનંત ગુણરૂપ એવું એક સ્વરૂપ એની દૃષ્ટિ કરી અથવા એનો અનુભવ કરીને મિથ્યાત્વથી મુક્ત થવું, મિથ્યાત્વનો નાશ કરવો, એની શું ક્રિયા અને શું વિધિ અને શું પદ્ધતિ છે ઈ કહે છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...**' શું કહે છે? ભગવાન આત્મા એ ચૈતન્ય લક્ષણથી અંતર જ્ઞાનની પર્યાય જે પ્રગટ છે એ સ્વલક્ષણથી લક્ષિત જાણવાલાયક અને જેટલા રાગ-દ્વેષ છે તે એના સ્વલક્ષણે જાણવા લાયક. '**જે કાંઈ ભેદી શકાય...**' જેટલો આત્માના સ્વરૂપથી ભિન્ન જે વાત છે, પુણ્ય-પાપ, વિકલ્પ, દયા, દાન, ગુણ-ગુણી ભેદના બધા વિકલ્પ. '**જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના...**' એના લક્ષણથી. વિકલ્પ ઉઠે છે એ બધો વિકાર છે, પુણ્ય-પાપ છે, મલિન છે, બંધ છે, અજીવ છે, જડ છે. '**તે સર્વને સ્વલક્ષણના બળથી...**' એના લક્ષણના બળથી. જેટલો ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવથી ભિન્ન, જેટલો પુણ્ય-પાપ વિકલ્પ છે એનું સ્વલક્ષણ વિકાર, એને સ્વલક્ષણના બળથી '**ભેદીને,...**' જુદા પાડવા. ભારે. સમજાણું કાંઈ?

'**જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે...**' એવો શુદ્ધ ચૈતન્ય હું છું. હું કેવો છું? કે રાગાદિથી તો ભિન્ન છું. પુણ્ય-પાપ વિકલ્પ જે છે વૃત્તિ ઉઠે છે, હું આત્મા છું, હું આ નથી એવા જે વિકલ્પ છે એ બધા પરલક્ષણી વસ્તુ છે. પોતાનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? હું કેવો છું? ચિન્મુદ્રા, ચિન નામ જ્ઞાનમુદ્રા-છાપ. રજિસ્ટર છાપ હોય છે ને? મુદ્રા નથી પાડતા મુદ્રા? આ છે ને મુદ્રા લાખની. એમ આત્માની મુદ્રા કઈ? ચિન્મુદ્રા. જ્ઞાન જાણન... જાણન... જાણન... જાણન... જાણન... એ એની મુદ્રા-એ એનું લક્ષણ. એ લક્ષણથી ચિન્મુદ્રા અંકિત. અંકિત નામ ચિહ્નવાળા. જાણન સ્વભાવરૂપ લક્ષણથી લક્ષિત થનાર. અંકિત એ લક્ષણથી અંકિત થનારો.

'**નિર્વિભાગ...**' ભગવાન આત્મા જેમાં નિર્વિભાગ-વિભાગ નથી. એકરૂપ ચૈતન્ય. ભારે વાતું. અભેદ, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. હું ગુણી આત્મા છું અને એમાં આનંદ આદિ સ્વભાવ-ગુણ રહેલા છે એવો પણ જેમાં ભેદ નથી. સમજાણું કાંઈ? નિર્ભેદ, નિર્વિભાગ

જેની '**મહિમા છે...**' અભેદ જ જેની મહિમા છે. ગુણ-ગુણી ભેદની મહિમા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મોક્ષનો માર્ગ... ભગવાન આત્મા અંતર્મુખ જોતાં એ ચીજ નિર્વિભાગ-ભેદ અને ભાગ વિનાની ચીજ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે હોં. તમારા ભણતર કરતા બીજી ચીજ છે. આહાહા..! વસ્તુ છે ને વસ્તુ? વસ્તુ છે. જેમ આ પરમાણુ પોઈન્ટ છે એ પણ એક વસ્તુ છે. એમ આત્મા એ વસ્તુ છે. વસ્તુ છે તો એમાં અનંત ગુણ વસેલા છે, રહેલા છે. વસેલા રહ્યા છે. અનંત ગુણ એમાં વસે છે. તેથી તેને વસ્તુ કહેવામાં આવે છે. જેમાં અનંત ગુણ વસે છે, રહે છે, નિવાસ છે એને વસ્તુ કહે છે. આહાહા..!

ભગવાન આત્મા... જેમ આ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વસે છે તો એ પણ વસ્તુ છે. એ જડ વસ્તુ છે. આ પરમાણુમાં, પોઈન્ટમાં.. આ તો સ્થૂળ ઘણાં પરમાણુ ભેગા થઈને પિંડ થયો છે પણ એનો છેલ્લો પોઈન્ટ, ટૂકડા કરતા... કરતા.. કરતા.. છેલ્લો પોઈન્ટ (રહે) એ પણ એક જગતની ચીજ છે-વસ્તુ છે અને વસ્તુમાં અનંત ગુણ વસેલા છે, રહેલા છે. એક એક પરમાણુમાં અનંત ગુણ રહેલા છે. એ બધા આત્માના અનંત ગુણ છે. પણ એ ગુણ-ગુણીનો જેમાં ભેદ નથી. એવી નિર્વિભાગ જેની મહિમા-માહાત્મ્ય-છે એવી અભેદ ચૈતન્ય વસ્તુ એનો અનુભવ કરવામાં ભેદ અને રાગ કોઈ દિવસ કામ આવતા નથી. આહાહા..!

'**નિર્વિભાગ મહિમા છે એવો શુદ્ધ ચૈતન્ય...**' શુદ્ધ ચૈતન્ય નિર્મળ ભગવાન આત્મા હું છું. '**ચૈતન્ય જ હું છું.**' એકલો નિર્ભાગ, નિર્વિભાગ ચૈતન્ય શુદ્ધ એવો જ હું છું. અહીં તો સમજાવે છે. એવો હું છું એમ અંદર કરે તોપણ એ વિકલ્પ છે. પણ સમજાવવામાં કેમ સમજાવું? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યબિંબ વસ્તુ સ્ફટિક, ચૈતન્ય સ્ફટિક. અખંડ ગુણનો એકરૂપ પિંડ અભેદ. એ નિર્વિભાગ જેની મહિમા. ભાગ-ભેદ મહિમા એની નથી એમ કહે છે.

મુમુક્ષુ :- વિભાગ ન પાડવા.

ઉત્તર :- વિભાગ પાડવા એ એની મહિમા છે જ નહિ. કેમ કે અભેદ છે. જેમ આ ચીજ છે. સુખડ છે ને સુખડ? સુખડ છે આ. સુખડ સમજ્યા? ચંદન. આ ચંદન છે. તો એમાં સુગંધ છે, સુંવાળપ છે. તમારે શું કહે છે? કોમળતા. કોમળતા છે, અસ્તિત્વ છે, વજન છે, તોલ છે એવી અનંત શક્તિ. પણ એ શક્તિના એમાં કોઈ ભેદ નથી પડતા કે ભાઈ આ શક્તિ અહીં રહે છે અને આ શક્તિ ભિન્ન છે. એ તો બધી શક્તિનો પિંડ છે. સમજાણું કાંઈ? એ બધી શક્તિનો પિંડ જ એની મહિમા છે. શક્તિ ભિન્ન કરો તો એ ભિન્ન થતી નથી. માટે એની મહિમા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા.

જેમ આ વસ્તુ (છે) આ તો અનંત પરમાણુનો પિંડ છે. અનંત પરમ-અણુનો જથ્થારૂપ એ સ્કંધ છે. આત્મા અનંત પરમાણુ નહિ, એ તો એક વસ્તુ છે. આ તો અનંત પરમાણુ રૂપે સ્કંધ છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી એકરૂપ અખંડ પદાર્થ છે. સમજાણું કાંઈ?

'**નિર્વિભાગ મહિમા છે એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' એવો અંતરમાં અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? શ્રીમદ્‌નું વાક્ય છે ને એક, જુઓને. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.' સમજાય છે કાંઈ? જુઓ છે? ક્યાં? ખૂણામાં આમ છે. આમ નથી આમ છે. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી...' એમ લેવું. જીવ એક. આ એક આ હોં. બધા મળીને એક નહિ. સુમેરુમલજી! આ ભગવાન વસ્તુ. જીવ એક અખંડ. અખંડ છે. નિર્વિભાગ છે. સંપૂર્ણ. પૂર્ણ દ્રવ્ય છે, પૂર્ણ દ્રવ્ય છે. સંપૂર્ણ દ્રવ્ય હોવાથી એનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. એવો ભગવાન આત્મા એક અખંડ સંપૂર્ણ પદાર્થ હોવાથી એના જ્ઞાનરૂપી શક્તિ, ગુણ, સ્વભાવ પણ સંપૂર્ણ છે. કેમ કે એક દ્રવ્ય અખંડ સંપૂર્ણ છે તો એનો જ્ઞાન સ્વભાવ પણ એક સંપૂર્ણ સામર્થ્ય છે. એવા એક એક ગુણનું અનંત સંપૂર્ણ સામર્થ્ય છે. છતાં એ અખંડ છે. એમાં ગુણ અને ગુણી એવો ભેદ પાડવો એમાં નથી. સમજાય છે કાંઈ? અને પછી કહે છે, સંપૂર્ણ વીતરાગ થાય, સંપૂર્ણ વીતરાગ થાય છે એ સંપૂર્ણ સર્વજ્ઞ થાય છે. શેઠ!

ભગવાન આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં નાનામાં નાના કાળમાં અખંડ સંપૂર્ણ પદાર્થ હોવાથી એના એક એક ગુણનું સામર્થ્ય સંપૂર્ણ હોય છે. એવી અંતરમાં દૃષ્ટિ વીતરાગ કરવાથી, વીતરાગી દૃષ્ટિ જેમાં રાગની અપેક્ષા નથી, ભેદની અપેક્ષા નથી, તદ્દ્ન નિર્વિકલ્પ ભગવાન આત્માની દૃષ્ટિ કરવાથી અનુભવમાં સમ્યગ્દર્શન થાય છે. અને વિશેષ સ્થિરતા કરવાથી પર્યાયમાં વીતરાગતા થવાથી સંપૂર્ણ સર્વજ્ઞ દશા પ્રગટ થાય છે. એનું નામ મોક્ષ કહે છે. કહો, સમજાય છે? ભારે ઝીણું ભાઈ! કાંઈ સૂઝ પડે નહિ. આ માથું પણ નહિ, આ પણ નહિ, શરીર નહિ, ભાષા નહિ, પુણ્ય-પાપના ભાવ નહિ, ભેદ નહિ. આહાહા..!

'**એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' કહો, એમાં વળી અનેકાંત કાંઈ નાખવું છે કે આ ચૈતન્ય પણ હું છું અને ભેદ પણ હું છું અને રાગ પણ હું છું તો અનેકાંત થાય, એમ છે? એ ચૈતન્ય જ હું છું. ભેદાદિ, રાગાદિ હું નથી એ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એવું સત્ય. બહુ ઝીણું આ તો તમારે .. ક્યાંય ન મળે. આત્મા દેહમાં બિરાજમાન એની વાત ચાલે છે.

'**જો કારકોના,...**' શું કહે છે? જો કે કારક ભગવાન આત્મા વસ્તુએ અનંત ગુણ પિંડરૂપ એક, એમાં કારક નામ ક્રિયાને કરનાર એવી શક્તિ આત્મામાં છ છે. કર્તા-સ્વતંત્રપણે કરે

તે કર્તા. એ પણ પર્યાયમાં કર્તાપણું ઇ. અને કર્મ ઇષ્ટ. કરનારની પ્રિય ચીજ ઇષ્ટ એ કર્મ. કરનારની ઇષ્ટ પ્રિય એ કર્મ. કર્મ નામ કાર્ય. સમજાણું કાંઈ? અને કરનારને અંતઃકરણ સાધકતમ એ કરણ. ક્રિયા જે પર્યાય થાય છે એમાં અનંત સાધકતમ-ઉત્કૃષ્ટ સાધકતમ એ કરણ. એ અંદર છે. પર્યાયમાં પણ એવા ષટ્કારકના ભેદ પડતા હોય, હો. હું તો અભેદ છું. સમજાણું કાંઈ? આહાહા..! '**જો કારકોના,...**' એટલે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન. મારી પર્યાય હું જ પ્રાપ્ત કરીને હું જ લેનારો અને હું જ દેનારો. આ વળી શું આવ્યું? શેઠ! સોભાગભાઈ! આ પૈસા દેનાર અને લેનાર નથી એમ કહે છે. પૈસા ક્યાં એના છે? એ તો જડના છે. એનો સ્વામી માને તો મૂઢ છે. ઢોરનો સ્વામી, ભેંસનો સ્વામી પાડો હોય. પાડો સમજો છો? ભૈંસા. એમ જડનો સ્વામી જડ હોય. સોભાગભાઈ! બરાબર છે? આહાહા..! કેમ માલચંદજી!

ભગવાન! અહીં તો એમ કહે છે, પ્રભુ! પરદ્રવ્યની પર્યાય લેવા-દેવાની તો તારી પર્યાયમાં પણ શક્તિ નથી. પણ તને વિકલ્પ ઉઠ્યો કે હું પરને દઉં એવો જે વિકલ્પ એ પણ તારી શક્તિ નથી, તારો સ્વભાવ નથી. અને તારામાં લેવા-દેવાનું પોતાનું શુદ્ધ પરિણમન ચૈતન્ય વસ્તુ એ પોતાનું પરિણમન કરીને, નિર્મળ કરીને પોતાની પર્યાય પોતામાં રાખે એ પણ ભેદરૂપ દશા થઈ. સમજાણું કાંઈ? એ પણ કારક હો તો હો, પણ મારા અભેદમાં એ નથી. ભારે મોક્ષનો માર્ગ આવો કઠણ. એક-બે પૂજા કરી નાખો, ભક્તિ કરી નાખો, દાન, દયા કર્યા જાવ. કરોડ રૂપિયા હોય તો ભાઈ, પચાસ લાખ આપી દો ધર્માદામાં, પચાસ લાખ આપો છોકરા માટે. ધર્મ પણ થાય અને મુક્તિ પણ થાય અને સંસાર રહે. બે થાતા હશે કે નહિ? એટલા બધા તો આપે નહિ કાંઈ ઝટ દઈને. પણ આ તો એક વાત છે. નહિતર પાપ કર્યા છે બહુ. પાપ કર્યા. પાપ બહુ કર્યા એમાં આ મળ્યું. એ તો પુણ્ય લઈને. પણ બહુ પાપ કર્યા માટે જાવ પચાસ લાખ ધર્મ ખાતે અને પચાસ લાખ છોકરા ખાતે. છોકરા સમજો છો? લડકા. શેઠી! એમ તો કરે નહિ. પણ કદાચિત્ કરે પચાસ લાખ અને કરોડ આપી દે તો એમાંથી એને કાંઈ આત્માનો લાભ નથી એમ કહે છે. કારણ કે એ ચીજ પર છે. એમાં રાગની મંદતાનો ભાવ થયો હોય પુણ્ય તોપણ વિકાર છે. આહાહા..! પોતામાં ભેદ પડે કે હું શુદ્ધ છું અને હું મારી પર્યાય પરિણમાવીને મારામાં રાખું છું એ પણ ભેદ છે. એ પણ ભેદ છે. એવા ભેદનું લક્ષ કરે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અપાદાન. મારાથી મેં કામ કર્યું, મારાથી મેં કર્યું. એ પણ ક્રિયાનો કારક છે. અને મેં મારા આધારે કર્યું. રાગના આધારે નહિ, નિમિત્તના આધારે નહિ. જુઓ! કહે છે ને લોકો?

નિમિત્ત હોય તો સમ્યગ્દર્શન થાય. ભગવાનના દર્શન હોય, મૂર્તિ હોય, દેવ ૠદ્ધિ, શું કહેવાય? દેવોની ૠદ્ધિ. દેવ ૠદ્ધિ. દેવની ૠદ્ધિથી સમકિત થાય, વેદનાથી સમકિત થાય. એમ નથી, સાંભળ! એ કહ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આત્મા પોતાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન પોતાથી પ્રાપ્ત કરે છે. એવો કર્તા, કરણ, કર્મ, સંપ્રદાન, અપાદાન અને આધાર. એવા છ પ્રકારના ભેદ હો. મારી ચીજમાં અભેદમાં નથી. આહાહા..! માસ્તર! ઝીણું છે બહુ.

મુમુક્ષુ :- રૂપિયાનું કીધું એ તો સમજાયું.

ઉત્તર :- રૂપિયામાં શું સમજાય? ધૂળ સમજાય છે રૂપિયામાં? એ સમજાય, રૂપિયા દેવા-લેવા એમ સમજાય. કોણ દે? કોણ લે? આ ભાઈ હતા, પ્રભુભાઈ નહિ? છેલ્લે. સાધ્ય નહોતી ભાઈ ત્યારે તો. પાંચ હજાર રૂપિયા મૂક્યા હાથમાં. લ્યો, આ મહારાજને આપો શાસ્ત્રમાં. કાંઈ ખબર નહોતી. અને રવિવાર પંદર દિ' થયા હજી. ગયા હતા ને ત્યાં. પાંચ હજાર મૂક્યા. મેં કીધું, કાંઈ ખબર નથી એને. આહાહા..! સાધ્ય હતી ત્યારે તો પૈસા ... .. બાપ બેઠા, નાનો ભાઈ, છોકરાઓ બધા બેઠા હતા. કરોડપતિ માણસ, બેય ભાઈઓ બહુ અનુકૂળતામાં. બહારની અનુકૂળતા હોં! શું કરે? આહાહા..! .. પહેલું સવારમાં .. આ શું? હું પોતે જોયું, આ શું થાય છે? જેટલા અસાધ્ય થાય એના શ્વાસની ગતિ એવી જ થાય. તમે વૈદ છો ને આ વૈદ છે કે નહિ? પહેલા થોડી સાધ્ય હતી. આ કેમ? ડોક્ટર! શું છે આ? કે જેટલા અસાધ્ય થાય એ અસાધ્યમાં શ્વાસની ગતિ એ.. ચાલે છે. પહેલાથી આપણે ચાલે એવી નથી. એમાં ફેરફાર છે. એવી હોય છે. આહાહા..! શ્વાસની ગતિ પણ આત્મા કરનાર નથી. સમજાણું કાંઈ?

અહીં તો રાગનો વિકલ્પનો પણ કરનારો નથી. પણ અહીં તો કહે છે કે ભેદનો કરનારો પણ હું નહિ. આહાહા..! એવી એકરૂપ સ્વભાવની દૃષ્ટિ થયા વિના અનુભવ થતો નથી અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી. સમજાણું કાંઈ?

'**જો કારકોના, અથવા ધર્મોના,...**' ધર્મો એટલે? સમજ્યા? હું આત્મા સત્ છું, પરની અપેક્ષાએ હું અસત્ છું, પોતાની અપેક્ષાએ સત્ છું, પરની અપેક્ષાએ નથી-અસત્ છું. એ અપેક્ષિત ધર્મ છે એમાં. હો. નિત્ય છું. હું ત્રિકાળ નિત્ય છું. પર્યાયથી અનિત્ય છું. હો. નિત્ય-અનિત્ય. એ ધર્મો ભેદથી મારી દૃષ્ટિમાં કોઈ આવતા નથી. મારી દૃષ્ટિમાં તો અભેદ આત્મા છે એવો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને અનુભવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? અંદર છે ભાવાર્થમાં જુઓ. '**કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ...**' હું વસ્તુપણે એક છું અને ગુણાદિથી અનેક છું. ગુણાદિ પર્યાયથી અનેક છું. હો ધર્મ. પણ વસ્તુની દૃષ્ટિ કરવામાં એ ભેદ કામ કરતા નથી. ભેદનો

આધાર અભેદની દૃષ્ટિમાં બિલકુલ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**ધર્મોના, અથવા ગુણોના...**' ગુણો નામ જ્ઞાન. હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, સ્વચ્છ છું, હું પ્રભુ છું એવા ગુણ છે. હો. અનંત ગુણ છે. એક વસ્તુ દ્રવ્યમાં અનંત ગુણ છે. અનંતાઅનંત ગુણ છે. સમજાણું કાંઈ? હોય. '**તો ભલે પડો; પરંતુ વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત-)...**' વિભુ. ભગવાન આત્મા '**દૃઢ; અચળ; નિત્ય; સમર્થ; સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક.**' ધ્રુવ. એવી હું વસ્તુ (છું). વિભુનો અર્થ ઓલામાં લખ્યો છે ને? વિભુ-હું વિશેષે ભુ થનારો. જાણપણારૂપે, શ્રદ્ધારૂપે, આનંદરૂપે, અસ્તિત્વરૂપે, સ્વચ્છતારૂપે, પ્રભુતારૂપે, કર્તા, કર્મ આદિ પર્યાયરૂપ હો. ગુણની વાત છે. ગુણ હો તો હો. '**પરંતુ વિભુ એવા શુદ્ધ...**' એવા સર્વ વ્યાપક અનંત ગુણનો પિંડ હું એક '**ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.**'

માર્ગ ઉપર આવવા માટે કેટલો પ્રયત્ન અને પુરુષાર્થની ઉગ્રતાની જરૂર છે! સમજાણું કાંઈ? એય..! જ્ઞાનચંદજી! વસ્તુના માર્ગે આવવામાં કેટલો પ્રયત્ન, કેટલો પુરુષાર્થ, સ્વસન્મુખ આવવામાં, પરથી વિમુખ થવામાં કેટલું સાવધાનપણું! આહાહા..! સાંભળતા જાણે એમ લાગે આ તે શું હશે? થઈ શકે કે નહિ? આ થઈ શકે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહે છે કે એવા એક ચૈતન્યભાવમાં. ચૈતન્યભાવ-વસ્તુ એનો ચૈતન્યભાવ, એમાં તો કોઈ ભેદ નથી. પર્યાયના લક્ષમાં, વિકલ્પના આશ્રયે એવો ભેદ હો તો હો. પણ મારી અભેદ દૃષ્ટિમાં ભેદ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**(આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)**' એ પ્રકારે વર્તમાન જ્ઞાનરૂપી દશા, એ દ્વારા ગ્રહણ નામ અનુભવ થાય છે. અનુભવ થાય છે. જુઓ! આ ગ્રહણ કર્યું. ગ્રહણનો અર્થ આ. પ્રજ્ઞા દ્વારા, જ્ઞાનની પર્યાય દ્વારા અંતર્મુખ અભેદનો અનુભવ પ્રજ્ઞા દ્વારા થાય છે. બીજો કોઈ એનું સાધન છે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી...**' દેખો! સ્વલક્ષણ કીધું ને ઓલામાં? .. સ્વલક્ષણ. '**જેમનું સ્વલક્ષણ...**' જેનું અને જેમનું. જેમનું. સમજાણું કાંઈ? જેમનું સ્વલક્ષણ. કોનું? પુણ્ય, પાપ, દયા, દાન, વિકલ્પ શુભાશુભ ભાવ. જેનું અથવા જેમનું સ્વલક્ષણ એનું ચૈતન્ય નથી. પુણ્ય-પાપ રાગાદિમાં સ્વલક્ષણ ચૈતન્ય નથી. એનું પરલક્ષણ છે. કહો, સમજાણું કાંઈ? '**એવા પરભાવો...**' જેમાં સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો. પુણ્ય-પાપ વિકલ્પ આદિ '**તો મારાથી ભિન્ન છે,...**' એ પરભાવો તો મારાથી ભિન્ન છે. '**માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર. એ છઠ્ઠી ગાથામાં પૂછ્યું છે ને? મહારાજ! એવો

શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ? છઠ્ઠી ગાથામાં નહિ? '**ण वि होदि अप्पमत्तो**' છઠ્ઠી ગાથામાં પૂછ્યું છે. મૂળ શરૂઆતમાં. એવો પ્રભુ. શિષ્ય કહે છે કે આપ કહો છો કે શુદ્ધ આત્માને જાણવો. એવો શુદ્ધ આત્મા કેવો છે કે જેને જાણવો જોઈએ? તો ત્યાં એમ જવાબ આપ્યો છે કે પ્રમત્ત-અપ્રમત્તની પર્યાયનો ભેદ જેમાં નથી, એવો જ્ઞાયકભાવ જે શુદ્ધ છે એની પરથી ભિન્ન ઉપાસના કરવાથી, રાગ અને ભેદથી ભિન્ન પડીને શુદ્ધ ચૈતન્યની ઉપાસના કરવાથી, સેવન કરવાથી પર્યાયની શુદ્ધતામાં આત્માનું સેવન કરવાથી ભગવાન ત્રિકાળ શુદ્ધ છે એમ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? શું કહ્યું શેઠી!

ભગવાન! શુદ્ધ કોને કહે છે? એવા પ્રશ્નથી શરૂઆત કરી છઠ્ઠી ગાથામાં. શુદ્ધ કોને કહે છે? ભાઈ! પ્રભુ! તું સાંભળ. જે આત્મા એમાં ગુણસ્થાન ભેદ પડે છે, પ્રમત્ત, અપ્રમત્તની પર્યાયમાં ભેદ પડે છે, એ આત્મા નહિ. છે પણ નથી. પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વસ્તુ કેવી છે? શુદ્ધ ચૈતન્ય. કોને શુદ્ધ ચૈતન્ય કહે છે? કે કર્મ, રાગ અને ભેદ એનું લક્ષ છોડીને શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવાથી, શુદ્ધ ભગવાનનું સેવન કરવાથી, શુદ્ધ પર્યાયથી આત્માનું સેવન કરવાથી એ પર્યાયનું સેવન શુદ્ધમાં થયું એને શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે. એ શુદ્ધ છે એને કહેવામાં આવે છે. પર્યાયને શુદ્ધ નહિ. સમજાણું કાંઈ?

પરદ્રવ્યથી ભિન્ન પોતાની ઉપાસના કરવાથી જે આત્મા જ્ઞાયક દૃષ્ટિમાં આવ્યો એને શુદ્ધ કહેવામાં આવે છે. અભેદને શુદ્ધ કહેવામાં આવે છે. ત્યાંથી શરૂ થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યારે શુદ્ધ થાય છે? ક્યારે શુદ્ધ કહેવાય? શુદ્ધ તો શુદ્ધ જ છે. પણ પરનું પરદ્રવ્યનું લક્ષ છોડીને જ્ઞાયકમાત્ર અભેદ શુદ્ધ છે, એનું સેવન કરવાથી, એ તરફ વળવાથી પર્યાય એમાં એકાકાર થવાથી એ જીવને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યની નહિ. એ વાત નથી. પર્યાય આત્મા તરફ વળી અને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ, એ દ્વારા આ શુદ્ધ (એમ જાણ્યું). દ્રવ્ય તો શુદ્ધ દ્રવ્ય કહેવું છે. પર્યાયની વાત અહીંયાં નથી. દ્રવ્ય શુદ્ધ કોને છે? દ્રવ્ય શુદ્ધ કોને છે? એમ છે. જુઓ! છઠ્ઠી ગાથા છે કે નહિ? છઠ્ઠી છે, જુઓ. છે કે નહિ? ક્યાં છે? કેટલામી? છઠ્ઠી છે જુઓ.

'**હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' છઠ્ઠી ગાથા. એનો ઉપોદ્ઘાત. સંસ્કૃતમાં પણ '**कोऽसौ शुद्ध आत्मेति चेत्**' દેખો! '**એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' ટીકામાં લીધું. સમજાણું કાંઈ? '**તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.**' છે? સંસ્કૃત છે અંદર. સાતમી-આઠમી લીટી સંસ્કૃતની. છે જ્ઞાનચંદજી?

શું છે? '**પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.**' શુદ્ધ દ્રવ્ય તો શુદ્ધ જ છે. પણ શુદ્ધ છે એ ખ્યાલ કોને આવ્યો? કે જેણે પરદ્રવ્યનું લક્ષ છોડીને પોતાની અભિન્ન ઉપર સેવા કરી, ઉપાસના કરી. તો શુદ્ધની ઉપાસના કરવાથી એને આ શુદ્ધ છે એમ જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ? માત્ર શુદ્ધ શુદ્ધ એમ નહિ. દ્રવ્ય શુદ્ધ છે, દ્રવ્ય શુદ્ધ છે. કેમ પણ? તારી પ્રતીતમાં, જ્ઞાનમાં આ શુદ્ધ છે એમ આવ્યા વિના શુદ્ધ તને તો ભાસ્યું નહિ, તને શુદ્ધ ક્યાંથી થયું? સમજાણું કાંઈ? ફરીથી. એમ કે દ્રવ્ય શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ છે. અભેદ છે, એક છે. એક છે પણ ખ્યાલ આવ્યા વિના એક શુદ્ધ કોને કહેવું? સમજાણું કાંઈ? પરનું લક્ષ... અહીં ચાલે છે ને જુઓ. સમજ્યા? બધા ભેદ ભેદ.

'**પરભાવો તો મારાથી ભિન્ન છે, માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' આપણે ચાલે છે ઈ. એનો અર્થ? હું શુદ્ધ ચૈતન્યમાત્ર છું એવી અભિન્ન દૃષ્ટિ થઈ અને અભેદ અનુભવ થયો તો અનુભવમાં આવ્યું કે આ શુદ્ધ ચૈતન્ય છે. એમ. પોતા તરફ ઢળ્યા વિના આ શુદ્ધ છે એમ શુદ્ધ (ખ્યાલમાં આવે નહિ). દ્રવ્ય શુદ્ધ છે પણ તને ખ્યાલમાં ક્યાં આવ્યું છે? સમજાણું કાંઈ? શુદ્ધ છે એ કોઈ બોલવાની વસ્તુ નથી. એકલું જાણી લીધું એવી ચીજ નથી. પરદ્રવ્યથી ભિન્ન ઉપાસવામાં આવે એને શુદ્ધ કહેવામાં આવે છે. પરદ્રવ્યથી ભિન્ન.. કારણ કે પરદ્રવ્યથી ભેદથી જેમ લક્ષ્ય છૂટ્યું, અભેદ ઉપર દૃષ્ટિ થઈ અને અનુભવ થયો, સેવના થઈ એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહો, માલચંદજી! શું કહ્યું? દ્રવ્ય શુદ્ધ છે કે નહિ કાયમ? કાયમ શુદ્ધ છે એવી કોને ખબર પડી? ખબર પડ્યા વિના શુદ્ધ આવ્યું ક્યાંથી? એમ કહે છે.

ભગવાન આત્મા..! જુઓ! '**માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' એ શુદ્ધ ચૈતન્ય છું એવું ક્યારે ખ્યાલમાં આવ્યું? કે પર, વ્યવહાર, વિકલ્પ, ભેદ, કારક આદિ ભેદ એ બધા ભેદનું લક્ષ છોડીને એકલા શુદ્ધ ઉપર નજર પડવાથી શુદ્ધતા પ્રગટ થઈ. એ શુદ્ધતા પ્રગટ દ્વારા આ શુદ્ધ છે એમ જણાયું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શુદ્ધતા પ્રગટ થઈ. પરનું લક્ષ છોડીને જ્યાં સ્વદ્રવ્ય તરફ ઝુકવાથી પોતાની પર્યાય સ્વની સેવનામાં આવી તો સેવના દ્વારા જણાયું કે આ આત્મા શુદ્ધ છે. પોતાની પર્યાયમાં શુદ્ધતા, આનંદતા, વીતરાગતા પરનું લક્ષ છોડીને પ્રગટ થઈ તો વીતરાગતા દ્વારા આ વીતરાગ છે, શુદ્ધ છે એમ ખ્યાલમાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આ તો હિન્દીમાં છે. હિન્દીવાળાને તો સમજાય છે કે નહિ? ભાઈ! આ તો વિષય તો ભાઈ છે એ છે. હિન્દી બોલે કે ગુજરાતી. વસ્તુ એવી છે. આહાહા..!

અરે..! એની ચીજ શું છે અંદરમાં, એ તરફની વિશેષ વિચારણા પણ નથી કરી એણે. શું છે? શું છે? શુદ્ધનયના પક્ષની વાત છે. કહે છે કે '**માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' પરનું હુંપણાનું લક્ષ છોડીને અભેદ ભગવાન ચિન્મુદ્રા અંકિત પ્રભુ છે. નિર્વિભાગ જેની મહિમા છે એવો હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર છું. એમ પર્યાયમાં પરનું લક્ષ હતું અથવા પરના લક્ષમાં એકત્વબુદ્ધિ હતી એને છોડીને પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં, શુદ્ધતા પ્રગટ કરવાથી, શુદ્ધતામાં જણાયું કે આ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? સુમેરુમલજી! બહુ ધ્યાન.. ભાઈ! આહાહા..!

એનો ખેલ ચૈતન્યનો ખેલ ઈશ્વરની લીલા છે એ. ઈશ્વર રાગ-દ્વેષમાં રમતા હતા ઈશ્વર? કહે છે કે એ ખેલ અજ્ઞાનનો ખેલ છે તારો. આહાહા..!

કોઈ કહે લીલા રે લીલા અલખ તણી, લખ પૂરે મન આસ,
દોષ રહિત ને લીલા નવિ ઘટૈ, લીલા દોષ વિલાસ.

આનંદઘનજીમાં આવે છે. આનંદઘનજી શ્વેતાંબરમાં થયા ને? એનું પદ આવે છે. 'કોઈ કહે લીલા રે લીલા અલખ તણી...' અલખ ઈશ્વરની આ બધી લીલા છે. 'લખ પૂરે મન આસ, દોષ રહિત ને લીલા નવિ ઘટૈ...' એ ભગવાન આત્મા શુદ્ધનો અનુભવ કરે એને દોષરહિત છે ઈશ્વર એને આ લીલા ન હોય. આ સૃષ્ટિ રચવી અને રાગ રચવા એ બધો રાગ રચવો એ પણ સૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આનંદઘનજીમાં છે હોં એ. છે આનંદઘનજી? તમારે નહિ હોય. આનંદઘનજીમાં છે. એ શબ્દો.

'કોઈ કહે લીલા રે લીલા અલખ તણી,...' આ બધી અલખ લીલા છે ભગવાનની. 'લખ પૂરે મન આસ,...' ઈશ્વર બધી આશા પૂરશે. 'દોષ રહિત ને લીલા નવિ ઘટૈ,...' ભગવાન આનંદ શુદ્ધ પોતાની સેવનામાં આવ્યો અને ઈશ્વર પોતે છે એમ ભાસ્યું એને આ લીલા હોય નહિ. ભાઈ! સુમેરુલમલજી! એ આનંદઘનજીમાં છે. પહેલા આ બધા જોયેલાને આનંદઘનંજીના. સંભવનાથ. સંભવનાથ નહિ. દેવાનુપ્રિયા! ૠષભદેવની સ્તુતિ. પહેલી સ્તુતિ જુઓ!

કોઈ કહૈ લીલા લલક અલખ તણી, લખ પૂરે મન આસ,
દોષ રહિત ને લીલા નવિ ઘટે,

ભગવાન વિકલ્પથી પાર, ભેદથી પાર એને આ લીલા રાગની એને ન હોય. પરનું રચવું એને હોય નહિ. ત્યાં શુદ્ધની રચનામાં પડ્યો એને ઈશ્વર કહીએ. સુમેરુમલજી! આ ઈશ્વરની વાત આવી લ્યો. સમજ્યાને?

ચિત્ત પ્રસન્ન પૂજન ફલ કહ્યું, પૂજા અખંડિત એહ,
કપટ રહિત થઈ આતમ અરપણા,...

માયા રાખીને, રાગનો પ્રેમ રાખીને આત્માનું જ્ઞાન થાય એમ બનશે નહિ કહે છે.

કપટ રહિત થઈ આતમ અરપણા, આનંદઘન પદ રેહ.

ભગવાન આનંદઘનની રેખા .. રેખા છે. રેખા સમજો છો? સોનાની નથી હોતી? કસોટી ઉપર. કસોટી ઉપર સોનાની રેખા પડે ને? સોળ વલું છે કે નહિ? કસોટી ઉપર. એમ ભગવાન આત્મા આનંદઘન પદ રેહ. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અભેદ અખંડાનંદ એની અંતર સેવના કરતા આનંદઘનની પદની રેખા પર્યાયમાં પ્રગટ થાય છે. એનું નામ આત્મા અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શું કહે છે? એ આખી વાત ઈ છે.

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો,...' લાલન પહેલા આવ્યા હતાને? ત્યારે આ .. બોલતા હતા. 'રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે,...' એ બોલતા આવ્યા પહેલા. ૮૭. ૮૭ની સાલ ભાઈ. 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો,...' ઋષભ નામ વૃષતિ ગચ્છતિ ઈતિ પરમપદં ઈતિ આત્મા ઋષભ. ભગવાન આત્મા ઋષતિ ગચ્છતિ ઈતિ પરમ પદમ ઈતિ ઋષભ. ભગવાન આત્મા પોતાના આનંદપદને પરિણતિમાં લાવીને પોતે પરિણમે એવો પ્રભુ આ આત્મા જ ઋષભદેવ છે. 'ઔર ન ચાહૂં કંત.' હું બીજો ધણી ન માંગુ. 'રીઝ્યો સાહબ સંગ ન પરિહરે,...' ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ભેદ અને રાગથી ભિન્ન પડીને રીઝ્યામાં રીઝ્યો, આત્મા રીઝ્યો-ખુશીમાં આવ્યો. રીઝન-રીઝ્યો સમજો છો? રીઝ્યોને તમારી ભાષામાં શું કહે છે? રીઝ્યો કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તુષમાન હુઆ. અમારા પંડિતજી કહે. તુષમાન આત્મા થયો. અંદરમાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં તુષમાન આત્મા થયો.

'રીઝ્યો સાહબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.' એ નિર્મળ દૃષ્ટિ અને અનુભવ થયો, કહે છે એ પ્રગટ્યો સાદિ પણ અનંત કાળ રહેશે. અનંત કાળ રહેશે હવે એમાં ભંગ પડશે નહિ. એ .. ભાઈ આ બોલતા આવ્યા હતા. જ્યારે ચડ્યા દાદરે. 'રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે,...' એમ બોલતા નીકળ્યા. પહેલાવહેલા મળ્યા ત્યારે, હોં! આ પદ. 'ભાંગે સાદિ...' .. કરું છું પણ ભાંગે સાદિ અનંત રહેજો. .. જોયા હતા ને?

પ્રીત સગાઈ જગમાં સહુ કરૈ, પ્રીત સગાઈ ન કોય.

પ્રીત સગાઈ નિરૂપાધિક કહી રે,

ભગવાન આત્માની પ્રીતિ તો રાગ વિનાની નિરૂપાધિક પ્રેમથી આત્માનો અનુભવ કરે

તે પ્રીતિ કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..! વિકલ્પ અને રાગ વિનાની ભગવાન ચિદાનંદ મૂર્તિ તેની અંદરથી અનુભવ. નિરૂપાધિક. રાગની ઉપાધિ વિનાની આત્માના અનુભવદશા એ નિરૂપાધિક કહી. 'સોપાધિક ધન ખોય.' રાગનો પ્રેમ આદિ હતો ત્યાં આત્માનું ધન ખોવાઈ જાય છે. ખોવાઈ જાય સમજો છો? ખો જાતા હૈ. ભગવાન આત્મા અનંત લક્ષ્મી પિંડ પ્રભુ એની અંતરમાં એકાગ્રતાનો પ્રેમ છોડીને જે રાગ ને પુણ્ય ને ભેદનો પ્રેમ થયો તો પોતાની સ્વરૂપ લક્ષ્મી એમાં ખોવાઈ જાય છે. સમજાય છે કાંઈ? પછી બીજી બધી વાત છે. આ તો પહેલા બધા વાંચેલા હતા ને ઘણાં.

અહીં તો કહે છે, '**હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.**' લ્યો! અભેદ અખંડાનંદ નાથ એવો હું છું. ચૈતન્ય સહજ સ્વસ્વામી સંબંધવાળો. મારું સ્વ તે દ્રવ્ય-ગુણ-પર્યાય, એનો હું સ્વામી. એવો મારામાં ગુણ છે. અનાદિઅનંત ગુણ છે. હું રાગ મારું સ્વ અને હું એનો સ્વામી, (એવો) મારામાં ગુણ જ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં એ ગુણ છે કે હું પોતે શુદ્ધ ચૈતન્ય સ્વ અને હું એનો સ્વામી. બીજો કોઈ સ્વ ને બીજો કોઈ સ્વામી મારામાં છે નહિ. સમજાણું કાંઈ?

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. કારક ભેદ એમ કહ્યું ને પહેલા? કર્તા, કર્મ-કાર્ય, કરણ-સાધન, સંપ્રદાન-દાન પોતામાં લેવું. અપાદાન-અંદરથી કાઢવું. પર્યાય છતાં ધ્રુવપણે રહેવું. અધિકરણ-આધાર. એવા ક્રિયાના કારકભેદ હો. '**સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો**' હો. છે એમાં આત્મામાં એકપણું, નિત્ય-અનિત્ય ધર્મ, ધર્મ એટલે સ્વભાવ. કાયમ રહેવું, પર્યાય પલટવી એવું હો. '**અને જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો;...**' આહાહા..! ભગવાન પૂર્ણ સ્વભાવ .. એમાં ગુણ ભેદ હો તો હો. '**પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર એકરૂપ અભેદ એમાં તો કોઈ ભેદ જ નથી.

'**આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.**' લ્યો! સરવાળો લીધો. સરવાળો સમજો છો શું? સરવાળાને શું કહે છે? હિન્દીમાં શું કહે છે? સાર. સરવાળો. આંક મૂકે છે ને? પછી એનો સરવાળો કાઢેને છેલ્લું પરિણામ? '**આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને...**' ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય એને '**ગ્રહણ કરવો.**' ગ્રહણ નામ અનુભવ કરવો જોઈએ. ગ્રહણ કોઈ વસ્તુ નથી કે આમ લેવી-દેવી છે. સમજાણું કાંઈ? જેમ અનાદિથી પુણ્ય-પાપ, રાગ-દ્વેષ એનો જે અનુભવ કરે છે એ દુઃખરૂપ અનુભવ, સંસાર અનુભવ છે. જેને સંસાર કાપવો છે, જેને આત્માની શાંતિ જોઈએ છે એ ભગવાન અભેદ ચૈતન્ય પ્રભુ, એવા અભેદરૂપ

આત્માનો અનુભવ કરવો જોઈએ. ગ્રહણ શબ્દે અનુભવ કરવો. એ આગાળ આવશે. આગળ કહેશે ગ્રહણ કરવું એટલે સમજ્યાને? જુઓ. '**ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું ગ્રહણ કરવું છે.**' ભાવાર્થ છે. આ બાજુ છે. બે ગાથા છે ને? ૨૯૮-૨૯૯નો ભાવાર્થ છે ને?

'**આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. ગ્રહણ કરવું એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું ગ્રહણ કરવું છે.**' ભાવાર્થમાં છે. શેઠી! છે ભાવાર્થમાં? હાથ નહિ આવે ઝટ. હિંમતભાઈ જોડે બેઠા છે. ભાવાર્થ છે ને ભાવાર્થ? બે ગાથાનો ભાવાર્થ. '**આ ત્રણ ગાથાઓમાં,...**' એમ છે ને? '**પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. ગ્રહણ કરવું એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું ગ્રહણ કરવું છે.**' ભગવાન ચેતના, ચેતનની ચેતના, ચેતનાનો અનુભવ કરવો એ જ ગ્રહણ કરવું છે. ગ્રહણ કરીને કોઈ ચીજ લેવી છે કે ક્યાંયથી આવે છે, એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી...**' શું કહે છે? ચેતના-ચેતના કહ્યું ને? તો ચેતનાના બે પ્રકાર છેઃ દર્શન અને જ્ઞાન. એ વાત લીધી છે. એ વસ્તુનું સ્વરૂપ એ પ્રમાણે છે એમ લઈને અભેદ બતાવે છે. ભગવાન આત્મા પહેલા ચેતના... ચેતના... ચેતનારો ચેતનાર, ચેતન કરનાર લીધો ને ચેતનાર? તો ચેતનામાં બે પ્રકાર છે. ચેતના એના બે પ્રકાર : દર્શન અને જ્ઞાન. '**ચેતના દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી...**' ચેતના એ તો દર્શન દેખવું અને જ્ઞાન બે થઈને એક ચેતના છે. સમજાણું કાંઈ?

આત્માની ચેતના એ ચેતનાના બે પ્રકાર છે. દર્શન અને જ્ઞાન. બે મળીને ચેતના કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! આવી વસ્તુ વસ્તુમાં છે અને સર્વજ્ઞે કહેલા આત્મામાં હોય એ બીજે હોતી નથી. ઈ સમજાવે છે. આત્મા વસ્તુ એની ચેતના, ચેતનાનો હું કર્તા, ચેતના મારી એવા છ પ્રકાર. તો ચેતના સામાન્ય દર્શન-જ્ઞાનમય એની વાત કરી. તો ચેતનામાં બે પ્રકાર પડે છે દ્રષ્ટા અને જ્ઞાતા. દર્શન અને જ્ઞાન. જુઓ! આવું વસ્તુનું સ્વરૂપ છે એમ બતાવે છે. આહાહા..!

'**(સામાન્ય ચેતના દર્શનજ્ઞાનસામાન્યમય હોવાથી અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છે :-)**' ૨૯૮.

**पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।**

**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।**

**पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।**

**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।**

બે ગાથા કીધી ચેતનાની. હવે બે ચેતનાના પ્રકારની બે ગથા કહે છે. દર્શન અને જ્ઞાનની. નીચે.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**

**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**

નીચે હરિગીત છે હિન્દીમાં.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**

**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

પહેલા દૃષ્ટા હતું. સમજ્યા? પહેલા દૃષ્ટા હતું-દર્શન. હવે જ્ઞાન. અમારે પંડિતજીએ આ હરિગીત બનાવ્યા છે. ગુજરાતી પહેલા બનાવ્યું. પછી એમાંથી હિન્દી કર્યું. આત્મા અને વળી એની ચેતના, એ ચેતનાના બે ભંગ, દર્શન અને જ્ઞાન અને એના પાછા એક એકના છ પ્રકાર. છ પ્રકારથી પણ ભિન્ન. સમજાણું કાંઈ?

**ટીકા :- 'ચેતના...'** ભગવાન આત્મા ચેતનની ચેતના. ચેતન એ દ્રવ્ય અને એની ચેતના એની શક્તિ-ગુણ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ છે ને. જેવી ચીજ છે એનો પહેલા ખ્યાલ કરાવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચેતન. ચેતન કહો કે દ્રવ્ય કહો કે આત્મા કહો. એની ચેતના, ગુણ કહો, શક્તિ કહો, સ્વભાવ કહો, સ્વરૂપ કહો. ભગવાન આત્મા એની ચેતના એ ગુણ, એ ચેતનાના બે પ્રકાર.

**'દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,..'** ભગવાન આત્મા એની ચેતના જે શક્તિ છે એ બે પ્રકારના ભાવને ઉલ્લંઘતી નથી. સમજાણું કાંઈ? એ બે ગુણનું એક રૂપ ચેતના છે. એક ગુણ બે રૂપ એમ નહિ. ... એઈ..! ન્યાલભાઈ! ... છે. એક ગુણ ચેતના એના બે ગુણ ને? એમ કહે છે. ચેતના સામાન્ય છે એના બે ગુણ છે. એક ગુણના બે ગુણ હોય નહિ, એક ગુણને આધારે બીજો ગુણ રહી શકે નહિ. સાંભળો! જેટલા આત્મામાં ગુણ છે એ બધા ગુણને બીજો ગુણનો આધાર નથી. એક ગુણ બીજા ગુણનો આધેય નથી. આધેય નામ બીજા ગુણને આધારે રહે છે એમ નથી. એક ગુણનો બીજો ગુણ હેતુ નામ કારણ નથી. અને એક ગુણનું બીજો ગુણ કાર્ય નથી. એક ગુણના બે ગુણ નહિ. આહાહા..! જુઓ! સર્વજ્ઞે કહેલું તત્ત્વ આવું છે એમ ભેગું સમજાવે છે. અને એમાં અભેદ દ્વારા એના ષટ્કારક પણ અભિન્ન કરે છે, પરથી ભિન્ન. પછી ઉડાવી દે છે, હું તો અભેદ છું. આહાહા..!

સમજાણું કાંઈ?

'**ચેતના...**' ચેતનની ચેતના. ભગવાન આત્માની ચેતના '**દર્શનજ્ઞાનરૂપ...**' દૃષ્ટા-જ્ઞાતારૂપ બે ગુણોને '**ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' એમાં બે ભેદ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ નહિ. રાગ નહિ, પુણ્ય નહિ, એ નહિ. પણ આ ચેતનામાં આવા બે ભેદ છે એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ વિષય છે ને ભાઈ આ. છેલ્લે મોક્ષ અધિકારમાં અને સર્વવિશુદ્ધમાં લખ્યું. સૂક્ષ્મ. ભગવાન આત્મા વસ્તુ છે ને વસ્તુ? પદાર્થ ધ્રુવ, નિત્ય. એમાં ચેતના નામની એક શક્તિ એ પણ છે. પણ એ ચેતના શક્તિના બે ગુણ-રૂપ છે. એક દૃષ્ટા, એક જ્ઞાતા. બે ગુણને ચેતના ઓળંગતી નથી. એટલે બે ગુણ રહિત ચેતના હોતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એના વિના હોય નહિ.

ઉત્તર :- ચેતના કહે (એટલે) બે હોય એની સાથે. દૃષ્ટા અને જ્ઞાતા.

'**ચેતકપણાની માફક...**' ચેતક પહેલું કહ્યું ને? ચેતના પહેલી કીધી ને? એના છ કારક લીધા હતા ને? '**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' જેમ ચેતના એનું લક્ષણ છે તો ચેતના લક્ષણથી ભગવાન લક્ષિત થાય છે. ચેતના લક્ષણમાં પણ બે પ્રકાર છે. દર્શન અને જ્ઞાન. માટે, એ કારણે '**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' સમજાણું કાંઈ? '**માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.**' હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. જેમ ચેતનાર આત્માનો અનુભવ કરું છું એમ પહેલા લીધું હતું. સમજાણું કાંઈ? દેખનાર હું, દેખનારો આત્મામાં દેખનાર આત્માને અનુભવું છું-ગ્રહણ કરું છું. સમજ્યા?

'**આત્માને ગ્રહણ કરું છું.**' ગ્રહણ કરું છું અર્થાત્ દેખું છું. એમ. ગ્રહણ કરું છું અર્થાત્ દેખું છું. પોતાને હું દેખું છું, પોતાને હું દેખું છું દૃષ્ટા દ્વારા. એમાં છ કારક ઉતારશે. એક દેખવામાં છ કારક ઉતારશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૩, સોમવાર તા. ૧૬-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૮-૨૯૯, પ્રવચન-૩૬૭**

૨૯૮-૨૯૯ ગાથા ચાલે છે. એની ટીકા. પહેલું એમ આવ્યું હતું કે આત્મા ચેતનાસ્વરૂપ છે. અહીં અસ્તિથી વાત લે છે હવે. એમાં રાગ નથી, પુણ્ય નથી એ બધું કાઢી નાખ્યું. આત્મા ચેતનાસ્વરૂપ છે તો ચેતતો થકો ચેતે છે એવા ષટ્કારકો ચેતનામાં ઉતારી અને પછી અભેદ કરી નાખ્યું. હવે એ ચેતનાના બે પ્રકાર છે એ વર્ણવે છે.

આત્મા વસ્તુ છે એમાં ચેતના નામનો ગુણ છે. પણ એ ચેતના ગુણ બે ગુણપણે છે. ગુણમાં ગુણ એમ નહિ. એ ચેતના જ બે ગુણરૂપ છે. '**ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' માસ્તરને કાલે કહ્યું હતું. ગ્રીક-લેટીન જેવું લાગ્યું. સ્ટેશનમાં. એમ લાગે આ તે કાંઈ અદ્ધરથી આ શું કહે છે? પણ વિષય... ભાઈ! આ આત્મા છે, વસ્તુ છે તેમાં જાણવા-દેખવારૂપ સામાન્ય ચેતના છે. એ ચેતનાના બે પ્રકાર છે. એક દર્શન અને જ્ઞાન. જુઓ, ભેદ છે. ભેદ છે પણ એ ભેદ લક્ષમાં લેવા જેવો નથી. એમ બતાવશે. વસ્તુપણે ચેતનામાં બે પ્રકાર છે. રાગાદિ, પુણ્યાદિ નહિ, નિમિત્તાદિ નહિ. એ તો છે ખરું ભલે એનામાં. એનામાં એટલે? ન્યાં છે એનામાં. અહીં નથી.

વસ્તુ જે ચૈતન્ય છે ચેતન-આત્મા. એની ચેતના. એ ચેતનાના ષટ્કારક વર્ણવી ભેદથી પોતે અને પોતામાં હું છું. પરને કારણે મારામાં કાંઈ નથી. એમ કરીને ષટ્કારકો પછી ઉડાવ્યા અભેદ કરીને. અહીં હવે એના ભેદ પાડે છે. છે ને, વસ્તુ તો એવી છે ને. આ આત્મા વસ્તુ છે એની ચેતનાશક્તિ છે. એ શક્તિના બે પ્રકાર છે. દર્શન-જ્ઞાનરૂપ દેખવું અને જાણવું. અથવા દ્રષ્ટા અને જ્ઞાતા. એ બે ભેદને તે ચેતના છોડતી નથી. ઓળંગતી નથી એટલે કે છોડતી નથી એટલે કે બે ભેદ એમાં છે. એમ. સમજાય છે કાંઈ?

'**ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી, ચેતકપણાની માફક...**' જેમ ચેતનાર હું, ચેતના વડે ચેતું આદિ કીધા એમ '**દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' જેમ ચેતના સ્વલક્ષણ કીધું એમ દ્રષ્ટા અને જ્ઞાતાપણું એ પણ આત્માનું સ્વલક્ષણ જ છે. એ દ્રષ્ટા દ્વારા દેખાય કે જ્ઞાન દ્વારા જણાય એવું જ એનું લક્ષણ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપ વિકલ્પ દ્વારા જણાય કે દેખાય એવું એનું સ્વરૂપ જ નથી. વ્યવહાર જે વિકલ્પ છે શુભ રાગાદિ, એનામાં તાકાત નથી કે એ આત્માને દેખે-જાણે. તેમ એ દ્વારા આત્મા દેખાય-જણાય એવું આત્મામાં નથી. આત્મામાં દ્રષ્ટા-જ્ઞાતા ગુણ દ્વારા, લક્ષણ દ્વારા આ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે તેમ જણાય એવું એનામાં સ્વરૂપ છે.

'**માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.**' એક બોલ ઉતારે છે હજી. ઓલું કીધું ને? '**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું...**' બે વાત. હવે બેમાં એક ઉતારે છે હજી. બેમાં એક ઉતારશે હજી પહેલું-દર્શન. '**માટે હું...**' માટે શું? કે ચેતકપણાની માફક દ્રષ્ટા અને જ્ઞાતા બે ગુણો હોવાથી અને તે જ લક્ષણે આત્મા જણાય એવો હોવાથી '**હું દેખનાર આત્માને ગ્રહણ કરું છું.**' દ્રષ્ટાથી વાત કરે છે. દેખનારો દ્રષ્ટા એવો જે આત્મા તેને અનુભવું છું. ગ્રહણ કરું છું એટલે અનુભવું છું. આ દ્રષ્ટા જે દેખનારો એવા આત્માને હું અનુભવું છું એમ જ્ઞાની છ પ્રકારના કારકના અભિન્ન કારક વડે વિચાર કરે છે. ઝીણું બહુ આવ્યું ઝીણું બરાબર આજ. સુમેરુમલજી!

વસ્તુ છે ને વસ્તુ? વસ્તુ છે એમાં ચેતન, ચેતન ચેતના. ચેતના એ ચેતના. તો એ.. પણ ચેતનામાં બે શક્તિઓ છે-એક દ્રષ્ટાપણું અને એક જ્ઞાતાપણું. બીજા તત્ત્વોના કહેનારાઓમાં આવું નથી આ વસ્તુનું સ્વરૂપ તેથી આને ખાસ વિસ્તાર કરીને નાખ્યું છે આમાં. સમજાણું કાંઈ? કાં તો એ ચેતન... ચેતન... ચેતન... ચેતન (કરે) પણ ચેતન પણ એમાં શક્તિ શું? કે ચેતન બસ. એ તો ચેતન છે આમ. એમ ન હોય. ચેતનની ચેતના એની મુખ્યતા શક્તિ અને એના લક્ષણથી જણાય એવો. એવી રીતે ચેતનાના બે પ્રકાર સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન. એ દ્રષ્ટાથી દેખાય અને જ્ઞાનથી જણાય એમાં દ્રષ્ટા હું દેખનારા આત્માને-હું દ્રષ્ટા આત્માને અનુભવું છું. દ્રષ્ટા જે આત્મા છે-દેખનારો આત્મા (છે) એમ પર્યાય વડે વિચાર કરે છે ને? હું આ દેખનારો આત્મા છે તેને ગ્રહું છું-પકડું છું એટલે અનુભવું છું. સમજાય છે કાંઈ? હું રાગ ને પુણ્યને પકડતો નથી અને તેને હું અનુભવતો નથી. એ નથી એમાં અસ્તિમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

'**ગ્રહણ કરું છું એટલે દેખું છું;...**' એટલે કે દેખનારને હું અનુભવું છું. એમ. કહો, સમજાણું કાંઈ? દેખનારો ભગવાન આત્મા તેને અનુભવું છું. તેને અનુસરીને હું ચાલું છું. એમ પહેલો કર્તા દેખે આવ્યું. આ સામાન્ય વાત કરી. સમજાય છે? દેખું છું એટલી સામાન્ય વાત. હવે ષટ્કારક ઉતારે છે. '**દેખતો જ દેખું છું,...**' દેખતો થકો દેખું છું એ કર્તા છે. એ કર્તા છે. ઓલી સામાન્ય વાત હતી. સામાન્ય શું? કે હું દેખનારા આત્માને અનુભવું છું. બસ, સામાન્ય વાત. હવે એના સામાન્યના છ પ્રકાર પાડ્યા. '**હું દેખતો જ દેખું છું,...**' હું દેખતો હું દેખું છું. હું દેખતો થકો મને દેખું છું હોં, પાછું એમ. આહાહા..! સમજાણું કાંઈ?

રાગાદિને દેખું છું એ નહિ અહીં તો. દેખતો દેખનારને જ દેખતો થકો જ દેખું છું.

તેથી તો એમ કહ્યું છે. દેખનાર આત્માને અનુભવું છું. દેખનારો જે આત્મા દૃષ્ટા તેને હું અનુભવું છું. દેખતો થકો દેખું એ કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. હું દેખતો થકો મને દેખું છું. એ કર્તા નામની વર્તમાન પર્યાયની ક્રિયાનો કારક કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે તો ભઈ ઝીણું. ગ્રીક-લેટીન જેવું અજાણ્યા માણસને તો. ભાઈ! ધર્મ અમારે કરવો હોય એ વાત કરો ને કે ક્રિયા આવી થાય. પણ ઈ જ વાત કરે છે આ.

ધર્મ એટલે તારો સ્વભાવ અને સ્વભાવ એટલે તારો ચેતના સ્વભાવ અને ચેતનાનો સ્વભાવ દૃષ્ટા અને જ્ઞાતા. એ દૃષ્ટા દ્વારા આત્માને કર્તા થઈને હું કર્તા થકો, દેખતો થકો દેખું છું. એવું અંદરમાં વિકલ્પ દ્વારા, ભેદ દ્વારા, પરની અપેક્ષા રાખ્યા વિના પહેલો આ નિર્ણય કરવો. એ સ્વતંત્ર અભિન્ન કારક પોતાના પોતામાં છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

‘**દેખતા વડે જ દેખું છું,...**’ દેખતા વડે, દેખનારા વડે જ દેખું છું. દેખો! રાગ વડે, પુણ્ય વડે, નિમિત્ત વડે, પર વડે નહિ. હું તો દેખનારા, દેખનારો ભગવાન આત્મા દૃષ્ટા એ દૃષ્ટા વડે જ દેખું છું. દેખતા વડે જ દેખું છું. એ કરણ છે. કરણ નામ સાધન છે.

મુમુક્ષુ :- બે કારણ વયા ગયા, એક કારણ રહ્યું.

ઉત્તર :- એક જ છે. બીજું કારણ હતું કે દિ’? નિમિત્ત અને રાગથી દેખું છું એમ છે નહિ.

આ તો ભેદથી વિચાર કરે તોપણ ‘**દેખતા વડે જ દેખું છું,...**’ કરણ છે આ. કરણ નામ કારણ છે, કરણ નામ સાધન છે. હું મારા દેખતા વડે દેખું છું. ઇન્દ્રિય વડે દેખું છું, વિકલ્પ વડે દેખું છું એ છે નહિ. સમજાણું કાંઈ? આવો જ્યાં સુધી અંતરમાં નિર્ણય પાકો ન કરે અને એને છોડીને અભેદનો અનુભવ ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન હોય નહિ. ઓલા ગયા. મોંઘું કહો કે સોંઘુ કહો. ... પ્રેમચંદ રાણપુરવાળા. રાણપુરવાળા ગયા. આજ ગયા. પોપટભાઈ ગુજરી ગયા ને એની તિથી છે. એક ડોક્ટર ગુજરી ગયા એના મિત્ર. સમજાય છે કાંઈ? ભારે ઝીણું આ. ઓલા કહે કે, હવે આ કરતાં અમને સમજાય એમાં પડ્યા ઠીક છે જાવ.

મુમુક્ષુ :- સહેલું કર્યું.

ઉત્તર :- સહેલું કર્યું છે. પણ સહેલું તો જે જાત હોય એની જાત આવે ને. જાત હોય એનાથી બીજી જાત આવે? શિરો સહેલો કરી દ્યો-સોંઘો. શિરો કહે છે. સમજાય છે ને? હલવા-હલવા. શેરો સોંઘો કરી દ્યો ભાઈ લ્યો ત્યારે શું નાખવું એમાં?

મુમુક્ષુ :- તેલ નાખવું.

ઉત્તર :- તેલ નહિ પાણી. તેલનો શિરો તો કરે છે. ગરીબ માણસ તેલનો શેરો કરે. અથવા... આપણે તો દાખલો બીજો આપીએ છીએ ને. શેરો કરવો હોય તો ઘીમાં લોટ શેકવો પડે. દીપચંદભાઈ! આ સોંઘો કરી દીધો. શી રીતે? શીરો ઘીમાં. હલવો બનાવે છે ને હલવો? ઘીમાં લોટ શેકવો પડે ને? તો ઘીમાં લોટ શેકે તો લોટ બધું ઘી પી જાય. અને પછી ગોળનું-સાકરનું પાણી નાખવું પડે. એ કરતા પહેલા સાકરના પાણી અને ગોળના પાણીમાં પહેલા લોટને શેકે. પછી નાખે ઘી. સોંઘો થઈ જશે. એ સોંઘો થાશે. શેરો નહિ થાય, લૂપરા પણ નહિ થાય. સાંભળને હવે. લૂપરી સમજાય છે આ? ફોડા ઉપર કરે ને લૂપરી. પોટીસ-પોટીસ. એ પોટીસ એમ ન થાય. પોટીસમાં પણ એની કળા હોય છે. અમારે કાઠિયાવાડમાં એવી ભાષા બોલે બાઈયું કે પોટીસ કરે તો જાતુંવળતું ઘી નાખજો. તમારે બીજી ભાષા હશે હિન્દીમાં કાંઈક. જાતુંવળતું. જાતુંવળતું અમારે ભાષા છે. જાતુંવળતું એટલે શું? કે ઘી એમાં બહુ રહે પણ નહિ અને પડ્યા વિના પણ રહે નહિ. જાતુંવળતું ઘી. તમારે ભાષા કાંઈક હશે. હિન્દીમાં ભાષા હશે.

મુમુક્ષુ :- જરામરા.

ઉત્તર :- ઠીક. એ ભાષા હશે. એનો અર્થ એ કે એમાં ઘી જરીક (પણ) ન પડે એમ પણ નહિ અને વધારે પડી જાય એમ નહિ. વધારે પડી જાય તો પાછી વકરી જશે ગુમડું-ફોડો. જરીએ ન પડે તો લૂપરી નહિ થાય. એમ આ શેરા કરવામાં લોટ પહેલા શેકે ગોળના પાણીમાં અને પછી નાખે ઘી તો લૂપરી પણ નહિ થાય અને શેરો પણ નહિ થાય. એ તો બગડશે બધું. સોંઘો કરવો છે ને સોંઘો. સોંઘાને શું કહે છે? સસ્તું. આ સસ્તું થાય, તારું બધું જાશે ત્રણેય. એને તો પહેલો ઘીમાં શેકવો પડશે લે. શેરો કરવો હશે તો. મોંઘો આ સો રૂપિયાનો શેરો હોય. જે હોય તે, શું કાંઈક? મોંઘું બહુ છે. એ ઘીમાં લોટ શેકાય અને પછી ગોળનું પાણી નખાય તો શેરો થાય. પહેલું ગોળના પાણીમાં લોટ નાખીને ઘી નાખે તો શેરો શેનો થાય તારો? ત્રણેય જાશે.

એમ આત્માને જે રીતે છે તેને દર્શનવિશુદ્ધિએ સમ્યગ્દર્શન દ્વારા આત્માને પાકો શેકી નાખવો જોઈએ. એ વિના એની પ્રતીત અને સાચો અનુભવ થશે નહિ. સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, જુઓને! **'દેખતા વડે જ દેખું છું,...'** હું મારું સ્વરૂપ આ છે. ચૈતન્ય ચેતના દ્રષ્ટા. એ દ્રષ્ટા વડે જ દેખું છું. ઇન્દ્રિય વડે નહિ, વિકલ્પ દ્વારા નહિ. હું દેખતા વડે જ દેખું છું. દેખતા વડે જ દેખું છું. એમાં ને એમાં અભિન્ન કારકની વાત છે. અભિન્ન એટલે પોતામાં પોતાથી. પરથી એમાં કાંઈ છે નહિ. છતાં હજી એ વિકલ્પના ભેદ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. **'દેખતા વડે જ દેખું છું,...'** બીજો બોલ થયો.

**'દેખતા માટે જ દેખું છું,...'** હું મારા માટે દેખું છું. કો'કને માટે નહિ. મારા માટે દેખવાની અવસ્થા દેખનારો દેખનારમાં રાખે છે. દેખનારો દેખનારની અવસ્થા દેખવામાં રાખે છે. ક્યાંય એનું ફળ આવીને પરમાં જાય છે એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? **'દેખતા માટે જ દેખું છું,...'** મારું સ્વરૂપ ચૈતન્ય દૃષ્ટા દેખતા માટે જ મારી દશાને વર્તમાનમાં રાખવા અને લેવા-દેવાને મારામાં છે એ માટે હું દેખું છું. એ સંપ્રદાન છે. દેખતામાંથી જ દેખું છું. દેખનારામાંથી દેખું છું. એમાંથી હું કાઢું છું દેખવાનું. બહારમાંથી નીકળે એવું નથી. દેખતામાંથી-દૃષ્ટામાંથી દેખનારો દૃષ્ટા ભગવાન એમાંથી-દેખું છું. તે વડે એનાથી દેખું છું. આંખ વડે દેખું છું કે નિમિત્ત વડે, મન વડે દેખું છું એ સ્વરૂપમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'દેખતામાં જ દેખું છું,...'** લ્યો આધાર. દેખનારમાં દૃષ્ટામાં દેખું છું. દૃષ્ટામાં-દેખનારમાં દેખું છું. દેખનાર આત્મા-દૃષ્ટા આત્મા તેને દેખું છું. દેખતામાં દેખું છું. સમજાણું? જ્ઞેયમાં દેખું છું એમ નહિ. દેખતામાં દેખું છું, દેખનારમાં દેખું છું. આત્મામાં દેખું છું. આહાહા..! **'દેખતાને જ દેખું છું.'** દેખનારને જ દેખું છું એ કાર્ય થયું-કર્મ. દેખનારને દેખું છું. દેખનારને દેખું છું. ભાષા જુઓ. પોતાને દેખું છું એમ કહે છે. આહાહા..! ભારે! અંતરમાં આવા પ્રકારો છ પ્રકારે વિચાર કરે છે મંથનમાં ત્યારે હું દેખનારને દેખું છું. દેખનારો ભગવાન આત્માને દેખું છું. એ છ કારક કહ્યા. આ આંગણે આવવાના અભિન્ન કારક છે. પરથી છૂટીને. છે હજી વિકલ્પ એ. ભેદ છે એટલે.

હવે **'નથી દેખતો; નથી દેખતો થકો દેખતો,...'** લ્યો. ઉડાવે છે છએ. નથી દેખતો. નથી દેખતો એટલે? આંધળો છે એમ છે? નથી દેખતો એટલે કર્તાના ભેદ વડે જે દેખે એવો નથી. એમ. હું નથી દેખતો એટલે ભેદ વડે દેખું છું એમ નહિ. એકલો સર્વ શુદ્ધ દર્શનમય ભગવાન. છેલ્લે કહેશે. જુઓ! સમજાણું? **'સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.'** હું તો એક સર્વવિશુદ્ધ દર્શન અભેદ... અભેદ.. અભેદ.. દર્શનમાત્ર છું. એમ અંતરમાં અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ? માલચંદજી! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ સમકિત, નવ તત્ત્વની શ્રદ્ધા કરવી એ સમકિત. એમ અહીં ના પાડે છે. એમ નથી.

**'નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો,...'** એ ભેદ કાઢી નાખ્યા હોં! બાકી છે તો દૃષ્ટા સર્વવિશુદ્ધ દર્શનમય. **'સર્વવિશુદ્ધ...'** અધિકાર છે ને આ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચાલ્યો આવે છે ને અધિકાર? સર્વવિશુદ્ધનો ઉપોદ્ઘાત કરે છે. '**સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.**' એકલો દર્શન દૃષ્ટા માત્ર વસ્તુ. ભેદ જેમાં નથી એવો આત્મા અભેદ તેને હું અનુભવું છું. ભારે ક્રિયા આકરી. ભાઈ! એમાં ને એમાં સમેટાઈને એમાં ને એમાં રહે એ વાત છે અહીં. પરની સાથે કાંઈ સંબંધ નથી. આખો દૃષ્ટા દેખનારો ભગવાન છૂટો, મનથી, કર્મથી, શરીરથી છૂટું તત્ત્વ છે. એ છૂટું તત્ત્વ સર્વ દર્શનમય છે એ સર્વવિશુદ્ધ દર્શનમયને હું દેખું છું. એનું નામ અભેદ આત્મદર્શન કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

'**વળી એવી જ રીતે-**' હવે બીજો બોલ. '**હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું. ગ્રહણ કરું છું એટલે જાણું જ છું;...**' હવે જ્ઞાન ઉપર આવ્યું. પહેલા દર્શન ઉપર હતું, હવે જ્ઞાન. '**હું જાણનારા આત્માને...**' જાણનારા આત્માને. જાણનારો આત્મા તેને અનુભવું છું. ગ્રહણ કરું છું એટલે અનુભવુ છું. એને ગ્રહણ કરું છું. ઓલા રાગને અને પર્યાયને ગ્રહણ કરું છું એમ નહિ. જાણનારને હું ગ્રહણ કરું છું. ત્રિકાળ વસ્તુ ભગવાન જાણનાર જ્ઞાતા પ્રભુ, એને હું અનુભવું છું. આ મોક્ષમાર્ગની ક્રિયા. હજી સમજવામાં માથા ફરી જાય. એને એમ થાય કે આ શું? દયા કરવી હોય, પૂજા કરવી હોય, પછી બહારનું આચરણ કરવું હોય તો સૂઝ પડે. લ્યો. આ કર્યું, આ વાંચ્યું, લ્યો ભાઈ, આટલું વાંચી નાખ્યું. જાવ દસ-દસ હજાર શ્લોક સવાર સાંજ.

'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્ર માત્ર મનનો આમળો.' શ્રીમદ્‌માં કહે છે ને શ્રીમદ્? 'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્ર માત્ર મનનો આમળો, જ્ઞાની કહે છે તેને સર્વ જીવ સાંભળો.' જિનવર કહે છે સાંભળો. 'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.' એ જ્ઞાન તો આત્માનું જ્ઞાન કરવું તે જ્ઞાન છે. સમજાય છે કાંઈ? એ અહીં જાણપણાની વાત લીધી. હજી ષટ્‌કારકના ભેદથી વિચારે છે. કેટલી ધીરજ અને કેટલી નિભ્રત દશા, ચિંતા વિનાની દશા હોય ત્યાં ધીરેથી એના આંગણામાં, એના અંતરમાં આવા છ ભેદથી વિચાર કરે. પરની સાથે સંબંધ નહિ. અહીં વિચાર કરે છે, ભેદ છે એટલો જરી પરિણમન સાથે થાય છે. પણ આમ બીજાના બહુ સંબંધ હતો એ સંબંધ નથી. મનના સંબંધમાં અંતરમાં અંતરમાં આ હું જાણનારને. જુઓ.

'**હું જાણનારા આત્માને...**' એમ. જાણનારા આત્માને જાણું છું. એમ. જાણું છું એટલે અનુભવું છું. '**ગ્રહણ કરું છું.**' એટલે જાણું છું અને જાણું છું એટલે અનુભવું છું. હું આ જાણનાર આત્મા, તેને જાણું છું. ભાષા જોઈ! આત્માને એટલે જાણનારા આત્માને જાણું છું. પરને જાણું છું એ કાંઈ રહ્યું નહિ. જાણનારા આત્માને જાણું છું. એટલો વળ્યો છે અંતર. સમજાણું કાંઈ? '**હું જાણનારા આત્માને...**' જાણનાર આત્માને જાણું છું. એટલે કે '**ગ્રહણ કરું છું એટલે જાણું જ છું;...**' એટલે કે અનુભવું છું. આ મોક્ષમાર્ગની ક્રિયાનું

વર્ણન ચાલે છે. હજી તો વિકલ્પવાળી ક્રિયા. આહાહા..! આંગણામાં ભગવાન ચૈતન્ય પ્રભુ પોતાના ષટ્કારકના આ મારામાં મારાથી એમ વિચાર કરે છે. પછી એને છોડી દઈને અભિન્ન અનુભવ કરે તેને સમ્યગ્દર્શન કહેવાય છે.

'**જાણતો જ જાણું છું,...**' એ જાણતો જ જાણું છું. જાણતો જ જાણું છું. એ કર્તા થયો. આત્મા જાણતો જ્ઞાતાપણે જાણતો જાણું છું. કોઈને એમ લાગે કે આવી ક્રિયા તો ભાઈ આઠમે ગુણસ્થાને હોય. આ તો ભાઈ! પ્રથમ અંતરમાં ધીરજ વડે આત્માના સમીપમાં જવામાં પહેલા ષટ્કારકના આવા વિચારો હોય છે એની વાત કરે છે. આઠમાની વાત નથી આ. આ તો આત્મા વસ્તુ ચૈતન્યમૂર્તિ છે એના અનુભવમાં આવવા પહેલાના આવા વિચારો હોય છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. હું પોતે પોતાને જાણતો થકો જાણું છું. જાણતો થકો, જાણતો થકો જાણું છું. કર્તા થયો. સમજાણું કાંઈ?

'**જાણતા વડે જ જાણું છું,...**' જ્ઞાતા વડે જાણું છું. જાણનાર વડે, જાણતા વડે જાણું છું. કહો, સમજાણું કાંઈ? ઈન્દ્રિયો, મન બધા વિના કાંઈ જ્ઞાન થાતા હશે? એના વિના થાય એમ નહિ. તો પછી સામાન્યે કર્યું શું? ઈન્દ્રિયો અને મન દ્વારા જ્ઞાન થાય તો આત્મા સામાન્ય સ્વરૂપ છે તેની વિશેષતા તે કાળે શું થઈ? વિશેષતા ઈન્દ્રિયો અને મનને લઈને થઈ કે સામાન્ય પોતે વિશેષપણે પરિણમે છે? સમજાણું કાંઈ? એ વળી શું કીધું?

કહે છે ને અહીંયાં? '**જાણતા વડે જ જાણું છું,...**' જાણતા વડે જાણું છું. ઈન્દ્રિયો વડે નહિ, મન વડે નહિ. મારી પર્યાયમાં હજી વિકલ્પથી પણ વિચાર (કરે છે કે) જાણતા વડે જાણું છું. મન દ્વારા નહિ, વિકલ્પ દ્વારા નહિ, પર દ્વારા નહિ. કહો, સમજાણું આમાં? ભાઈ! એવી વાત સંકેલીને મૂકી છે ને. જીવથી માંડીને બધા અધિકારોમાં ભિન્ન ભિન્ન રીતે તે વસ્તુને સિદ્ધ કરવા ભિન્ન ભિન્ન પ્રકાર લે છે.

'**જાણતા માટે જ જાણું છું,...**' લ્યો, એ સંપ્રદાન છે. જાણતા માટે જ જાણું છું. આ પર્યાય કાંઈ પરમાં રહે છે? જેમ પુણ્ય પરિણામ થાય ત્યાં ફળ પરમાણુમાં જાય બંધરૂપ. એમ આ પર્યાય થાય એ ક્યાંય જાય એમ નથી એમ કહે છે. મારામાં રહે છે. આ જાણતામાંથી જાણતા માટે. જાણનારો જાણનારો જાણતા માટે જાણે છે. પોતા માટે જાણે છે. પોતા માટે જાણે છે. પર માટે નહિ. સમજાણું કાંઈ? કહે ને ભાઈ, મારે જાણવું જોઈએ. બીજાને કાંઈક કહેવા માટે જાણવું જોઈએ. બીજા માટે કહેવું શું? એને ઉત્તર દેવો શું? કાંઈક જાણવું જોઈએ કે નહિ? ઈ કહે છે, એમ નથી. અહીં તો જાણતા માટે જાણું છું. સમજાણું કાંઈ? ઝીણું બહુ આવ્યું. પ્રેમચંદભાઈ! બરાબર ઝીણું બહુ આવ્યું આ.

મુમુક્ષુ :- સારું થયું ને.

ઉત્તર :- સારું આવ્યું ને આ. દિવાળીની સન્મુખતા આવે છે ને બધી આ. આહાહા..! આ તો પ્રથમ સમ્યગ્દર્શનના અનુભવકાળ પહેલા આવા અંતરના પ્રકારના છ પ્રકાર વિચારમાં આવે છે. આ વિચાર આવે છે, લ્યો. આ વ્યવહાર આવે છે. પણ એ છોડી દઈને અભિન્ન અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય. આહાહા..! અહીં તો ભગવાનની ભક્તિ ને પૂજા ને આ કરે તો થાય એ તો ક્યાંય રહી ગયું. આત્માના અંદરમાં એ નથી. વસ્તુ એવી છે. ભાઈ! જાણતા માટે હું તો જાણું છું. મારા જ્ઞાનની પર્યાયમાં જાણનારા માટે જાણું છું એ પર્યાય ક્યાં રહે છે? ક્યાં રહે છે? મારામાં રહે છે. હું પોતે જ પાત્ર છું અને હું જ પોતે દાતા છું. જાણતા માટે જાણું છું. હું પોતે પાત્ર અને પોતે લેનાર. મારામાં રાખું છું જાણવાની પર્યાય. એમ સંપ્રદાનમાં ક્રિયાના કારક સંબંધી આમ વિચાર કરે છે.

'**જાણતામાંથી જ જાણું છું,...**' થી-થકી. જાણતામાંથી જાણું છું. અહીં રાગમાંથી જાણું છું, વિકલ્પમાંથી જાણું છું, નિમિત્તમાંથી જાણું છું, આ ગુરુએ કહ્યું એમાંથી જાણું છું અને વાણીમાંથી જાણું છું એમ નહિ. કહો, સમજાણું કાંઈ? આ વાણીમાંથી કાંઈ જણાય કે નહિ? આ વાણીમાં... વાણીમાં.

મુમુક્ષુ :- આપ ન બોલો તો ક્યાંથી જણાય?

ઉત્તર :- કોણ બોલે અને કોણ ન બોલે. અને ત્યાં જ્ઞાન થાય છે એ આ બોલવાની પર્યાયથી થાય છે? આ પર્યાય તો ત્યાં અડતી નથી. આહાહા..! એ તો નથી પણ એના સાંભળવા વખતે એને જે વિકલ્પ ઉઠે છે એથી જ્ઞાન થાય છે એમ પણ નથી. એથી જ્ઞાન થાય એ હજી પરલક્ષી જ્ઞાન (છે), એ પોતાનું જ્ઞાન નથી. આ તો સ્વલક્ષના વિચારમાં ષટ્કારકો ઊભા થાય તેની વિચારણા ચાલે છે. આહાહા..! બહુ (ઝીણું). પછી માણસ કહે ને, આ સોનગઢનું એકાંત છે. પણ ભાઈ આ સોનગઢનું છે કે વસ્તુનું છે આ? આ કોનું છે? આ શેનું ચાલે છે? ઓલું તો જાવ ભગવાનની ભક્તિ કરો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, અમારી આસ્થા રાખો તો તમારું કલ્યાણ થશે. અહીં ભગવાન ના પાડે છે કે એમ થાય નહિ. આ તારી આસ્થા રાખ તું કર્તાપણે અને કરણપણે એવા છ પ્રકારે પણ તારી આસ્થા સાચી થાય નહિ એમ કહે છે.

ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,<br>
અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.

એટલે કે આવા ભેદ આવે એને એવા ભેદ આવ્યા વિના અંદર જઈ શકાય નહિ. આવે છતાં એ છોડવા લાયક છે. જો અટક્યો, ત્યાં અટક્યો તો દૃષ્ટિનો અનુભવ થાય નહિ. સમજાણું કાંઈ? જાણતામાંથી અને જાણતામાં જ જાણું છું. મારા જાણતામાં જાણું છું. આધાર. મારા

જાણવાનો આધાર હું જ છું. મારા જાણવાને આધાર માટે શબ્દો, વાણી, વિકલ્પ તો નિમિત્ત છે, ભલે વિચાર કરે છે તો વિકલ્પ છે. પણ એ વિકલ્પને આધારે જાણું છું એમ ના પાડે છે અંદર. સમજાય છે કાંઈ?

'**જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું.**' જાણતાને જાણનારને જાણું છું એમ કહે છે. એ જાણનારને જાણું છું, પરને નહિ. આહાહા..! ... થઈ. હવે '**નથી જાણતો.**' નથી જાણતો એટલે? જાણનારો જાણે છે તો ખરો. પણ નથી જાણતો એટલે એવો ભેદ નથી એમ કહે છે. '**નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો,...**' ત્રીજું કરણ. '**નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો.**' '**પરંતુ સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર...**' જુઓ! અહીં ભાષા એમ લીધી. ઓલામાં સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું એમ લીધું હતું. અહીં '**સર્વવિશુદ્ધિ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર) ભાવ છું.**' અર્થમાં છે ને. જ્ઞપ્તિનો અર્થ કર્યો છે જાણનક્રિયા. છે ને જ્ઞપ્તિમાત્ર? '**સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર...**' જાણનમાત્ર જે મારી ક્રિયા એ ભાવ છું. એ ભાવ છું. પર્યાયમાં એ ભાવરૂપે અનુભવે છે.

'**(આમ દેખનાર આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને,...**' પછી કારકભેદોનો નિષેધ કરીને. નિષેધ કરીને એ પણ વિકલ્પ છે. પણ નિષેધ એટલે તેનો ભેદ છોડી દેવો એનું નામ નિષેધ કરીને. આ નહિ.. આ નહિ.. એ પણ વિકલ્પ થયો. પણ સમજાવવાની શૈલી શું કહે? એ છ પ્રકારના મંથનના વિચારોમાં રોકાય છે તેને છોડી દે. છોડું છું એ વિકલ્પ છે પણ સમજાવવાની શૈલીએ શું કહે? પ્રકાર છે એ ઉપરથી લક્ષ છોડી દે અને અભેદ ઉપર દૃષ્ટિ કર એને પરને છોડ્યું એમ કહેવામાં આવે છે. ભારે શાસ્ત્રમાં.. પરથી એવા કહેવાય કે છોડી દઈને કહે અહીંયાં.

'**કારકભેદોનો નિષેધ કરી...**' નિષેધ કરે કે આ નહિ.. આ નહિ... આ નહિ. એ વિકલ્પ છે. સમજાવાની શૈલી શું? ભાઈ! આ પહેલા મંથનના વિચારો આવે, હવે એને દ્રવ્ય ઉપર વસ્તુ લઈ જા. તારી પર્યાયને, દૃષ્ટિને અંતર ભાવ ઉપર લઈ જા. બસ, એ અભેદ અનુભવ. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. મહારાજ વાતું આવી કરે અને વળી પાછા દેરાસરો, મૂર્તિ, કુંદકુંદાચાર્યની મૂર્તિ (પધરાવે). એય.. શેઠી! આ તો એમાં કાંઈ આવતું નથી તો શું કરવા આ મફતનું કરવું જોઈએ? આ શેઠીએ કર્યું છે ને એના ગામમાં.

એ તો બાપુ! ખબર નથી. એ રજકણો છે પુદ્‌ગલો એ દ્રવ્ય છે, વસ્તુ છે. વસ્તુનો

પ્રવાહ પર્યાયનો પ્રવાહપણે જે પરિણમતા... પરિણમતા... પરિણમતા... જેમ પાણીનું પૂર પરિણમતું-પરિણમતું ગામ પાસે આવે છે. એમ રજકણો પરિણમતા.. પરિણમતા.. તે ક્ષેત્રે તે કાળે તે પરિણમે છે એને પરિણમાવવાળો બીજો કોઈ છે નહિ. સમજ્યા?

મુમુક્ષુ :- બધા નક્શા કરનારા ક્યાં જાય?

ઉત્તર :- નક્શા કરનારા એની પાસે રહી ગયા. એઈ..! એનો અર્થ શું? ઠીક શેઠી બોલે છે હવે. હળવેક દઈને. એ બને છે એ સમયે જે શુભ વિકલ્પ હતો એને નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ છે તો ત્યાં થાય છે એમ નથી. નિમિત્ત કહેવામાં આવે છે વ્યવહારમાં. એણે બનાવ્યું. એનો અર્થ કે એણે બનાવ્યું નથી. એવો અર્થ જ કરવો એનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું ને, વ્યવહારનયે. એમ નથી. અન્યથા કહે છે. કહે છે એ અન્યથા છે. એમ નથી. આહાહા..!

**'આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)'** લ્યો!

**'(ભાવાર્થ :- આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. ગ્રહણ કરવું એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો, તે જ, આત્માનું ગ્રહણ કરવું છે.'** ચેતનાનો અનુભવ કરવો તે જ ગ્રહણ કરવું એમ કહેવામાં આવે છે.

**'પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો.'** ચેતના... ચેતના.. ચેતના. **'ત્યાં અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે,...'** બધું એનું એ છે એમ કહે છે. **'જેના વડે અનુભવ કરવામાં આવે તે-ઈત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.'** ભગવાન એક શુદ્ધ ચૈતન્યમાત્ર છે એમ પર્યાયે અનુભવવો. સમજાય છે? અનુભવ છે એ પર્યાય છે. વસ્તુ છે તે દ્રવ્ય અભેદ છે. ચૈતન્યમાત્ર કહ્યો હતો તેને અનુભવવો. અનુભવ તો પર્યાયમાં હોય છે, પણ કોનો હોય? ધ્રુવનો અનુભવ. અભેદ થાય.

ધ્રુવમાં નજર જતાં આનંદ જેમાંથી ઝરે. સમજાણું કાંઈ? ધ્રુવમાં નજર જતાં આનંદ જેમાંથી ઝરે એ આનંદનું ઝરણું તેને વેદન-તેને અનુભવ કહે છે. સમજાણું કાંઈ? ભેદ દૃષ્ટિ જતાં એકલો ભગવાન ચૈતન્ય ધ્રુવમાં જ્યાં દૃષ્ટિ જાય એટલે કે ધ્રુવને જ લક્ષમાં લે, પણ લક્ષમાં લઉં છું અને આ બે એમ પણ જ્યાં નથી. લક્ષ લેનાર હું છું અને આ લક્ષ લેવા લાયક એવા બે ભેદ પણ જ્યાં નથી. એમ જ્યાં ધ્રુવ તરફમાં એકાકાર થાય છે ત્યાં ભગવાન

આત્મામાંથી આનંદનું ઝરણું ઝરે છે, આનંદનો પ્રવાહ વહે છે. એ પ્રવાહને અનુભવવો એનું નામ આત્માને અનુભવવો કહેવામાં આવે છે. આહાહા..!

**'હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી.'** જુઓ! એમાં આવ્યું. ઓલા ભેદોને ઓળંગતી નહોતી એમ આવ્યું હતું ને? ચેતના એ સામાન્ય છે. જાણવું-દેખવાનો એક ભાવ. જાણવા-દેખવાનો એક ભાવ. એના બે ભાવ. દર્શન-જ્ઞાન વિશેષોને. સામાન્ય ચેતના સમજાણું? પહેલા કહ્યું હતું ને? શું કહ્યું? દર્શન-જ્ઞાન ભેદોને ઓળંગતી નથી. ચેતના દર્શન-જ્ઞાન ભેદોને ઓળંગતી નથી. એની વ્યાખ્યા કરી.

મુમુક્ષુ :- એનો અર્થ વિશેષ કર્યો.

ઉત્તર :- હા, વિશેષ કર્યો. વસ્તુ ભગવાન આત્મા એમાં ચેતના સામાન્ય. સામાન્ય એટલે કે ભેદ પડ્યા વિનાની વસ્તુ. પણ એનો ભેદ પાડવો એટલે વિશેષ પ્રકાર જુઓ તો એ ચેતના દ્રષ્ટા અને જ્ઞાનરૂપ છે. દર્શન અને જ્ઞાનરૂપ છે. આહાહા..! આવો આત્મા છે એમ પણ સિદ્ધ કરાવે છે અને એનો અનુભવ પણ. અમથું આત્મા-આત્મા કરે અને એમાં કાંઈ આવા ચેતના અને વળી એના બે ભેદ કાંઈ નથી એમ નહિ. સમજાય છે?

કારણ કે કોઈપણ આત્મા, આત્માને અનુભવે-વેદે ત્યારે વેદવામાં કોઈ ગુણની દશા હોય કે નહિ એને? પણ ગુણ શું મુખ્ય? મુખ્ય ચેતના. ચેતનાના પ્રકાર કેટલા? કે દ્રષ્ટા અને જ્ઞાતા બે. સામાન્ય અને વિશેષ બે. બેપણું ન હોય તો ચેતના રહે નહિ અને ચેતના ન રહે તો ચેતન પણ રહી શકે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? .. આ પછી સમજવું, વિચારવું, મંથન કરવો, સ્વાધ્યાય કરવી એ બધું છોડી દો. આપણે તો આ કરવાનું તો એ છે ને. પછી તો કરી કરીને વ્રત, નિયમ પાળવા ઈ છે કે નહિ? અરે..! ભાઈ! વ્રત, નિયમ એ તો બધો વિકલ્પ છે. પુણ્યબંધનું કારણ છે. અહીં તો ષટ્કારકના ભેદ પાડવા એ પુણ્યબંધનું કારણ છે.

એકલો અભેદ ભગવાન દ્રષ્ટિ અને વર્તમાન પર્યાયનું અંતરમાં એકાકાર થવું એ અભેદનો અનુભવ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ પ્રતીતમાં આવ્યું ત્યારે પણ એમ આવ્યું કે આ વસ્તુમાં ઠરવાથી ચારિત્ર થશે અને મુક્તિ થશે. એમાં પછી પણ આ કરવું એમ એમાં ન આવ્યું. વચ્ચે વિકલ્પો હો. પણ કરવાનું એ આવ્યું એમ નથી. આ વસ્તુ છે. દ્રષ્ટા-જ્ઞાતા ભગવાન આત્મા અનંત ગુણનો ભંડાર, એનો અનુભવ થઈને પ્રતીત થતાં એમ પ્રતીતમાં આવ્યું કે આ સ્વરૂપમાં ઠરવાથી જ મારી મુક્તિ છે. એ છે તેમાં ઠરવાથી મુક્તિ થશે. એમ શ્રદ્ધામાં અનુભવ થતાં સાથે આવ્યું. પછી આમ કરું તો મુક્તિ થશે, વિકલ્પ કરું, વ્રત કરું

એમ એમાં આવતું નથી. આહાહા..! ભારે વાત.

**'ચેતના સામાન્ય દર્શનજ્ઞાન વિશેષોને...'** સામાન્ય અને વિશેષ બે લીધા. ચેતના વસ્તુ છે. ચેતના વસ્તુ હોં! વસ્તુ કીધી છે અહીં. વસ્તુની વસ્તુ. વસ્તુ આત્મા એની ચેતના વસ્તુ. સમજાણું? તેના બે ભેદ-દ્રષ્ટા અને જ્ઞાતા. એ વિશેષ છે. સામાન્ય ચેતના બે પ્રકારને વિશેષને, ભેદને છોડતી નથી. ચેતનામાં બે ગુણો શક્તિરૂપ હોય છે. દ્રષ્ટા અને જ્ઞાતા. ભારે ભાઈ! એમાં એકાગ્ર થાય તો સમજાય. વસ્તુ એવી છે. વાર્તા કથા હોય તો ચાલી જાય થોડી થોડી. પણ આમાં શું કહે છે આમાં? ભાઈ! તારી વાત છે, બાપુ! તું પ્રભુ છો. તારામાં બધા ગુણોનું એકરૂપ પડ્યું છે. એમાં ભેદ છે એ તારું સ્વરૂપ નથી. અંતરમાં અભેદ થતાં તને જે અનુભવ થાય એમાં ભેદ રહેતો નથી. સમજાણું? એમાં ચેતનાના બે ભેદ હો પણ બે ભેદ ઉપર લક્ષ એનું નથી. પણ ભેદ છે ખરા એમાં, એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા અભેદનો અનુભવ કરતાં એના આત્મામાં જે અનંતા ગુણો છે એ વયા ગયા નથી કાંઈ. અનંતપણું છે, અનેકપણું છે એ ચાલ્યું નથી ગયું. પણ અનેકપણા ઉપર એનું લક્ષ નથી. સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરે છે. ચેતના દ્વારા આ અનંતા ગુણો છે એમ સિદ્ધ કરે છે. નથી એમ નહિ. લ્યો,, અંતે તો એક રહ્યું ને? પણ એક રહ્યું એ એક રહ્યું અનંતનું એકરૂપ રહ્યું. એકનું એકરૂપ એમ નહિ. સમજાય છે? આહાહા..! અનંત જે ચેતનાની સાથે ગુણો છે એ અનંત છે. વિશેષ... વિશેષ... વિશેષ બધા ગુણો. સામાન્ય એ અને વિશેષ ગુણો અને ઓલી પર્યાય તો વ્યતિરેક છે. સમજાય છે? એક પછી એક ભિન્ન-ભિન્ન થાય છે ને? આમ છે એમ સિદ્ધ કરે છે, ... આ વસ્તુ આમ છે. એનો ચેતના ગુણ છે એ છે. એમાં ભેદ છે એટલે પ્રકાર છે એ દર્શન-જ્ઞાન છે. છતાં તેના ભેદ આ ગુણ અને આ ગુણી, અથવા ચેતનાના બે પ્રકાર એનો ધરનાર આત્મા એવું લક્ષમાં લેવા જેવું નથી. લક્ષમાં લેવા જેવું નથી પણ અંદર છે ખરું. સમજાણું કાંઈ? એને જે ના પાડે વિષય એ વસ્તુને સમજતો નથી. એમ કહે છે. કહો, વજુભાઈ! ઝીણું બહુ.

મુમુક્ષુ :- બરાબર છે.

ઉત્તર :- બરાબર છે.

**'અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી,...'** ભેદનું જ્ઞાન કરાવ્યું. **'પછી અભેદ-અનુભવની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે.)'** લ્યો. હવે ટીકા.

**'ટીકા :- અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી...'**

જુઓ! હજી એને સિદ્ધ કરે છે. ભગવાનમાં અસ્તિત્વ, અસ્તિત્વ આત્માના ગુણરૂપનું અસ્તિત્વ, આત્મા સત્ છે. તેનું સત્ત્વ ચેતના. અને એ ચેતનાનું સત્ત્વ પણ દૃષ્ટા-જ્ઞાતા કેમ છોડતી નથી? આહાહા..! એવી વાત છે ને. ભગવાન આત્મા '**ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?**' એ ચેતના બે ગુણને કેમ છોડતી નથી કે જેથી આત્મા દૃષ્ટા અને જ્ઞાતાવાળો હોય છે? જુઓ! આહાહા..! રાગવાળો કે પુણ્યવાળો કે કર્મવાળો કે શરીરવાળો તો એ બધું કાઢીને ઝાટકી નાખ્યું. ઝાટકી નાખ્યું સમજ્યા?

મુમુક્ષુ :- કાઢી નાખ્યું.

ઉત્તર :- કાઢી નાખ્યું. આ સુપડા હોય છે ને? સૂપડામાં નહિ દાણા? જે તોલ તોલ માલ માલ રહી જાય અહીંયાં હલકી હલકી ચીજ ઉડીને (નીકળી જાય). ન નીકળે તોપણ બાયું કરે ને બરાબર સરખું. હેઠે ધબો મારે આમ. એટલે ઊંચી ચીજ રહી જાય અને હળવી હોય એ નીકળી જાય. ફડાક દઈને ઉડી જાય. માલ માલ રહી જાય ધ્રુવનો એમ કહે છે.

મુમુક્ષુ :- ધબો ...

ઉત્તર :- ધબો મારવો કહે છે ને આપણે? એ શું કીધું?

મુમુક્ષુ :- એ ઘરગથ્થુ ભાષા છે એ એને ન સમજાય.

ઉત્તર :- એ ન સમજાય. ધબો ન સમજે? આ સૂપડામાં કરે છે ને? પછી આમ આમ જરી ઊંચું કરે. ઓલું એમ ને એમ પડ્યું હોય ને બધું ભેગું? હવે ભેગું પડ્યું હોય એમાંથી.. ભેગું સમજ્યા ઈકઠ્ઠા. છૂટું પડ્યું. ફોતરી છૂટી પડી હોય, .. છૂટી પડી હોય આમ તોલદાર આમ રહી ગયું. આમ કરે એટલે ઓલું તોલદાર રહી જાય અને ફોતરી છૂટી પડી જાય. અને ફટ કરે એટલે બધી ફોતરી ઊડી જાય.

મુમુક્ષુ :- ..માં કરે છે.

ઉત્તર :- કરે જ છે ઈ. આપણે ક્યાં કર્યું છે? આ તો જોયું છે એની વાત ચાલે છે ને.

મુમુક્ષુ :- અહીં તો ધબો કોને કહેવાય?

ઉત્તર :- ધબો એને કહેવાય. ધબો સમજ્યા? સૂપડું પટકવું એમ નહિ. એનો હાથ .. એ અમારી કાઠિયાવાડી ભાષા છે. આમ મારે તો ધબો માર્યો કહેવાય. આમ મારે ને ધબો. એમ અહીં ધબો મારે.

મુમુક્ષુ :- છોકરાને મારે તોપણ ધબો કહેવાય.

ઉત્તર :- આને પણ ધબો કહે. સૂપડાને ધબો મારે એમ. એમ હળવી ચીજ હોય ઊડી જાય. એમ અહીં આત્મામાં જે રાગ અને પુણ્ય-પાપ ધ્રુવની દૃષ્ટિ થતાં કાંઈ રહેતું નથી.

ઉડાવી દે છે. ભલે ઊડી જાય અંદરથી. સમજાણું કાંઈ? ભારે.

'**તેનો ઉત્તર કહેવામાં આવે છે :-...**' કોનો ઉત્તર? પ્રશ્ન શું છે? કે આત્મામાં ચેતના, ચેતન વસ્તુમાં ચેતના. ગુણની વાત ચાલે છે. સત્ત્વ. એ ગુણના બે પ્રકાર દૃષ્ટા અને જ્ઞાતા. એ બેને એટલે સામાન્ય એવો ચેતના એ બેને કેમ છોડતી નથી? ચેતનામાં બે ગુણ ન હોય એમ કેમ હોઈ શકે? ન હોય તો કેમ નથી? તો તો ચેતના રહી શકે નહિ એમ કહે છે. ચેતનાના બે ગુણ કેમ છૂટતા નથી? કેમ કે ચેતના બે ગુણ વિના રહી શકતી જ નથી.

'**પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.**' ભગવાન આત્મા એ ચેતન છે, એની ચેતના એ પ્રતિભાસ. જે કાંઈ સ્વ અને પર છે તેનું જાણવું-દેખવું તે પ્રતિભાસ છે. ચેતના પ્રતિભાસ છે. થોડું સુધાર્યું છે હોં! પ્રતિભાસનો અર્થ શું? કે ચેતના વસ્તુ જે છે એમાં ભાસ થાય છે. ચેતનામાં વસ્તુ છે તેનો ભાસ થાય છે. પ્રતિભાસ. '**તે ચેતના દ્વિરૂપતાને બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી,...**' દૃષ્ટા-જ્ઞાતાપણું સિદ્ધ કરવા ચેતનામાંથી આ બે પ્રકાર કાઢ્યા. એનો વસ્તુનો એવો સ્વભાવ છે. સામાન્ય અને વિશેષ. કારણ કે સામાન્ય વિશેષ (સ્વરૂપ) સર્વ પદાર્થ (છે). એકરૂપ મહાસત્તા બધું છે એ દેખવાનો નિર્વિકલ્પ સત્તા દર્શન નામનો ગુણ છે. અને જ્ઞાનનો એવો સ્વભાવ છે કે પ્રત્યેકને ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન કરીને પોતાની પર્યાયમાં ભિન્ન ભિન્ન બધું જાણે એને જ્ઞાતા કહે છે. એવો જ એનો સ્વભાવ છે. એ ચેતનામાંથી જો બે કાઢી નાખો તો ચેતના નહિ રહે અને દ્રવ્ય પણ નહિ રહે એમ કહે છે. માટે એને ચેતનાનું દ્વિરૂપ તે વસ્તુ છે. દ્વિરૂપનો ધરનાર તે આત્મા પણ તે વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

રાગનું દ્વિરૂપ. ભાવબંધનનું આવે છે ને? ભાવબંધન. દ્વિરૂપતા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય, એની સાથે રાગ તે બીજું રૂપ છે-બીજો ભાવ છે. એ એનો ભાવ નથી. એમાં દ્વિરૂપતા આવી જાય છે. એ વાત તો કાઢી નાખી હવે અહીં તો. અહીં તો હવે અંદર આત્મા જે છે એમાં ચેતના નામનું અસ્તિત્વ જે છે હોવાપણું છે. એમાં દ્વિરૂપતાનું હોવાપણું છે. દૃષ્ટા અને જ્ઞાતા. આહાહા..! સમજાણું કાંઈ? મૂળની વસ્તુ આત્મા છે એમ સિદ્ધ કરે છે. આવો આત્મા છે. સર્વજ્ઞે કહ્યો આવો આત્મા. એ સિવાય અજ્ઞાનીઓ બીજા આત્મા આત્મા કરે એને આત્માની ખબર છે નહિ. એમ સિદ્ધ કરે છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્મા સર્વજ્ઞ પર્યાયમાં જે આત્મા જોયો એ કહે છે કે આવો છે. એથી બીજી રીતે કોઈ આત્મા કહે તો તે આત્માને એણે જાણ્યો નથી. સમજાય છે કાંઈ? અને સર્વજ્ઞે કહેલો, જાણેલો આત્મા આવો છે. આમ તો આત્મા-આત્મા બધાય કરે છે. આત્મા જાણો, આત્માનું જ્ઞાન કરો. હવે કેટલાક મંડ્યા છે અન્યમાં અહીંની

વાતું કરવા. ઈ આત્મા કેવો? કે ચેતન તે ચેતનાવાળો અને તે ચેતનના બે રૂપને છોડે નહિ એવી ચેતનાવાળો. આહાહા..! સમજાણું કાંઈ? **'બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી,...'** કોણ? ચેતના. એ પ્રતિભાસ. જેમાં પ્રતિભાસ-ભાસ થાય. આ આત્મા આવો છે એ ભાસ થાય. એ ચેતનાના બે રૂપ છે એને છોડતી નથી.

**'કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ...'** એમ લેવું થોડું કાઢીને. એ ત્યાંથી કાઢી નાખવું. ક્યાંથી? **'તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)'** એ કૌંસમાં એટલું સુધારીને. સમજાણું કાંઈ? આ તો એવી વાત છે એને સમજે અને અંતર બેસે એ તો ન્યાલ થઈ જાય. પણ આ વાત સાંભળવાના વિકલ્પમાં પણ જે પુણ્ય બંધાય એ પણ બીજી જાતનું પુણ્ય બંધાય. પાછું ભવિષ્યમાં આવું ને આવું સાંભળવા મળે કે એવો યોગ બંધાય એવું એ પુણ્ય બંધાય. સમજાણું કાંઈ? સત્‌ના એને સમાગમ મળે. એમ કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'(બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને...'** એટલે ચેતનાને **'પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)'** સામાન્ય અને વિશેષ, દર્શન અને જ્ઞાન. ચેતનાના દર્શન અને જ્ઞાન છોડતી નથી. **'તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે.'** તેના બે રૂપ નામ સ્વરૂપ ચેતનાનું તે દૃષ્ટાપણું અને જ્ઞાતાપણું, દર્શન અને જ્ઞાન. દૃષ્ટા એ આત્મા. આ તો દર્શન અને જ્ઞાન. દૃષ્ટા અને જ્ઞાતા આત્મા, પણ એનું ચેતના એનું દર્શન અને જ્ઞાનરૂપ એમ કહેવું છે. સમજાણું કાંઈ? દૃષ્ટા-જ્ઞાતા એની જે ચેતના, એનું જે રૂપ તે દર્શન અને જ્ઞાન. કેવો આત્મા છે? આવો આત્મા છે. એ રીતે જે સમ્યક્ એનું રૂપ છે એવું એને ષટ્‌કારકના ભેદમાં પણ લક્ષમાં ન આવે તો અભેદના લક્ષમાં એને આવી શકે નહિ. સમજાણું કાંઈ? પ્રતિભાસ.

**'દર્શન અને જ્ઞાન છે. માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી.'** એનું સ્વરૂપ જ એવું છે. ચેતનાનું સ્વરૂપ દર્શન અને જ્ઞાન. ચેતનાનું સ્વરૂપ દર્શન અને જ્ઞાન. એ બે સ્વરૂપે છે એ કોઈ દિ' છૂટે નહિ. એવું તે સત્‌નું સત્ત્વ છે. આહાહા..! સમજાણું? **'જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય...'** એ દર્શન અને જ્ઞાન બે રૂપ છે એ જો બે ન રહે તો ચેતના એકરૂપ છે એ પણ ન રહે. કારણ કે એનું વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું? **'(અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે-'** તેનો અભાવ થતાં બે દોષ આવે. એ વાત કહેશે વિશેષ વિસ્તારથી... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૪, મંગળવાર તા. ૧૭-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૩-૧૮૪, ગાથા-૨૯૮ થી ૩૦૦, પ્રવચન-૩૬૮**

આ સમયસાર. ૨૯૮-૨૯૯ (ગાથા). પાછળ ટીકા છે ટીકા.

**'ટીકા :- અહીં પ્રશ્ન થાય છે કે-ચેતના દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી...'** શું અધિકાર ચાલે છે? કે આત્મા છે એમાં ચેતના એની શક્તિ છે. એ ચેતના શક્તિના બે ભાવ-રૂપ છે-દર્શન અને જ્ઞાન. એ ચેતનારો ચેતે છે, ચેતના વડે ચેતે છે એવા જે ચેતનાના છ પ્રકાર કહ્યા અને પછી નિષેધ કર્યા. એમ ચેતનાના બે પ્રકાર દર્શન અને જ્ઞાન. એ વડે પણ દર્શન વડે દેખે છે, જ્ઞાન વડે જાણે છે. એના પણ છ પ્રકાર પોતાને માટે હોં. ભાઈ! દેખવામાં પણ છ પોતાને માટે, જાણવામાં પણ પોતાને માટે. છ પ્રકાર થયા ને? દેખનારો દેખે છે, દેખતા વડે દેખે છે. આવ્યા ને છ પ્રકાર? જાણનારો જાણે છે, જાણવા વડે જાણે છે. જાણે પોતાને હોં! દેખે પોતાને બધું. આ તો ધવલમાં આવે છે ને જ્ઞાન પરને જાણે, દર્શન પોતાને દેખે. અહીં તો એકલા અભેદની વાત છે. જ્ઞાન પણ પોતાને જાણે અને દર્શન પણ પોતાને દેખે. એવું અભેદ વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- બેમાંથી ક્યુ સાચું માનવું?

ઉત્તર :- આ સાચું અને એ વ્યવહારે સાચું છે ગુણભેદની અપેક્ષાએ. નિશ્ચયથી આ સાચું છે. અભેદ દૃષ્ટિમાં આ ચીજ છે. જુઓને! આ શું કહે છે પણ? એના માટે તો આ વિચાર આવ્યો. એના માટે તો બીજી ગાથા આવી. બીજી આ. સ્વસમય, પરસમય. આવ્યુંને એમાં પણ? પરસમયમાં એ પરને જાણતો પરિણમે છે. રાગાદિને, પરને પોતાનું માનતો પરિણમે છે. જાણતો હોં! રાગાદિ પરને પોતાપણે જાણતો પરિણમે છે. મિથ્યાત્વમાં પણ. સમ્યક્‌માં પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે પોતાને પોતાપણે જાણતો સ્વસમયે પરિણમે છે. ઝીણું બહુ પણ. આહાહા..! સમજાણું?

આમ વસ્તુ ચેતન. એની ચેતના. અહીં એ ચાલે છે. એ ચેતના તે આત્મા. ચેતનાથી કર્તાથી જાણે, જાણતો થકો જાણે, ચેતના થકો ચેતે. દર્શન, દેખતો થકો દેખે. એમ એક એકના છ-છ બોલ લીધા. પોતાને માટે હોં! છ બોલ લઈને નિષેધ કરી દીધા. એ તો સર્વવિશુદ્ધ દર્શનમાત્ર હું છું અને સર્વજ્ઞાન માત્ર હું છું. એવો નિર્વિકલ્પ આત્માનો અનુભવ થવો એનું નામ અભેદની દૃષ્ટિનો અનુભવ તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, શેઠી!

મુમુક્ષુ :- છ ભેદ કરીને ઉડાડી દીધા.

ઉત્તર :- છ ભેદ કરીને ઉડાડી દીધાને બધાને. ભેદ કરીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. બે દિવસથી ચાલે છે ને. ભાઈ! બે દિવસથી ચાલે છે. .. એ વિકલ્પ ભેદ છે. વસ્તુ અભેદ એકરૂપ સર્વદર્શનમાં પણ એકરૂપ, જ્ઞાનમાં પણ એકરૂપ. આત્મા હોં! અભેદ દર્શનમાં પણ સર્વવિશુદ્ધ દર્શનરૂપ, જ્ઞાનમાં અભેદ એકલું સર્વવિશુદ્ધ જ્ઞાન. મોક્ષનો અધિકાર છે ને. એકદમ વાત તો પહેલેથી છે હોં આ. સમ્યગ્દર્શનથી. પણ એને બીજી ઢબથી (કહે છે). અભેદના ભેદનો વિકલ્પ ઓલો દર્શન-જ્ઞાન ચેતના એના કરીને વાત ઉતારી. બીજું કાંઈ નહિ. શરીર, વાણી, રાગનું કાંઈ નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, **'ચેતના દર્શનજ્ઞાન ભેદોને કેમ ઉલ્લંઘતી નથી...'** આત્મા વસ્તુ ચેતન છે એની ચેતના, એ બેપણાને કેમ છોડતી નથી? દર્શનરૂપ અને જ્ઞાનરૂપ એવી ચેતનાનું બે રૂપ છે. બે સ્વરૂપ છે. એ કેમ છોડતી નથી? એમ પ્રશ્ન કર્યો. કારણ કે સાંખ્યાદિ કેટલાક એકાંત માને છે ને? એકાંત સ્વ-પરનું નહિ. છની આવશ્યકતા એ આવશે. કેટલાક લોકો સામાન્ય ચેતનાને માની એકાંત કહે છે. તેમનો નિષેધ કરવા માટે આ વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષરૂપ વાત કરી છે. કહેશે છેલ્લે. ૧૮૩. ૧૮૩ છે ને ઈ? ૧૮૩ કળશ છે, હોં! સમજાણું કાંઈ? ધીમેથી જેમ જેમ ખ્યાલ આવે એમ સમજવું. પણ સત્ય વાત તો આમ જ છે. એને ધીરેથી પણ સમજાય એ પ્રમાણે પકડવી.

આત્મા જ્યારે મોક્ષના માર્ગની ક્રિયા કરે છે ત્યારે એ આત્મા ચેતન છે તે ચેતના એના ચેતનામાં અભેદપણે પોતાને દેખે છે અને અભેદપણે પોતાને જાણે છે. એવું બે રૂપનું નિર્વિકલ્પપણું અંદર થવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ-ચારિત્ર છે. સમજાણું કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો કે ચેતના દર્શન-જ્ઞાનના બે પ્રકારને કેમ છોડતી નથી? **'કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?'** જોયું! તેથી ચેતના બેને કેમ છોડતી નથી કે જેથી ચેતનારો દૃષ્ટા-જ્ઞાતા હોય છે? જાણનારો દૃષ્ટા-જ્ઞાતા હોય છે. સમજાણું કાંઈ?

જાણનારો તો ચેતનારો છે. એ તો ચેતક છે. પણ એની ચેતનાના બે રૂપને નથી ઓળંગતો તો કેવી રીતે ચેતનારો દૃષ્ટા અને જ્ઞાતા હોય છે? એમ પ્રશ્ન કર્યો. પ્રશ્નનું રૂપ સમજાય છે પહેલું? કે ચેતના એટલે ચેતન દ્રવ્ય-વસ્તુ. એની ચેતના એની શક્તિ એટલે ગુણ. એ ચેતનાગુણ એટલે ગુણનો ગુણ એમ નથી લેવું. પણ ચેતના એક ભાવ સ્વભાવ. એ દર્શન-જ્ઞાન પ્રકારને. એ ચેતનામાં એક દેખવું અને જાણવું એવા બે રૂપ છે ચેતનાના. એ કેમ છોડતી નથી? **'કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?'** ભાઈ! આમ પાછું ચેતનારો લીધું છે.

ચેતના બે રૂપને કેમ છોડતી નથી કે જેથી આત્મા દૃષ્ટા અને જ્ઞાતા છે? સમજાણું કાંઈ?

છે? ચેતનાના ગુણની શક્તિની વાત છે. તો શક્તિના પણ બે રૂપ ન ઓળંગે તો શક્તિવાન જે ચેતનારો પણ દૃષ્ટા-જ્ઞાતા હોય છે એ શી રીતે? સમજાય છે પ્રશ્ન? બહુ ધ્યાન રાખવું. હીરા માણેક જેવી વાત નથી. આ બહુ ઝીણી છે. શું કહે છે?

મુમુક્ષુ :- બહુ .. છે.

ઉત્તર :- .. છે. ઠીક છે. ઝીણી છે.

જુઓ! આ આત્મા છે ને વસ્તુ? પદાર્થ. હવે એ પદાર્થનો ચેતના એક ભાવ. ચેતના એક ભાવ. ચેતના એક શક્તિ. હવે એ ચેતના શક્તિના બે રૂપ કેમ છે? કહે છે. માથે તો આવી ગયું હતું. બે રૂપ કેમ છે? બેને કેમ છોડતી નથી કે જેથી આત્મા દૃષ્ટા-જ્ઞાતા હોય? એમ. ચેતના બે રૂપને કેમ છોડતી નથી કે જેથી આત્મા દૃષ્ટા-જ્ઞાતા હોય? કહો, સમજાણું આમાં? શશીભાઈ! બહુ ઝીણું આવે છે. ઝીણું છે હોં જરી થોડું. સમજાણું?

અહીં તો પાછા ચેતનાના બે રૂપ કેમ છે કે જે દૃષ્ટા-જ્ઞાતાપણું આત્મા ન છોડે? એમ કહે છે. કારણ કે ચેતના એ તો ચેતનની ચેતના છે. ત્યારે ચેતનાના બે રૂપ કેમ છે કે જે ચેતન પોતે દૃષ્ટા-જ્ઞાતાપણું રહે છે એમાં? સમજાણું કાંઈ? ભાઈ! આ તો કઠણ પડે. આહાહા..! આ ચીજ તો પર છે. હવે એની સાથે કાંઈ સંબંધ નથી. વિકલ્પ આદિ રાગ એની અહીં વાત લીધી નથી. કારણ કે એમાં છે નહિ. એટલે એ કાંઈ મોક્ષના માર્ગની ક્રિયામાં વ્યવહારપણે પણ સાધન નથી. આ વ્યવહારપણાના ભેદવાળું જે સાધન છે એ પણ ખરું સાધન નથી. ક્યો (વ્યવહાર)? દેખનારો દેખે, દેખવા વડે દેખે એ વ્યવહાર-ઈ ભેદ. એ પણ ખરેખર સ્વરૂપના સાધન માટે કામના નથી. સમજાણું કાંઈ? ચેતના એટલે શક્તિ, દર્શન-જ્ઞાનના ભાવને, બે રૂપને, બે પ્રકારને, બે વિશેષતાને, બે ભેદને કેમ છોડતી નથી? કે જેથી ચેતનારો એ દૃષ્ટા અને જ્ઞાતા હોય?

'**તેનો ઉત્તર કહેવામાં આવે છે :- પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.**' એ ચેતના પ્રતિભાસરૂપ છે. એ દૃષ્ટા અને જ્ઞાતા એ બેય પ્રતિભાસરૂપ છે. ચેતનાનું બેય રૂપ પ્રતિભાસરૂપ છે. ચેતના પ્રતિભાસરૂપ છે. જેમાં આત્મા પ્રતિભાસે. એમાં દૃષ્ટા-જ્ઞાતા એનું પ્રતિભાસરૂપ છે કે જેમાં આત્મા દેખાય અને જણાય. આહાહા..! સમજાણું કાંઈ? '**તે ચેતના દ્વિરૂપતાને...**' તે ચેતના બે પ્રકારને '**ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્ય વિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે,...**' સામાન્ય દ્રવ્ય તરીકે કહીએ તો પર્યાય વિશેષ કહીએ. તો ચેતનામાં પણ એક સામાન્ય અને વિશેષપણું હોવું જોઈએ. સમજાય છે કાંઈ? '**(બધીયે વસ્તુઓ સામાન્ય વિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ...**' શું કહે છે? બધી ચીજો સામાન્ય-વિશેષરૂપ છે. તેથી તેને

પ્રતિભાસ કરનારી ચેતના પણ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. ફરીને. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ તે વસ્તુ આત્મા છે ને? એમાં વસ્તુ તો પોતાને જ્ઞાનમાં આવી ગયું ને બધું?

**'ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.'** એટલી વાત પહેલી. થયું? **'તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ...'** વસ્તુ કાઢી નાખી. **'બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)'** દૃષ્ટા-જ્ઞાતામાં જ્ઞાને ભલે જાણ્યું પણ જ્ઞાન પોતાને જાણે છે ને. એ જાણવામાં બધું આવી જાય છે ને? દૃષ્ટા પોતાને દેખે છે ને? એમાં બધું આવી જાય છે ને. બાકી શું રહે છે? આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્યસંગ્રહમાં લીધું છે ને? ભાઈ! એમ કે જ્ઞાન જ્યારે પરને જાણે છે એવું જે જ્ઞાન, દર્શને વિષય કર્યો ત્યારે એને જ્ઞાનનો વિષય થતાં એને બધું આવી ગયું એમાં. કાંઈ બાકી રહેતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કર્યું છે ને. સમજાણું કાંઈ? એ ઝીણું પડશે. આગળ જાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે સામાન્ય વિશેષરૂપ જે ચેતના છે તેમને પ્રતિભાસનારી ચેતના પણ, વસ્તુઓ જ્યારે સામાન્ય-વિશેષરૂપ છે તો તેમને પ્રતિભાસ કરનારી ચેતના પણ બે રૂપપણાવાળી છે લ્યો. **'તેનાં જે બે રૂપો છે તે દર્શન અને જ્ઞાન છે.'** જુઓ! ચેતનાના બે રૂપ છે તે દર્શન અને જ્ઞાન છે. **'માટે તે તેમને (-દર્શનજ્ઞાનને) ઉલ્લંઘતી નથી.'** તેથી સામાન્યરૂપ દર્શન અને વિશેષરૂપ જ્ઞાન. એ ચેતનાના બે રૂપ તેને તે ચેતના છોડતી નથી.

હવે પહેલો ચેતનાનો જવાબ. દોષ તો ત્રણ બતાવવા છે પણ બતાવશે બે. પહેલો એ કહેશે. **'જો ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય...'** મૂળ તો આ વસ્તુ સિદ્ધ થાય છે. સમજાણું? બે દોષ બતાવ્યા. પણ આ એક દોષ છે મૂળ ભાઈ! ત્રણ દોષ છે ખરા તો. શું ત્રણ દોષ? કે આત્મા છે એમાં ચેતના છે. વસ્તુ દરેક સામાન્ય અને વિશેષરૂપ છે તો ચેતના વસ્તુ પણ સામાન્યવિશેષ એનું રૂપ છે. વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષ છે, સામાન્ય દ્રવ્ય અને વિશેષ પર્યાય. એને જાણનારી ચેતના પણ સામાન્ય દર્શન અને સામાન્ય વિશેષ સ્વરૂપ જ પોતે છે. અને સામાન્ય વિશેષસ્વરૂપ હોવાથી તે જો સામાન્યવિશેષ બે રૂપ જો ન હોય તો ચેતના હોઈ શકે નહિ.

**'ચેતના દર્શન જ્ઞાનને ઉલ્લંઘે તો સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય...'**

પહેલો એ સિદ્ધાંત. સમજાય છે કાંઈ?

આત્માની ચેતના; વસ્તુ દરેક જ્યારે સામાન્ય અને વિશેષરૂપ છે તો ચેતનાના પણ બે રૂપ છે. એને જાણનાર-દેખનાર પણ બે રૂપે છે. વસ્તુ છે એ સામાન્યરૂપ-વિશેષરૂપ છે તો એને જાણનાર-દેખનાર ચેતના પણ બે રૂપે છે. જો એ ચેતનાના બે રૂપ ન હોય દ્દષ્ટા-જ્ઞાતા તો ચેતનાનો અભાવ થઈ જાય. એટલે ચેતના જ રહે નહિ. ભારે ભાઈ! આ મૂળ ધર્મ માટે આવું બધું જાણવું પડતું હશે? એકાંત જેને તત્ત્વની ખબર નથી અને તત્ત્વના ગુણોનું સ્વરૂપ શું છે ચેતના આદિનું, એમાં એમાં શું એનું રૂપ છે એની જેને ખબર નથી તેને તત્ત્વની યથાર્થ પ્રતીતિ થતી નથી. તેથી આ આત્મા અને એની ચેતના અને એના બે રૂપ, બે રૂપ જો છોડે તો એ ચેતના સામાન્ય વિશેષરૂપ હોઈ શકે નહિ. દરેક વસ્તુ સામાન્યવિશેષરૂપ છે તો ચેતના પણ સામાન્યવિશેષરૂપ હોઈ શકે. એમ જો ન હોય તો વસ્તુ રહી શકતી નથી. ચેતનાનો અભાવ થઈ જાય છે. પહેલી એક વાત. સમજાણું કાંઈ? આ ભારે! એ કરતા ઓલું ઈચ્છામી પડિક્કમણું .. કરીને મિચ્છામી દુક્કડમ કહી દે તો ધર્મ થઈ જાય, લ્યો. કાંઈ મહેનત પડે? તત્સુતરી કરણેન... એય..! એ તો કર્યું હશે ને મોઢે બધું? ... આણે તો બહુ કર્યા. પણ કોણ છે એ ચેતના? કોણ ઠાણેણં જાણેણં... વિકલ્પ કોણ કરે છે અને વિકલ્પ દશા શું છે? એને દશાવાન કેવડો છે? (એની કાંઈ ખબર ન મળે). સમજાણું કાંઈ?

કહે છે કે આ આત્મા સર્વજ્ઞ ભગવાને જોયો તે આત્મા. ચેતના તેનું રૂપ-સ્વભાવ. એના બે રૂપ-દર્શન અને જ્ઞાન. વસ્તુ જ્યારે દરેક સામાન્ય અને વિશેષરૂપ છે તો ચેતના પણ એક પદાર્થ વસ્તુ છે. તો એના પણ બે રૂપ ન હોય તો વસ્તુ જ રહેતી નથી. ચેતના સિદ્ધ થતી નથી.

'**(અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે-**' હવે. ચેતનાનો અભાવ થાય અને ચેતનાનો અભાવ થતાં બે દોષ આવે. હવે કહે છે. સમજાણું કાંઈ? હિંમતભાઈ! મૂળ તો ત્રણ દોષ છે ખરા. પણ આ તો ચેતના સામાન્યરૂપ વિશેષરૂપ ન હોય તો ચેતનાનો અભાવ થાય. એટલે ચેતના જ વસ્તુ રહી શકે નહિ. હવે રહી શકે નહિ તો શું દોષ થાય, એ વાત કરે છે. ચેતના આ રીતે રહી શકે નહિ. એ પહેલો દોષ તો સિદ્ધ કર્યો. ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! ચેતના છે એમાં સામાન્ય અને વિશેષ બે ન હોય તો એ વસ્તુ રહી શકતી નથી. વસ્તુનો અભાવ થાય છે. સમજાણું કાંઈ? એક બોલ. પહેલો ચેતનાનો અભાવ થાય એ બોલ સિદ્ધ કર્યો.

હવે ચેતનાનો અભાવ થતાં બે દોષ આવે એ સિદ્ધ કરે છે. રાગનો અભાવ થાય એમાં,

ઓલાનો થાય એ તો દોષ નથી, એ તો ગુણ છે. એ તો અભાવ છે. એમ. પુણ્ય-પાપનો, શરીર-ક્રિયાનો આદિ બધો અભાવ છે. એમાં તો લાભ છે કહે છે. પણ આ ચેતનામાં બે રૂપ છે એ જો છોડે તો નુક્સાન થાય ચેતનાને. એટલે ચેતના રહેતી નથી. ચેતનાનું સામાન્ય વિશેષરૂપ છે બે રહેતી નથી. સમજાણું કાંઈ આમાં? આ ગોખે કાંઈ પાર આવે એવું નથી હોં! જરી સમજે તો સમજાય એવું છે.

એના ભાવમાં ખ્યાલમાં એ વાત આવવી જોઈએ કે આ વસ્તુ છે આત્મા પદાર્થ છે. એની ચેતના એ મુખ્ય સ્વભાવ છે. ચેતના એનો મૂળ સ્વભાવ છે. મૂળ સ્વભાવ. ઓલો સ્વભાવવાન છે. આત્મા ચેતન સ્વભાવવાન અને એનો ચેતના મુખ્ય સ્વભાવ છે. હવે એ ચેતના મુખ્ય સ્વભાવ શક્તિ કહો તો એના દર્શન અને જ્ઞાન (બે રૂપ છે). કારણ કે વસ્તુ સામાન્યવિશેષરૂપ છે તો એની પ્રતિભાસ કરનારી ચેતના પણ સામાન્ય અને વિશેષરૂપ હોવી જોઈએ. અને ન હોય અને સામાન્ય-વિશેષનું રૂપ ન હોય તો એ વસ્તુ તરીકે ચેતના જ રહી શકતી નથી. કહો, સમજાણું આમાં?

હવે એના બે દોષ. ચેતનાનો અભાવ થાય તો બે દોષ બીજા આવે. આ પહેલો ચેતનાના અભાવનો દોષ સિદ્ધ કર્યો. બે રૂપ ન હોય તો એ વસ્તુ રહેતી નથી એમ કરીને ચેતનાનો અભાવ થાય એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? આવી ક્રિયા. એ કરતા નગ્ન થઈ જાય, લૂગડા છોડી દે બસ, જંગલમાં વયા જઈએ. કેવી ક્રિયા લાગે. માણસને એમ પણ લાગે કે કાંઈક ત્યાગ કર્યો છે. અહીં કહે છે, પણ મિથ્યાત્વના ત્યાગ વિના તારો ત્યાગ ક્યાં ગણતરીમાં આવે એવો છે? તારો ગુણ અને ગુણી, એ ગુણને એ ચેતના અને એના બે ગુણ. દૃષ્ટા અને જ્ઞાતા. એ એનું મૂળ રૂપ અને સ્વરૂપ છે. તું એક જ જ્ઞાનરૂપ કહે તો પણ ખોટું, એકલું દર્શનરૂપે કહે તોપણ ખોટું. દર્શન અને જ્ઞાન બેય ચેતનાનું સ્વરૂપ છે અને બેય વડે દૃષ્ટા અને જ્ઞાતા આત્મા છે. સમજાણું કાંઈ?

હવે બીજો દોષ કહે છે. એના અભાવમાં બે દોષ. ઓલો તો પહેલો અભાવ સિદ્ધ કર્યો. '**(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...**' ભગવાન આત્મા ચેતન છે અને એની ચેતના એનો ગુણ છે અને ગુણના બે રૂપ ન હોય તો એ ચેતનાનો નાશ થાય છે. અને ચેતનાનો નાશ થતાં તે ગુણનો નાશ થાય છે, ગુણનો નાશ થતાં આત્માનો નાશ થાય છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષનો નાશ થાય છે ત્યાં તો લાભ છે. આમાં કહે છે કે આ બે રૂપ છે એનો જો નાશ થાય તો ચેતના ન રહે અને બે રૂપનો અભાવ થતાં ચેતના ન રહે, તો ચેતના વિના ગુણ વિના દ્રવ્ય ન રહે. એની ને એની ગુણ અને ગુણીની રમતની વાતું કરે છે. સમજાણું કાંઈ?

**'પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...'** તો ચેતનમાં ચેતના ન રહે અને ચેતનાના બે ગુણ ન રહે તો ચેતના રહે નહિ. ચેતના ન રહેવાથી ચેતનને અચેતનપણું આવી પડે. કહો, બરાબર સમજાય છે ને? ન સમજાય એમ ન રાખવું. સમજી શકાય. સમજી શકાય. અને આમાં ક્યાં બહુ કોઈ એવી વાત નથી. સાદી ભાષાએ વાત છે. પણ માણસને એવું થઈ જાય ને કે આપણને સમજાય નહિ. આપણને સમજાય નહિ. એ ન સમજાય એ શલ્ય એને સમજવા દેતું નથી. આહાહા..! એમ ન હોય. બાપુ! કેવળજ્ઞાન લેવાની તાકાત છે એ ભગવાન આત્મા ન સમજે એમ કેમ કહેવું? સમજાણું? એની જાતમાં ભાત પડી છે, કહે છે. કેવી? દર્શન અને જ્ઞાનની. એમ કહે છે. એ જાત ભગવાન આત્મા એનો ચેતના ગુણ છે. અને ચેતના ગુણના બે રૂપમાં દૃષ્ટા અને જ્ઞાતાપણું છે. અને તેથી પોતે આત્મા દૃષ્ટા જ્ઞાતા છે. જ્યારે દર્શન અને જ્ઞાન ચેતનારૂપ છે તો આત્મા પણ તેથી દૃષ્ટા અને જ્ઞાતા છે. સમજાણું કાંઈ?

અને દર્શન અને જ્ઞાન, સામાન્ય અને વિશેષ એવું દર્શન અને જ્ઞાન ન હોય તો એ ચેતના વસ્તુ રહી શકે નહિ. કારણ કે સામાન્ય વિશેષવાળી જ વસ્તુ હોય. એકલો સામાન્ય અને એકલો વિશેષ હોઈ શકે નહિ. એકલું સામાન્ય પણ વિશેષ (વિનાનું ન હોય). આમાં આવે છે ને? ગધેડાના શીંગડા જેવું. વિશેષ પણ એકલું સામાન્ય વિના ગધેડાના શીંગડા જેવું (છે). સમજાય છે કાંઈ? વસ્તુ જ દરેક સામાન્ય વિશેષ (સ્વરૂપ છે). જુઓ! આવું એક અલૌકિક દ્રવ્યનું સ્વરૂપ એ સર્વજ્ઞ માર્ગમાં જ આવો આત્મા હોય. બીજે આવો આત્મા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...'** ભગવાન ચેતન છે એ ચેતનાવાળું ચેતન છે. એ ચેતના બે રૂપે છે અને એ બે રૂપ ન હોય તો ચેતના ન હોય અને ચેતના ન હોય તો ચેતન ન હોય. તો ચેતનને અચેતનપણું આવી પડે. કહો, સમજાણું કાંઈ? **'અથવા (૨) વ્યાપકના અભાવમાં...'** આખી શૈલી બીજી છે આ. **'વ્યાપ્ય એવા ચેતનનો અભાવ થાય.'** અહીં આત્માને વ્યાપક નથી કહેવો. અહીં ચેતનાને વ્યાપક કહેવી છે. બીજે ઠેકાણે આત્મા વ્યાપક અને પર્યાય વ્યાપ્ય. અહીંયાં તો વ્યાપક ચેતના આમ રહેનારી કાયમ... કાયમ... કાયમ... કાયમ... કાયમ... કાયમ.. કાયમ.. કાયમ.. એટલે ચેતનાને વ્યાપક કહી અને આત્માને વ્યાપ્ય કહ્યો છે.

વ્યાપ્ય એટલે કે એમાં એ ચેતના સદાય રહેનારી છે એમાં રહેનારો આત્મા છે. એમ. ઓલો આત્મા સદાય રહેનારો એ વ્યાપક કહીને એની અવસ્થાને વ્યાપ્ય કીધી છે. અહીં ચેતના જે છે તેને વ્યાપક કહીને (વાત કરી). કારણ કે કાયમ રહેનારી ચેતના છે. દ્રવ્યમાં

કાયમ રહેનારી ચેતના છે. પહેલી તો એ કીધું કે ચેતનાના બે રૂપ ન હોય તો ચેતના ન હોય. બીજું એ કીધું કે ચેતના ન હોય તો ચેતન અચેતન થઈ જાય. સમજાણું કાંઈ? હવે વ્યાપક ન હોય તો વ્યાપ્ય ન રહે એમ કહે છે. હવે તો આત્મા જ ન રહે. ઓલું અચેતન થઈ જાય એમ કીધું હતું, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અચેતન તો...

ઉત્તર :- અચેતન વસ્તુ તો રહી.

મુમુક્ષુ :- વસ્તુ રહી પણ અચેતન રહી.

ઉત્તર :- અચેતન રહી. આ તો કહે કે વ્યાપક વિના વ્યાપ્ય આત્મા નહિ રહે. આરે.. આરે..! ઘણી દીર્ઘ દૃષ્ટિથી વસ્તુનું સ્વરૂપ જેવું છે એવું સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? એનામાં છે એની વાત છે. પુણ્ય-પાપ આદિ તો એનામાં છે નહિ. શરીરાદિ એના છે નહિ. એટલે એ વાત તો મોક્ષના માર્ગની પર્યાયમાં એનું કાંઈ નિમિત્તપણું નથી એમ કહેવું છે. એ તો થાય ત્યારે ભલે નિમિત્ત કહો, પણ વસ્તુ એમાં કાંઈ છે નહિ. આમાં ને આમાં જે ભેદ ઉઠે છે એ પણ નિમિત્તપણું છે. એ પણ અભેદ થાય એટલે એ પણ નિમિત્તપણું છૂટી જાય. હવે એના ને એના રૂપમાં જો એક જ આત્મા અને એમ જ કહો કે તે જાણનાર જ છે. ખોટી વાત છે. એમ ન હોઈ શકે. જાણનાર તો દેખનાર દૃષ્ટા સામાન્યરૂપી શક્તિ ન હોય તો સામાન્યને પ્રતિભાસ કરનારી શક્તિ ન હોય તો સામાન્ય અને વિશેષ વિના કે સામાન્ય વિના વસ્તુ જ ન રહે. અને વિશેષ એની પર્યાય જાણવાની શક્તિ છે એ વિશેષ ન હોય તોપણ ચેતના રહે નહિ.

એ વિશેષ, સામાન્ય અને વિશેષને દર્શન અને જ્ઞાનને ધરનાર એવી ચેતના, જો તેના બે રૂપોને છોડે તો તે ચેતના જ રહી શકે નહિ. કેમ કે બે રૂપ તે જ વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષ છે. અને સામાન્ય વિશેષના અભાવે ચેતનાનો અભાવ થતાં ચેતના ન રહી એક તો. અને ચેતના ન રહી તો આત્મા ચેતન, ચેતન તે ચેતના વિનાનો અચેતન થઈ ગયો. સમજાણું કાંઈ?

અને ત્રીજા નંબરમાં એ ચેતના જો ન રહે તો ચેતના દરેક (સમયમાં) વ્યાપક છે. ત્રણે કાળે વ્યાપક છે. ત્રણે કાળે વ્યાપકમાં ચેતનાનો જો અભાવ હોય તો તો દ્રવ્યનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? ભારે ઝીણું આમાં, ન્યાલભાઈ! આવું બધું ઝીણું સમયસારમાં મૂક્યું છે.. આચાર્યને ખબર નહોતી કે આ સમજનારા હશે? સમજી શકશે એના માટે મૂક્યું છે. એવા ચેતનનો અભાવ થાય. કોનો? વ્યાપકતામાં ચેતનાના અભાવમાં, કારણ કે ચેતના કાયમ રહેનારી છે, એ કાયમ રહેનારી ન રહે તો તે કાયમ રહેનારો આત્મા વ્યાપ્ય પણ

રહી શકે નહિ.

'**માટે તે દોષોના ભયથી ચેતનાને...**' ભયથી એટલે વસ્તુને સિદ્ધ કરવા આ ન્યાય મૂકે છે. એ દોષોના કારણે '**ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.**' માટે ચેતના ભગવાન આત્માની ચેતના એની શક્તિ છે. સમજાય છે? એને દેખનાર-દેખનાર-જાણનાર તે સ્વરૂપે તેને જાણવી.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો!

**अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्**
**तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।**
**तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-**
**दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।**

'**શ્લોકાર્થ :- જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે...**' આત્મામાં ચેતના તો એકરૂપે છે. ચેતના તરીકે એકરૂપ છે. '**તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે...**' ચેતના એકરૂપવાળી પણ એમાં બે રૂપ જો ન હોય તો ચેતના રહી શકતી નથી. સમજાણું કાંઈ? '**સામાન્યવિશેષરૂપના અભાવથી (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે;...**' એટલે સામાન્ય અને વિશેષરૂપ જ દરેકનું સ્વરૂપ છે. તો ચેતના જો બે રૂપે ન હોય તો એ ચેતના વસ્તુપણે ટકવું તે ટકી શકે નહિ. એટલે ચેતનાનો જ અભાવ થાય. મૂળ અંદરની મૂડીના બે રૂપ છે ચેતનાના. એમ વાત કરે છે. કહો, સમજાણું કાંઈ?

'**(તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે;...**' એટલે ચેતનાનું રહેવું જ બને નહિ. સમજાણું કાંઈ? '**એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં,...**' એ રીતે ચેતનાના બે રૂપ ન હોય તો ચેતના વસ્તુ જ ન હોય અને વસ્તુ ન હોય તો હોવાપણું ચેતનાનું છૂટી જાય તો '**ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય,...**' કહો, સમજાણું આમાં? '**અને વ્યાપક વિના (-ચેતના વિના-) વ્યાપ્ય જે આત્મા...**' કાયમ રહેનારી ચેતના તેનો જ જ્યાં અભાવ હોય તો એમાં વ્યાપક વિનાનું વ્યાપ્ય આત્મા '**તે નાશ પામે...**' એમ છે ને અંદરમાં? '**अन्तम् उपैति**' પહેલા આવ્યું હતું ક્યાં? '**अन्तम् उपैति**' એ ને? '**अन्तम् उपैति**' અંત નાશ થાય છે.

'**વ્યાપક વિના વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે માટે ચેતના નિયમથી...**' નિશ્ચયથી '**દર્શનજ્ઞાનરૂપ જ હો.**' દષ્ટા અને જ્ઞાતારૂપ તેનું રૂપ હો. તેથી આત્મા પણ દષ્ટા અને જ્ઞાતારૂપે છે. આહાહા..! ઓલા વ્યવહારની તકરારમાં મંડ્યા. હવે આ પરમાર્થને સમજને ભાઈ! પછી તો વિકલ્પ એને કાળે આવવો હોય ઈ આવે. વસ્તુ આ છે. અભેદ ચિદાનંદ ચેતનની

ચેતના. જેમ ચેતન અસ્તિ છે હોવાવાળું, ત્યારે એ તો ચેતનદ્રવ્ય થયું. પણ હવે દ્રવ્ય એનો ભાવ શું? કે એનો ચેતના ભાવ (છે). કારણ કે ભાવ વિના ભાવવાન શી રીતે હોય? તો ભાવવાન એવો આત્મા, એનો ભાવ મુખ્ય ચેતના. તો ચેતનામાં જો સામાન્ય વિશેષરૂપ ન હોય તો વસ્તુના સ્વરૂપની શક્તિ એવું જ સ્વરૂપ છે દરકેનું સામાન્ય-વિશેષ. તો એને જાણનારી શક્તિઓ પણ સામાન્ય અને વિશેષ હોય. અને સામાન્ય-વિશેષ જો ન હોય તો એ ચેતના અસ્તિત્વ ટકતું નથી. કારણ કે સામાન્ય-વિશેષનું રૂપ જ વસ્તુ છે. અને સામાન્ય-વિશેષ જો ચેતના ન હોય તો ચેતનાની હયાતી રહેતી નથી. અને ચેતનાની હયાતી રહેતી નથી તો ચેતન ચેતના વિના જડ થઈ જાય છે અને ચેતનને ચેતનાનો અભાવ થાય તો ચેતના વ્યાપક હોવાથી, ત્રિકાળ રહેનારી હોવાથી વ્યાપ્ય એવો આત્મા એનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ આમાં? એઈ.. હિંમતભાઈ! શું કહેવું આમાં પણ?

અંદર ને અંદરના રૂપની વાત છે. છ પ્રકાર કાઢી નાખ્યા. .. હવે કહે છે, એક છે એમાં બે છે હોં પાછું. છે બે અભેદ. ચેતના તરીકે અભેદ છે. ગુણ-શક્તિઓ તરીકે એમાં બે છે-દર્શન અને જ્ઞાન. સામાન્ય અને વિશેષ. જો એ સામાન્ય વિશેષ ચેતનાનું ન હોય રૂપ, સામાન્ય વિશેષ વિના ચેતનાની શક્તિ અથવા ગુણનું અસ્તિત્વ જ ન રહે. હોવાપણે જ ન રહે. બે વિના એકરૂપ રહી શકે જ નહિ. અને એ બેનો જ્યાં અભાવ થતાં ચેતનાનો અભાવ થાય તો ચેતનને અચેતનપણું આવે. એને ચેતના નથી માટે. બે રૂપવાળી ચેતના નથી માટે તે ચેતનને અચેતનપણું આવે. અને બે રૂપવાળી ચેતના સદાય રહેનારી છે. જો એ બે રૂપવાળી ન હોય તો સદા રહેનારી અને સાથે રહેનારો આત્મા પણ નાશ પામી જાય. સમજાણું કાંઈ? આમાં કાંઈ બહુ ઉતાવળથી ચાલતું નથી. હળવે હળવે તો ચાલે છે. પણ એણે વિચાર તો કરવો જોઈએને થોડોક. કેટલાકને સમજાય નહિ તો વિચાર કરવો નહિ, થઈ રહ્યું, જાઓ. શું કરવા કહે છે આ? સમજવા માટે કહે છે. સમજી શકાય છે એવા આત્માને કહે છે. જડને કહે છે? રાગને કહે છે? તારું સ્વરૂપ આવું હોવાપણે છે. એને તું બરાબર વિચાર અને મનન કર. સમજાય છે કાંઈ? અભેદ ચિદાનંદ ભગવાન જ્ઞાતા-દૃષ્ટાવાળો તેને દેખ અને જો. બસ. એવી દૃષ્ટિને સમ્યગ્દર્શન કહે છે.

'**ભાવાર્થ :- સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.**' દરેક ચીજ દ્રવ્ય પર્યાયાત્મક છે. '**તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ અને વિશેષપ્રતિભાસરૂપ હોવી જોઈએ.**' હોવી જોઈએ એમ ન્યાય કહે છે. જ્યારે વસ્તુ જ્યારે સામાન્ય દ્રવ્ય અને પર્યાયરૂપ છે. સામાન્ય તે દ્રવ્ય અને વિશેષ તે પર્યાય. સમજાય છે? એવું જ વસ્તુનું સ્વરૂપ

છે. તો પછી ચેતનામાં પણ એ બે રૂપ ન હોય તો ચેતના સિદ્ધ રહી શકે નહિ. '**સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપ) હોવી જોઈએ. જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે...**' જો એ ચેતના પોતાના દેખવા અને જાણવાની શક્તિના ગુણ-રૂપને છોડે તો પોતાનો જ અભાવ થાય. બે વિના વસ્તુ હોય નહિ. માટે ચેતનાનો નાશ થાય.

'**ચેતનાનો જ અભાવ થતાં, કાં તો ચેતન આત્માને (પોતાના ચેતનાગુણનો અભાવ થવાથી) જડપણું આવે,...**' લ્યો! જડપણું આવે એટલે જડપણું રહે પછી એમ કહે છે. ચેતન ન રહે. '**અથવા તો વ્યાપકના અભાવથી વ્યાપ્ય એવા આત્માનો અભાવ થાય.**' બધી ગ્રીક લેટીન જેવી ભાષા છે. કાયમ રહેનારી ચેતનાનો અભાવ હોવાથી એને વ્યાપ્યરૂપ આત્મા એનો પણ અંત અને નાશ થઈ જાય છે. '**આત્માની સર્વ અવસ્થાઓમાં વ્યાપ્તી હોવાથી વ્યાપક છે અને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે.**' ચેતનાનું વ્યાપ્ય છે. ચેતનામાં કાયમ રહેનારી અવસ્થા. '**તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય.**' લ્યો! વ્યાપકનો અભાવ થતાં, કાયમ રહેનારી ચીજનો અભાવ થતાં તે રહેનારો જે આત્મા વ્યાપ્ય એનો પણ અભાવ થાય. '**માટે ચેતના દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.**' આ તો અન્યમતિઓને અને વિરૂદ્ધ તત્ત્વ છે એનાથી આ અવિરૂદ્ધ આવું તત્ત્વ છે એ સિદ્ધ કરવા આ વાત કરી છે.

કેટલાક આત્માને એકલું દર્શનરૂપ માને, કોઈ એકલું જ્ઞાનરૂપ માને. સમજાય છે? અથવા ચેતનાને પણ એકલું ચેતના... ચેતના... ચેતના (માને). પણ એનું સામાન્ય અને વિશેષરૂપ ન માને. એવું સ્વરૂપ છે એની સામે આ દલીલની વાત સિદ્ધ કરી છે. અને જેવું છે સ્વરૂપ એ રીતે એને પ્રતીતમાં ન આવે તો સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન કહેવાય ને? સમ્યક્ પ્રશંસનીય દર્શન. અને સમ્યક્ એટલે સત્યદર્શન. જેવું એનું સ્વરૂપ છે વસ્તુનું અને વસ્તુના ગુણનું ચેતનાનું. એવા સ્વરૂપે એને પ્રતીત અંદર આવે, એનું જ્ઞાન થઈને, સ્વજ્ઞેયનું જ્ઞાન કરીને હોં! સ્વજ્ઞેયની અનુભૂતિ કરીને પ્રતીત થાય ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..!

'**અહીં તાત્પર્ય એવું છે કે-સાંખ્યમતી આદિ...**' આદિ શબ્દ વાપર્યો છે. એટલે ઘણાં મતવાળા. '**કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે,...**' વિશેષ શું વળી? વિશેષ તો ઉપાધિ થઈ ગઈ. વિશેષ જાણવું... વિશેષ જાણવું એ શું? '**તેમનો નિષેધ કરવા માટે વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી એમ અહીં જણાવ્યું છે.**' લ્યો!

**'હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-'**

**एकश्चितश्चिन्मय एव भावो**
**भावाः परे ये किल ते परेषाम्।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो**
**भावाः परे सर्वत एव हेयाः॥१८४॥**

**'શ્લોકાર્થ :- ચૈતન્યનો (આત્માનો) તો એક ચિન્મય જ ભાવ છે,...'** એક જ્ઞાનમય ભાવ તે જ આત્માનો છે. કહો, સવારમાં આવ્યું હતું ચિત્શક્તિ માત્ર. ચિત્શક્તિ રહિત. અહીં એક ચિન્મય જ્ઞાનમય... જ્ઞાનમય. જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ ચિન્મય. એક ચિન્મય ભાવ જ એનો છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પ આદિ કોઈ એનું છે નહિ. એનામાં છે નહિ અને એનું છે નહિ. એનું છે નહિ અને એનામાં નથી. એવો આત્માને અંતરમાં અનુભવમાં લેવો એને આત્માનું સાચું જ્ઞાન, દર્શન અને ચારિત્ર થાય છે. સમજાય છે કાંઈ? એમ આત્મા-આત્મા સાધારણ તો બધા હવે કહે છે. ઘણા કહેવા માંડ્યા છે આત્મા, હોં! પણ આત્મા આ રીતે એનું સ્વરૂપ છે તે રીતે એની પ્રતીતમાં આવે તો એને સમ્યક્ થાય. નહિતર બીજી રીતે થાય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્માનો તો **'એક ચિન્મય જ ભાવ છે,...'** એક એટલે? એમાં કાંઈ બીજા ગુણો નથી. પણ એ ચિન્મયમાં જ બધા સમાઈ ગયા. રાગ ને પુણ્ય ને વ્યવહાર ને વિકલ્પ ને શરીર ને કર્મ ને કાંઈ એનામાં નથી. એક અસ્તિ ચિન્મય... ચિન્મય... ચિન્મય. આવે છે ને નહિ કાંઈક ગાયનમાં? 'એક જ દે ચિનગારી મહાનલ એક જ દે ચિનગારી.' એવું આવે છે ગાયન. લોકો બોલતા. આપણા ઓલા ત્રંબકભાઈ બોલતા બહુ હોં! વઢવાણમાં. વોરા. ત્રંબક વોરા. 'એક જ દે ચિનગારી મહાનલ...' અગ્નિનું મહા ચૈતન્યમૂર્તિ ભગવાન. એની ચિનગારી નામ પર્યાયમાં અનુભવ થવો એ એની ચિનગારી છે. એ ગાયન આવે છે. એ તો બધું સમજવા જેવું છે.

અહીં કહે છે, ભાઈ! તારે આત્માનો આનંદ જોતો હોય, આત્માની શાંતિ જોઈતી હોય. સ્વતંત્ર જેવું તત્ત્વ છે તેવું જો માનવું હોય તો તે આત્મા ચિન્મય છે. એ જ્ઞાનમય. જ્ઞાનવાળો એમ નથી કીધું. જોયું! એ ચિન્મય જ છે. ચિન્મય જ ભાવ છે. **'જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે;...'** જેટલા વિકલ્પ છ પ્રકારના ભેદો ઉઠે વિકલ્પ એ પરભાવ છે, આત્મા નથી. આહાહા..! કેટલી જોશે એને ધીરજ. ઝીણી જોવાને કેટલી જોવે નજર ઝીણી. ધીરું તત્ત્વ ધ્રુવ એને જોવાને, માનવાને અંદર ઘણી ધીરજ જોઈએ. સમજાણું કાંઈ? એક રસ્તામાં ઝીણો કંથવો હોય તો આમ નજર ન પડે તો આમ આંખ કરવી પડે ઝીણી.

કંથવો જોવો હોય ચાલતા. અહીં કંથવો લાગે છે. ઝીણો. બહુ ઝીણો હોય. મકોડો, કીડી તો ચાલતી દેખાય પણ કંથવો હોય એ આમ દેખાય નહિ. એ તો જરી બહુ આમ નજરને થંભવે ત્યારે ઓલું ગતિ કરતું દેખાય જરી. આ તો ઘણી થંભે ત્યારે ધીરેથી દેખાય એવું છે. જેમાં પરભાવ બિલકુલ નથી.

'**(એક) ચિન્મય ભાવ જ...**' છે. એમાં જેટલા પરભાવ કહેવાય-બીજા ભાવ. એમ કીધું ને? એક ચિન્મય પોતાનો ભાવ છે. બીજા ભાવો છે ખરા. પુણ્ય, પાપ વિકલ્પ આદિ છે ખરા. '**તે ખરેખર પરના ભાવો છે.**' પરના ભાવો છે, સ્વના છે નહિ. આત્મા એક ભાવવાળો અને આ એક ચિન્મય ભાવ એમ કહ્યું છે. એ ચિન્મય ભાવ તે જ વસ્તુ. બસ એમ. બીજા બધા ભાવો તે ખરેખર પરના. '**માટે (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે,...**' જે જ્ઞાનસ્વરૂપ. એમાં દર્શન બધું આવી ગયું હોં! એ ચિન્મયમાં. એવો જ્ઞાનમય ભગવાન આત્મા ગ્રહણ કરવા યોગ્ય એટલે અનુભવ કરવા યોગ્ય છે. એ જ્ઞાનમય ભગવાન આત્માનો અનુભવ, એનું જ્ઞાન કરીને અનુભવ કરવા લાયક છે. સમજાણું કાંઈ?

એ જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન કરીને ઠરવા જેવું છે એમ કહે છે. ગ્રહણ કરવું એટલે અનુભવવું. '**બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.**' બીજા બધા ભાવ લક્ષ કરવા જેવા નથી. એમ. એક ચૈતન્યમય ચિદાનંદમય આત્મા, તેનું ધ્યાન કરવા લાયક છે. ધ્યાન કરવા લાયક છે એમ કહે છે મૂળ તો. વિષયકૃત્ય. જ્ઞાનમાં વિષય કરવા લાયક, ધ્યેય કરવા લાયક એક ચિન્મય આત્મા છે. સમજાય છે કાંઈ? જ્ઞાન કરવા લાયક, વર્તમાન જ્ઞાનમાં વિષય કરવા લાયક, ધ્યેય કરવા લાયક હોય તો એ ચિન્મય આત્મા છે. તે ધ્યાન કરવા લાયક છે. લ્યો! અહીંયા બીજા ધ્યાન કરવા લાયક છે એ કાઢી નાખ્યા. ઓલામાં તો બહુ ધ્યાન કરવાનું આવે છે. ધવલમાં. ધ્યાનમાં આ છે.. ધ્યાનમાં આ છે... બાર પ્રકારના ઘણાં આવે છે વિષય. અહીં તો એક જ ધ્યાન કરવા લાયક છે. '**બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.**' સર્વથા છોડ. સર્વથા છોડ એમ છે ને? '**सर्वत**'. એકાંત થઈ જાય નહિ એમાં? પ્રભુ! સર્વથા છોડવા લાયક છે. સર્વથા છોડવા લાયક કે કથંચિત્ છોડવા લાયક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વથા (કહો) તો પછી અનેકાંત રહેતું નથી. સર્વથા છોડવા લાયક છે અને આદરવા લાયક જરીએ નથી એનું નામ અનેકાંત. સમજાણું કાંઈ? અહીં તો એવી વાત છે, ભાઈ! જન્મ-મરણના જેને અંત લાવવા હોય... મોક્ષનો અધિકાર છે ને? એને આ રીતે અનુભવવું પડશે. એને આ રીતે આત્માને અંતરમાં અનુભવમાં યોગ્ય કરવો પડશે. એ વિના કોઈ રીતે મુક્તિ મિથ્યાત્વથી થતી નથી તો પછી કષાયથી મુક્તિ થઈને સર્વથા અકષાય ભાવ

થાય? નહિ થાય. સમજાણું કાંઈ?

**'હવે આ ઉપદેશની ગાથા કહે છે :-'** ૩૦૦.

**को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावो।**
**मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।।३००।।**

અહીં તો વચન કીધું છે. મૂળ તો ભાવનું કહેવું છે. ભાષા તો એમ લીધી. વચન કોણ બોલે? એટલે કોણ માને અંદર? એમ મૂળ તો વાત છે. નીચે હરિગીત.

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.**

વચનનો અર્થ? કે એવું કોણ માને. એમ. માને એ બોલે, એવું બોલે અને એ માને. એમ. એવું વચન બોલે ખરે લ્યો. એમ છે. વચન બોલે. જુઓ! આવ્યું ને વચન બોલાય છે કે નહિ? એક કોર ના પાડે અને એક કોર હા પાડે છે. જુઓ! એવું વચન બોલે કોણ? પણ ક્યાંથી કાઢી નાખ્યું? .. પાછું વચન બોલાય લાવીને મૂક્યું લ્યો. છ પ્રકારનો ભેદ પણ નહિ જ્યાં દૃષ્ટા જ્ઞાતામાં. અહીં કહે, બોલે. બોલવાનો અર્થ ટૂંકુ કરવા માટે કહ્યું. બાકી પરવસ્તુને અંદર કોણ માને? રાગને ને વિકલ્પને જ્ઞાની એવો કોણ છે કે પોતામાં માને? એમ કહે છે.

**'ટીકા :- જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** જુઓ! આ જ્ઞાની થાય એનું લક્ષણ. જે કોઈ આત્મા. પુરુષ એટલે આત્મા. **'પરના અને આત્માના...'** પર નામ વિકલ્પ આદિ ભેદ અને આત્મા એકરૂપ ચિન્મય. એના બેના નિયત-નિશ્ચય સ્વલક્ષણો. ખરા બેના પોતાના લક્ષણો. વિકારનું લક્ષણ એ રાગાદિ, ચેતનનું લક્ષણ જ્ઞાન. એવા નિયત-નિશ્ચય-સાચા **'સ્વલક્ષણોના વિભાગમાં...'** બેના લક્ષણોના જુદાપણામાં **'પડનારી પ્રજ્ઞા વડે...'** જ્ઞાનની પર્યાય તે અંતરમાં વાળતા. જુઓ! એ વાળતાનો અર્થ તો એ તો એમ કહેવાય. લ્યો, આમાં કીધું ને વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે. જ્ઞાયકને પકડતાં જે પર્યાય થાય તે પ્રજ્ઞા વિભાગમાં રાગ અને જ્ઞાન વચ્ચે પડી વચમાં. જ્ઞાનની ઉત્પત્તિમાં જે રાગની ઉત્પત્તિ હતી તે જ જ્ઞાનની પર્યાયને એટલે જ્ઞાનને અંતર વાળ્યું. વાળ્યુંનો અર્થ શું? જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ અને પર ઉપર લક્ષવાળી હતી તે પર્યાયને વાળે છે? એનો અર્થ કે જે જ્ઞાન લક્ષણવાળું ચૈતન્ય છે તેને લક્ષણ દ્વારા અંતરમાં જઈને રાગથી અને આત્માને વિભાગ પાડનારી પ્રજ્ઞા છે એમ કહે છે.

ભેદજ્ઞાન. કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિ વડે. આવે છે ને? બીજી ગાથામાં નહિ? કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિ વડે. રાગથી ભિન્ન જ્ઞાનને પાડીને અંતરમાં જઈને. આત્માના જ્ઞાનસ્વરૂપ જ્ઞેયને પકડીને અનુભવ કરે છે તે સ્વસમયરૂપ પરિણતિપણાને

પામે છે. સમજાણું કાંઈ?

**'જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી...'** એમ છે ને? વહેંચણીમાં પડનારી. જુદાપણું કરવામાં પડનારી. **'પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** લ્યો, આ વડે જ્ઞાની થયો એમ કહે છે. આટલા શાસ્ત્ર ભણ્યો અને આટલા આ કર્યા અને આટલી ક્રિયા કરી રાગની મંદતાની ઘણી, મહિના-મહિનાના અપવાસ કર્યા (એટલે) જ્ઞાની થયો એમ ન કહ્યું. પોતાનો આત્મસ્વભાવ ચૈતન્ય લક્ષણે લક્ષિત થાય એવો, વિકાર રાગ લક્ષણે જણાય એવો, બેની વચ્ચે પડનારી પ્રજ્ઞા દ્વારા જ્ઞાનને લક્ષણે લક્ષિત કરતાં.

કઈ પર્યાયના લક્ષણે કરવી? ઉઘડેલી વર્તમાન છે એના લક્ષણે લક્ષ લેવું? કહેવાય શું પણ? એમ કહે છે કે વસ્તુ જે આમ વસ્તુ છે. આ જ્ઞાનલક્ષણ એમ જ્યાં પકડ્યું. એ પર્યાય પહેલી હતી નહિ. એ આમ પર્યાય અંદર દ્રવ્યની સાથે અભેદ થઈ. એ પર્યાય રાગ અને આત્મા વચ્ચે ભેદ પાડનારી છે એમ કહેવામાં આવે છે. જે જ્ઞાનની પર્યાય રાગ સાથે એકપણે માનીને પરિણમી હતી એ તો પરસમય છે. સમજાણું કાંઈ? જે જ્ઞાન પરજ્ઞેયને, રાગને અને પુણ્યને જાણતું પરિણમે છે એ તો મિથ્યાજ્ઞાન અને પરસમય વસ્તુ છે. ત્યાં તો પરસમય એટલે એકલું મિથ્યાત્વ લીધું છે. ઓલા કહે કે નહિ, પરસમય બારમા સુધી હોય, ઓલા કહે, અહીં સુધી હોય. અરે.. ભગવાન! કઈ અપેક્ષા છે? કઈ અપેક્ષાએ વાત છે? ...

એ ચર્ચા ચાલી હતી ત્યાં કોટામાં. રતનચંદજી સાથે. ભાઈની. જુગલકિશોર છે. પંડિત કોટામાં નહિ આપણા? જુગલજી બહુ હુશિયાર માણસ. ઠંડો માણસ જરી. બે-ચાર દિ' બોલાવ્યા હશે. .. આણે કીધું, સ્વસમય આ કહેવાય. ઓલો કહે નહિ. પરસમય બારમા ગુણસ્થાન સુધી હોય છે. એ... વાંધા ઉઠાવે. પણ કઈ અપેક્ષા કહીએ છીએ? અહીં પરસમય તો અહીં લીધું છે કે આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપને ભૂલી આત્મતત્ત્વથી ચ્યુત થઈને એમ છે ને કાંઈક? ભ્રષ્ટ થઈને. નહિ? બીજી ગાથા. જુઓને! આ બીજી છે ને લ્યોને. આત્મતત્ત્વથી. જુઓ. બીજી-બીજી. અહીં ગુજરાતીમાં ૯ પાને છે.

**'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...'** આ ગુજરાતી છે હોં! નવમું પાનું. નવમું. નવાનું નવમું પાનું. એ નહિ, એ જૂનું છે. એ બીજી ગાથાનો પાછલો ભાગ લ્યોને. બીજી ગાથાનો. **'સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત**

**હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' મહાસિદ્ધાંત. ભગવાન આત્મા પોતાની શ્રદ્ધા-જ્ઞાનમાં ઠરે છે ત્યારે પોતે પરિણમે છે અને પરિણમે છે. થાય છે, જ્ઞાનરૂપે જાણે છે અને પરિણમે છે. તેથી તેને સ્વસમય કહેવામાં આવે છે.

'**પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી...**' હવે જુઓ! અહીં તો ત્યાંથી વાત લીધી. '**જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે મોહ તેના ઉદય અનુસાર...**' મોહ નહિ, ઉદય અનુસાર હોં! મોહને લઈને. મોહ છે એના ઉદયને અનુસારે '**પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...**' એ વિકારને એક કાળમાં જાણતો. પરને જાણતો એમ કીધું છે. એકપણે એક કાળમાં જાણતો અને રાગાદિ રૂપ પરિણમતો '**એવો તે પરસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' લ્યો! પરદ્રવ્યનું જ્ઞાન ક્યાંથી આવ્યું? પણ એ જ્ઞાન પરદ્રવ્યનું જાણવું છે એને. સ્વનું નથી. સમજાણું કાંઈ? જ્ઞાન પરને જાણતું પરિણમે છે. રાગ-દ્વેષાદિ એને જાણતું પરિણમે છે તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? વાત ઝીણી. પણ હવે તો બધી ઝીણી પકડવી પડશે કે નહિ?

અહીં તો કહે છે, બે વચ્ચે પડનારી પ્રજ્ઞા વડે. અહીં તો ઈ આવ્યું. એટલે ભેદજ્ઞાન જ્યોતિથી. અહીં મોક્ષ છે ને? કેવળજ્ઞાન ઉત્પન્ન કરવામાં બે વચ્ચે પડનારી ભેદજ્ઞાન જ્યોતિ. પ્રજ્ઞા. '**તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...**' લ્યો! તે તો એક જ્ઞાનમય ભાવ ભગવાન આત્મા તેને જ પોતાનો જાણે છે. અને એ રીતે અનુભવે છે. તેને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૫, બુધવાર તા. ૧૮-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૫, ગાથા-૩૦૦, પ્રવચન-૩૬૯**

સમયસાર. મોક્ષ અધિકાર.

'**ટીકા :- જે (પુરુષ)...**' એટલે આત્મા. '**પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...**' શું કહે છે? જે કોઈ આત્મા પર અને પોતે. પોતે એટલે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપ અને પર એટલે પુણ્ય-પાપના વિકલ્પ આદિ, વિકાર આદિ આત્માના સ્વભાવ સાથે નહિ મળતા એવા વિકારી ભાવો. '**જે પુરુષ પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં...**' બેના લક્ષણોના ભિન્નથી જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા. લ્યો! '**પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...**' ધર્મી થાય.

આત્મા આનંદ ચૈતન્યધામ જ્ઞાયકમૂર્તિ એ એનો ત્રિકાળી ભાવ-સ્વભાવ અને વિકાર આદિ એ પરલક્ષી વસ્તુ એ ચૈતન્યના જ્ઞાન સ્વભાવમાં મળી શકે નહિ, મેળ ખાય નહિ એવા એ ભાવો છે. તેથી તેને ભિન્ન પાડીને પોતાના જ્ઞાનને અનુભવે તે જ્ઞાની થાય, તે ધર્મી થાય. સમજાણું કાંઈ?

'**તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...**' જરી સામાન્ય હતું એટલે ખુલાસો કરે છે. એકલો જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. આનંદ એવો ચિદ્દ્ઘન સ્વભાવ વસ્તુ, જેની હયાતીમાં જેની વિદ્યમાનતામાં પર જણાય છે, પર જણાય છે અને પરને જાણે છે. એવું જાણનાર ચૈતન્ય તત્ત્વ તે હું છું. '**અને બાકીના સર્વ ભાવોને...**' જ્ઞાનના લક્ષણથી લક્ષિત થતો આત્મા એના સિવાય બીજા ભાવો '**પારકા જાણે છે.**' એટલે પોતામાં એને મેળવતો નથી.

'**આવું જાણતો થકો પરભાવોને આ મારા છે એમ કેમ કહે?**' ધર્મી પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવ સિવાય વિકલ્પ આદિ મારા છે એમ કેમ પોતે અનુભવે? ભાષા કહે છે (એમ છે). સમજાણું કાંઈ? જ્ઞાન ધામ ભગવાન જ્ઞાયકભાવસ્વરૂપ એનો અનુભવ કરનાર અને રાગથી ભિન્ન પાડનાર એવો ભેદજ્ઞાની આત્મા એ પરને મારું કેમ કહે? એટલે કે પરને પોતામાં કેમ અનુભવે? સમજાણું કાંઈ? કહો, શેઠી! '**(ન જ કહે;)...**' એટલે ન જ અનુભવે. કહેવાની તો ભાષા લીધી છે. પણ વસ્તુ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન દળ, એવો જે હું અને રાગ એ મારા નહિ એમ જે ભેદજ્ઞાનથી જ્ઞાની થયો. એમ કહે છે. એ પોતાના ચિન્મય આત્મા સિવાય, જ્ઞાનાનંદના સ્વભાવ સિવાય પરભાવને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતામાં કેમ અનુભવે? એટલે કે પરભાવને પોતામાં કેમ મેળવે? એટલે કે પરભાવમાં પોતાને કેમ જોડે? સમજાણું કાંઈ? લ્યો, આ મોક્ષમાર્ગની ક્રિયા. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- અલૌકિક!

ઉત્તર :- અલૌકિક છે?

ભગવાન આત્મા જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, અસંખ્ય પ્રદેશી ચૈતન્યરૂપ એવું જેનું સ્વરૂપ. એવું જ્યાં અંતર પુણ્ય-પાપના રાગથી, વિકલ્પથી, વ્યવહારથી ભેદ પાડીને પોતાનું ભેદજ્ઞાન થયું તે પોતાના રાગાદિને કેમ અનુભવે? સમજાય છે કાંઈ? '**કારણકે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.**' એ સિદ્ધાંત વિશેષ નાખ્યો. કેમ કે પરભાવોને. '**પરને અને પોતાને નિશ્ચયથી...**' એટલે શું કહ્યું? કે પુણ્ય-પાપના વિકલ્પ, શરીરાદિ અને ભગવાન આત્મા એને સ્વસ્વામીસંબંધનો અંતરમાં અસંભવ છે.

અહીં પહેલું કીધું ને કે પારકા જાણે એ પોતાના કેમ અનુભવે? ત્યારે કહે છે કે એ પોતાના સ્વ છે જ નહિ. પુણ્ય અને પાપની લાગણી થાય, વિકલ્પો ઉઠે તે સ્વ નથી કે જેથી એનો એ સ્વામી હોય. ચૈતન્ય જેનું, જ્ઞાનાનંદ જેનું સ્વ છે એનો એ સ્વામી છે. પરને અને પોતાને ખરેખર સ્વસ્વામિસંબંધનો અસંભવ છે. આહાહા..! ભારે!

ભગવાન આત્મા જેનામાં જ્ઞાન ને આનંદ ને શાંતિ જાણે એકલું શાંતિ ને આનંદ અને જ્ઞાનનું તત્ત્વ રસકંદ આત્મા, એવો આત્મા પરના રાગ, પુણ્ય-પાપનો વિકલ્પ જે વ્યવહાર આદિ, એ મારા અને હું એનો સ્વામી એવો સંબંધ વચમાં ક્યાં હતો? સમજાણું કાંઈ? કહો, કર્મ મારા, શરીર મારા, પુણ્ય-પાપના ફળ મારા કે પુણ્ય-પાપ મારા એવું સ્વપણું અને એનો આત્મા સ્વામી એવું આત્મામાં છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

'**પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર્મુખ થતાં સ્વભાવના સન્મુખ થતાં, સ્વભાવથી વિમુખ એવા વિકારી, એનું આત્માનું એ તત્ત્વ અને આત્મા એનો સ્વામી એવો સ્વસ્વામીસંબંધ એમાં નથી. સમજાણું કાંઈ? કહે છે ને? આ શરીર મારું અને આ નૃપતિ ને... શું કહે છે? ગૃહપતિ, લક્ષ્મીપતિ, કરોડપતિ ને અબજપતિ. પતિ-પતિ ઘણા થઈ ગયા. પતિ નહિ. વાત એ છે. કોણ પતિ? શેનો ભાઈ? આ કરોડપતિ. ઓળખાવવો હોય તો એવી રીતે ઓળખાય લ્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ શું કહે? ત્યારે એમ કહે કે ભાઈ આ કરોડપતિ માણસ છે. કહેવાય છે. કહે છે તો એમ પણ કહે, એમાં શું છે? આ રાજા થાય છે. શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આરે.. આરે.. એટલે એમ કે એ નથી એમ સમજવું. એ રાજા છે અને પૈસાનો કરોડપતિ છે એટલે કે એ કરોડપતિ નથી. ..ની છે. આહાહા..! વસ્તુ પણ જુઓને વસ્તુ. સમજાણું?

આ શબ્દ વાંચ્યો હતો. ઊર્ધ્વતા. ઊર્ધ્વતાનો આજ. ઊર્ધ્વતા આવે છે ને? શ્રીમદ્‌માં. છે તો ભાઈ બનારસીદાસનું. એનો અર્થ કર્યો છે. જેની અવિદ્યમાનતામાં આ જણાય એમ કેમ બને? જાણનારના અવિદ્યમાનપણામાં આ જણાય, આ.. આ... આ... એમ કેમ બને? અને જેની વિદ્યમાનતામાં આ જણાય એ જાણનારો જણાનાર ચીજથી ભિન્ન છે. જણાય છે એનાથી ભિન્ન ભગવાન છે. જેની વિદ્યમાનતામાં આ રાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે, વ્યવહાર છે, એ ચૈતન્યના પ્રકાશની વિદ્યમાનતામાં આ છે એમ જણાય છે. એ મારું છે એમ જણાતું નથી. સમજાય છે કાંઈ? જેમ આ સૂર્ય ચંદ્રમા અનંત અનંત પ્રકાશની મૂર્તિ એ જેના પ્રકાશમાં પ્રકાશે એવો જે ચૈતન્ય, જેના પ્રકાશમા પ્રકાશે એટલે જણાય એવું જે ચૈતન્યધામ. એના ધામમાં એ રાગ ને પુણ્ય ને આ પ્રકાશ આદિ કાંઈ નથી. સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહે છે કે જેને વ્યવહાર કહીએ, વ્યવહાર રત્નત્રય કહીએ જેને, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો રાગ વિકલ્પ છે એ. અને શાસ્ત્રનું ભણતર એ પણ એક વિકલ્પ છે. કહે છે કે એ પર છે. એ સ્વ છે અને એનો સ્વામી છે એ બેનો સંબંધ જ નથી. આહાહા..! અહીં તો મોક્ષમાર્ગની વાત કરે છે ને. સમજાય છે કાંઈ? અમે દયા પાળી, અમે ભક્તિ કરી. ભાઈ! એ વિકલ્પ છે એ સ્વસ્વામીસંબંધ આત્મા સાથે નથી એમ કહે છે. આહાહા..! જે સ્વસ્વામી સંબંધ હોય એ અભેદ વસ્તુની સાથે મળતી, મેળવણી. સમજાય છે. મેળ-મેળ શબ્દ વાપર્યો છે ઓલામાં. આમાં છે ને આ સિદ્ધાંતો? સિદ્ધાંતો આવે છે ને આ? એવું વાપર્યું છે. મળતા નથી. મળતા નથી એટલે શું? મેળ ખાતો નથી. એમ. મેળ ખાતો નથી. .. આ સિદ્ધાંત આવે છે ને? સિદ્ધાંત? કેટલામી ગાથા છે?

મુમુક્ષુ :- ૮૫.

ઉત્તર :- ૮૫. ... એ શુદ્ધ ચૈતન્ય સાથે અણમળતા છે. ભાષા એ ત્રણ વાર વાપરી છે. મેળ ખાતો નથી. મૂળ તો એમ કહે છે. સમજાય છે? અણમળતા છે, સાથે મળતા નથી. ચૈતન્ય લક્ષણ સાથે મળતા નથી એમ ત્રણ વાર કીધું. એનો અર્થ શું છે? મૂળ તો અહીં કહેવું છે કે જે પરભાવ વિકલ્પાદિ ઉઠે છે એને અને જ્ઞાન સ્વભાવને કાંઈ મેળ જ નથી. બે ચીજ જ ભિન્ન છે. સમજાણું કાંઈ આમાં?

'**કારણ કે...**' પરભાવોને એ મારા અનુભવતો નથી એનું કારણ? એમ કહે છે. કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ભલે એમ લીધું પણ અનુભવતો નથી એનું કારણ? **'કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામિસંબંધનો અસંભવ છે.'** વ્યવહારે એમ બોલવામાં આવે. સમજાય છે? પણ વસ્તુસ્થિતિ એમ નથી. વ્યવહારે અમારે વ્યવહાર તો રાખવો પડે ને? વ્યવહાર તો કરવો પડે ને? વ્યવહાર એટલે વિકલ્પ હોં! બહારની ચીજ એમ નહિ. ખરેખર બોલે છે એવો ભાવ નથી અંદર. ભગવાન ચૈતન્ય સચેત વસ્તુ જાગૃત વસ્તુ છે, જાગૃત વસ્તુ છે એમાં એ અજાગૃત ભાવો પુણ્ય-પાપના વિકલ્પો વ્યવહાર તે અજાગૃત ભાવ છે. આહાહા..! અજાગૃત કહો, એ સ્વરૂપથી ભિન્ન અજ્ઞાન કહો, અજીવ કહો, જડ કહો, અણમળતા કહો કે પર કહો. સમજાય છે કાંઈ? આહાહા..! હજી અહીં શરીરની ક્રિયા હું કરું એમ માને. આહાહા..!

અહીં તો આવ્યું નહોતું સવારમાં? શરીર ને વાણી હું કરતો નથી, મારું કારણ નથી, મારા કારણ વિના એ થયા છે. જુઓને! કેટલું આવ્યું હતું સ્વાધ્યાયમાં. હવે શું કરતા હશે એનો અર્થ ભાઈ! ઉપાદાનથી કહે છે. પણ ઉપાદાનનો અર્થ શું? આ ઉપાદાન આનું અને એ ઉપાદાન એનું. નિમિત્ત કારણનો અર્થ શું? આવી વસ્તુ છે. શરીર અને વાણી એનો હું કર્તા નથી અને એનું હું કારણ નથી. મારા કર્તા અને કારણ વિના તે થઈ રહ્યા છે. મારી હયાતી વિના એને કારણે એ થઈ રહ્યા છે. એની હયાતીથી થઈ રહ્યા છે. એમ ખરેખર વ્યવહાર પણ મારી હયાતી વિના એને કારણે થાય છે. એમ છે લ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય જ્યોત અરૂપી જ્ઞાનદળ ઘન. એમ ને એમ સમય સમયથી અનંત કાળ જુઓ તો એમ ને એમ ચાલ્યું આવે છે. એમ ને એમ છે. પર્યાયમાં ફેરફાર (થાય છે), વસ્તુ તો છે એ છે. એવી વસ્તુની દૃષ્ટિ પરથી ભિન્ન થઈને ભેદજ્ઞાન અને જ્ઞાની થયો ત્યારે વાત કરે છે ને? જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પરનો સ્વામી થતો નથી. કેમ કે પર છે તે સ્વ હોય તો એનો સ્વામી થાય. પર તે સ્વ નથી. સ્વ તે સ્વ છે. સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો જ્ઞાની એને પોતાનું સ્વ માનતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- પોતાનું છે જ નહિ?

ઉત્તર :- ક્યાં છે? હોય તો નીકળી કેમ જાય? નીકળી જાય એ એના કેમ હોય? લોકો નથી કહેતા કે ભાઈ મારા દીકરો હોય તો મારો દુશ્મન કેમ થાય? એમ કહે છે. .. ધોકેને સામે? મારો દીકરો નથી ભાઈ.

મુમુક્ષુ :- એ હોય તોય ના પાડે.

ઉત્તર :- એ છે તો કે દિ'? આહાહા..! રાગ હતો રાગ. આહાહા..! અરે..! ક્યાં એને? ક્યાં એને ખબર (છે)? નહોતો દાખલો નહોતો આપ્યો એક? કાલે જ આપ્યો હતો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છોકરો મરી ગયો એક વીસ વર્ષનો. બૈરા રોવા માંડ્યા બહુ. ધણી બિચારો .. પછી બહુ રોવા માંડ્યા. પછી ઠાઠડીએ બાંધવા માંડ્યા. ઠાઠડી સમજો છો? ઠાઠડી. બાંધવા માંડ્યા. એની મા. ત્યારે ધણી કહે કે આપણે પેટી કરાવીએ સુતાર પાસે. એમાં રાખીએ. કહે, ના. ત્યારે શું છે? બાળવા દેવો નથી, રાખવો નથી છે શું તારે હવે?

મુમુક્ષુ :- પાછી ઘરમાં ભૂતડું થઈ જાય.

ઉત્તર :- એ તો વળી ત્રીજી વાત છે પછી. અહીં તો ફક્ત... ભૂતડું તો પછી. આ તો આને રાખવો છે કે નહિ? બાળવા દેવો છે કે નહિ? કહે, ના. આમ પકડી રાખે. મારો દીકરો... મારો દીકરો... મારો દીકરો. હવે શું કરવું છે પણ તારે? કે આપણે પેટી રાખીએ લાકડાની અને એમાં રાખીએ તો? એ કેમ રખાય? ત્યાં એ છોકરો આવ્યો વ્યંતર થઈને. નાની ઉંમર ને. મરી ગયેલો વૈરાગ્ય થયો. તરત વ્યંતર થઈને તરત આવ્યો. કહે બા! શું કરવા રડો છો બહુ? આ હું તમારો દીકરો છું લ્યો. કહો, તમારી ઉંમર છે ૫૦ વર્ષની. ૭૦, ૮૦ તમે ક્યાં સુધી આમાં શરીર.. હું તમને બતાવું હું તમારો દીકરો જુઓ! અહીં ફલાણું... ફલાણું... ફલાણું... ના. ના. પણ આ હું આત્મા છું કહું તો કે ઈ નહિ. શરીર નહિ. તો કરવું છે શું તારે હવે? શેઠી! ભાઈસાહેબ તમને વહેમ પડે છે. ઓલો વ્યંતર થયેલો પછી એના પરિણામ કાંઈક ઠીક થયા ને થોડા. ભાઈ! આહાહા..! શુભભાવ થયેલાને દેવ થયો. આ બહુ એકદમ યાદ આવ્યું. આવ્યો બહુ યુવાન અવસ્થા અને માતા-પિતા.. રોવો નહિ બા, બહુ ન રોવો. કાં તો બાળી મૂકો શરીરને અને કાં તો હું એ જ છું. તમારો દીકરો છું. જુઓ! આ બધું બતાવું. તો હું આવું આ શરીરમાં. તમે કહો એટલું રહું. પણ એ અમારે પછી બીક લાગે. પણ તારે શું કરવું છે તારે? શેઠી! આત્મા કહો તો રાખવો નથી, શરીર કહો તો રાખવું નથી, બાળવું નથી ને રાખવું નથી. હવે કરવું છે શું પણ તારે? મોહના ગાંડા. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક ઠેકાણે એવું બન્યું હતું. કોક પકડે. સમજ્યાને? બાળવા ન દે. સાથે બળું... સાથે બળું... એમ કરવા માંડે. ડોસો. પછી ઓલા ગામના ડાહ્યા માણસ કહે, ત્યારે છૂટો મૂકો હવે. પકડ્યો રહેતો નથી ત્યારે જ્યાં છૂટ્યો મૂક્યો ઊભો રહ્યો બળતામાં. પડ્યો નહિ અંદર. પડું જાણે. ઓલા બળે છોકરાની જુવાનની? પકડી રાખે ને દોડે. પણ હવે આ માનતો નથી. છોડ ત્યારે. જ્યાં છોડે. કાંઈ પડ્યો નહિ, ઊભો રહ્યો નીચે. એ બનેલું છે. આ તો બનેલું છે. ઓલું બનેલું છે હોં એક ઠેકાણે. એ જૂની વાત છે. કોના તારા? કોના મારા? બાપા! તને ખબર નથી, ભાઈ! તારું હોય એ જુદું રહે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ અહીં તો ત્યાં સુધી કહે છે, ભાઈ! આમ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે ને પ્રભુ! એ જ્ઞાનલક્ષણે જ્યાં વસ્તુને વસ્તુ તરીકે જ્યાં વાળી અંદર, ઉપયોગ અંદર વાળ્યો. સમજાય છે? એવો અર્થ ક્યાંક આવે છે, હોં! ઉપયોગ વાળ્યો. ઉપયોગ વાળે એમ જ કહેવાય ને. બાકી પર્યાય છે ઉપયોગ આમ છે. એ તો ભાષા તો એમ કહેવાયને. આમ જે હતું એ આમ વાળ્યું. હવે એમાં રાગ સાથે આવતો નથી એટલે રાગનો અનુભવ નથી. માટે રાગ તેનો અને તેનો એ સ્વામી વ્યવહાર. આ (રાગ) આત્માનો અને આત્મા એનો સ્વામી એ વસ્તુના સ્વરૂપમાં નથી. એમ કહે છે. આહાહા..! છોકરા ને બાયડીયું ક્યાંય રહી ગયા તારા. હતા કે દિ' મારા? એ તો ક્યાંના ક્યાં બિચારા રખડતા રખડતા પરિણમતા પરિણમતા અહીં આવીને ઊભા છે. એ તો એને કારણે ઊભા છે. એ કાંઈ તારે કારણે ઊભા છે? અહીં હીરાભાઈ આવ્યા છે એને ઘરેથી. આહાહા..!

કહે છે, અહીં તો બે વાત કરી, જે પરલક્ષણે લક્ષિત જાણ્યું વિકાર આદિ અને સ્વલક્ષણે જાણ્યો આત્મા. એવા બે વચ્ચે પડનારી પ્રજ્ઞા વડે કરી ભેદજ્ઞાની થયો એ હવે પરને પોતામાં કેમ અનુભવે? કેમ કે પરને અને પોતાને સ્વસ્વામી સંબંધનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે, સર્વથા ચિદ્દ્ભાવ જ (એક) ગ્રહણ કરવા યોગ્ય છે,...**' લ્યો! આ કારણે સ્વસ્વામી સંબંધનો પરની સાથે વ્યવહાર સાથે. ચૈતન્યના જ્ઞાયકભાવના લક્ષણે લક્ષિત થઈને જે ભેદજ્ઞાન થયું એવા ધર્મીને રાગના વ્યવહાર સાથે સ્વસ્વામીસંબંધનો અભાવ હોવાને કારણે. '**સર્વથા...**' જુઓ! ભાષા પાછી જુઓ અહીં. '**સર્વથા ચિદ્દ્ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...**' જુઓ! સર્વથા શબ્દ પડ્યો છે. છે ને અંદર? '**सर्वे एव भावाः**' સર્વથા. '**अतः सर्वथा**' ભાઈ! કથંચિત્ રાખો વ્યવહાર અને કથંચિત્ રાખો આત્મા નિશ્ચય. એમ છે? કેટલું સિદ્ધ કર્યું છે જુઓને!

ભગવાન! તું વસ્તુ છો કે નહિ? પ્રભુ! તારામાં તો જ્ઞાન અને આનંદ આખું દળ છે. આ રજકણો આ જડ તો સાધારણ. કાણાવાળા, છિદ્રવાળા, ભેદવાળા, ભિન્ન ભિન્ન રહેનારા આ તો અનંત પડ્યા છે. ઓલું તો અભેદ તત્ત્વ ચિદાનંદ એકરૂપ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? આત્મા-ભગવાન આત્મા જ્યાં રાગથી પાછો વળી અને સ્વભાવમાં એકાગ્ર થઈને ભેદજ્ઞાન થયું એ ધર્મી જીવ વ્યવહારને પોતાના કેમ માને? એટલે કે વ્યવહારને પોતાના કેમ અનુભવે? એટલે કે વ્યવહાર મારો છે એમ એનો સ્વામી કેમ થાય? એટલે કે સર્વથા ચિદ્દ્ભાવ જ અનુભવવા લાયક છે. એનો સરવાળો કર્યો. આહાહા..! લ્યો, આ મોક્ષનો માર્ગ. મોક્ષ અધિકાર છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'સર્વથા ચિદ્દભાવ જ...'** એકલો જ્ઞાન. શુભઉપયોગ એ ચિદ્દભાવ હશે? મોક્ષમાર્ગ છે એમ કહે છે ને? સમ્યગ્દર્શન-જ્ઞાન.. શુભભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ છે. શુભભાવમાં સંવર-નિર્જરાનો અંશ છે. અરે.. ભગવાન! એ શુભભાવ તો પરલક્ષી વૃત્તિ. એ એનું સ્વ નથી, એનો એ આત્મા સ્વામી નથી, એનો એ પરલક્ષણે લક્ષિતનો એ ધણી થતો નથી. એને કેમ અનુભવે? આહાહા..!

**'સર્વથા ચિદ્દભાવ જ...'** જ્ઞાનભાવ જ, જ્ઞાયકભાવ જ. એમ. એકલો જ્ઞાયકભાવ જે વસ્તુ ચિદાનંદ પ્રભુ. એક નાખ્યું. ચિદ્દભાવ છે ને ઓલો નહિ એટલે એક. **'ચિદ્દભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** એટલે કે અંતર અનુભવવા યોગ્ય છે. એક જ્ઞાયકભાવ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરલક્ષણના રહિત સ્વલક્ષણે લક્ષિત થયેલો એવો આત્મા તે એકલો અનુભવવા લાયક છે. **'બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે...'** લ્યો ઠીક! બાકીના વ્યવહારાદિ વિકલ્પો દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આદરવા લાયક નથી. જુઓ! ત્યાં તેથી કેટલું મૂક્યું? **'એવો સિદ્ધાંત છે.'** એમ મૂક્યું જુઓ. શબ્દ છે ને મૂળ પાઠમાં? **'इति सिद्धान्तः'**. જુઓ! ટીકામાં નાખવું પડ્યું અમૃતચંદ્રાચાર્યને. આ સિદ્ધાંત છે. આ સિદ્ધ-ધર્મનું સિદ્ધ સ્વરૂપ આવું છે. તાત્પર્ય આવું છે. ઓલું સિદ્ધાંત .. સિદ્ધાંતવાળું છે ને? ભાઈ! ઓલો સિદ્ધાંતવાળો છે ને શ્લોક? એટલે એનું સિદ્ધાંત ત્યાં નાખી દીધું. એનો ઉપોદ્દઘાત કર્યો. એમ છે એ લેવું છે ને. અમૃતચંદ્રાચાર્યની શૈલી એવી છે. ગજબની ટીકાની શૈલી. સમજાણું કાંઈ?

હવે શ્લોક. હવે ભાવાર્થ. **'લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય,...'** બે નાખ્યું. સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય **'તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે.'** ન મેળવે. કો'કની લક્ષ્મી લઈ આવ્યો પાંચ હજાર રૂપિયા. તો પોતાની મૂડીમાં નાખતો હશે? આ છોકરાના લગન હોય અને નાખે ને ડોકમાં હાર-બાર? .. નાખીને ઘોડે ફેરવતો હોય, એને એ દાગીનો મારો છે એમ માનતો હશે?

મુમુક્ષુ :- ડાહ્યો માણસ તો...

ઉત્તર :- એટલે તો કીધું સુબુદ્ધિ. અને પાછો ન્યાયવાળો. બુદ્ધિનો ઉઘાડ પણ ઘણો હોય પણ ન્યાય વિનાનો હોય તો. પણ આ સુબુદ્ધિ અને ન્યાયવાન એમ. સમજ્યા?

**'તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે,...'** ધન આદિ હોં! લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર પરના એ મારા નથી. **'તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે,...'** ધર્મી છે. જેને જ્ઞાનસ્વરૂપ એવો આત્મા જેને હાથ લાગ્યો છે. ભગવાન આનંદ અને જ્ઞાનમૂર્તિ છે એવો જેને આત્મા હાથ લાગ્યો છે. **'તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી,...'** પોતાનાં કરતો નથી. એ બીજાને પોતામાં મેળવીને અનુભવતો નથી. એમ કહે છે.

**'પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.'** એને જ પોતાનો જાણી ગ્રહણ કરે-અનુભવે છે. કહો, ઝીણું તો છે ને ભાઈ! મૂળ આ તો હવે અધિકાર છેલ્લા છે. જુઓને! ચેતના કેટલું ઝીણું આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હં. ભઠ્ઠીમાં જાશું જાશે ભાઈ કહેતા હતા ને. જુગરાજજી. અહીંથી મુંબઈ જાઈએ તો ભઠ્ઠીમાં સમાવા જેવું છે. આ કરો... આ કરો... આ મૂકો... આ લ્યો.. એય.. છોકરા આટલું.. વિકલ્પની જાળું. એય.. મોહનભાઈ! આરે.. આરે..! જગતની ભઠ્ઠી છે ને. ભગવાન તો શાંતિનો કંદ છે. આહાહા..! જેમાં શાંત... શાંત... શાંત... શાંત... શાંત (સ્વભાવ ભરેલો છે). ઉકળાટ, અકળાટ, આકુળતા સ્વરૂપમાં ક્યાં છે? એવા સ્વરૂપને અનુભવવો. લ્યો. એવું ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એને અનુભવવો એ મોક્ષનો માર્ગ છે. વ્યવહારમાં વચ્ચે ઊભો છે એ મોક્ષનો માર્ગ નથી. એને પર જાણીને જુદા પાડે છે અને સ્વ જાણીને સ્વામિ થતો નથી. જુઓ! અહીં વ્યવહાર મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ ન કહ્યો ને કાઢી નાખ્યો. સમજાણું કાંઈ? એનો ન્યાય હવે મૂકે છે. જુઓ!

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**एतेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।**

છે એમ સિદ્ધ કર્યું છે. નવનીતભાઈ આ શ્લોક બોલ્યા હતા હમણાં રસ્તામાં. આ શ્લોક મોઢે કર્યો છે. આ શ્લોક ભારે મૂક્યો છે. મેં કીધું, વાત સાચી ભાઈ. તમને રસ છે તો. કહો, શેઠી! આ શ્લોક છે ને નવનીતભાઈ એમ બોલ્યા હતા. .. હતા ને ભાઈ હતા કે નહિ? ચીમનભાઈ? હતા કે નહિ તમે સવારમાં? ભેગા જ હતા. આ શ્લોક બોલ્યા હતા અને એક શ્લોક ઓલો આત્મભાવ પરભાવ ભિન્નં. ઠીક કીધું.

શું કહે છે? **'શ્લોકાર્થ :- જેમના ચિત્તનું ચારિત્ર...'** એટલે જ્ઞાનનો અભિપ્રાય **'ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે.'** જુઓ! જેમનું જ્ઞાનનું વર્તન ચારિત્ર એટલે. સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન એનું જેનું વર્તન. એ જેનું વર્તન ઉદાત્ત છે. સમજાણું કાંઈ? ઉદાત્તનો અર્થ કાંઈક કર્યો છે આમાં. શું કર્યો છે? મોક્ષ. સિદ્ધાંત.. નહિ? ઉદાત્ત. **'मोक्षार्थिभिः'** ઉદાત્ત. ભાષા શું કરી છે? સંસાર, શરીર, ભોગથી રહિત છે. એમ. એવું કર્યું છે. ઉદાત્ત કર્યું છે ખરુંને? ઉદાત્ત છે. ઉદાત્ત છે એટલે વાસ્તવિક, જેને જતું કરતા આવડે છે. ખોટું છે એ

જતું કરતા આવડે છે. શું કીધું સમજાણું?

'**જેમના ચિત્ત...**' નામ જ્ઞાન સ્વરૂપનું વર્તન. વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનનું વર્તન ઉદાત્ત છે. ઉદાત્ત. જે પરવસ્તુ છે તેને જતી કરીને પોતામાં મેળવતો નથી. એ ઉદાત્ત અને એ ઉદાર છે. સમજાય છે? એ ઉત્તમ છે એમ. ઉત્તમ કહ્યું ને ઓલામાં? '**(-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...**' જેમનું જ્ઞાન ઉચ્ચ છે, જેનું જ્ઞાન ઉજ્જ્વળ છે, જેના જ્ઞાનનું વર્તન ઊંચું છે. ઉદાર છે. ભગવાન જ્ઞાન પોતાની જાતને સંભાળે છે અને પોતાથી પર '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતને સેવન કરો...**' આહાહા..! આ સિદ્ધાંતને સેવન કરો. આ નિર્ણયને આને અનુભવો.

મોક્ષાર્થીઓ. મોક્ષાર્થી, જેને પૂર્ણ આનંદ સુખરૂપ ઉપાદેય છે એવો જેનો અભિપ્રાય છે એવા મોક્ષાર્થીએ. ભગવાન આત્મા..! મોક્ષ એટલે પરમ આનંદનું રૂપ પરિણમવું. એવા પરમ આનંદના પરિણમનનો અભિલાષી જે જીવ છે એ આ સિદ્ધાંતને સેવન કરો. જુઓ! આ અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર મુનિ. એનો સાર છે. આ શ્લોક બહુ ઊંચો છે.

'**આ સિદ્ધાંતને સેવન કરો...**' મોક્ષાર્થીએ કહ્યું છે ને? મોક્ષાર્થી ચોથે ગુણસ્થાનથી બધા મોક્ષાર્થી છે. સમજાણું કાંઈ? આઠમે ગુણસ્થાને મોક્ષાર્થી છે અને આ સિદ્ધાંતને સેવન કરો એમ નથી. પરમાનંદ મૂર્તિ પ્રભુ સુખસ્વરૂપ, એને જેણે ઉપાદેય તરીકે સ્વીકાર્યો છે અને પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ તરફ જેની ધગશ છે એવા મોક્ષાર્થી જીવોએ આ સિદ્ધાંતને સેવન કરો. આ સિદ્ધ-અંત ધર્મનો સાર છે આ. સમજાય છે કાંઈ?

'**કે-હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...**' આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્યમય, ચૈતન્ય જ્ઞાનમય નિર્મળ શુદ્ધ ચૈતન્ય. અટકતું જ્ઞાન એ નહિ. હું તો જ્ઞાયકમાત્ર સ્વભાવવાળો એવો એક પરમ જ્યોતિ જ, એક પરમ જ્યોતિ ત્રિકાળ સદાય છું. સમજાણું કાંઈ? એમાં ચૈતન્યના લગતા અનંતા ગુણો એમાં સાથે આવી ગયા. પણ જ્ઞાનપ્રધાનથી વસ્તુ છે ને? જ્ઞાનથી આખી જણાય છે ને? બીજા ગુણો પણ જ્ઞાનથી જણાય છે. એટલે એકલો શુદ્ધ ચૈતન્યમય આ જ્ઞાયકભાવ એવો હું એક સદા એક છું. કહો, એમાં પુણ્ય-પાપના વિકલ્પ મારા નથી એમ સિદ્ધાંત સેવન કરો એમ કહે છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય હીરો રતન એની એને કિંમત ન મળે. આ ધૂળના શરીર ને હીરા ને માણેક ને મકાન ને અને કાં તો પાપના પરિણામ અને કાં તો પુણ્ય પરિણામ, જે ધૂળ વિકારી મેલ દુઃખરૂપ. એનાથી મને કલ્યાણ થશે અને એ મને સાધન છે. કહે છે કે ભાઈ! છોડી દે એ દૃષ્ટિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય દળ છે ને. જેના દળમાં જેના અભેદમાં, જેના સત્ત્વમાં તો અનંતા સિદ્ધપદ પડ્યા છે એવું એ ચૈતન્ય છે. અરૂપી

એટલે વસ્તુ છે કે નહિ? મહા વસ્તુ છે. અને એ મહા વસ્તુ. આ બધા રજકણો રજકણો તો ઘણાં ભેગા થઈને દળ થયું. ઓલું તો એક અખંડ દળ જ્ઞાનભાવ, દર્શનભાવ, આનંદભાવ એવો પિંડ એવું જે ચૈતન્ય એકલો શુદ્ધ ચૈતન્ય એક પરમ જ્યોતિ. ભાષા જુઓ! જગતની જ્યોતિ છું હું. મને જાણનારી જ્યોતિ. પર જણાય એમાં.

**'સદાય છું;...'** જુઓ! આ સમ્યગ્દર્શની જીવે આ સદાય સેવન કરવું એમ કહે છે. જેની સાચી દૃષ્ટિ થઈ છે અને જેણે ઉદારપણે ઉદાત્ત ઉચ્ચ ઉજ્જ્વળ અભિપ્રાય કર્યો છે. સમજાણું કાંઈ? એનો અર્થ થયો કે ઓલો વ્યવહાર આદિ મારો માને તો તો નીચ છે. એને ઉચ્ચ અભિપ્રાય થયો નથી. એનો ઉજ્જ્વળ અભિપ્રાય નથી, મેલો છે. અને ઉદાર નથી એ તો કંજુસી છે. કો'કની ચીજ છોડતા આવડતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આવી વાતું. કેવું છે આ? હવે આમ શેત્રુંજયની જાત્રા કરવા જાય, પાંચ હજાર આપે, દસ હજાર આપે. ખુશી થાય, બધા દેખે ખરા. લ્યો. એય..! કહો. જુઓ! ૪૭૭૪ બોલે તો માણસને એમ થાય કે ઓહો..! રૂપિયા ઘણા આપ્યા દાનમાં હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમણે આપ્યા છે.

મુમુક્ષુ :- ૭૫૦૦ આપ્યા.

ઉત્તર :- ના, ૪૭૭૪ સવારમાં. હું તો સવારે બોલ્યા એના ઉપરથી કહું છું. ૪૭૭૪. આહારના. ઓહો..! શું છે પણ? એ તો ત્યાં હતી લક્ષ્મી. જ્યાં ક્યાંક જવાની હોય એટલે ત્યાં જાય. એના વિકલ્પથી ગઈ છે એમ પણ નથી. અને વિકલ્પ આવ્યો છે માટે ઓલી લક્ષ્મી ગઈ માટે વિકલ્પ આવ્યો છે, આવવાનો છે એમ પણ નથી. આરે આરે..! ભારે વાતું. ભાઈ! આ પચાસ હજાર અહીં દેવા છે માટે ઓલો વિકલ્પ આવ્યો માટે પચાસ હજાર દેવાની ક્રિયા થઈ. એમ બરાબર છે? જે નોટું અને જે પૈસા ક્ષેત્રાંતર થઈને જ્યાં જવાના છે એ એને કારણે જવાના છે. તારે કારણે નહિ. કહો, મોહનભાઈ! ભારે વાત! આ વિકલ્પ આવ્યો છે એ તારું સ્વરૂપ નથી, એમ કહે છે. આહાહા..!

એ સિદ્ધાંત સેવન કરો કે એ ચીજ તો બહારની તો પર છે પણ જે વિકલ્પ ઉઠ્યો તે પર છે, મારા લક્ષણ સાથે એનો મેળ ખાતો નથી. ચૈતન્યના જ્ઞાનસ્વભાવ સ્વરૂપ આત્મા, એનાથી ભિન્ન લક્ષણવાળા એ રાગાદિ અજ્ઞાન, જડ, અજીવ, જ્ઞાનલક્ષણ ચૈતન્ય સાથે એનો મેળ નથી. તેનું એકરૂપ થતું નથી. બેના લક્ષણો મળતા નથી. બેના લક્ષણો એક થતાં નથી. બેય ભિન્ને ભિન્ન રહે છે. આહાહા..! અહીં તો કહે, વ્યવહારનું લક્ષ .. નિશ્ચય સ્વભાવની એકાગ્રતા લક્ષણ.. આમ છે. સમજાણું કાંઈ?

જેમના જ્ઞાનનું વર્તન ઉદાર, ઉજ્જ્વળ, ઉચ્ચ છે તેવા આત્માર્થીઓ એટલે મોક્ષના અર્થીઓએ આ સિદ્ધાંતને સત્ય તત્ત્વને, સત્યના સારનું સેવન કરવું કે હું તો શુદ્ધ ચૈતન્યમય. જુઓ ચૈતન્યમય! ચૈતન્યવાળો એમ નહિ. '**ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...**' ત્રિકાળ જાણનાર-દેખનાર જ્યોતિ છું. જાણનાર-દેખનાર સિવાય મારા પ્રવાહમાં કોઈ ચીજ આવતી નથી. બહારમાં પ્રવાહો ફરે, વિકલ્પો ફરે એ બધું ફરે, એ બધું મારા સ્વરૂપમાં મને જાણતો, જાણવાના પ્રવાહમાં હું છું. પરમાં છું નહિ.

'**અને તે આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો...**' અને આ જે. પાછા હોં! એ વિદ્યમાન તો બતાવે છે. '**અને તે આ...**' પાછું ઓલું અહીં કીધું હતું ને શું આ? ચૈતન્યમય એક પરમ જ્યોતિ હું. તો આ. છે ખરા બીજા. શુભ રાગાદિ વિકલ્પ રાગાદિ ભાવ-આ. સમજાણું કાંઈ? '**જે ભિન્ન લક્ષણવાળા...**' મારા ચૈતન્ય લક્ષણથી, મારું જાણવું... જાણન-દેખન લક્ષણથી એ રાગાદિના લક્ષણ સ્વરૂપ તદ્દન મારા લક્ષણથી મેળ વિનાના પર છે. મારું લક્ષણ અને એનું લક્ષણ બે એક નથી. એક નથી એટલે મળતું આવતું નથી. કો'કને નથી કહેતા કે ભાઈ! આ ચીજ મારી નથી હોં! આ મારું નથી. આ કપડું મારું નથી. આવ્યું હતું ને? .. એ કપડું મારું નથી. એમાં મારા જે લક્ષણો છે એમાં એ નથી. મેં નામ લખ્યું હતું ફલાણું-ફલાણું. લખે છે ને કાંઈક? એમ.બી. ફલાણું અહીં પાછળ લખે. કોટમાં પાછળ. મણિલાલ ફલાણા ઢીકણા ફીંકણા. એ નથી હોં. એ અક્ષર રેળાઈ ગયા છે. અક્ષર રેળાઈ ગયા છે પણ એ અક્ષર મારા નથી રેળાળા. મારા તો ફલાણા છે.

એમ આ કહે છે કે હું તો ચૈતન્ય લક્ષણવાળો છું ને. જાણનાર શુદ્ધ ચૈતન્યમય છું ને. અને આ મારા લક્ષણથી જુદા લક્ષણવાળા બેનું ક્યાંય એકપણું મેળ જ ખાતું નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? દૂધમાં છાશ નાખે તો મેળ ખાય? પ્રેમચંદભાઈ ગયા ડોક્ટર? ગયા હશે. કહો, સમજાણું આમાં? આ વ્યવહારથી નિશ્ચય થાય એ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- બેય ના પાડે છે.

ઉત્તર :- પણ અહીં તો ચોખ્ખી ચટ કરીને. એ મારો મેળ જ નથી બેની સાથે.

મુમુક્ષુ :- ક્વોલિટીમાં ફેર છે.

ઉત્તર :- લ્યો! ક્વોલિટી એટલે શું? જાત ફેર છે. બરાબર છે. જાત ફેર છે. મારી જાત ચૈતન્ય લક્ષણે દેખાય એવી છે. એની જાત તો વિકાર લક્ષણે દેખાય એવી છે. બેનો મેળ ક્યાં છે? વ્યવહાર અને નિશ્ચયનો મેળ ક્યાં છે? એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? કહો, સોભાગમલજી! આ વ્યવહારનો નિષેધ કરે છે.

મુમુક્ષુ :- સાચું કહે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- સાચું કહે છે? વ્યવહાર ધર્મ નથી એમ કહે છે. જેટલો વિકલ્પ ઉઠે છે દયા, દાન, ભક્તિ, વ્રત આદિની વૃત્તિ એ વ્યવહાર મારું લક્ષણ જ નથી. મારી ચીજ સાથે મેળ ખાતો નથી. એમ કહે છે. આહાહા..! બે છે તે બે ભિન્ન લક્ષણે અને બે ભાવ ભિન્ન ભાવે રહે છે એમ કહે છે. બે લક્ષણ ભિન્ન તો બે ભિન્ન ભાવે રહે છે એમ કહે છે. આહાહા..! આહાહા..! કહો, જયકુમારજી! વાંધા-ઝઘડા ઉઠે. એઈ..! આમ કહે છે. સમયસારથી આમ કહે છે, ફલાણાથી આમ કહે છે. હવે ફલાણું-ફલાણું બધું આ છે જે છે ઈ. સમયસારમાં આમ કહે છે. બીજામાં પાછું બીજું કહ્યું છે. એમ. આનું ખોટું કરીને બીજું કહ્યું હોય?

મુમુક્ષુ :- એ તો વળી આમાંથી જ કહે છે, જુઓ! કર્મથી થાય.. કર્મથી થાય.

ઉત્તર :- એ વળી કર્મથી. હું તો હજી વ્યવહારની વાત કરે છે. એમ કે ચરણાનુયોગમાં વ્યવહારથી ધર્મ થાય કીધું છે. આ વ્યવહાર છે. ભાઈ! ત્યાં પણ નથી કહ્યું. સાંભળને. એ તો ત્યાં નિમિત્ત કેવું હોય એને વ્યવહારથી ધર્મ કહીને ઓળખાવ્યું છે. ખરેખર ધર્મ નથી. ચરણાનુયોગમાં જેટલા વિકલ્પ અને વર્તનની વાતું કરી એ બધો આત્મસ્વભાવ નથી. આહાહા..! પણ આ છે ખરા. વ્યવહાર છે ખરો. પણ બે એક નથી. બેના લક્ષણ એક નથી. એટલે છે તો સિદ્ધ કર્યું. જેમ ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત છે. અને નિશ્ચયના કાર્ય કાળમાં વ્યવહાર ભિન્ન ચીજ છે. પણ એને લઈને અહીં છે, આમાં એ મેળ ખાય છે, એ વ્યવહાર સાધન થઈને કાર્ય થાય (એમ નથી). અહીં અંતર્મુખ થઈને કાર્ય કરવાનું (છે અને) ઓલી બહિર્મુખની લાગણીઓ છે. સમજાણું કાંઈ?

આમ હોય તો ધર્મ નહિ રહે. બહાર જુવાનિયા એક તો ફાટી ગયા છે એમાં વળી આવું કહેશો તો જુવાનીયા.. એય..! નવલચંદભાઈ એમ કહે લોકોને. અરે..! ભગવાન! સત્ય કહેતા હોય એ અસત્ય સત્ય થતું હશે ક્યાંય? કાંઈક સમજતો ખરો. સત્ય જ્ઞાન, સત્ય શ્રદ્ધા, સત્ય વાણી. એમાંથી અસત્ય થતાં હશે ક્યાંય? સમજ તો ખરો. કેમ અજીતપ્રસાદજી! આ જુવાન માણસ એમ કે બહુ છે અને જુઓ આવું કહેશો તો પાછા દેવદર્શન પણ મૂકી દેશે. એમ કહે છે. અરે..! ભગવાન! સાંભળને. જેને આવું નિશ્ચયનું ભાન છે એની ભૂમિકામાં વ્યવહાર એવો આવ્યા વિના રહે નહિ. છતાં તેનો બેનો મેળ ખાય નહિ. એક બંધભાવ છે અને એક અબંધભાવ છે એમ કહે છે. આહાહા..! બંધભાવવાળો અબંધભાવ સાથે મેળ શી રીતે ખાય? આહાહા..! શું થાય?

અરે..! આવો અવસર મળ્યો ભગવાન તને ભાઈ! આહાહા..! દુઃખી થઈને હેરાન થઈ ગયો છો અનંત કાળથી. ચોર્યાસીના અવતારમાં કોઈ એને ક્યાંય પાંજરાપોળ નથી, કોઈ શરણ નથી. એને કોઈ સાંભળે એવું નથી. રણમાં રુદન કોઈ સાંભળે? અહીં પડ્યો હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તોપણ.. પૈસા, મકાન, મા-બાપ બેઠા હોય, નાની ઉંમર બધા લ્યો. અને આ ટળવળતો હોય એકલો. બધી દવાઓ કરી, હવે દવા નથી લાગુ પડતી. ડોક્ટર છેલ્લે કહે છે હવે લાગુ નથી પડતી. એની સ્થિતિ હવે કલાક, બે કલાકની. હાય.. હાય...! એમ કહે ડોક્ટર ખાનગી હોં કો'કને. હવે કલાક, બે કલાક. હેં! વીસ વર્ષનો લોઢો, બે વર્ષનું પરણેતર, આ પૈસાનો માલિક. એકનો એક ચાલ્યો જાય. પણ ચાલ્યો જાય તો ક્યાં તારો હતો તો રહે ન્યાં? આહાહા..! એને કારણે પરિવર્તન કરતાં તે ક્ષેત્રે આવવાનો એનો સમય છે એટલે તે ક્ષેત્રે આવ્યો હતો. એ ક્ષેત્રાંતર થઈને બીજો ક્ષેત્રાંતર શરીરનો અને આત્માનો થવાનો છે એ કાળ ફરી ગયો છે એનો. આહાહા..!

'**આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના...**' પાછો એક પ્રકાર નથી લેવોને. વિવિધ પ્રકારના વિકલ્પો ઘણી જાતના છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કોમળતા, .. અરે..! સમજ્યાને? બીજાને સમજાવવા માટે વિકલ્પની જાત .. પ્રકારના ઘણાં પ્રકાર. એ બધા '**વિવિધ પ્રકારના...**' અનેક પ્રકારના જે વિકલ્પોની જાત ભાવ છે એ '**પ્રગટ થાય છે...**' '**समुल्लसन्ति**' કહ્યું છે ને? '**समुल्लसन्ति**'-પ્રગટ થાય છે. થાય છે કહે છે. વસ્તુ ચૈતન્ય લક્ષણે લક્ષિત એવો ભગવાન આત્મા જ્ઞાની થયો છતાં, જ્ઞાની થયો છતાં એવા પર્યાયમાં આવા ભાવો પરભાવ ઉત્પન્ન થાય છે. '**समुल्लसन्ति**' એમ કહ્યું ને? સમ્યક્ પ્રકારે. બરાબર ઉત્પન્ન થાય એમ કહે છે. ખરેખર ઉત્પન્ન થાય છે. એમ નથી કે નથી ઉત્પન્ન થતાં. આહાહા..! આહાહા..!

ભાઈ! તારી નજરું નિધાનમાં ન જાય અને આવા પામરના વિકલ્પ ઉપર નજર પડીને એને હિતકર માન, ભાઈ! તારા ઉદ્ધાર કે દિ' થશે? એ જુદો ક્યારે પડશે? અને જુદો પડ્યા વિના મરવા ટાણે હાય.. હાય.. (કરશે). આહાહા..! એ જુદો પાડ્યો હશે એને છૂટો પડીને એમ ને એમ ચાલ્યો જશે. સમજાય છે કાંઈ? પણ જેણે જુદો પાડ્યો નથી, જુદો માન્યો નથી એને જુઓને. ભાઈ! એ ભીંસાઈ જશે. સમજાય છે?

શ્રીમદ્‌માં એકવાર આવે છે. અરે..! હમણાં ઉપાધિનો ભીડો બહુ છે. એવો એક પત્ર આવે છે. ભીડો શબ્દ વાપર્યો હોં! આમ દેશી ભાષા. ઉપાધિનો ભીડો. ભીડો સમજો છો? બહુ ભીડ-ભીડ. ઘણા માણસો.. ધંધો... હા.. હા... ભીડો ઉપાધિનો ઘણો છે. પણ અમે અસંગ ચૈતન્ય છે તે અમારું ભૂલાતું નથી. ઉપાધિના ભીડામાં પણ અમે ભીંસાતા નથી એમ કહે છે. લક્ષ્મીના પ્રસંગમાં વેપારની લાઈનમાં ઘણો ભીડો આવ્યો દેખાય આમ. પણ હું ઘેરાયેલો નથી. હું એ ભીડામાં આવ્યો નથી. હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું. મારી જાત તો જાણનાર-દેખનાર એ મારી જાત છે. આ વિકલ્પો અને આ કાંઈ મારી જાતના નથી. કહો,

સમજાય છે કાંઈ? લોકોને લાગે ઊંચું, લાગે આકરું પણ છે એ સાચું. આ વિના એનો નિવેડો આવે એવો નથી. સમજાણું કાંઈ?

એ મળતા નથી, મેળવાળા નથી, એકરૂપ નથી, ભિન્ન ભાવે છે, લક્ષણ જુદા છે. ભગવાન આત્મા હું ચૈતન્ય સ્વરૂપ છું. રાગાદિ જ્ઞાનની જાતથી બીજી જાત છે. હું જ્ઞાનસ્વરૂપ જીવ છું. એ રાગાદિ ભાવ તે જીવ સ્વભાવથી અજીવ સ્વભાવવાળા છે. ઉત્પન્ન થાય છે. સમજાય છે? એ ચૈતન્ય સ્વભાવ છું હું. ત્યારે રાગાદિ બધા જડ સ્વભાવે ઉત્પન્ન થાય છે. આ તો પોતાના કાર્ય કરવાની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આ કોઈને કાંઈ બતાવે કે દેખે એવું નથી. અને બીજો કરે એને બીજો કરનારને ભળાય નહિ ઓલો શું કરે છે અંદર? સમજાય છે કાંઈ?

'**આ જે ભિન્ન લક્ષણવાળા...**' ભાષા કેટલી કરી છે! '**एते ये तु**' એમ છે ને? '**ये तु समुल्लसन्ति**' ઓહોહો..! આચાર્યની શબ્દની શ્રૃંખલા પણ કોઈ ઊભી થઈ છે! વિકલ્પો માત્ર નિમિત્ત છે. '**અને તે આ જે ભિન્ન લક્ષણવાળા...**' મારો ભગવાન ચૈતન્ય લક્ષણે લક્ષિત એની મહિમા એમાં છે અને ભિન્ન લક્ષણવાળા રાગની, પુણ્યની મારામાં મહિમા નથી. મારામાં એની મહિમા નથી. આહાહા..! એવા '**વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...**' ઉત્પન્ન થાય છે. પર્યાયમાં વિકલ્પોની જાત ઊભી થાય છે. પણ મારા લક્ષણથી તે ભિન્ન લક્ષણની જાત છે, માટે તે મારા એમ હું અનુભવતો નથી. '**તે હું નથી,...**' તે હું નથી. કહો, સમજાણું? મારે ને એને ક્યાંય શેઢે-સીમાડે એકપણું નથી. આપણે કહે છે ને? નહિ? શેઢે સીમાડે ભાઈ મારે ને એને મેળ નથી. શેઢો-સીમાડો છે ને? જમીન હોય છે ને જમીન? એનો સીમાડો હોય છે ને સીમા-મર્યાદા? આ ક્ષેત્રની આ મર્યાદા, આ ક્ષેત્રની આ મર્યાદા. અમારે ને એને શેઢે-સીમાડે ક્યાંય ભેગું નથી. ... ત્યાં પણ ભેગા નથી. ક્યાંનો ક્યાંય એનો સીમાડો જુદો અને મારો સીમાડો જુદો એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું?

ભગવાન આત્મા ચૈતન્યના આનંદના શાંતિના લક્ષણે ભગવાન જાગ્યો. કહે છે કે એ જાગૃતમાં આ અજાગૃત ભાવ એ બધા મારા નથી. એ અજાગૃત ભાવ-અંધારા-મારામાં ન હોય. એ ચૈતન્યના પ્રકાશના નૂરમાં અંધારા કેવા? આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**તે હું નથી,...**' ઉત્પન્ન થાય તે હું નથી. હું તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકભાવ છું. એમ ધર્મીએ પોતાના આત્માને અનુભવવો. આમ છે. કહો, સમજાણું કાંઈ?

'**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' ભાષા જુઓ! સમજાય છે? એ બધા પર. આ વિકલ્પ દયા, દાન, વિકલ્પ વૃત્તિ ઉત્પન્ન થાય પણ એ મારે માટે પરદ્રવ્ય છે એમ કહે છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! પર્યાયથી થાય. સ્વભાવ સન્મુખ જેટલો થયો છું .. એથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાકી રહ્યું એટલો આમ ઉત્પન્ન થાય, હોય પણ સ્વદ્રવ્યના લક્ષણે લક્ષિત એવા ચૈતન્યને અનુભવતો આ બધા પરદ્રવ્ય છે. મારી સાથે અંદરમાં વળતા નથી, આવતા નથી, ભેગા નથી, મળતા નથી. મારી અને એની બેયની મર્યાદા તદ્દન જુદી છે. આહાહા..! આવા સિદ્ધાંતનું સેવન કરો એમ કહે છે. સમજાય છે? દુનિયા કોઈ સાથે નહિ આવે. દુનિયા છેડે નહિ બંધાય. આ વ્યવહાર છેડે નહિ બંધાય તો બીજો ક્યો છેડે બંધાશે? આહાહા..!

‘**તે બધાય મને પરદ્રવ્ય છે.**’ આહાહા..! એક જ સ્વદ્રવ્ય આ. એ વિકલ્પ વ્યવહારરત્નત્રય એ પરદ્રવ્ય છે એમ કહે છે અહીં તો. કેટલા પ્રકારે જુદું પાડ્યું છે, જુઓને! સમજાણું કાંઈ? એવો ભગવાન ચૈતન્ય હું એનો અનુભવ કર. આ બધા પરદ્રવ્ય છે. એ હો. જાણવા લાયક છે. આદરવા લાયક નથી. આવું અનુભવવું એનું નામ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૧, ગુરુવાર તા. ૧૯-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૬, ગાથા-૩૦૧ થી ૩૦૩, પ્રવચન-૩૭૦**

મોક્ષ અધિકાર. સમયસાર. ૧૮૬ કળશ છે.

**परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।**
**बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।।१८६।।**

શું કહે છે? મોક્ષની ટૂંકી વાર્તા મોક્ષમાર્ગની.

'**શ્લોકાર્થ :- જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે...**' એટલે આત્મા જ્ઞાયક ચૈતન્ય આનંદસ્વરૂપ છે, એનાથી વિરૂદ્ધના જેટલા પુણ્ય-પાપના વિકલ્પો ને વિકાર રાગ છે, એ પોતાના માનીને અનુભવે છે તે ગુનેગાર '**અપરાધી છે...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ ઈ છે.

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક દ્રવ્ય છે વસ્તુ. નિજ સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક આનંદ છે. એને અંતર્મુખ સ્વભાવનો આદર ન કરતા બહિર્મુખથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવમાં પોતાપણે માની અને તેમાં અનુભવે, તેને અનુભવે છે એ બંધાય છે, અપરાધી છે, ગુનેગાર છે. કહો, શેઠી!

આત્મા ચૈતન્યસ્વરૂપ વસ્તુ (છે). એ તો સવારમાં ઘણું આવ્યું હતું. ત્યાં એ અજીવનો અધિકાર હતો. આ મોક્ષનો છે. જે અજીવ છે એટલે કે ચૈતન્યના સ્વરૂપમાં આનંદસ્વરૂપમાં, જ્ઞાયકસ્વરૂપમાં નથી. એટલે કે જીવ નથી. એ પુણ્ય અને પાપ આદિ ભાવો બધા વિકલ્પો એ જીવ સ્વરૂપ નથી. આત્મસ્વભાવ નથી. એથી તેને પોતાના સ્વભાવ માને, આ મારા સ્વભાવ છે અને એ મને લાભદાયક છે અથવા એ મારા માનીને અંતરમાં સ્વસ્વભાવને ભૂલીને એને પુણ્ય-પાપને અનુભવે-વેદે એ અપરાધી છે, ગુનેગાર છે, તે બંધમાં નવા કર્મ નવા મિથ્યાત્વ આદિ બંધમાં પડે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

બહુ ટૂંકો છે. મોક્ષ મોક્ષ છે ને? મોક્ષ કેમ થાય? અને મોક્ષની વિરૂદ્ધ બંધ કેમ થાય? આત્મદ્રવ્ય છે એ ચૈતન્યદ્રવ્ય છે. જાણનાર-દેખનાર, આનંદ, શાંતિ અને અનેક શુદ્ધ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એને પોતાને પરથી ભિન્નપણે ન અનુભવતાં પોતાને પર કરીને એટલે ભિન્ન કરીને, રાગથી ભિન્ન કરીને રાગને પોતાને અનુભવે. એકલા રાગને, પુણ્યને અનુભવે તે અપરાધી છે. ગ્રહણ કરે નો અર્થ પરદ્રવ્યને અનુભવે છે. અશુદ્ધ રાગાદિ, મલિન પરિણામ

પુણ્ય-પાપના છે તે પરદ્રવ્ય છે, તેને પોતાના માનીને તે અનુભવે છે એ અપરાધી છે. '**તેથી બંધમાં પડે છે.**' તેથી નવા મિથ્યાત્વાદિ દર્શનમોહના બંધમાં તે પડે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ટૂંકી વ્યાખ્યા છે.

ઉત્તર :- બહુ ટૂંકી અને ઘણી મીઠી, સીધી. કહો, સમજાણું આમાં?

'**અને જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે...**' ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્ય શુદ્ધ એમાં સંવૃત નામ અંતર(મગ્ન) રહેલ છે. સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરીને અંતરમાં મગ્ન છે, ગુપ્ત છે, મગ્ન છે. સંતુષ્ટ છે. એમ સંવૃત શબ્દના આટલા અર્થ છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ આત્મા આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો રસ છે. એવો આત્મા અંતરમાં પોતાના આનંદમાં સંતુષ્ટ ને મગ્ન ને તૃપ્ત થઈને રહે છે તે '**પરદ્રવ્યને ગ્રહતો નથી...**' એ શુભ-અશુભ રાગ જે દુઃખરૂપ છે એને પોતાના માનીને વેદતો નથી. સમજાય છે કાંઈ?

'**એવો યતિ...**' શબ્દ છે ને? યતિ. '**નિરપરાધી છે...**' તે આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને જતના કરીને અનુભવતો, જેની જયણા શુદ્ધ ચૈતન્ય છે તેની જયણા-જતના એમાં અપૂર્વ ભાવ જાણી અને પર રાગાદિને પોતાના માનીને અનુભવતો નથી તે નિરપરાધી છે. બહુ ટૂંકી વ્યાખ્યા. તે નિરપરાધી છે. તે ગુનેગાર નથી. '**તેથી બંધાતો નથી.**' સમજાણું કાંઈ? તેથી તેને બંધ થતો નથી.

**'હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :-'**

**थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।**
**मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।।३०१।।**
**जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।**
**ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।।३०२।।**
**एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।**
**जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।३०३।।**

નીચે હરિગીત.

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.**
**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.**
**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉ' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉ' એમ નિઃશંક છે. ૩૦૩.**

'**ટીકા :- જેમ આ જગતમાં જે પુરુષ,...**' દૃષ્ટાંત આપે છે. '**જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...**' પરદ્રવ્યનું ગ્રહણ એવું જે લક્ષણ એવો અપરાધ. એમ. પરનું ગ્રહણ કરવું એ જ એનું લક્ષણ અપરાધનું છે. એમ. આ ચોર-ચોર. '**તેને જ બંધની શંકા થાય છે...**' સમજાણું? એને બંધની શંકા. મને કો'ક પકડશે? મેં આ ચોરી કરી છે એટલે કોઈ મને પકડવા આવ્યા લાગે છે? સમજાણું? પકડશે? એમ શંકા થાય છે.

'**અને જે અપરાધ કરતો નથી...**' જે ગુનો કરતો નથી, અપરાધ કરતો નથી, ચોરી કરતો નથી '**તેને બંધની શંકા થતી નથી,...**' એને કોઈ ફોજદાર-બોજદાર બોલાવવા આવે, પોલીસ આવે તો એને એમ થતું નથી કે આ મને પકડશે. ગમે તે કોઈ કારણ મારી સલાહ લેવા કે એવા કારણ માટે આવ્યા હશે. કારણ કે એ નિઃશંક છે. તેથી બંધન નથી. મેં ચોરી કરી નથી, હું ગુનેગાર નથી. એટલે કદાચિત ફોજદાર તરફથી પોલીસ આવે. જુઓને. સમજાણું? એક પોલીસ આવ્યો હતો ને હમણાં? ફલાણાને મળવું છે. કોણ હતું? ધીરૂભાઈ તમારા. એ પોલીસ આવ્યો હતો મારી પાસે. હું ત્યાં બેઠો હતો ને પોલીસ આવ્યો એકદમ સાઈકલ (લઈને). કહે, ધીરૂભાઈ ક્યાં છે? હું તો સમજ્યો કે નક્કી એનું કોઈક માણસ હશે. મળવું હશે. અમલદાર આવ્યા છે-ઈન્સ્પેક્ટર એમને મળવું છે. ધીરૂભાઈને. ધીરૂભાઈ આમના ભાઈ નહિ? એમને મળવું છે. કારણ કે એને આશા હોય કે સારો માણસ છે તો આપણને કાંઈક (આપશે). પછી મેં કીધું, અહીં તો નથી. પછી ધીરૂભાઈ ગયા મળવા ત્યાં. ત્યારે એ નહોતો એની વહુ હતી. ભાવનગર. પણ એને બોલાવવા આવે તો એને એમ થઈ જાય કે આ પોલીસ આવ્યો છે તો કાંઈક મળવા માટે કામ છે. આપણે કાંઈ ગુનો કર્યો નથી.

મુમુક્ષુ :- કાંઈ બીજું હોય નહિ. ગડબડ હોય તો નક્કી...

ઉત્તર :- ગડબડની એવી કાંઈ ચિંતા નથી.. મુંબઈમાં મળ્યા હતા તે બોલાવવા આવ્યા હશે. કહો, સમજાણું કાંઈ? કાંઈ ચોર્યું હોય ને તો આમ ફડક ફડક થાય અંદરથી. હજી પોલીસ આવ્યો ન હોય. આમ નીકળ્યો હોય. આ મારો .. આવ્યો હશે? એમ ગુનેગારનું હૃદય ડંખે છે અને ગુનેગાર વિનાના માણસને ડંખતું નથી. એ તો દૃષ્ટાંત આપ્યો, હોં!

'**તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...**' ભાષા જુઓ! આત્મા અપરાધીનો અશુદ્ધ કર્યો.

મુમુક્ષુ :- અપરાધીનો અર્થ અશુદ્ધ કર્યો.

ઉત્તર :- અશુદ્ધ કર્યો. શું કહે છે?

આ આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે. આત્મા પોતે અનાકુળ આનંદની મોટી શિલા છે.

આહાહા..! જેમ બરફની શિલા છે ને બરફની શિલા? શિલા કહે છે? પાટ. બરફની પાટ છે ને. પાંચ-પાંચ મણની નથી આવતી? એમ આ શરીર પ્રમાણે આત્મા અતીન્દ્રિય રસ ને આનંદની પાટ છે. એ (પાટ) રૂપી છે, આ અરૂપી છે. એ જડ છે, આ ચૈતન્ય છે. એ ઈન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવી ચીજ છે, આ ઈન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? એવો આ આત્મા ભગવાન આત્મા, જેનું જ્ઞાન અને આનંદ જેનું નિત્ય... નિત્ય... નિત્ય.. અવિનાશી રૂપ છે. એને છોડીને જે અશુદ્ધને વર્તે છે, જે કોઈ પર્યાયમાં પુણ્ય અને પાપ આદિ વિકારી ભાવ, એમાં વર્તે છે, આ શુદ્ધપણામાં ન વર્તતા એ અશુદ્ધમાં વર્તે છે, શરીર મારું આદિ તો ઠીક પણ અંદર પુણ્ય-પાપની અશુદ્ધતા જે કૃત્રિમ છે, ક્ષણિક છે, ઉપાધિ છે, દુઃખરૂપ છે, સ્વરૂપમાં નથી એવી અશુદ્ધતા અશુદ્ધ વર્તતો થકો. બહુ જ ટૂંકામાં બંધ અને મોક્ષની વ્યાખ્યા છે. આહાહા..!

ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનું કાયમનું સ્વરૂપ તેને ભૂલી અને કૃત્રિમ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ તે અશુદ્ધ છે, મેલ છે. એને આત્મા પણ. ઓલામાં દાખલો આપ્યો ને એટલે. '**અશુદ્ધ વર્તતો થકો,...**' એ મલિન પરિણામમાં પરિણમતો થકો. વર્તતો થકો એટલે પરિણમતો થકો. શુભ અને અશુભ રાગના મેલપણે પરિણમે, અશુદ્ધપણે પરિણમતો થકો '**પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...**' આહાહા..! શરીર, વાણી આ તો જડ છે, માટી છે. આની રૂપરેખા બધી જડની છે આમ. એમાં આત્માની કાંઈ નથી. શરીરમાં આત્માનું કાંઈ રૂપરેખા નથી. રૂપેય નથી અને કોઈ લક્ષણ રેખા પણ કાંઈ નથી. તદ્દન એની રૂપરેખા બધી જડ માટીની છે આ તો.

હવે આત્મામાં થતા પુણ્ય અને પાપના વિકલ્પો જે મેલ છે એ સ્વરૂપ ચૈતન્યનું નથી. એ વિકૃત ઉપાધિ ભાવ છે. એને પોતાના માનીને જે અનુભવે છે.. વર્તે છે... વર્તે છે... વર્તે... એમાં વર્તે છે. અહીં શુદ્ધ ભગવાન આત્મામાં અંતર વર્તતો નથી (અને) બહિર્મુખના પરિણામમાં પોતાના માનીને વેદે અને વર્તે છે એ પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ એવો અપરાધ કરે છે. એ રાગ તો પરદ્રવ્યનું ગ્રહણ (છે). (કેમકે) એ પર છે, એને પોતે ગ્રહણ કરે છે એવો જે અપરાધ. આહાહા..!

'**પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...**' એ રાગાદિ પરદ્રવ્ય છે. પુણ્ય-પાપ વિકલ્પ છે એ ખરેખર સ્વ ચૈતન્યના દ્રવ્યનું મૂળ ચીજમાં એ નથી. એ પરદ્રવ્ય ગ્રહણ જેનું લક્ષણ છે. એ પુણ્યાદિના પરિણામ વિકલ્પાદિ એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય ગ્રહણ જેનું લક્ષણ એવો એ અપરાધ છે. આહાહા..! બહુ ઝીણું હોં! આહાહા..! જુગરાજજી!

મુમુક્ષુ :- ... નહિ જાના.

ઉત્તર :- નહિ જાના?

ભગવાન! તું તો ચૈતન્ય છો ને. ભાઈ! તારા સ્વરૂપમાં એકલી શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિનો અદ્ભુત નિધિ! ભગવાન આત્મા એટલે કે એકલો અકષાય વીતરાગી શાંતિરસનો સાગર પ્રભુ આત્મા. જેમાં આકુળતા, ઉકળાટ, અકળામણ એનામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એવા ચૈતન્યના શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પોતાનું જે સ્વરૂપ છે, એને પોતાનો માનીને જે અંતર અનુભવતો નથી, પોતાપણે તેમાં વર્તતો નથી એ પુણ્ય-પાપના વિકલ્પ જે અશુદ્ધ મેલા છે, એમાં પોતાપણે માની જે પરદ્રવ્ય ગ્રહણ જેનું લક્ષણ એવો અપરાધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...'** જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા નથી. તેમ ભગવાન આત્મા પણ અશુદ્ધ વર્તતો થકો, વર્તમાન પર્યાયબુદ્ધિમાં શુભ અને અશુભ રાગાદિ અને શરીરાદિ મારા એવી માન્યતા, આ લક્ષ્મી મારી, શરીર મારું, આ મારા, આ મારા. સંસાર, શરીર ને ભોગ એ ત્રણેય આકુળતા છે. સંસાર આકુળસ્વરૂપ છે, ભોગ આકુળસ્વરૂપ છે, શરીર પર સ્વરૂપ છે. એ ત્રણમાં ત્રણને પોતાના માનીને જે અંતરમાં અશુદ્ધ મલિનપણે વર્તે, પરિણમે, અનુભવે તે પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે. એ અશુદ્ધભાવ તે પરદ્રવ્ય છે અને પરદ્રવ્યનો અનુભવ તેથી પરદ્રવ્યનું જે ગ્રહણ થયું એ પરદ્રવ્યનો અનુભવ જેનું લક્ષણ એવો એ અપરાધ કરે છે. આહાહા..! ન્યાલભાઈ! ગજબની વાત છે! જગતને આકરી પડે. ઓલા બિચારાએ કહ્યું હતું, એ દયા તો ધર્મ છે હોં! અરે..! તમે દયામાં ધર્મ ના પાડો. મિથ્યાત્વ (છે). તમે કહો કે દયામાં પુણ્ય છે અને પુણ્યને ધર્મ માને તો મિથ્યાત્વ. અમે કહીએ કે દયાને ધર્મ ન માનીએ તો મિથ્યાત્વ છે. વાહ ભગવાન! પણ ઈ પણ છે ને. એમ જ હોય ને. પ્રભુ સર્વગુણસંપન્ન (હોવા છતાં) અપલક્ષણનો પાર ન મળે ને. આહાહા..!

ભાઈ! તને ખબર નથી. તું કેવડો? ક્યાં? કેમ છો? એની તને ખબર નથી. સમજાણું? ભાઈ! તું કેવડો? ક્યાં? આત્મામાં. કેવડો? અસંખ્ય પ્રદેશી. કેવો? અનંત ગુણનું ધામ. જેમાં એકલી શાંતિ અવિકારી, અકષાય સ્વભાવ સ્વરૂપ આખું તત્ત્વ આત્મા. એને ભૂલીને પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ શુભ છે એને પોતાના માનીને (એમાં) વર્તે છે, અનુભવે છે-વેદે છે-એ પરદ્રવ્યનું ગ્રહણ એવો જે ગુનો અપરાધ તેને અહીંયાં અપરાધ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો કાં સ્વને અનુભવે અને કાં એકાંત પરને અનુભવે. બે વાત છે અહીં તો. બસ. સમજાણું કાંઈ? પકડાય છે ને? જયેશભાઈ! ત્યાં વાંચન ચાલે છે ને? આહાહા..! એ વાત અત્યારે સાંભળવી મુશ્કેલ પડે જગતને. પરમ સત્ય વીતરાગનું

કહેલું, કેવળજ્ઞાનીનું કહેલું નીતરતું સત્ય છે. આહાહા..! ભગવાન! તું તે કાંઈ અશુદ્ધ (હોય)? એ કાંઈ તારું સ્વરૂપ? તારું રૂપ? તારી રેખા? તારો ભાવ? તારા લક્ષણ છે એ કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

આ શરીર-બરીર તો ક્યાંય રહી ગયા. ભગવાન! એ તો જડ છે ને. એ તો માટીના ચિતરામણ. સવારે આવ્યું હતું ને? ઓહોહો..! એ પુણ્ય અને પાપની વિકલ્પની લાગણીઓ પ્રભુ! એ તો પુદ્ગલનું ચિતરામણ હોં! એ ચૈતન્યના ચિતરામણ નહિ. ભગવાન આના ચિતરામણ તો આનંદ અને શાંતિથી ઉત્પન્ન થાય એ એનું કાર્ય છે. આહાહા..!

કહે છે, ભાઈ! શાંતિથી તું સાંભળ. ધીરેથી તું જો. સત્‌ને જે રીતે છે તેને તું સ્વીકાર. ભગવાન આત્મા એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને અંતરમાં અનુભવ અને એની સંભાળ ન કરતાં એને ન જોતાં, એને ન અનુભવતાં, એની પ્રતીત ન કરતા, એને નહિ સંભાળતા, એકલો કૃત્રિમ પુણ્ય અને પાપનો ભાવ તેને સંભાળતો, તેને અનુભવતો, તેને વેદતો, તેમાં વર્તતો એ પરદ્રવ્યને ગ્રહણ કર્યું. એવો પરદ્રવ્યના ગ્રહણનું લક્ષણ જેને છે એવું તે અપરાધનું સ્વરૂપ છે. આહાહા..! કહો. ઓલા રાડ નાખે. ભગવાન! રાડ ન નાખ પ્રભુ! આહાહા..! તારી ચીજમાં શું ખામી છે? શું ખોટ છે? શું અપૂર્ણ છે? કે જેથી તને વિકારનો અનુભવ કરવાનું મન થાય છે? સમજાણું? તારી સત્તામાં હોવાપણામાં શું ઓછું છે? તારા સત્તાના હોવાપણામાં શું ઓછું છે અને શું નથી? આહાહા..! એ બધું પૂરું છે અને બધા ગુણો છે. ભાઈ! એને તું મૂકી દઈ અને આ વ્યભિચાર પુણ્ય-પાપના વિકલ્પો જે નિમિત્તના લક્ષે વ્યભિચાર ઉત્પન્ન થયેલો એમાં વર્તે, વ્યભિચારમાં વર્તે છે એ જ પરદ્રવ્ય ગ્રહણ જેનું લક્ષણ એવો તે અપરાધ કરે છે. આહાહા..! એ વીતરાગી સંતોની કથની તો જુઓ! સમજાણું કાંઈ?

'**એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...**' એટલે શું કહે છે? એને એમ થાય છે કે અરે..! મને સંસાર અનંત રખડવું પડશે. એવો મને બંધ થાય છે. હું બંધાઉં છું, હું બંધાઉં છું, હું બંધાઉં છું. એ પરદ્રવ્યને પકડીને અનુભવે છે તેને શંકા- બંધાઉં છું એમ થાય છે. તેને તેનો સંદેહ રહ્યા કરે છે કે રખડીશ, નક્કી રખડીશ, મરીશ. અવતારમાં રખડીશ હું. સમજાણું કાંઈ?

'**તેને જ બંધની શંકા થાય છે...**' એટલે? અરે..! અનંત અનંત સંસારના ભવ. ક્યાં જઈશ? ક્યાં રખડીશ? કેમ કે એને અશુદ્ધતાના વેદનમાં એ જ સંદેહ છે કે નક્કી હું ક્યાક રખડીશ હોં. મરીશ ક્યાંક. ચોર્યાસીના અવતારમાં બંધાઉં છું. એવી શંકા, વિકાર જે પરવસ્તુ છે તેને પોતાની માનીને વેદે છે, અનુભવે છે, માને છે એવા અપરાધ કરનારને બંધની શંકા થાય છે એટલે બંધાય છે. એમ કહે છે. આહાહા..! બહુ ટૂંકું અને ઘણું સરસ.

બંધનું સ્વરૂપ પણ બતાવવાની વિધિ અને રીત. મોક્ષ સામે આ બંધ. કહો, સમજાય છે કાંઈ?

'**અને જે શુદ્ધ વર્તતો થકો...**' જુઓ! ભગવાન આત્મા. આઠ વર્ષની બાલિકા શરીરપણે હો, આત્માપણે એ છે નહિ. એ બાલિકા હોય અને વિકલ્પાદિ ઉઠતા હો, તોપણ એ પણે હું નથી હોં! એ હું જ્યાં છું ત્યાં વિકલ્પ નથી, જ્યાં વિકલ્પ છે ત્યાં હું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે '**જે શુદ્ધ વર્તતો થકો...**' જ્ઞાન, ચૈતન્ય જ્યોત પ્રભુ અનાકુળ શાંતરસનો પિંડ એવો હું શુદ્ધ ચૈતન્ય એમાં વર્તતો થકો, તેનો આશ્રય કરીને તેમાં વર્તતો થકો, સમ્યગ્દષ્ટિ શુદ્ધ ચૈતન્યમાં વર્તતો થકો એમ કહે છે. આહાહા..! મિથ્યાદષ્ટિ અશુદ્ધ પરિણામમાં વર્તતો થકો બંધાય છે, શંકા પડે છે, .. કરે છે તે બંધાય છે.

સમ્યગ્દષ્ટિ જીવ '**શુદ્ધ વર્તતો થકો...**' ચૈતન્ય જ્ઞાયક મારું સ્વરૂપ, આનંદ મારું રૂપ, સ્વચ્છતાનો સાગર પ્રભુ હું, એવો શુદ્ધ સ્વરૂપમાં અંતર્મુખમાં દૃષ્ટિ કરી અંતર્મુખ ચૈતન્યમાં વર્તતો થકો, અંતર્મુખમાં પરિણતિ કરતો થકો, અંતર્મુખમાં અવસ્થાને અવલંબીને પરિણમતો થકો '**અપરાધ કરતો નથી...**' કહો, સમજાણું કાંઈ? આવી ધર્મની વ્યાખ્યા! એય..! અમરચંદભાઈ! આવી વ્યાખ્યા કેવી! કહો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મીઠાઈ છે. વાત સાચી. દિવાળીની મીઠાઈ છે આ. હમણાં એક છોકરો પૂછતો હતો કે દિવાળી એટલે શું? કાલે સાંજે પૂછતો હતો નહિ? દિ' જેણે વાળ્યો તે દિવાળી છે ભાઈ! પોતાનો સ્વકાળ, દિવસ જે સ્વકાળ એને શુદ્ધમાં વાળીને વર્ત્યો તેને દિવાળી છે. સમજાય છે કાંઈ? અને જેને વર્તમાન દશામાં વિકારમાં વર્ત્યો એને દરરોજ હોળી છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે... આમ તો ભગવાન મોક્ષ પધાર્યા એ દિવાળી છે. એનો અર્થ થયો ને મોક્ષની પર્યાય પૂર્ણ કરી દીધી. સ્વકાળને શુદ્ધતામાં પૂર્ણ કરી દીધો. આહાહા..! ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એના સ્વકાળમાં ભરપાઈ કરી દીધી પૂરી. આહાહા..! વર્તમાન પર્યાયમાં ભગવાને ભરપાઈ પૂરી કરી દીધી. સંસાર નાશ કરીને મોક્ષ પર્યાય પૂર્ણ કરી દીધી. આહાહા..! સમજાય છે કાંઈ? એને દિવાળી કહેવામાં આવે છે. અરે..! ભગવાન! ધીરો થઈને સમજવું, ભાઈ! એ વસ્તુ તે કેવી છે અને વસ્તુનું વિપરીતપણું તે કેવું છે. એને જોયા-જાણ્યા વિના અદ્ધરથી શાસ્ત્રોના અર્થ કરવા માંડે અને શાસ્ત્રો આમ કહે છે.. આમ કહે છે. ભાઈ! શાસ્ત્રો આમ કહે છે એ શું કહે છે? એ વિકારમાં વર્તનારને ગુનેગાર કહે છે અને સ્વભાવમાં વર્તનારને નિરપરાધી નિઃશંક આત્મા કહે છે. આહાહા..! ભાઈ! તું શાસ્ત્રને જો. એમાંથી આ કાઢ. એ

કાઢતા અંદરમાં જા તો આત્મા નીકળશે. નહિતર નીકળશે નહિ. જ્યાં-ત્યાં ગોત્યા કરે. એ ભગવાને આમ કીધું છે ને. જુઓ! પરની દયાથી ધર્મ થાય. ભાઈ! તું પરદયાના વિકલ્પમાં અટવાઈ જઈશ. ત્યાં તું હાથ નહિ આવ. ત્યાં હાથ આવે એવો એ માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? તારી દયા કર, ભાઈ! તું તારી દયા કર. આહાહા..! જુઓ!

**'જે શુદ્ધ વર્તતો થકો...'** આત્મા પવિત્રનું આનંદધામ ભગવાન ધ્રુવ સત્ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એને દૃષ્ટિમાં લઈને એમાં શુદ્ધપણે વર્તતો થકો, એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામે પરિણમતો થકો, આ મોક્ષનું કારણ બતાવે છે. સમજાય છે કાંઈ? પહેલી એની રીત શું છે એ પહેલી એણે સમજવામાં લેવી જોઈએ. એ સમજ્યા વિના રસ્તા ક્યાંથી નીકળશે? ઓહો..! ચોર્યાસીના અવતાર મોટા .. .. પડી છે વાત. એય..! ચાલ્યા જાય છે રખડવા. દેહ છોડીને રખડવા જાય. ક્યાં જાશે? ક્યાંય પત્તો નથી, ભાઈ! અહીં ભર્યા ઘરમાંથી નીકળે એમ કહે પણ જાશે રખડવામાં ક્યાં? આહાહા..! એ રખડવાના અંત લાવવા હોય તો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ કર એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આમ થઈ શકે છે, આમ થઈ શકવા યોગ્ય જ આત્મા છે. એમ કહે છે. આ મોક્ષનો અધિકાર છે.

એ શુદ્ધમાં વર્તી શકે એવું એનું સ્વરૂપ છે. અશુદ્ધમાં વર્તે એવું એનું સ્વરૂપ નથી. નથી ને માનીને વર્તે છે એ સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જે શુદ્ધ વર્તતો થકો...'** બહુ ટૂંકી ભાષામાં ઘણા જ ગંભીર ભાવો ભર્યા છે. ત્યારે આ જુઓને દિલ્હીવાળા રોકાણા છે ને. આહાહા..! ભગવાન! કહે છે કે.. ભગવાન કહે છે ભગવાનને હોં! આહાહા..! ભગવાન! તું તો પવિત્ર છો ને પ્રભુ! આ વસ્તુ જે નજરે પડે છે બહારની એ તારામાં ક્યાં છે અને ઈ તું ક્યાં છો? તારામાં તો પ્રભુ! શુદ્ધતા, પવિત્રતા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવા ચૈતન્યના શુદ્ધ પ્રાણભાવથી ભરેલો ભગવાન છે ને ભાઈ! એમાં જે વર્તે છે એટલે એની દૃષ્ટિ કરીને એમાં વર્તે છે તે અપરાધ કરતો નથી, તે ગુનો કરતો નથી. **'તેને બંધની શંકા થતી નથી...'** એને સંસાર મને હશે કેટલું રખડવાનું? એવી શંકા આ ધર્મીને થતી નથી. આહાહા..! હવે એ તે ક્યાંથી બહારથી આવેલી છે ચીજ એ? ક્યાં છે ભાઈ? બહારના વિકલ્પમાં રખડે, અનુભવે તો એ સંસાર મિથ્યાત્વ છે એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

જ્યાં હોંશ કરવી જોઈએ ત્યાં હોંશ કરતો નથી અને જ્યાં હોંશ કરવી ન જોઈએ ત્યાં હોંશ કરે, આ તારા અપલક્ષણ કેટલા? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને શાંતરસની મૂર્તિ પ્રભુ છે ઇ. એવા શાંતરસની મૂર્તિ અરૂપી પ્રભુ, એવા શુદ્ધમાં જે વર્તે છે, એવા શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પ્રવર્તન કરે છે, એવા શુદ્ધ સ્વભાવનું વર્તન કરે. અહીં તો મોક્ષમાર્ગ શુદ્ધ લીધો. આહાહા..! ઓલો વ્યવહાર વિકલ્પ છે એ તો પરદ્રવ્ય છે એમ કહ્યું. બે મોક્ષમાર્ગ ન રહ્યા. આહાહા..!

કહે છે કે '**શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી...**' એને બંધાઉં છું એમ ક્યાં છે? અહીં તો એને છૂટવું છે એમ છે. હું તો મોક્ષના માર્ગપણે પરિણમું છું એમ છે. હું શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એને અવલંબીને જે શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા થઈ એમાં વર્તનારો, શુદ્ધમાં વર્તનારો (છું). વર્તવું છે ને પર્યાય છે એ. શુદ્ધ વર્તતો થકો એમ છે ને? શુદ્ધ તો ત્રિકાળ વસ્તુ છે. પણ એમાં વર્તતો થકો એ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલામાં અશુદ્ધ વર્તતો થકો એ પર્યાય છે એકલી. આ તો ત્રિકાળ ભગવાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન એ શુદ્ધ વર્તતો થકો. એટલે શુદ્ધને લક્ષે, આશ્રયે વર્તમાન પર્યાયમાં શુદ્ધમાં વર્તતો થકો. શુદ્ધ ધ્રુવ ઉપર વર્તતો થકો. શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રપણે વર્તતો થકો અપરાધ કરતો નથી. સમજાણું કાંઈ? છેટું પડતું નથી ને. એય.. ધર્મચંદજી! મોઢા આગળ .. એ જોયા કરતા પહેલા. આમ મોઢા આગળ આવો. બહાર બધા બેઠા છે. મોઢા આગળ આવો. ઘણા બેસે તો પહોળા બેસે. ઓલા બહુ છેટે બહાર બેસવું પડે છે બધાને. નજીક આવો નજીક. નજીક આવો ત્યાંથી. આમ નજીક આવો, જગ્યો ઘણી છે. પાછળ માણસો (છે). સાંભળવું હોય. આવું માંડ આવતું હોય એમાં... સમજાણું કાંઈ?

કહે છે.. ભાષા પાછી કેવી છે? જુઓ! '**એવો નિયમ છે.**' એમ કહે છે. સમજાય છે? સંભવ.. નિયમ ક્યાંથી લીધું? '**न सम्भवतीति नियमः**'. '**न करोति तस्य सा न सम्भवतीति नियमः**' જુઓ! શું કહે છે? આત્મા ચાહે સો ગૃહસ્થાશ્રમમાં હો પણ એ પર્યાયમાં આત્મા નથી. ગૃહસ્થાશ્રમની પર્યાય છે એમાં આત્મા નથી. સમજાય છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનનું ધામ એકલો, એ તો શુદ્ધ છે તેની દૃષ્ટિ કરતાં, તેનું જ્ઞાન કરતાં, તેમાં સ્થિરતા થતાં શુદ્ધ વર્તતો થકો તે '**અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે.**' એવું એનું સ્વરૂપ છે એમ કહે છે. એવું એનું સ્વરૂપ જ એમ છે. નિયમ છે એટલે સિદ્ધાંત જ આમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...**' ભાષા જુઓ. માટે આ સિદ્ધાંતને આવું સ્વરૂપ હોવાને કારણે '**સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...**' શબ્દ 'સર્વથા' મૂક્યો છે. '**માટે સર્વથા સર્વ...**' સર્વથા અને સર્વ. સર્વ પ્રકારે અને સર્વ. કોઈપણ વિકલ્પની

ગંધ જેમાં ન રહે. આહાહા..! એકલો નિર્વિકલ્પ ભગવાન ચૈતન્ય સ્વરૂપ વસ્તુ, એને દૃષ્ટિમાં લઈ '**સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...**' કહો. સમજાણું કાંઈ? કેમ કે પારકા ભાવોનું ગ્રહણ તે અપરાધ છે અને તેથી તેને બંધની શંકા, સંદેહ, મિથ્યાત્વ રહે છે. એ સંદેહ એટલે મિથ્યાત્વ રહે છે. તેથી સંસારમાં રખડશે એવો જ ભાવ એને ઊભો થાય છે. સમજાય છે કાંઈ? બંધાઉં છું એટલે કે આમ બંધાઉં છું એટલે રખડીશ. એમ.

આ કારણે '**સર્વથા સર્વ પારકા ભાવોના...**' ભાઈ! કથંચિત્ પારકો ભાવ થોડો રહ્યો અને થોડો છોડો એમ હશે? અનેકાંત થાય ને તો? અનેકાંતનો એવો અર્થ કરે છે. એ પણ ભગવાન અવળો પડે છે ને આહાહા..! આવો મનુષ્યદેહ માંડ મળ્યો, પ્રભુ! એ ઉજાળવા માટે આ, આત્માને ઉજાળવા માટે ભવ માંડ છે થોડો આ પાંચ-પચાસ, સાંઈઠ (વર્ષ). મૂકને પડતી હવે. આ મારા અને આ તારા. મેં આમ કર્યું હતું અને મારી અપજશ જાશે, આબરૂ જાશે. હવે આબરૂ ગઈ ચોર્યાસીમાં રખડતા તારી. સાંભળને હવે. ક્યાંય નિગોદમાં વેચાણો, બટાટામાં વેચાઈ ગયો. શક્કરકંદમાં .. આહાહા..! અરે..! તારી તને અપજશની ખબર નથી. ભાઈ! તેં અપજશને જ સેવ્યો છે. સમજાણું કાંઈ? એવી ભાષા આવે છે હોં! ભગવતીમાં. ભગવતી સૂત્રમાં .. તત્ત્વ છે ને. અપજશ. પછી એવો અર્થ. એ અપજશને સેવે છે ભાઈ! એમાં તારો જશ નથી. આહાહા..! પુણ્ય-પાપ વિકલ્પો, વિકાર દુઃખરૂપ એ મારા માનીને વેદ એ પ્રભુ તારો અપજશ છે. એમાં તારો જશ નથી. સમજાણું કાંઈ?

'**માટે સર્વથા સર્વ પારકા...**' સર્વ પારકા. ઝાટકીને કાઢી નાખે છે. અંતર્મુખ જો. બહિર્મુખનો કોઈપણ વિકલ્પ છે, જેનાથી તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ પણ પારકો છે. આહાહા..! ઓલા રાડ નાખે .. એ તીર્થંકર પ્રકૃતિ તો મોક્ષ આપે છે. અરે..! આ પુણ્ય તો કેવળજ્ઞાન બનાવે છે અને એને તમે આ (કહો છો). પુણ્યફલા અર્હંતા. અરે.. ભગવાન! શું તું કહે છે? ભાઈ! પુણ્યફળા અરિહંત એ તો બહારના સંયોગની વાત કરી છે. એમાં આત્મા ક્યાં આવ્યો? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવમાં આત્મા ક્યાં આવ્યો? એના બંધમાં ક્યાં આવ્યો? અને એના ફળમાં ક્યાં આવ્યો? પુણ્યફળા અર્હંતા. પુણ્યથી તો અરિહંત પદ મળે છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. '**સર્વથા સર્વ પારકા ભાવો...**' ભાવો છે ને? પારકા ભાવો '**પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને)....**' પરિહાર વડે. '**શુદ્ધ આત્માને ગ્રહણ**

**કરવો,...**' ભગવાન ચૈતન્ય આનંદસ્વરૂપ છે એને અનુભવવો. ગ્રહણ કરવો એટલે અનુભવવો. પણ આવું ન થાય તો અમારે શું કરવું? એમ કેટલાક કહે છે. ભાઈ! ન થાય એમ પહેલેથી કેમ માંડી વાળ્યું? અને આ થાય, વિકાર થાય, મલિનતા થાય, દુઃખ થાય, દુઃખના ફળ થાય. એ થાય કે જે એનામાં નથી. અને એનામાં છે એ ન થાય એ પહેલેથી નકાર કરનાર અંદરમાં જઈ શકશે નહિ. એને ડર લાગે છે. આમ ન થાય. ભગવાન! તું છો ને પ્રભુ! તારામાં પ્રભુતા પૂરી પડી છે ને. તારામાં કઈ ખામી છે અંદર? પણ તેનું સત્ત્વનું સત્‌નું સત્ત્વ એનું એને માહાત્મ્ય ન આવતા, પરના માહાત્મ્યમાં કરી શકું છું, એ કરી શકાય છે, એ ઠીક છે, એ સહેલું છે એમ કરીને સ્વભાવનો અનાદર કરે છે. સમજાણું કાંઈ?

'**સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...**' બહિર્‌લક્ષે ઉત્પન્ન થતાં જે વિકલ્પો છે તેના અભાવ વડે. '**શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય છે તેની સન્મુખ થઈને અનુભવવો એ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ કોઈ ક્રિયાકાંડમાં બહારમાં સમાતો નથી. આહાહા..! લક્ષ્મી ચાંદલો કરવા આવી તો કહે કે હમણાં નહિ.. હમણાં નહિ. આવી વાતું કુંદકુંદાચાર્ય અને સોનગઢની અમને નુકસાન પહોંચાડે. ભગવાન! એમ નથી ભાઈ! નુકસાન પહોંચાડે નહિ. તને પૂરી સ્થિતિ તારી છે તેમ એ બતાવે છે. સમજાણું કાંઈ? દુઃખને રસ્તે પડ્યો હોય અને માને કે સુખને રસ્તે છું. એ કે દિ' પાછો વળે અને કે દિ' એના પાછાના ફળને પામે? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે... કેટલું એક શ્લોકમાં ત્રણમાં. દાખલો બેમાં આપીને સરવાળો એકમાં નાખ્યો. '**एवम्हि सावराहो बज्झामि**' એની વ્યાખ્યા બધી કરી. '**एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।**' '**जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।**' કહે છે કે ભાઈ! જે તું છો, જે તું છો, પુણ્ય-પાપના વિકલ્પો આદિ તું નહિ, તારામાં નહિ. માટે તું છો એવો ચૈતન્ય આનંદ અને જ્ઞાનમૂર્તિ એને દૃષ્ટિમાં લે, એને જ્ઞેય બનાવ, એમાં સ્થિર થા, એનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે? અભ્યાસે શું ન થઈ શકે? જે બહારના અભ્યાસ અનાદિના નથી એવા ઉપાડીને પડ્યો છે અને તે પણ પાછા ક્ષણે ક્ષણે નવા કરે છે. એવું કરે છે અને આ છે એનું કરી શકે નહિ એ એને એક શલ્ય છે અંદર. સમજાણું કાંઈ? આ તો એમ કે મોટી વાત છે. અમને શરૂઆતમાં શું કરવું? એ કહો ને. શરૂઆતનું સીધું અને સત્ય કરવું છે ને? તો શરૂઆતનું તો આ સત્ય છે. આહાહા..!

'**શુદ્ધ આત્માને...**' અનુભવ કરવો. '**કારણ કે એમ થાય ત્યારે જ...**' જુઓ! કારણ કે આમ થાય ત્યારે જ '**નિરપરાધપણું થાય છે.**' આહાહા..! જોયું! ભગવાન આત્મા શુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ પવિત્ર ધ્રુવ, એને અનુભવતાં નિરપરાધપણું સાબિત થાય છે. નહિતર નિરપરાધપણું સાબિત થતું નથી. જુઓ! એમ લીધું. '**શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે...**' જોયું! ભગવાન ચૈતન્યપ્રભુ અંતર્મુખ થઈને પોતાને અનુભવે ત્યારે '**નિરપરાધપણું...**' ત્યારે જ નિરપરાધપણું થાય છે. આહાહા..! એ પાછી .. કરે, એય..! તમે મુમુક્ષુઓ! એ .. રાખીને કુંદકુંદાચાર્ય ચોખ્ખું દયાને ધર્મ કહે છે. તમે એની શ્રદ્ધા .... ભગવાન! તને ખબર નથી ભાઈ! એવા આશય ન હોય. ખૂબ લખે છે અહીંનું. કહો, સમજાણું કાંઈ? તમે એમ નહિ કહો તો અમને કુંદકુંદાચાર્યની શ્રદ્ધા નથી એમ કહી દો. એમ લખ્યું છે. કુંદકુંદાચાર્યની અમને શ્રદ્ધા નથી. દયાને ધર્મ કહે છે એ અમારે માન્ય નથી. અરે..રે..! એય..! જયકુમારજી! આમાં જયનો વિજય કરવા દ્યો. આહાહા..!

મુમુક્ષુ :- એ એક જાતની કળા છે.

ઉત્તર :- એવું લખ્યું છે. કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય અમારે માન્ય છે. કારણ કે એમણે દયામાં ધર્મ કહ્યો છે. અને તમારે માનવો નથી અને એમ કહો છો કે એ અમારા ઉપકારી છે. અને એને અમે માનીએ છીએ. કાઢી નાખો એ. તો લોકોને તમારું ખબર તો પડે કે આ માનતા નથી. એમ લખ્યું છે. એઈ! અરે.. ભગવાન! તું પણ જબરો લાગે છે. ગેઝેટ છે ને? કાંઈક એવું છે. અરે.. પ્રભુ! તું શું કરે છે? ભાઈ! કુંદકુંદાચાર્ય શું કહે છે? ... એ તો શંકા છે, નહિ? નવમે. નવમે પાને. 'આપકો યહ સ્પષ્ટ ઘોષિત કર દેના ચાહિયે કિ શ્રી કુંદકુંદાચાર્યને ગલતી કી હૈ. જીવદયાકો ધર્મ માનના મિથ્યાત્વ નહિ હૈ, સમ્યક્ત્વ હૈ.' અને તમને ન રુચે તો. એમ. 'ઈસ પરિસ્થિતિમેં દો બાતોંમેં-સે શ્રી કાનજીસ્વામી આદિ સોનગઢ કે નેતાઓં કો સ્વાધ્યાયશીલ સિદ્ધાંત .. મુમુક્ષુઓંકો તથા સોનગઢ પોષક દોનોં વિદ્વાનોંકો યા તો ઉપર લિખે જિનવાણીકે વાક્યોમેં તથા મૂલ સંઘકે સંસ્થાપક કુંદકુંદાચાર્ય પર શ્રદ્ધા વ્યક્ત કરકે અપની ગલતી સુધાર લેની ચાહિયે. ઔર સ્વચ્છ હૃદયસે સ્વીકાર કરના ચાહિયે.' આમાં ઉતરે છે હોં! ખબર છે. 'કિ જીવદયાકો ધર્મ માનના મિથ્યાત્વ નહીં.' એમ કહે છે. અથવા 'આપકો યહ સ્પષ્ટ ઘોષિત કર દેના ચાહિયે કે કુંદકુંદાચાર્યને ગલતી કી હૈ. ઉનકે બનાયે તીનોં શાસ્ત્રો નિયમસાર,.. શ્રદ્ધેય સત્‌શાસ્ત્ર નહીં હૈ, ઐસા કરનેસે સર્વ સાધારણ જનતા સોનગઢકે વિષયમેં તો નિભ્રાંત હો જાયેગી.' અરે.. ભગવાન! અરે.. પ્રભુ! તું પણ શું કરે છે? પાછો સામે આવ્યો ત્યારે કાંઈ કીધું નહિ ત્યાં. ભગવાન! એને પણ જુઓને. આહાહા..!

અરે..! કુંદકુંદાચાર્ય શું કહે છે ભાઈ! આવ્યું છે ને બંધ અધિકારમાં? સત્ય ને અસત્યને એમ કે બંધનું કારણ નહિ.. હિંસાનું કહ્યું હતું એવું સત્ય. એ તમે જવાબ શું આપ્યો? એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં અધિકાર છે અહીં? ટીકામાં લખ્યું છે કે જે અહિંસામાં કીધું એવું સત્ય, દત્તમાં કહેવું, હિંસામાં કીધું એમાં અસત્યમાં કહેવું. એનો તો દાખલો આપ્યો છે એણે. તમને પૂછીએ છીએ કાંઈક અને ઉત્તર કાંઈક આપો છો ઉટપટાંગ. અરે.. ભગવાન! ભારે ભાઈ! કુંદકુંદાચાર્ય કહે છે કે પરની દયાનો વિકલ્પ તે બંધનું કારણ છે. એવી રીતે સત્ય બોલવું, દત્ત, બ્રહ્મચર્ય આદિ પંચ મહાવ્રતના વિકલ્પ તે બંધનું કારણ છે. એ રીતે હિંસા આદિ એ પાપબંધનું કારણ છે. એ કહે નહિ. એ તો અહંકાર કરે તો એને પુણ્યબંધનું નિમિત્ત. અહંકાર. પણ હું કરી શકું છું પરની દયા એ મિથ્યાત્વભાવ છે. સાંભળને! પરદ્રવ્યની પર્યાય કોણ કરે? ભાઈ! એ તને નથી ખબર. એ શરીર રોકાશે ત્યારે ખબર પડશે તને કે આહાહા..! સમજ્યાને?

એક જણો બહુ વેદાંતી હતો ને. ઘણાં વર્ષ પહેલા. ભાવનગરનો. હતો જૈન ઓલો. .. પછી એમ કીધું, તમને બસ કુછ નહિ... કુછ નહિ... કુછ નહિ. કીધું, રોગ કોઈ દિ' આવ્યો છે તમને? ઝવેરભાઈનો જમાઈ હતો. વેદાંતી હતો. આપણે દશાશ્રીમાળી ગૃહસ્થ. નામ ભૂલી ગયા. કપાસી. બહુ શરીર લઠ જેવું હતું. બિલકુલ આત્મા સિવાય કાંઈ છે જ નહિ, રાગ-બાગ છે નહિ. કીધું, રોગ આવ્યો છે કોઈ દિ'? એમ કહ્યું હતું. (સંવત) ૧૯૮૩ની સાલમાં હોં! રોગ આવ્યો છે? રોગ આવશે ત્યારે ખબર પડશે કીધું, આ કાંઈ નથી એમ. આવું કાંઈક વેદાય છે, કાંઈક દુ:ખ છે, એકલો આત્મા નથી, બાપુ! એમ ન હોય. અને એવો રોગ આવ્યો એને છલ્લે. લઠ જેવો .... એવો રોગ આવ્યો તે આમ જીર્ણ થઈ ગયો. ભાઈ! તમને ખબર નથી. આ વિકૃત અવસ્થા કાંઈક બદલી જાય છે અને બદલવામાં લક્ષ જાય છે. લક્ષ જાય છે ત્યાં વિકલ્પ થાય છે એ કાંઈ છે કે નહિ? કે આખો એકલો આત્મા જ છે? એકલો માને છે ને? શરીર નિરોગી હતું. પૈસા લાખો થઈ ગયા. મોટો .. હતું મુંબઈમાં. આમ તો પ્રેમથી બિચારા વાત કરે. કીધું, ભાઈ! કાંઈક વિકૃતપણું રોગ શરીરમાં પ્રતિકૂળતા આવી છે કોઈ દિ' અત્યાર સુધી? કહે ના, મને તો આવી નથી. એ થાશેને ત્યારે તમને ખબર પડશે કે કાંઈક મારાથી પણ બીજી ચીજ છે કે જેથી હું સહન કરી શકતો નથી. સમજાણું કાંઈ? આ શરીર મોળું પડ્યું, પછી હું કરી શકીશ પરનું. પણ શું કરે ભાઈ! એ લવા નહિ વળે. એ આંખ આમ નહિ થાય આંખ. આંખ કરો હજી ઊંચી. કોણ કરે? આહાહા..! આ જરીક ઊંચી કરોને ભાઈ! એ તો રજકણનો દળ છે. આમ ઊંચી થવી, ન થવી એ તારા અધિકારની વાત નથી. આહાહા..! એમાં આટલા અભિમાન! અમે માનીએ છીએ તે આ. એનાથી કુંદકુંદાચાર્ય કહે છે એને તમે માનતા નથી. ચોખ્ખું પાડી દ્યો બહાર. એય..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે કે ભગવાન આત્માને શુદ્ધ ચૈતન્ય એ પુણ્ય-પાપનો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. કહો. એને ગ્રહણ કરવો, અનુભવવો, એકાંત અનુભવવો તે મિથ્યાત્વ છે. ભગવાન આત્માને તેનાથી છોડીને શુદ્ધને અનુભવવો તે સમ્યક્ છે. સમજાણું કાંઈ? '**કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.**' આ રીતે પરિણમન દ્રવ્ય તરફનું વલણ થતાં શુદ્ધ થાય ત્યારે તે નિરપરાધી કહેવામાં આવે છે. ત્યારે તે મોક્ષને માટે અધિકારી થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૨, શુક્રવાર તા. ૨૦-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૧ થી ૩૦૫, પ્રવચન-૩૭૧**

૩૦૧, ૩૦૨ અને ૩૦૩. એ ગાથાનો ભાવાર્થ.

'**ભાવાર્થ :- જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય;...**' દૃષ્ટાંત આપે છે. કોઈપણ પ્રાણી પરની વસ્તુ ચોરે એને શંકા થાય કે મને કોઈ ચોર ગણીને બાંધશે? કોઈ લઈ જશે? એવી ચોરી કરનારને એવી શંકા થાય. '**નિરપરાધને શંકા શા માટે થાય?**' જે ચોરી કરતો નથી એને અપરાધના કારણે કોઈ બંધન પોલીસ આદિ અને ફોજદાર આવે અને પકડશે મને એવી શંકા નિરપરાધિને હોતી નથી. એ દૃષ્ટાંત (થયો).

હવે સિદ્ધાંત. '**તેવી જ રીતે જો આત્મા...**' આ આત્મા છે એ સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આ વસ્તુ છે આત્મા એ તો જ્ઞાન ચૈતન્યસૂર્ય અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ અવિનાશી જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ આત્મા પોતાના સ્વભાવને મૂકી દઈ, છોડી દઈ '**પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે...**' ઝીણી વાત છે થોડી. અહીં તો પરદ્રવ્યની હમણાં વાત થઈ પહેલી થોડી. ભાઈ! આ જુઓ ઓરા આવા ત્યાં ઓરા આવે છે. ઓરા આવવાનું કાર્ય આમ થઈ શકે છે ને? એમ નથી, ભાઈ! એ તો એ સમયનો એનો પર્યાય તેને ત્યાં થવાનો હતો એટલે એ જાતનું કાર્ય થાય છે.

અહીં તો હજી એવો જે અપરાધ કરે છે એ તો ગુનેગાર છે. પણ અહીંયાં ભગવાન જ્ઞાનમૂર્તિ શુદ્ધ આનંદ, શુદ્ધ ચૈતન્ય છે. એની વર્તમાન દશામાં અશુદ્ધતા-પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભ-અશુભ જે ભાવ થાય છે એ અપરાધ છે. આહાહા..! એ પરદ્રવ્ય છે. ખરેખર ચૈતન્યની જાતની એ વસ્તુ નથી. આ માટી છે, આ તો શરીર છે, જડ છે. એ તો અજીવ છે. એમાં ચૈતન્ય નથી અને ચૈતન્યમાં આ દેહ નથી. આ દેહ તો ભિન્ન તત્ત્વ છે. પણ ભગવાન આત્મા વસ્તુ છે સત્ રૂપે શાશ્વત. તો એનો શાશ્વત કાયમી અસલી સ્વભાવ જ્ઞાન, આનંદ અને દૃષ્ટા આદિ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપને છોડી અને જે કોઈ પુણ્ય અને પાપના વિકલ્પની લાગણી, વૃત્તિ થાય છે એ મારા તરીકે પરને ગ્રહણ કરીને, પરને અનુભવે છે એ ગુનેગાર અપરાધી છે. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાય છે કાંઈ?

આત્મા એટલે? વસ્તુ છે. અને વસ્તુ છે તો એનો કાયમી, વસ્તુ પોતે કાયમ રહેનારી છે, શાશ્વત આદિ અંત વિનાની ચીજ છે તો એનો કાયમી સ્વભાવ પણ જ્ઞાન ને આનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને શાંતિ એવો કાયમનો એનો અરાગી વીતરાગી સ્વભાવ છે એનો. એને આત્મા કહીએ. એવી આત્માની દૃષ્ટિ છોડી દઈને, જે કોઈ અંદરમાં શુભ અને અશુભ, પુણ્ય અને પાપના ભાવ થાય છે એને અહીંયાં પરવસ્તુ ગણી છે. કેમ કે આત્માની જાત નથી એ. સમજાય છે કાંઈ?

જે '**આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ...**' એટલે કે વિકારના પરિણામના ગ્રહણ નામ અનુભવરૂપ. એ વિકારના ભાવને અનુભવે છે તે અપરાધ કરે છે. તે '**અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ;...**' તો તેને હું બંધાઉં છું, હું પરિભ્રમણના કારણોને સેવું છું અને મને બંધન થાય છે એવી શંકા આવા અપરાધી જીવને થાય. ભારે ઝીણી વાતું ભાઈ! આહાહા..! '**આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ...**' એટલે ભગવાન ચૈતન્ય જ્ઞાન અને આનંદરૂપ એને છોડીને વિકલ્પ જે વિકાર છે શુભ-અશુભ-દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભ વિકલ્પ રાગ અને હિંસા, જૂઠું, ચોરી આદિ એ વિકલ્પ છે અશુભરાગ. એ શુભ-અશુભ રાગ એ કૃત્રિમ ઉપાધિ મેલ છે. એ ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલીને એ વિકારી પરિણામને ગ્રહણ કરે છે, પરને ગ્રહણ કરે એટલે એમાં હું છું અને એનો અનુભવ તે મને ઠીક છે, એમ જે વિકારી પરિણામને અનુભવે છે તે અપરાધી છે. એ ચાર ગતિમાં રખડનાર પ્રાણી છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું પણ ભાઈ! આવું આકરું કામ. કો'કની સેવા-બેવા કરી દઈએ અને જો થાતું હોય કાંઈક... થાતું હશે કે નહિ એમાં કાંઈ? નહિ થાય? કો'કના સારા કામ કરે તો ધર્મ થાતો હશે કે નહિ?

મુમુક્ષુ :- સારા એટલે શું?

ઉત્તર :- સારા એટલે આ બીજાને સુખી કરે, પૈસા-બૈસા ઉઘરાવીને આપે, સમજ્યાને? આહાર-પાણી આપે, દાન આપે, ભૂખ્યાને આહાર આપે, તરસ્યાને પાણી આપે, ઉઘાડાને લૂગડા આપે, દુઃખીના આંસુ લૂવે કો'ક દિ'. એય..! જુગરાજજી! ભગવાન! એ કોણ કરે? ભાઈ! તને ખબર નથી, ભાઈ! એ ચીજો જે છે એનું જવું આવવું એનું કાંઈ તારે કારણે અપાય નહિ અને તારે કારણે એ આવે નહિ. એ તો એના પુણ્ય અને પાપના યોગે એને એ ચીજો મળે. એને ઠેકાણે તું એમ કહે કે હું આને કરી દઉં છું એ વિપરીત અભિપ્રાય છે. ઓહોહો..! વાસ્તવિક તત્ત્વથી ઊલટી તારી ગતિ છે. આહાહા..! બરાબર હશે? આ પણ દુનિયાથી ભારે વિરૂદ્ધ, ભાઈ! કહો, સમજાણું આમાં?

બહુ જ ટૂંકામાં અને ટૂંકું ટચ. ભગવાન આત્મા શુદ્ધ આનંદનો પિંડ પ્રભુ છે. એ આનંદ, અતીન્દ્રિય આનંદ અને એકલું અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ આત્મા છે, શાશ્વત. એની રુચિ, એની સન્મુખતાના ભાવને છોડી દઈ અને પરસન્મુખથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવ

એને જે મારા કરીને અનુભવે છે એ ચોર છે, એ અપરાધી છે, એ ગુનેગાર છે, એ ચાર ગતિમાં જેલમાં જવાને તે લાયક છે.

મુમુક્ષુ :- આવી વાત કોઈ દિ' સાંભળી નથી.

ઉત્તર :- ન સાંભળી હોય તો સાંભળે પહેલી. ન્યાયથી જોશે કે નહિ? ન્યાયથી એની વસ્તુની તપાસ કરશે કે નહિ કે શું છે આ?

જ્યારે ચૈતન્ય એક વસ્તુ છે ભગવાન આત્મા, એ જ્ઞાનપ્રકાશ અને આનંદનો રસકંદ એ તો આત્મા છે. આ તો એના નથી ધૂળ આ શરીરાદિ, પણ અંદર પુણ્ય અને પાપની વૃત્તિઓ વિકલ્પોનું ઉત્થાન કરે છે દશામાં, એ મેલ છે, દુઃખરૂપ છે, ઉપાધિ છે. એ ઉપાધિને પોતાના ગ્રહી, માનીને અનુભવે છે એ ચૈતન્ય સ્વભાવમાંથી નીકળીને પરનો ચોર થાય છે. આહાહા..! ભારે વ્યાખ્યા ભાઈ! સમજાય છે કાંઈ?

મોક્ષ અધિકાર છે ને. જે ભાવે બંધ થાય એ ભાવ એના નહિ. ચાહે તો પુણ્ય બંધાય. દયા, દાન, વ્રત એવા શુભભાવ છે ને, એનાથી પુણ્ય બંધાય. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના, ભોગ વાસનાના પરિણામથી પાપ બંધાય. પણ એ બંધનના કારણરૂપ જે ભાવ એ આત્માની મૂળ ચીજના નથી. અનાદિથી ભૂલેલો પોતાને ભૂલીને એ ભાવ ઊભા કરે છે. એ ભાવ બંધના કારણ છે તેને આત્માના માનીને વેદે છે-અનુભવે છે એ અપરાધ કરે છે. ચાર ગતિના જેલમાં જવાની સન્મુખ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભાઈ! આ તો એલ.એલ.બી.ની બી.એ.ની, વાતું જાણે એમ લાગે માણસને હોં! એમ નથી, હોં ભાઈ! એ તો પહેલી એકડાની વાત છે આ. જેને ધર્મ થાય છે (એને) એની દશામાં આ પુણ્ય-પાપના વિકલ્પ છે મારા એ ટળી જાય છે. એ કહે છે જુઓ.

'**બંધની શંકા થાય...**' '**પોતાને શુદ્ધ અનુભવે.**' પણ હું તો ચૈતન્ય શુદ્ધ છું, પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્ છું. મારી વસ્તુમાં પુણ્ય-પાપની મલિન વૃત્તિઓ જ એનામાં નથી. અને મારામાં હોય તો જ્ઞાન, આનંદ અને શાંતિ છે. એ શાંતિનું સરોવર પ્રભુ છે આત્મા. અરાગી, વીતરાગી સત્ત્વ-તત્ત્વ આત્મા છે. એવા આત્મામાં અંતર સન્મુખ થઈને, આત્મામાં અંતર સન્મુખ થઈને, અભિમુખ થઈને જે આત્માના પરિણામને શુદ્ધ અનુભવે છે. એ પોતાને શુદ્ધ અરાગી પરિણામથી આત્માને અનુભવે છે, વેદે છે, શ્રદ્ધે છે, જાણે છે. તે પરને ન ગ્રહે. એ શુભ-અશુભ રાગને પોતામાં એકતાપણે પકડતો નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

તેને બંધની શંકા શા માટે થાય? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની સન્મુખના, એની અભિમુખના થયેલા પરિણામ એને બંધની શંકા કેમ થાય કે હું બંધાઉં છું અને હું ચાર

ગતિના સન્મુખ છું એમ કેમ થાય? એને તો સ્વભાવ સન્મુખ એટલે મોક્ષની સન્મુખ છું (એમ હોય). શેઠી! ભારે વાતું. આહાહા..! જગતને સત્ય મળ્યું નથી હોં! આત્મવિદ્યા શું છે, આત્મ વિદ્યા શું છે અને એની અવિદ્યા શું છે એની ખબર નથી. બહારમાં ઢસરડા ખોટા કરીને મરી ગયા એમ ને એમ બિચારા. ઢસરડા સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે એ. ઢસરડા. રખડપટ્ટી? એ વળી જુદું. આ ઢસરડા એટલે? આ બાંધીને કો'ક એવાને ઢસરડતા નથી? કાંકરામાં ઢસરડે.

મુમુક્ષુ :- ઢોર મરી જાય અને બાંધીને ઢસડે.

ઉત્તર :- બાંધીને ઢસરડે. કૂતરાને બાંધીને ભંગ્યા ઢસરડતા નથી? ઈ ઢસડવું કહેવાય. આહાહા..!

ભગવાન! તું તો ચૈતન્યપ્રકાશની મૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા છો. અને જ્ઞાતા-દૃષ્ટા જાણનાર-દેખનારની ક્રિયા, જાણવા-દેખવાની ક્રિયા હોય. અને એ ઉપરાંત જે રાગાદિ વિકલ્પ છે તેને કરીને મારા માન એ અપરાધ છે. ભગવાન આત્મા જાણનાર-દેખનાર છું. એવા આત્માના શુદ્ધ સ્વભાવના સન્મુખમાં વિકલ્પથી હો વિકલ્પ ભલે પણ છતાં એનાથી ભિન્ન હું તો ચૈતન્ય અંતર સ્વભાવ સન્મુખના પરિણામનો અનુભવનાર છું. એને ચાર ગતિના બંધનના ભાવની શંકા થતી નથી. એ મોક્ષની સન્મુખ છું હું તો. અલ્પ કાળમાં મારી મુક્તિ નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ મને થશે એમ ધર્મીને હોય છે. ભારે વાત. કહો, વજુભાઈ!

'**માટે પરદ્રવ્યને છોડી...**' ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! તો વિકલ્પો ઉઠે છે એને અંતરના અભિપ્રાયમાં દૃષ્ટિમાંથી છોડી દઈ શુદ્ધ આત્માને ગ્રહણ કરવું, ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે, શુદ્ધ પવિત્ર છે. એના સન્મુખના પવિત્ર પરિણામનો એણે અનુભવ કરવો. ત્યારે નિરપરાધ થવાય છે. ત્યારે તે નિરપરાધી થાય છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા જગતને આકરી પડે જરી. વસ્તુ તો એવી છે. આજ માન, કાલે માન, પછી માન, જે દિ' આ કરીશ તે દિ' તારો છૂટકારો છે. બાકી રખડવાના છે.

મુમુક્ષુ :- બાકી બધા ઉપચાર ઊંધા.

ઉત્તર :- બધા ઉપચાર અને રખડવાના ધંધા છે. ચાર ગતિની જેલ કોરડા માર મારવાના છે પાછા. માર.. માર.. પ્રહાર છે બિચારાને. આહાહા..! સમજાય છે કાંઈ?

'**હવે પૂછે છે કે આ અપરાધ એટલે શું?**' આપે અપરાધ કહ્યો તો અપરાધની વ્યાખ્યા શું? અપરાધ તો વાચક શબ્દ થયો. અપરાધ. તો એનું વાચ્ય અપરાધ કહેવો કોને? સમજાય છે કાંઈ? જેમ એ સાકર શબ્દ છે. તો એ સાકર શબ્દનો સાકર પદાર્થ શું છે એ? તો વસ્તુ શું છે કે આ સાકર આ મને બતાવે છે. એમ અપરાધ શબ્દ કોને બતાવે? કઈ

ચીજને બતાવે છે? સમજાય છે કાંઈ? એમ શિષ્યનો પ્રશ્ન છે જિજ્ઞાસાનો. એને આ ઉત્તર દેવામાં આવે છે. સાધારણ એટલે વેઠથી ઉત્તર દેવામાં આવતો નથી. જેને કાંઈ ગરજ નથી કે અપરાધ શું છે, (તેને ઉત્તર દેવાતો નથી). જેને સમજવું છે એને ઉત્તર દેવામાં આવે છે. મહારાજ! આપે અપરાધ તો ગુનો કહ્યો, ચોર કહ્યો, ચોરી કરનારો કહ્યો. તો એ અપરાધ કહેવો કોને? એ અપરાધનું સત્ય વાસ્તવિક સ્વરૂપ શું છે? મારે જાણવું છે. એવી શંકા છે- આશંકા. શંકા એટલે તમે જે કહો છો એ ખોટું નથી. પણ મને સમજાતું નથી. એવા અપરાધને પૂછે છે એનો આ ઉત્તર દેવામાં આવે છે.

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।३०४।।**
**जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।**
**आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणतो।।३०५।।**

નીચે હરિગીત.

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.**

અપરાધ અને નિરપરાધની બેય વ્યાખ્યા.

ટીકા. સંસ્કૃત છે. સંસ્કૃતનું ગુજરાતી છે. અમારા પંડિતજીએ કર્યું છે બધું હોં આ. હિંમતલાલ પંડિતે. હરિગીત પણ એમણે બનાવ્યા છે.

ટીકા. ટીકાનો અર્થ? કહેલી વાતમાં સ્પષ્ટીકરણ એનું શું છે? કહેલા ભાવનું સ્પષ્ટીકરણનું એનું રૂપ શું છે? એને કહે છે. ટીકા કહે છે ને? કોઈ ચીજની ટીકા કરે. ટીકા કરે એનો અર્થ? એનું સ્પષ્ટીકરણ, એની વાસ્તવિકતા શું છે એની વાત કરે છે.

'**ટીકા :- પરદ્રવ્યના પરિહાર વડે...**' બહુ જ ટૂંકી વાત અને ઘણો મર્મ. '**શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ.**' એની વ્યાખ્યા હવે. '**પરદ્રવ્યના પરિહાર વડે...**' પુણ્ય અને પાપનો વિકલ્પ જે વિકલ્પ નામ લાગણી થાય છે, એના અભાવ વડે, પરિહાર વડે, છોડવા વડે. શુદ્ધ આત્મા ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો ગાંગડો આનંદની ગાંઠ છે એ. એવા આત્માની સિદ્ધિ. એવા આત્માની અંતર્મુખ થઈને સ્વભાવનું આરાધન, સાધન તે રાધ છે. તે રાધ છે. તે નિર્દોષતા છે.

ફરીને. '**પરદ્રવ્યના પરિહાર વડે...**' વસ્તુ જે અંદર... આ શરીર, વાણી તો પર છે.

પણ અંદરમાં પુણ્ય અને પાપના, શુભ અને અશુભની લાગણીઓ, વૃત્તિઓ ઉઠે છે, એના તરફનો અભિપ્રાય છોડી દઈને એટલે પરદ્રવ્યના વર્તમાન વિકલ્પો છે શુભ-અશુભ તેના પ્રત્યેના અભિપ્રાયને, આસ્થાને, અસ્તિત્વનું લક્ષ છે તેને છોડી દઈને '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ભગવાન આત્મા જે શુભ અને અશુભ રાગ વિનાનો આત્મા છે એના આત્મા સન્મુખની સિદ્ધિ એટલે કે સાધન, મોક્ષનું સાધન, સ્વરૂપની એકાગ્રતા, શુદ્ધતાનું સાધન એને અહીંયાં નિરપરાધી, રાધ કહેવામાં આવે છે. ભારે. કહો, સમજાય છે કાંઈ? વ્યાખ્યા જુદી જાતની આ તો બધી. ન્યાલભાઈ! આ ભારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સત્ય વ્યાખ્યા. બાકી બધી ઊંધી છે જગતની.

કહે છે કે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો પિંડ પ્રભુ વસ્તુ છે, એનાથી પરદ્રવ્યનો પરિહાર, એનો અંતર આશ્રય લઈ અને પુણ્ય-પાપના વિકલ્પોનો અભિપ્રાય છોડી દઈ, તેનું લક્ષ છોડી દઈ, પુણ્ય-પાપના ભાવ તરફનો આશ્રય છોડી દઈ અને શુદ્ધ આત્માની સિદ્ધિ (અર્થાત્) ભગવાન શુદ્ધ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય છે એના સન્મુખના પરિણામે આત્માની સિદ્ધિ જે થાય છે કે આ આત્મા, એને સાધન કહે છે. મોક્ષનું એને સાધન કહે છે. એને રાધ કહે છે, એને નિરપરાધ કહે છે. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યના પરિહાર વડે...**' અને સ્વદ્રવ્યના સાધન વડે. એમ અસ્તિ નાસ્તિ કરી. ભારે ઝીણી વાત. વાસ્તવિક તત્ત્વને પકડી શકતા નથી ને એટલે પછી અંદર વિરોધ કરે છે. આવું આ શું? આ તો સોનગઢનું આવું તત્ત્વ? સોનગઢનું કહે છે કે આ આત્માનું છે? આ કોની વાત છે? અનાદિની આવી જ વસ્તુ છે. જો એનામાં અપરાધ ન હોય તો તો આનંદ સ્વરૂપ આત્મા એને અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવો જોઈએ. આ એક વાત. શું કીધું? પરદ્રવ્યનો પરિહાર. પર એટલે પુણ્ય-પાપના ભાવ એ દુઃખ છે. જો એ એનામાં ન હોય તો તો એને આત્માનો આનંદ (હોવો જોઈએ). આત્મા એટલે સચ્ચિદાનંદ. સત્ શાશ્વત, હોવાવાળું જ્ઞાન અને આનંદનું તત્ત્વ એ છે. જો એની દશામાં આવો અપરાધ પુણ્ય-પાપના વિકલ્પની લાગણીનું ઉત્થાન વૃત્તિઓ ન હોય તો એને આનંદનો અનુભવ જોઈએ. તો આનંદનું, અતીન્દ્રિય આનંદનું વેદન નથી ત્યારે એનો અર્થ થયો કે એના પુણ્ય-પાપના વિકલ્પમાં એ રોકાઈ ગયેલો છે. સમજાય છે કાંઈ?

એ પુણ્ય અને પાપના ભાવમાં રોકાવું તે અપરાધ છે. એના ત્યાગ વડે. પરદ્રવ્યના પરિહાર. પરિહાર એટલે અભાવ. વિકારની લાગણીનો અભિપ્રાય છોડી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની સન્મુખના પરિણામનું સેવન કરે તેને આત્માની સિદ્ધિ કહે છે. કેમ કે એ શુદ્ધ

પરિણામમાં આ શુદ્ધ આત્મા છે એમ સિદ્ધિ દૃષ્ટિમાં થાય છે. અને સાધન છે. એ જ સાધન છે. સ્વરૂપ શુદ્ધ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણીઓ કૃત્રિમ ક્ષણિક, એના તરફનું સ્વામીપણું, એના તરફનો અભિપ્રાય છોડીને, શુદ્ધ ચૈતન્યના સન્મુખના અભિપ્રાયમાં આવ્યો, તેને સાધન અને તેને રાધ કહેવામાં આવે છે. આ એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! કેવી જાતનું? બધા રાડ પાડે બિચારા હોં ઓલા. આહાહા..! અરે.. ભગવાન સાંભળને બાપા! આ મનુષ્યપણું મળ્યું છે અનંતે કાળે. અને કરવાનું જે છે એ જો ન કર્યું (તો) એ રખડપટ્ટીના પાટા તારા છૂટવાના નથી. એ રખડપટ્ટીના રેલે ચાલ્યો જઈશ તું. ચાર ગતિના રખડવા કીડા, કાગડા, કૂતરા. જાય એકેન્દ્રિય, લીલોતરી. ક્યાંય તારા પતા નહિ ખાય.

ભાઈ! મોંઘુ પડે, દુર્લભ લાગે પણ કરવા જેવું તો આ છે. પહેલો એનો વિશ્વાસ તો કર. વિશ્વાસ તો કરે કે આ ભગવાન આત્મા કાયમ રહેનારું તત્ત્વ છે શાશ્વત અવિનાશી તો એનો આનંદ અને જ્ઞાન પણ અવિનાશી સાચો કાયમ સ્વભાવ છે. એવા સ્વભાવની સન્મુખ થઈને, પુણ્ય-પાપના પરિણામ જે આત્માના સ્વભાવથી વિમુખથી ઉત્પન્ન થયેલા, એનાથી છૂટીને આત્માના સ્વભાવ સન્મુખ થઈને આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને આત્માને સેવે, ભગવાન આત્માની સેવા કરે એને સાધન અથવા તેને રાધ-તે આત્માનો આરાધક છે-એમ કહેવામાં આવે છે. રાધ થાય. આ મૂકી દયો તો આ-રાધક, આરાધક. આ વિશેષે આરાધક છે એ. રાધનો વિશેષ કરનાર તે આરાધક. ભારે. સમજાણું કાંઈ?

આવી સાધારણ માણસની અંદર આ (વાત). ભગવાન! તું સાધારણ નથી. તેં એવી કલ્પના કરી રાખી છે કે હું એક સાધારણ છું ને આવો છું. ભાઈ! તારામાં તો અનંતી વીતરાગતા, અનંતી આનંદની શક્તિ પડી છે. અનંતું વીર્ય, અનંતું આત્મબળ છે. સ્વભાવ બળ છે એનામાં સ્વભાવ બળ. સ્વભાવ બળ, સ્વભાવ શાંતિ, સ્વભાવ આનંદ, સ્વભાવ સ્થિરતા, સ્વભાવનું મહા અસ્તિત્વ, મહાન પદાર્થ છો પ્રભુ! એની સન્મુખતા જઈ અને પુણ્ય-પાપના પરિણામથી વિમુખતા થઈ અને જે આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિને સેવે એને ધર્મ કહે છે. એને રાધ કહે છે-એને આરાધક કહે છે. એ આરાધીને આત્માની મુક્તિને પામશે. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યના પરિહાર વડે...**' નાસ્તિ કરી પહેલી. '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ છે. જુઓને આવે છે ભાઈ! .. '**શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા અપગતરાધ અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.**' આહાહા..! આવો જે રાધ (અર્થાત્) શુદ્ધ પ્રભુ ચૈતન્ય એના સન્મુખ થઈને જે શાંતિ

અને શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા, એ દ્વારા આત્માને સેવ્યો એટલે આત્મા આવો છે એવો દૃષ્ટિમાં-અનુભવમાં લીધો. એ જીવને રાધ હોય છે. એટલે? આત્માનું સેવન હોય છે. એટલે કે તે સાધન સ્વરૂપનું કરે છે. એટલે કે તે નિર્દોષી છે. એટલે કે તે નિરપરાધી છે. સમજાણું કાંઈ? હો, શરીરાદિ હો, વિકલ્પાદિ હો એને ઘરે પડ્યા રહે ભલે. મારા અંતર સન્મુખ સ્વભાવમાં એનો વિરહ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત બિંબ આનંદકંદ પ્રભુ, એની અંતરમાં સન્મુખ થઈને જે આત્માને સેવ્યો એટલે કે જે અંતર સન્મુખ થઈને શક્તિમાંથી પ્રગટતા શુદ્ધતા અને આનંદની પરિણામ દશા પ્રગટ કરી એ પરિણામને રાધ નામ નિરપરાધ સેવન, નિર્દોષ અને તેને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ.

'**જે આત્મા અપગતરાધ...**' બસ. હવે એ રાધરહિત છે તે આત્મા અપરાધ છે. એટલે કે ભગવાન ચૈતન્ય પ્રભુ આનંદસ્વરૂપ, એના સન્મુખના પરિણામ જેણે નથી કર્યા અને જે વિમુખના પુણ્ય અને પાપના વિકલ્પોની લાગણી કરે છે તે રાધ રહિત છે તે અપરાધ છે. સમજાણું કાંઈ? હજી તો અહીંયાં સમ્યગ્દર્શનની વાત કરે છે કે સમ્યગ્દર્શન એટલે? એ પુણ્ય-પાપના વિકલ્પોની રુચિનો પ્રેમ અને આશ્રય, અવલંબન છોડી ભગવાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ છે તેના અવલંબે જે સ્થિર થાય અને જે શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે એને ત્યાં સમ્યગ્દર્શન કહે છે. એને ત્યાં ધર્મ કહે છે અને ત્યાં તેને રાધ નામ આત્માનું આરાધન કહે છે, એ આત્માનું સાધન કહે છે. એનાથી રહિત જે પુણ્ય-પાપને આરાધે તે અપરાધી છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં કાંઈ બહુ પલાખા આકરા નથી. ભાવ આકરા છે પણ ભાષા એવી કોઈ ગૂઢ અને કોઈ લાંબી પડે અને કોઈ વ્યાકરણ, સંસ્કૃત જાણવું પડે એવું આ નથી કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- .. વાત છે.

ઉત્તર :- સીધી અને સત્ ભગવાન આત્મા સત્ છે, સરળ છે, સહજ છે. પણ એણે સાંભળ્યું નથી, વિચાર્યું નથી, જોયું નથી, જોવા માટે પ્રયત્ન કર્યો નથી. અને તે જરૂરિયાતનું આ છે એમ માન્યું નથી. જેની જરૂરિયાત જાણે ત્યાં તેના વીર્યની ગતિ થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? વીર્યની ગતિ હોં! એ પરના કામ કરી શકે એ વાત નહિ. જેને એમ જાણે કે આપણે આમ કરવું જોઈએ, આપણે કરવું જોઈએ. વિકલ્પ હોં. પરનું કરી શકે ત્રણ કાળમાં, હરામ (છે). ફક્ત એણે એમ માન્યું છે કે આ મારે કરવું જોઈએ, આ મારે કરવું જોઈએ એવા વિકલ્પોની જાતને જરૂરિયાત માનીને.. માની છે તો ત્યાં વીર્ય તેમાં રોકાઈને તે ગતિમાં જાય છે, યોનીમાં. પણ જેને આત્મામાં આ વીર્ય પુણ્ય-પાપની વિકલ્પ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દશા તે મારી ચીજ નથી, ગુનો છે, અપરાધ છે, સંસાર છે, પરિભ્રમણનું મૂળિયું છે. સમજાય છે કાંઈ? એમ જેણે એના પરિણામ ઉપરનો પુણ્ય-પાપનું સ્વામીપણું છોડી, ભગવાન શુદ્ધ આનંદની ગાંઠ, આનંદની ખાણ છે એનું અંતર સ્વસ્વામીપણું ગ્રહણ કરી, જેણે આત્માને સેવ્યો છે એને રાધ નામ નિરપરાધ કહે છે. એવા ભાવથી રહિત છે તેને અપરાધ કહે છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! આમાં કોઈ મોટા પલાખા નથી આમાં. કેટલા શાસ્ત્ર જાણવા પડે ને સંસ્કૃત ને વ્યાકરણ ને. કાશીમાં જઈને વ્યાકરણ ભણે તો આ સમજાય એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- નકશા-બકશા...

ઉત્તર :- નકશા બકશા પણ કરવા પડતા નથી આમાં. વજુભાઈ નકશા કરે ને ત્યાં એના? કરતાં બધા દસ દસ લાખના મકાન ને હજીરા ઊભા. ઊભા થાતા એને કારણે હોં. આને કારણે નહિ કાંઈ.

મુમુક્ષુ :- પગાર નહોતા આપતા?

ઉત્તર :- પગાર એ મફત આપતા. કોણ આપે? અરે..! આ તે વાતું. કહો, સમજાણું કાંઈ? એ પૈસા ત્યાં જવાના હોય ત્યાં જાય. એણે વિકલ્પ..

મુમુક્ષુ :- અમથા આપે એવા...

ઉત્તર :- એ અમથા જ આપ્યા છે. ત્યાં કોણ એને કે દિ' આપ્યા હતા? એના કે દિ' હતા તે આપે? પૈસા એના હતા રાજાના? પૈસા તો જડના છે. જડ જડ છે. એ તત્ત્વ જડ તત્ત્વ છે. જડનો સ્વામી રાજા છે કે એને કોઈને આપી શકે કે લે આપું? એ તો જડ છે. એ જડની ક્રિયા જવાની જ્યાં હોય ત્યાં જડને કારણે થાય છે. બીજો કહે મારે કારણે તો એ મૂઢ છે, પરનો સ્વામી થાય એ ચોર છે એમ કહે છે. એય..! વજુભાઈ! બહુ વાતું આકરી ભાઈ! બહુ વાતું સરળ છે. બહુ સીધી અને પરમસત્ય છે. (તેં) ન સાંભળી હોય અને ન બેસે એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? જે છે તે રહેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, '**જે આત્મા અપગતરાધ...**' આ જે પહેલી વ્યાખ્યા કરી. '**શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન...**' તેનાથી રહિત હોય તે આત્મા અપરાધ છે. એટલે કે જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પને સેવે છે અને સ્વભાવ સન્મુખની દશા જેણે છોડી છે એ અપરાધી છે. કહો, શેઠી! આહાહા..! દરેડો પડે છે. હમણાં નથી પડતા કયાંક? શું કહેવાય એ? દરેડો પડે. દરોડા.

મુમુક્ષુ :- અમલદારો પાડે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- અમલદારો પાડે પકડવા. આ મોટો અમલદાર. અમલ એટલે નિર્મળ એવો ભગવાન આત્મા. દરોડો પાડ્યો વિકારમાં. એય..! વજુભાઈ!

ભગવાન નિર્મળાનંદ પ્રભુ, વસ્તુ તરીકે હોય એ મળ હોય? મળ તો દુઃખ બતાવે છે, મેલ બતાવે છે, કૃત્રિમતા બતાવે છે. વસ્તુ અકૃત્રિમ શાશ્વત વસ્તુ હોય એમાં મેલ હોઈ શકે? મેલ તો ઉપાધિ અને અપરાધ અને બીજાની આગંતુક વિકલ્પ દશા બીજાની આવેલી બતાવે છે એ તો. તારામાંથી આવેલી એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ જે શુભ છે ને? એને સેવે છે તે અપરાધી છે એમ કહે છે. કહો, અજીતપ્રસાદજી! શું છે? કહો, ચંદ્રકાંતભાઈ! શું આ હશે? બહુ સરસ. ચંદ્રકાંતભાઈ છે ને. ટાઢા માણસ. પંદરસો પગાર છે. દસ હજાર. પણ આ સમજે તો પગાર સાચો કહેવાય. બાકી મીંડા છે બધા. ચક્કર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ધૂળમાંય નથી હવે. એ ધૂળ ક્યાંક આવે ને જાય ત્યાં થઈ જાય, મને આવે છે આ. પણ ભારે! ગામને પાદર પાણીના પુર આવે, એ તો ચાલ્યું જાય છે એને પુરે. એ રોકાતું નથી. પણ એ પાણી આવ્યું કહે છે. શાસ્ત્ર કહે છે કે આવ્યું નથી, જાય છે. હવે જાય છે તેને તું આવ્યું કહે છે? આ તે શું છે પણ? ગામના ખેતર હોય બે-ત્રણ ખેતરવા ગામ. પાણી બે પુર આવે. એ પાણી આવ્યું, એ આપણી નદી, એ આપણી નદી. ક્યાં પણ આવ્યું છે ક્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જેટલો બે ખેતરમાં પાણી છે એ તો પાછું ચાલ્યું જાય છે. વળી બીજું આમ આવે છે. એમ ને એમ પ્રવાહ ચાલ્યો જાય છે. એમાં તારું ક્યાં અને તારું ક્યાં અને તારે માટે ક્યાં આવ્યું છે? એમ આ શરીર ને વાણી ને આ પૈસા એ બધા ધૂળના પ્રવાહ છે. એ પ્રવાહ વહેતા વહેતા પરિણમતા અહીં આવ્યા છે. તારે માટે નથી આવ્યા. આહાહા..! ભારે પણ આ. સમજાણું કાંઈ?

આ શરીરના રજકણો આ પરમાણુ છે, પોઈન્ટ છે, અસ્તિ તત્વ છે. એની અવસ્થા બદલતી બદલતી આ ઠેકાણે, એના પ્રવાહ એને કારણે (આવ્યા છે). આત્માને કારણે નહિ. આત્મામાં નહિ, આત્માને નહિ, આત્મા માટે રહ્યા નથી. એ એને કારણે રહ્યા છે. સમજાણું કાંઈ? એમ આ બહારના પૈસા ને મકાનો ને ધૂળ ને જે કહેવાય એ. સમજાણું? એય.. જુગરાજજી! શું કહેવાય તમારું ઓલું? માર્કેટ ને. મુંબઈ. ક્રાફર્ડ માર્કેટ ને ફલાણા માર્કેટ. ધૂળમાં. એ તો જ્યાં છે ત્યાં છે. એ ક્યાં ત્યાં આવી ગઈ છે અને ક્યાં એ જુગરાજજીની થઈ ગઈ હતી? ભારે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, એમ ખરેખર તો ભગવાન આત્માના આનંદ સ્વરૂપમાં જે પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે ને, એ મેલનો કાળ છે એને ઉઠવાનો એને આત્મા માનીને વેદે છે એ મોટો ગુનેગાર છે, અપરાધી છે, મિથ્યાદષ્ટિ છે. અસત્યનું સેવન મિથ્યા નામ અસત્યનું સેવન કરે છે, તેથી તે ગુનેગાર છે અને તેથી તે ચાર ગતિના જેલમાં જવાનો છે. આહાહા..!

મુમુક્ષુ :- આ ..

ઉત્તર :- જુદી જાતનું? પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના પગાર મહિને (મળતા હોય). આમ જાણે મોટા ઓહોહો..! ચોરણા પહેર્યા હોય. એક વળી હમણાં તો ઓલો ઉપર નાખે અંદર નાખી દે. ઓલું ઉપર છૂટું રહે આમ છૂટા. હવે અંદર નાખવાની ટેવ પડી ગઈ. ઓલા જુવાનિયા ફરે છે ને રાખીને. દસ હજારનો પગાર હોય અને જરી ચામડી ધોળી હોય. હું પહોળો અને શેરી સાંકડી. થઈ રહ્યું. ઓહોહો..! શું છે પણ હવે. એ તો માટીના બધા ખેલ છે. એ ધૂળના ખેલ તારા નહિ, તારી પાસે નહિ અને તારે કારણે નહિ. લે. આહાહા..!

કહે છે, જે કોઈ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાનથી સેવન જે કરે છે એનાથી જે વિપરીત છે પુણ્ય અને પાપના ભાવનું સેવન એટલે એ હું અને એ મારા, એમ જે માનીને સેવે છે તે રાધ નામ નિરપરાધીથી વિરૂદ્ધ અપરાધી છે. આહાહા..! કહો, જયકુમારજી! ભારે વાતું ભાઈ આવી તે કાંઈ...? આવું સમજાવવા માટે શાસ્ત્ર રચ્યા હશે? આ રચ્યા છે શું આ? એય.. ન્યાલભાઈ! આહાહા..!

‘**જે આત્મા અપગતરાધ...**’ ઓલો રાધ કીધો હતો ને? હવે અપગત. રાધનો અભાવ. અપગત એટલે નાશ. રાધનો અભાવ. અપ નામ રાધરહિત. હોય. અપગતરાધ એટલે રાધ રહિત. અપગતની વ્યાખ્યા. ‘**તે આત્મા અપરાધ છે.**’ ઘણી ટૂંકી વ્યાખ્યા, ઘણો અપરાધને પ્રસિદ્ધ કરે એવો ભાવ. સમજાણું કાંઈ? સાધુ નામ ધરાવે અને એમ માને કે આ મહાવ્રતના પરિણામ છે ને વિકલ્પ, એને હું પાળું છું અને એ મારું સાધન છે. મૂઢ છો. કહે છે કે અપરાધી છો. આહાહા..! સમજાણું કાંઈ? શું આવે છે? જુઓ! શિરના લૂંચે કેશ... કઈ ગાથામાં? ... ધર્મ થાય લેશ. પહેલું પદ શું? ‘શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લૂંચે કેશ, શાસ્ત્ર ભણે...’ વેદિયાની જેમ. ‘શાસ્ત્ર ભણે મઠમાં રહે...’ બહારમાં કોઈ આશ્રમમાં રહે. ‘શિરના લૂંચે કેશ.’ પછી શું કહ્યું? ‘રાખે વેશ મુનિ તણો’ નગ્ન દિગંબર આદિ, ‘ધર્મ ન થાયે લેશ.’ રાડ નાખી જાય એવું છે ને. અરે..! ભગવાન! આ તો બધા ભેખ જડના છે. નગ્નપણું જડ છે. એમાં તું ક્યાં આવ્યો? સમજાય છે? આ શિરના લોંચ છે એ તો જડ છે. માટી. ખેંચાય ને જાય ને આવે ને જાય એ તો એને કારણે છે. તારે કારણે ક્યાં છે? તેં ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્યું? એ તો માટી છે. વેશ. સમજાણું? શાસ્ત્ર ભણે. શાસ્ત્રના પાઠ ભણ્યા કરે, ગોખ્યા કરે. પણ શું કહે છે એનો અભિપ્રાય સમજ્યા વિના, દૃષ્ટિ કર્યા વિના તો આ શાસ્ત્ર આમ... શાસ્ત્ર આમ (કહે છે). ભાઈ! શાસ્ત્રનું એ કહેવું છે કે તારું લક્ષ જે વિકાર ઉપર છે તેને છોડીને નિર્વિકાર ઉપર જા. અને એ વિના તને નિર્દોષતા પ્રગટ થશે નહિ. એ વિના ધર્મ પ્રગટ થશે નહિ. તારા શાસ્ત્રના ભણતર અને દયા, દાનના વિકલ્પો, એ બધા મારા એમ અનુભવીને મને લાભદાયક (માને છે) એ મોટો ગુનો મિથ્યાત્વનો અસત્ય પાપનો છે. નથી તેને માને તેને અસત્ય મિથ્યાત્વનું પાપ લાગે છે. સમજાણું કાંઈ?

જુઓ! એ રાધ છે ને અંદર શબ્દાર્થમાં? અન્વયાર્થ. એના નીચે અર્થ કર્યા છે. આ રાધની આખી વ્યાખ્યા કરી આપણે પંડિતજીએ. રાધ એટલે '**આરાધના;...**' થાય છે. જુઓ, નીચે છે. ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પોથી રુચિ છોડી અને ભગવાન શુદ્ધ આનંદના અંતર અભિપ્રાયમાં અનુભવે એવા ભાવને રાધ કહે છે, એવા ભાવને આરાધના કહે છે, એવા ભાવને આત્માની પ્રસન્નતા કહે છે. આહાહા..! એ શુભ-અશુભ ભાવ એ આત્માની અપ્રસન્નતા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ શબ્દકોષમાં નીચે છે. નીચે છે નોટ. એ શબ્દકોષના શબ્દ ભાઈએ લખ્યા છે હિંમતભાઈએ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એને પુણ્ય-પાપના વિકલ્પોની વર્તમાન કૃત્રિમ, ક્લેશિત અપ્રસન્નતા, તેને છોડીને સ્વભાવની દૃષ્ટિ કરીને, પોતાના આત્માની અંતર દૃષ્ટિનું પરિણમન જ્યાં થાય છે તે ભાવને રાધ પ્રસન્નતા કહે છે. તે ભાવને '**કૃપા;...**' કહે છે. એ આત્માની કૃપા થઈ. પુણ્ય-પાપના વિકલ્પો એ આત્મા પ્રત્યે અકૃપા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા મહાન સ્વભાવનો સાગર, જેનો સ્વભાવ છે, જેની બેહદતા છે, જે શાશ્વત છે. એની એક એક શક્તિને સ્વભાવની પરિમિતતા કેમ હોય? અપરિમિત જેનો આનંદ, અપરિમિત જેનું જ્ઞાન, અપરિમિત જેની શ્રદ્ધા, અપરિમિત જેની શાંતિ. એવો જે આત્મા એના સન્મુખના પરિણામના સેવનથી આત્માની કૃપા કરે. એને આત્માની કૃપા કહી. એ સિવાય પુણ્ય-પાપનું સેવન એને આત્માની અકૃપા કહે છે. સમજાણું કાંઈ? લ્યો, કોઈ કહે કે ભાઈ! મોટા પુરુષની કૃપાદૃષ્ટિ થઈ જાય. એય..! કહે છે કે નહિ? શ્રીમદ્‌માં આવે છે આવું. એય..! શ્રીમદ્‌માં આવે છે. મોટા પુરુષની કૃપાદૃષ્ટિ એ કૃપા એ સમકિત છે. જુઓ, એવું આવે છે. મોટો પુરુષ એટલે આત્મા. એની કૃપા એટલે એનું શુદ્ધનું પરિણમન, એની મોટા પુરુષની કૃપા. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોટા પુરુષની વાત આવી...

ઉત્તર :- એનો અર્થ જ ઈ છે. પોતાની પ્રસન્નતા અને કૃપા મેળવી છે ત્યારે જ્ઞાની

એમ કહે કે બરાબર વાત આવી. એમ. એમ છે એનો અર્થ. 'કરુણા હમ પાવત હૈ તુમકી...' એ આવે છે ને? ભગવાનની કરુણા છે. ભગવાન તો વીતરાગ સર્વજ્ઞ છે. એની કરુણા થાતી હશે? વિકલ્પ ઉઠતો હશે? અરાગી એમના જ્ઞાનમાં આત્માની શ્રદ્ધા-જ્ઞાનનું જે પરિણમન છે એવું એને જ્ઞાનમાં આવ્યું છે કે આ. એ એની કરુણા છે. સમજાણું કાંઈ? ભારે! દુનિયાથી વાતે વાતે ફેર.

'**સિદ્ધિ;...**' ભગવાન આત્મા એ શુભ અને અશુભ રાગ હોવા છતાં તેના અસ્તિત્વની દૃષ્ટિ છોડી દઈ અને પૂર્ણ સ્વરૂપ, આનંદ સ્વરૂપ શુદ્ધ છું એવી અંતર દૃષ્ટિનો અનુભવ એને સિદ્ધિ કહે છે. એને સિદ્ધિ પ્રગટી. આ લોકો કહે ને કે વચનલબ્ધિ થાય, ઢીંકણી સિદ્ધિ છે કાંઈ? આ સિદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મસિદ્ધિ.

ઉત્તર :- એ આત્મસિદ્ધિ એ વચનસિદ્ધિ છે. આહાહા..! હવે શું છે? એ તો થવાનું હોય ત્યાં થાય. ત્યાં એને નિમિત્ત કહેવાય. એને વસ્તુમાં આત્માને શું? એમાં આત્માને શું? આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીમાં ઈચ્છા વિના આવો ઉપદેશ આવ્યો છે. સમજાણું કાંઈ? એને ઈચ્છા હોતી નથી કે પૂર્ણ સર્વજ્ઞ પદના અનુભવી છે. ઈચ્છા વિના ૐ ધ્વનિ ઉઠીને અવાજ આવે છે. જગતે પકડ્યો ગણધરો આદિએ. શાસ્ત્રો રચ્યા એમાંથી. એમાંથી આ અવાજ આવ્યા છે. સમજાણું કાંઈ?

'**સિદ્ધિ;...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ પવિત્ર સ્વભાવની અંતરમાં કેવલ કરે, એની સિદ્ધિ એને સિદ્ધિ કહે છે. બાકી બીજી સિદ્ધિ-ફિદ્ધિ નથી. અષ્ટસિદ્ધિ અને મહારિદ્ધિ ને આવે છે ને કાંઈક એવું બધું? નવ નિધિ. રિદ્ધિ-સિદ્ધિ વૃદ્ધિ દિસે.

રિદ્ધિ-સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા,
અંતરકી લક્ષ્મી સો અજાચી લક્ષપતિ હૈ,
દાસ ભગવંત કે ઉદાસ રહૈ જગત સો,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.

'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' ભગવાન આત્મા શાંત અને આનંદની અનંતી લક્ષ્મીનો ધણી પ્રભુ આત્મા એનો જ્યાં અંતર અનુભવ થયો, પ્રતીત થઈ, સન્મુખના પરિણામથી આરાધન થયું (તો) કહે છે કે રિદ્ધિ સિદ્ધિ બધું આવ્યું. એ સ્વરૂપની રિદ્ધિ પ્રગટી. આ રાગને, પુણ્યને, ધૂળને માનતો હતો. એ અંદર આત્મા આનંદકંદ પ્રભુ એવું સ્વરૂપનું ભાન થતાં અંતરની સ્વરૂપની ઋદ્ધિ દશામાં પ્રગટી. રિદ્ધિ-સિદ્ધિ. આ સિદ્ધિ. રિદ્ધિ-સિદ્ધિ. સમજાય

છે? વૃદ્ધિ. એ વૃદ્ધિ. માણસ નથી કહેતા? આ હમણાં બહુ વધ્યા ભાઈ. એકદમ છોકરા. એના બાપ તો કાંઈ નહોતા મૂકી ગયા પણ બાહુબળે બધું વધ્યા. બાહુબળે. આ લખાણ કરે ને જ્યારે કોક પાંચ-પચાસ લાખ મળ્યા કરોડ-બે કરોડ. પછી ભેગા થાય ને બધા એના જેવા. એમ કે અમે આવો વેપાર કર્યો, પછી બહાર ગયા, પછી દેશાવરમાં ગયા, પછી આવા થયા. ક્યાંક બે-પાંચ હજાર આપ્યા હોય, લ્યોને. દસ હજાર આપ્યા હોય પછી વખાણ કરવા તો જોઈએને કાંઈક. માખણ ચોપડ્યા વિના શી રીતે જાય? એ તો પછી આમ વેપાર કરીને.. આમ કરે.. એ બધું સાંભળ્યું છે હોં. એક આવ્યો હતો. ગાંધી હતો ને? ભાવનગરનો. પછી આમ કર્યું ને પછી આમ કર્યું. એમ કે આવા પૈસા ક્યાંથી ભેગા કર્યા? કેમ ઊંચે આવ્યા? આમ પછી અમે કર્યું, પછી અમે આમ કર્યું, આમ કર્યું માટે આ બધા ઊંચા આગળ જગત કરતા કાંઈક વિશેષતામાં આગળ આવ્યા. રખડવામાં! ભારે વાતું ભાઈ!

'**સિદ્ધિ;...**' રિદ્ધિ-સિદ્ધિ વધી વૃદ્ધિ એનું નામ વૃદ્ધિ. ઓલા કહે વધ્યા. અમે બાહુબળથી વધ્યા. જુઓ. જાતે પરણ્યા, પહટ્યા. પૈસા (કમાણા) બાપ કાંઈ મૂકીને નહોતા ગયા. ગરીબ માણસ અને નાની ઉંમરમાં મરી ગયેલા, માએ મોટા કર્યા પછી પૈસા જાતે રળ્યા છીએ, પરણ્યા છીએ અને પહટ્યા છીએ. પહટ્યા એટલે? પહટ્યા એટલે મોજ કરી છે એમ કહે છે. એ બધી ગાંડાની વાતું છે. સમજાણું કાંઈ? એ મૂર્ખાની આ વાતું. એય.. વજુભાઈ!

મુમુક્ષુ :- પૈસાના વખાણ તો આપ પણ કરો છો.

ઉત્તર :- ધૂળમાંય પૈસાના નથી. એ તો એમ કહીએ કે આમ જો આવા .. પૈસાવાળા મોટો થઈ ગયો બહુ. આની પાસે આટલા છે એમ કરીને ઓલાને મોળો પાડવા માટે. સમજાણું કાંઈ? એના કરતા વધારે બતાવીએ. એટલે શું કે ઓલા પાસે બે કરોડ ઓહોહો..! ઓલા પાસે ચાલીસ કરોડ. હવે એ ધૂળ આવે છે. તું જાણે કે મેં આટલા પેદા કર્યા માટે હું હુશિયાર છું માટે થયા. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સિદ્ધિ એનું નામ. દેખો! 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' ભગવાન પોતાની શોધ કરતાં કરતાં સિદ્ધિ કરતા કરતા મુક્તિમાં તૈયારી થઈ છે એવી વૃદ્ધિ આત્માને પોતાને દેખાય અંદર. એને સિદ્ધિ અને એને વૃદ્ધિ કહે છે.

'**પૂર્ણતા;...**' દેખો એનું નામ પૂર્ણતા. રાગથી ક્રિયા અને આટલી લક્ષ્મી છે. ધૂળેય નથી. અપૂર્ણ અને હેરાન થા છો, હેરાન છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ ઈદં શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પ્રભુ એનો અનુભવ થયો, એની આશ્રયદૃષ્ટિ થઈ, એની શાંતિ આવી એ પૂર્ણ છે. પૂર્ણને અનુભવે તે પર્યાયમાં પૂર્ણ કહેવામાં આવે છે. આહાહા..! '**સિદ્ધ કરવું તે;...**' પાક્કુ કરવું, નક્કી કરવું. એ .. સિદ્ધ કર્યું. આત્માના સ્વરૂપને સિદ્ધ કર્યું. અને '**પૂર્ણ કરવું તે.**'

પૂર્ણ કરવું. એ બધા રાધની વ્યાખ્યા છે. એવા રાધવાળો તે આરાધક છે, નિરપરાધી છે અને રાધ વિનાનો તે અપરાધી છે. લ્યો! બહુ ટૂંકી વ્યાખ્યામાં બે લીટીમાં બધું મૂક્યું. સમજાણું કાંઈ?

'**(બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે;...**' જે ભાવ રાધરહિત હોય. એટલે કે પુણ્ય-પાપનો વિકલ્પ છે એ મારા એમ માનીને રહે છે એ ભાવ રાધરહિત છે. આત્માની શાંતિના આરાધન વિનાનો ભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જગતની ચક્ષુ જ્ઞાતા-દૃષ્ટા. એવા જ્ઞાતા-દૃષ્ટાની આંખ્યું અને જ્ઞાન ને દર્શન ને આનંદનું પરિણમન. તેને ભાવ કહે છે. એ ભાવ રાધરહિત હોય, એ ભાવ જે રાધરહિત હોય, એવો આરાધનભાવ સહિત હોય તે આરાધક છે. એ ભાવ રાધરહિત હોય તો તે ભાવ અપરાધ છે. તેવા આરાધનના સેવનભાવ રહિત અને એકલા પુણ્ય-પાપના એકલા વિકલ્પવાળો ભાવ છે એ અપરાધી છે, ગુનેગાર છે. આહાહા..! અહીં તો વ્યવહાર છે તે ગુનેગાર છે એમ કહ્યું છે લ્યો. વ્યવહારનું સેવન કરે તો અપરાધી છે એમ કહે છે. નિશ્ચયનું સેવન સ્વરૂપનું કરે તે નિરપરાધી, અણઅપરાધી છે. એની એને કિંમત નથી આવી. એણે કિંમત આપી છે પરને. અને પરને કિંમત આપે ત્યાં સુધી પરથી છૂટશે નહિ. પોતાની ચીજ શું છે એની એણે કિંમત આપી નથી. કહે છે કે કિંમત આપે તે રાધ સેવન કરનાર. સેવા ભાવ રહિત જેણે કિંમત પરને આપે તે અપરાધી.

'**તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય...**' એવા પુણ્ય અને પાપના વિકલ્પના મેલમાં અપરાધ સહિત વર્તતો હોય, અંતરમાં જે વિકારમાં વર્તતો નામ પરિણમતો હોય '**તે આત્મા સાપરાધ છે.**' તે આત્મા અપરાધી છે, ગુનેગાર છે, ચોર છે. કો'કની ચીજને પોતામાં મેળવીને ગણે છે. પોતે ગણે છે કે હું આવો છું. આહાહા..! '**તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...**' તે આત્મા શુભ અને અશુભ રાગના પરદ્રવ્યના ગ્રહણ એટલે અનુભવવું. એ પુણ્ય અને પાપના વિકલ્પો મેલ તેને ગ્રહીને, પકડીને, અનુભવીને સદ્ભાવ વડે. તેની હયાતી વડે. '**શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે...**' ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર, એના આત્માની સિદ્ધિ પ્રગટ થવી જોઈએ તેના અભાવને લીધે. સદ્ભાવનો-પુણ્ય-પાપનો સદ્ભાવ. શુદ્ધ સ્વભાવના સિદ્ધિનો અભાવ. શું કહ્યું સમજાણું કાંઈ?

વસ્તુ જે જ્ઞાનાનંદ પ્રકાશ પ્રભુ શુદ્ધ આનંદમૂર્તિ, તેને ભૂલીને પુણ્ય અને પાપના ભાવમાં, સદ્ભાવમાં જે અનુભવમાં આવ્યો એને શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે. એને અંતરમાં મોક્ષમાર્ગ જે સ્વરૂપ સન્મુખની પ્રતીત, જ્ઞાન અને અનુભવ રમણતા તેનો તેને અભાવ છે. '**બંધની શંકા થતી હોઈને...**' એ તો એને બંધનની શંકા જ છે. '**સ્વયં અશુદ્ધ હોવાથી,...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વયં અશુદ્ધ વિકારી પરિણામવાળો, એ વિકારીવાળો હું, એ હું એમ જેણે અનુભવ્યું છે તે પ્રાણી '**સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.**' ભગવાન આત્માનું સેવન કરનાર આરાધક નથી, ધર્મી નથી. એ અણારાધક નામ અધર્મી-અજ્ઞાની છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૩, શનિવાર તા. ૨૧-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૪-૩૦૫, પ્રવચન-૩૭૨**

મોક્ષ અધિકાર. ૩૦૪ અને ૩૦૫ ગાથા. ટીકા ચાલે છે. કહે છે કે '**સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી...**' શું કહે છે? ધર્મીને અશુદ્ધ પરિણામ જે પરદ્રવ્ય છે એનો આશ્રય નહિ હોવાથી, એનું લક્ષ અને અવલંબન નહિ હોવાથી ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો આશ્રય અવલંબન હોવાથી સ્વયં પરદ્રવ્યના પરિહાર વડે. અશુદ્ધતાના અભાવ વડે '**શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવ...**' છે. હું ચૈતન્ય શુદ્ધ પવિત્ર આનંદ જ્ઞાયક છું એવી ધર્મીને અંતરમાં સ્વભાવની સિદ્ધિની પ્રાપ્તિ છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાનીને શુદ્ધ સ્વભાવના પરિહાર વડે અશુદ્ધ ભાવના ગ્રહણ વડે, અશુદ્ધ ભાવ જે છે પુણ્ય-પાપ મલિન આદિ કૃત્રિમ, એના ગ્રહણ નામ અનુભવ વડે એને બંધની શંકા થાય છે એટલે કે બંધપણું તેને ઉત્પન્ન થાય છે. અને જેને શુદ્ધ આત્મા સહજ સ્વરૂપ પવિત્ર આત્મા એની અંતર્મુખ દૃષ્ટિ વડે શુભાશુભ ભાવ જે અશુદ્ધ પરદ્રવ્ય છે તેના પરિહાર વડે. આત્માની સિદ્ધિના સદ્ભાવથી. શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના અંતર દૃષ્ટિમાં એના આત્માની હયાતીને કારણે બંધની શંકા થતી નથી. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને બંધની શંકા નથી. કેમ કે અબંધ સ્વરૂપ એવો શુદ્ધાત્મા તેની પ્રતીત અને અનુભવ હોવાથી અને અશુદ્ધ પરિણામનો અભાવ હોવાથી એને સંસાર છે નહિ એટલે બંધન છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...**' લ્યો, આવ્યું સવારનું હતું ઈ. એ તો એની ઈ વાત છે. ઉપયોગ એટલે જાણવું દેખવું એ લક્ષણ છે ચૈતન્યનું. એ લક્ષણે જ્યાં આત્માને અનુભવ્યો, જાણ્યો, ભૂતાર્થ જે ત્રિકાળ છે તે દૃષ્ટિમાં આવ્યો. સહજ જ્ઞાનના લક્ષણે સ્વનો આશ્રય કર્યો એટલે શુદ્ધતા પર્યાયમાં પ્રગટ થઈ એવો જે આત્મા તેને ધર્મની પર્યાયમાં શુદ્ધ સ્વભાવ ત્રિકાળ છે એની હયાતીને લઈને બંધ થતો નથી. સમજાણું કાંઈ?

'**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...**' એક લક્ષણ. જાણવું-દેખવું એ જ હું છું. એમ જેણે પોતાના લક્ષણ દ્વારા ચૈતન્યને લક્ષ નામ ધ્યેયમાં લઈને ઉપયોગમાં સ્વવસ્તુને વિષય લઈને જે અનુભવ થયો છે એવો એક શુદ્ધાત્મા જ હું છું. એમ ધર્મીને અંતરમાં શુદ્ધ તે હું છું એમ અનુભવમાં વર્તે છે. સમજાણું કાંઈ? '**એમ નિશ્ચય કરતો થકો...**' એટલે એ રીતે નિર્ણય થયો થકો '**શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...**' એમાં

શુદ્ધ પરમાત્મસ્વરૂપ પોતાનું એની જેની પર્યાયમાં પ્રાપ્તિ છે.

શુદ્ધ આત્મા પવિત્ર ચૈતન્ય ભગવાન એના ઉપયોગ લક્ષણે એને પકડીને. આહાહા..! ભારે ધર્મ ભાઈ! આવી ધર્મની વ્યાખ્યા. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તદ્દન નિરાળો શરીર, કર્મ અને સંયોગથી તો નિરાળો છે. પણ પુણ્ય અને પાપના વિકલ્પો તે તરફનું લક્ષ અને આશ્રય પણ ધર્મીને નથી. કેમ કે તેનાથી તે રહિત છે. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિમાં ધર્મ કરનાર એવો આત્મા જે શુદ્ધ પર્યાયરૂપ પરિણમે છે એના ધ્યેયમાં તો શુદ્ધ ચૈતન્ય આનંદ ધ્યેય વર્તે છે. એથી એની શ્રદ્ધા-જ્ઞાનમાં શુદ્ધ આત્માના સદ્‌ભાવને લીધે આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવો '**આરાધનાથી...**' ભગવાન પરમાત્મ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેના આશ્રયથી, તેના અવલંબનથી, તેની એકાગ્રતાથી, તેના સન્મુખથી તે લક્ષણે લક્ષિતના વેદનથી આત્માની સિદ્ધિ છે જેમાં. જેમાં શુદ્ધ આત્માની પર્યાયમાં નિર્મળતાની પ્રાપ્તિ છે. સમજાય છે કાંઈ? અશુદ્ધપણાની પ્રાપ્તિમાં શુદ્ધપણાના દ્રવ્યનો અભાવ હતો. શુદ્ધ ચૈતન્યમૂર્તિ વસ્તુ છે તેની દૃષ્ટિમાં અશુદ્ધપણાના પરિહાર વડે અને શુદ્ધપણાની પર્યાયમાં પ્રાપ્તિ વડે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ અને જ્ઞાન અને સ્થિરતા હોવાને લીધે એની સિદ્ધિ '**જેનું લક્ષણ છે એવી આરાધનાથી...**' સ્વભાવની સન્મુખતા અને સ્વભાવના સેવનથી જેની-શુદ્ધાત્માની પ્રાપ્તિ એવું જેનું લક્ષણ એવા આરાધનાથી, આત્માની આરાધનાથી સદાય સ્વભાવના આદરથી વર્તે છે. કહો, સમજાણું કાંઈ? ભારે ધર્મનું રૂપ આવું ભાઈ! આ બધી ધમાલ બહારની પ્રવૃત્તિ ને આ ને આ એ બધું ક્યાં ગયું? કહે છે. એ તો એનામાં રહી ગયું. એમાં ક્યાં એની પર્યાય ત્યાં રહી ગઈ. એનામાં પરલક્ષી જે ભાવ હતો એનું પણ લક્ષ છૂટીને ચૈતન્ય જ્ઞાયકમૂર્તિના સ્વભાવનો આશ્રય થયો એને ઉપયોગ લક્ષણે એને પકડ્યો હતો કે સ્વઆશ્રય થયો કહો કે ભૂતાર્થ ઉપર દૃષ્ટિ પડી કહો. સમજાણું કાંઈ?

જે દૃષ્ટિ પુણ્ય અને પાપ અશુદ્ધ પર્યાય પરિણામ ઉપર હતી તેને અશુદ્ધપણાની પ્રાપ્તિથી તે આત્માનો અણારાધક છે. અણારાધક છે એટલે કે અધર્મ છે. અને વસ્તુ ભગવાન ચૈતન્ય સચેત જ્યોત, સચેત જ્યોત. આ પરમાણુનો પ્રકાશ આદિ તો અચેત જ્યોત છે. સચેત જ્યોત જ્ઞાયકમૂર્તિ ઉપયોગ લક્ષણે પકડીને. ઉપયોગ લક્ષણે અંદરમાં વિષય કરીને પકડ્યો. ધ્યેયમાં ગયો એટલે શુદ્ધાત્માની પ્રાપ્તિ પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની (થઈ), એવો શુદ્ધાત્માની સિદ્ધિ નામ પ્રાપ્તિ જેનું લક્ષણ એવો આરાધકપણે આત્મામાં વર્તે છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે.'** જેનું. કોનું? **'એવી આરાધના...'** લ્યો, આ આરાધના. ભગવતી આરાધના. કહો. ભગવતી આરાધના આવે છે ને? મરણ વખતે આરાધન કરવું. સમાધિ મૃત્યુએ મરવું. એટલે શું? અર્થમાં તો ચાર બોલ લેશે-ભાવાર્થમાં. દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને એક ભાવરૂપ નિશ્ચય આરાધના એમ લેશે. એટલે કે ભગવાન આત્મા ચૈતન્ય બિંબ પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ એવો સ્વભાવ જેણે અવલંબ્યો છે, અંતરની દૃષ્ટિ, જ્ઞાનની પર્યાયમાં એનું અવલંબન છે અથવા જેણે વર્તમાન શ્રદ્ધા-જ્ઞાનમાં દ્રવ્યનો આશ્રય લીધો છે... સમજાય છે? એને પર્યાયમાં જે શુદ્ધતા સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ-ચારિત્ર આદિની પ્રાપ્તિ જેનું લક્ષણ એવી આરાધનામાં સદાય વર્તતો તે નિરપરાધી છે. અથવા **'આરાધક જ છે.'** આને આરાધક કહીએ. આ દેવીનો ને દેવનો આરાધક નથી કહેતા? આ ફલાણી દેવીને માને છે આ. અંબાજીને માને છે, આ શિકોતેરને માને, આ ગણેશ કેવા? ગણેશને માને છે. એ બધા રખડનારા. પરને આરાધવાનો ભાવ છે એવા આવા અજ્ઞાનીઓને તો અશુભભાવ અને મિથ્યાત્વભાવ છે.

ચૈતન્યદેવને જેણે આરાધ્યો છે. અહીં તો એમ કહે છે. સમજાણું કાંઈ? પરમેશ્વર એનું પણ આરાધન નહિ. પરમેશ્વર પર છે. એનું આરાધન અને શ્રદ્ધા-જ્ઞાન કરવા જાય છે તો પણ વિકલ્પ ઉઠે છે. શુભરાગ છે. એ આરાધન નથી. એ તો વિરાધન છે એકલું. આહાહા..! .... ભારે વાત છે. કઠણ પડે જગતને. ભાઈ! પ્રભુ તારું તત્ત્વ જ એવું છે ને ભાઈ! સમજાય છે? એવા અનંતા મરણે મરી ગયો અસમાધિથી. પોતાનો સ્વભાવ શુદ્ધ એનો આશ્રય લેવાનો જેણે પ્રયત્ન પણ કર્યો નથી અને એમ ને એમ બાહ્યના વિકલ્પો શુભ-અશુભ પરિણામનું અવલંબન લઈ પડ્યો છે એ તો આત્માનો અણારાધક છે. અને વિકારનો આરાધક છે. વિકાર જેની પ્રાપ્તિ છે એવું અણારાધકપણું જેને પ્રાપ્ત થાય છે. ભારે વાતું ભાઈ! આમાંથી કાંઈ બહારથી કાંઈ મળે એવું લાગતું નથી કાંઈ. બહાર હતો ક્યાં પણ તું? એક સમયની પર્યાયમાં પણ પૂરો નથી આવ્યો ત્યાં વળી બાહ્ય ક્યાં ભટકવું છે તારે? આહાહા..!

ઘણી નિશ્ચળ દૃષ્ટિ નિશ્ચળ વૃત્તિ પરિણતિ દ્વારા જેણે ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છે એને જેણે અવલંબ્યો છે. ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન, શુદ્ધ કહો કે વીતરાગ સ્વભાવ કહો એક જ છે, એને જેણે અંતર દૃષ્ટિએ અવલંબ્યો છે તેને શુદ્ધ આત્માની જ પ્રાપ્તિ પર્યાયમાં (થાય છે). પર્યાયમાં શુદ્ધતા જ પ્રાપ્તિ થાય એમ કહે છે. અને એ શુદ્ધતા પ્રાપ્તિ (થવી) તેને અહીંયાં આરાધક કહે છે.

**'આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** એક ક્ષણ પણ પુણ્યને આદર નહિ કરતો. એમ કહે છે. વચ્ચે વ્યવહાર પુણ્યાદિ હો. પણ એનો આદર નહિ કરતો, એને ચૈતન્યના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આરાધકપણાની દશામાં નહિ મેળવતો. આહાહા..! એવું જીવનું જીવનને શુદ્ધ ચૈતન્ય, એવા જીવનને જીવે છે આરાધક, તેને આરાધક એ '**સદાય વર્તતો હોવાથી,...**' તેને આરાધના, આત્માની સેવાનો કરનાર એને કહીએ છીએ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે.**' આત્મા શુદ્ધ સ્વરૂપનું આરાધન એના આ બધા શબ્દો છે. એના વાચ્યના. '**અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ...**' આત્મા શુદ્ધ પરમાત્મ ચૈતન્ય મૂર્તિ છે એની પર્યાયમાં પ્રાપ્તિ અથવા સાધનનું નામ રાધ સેવન છે. જુઓ! અહીં સાધન એને કીધું. શુદ્ધ સ્વભાવનું સાધન એ જ સેવા છે-રાધ છે. વિકલ્પ વ્યવહાર આદિ, દયા-દાન આદિ વચ્ચે ઉઠે એ સાધન નથી એમ કહે છે. આવ્યા કે નહિ? આહાહા..! ભારે કઠણ પડે છે માણસને. સમજાય છે કાંઈ? ભગવાન! તેં તારા પંથને જોયા નથી. તારો ચૈતન્ય મહાપંથ છે, મહા માર્ગ છે મોટો. શુદ્ધ ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પોતે મહા અનંત ગુણનો પિંડ ભંડાર એને અંતર પંથે, અંતર પંથે ગયો એ મહાપંથ આત્માનું આરાધકપણું છે એને જ અહીંયાં મોક્ષનું સાધન કહ્યું છે. સમજાણું કાંઈ? આમાં ઓલું વ્યવહારનું કાંઈ આવતું નથી અને માણસ એમ કે આ તો એકાંત થઈ જાય છે લ્યો. એ એકાંત જ, સમ્યક્ સ્વભાવનું એકાંત જ એકાંત મોક્ષને પમાડવાનું સાધન છે. સમજાણું કાંઈ?

શુદ્ધ આત્મા પવિત્ર ભગવાન અનંત ગુણથી પવિત્ર ધામ, એની સિદ્ધિ અથવા તેનું સાધનનું નામ જ અહીં રાધ-સેવન છે. '**જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...**' જેને ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની અંતર દૃષ્ટિનું સાધન અને આરાધન નથી અને તે એકલા દયા, દાન, વ્રત અને વિકલ્પનું આરાધન કરે છે તે અપરાધી છે. સમજાય છે કાંઈ?

એક શરણ આત્મા છે-શુદ્ધ ચૈતન્ય. એ સિવાય કોઈ શરણ નથી. આ મરતા.. આહાહા..! હાલક-વિલક થાય. શ્વાસ આમ ઘૂંટાય. વૈદો બધા હજારો હકીમો ઊભા હોય લ્યો. હાય.. હાય..! ભાઈને હતું ને ઘણા વર્ષ પહેલા. .. આ ખીમચંદભાઈ રહે છે ને ત્યાં ઓલા રહેતા ખંભાતવાળા. અહીં નહોતા ઓલા મોદી કોણ? પ્રસન્ન મોદી? હા, એને બે બહેનો આપી છે. એ ત્યાં .. હુશિયાર માણસ હતો. વૈષ્ણવ હતો. મોટા ડોક્ટર આવ્યા. ... અહીં. મને બોલાવ્યો. હું હતો ત્યાં. મંગળિક સંભળાવવા. મોટા ડોક્ટર ઈંજેક્શન આપે. બધી તૈયારી થઈ ગયેલી. સાધ્ય બહુ ચોખ્ખી હોં અને હુશિયાર માણસ.

મહારાજ! આ શરીર જીર્ણ વસ્ત્ર થઈ ગયું છે હવે. હવે નવું માગે છે. કરશન નહિ? કરશન મોદી નહોતો? એની બે બહેનો. બે બહેનો. એ અહીં માંદો પડ્યો એ રીતે ગૃહસ્થ માણસ હતો ઘણો લાખોપતિ. (સંવત) ૧૯૯૨-૯૩ની વાત છે. એ ખીમચંદભાઈના મકાનમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતો. ખ્યાલ આવી ગયો કે ઓહોહો..! હવે કાંઈ શરણ નથી. આહાહા..! વસ્તુની ખબર નહિ, પણ આ રીતે આમ દેખીને એને એમ થાય કે આહાહા..! હવે કોઈ ન મળે. આ શરીર જીર્ણ થઈ ગયું. ચારે કોર એમ કે.. હવે શરીર એકદમ છૂટવા માગે છે. જૂનું વસ્ત્ર છોડીને નવું લેવાની તૈયારી થઈ ગઈ છે. એમ ભાઈ બોલ્યા હતા. એટલી તો ખાતરી થઈ કે નહિ આત્મા છે તે અહીં જઈને હવે બીજું શરીર. ત્યાં ક્યાં મોક્ષ છે? ધર્મનું તો ભાન નથી. સમજાય છે? નાની ઉંમર હોં! ૪૫ કે એટલી માંડ હશે. ૪૫-૫૦ ઉંમર. શરીર સારું હતું. ગૃહસ્થ માણસ. તૈયારી થઈ ગઈ. આ વસ્ત્ર જીર્ણ થઈ ગયું. ક્યાંય હવે સંધાય એવું નથી. નવું વસ્ત્ર, નવું વસ્ત્ર પહેરવાની તૈયારી થઈ ગઈ. મંગળિક સંભળાવ્યું ત્યાં .. રાત્રે ખલાસ થઈ ગયા. સાધ્ય બહુ હતી.

આ કોણ છે, તને ખબર નથી. આમ ને આમ વિકલ્પ કરે કે લ્યોને બહારથી. એ ધૂળેય તને શરણ નથી ત્યાં. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન કરે એ તો વિકલ્પ છે, રાગ છે. ત્યાં ક્યાં ભગવાન હતો? ભગવાન તો અંદર અહીં છે. સમજાણું કાંઈ? કોઈ ઈશ્વર-ઈશ્વર કરે. ઈશ્વરના કર્તા માનનારા ઈશ્વર કર્તા (માને), પણ ઈશ્વર-ઈશ્વર એ તો વિકલ્પ છે. અને એમાં પણ એનો કર્તા માનનાર તું પોતે સ્વતંત્ર કર્તા વિકલ્પનો છો એ પણ તને એની શ્રદ્ધાની ખબર નથી. આ શુભભાવ હું કરું છું, મારાથી થાય એ હજી ખબર નથી. કહો, આત્મા એનાથી છે, મારાથી છે એની ખબર નથી.

એવા ટાણે એ સાંધે સાંધા તૂટશે શરીરના. અને એમાંથી નીકળશે આત્મા, નીકળતા હેં..હેં.. થઈ જાય અંદર. ઘણાં ઘણાં વર્ષ રહ્યો. ૫૦-૫૦ વર્ષ, ૬૦-૭૦ વર્ષ. એક પ્રદેશમાં એક ક્ષેત્રે અને એમાં એકત્વબુદ્ધિએ. આહાહા..! સમજાણું કાંઈ? એને છૂટવા કાળે પૃથક્પણું થવું ભારે કઠણ. ભારે નીકળવું કઠણ પડશે. માટે એકત્વને, પરથી એકત્વને છોડ અને સ્વની એકત્વતા કર. આહાહા..! એ કોઈ શરણ નથી. શરીર પણ ધૂળ છે. તારી બાયડી, છોકરા, કુટુંબ, હજીરા બધા બહાર પડ્યા રહેશે. મન પડ્યું રહેશે. આહાહા..! મોહનભાઈ! શું થાતું હશે? આ પૈસાવાળાને કાંઈ મદદ મળતી હશે કે નહિ? સારા ડોક્ટર બોલાવે, મોટરું આવે, હો-હા થાય. એ હો-હા થાય તો ઓલાને એમ થાય કે હાય હાય હવે તો ઉપડવાનું છે ને આ શું કરે છે?

મુમુક્ષુ :- મોટા ડોક્ટર આવ્યા.

ઉત્તર :- બે-ત્રણ ડોક્ટર આવ્યા હતા મોટા. મોટો માણસ હતો ને ગૃહસ્થ. મોટા લાવ્યા હતા કાંઈક ભાવનગરથી. હું .. ચાલતો હતો. મારે ઊભું રહેવું પડ્યું થોડીવાર. પણ ઓલા કહે છે, મહારાજ! મારું આ શરીર હવે જીર્ણ થઈ ગયું છે હોં! શરીર હવે છૂટવાની તૈયારી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જીર્ણ થઈ ગયું છે. અહીં ઇંજેક્શન આપશે, હવે રહે એવું નથી.

એ શરીર રહિત હું છું અને રાગ રહિત છું એવા ભાન વિના શરીર છૂટે એમાં શરીર છોડ્યું છે ક્યાં એણે? એ તો નવું ગ્રહણ કરવા માટે... કારણ કે મમતા તો આ ન છૂટે દુઃખ થાય છે. દુઃખ થાય છે. છૂટતા દુઃખ થાય છે એનો અર્થ કે છૂટવું ગોઠતું નથી. દુઃખ થાય છે છૂટતા. દુઃખ થાય છે એનો અર્થ કે વહાલું લાગે છે એને, છોડવું નથી. સમજાણું કાંઈ? છૂટતા દુઃખ થાય છે એનો અર્થ કે એ રહે તો ઠીક, છૂટે તો ઠીક નહિ એવો અર્થ છે એમાં. આહાહા..! પણ જ્યારે એને છૂટે ત્યારે પહેલા એણે નક્કી કરી રાખ્યું હોય અનુભવ, કે હું તો એક આત્મા ચૈતન્ય છું. મારામાં એ પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ પણ મને શરણ નથી. વ્યવહારનો વિકલ્પ શુભ ઉઠે એ શરણ નથી, શાંતિદાતા નથી. શાંતિ દાતા ભગવાન આત્મા છે. શુદ્ધ ભગવાન ચૈતન્ય અનંત ગુણનો પિંડ પ્રભુ જ્યાં નજર નાખે નિધાનમાં પડતા ખૂલે છે નિધાન. એવી શાંતિનો સાગર હું છું. એવું જેણે આત્માનું આરાધન પરથી પૃથક્ અને સ્વથી એકત્વ કર્યું હશે એને છૂટવા ટાણે શાંતિ રહેશે. કારણ કે છૂટો જ છે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? નહિતર આહા..! આંતરડા આમ થાશે, આમ થાય, આમ વળ નાખે, આમ વળ નાખે. આમ કરે.

એક માણસને જોયો હતો મરતા. આહાહા..! કોણ જાણે શું પીડા થતી હશે? (સંવત) ૧૯૭૬માં ગયા હતા, ધ્રાંગ્રધા. આમ હશે. તળાઈ પર સુવડાવે તો સૂઈ શકે નહિ. એટલી કોઈ અંદરથી આમ ટળવળે, આમ ટળે. મંગળિક સંભળાવવા બોલાવેલા. અપાસરા ધ્રાંગધ્રાનું છે ને. ૭૬ની વાત. જેઠાભાઈ કરીને હતા કોઈ. એવા ટળવળે. પીડા.. પીડા.. સાંભળ્યું ઈ ખબર નથી. દુઃખના અંદર વેદન આડે એટલા કોઈ વળ નાખતા હશે અંદર. હવે આ જરી તને સુખરૂપ હતું એ શું થયું આ? આમ જાણે આ શરીરને સાચવ્યું, આનાથી ભોગ લીધા, આનાથી મોસંબી પીધી ને આને લાડવા ખવરાવ્યા. આને આવ્યો રાગ હોં! ક્રિયા તો જડની છે. એમાં કાંઈ તારું વળ્યું નહિ. હોળી સળગી એ વખતે. હાય.. હાય.. અરર..! આ શું થાય છે મને? માથું આમ. નીચે ઓશીકું મૂકેલું. ઓશીકે માથું નહોતું રહેતું, ભાઈ. સમજ્યાને? ધ્રાંગધ્રા. હેઠે નવો અપાસરો છે ને. સુરચંદ સંઘવી રહેતા એ શેરીમાં. ક્યાંય સખ ન વળે. શું છે પણ? બોલ્યું જાય નહિ. દુઃખથી દુઃખ પીડા. કારણ કે બળદ જ જેમ ઓલા તલમાં પિલાયને એમ પીલાતો હતો. છૂટવું છે પણ દુઃખ લાગે છે છૂટતા. આહાહા..! એ દુઃખના વેદનમાં આત્માનો અનારાધક થઈને શરીર ને જડ ને રાગનો આરાધક થઈને સેવીને જાય, ત્યાં જાશે. જ્યાં સંયોગ મળશે ત્યાં જાશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં કહે છે, **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** જેને ભગવાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા અનુભવમાં શુદ્ધ ચૈતન્યને લીધો નથી. અખંડાનંદ પ્રભુ ચૈતન્ય વસ્તુને જેણે પર્યાયમાં શરણમાં-આશ્રયમાં લીધો નથી એ આત્મા અપરાધી છે. ચાહે તો એ શુભરાગમાં રોકાઈને દેહ છૂટે. ભગવાન! એમ કરીને દેહ છૂટે. તોપણ તે અપરાધી છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! માણસ તો એમ કહે કે આહાહા..! ભગવાન કહીને દેહ છૂટી ગયો. ભગવાન કીધું પણ લક્ષ તો પર ઉપર છે, એ તો શુભરાગ છે. પોતે ચૈતન્યમૂર્તિ આનંદ છે એનું તો શરણ અંદર લીધું નથી. સમજાય છે કાંઈ? તે આત્મા (અપરાધ) નામ રાગનો સેવન કરનાર છે. તે આત્મા અપરાધી છે. આહાહા..! આહાહા..! ભગવાનનું સ્મરણ કરે નમો અરિહંતાણં. ભાઈ! મરતા મને ભગવાન પાસે લઈ જજો હોં! મારી શક્તિ ન હોય તો ડોલીમાં લઈને પણ ભગવાન પાસે લઈ જજો. ત્યાં મારું મૃત્યુ થાય. પણ ત્યાં મૃત્યુ થાય એની સમીપ મૃત્યુ થાય એમાં શું થયું પણ? એ તો રાગની સમીપ છે. ત્યાં પણ રાગ અને પર ઉપર લક્ષ છે. સમજાણું કાંઈ?

આવું સિદ્ધક્ષેત્ર જ્યાં મરે એ સિદ્ધ થાય. હવે સાંભળને! સિદ્ધ ક્ષેત્ર તો અહીં છે કે ત્યાં છે? એય..! આ પાલીતાણા સિદ્ધક્ષેત્ર છે. અરે.. ભગવાન! સાંભળને. એય..! જગજીવનભાઈ! આ શું બધી વાતું શું ચાલે છે આ? પાલીતાણાની તળેટીમાં મરે આમ ભગવાનની સામું જોઈને. કાંઈક આરાધક થતો હશે કે નહિ? આહાહા..! ભાઈ! તું ચૈતન્યમૂર્તિ મોટો ડુંગરો ગિરનાર છો અંદર આનંદકંદ છો. એની અંદરમાં ચડ, એના ઉપર જા. સ્વભાવનું શરણ લે અખંડાનંદ પ્રભુ, પરમાત્માનું સ્વરૂપ જ પોતે પરમાત્મા સાક્ષાત્ છે. શક્તિએ, દ્રવ્યે પોતે જ પરમાત્મા છે. એવું વર્તમાન પર્યાયમાં એનો આશ્રય લે. એનો આશ્રય લે એ આરાધક થઈને અપરાધ છોડીને નિરપરાધી થાય છે. એકાદ કોઈ ભવ હોય તો હો. એને તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે (જાણે) છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ એ કુંદકુંદાચાર્ય! આ પાછળની ગાથાઓ છે ને. હળવે હળવે જુઓને એ મોક્ષનો અધિકાર ત્યાં આરાધક સુધી લઈ ગયા છે. પછી સર્વવિશુદ્ધ ચૂલિકા લેશે. એમ કે આરાધકે મૃત્યુ અમારું આવું થશે. સમજાય છે કાંઈ? જુઓ! ગાથાઓ બધી છેલ્લી છે ને પડિક્કમણા પછી....

**'અને જેને તે રાધ છે...'** એટલે શુદ્ધ પરમાત્મા પોતે આનંદ જ્ઞાયકમૂર્તિ જેની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે એનું શરણ સહજ સ્વઆશ્રયપણે લીધું છે. **'તે આત્મા નિરપરાધ છે.'** કહો, સમજાય છે કાંઈ? **'જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે...'** હું ક્યાં જઈશ? શું થશે? રખડવું ક્યાં થશે? ક્યા ભવમાં? એવી શંકા ચૈતન્યના સ્વરૂપના અણારાધકને અને પુણ્યાદિના આરાધકને આવી શંકા એટલે એને મિથ્યાત્વ થાય છે. એ મિથ્યાત્વ તે જ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોટી શંકા છે. એમાં જ આખો સંસાર પડ્યો છે. આહાહા..!

'**માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી...**' જુઓ! માટે તે સ્વયં. પોતાનો શુદ્ધ સ્વરૂપ પરમાત્મા, એનો જેણે આશ્રય લઈને અનુભવ કર્યો નથી અને એકલો અશુદ્ધ રાગ ને પુણ્યની ક્રિયામાં રોકાઈને સ્વયં અશુદ્ધ થયો હોવાથી '**અનારાધક છે.**' આહાહા..! સમજાણું કાંઈ? આ બહારના સંથારા કરે બબ્બે મહિનાના. અને ઝાડની ડાળની પેઠે સૂવે. એ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એમ કરતો મરે તોપણ તે અપરાધી ગુનેગાર છે. આહાહા..! અરે.. અરે..! આ વાત ભાઈ! સમજાણું કાંઈ?

આત્મા અખંડાનંદ ચૈતન્ય પ્રભુ શુદ્ધ આનંદની ખાણ, જેમાં એકલો અતીન્દ્રિય આનંદ ખેંચ એટલો નીકળે એવો છે. એમાં શક્તિ એટલી છે. એવા અતીન્દ્રિય આનંદને અનુભવમાં લઈને આત્માનું સેવન જેણે કર્યું નથી એ જીવો આવા રાગની ક્રિયાકાંડમાં આવા રાગમાં મરે તોપણ અપરાધી જીવ છે. આહાહા..! દુનિયા જાણે એમ કહે કે આહા..! માપ અજ્ઞાનીના અને જ્ઞાનીના ગજ જુદા છે. માપ જ જુદા છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એને દૃષ્ટિ છોડી દઈને (જે) સ્વયં અશુદ્ધ, એ પુણ્યના વિકલ્પનું સેવન કરે છે એ શુભરાગ છે, પુણ્ય, દયા, દાન, ભક્તિ, પૂજા કષાય મંદ કરું કે આ રાગ મંદ કરું એવી જે અશુદ્ધતા એના ઉપર જેની દૃષ્ટિ છે, જેને શુદ્ધ ભગવાન ચિદાનંદ ઉપર દૃષ્ટિ નથી એવા અશુદ્ધના પુણ્યના પરિણામમાં પડ્યો અણારાધક છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ભગવાનનું શરણ હજો, ભગવાનનું શરણ હજો. એમ મરતા કહે છે ને? ઓલાને શ્રીકૃષ્ણનું.. શું કીધું એ? શરણં. તમારી રાજુલને ગીતાની બા મરતા કહેતી હતી. શ્રીકૃષ્ણ શરણં, કૃષ્ણ શરણં. આપણે આવી છે ને આ? વજુભાઈના દિકરાની દિકરીને જાતિસ્મરણ થયું છે ને? રાજુલ. પૂર્વ ભવનું જ્ઞાન થયું ને. છે ને અહીં? વજુભાઈના દિકરાની દિકરી. અહીં નથી હોં અહીં નથી. અત્યારે ક્યાં છે? કેશોદ, કેશોદ છે. આપણે અહીં આવી હતી મહિના પહેલા, બે મહિના પહેલા. એ ત્યાં મરી ગઈ. એ એમ બોલી હતી ત્યાં અઢી વરસે કે હું તાવમાં મરી ગઈ છું. એમ બોલી હતી. હું તાવમાં મરી ગઈ છું. હું ગીતા છું. જૂનાગઢથી આવી છું. પછી એની મા કહેતી હતી કે હા. મારા ખોળામાં સૂતી હતી ગીતા (અને) હું શ્રી કૃષ્ણ શરણં... શ્રીકૃષ્ણ શરણં... એમ કરતી હતી. દેહ છૂટી ગયો. ઓરી નીકળ્યા ઓરી. ઓરી સમજાણું? ઓરીને શું કહે છે? ઝીણી-ઝીણી માતા નથી નીકળતી નાની-નાની. નાની માતા નીકળે છે ને?

મુમુક્ષુ :- બોદરી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- બોદરી? માતા પણ ઓરી. એકલી માતા નહિ ઓલા મોટા મોટા. ઓરી કહે છે અમારે. ઝીણી-ઝીણી. એ નીકળેલી, પણ એ ભૂલી ગઈ. પણ આમ બોલી કે તાવમાં મરી ગઈ છું. એને તાવ આવ્યો હતો. અઢી વર્ષની ગુજરી ગઈ ત્યાં. અઢી વર્ષે અહીં બોલી. કે હું તાવમાં મરી ગઈ છું. ગીતા છું, જુનાગઢથી આવી છું. એ બધું જઈને નક્કી કર્યું ત્યાં એની મા પાસે. (એની માએ કહ્યું), હા, મારા ખોળામાં સૂતી હતી અને શ્રી કૃષ્ણ શરણં... શ્રી કૃષ્ણ શરણં (બોલતી હતી) અને દેહ છૂટી ગયો.

અહીં તો કહે છે, ઋષભદેવ શરણં... ભગવાન શરણં.. લ્યો, હમણાં આપતા હતા સ્વરૂપભાઈને? એના બાપ આપતા હતા. ઋષભદેવનું શરણ હજો, અજીતનાથનું શરણ હજો, સંભવનાથનું શરણ હજો. ૨૦ તીર્થંકર. ભાઈ! પણ આ તો અસાધ્ય હતા. પણ છતાં સાધ્ય હોય અને શરણનું લક્ષ રહે છે એ તો શુભરાગ છે. આહાહા..! સમજાણું? ભગવાન આત્મા અંદર શુદ્ધ ચૈતન્યના ધ્યેયને સ્મરણ કરે. એના ચૈતન્ય ધ્યેયને યાદ કરીને આ શુદ્ધ છે એવા અનુભવમાં રહે. એને શરણ છે અને એને આરાધક અને અણઅપરાધી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે. '**સ્વયં અશુદ્ધ હોવાથી...**' કેમ કે એ શુભભાવ છે એ મેલ છે. એના ઉપર દૃષ્ટિ છે અને એના રહિત હું અખંડાનંદ શુદ્ધ છું એનો તો અણારાધક છે. એનો આદર છે નહિ. સ્વભાવનો આદર નથી, સત્કાર નથી અને અશુદ્ધના પરિણામનો સત્કાર છે એ અણારાધક છે. કહો, ન્યાલભાઈ! આ હવે પછી આવવાના છે ને ટાણા હળવે.. હળવે. ઓલું એક યાદ આવ્યું હતું અમારે કુંવરજીભાઈને લખતા. ત્યારે ખુશાલભાઈ.. હેદરશાહ હાજરાહજૂર છે એમ લખતા. ચોપડામાં હોં! પછી ખુશાલભાઈએ કઢાવી નાખ્યું. પછી મને યાદ આવતું કે આ આત્મા હાજરાહજૂર છે. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનની પર્યાય જુઓ તો તે હાજરા હજૂર છે. જ્યારે જુઓ ત્યારે તૈયાર છે. એય.. શેઠી! હાજરા હજૂર ધૂળેય નથી, અહીં તો કહે છે. શુભરાગ હાજરા હજૂર (હોય તો) એ મલિન અને અપરાધી છો. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા છે. એની અંતર દૃષ્ટિ કરીને રાગ પુણ્ય-પાપના વિકલ્પોનો દૃષ્ટિમાંથી અભાવ કરીને. સ્વભાવ ચિદાનંદનો આશ્રય કરીને જીવનને આરાધે-ઉજળું કરે છે તે આરાધક છે, તે નિરપરાધી છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાતું પણ આ. બહુ આવું કરવું પડતું હશે? આવું મોંઘુ ભારે ભાઈ! માંડ હજી નવરાશ મળતી નથી. દુનિયાના ખાવા, પીવા, રળવા, ભોગ આડે નવરાશ મળે નહિ. માંડ બે-ચાર કલાક કોક દિ' આવીએ ત્યાં કહે આવો ધર્મ હોય. હવે અમારે કરવું શું આ?

એઈ..! શેઠી! કેટલા વર્ષ કાઢ્યા હોય ૪૦-૪૦, ૫૦-૬૦. આ હોળી કરી છે ને, આ રળ્યા છે ને આ પૈસા કર્યા. ધૂળ કરી. કાંઈ કર્યું નથી. રાગ અને દ્વેષ કર્યા છે. સાંભળને! ધૂળના રજકણ પણ ફેરવી શકતો નથી. દુકાનના ધંધા-બંધા શું તેં કર્યા છે?

મુમુક્ષુ :- તો કોણે કર્યા?

ઉત્તર :- એ તો જડની પર્યાય એને કારણે થાય છે. જ્યાં હોય ત્યાં મંડે મેં આમ કર્યું... મેં આમ કર્યું... આમ કર્યું... ધૂળેય નથી કર્યું, સાભળને. એ કર્તા-કર્મમાં આવશે હવે. સમજાણું? સવારનો અધિકાર પૂરો થશે ને? પછી એ જ અધિકાર આવશે. ઓહોહો..! ભગવાન! તું શું કરે? ભાઈ! શું આ શરીરની ક્રિયા ને દુકાને બેઠો એના માલ લેવા-દેવાની ક્રિયા એ તું કરી શકે છો?

મુમુક્ષુ :- ના રે પ્રભુ!

ઉત્તર :- શું ના? શું કહેવાય? તળેટીપણું કર્યું હશે કે નહિ ત્યાં? તળેટી ને? શું કહેવાય? તલાટી. તલાટીપણું કર્યું હશે ને? દબાણમાં પરના ઓલામાં રહીને. આ કરો... આમ કરો... આમ કરો.. ધૂળેય કર્યું નથી. સાંભળને! વાણી પણ જડની છે. તારી ક્યાં છે? વાણી ઉઠે છે એ શું તારાથી ઊઠે છે? ગતિ શરીરની આમ આમ થાય એ શું તારાથી થાય છે? તને ખબર છે કાંઈ? આ તો માટી જડ છે. એનું આમ આમ થવું એ જડને લઈને છે. શું આત્માને લઈને છે?

અહીં તો કહે છે કે એવામાંથી નીકળીને માને કે હવે અમને ધર્મ કરવો છે. આ કહે, ધર્મ એને કહીએ કે પાપના પરિણામ તો છોડ પણ આ પુણ્યના પરિણામ ઉપરનું લક્ષ અને હયાતી છોડ અને મોટો ભગવાન હયાતી બેઠો એની દૃષ્ટિ કર. આહાહા..! હવે ભાઈ અમે નવરા માંડ થઈએ. આ વેપાર-ધંધા, બાયડી-છોકરા માથે પડ્યા. કેટલી લપ અમારે. હવે પાંચ-પાંચ છોડીયું હોય એને પરણાવવી, એને પાંચ-પાંચ હજાર બબ્બે હજારનો પોતાના પ્રમાણમાં કાંઈક ખર્ચ તો કરવો પડે કે નહિ?

મુમુક્ષુ :- ખર્ચ પાંચ પાંચ હજારે ન ચાલે.

ઉત્તર :- પણ ગરીબ માણસને લ્યોને હવે. છોકરા-બોકરા નહિ. આટલા લેશું. ઓલો કહે દસ હજાર લેશું, ઓલો કહે ફલાણા લેશું. જુઓને! ફાટ છે કે નહિ અત્યારે ઘણી? હવે ઓલાને બિચારાને શું કરવું? એક છોડીનો પત્ર હતો. પછી છોડી મરી ગઈ બિચારી. અરર..! મારા બાપને મારે માટે આ દહેજને જ્યાં હોય ત્યાં છોકરો માંગે. દસ હજાર જોઈશે, પંદર હજાર જોઈશે. અહીં સાધન ન મળે. એ છોડીને વારંવાર બાપ આવે જ્યાં ત્યાં મોઢું આમ કરીને આવે. દુઃખ થયું છોડીને. અરર..! મારા માટે આ? છોડી બળીને મરી ગઈ.

ત્યાં બળીને મરી ગઈ તો ત્યાં દુઃખ રહિત થઈ? ત્યાં સુખી છે? અને એને લઈને તારા બાપને સુખ થાશે? આવા ને આવા. આંધળે આંધળા. ભાઈ! તારું મોટું દહેજ દેણું છે. પુણ્ય-પાપના પરિણામ મારા માન્યા છે એ મોટું દેણું છે. આહાહા..!

કહે છે, એ આત્મા.. '**બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો...**' પણ જે આત્મા, અરે..! હું તો રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ, શરીર નહિ, કાંઈ નથી. જે છે તે મારામાં શાંતિ અને આનંદ છે. અને મારામાં ન હોય તો ક્યાંયથી આવે એવા નથી અને હોય તો મારે પરનું શરણ લેવાની જરૂર નથી. એવો આત્મા અંદર અખંડાનંદ જેણે શરણ લઈને દૃષ્ટિમાં લીધો છે એ નિરપરાધ છે. એ '**નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે...**' નિઃશંકપણે તે જ આખું... હવે ... પોતાના શુદ્ધઉપયોગમાં લીન રહે છે '**તેથી તેને બંધની શંકા નથી,...**' સંસાર-ફંસાર અમારે નથી. 'જગતને મરણ તણી બીક, એને આનંદની લહેર છે.' સમજાણું કાંઈ? ઓલાને મરતા હાય.. હાય.. ક્યાં જાશું? ક્યાં જાય? અંદરમાં બેઠો છે. જાવું હતું ક્યાં? સમજાણું કાંઈ? તોય ઝાંવા નાખે આમ હોં. કોઈ શરણ નથી.

ભગવાન! ચિદાનંદ મૂર્તિ પ્રભુ તું પોતે જ છો. સહજાનંદ સ્વરૂપ તારું સ્વરૂપ છે. સમજાણું? ઓલામાં તો એમ લીધું છે ને? ભાઈ! ૪૩ ગાથામાં નહિ? આ પરમાત્મપ્રકાશમાં. કે ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવ ભગવાનને જોઈ લીધો છે અંદર. એમ લીધું ત્યાં. ઉત્પાદ-વ્યય રહિત. સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ તીર્થંકરદેવે આ ઉત્પાદ-વ્યય વિનાનો ભગવાન પરમાત્મા તેને જોયો છે. એવું લીધું છે. સમજાણું? છે કે નહિ અહીં? આ શું છે? ક્યાં છે? ૪૩માં છે ને પહેલા. બીજા ૪૩માં હશે ઓલું બીજા ૪૩માં. આ તો પહેલા ૪૩માં. જુઓ. ઈ જ છે લ્યો. જુઓ! પાઠ જ એવો છે.

**भावाभावहिँ संजुवउ भावाभावहिँ जो जि।**
**देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि।।४३।।**

હે પ્રભુ! આ ઉત્પાદ-વ્યય જે થાય છે, શરીર-વાણી ને એ તો જડ રહી ગયા ક્યાંય. આ પુણ્ય-પાપના પરિણામ તે ક્યાંક રહી ગયા. આ ઉત્પાદ-વ્યય જે પર્યાયમાં થાય છે એનાથી રહિત સદા ધ્રુવ અવિનાશી ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એ '**વહી પરમાત્મા...**' તેને અહીંયાં પરમાત્મા કીધો છે. ઓલી ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો ધ્રુવ તેને પરમાત્મા કીધો છે. '**નિર્વિકલ્પ સમાધિકે બલસે તીર્થંકરદેવોને દેહમેં ભી દેખ લિયા હૈ,...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાય લીધી. પણ પર્યાયે દીઠું આ. સમજાણું કાંઈ? આવી વાતું પણ

મોટી. અરે.. મોટી નથી પ્રભુ! તારા ઘરની તું કરી શકે ઈ જ આ વાત છે.

કહે છે, દેહમાં ભગવાન પુણ્ય-પાપ વિનાનો તો ખરો. શરીર, કર્મ વિનાનો અહીંયાં આત્મા. પણ ઉત્પાદ વ્યયની એક સમયની પર્યાય વિનાનો આ એક ધ્રુવ ચિદાનંદ બિંબ છે તે જ પરમાત્મા. એમ લીધું છે ભાઈ ટીકામાં હોં. સમજાણુંને? જુઓ ટીકા. '**भावाभावाभ्यां संयुक्तः पर्यायार्थिकनयेनोत्पादव्ययाभ्यां परिणतः, द्रव्यार्थिकनयेन भावाभावयोः रहितः य एव वीतरागनिर्विकल्पसदानन्दैकसमाधिना तद्भवमोक्षसाधकाराधानासमर्थेन जिनवरैर्देहेऽपि दृष्टः तमेव परमात्मनं मन्यस्व जानीहि...**' આહાહા..! એકલો ભગવાન ધ્રુવ ચૈતન્ય મૂર્તિ એક સમયની પર્યાય દ્વારા તે ધ્રુવને જો. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની વ્યાખ્યા જ એ છે. સમ્યગ્દર્શનની પર્યાય તે ધ્રુવને શ્રદ્ધે છે. આ આખો ધ્રુવ ચિદાનંદ પ્રભુ છે. એનું શરણ જેણે લીધું છે તે આરાધક છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશ પરમાત્મા છે ને એટલે પછી... આહાહા..!

ભગવાન! તું તો કહે છે કે એક સમયની પર્યાય તો એ વ્યવહાર થયો. એનાથી રહિત ભગવાન. ત્યારે કહે, જોયો એ વ્યવહાર છે કે નહિ? એ વ્યવહાર ભલે હો. પણ એ પર્યાયે આમ વસ્તુને જોઈ ત્યારે તે પર્યાયમાં પરમાત્મા છે એમ નક્કી થયું. શુદ્ધ ચૈતન્યબિંબ ભગવાન આત્મા એનું આ લક્ષ કર્યું તો લક્ષમાં આ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પરમાત્મા છે. એવો આત્મા જેણે દૃષ્ટિમાં લીધો છે એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે અને તેને આરાધક કહેવાય છે. એ વિનાની જેટલી પુણ્ય અને પાપની ક્રિયાઓ લક્ષમાં લઈને રહે છે અને સ્વભાવની ધ્રુવતા દૃષ્ટિમાં નથી એ બધા અણારાધક અપરાધીઓ છે. જુગરાજજી! આવી ભારે વાતું! આહાહા..! શેઠી!

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશકની કેટલા નંબરની ગાથા છે?

ઉત્તર :- ૪૩મી. પહેલા ભાગની ૪૩મી ગાથા અને બીજા ભાગની ૪૩ ગાથામાં એ જ વાત છે. એ વ્યાખ્યાન ત્યાં આપણે ચાલી ગયા છે, રાજકોટ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તે પરમાત્મા. એમ લીધું છે પાછું હોં! ઓલી પર્યાય એમ નહિ. પર્યાય વિનાનું ધ્રુવ તે પરમાત્મા. પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. તે જ વસ્તુ સ્વરૂપ છે એનું ભગવાન તીર્થંકરોએ અંતરમાં જ્ઞાન દ્વારા એને જોઈ લીધો. એમ સમ્યગ્દૃષ્ટિ પણ એના આવા આત્માને અંતર દ્વારા જોઈ લે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ આંખ્યું મીંચે કાંઈ વળે એવું નથી. એ પર્યાયને જ જ્યાં વાળ ત્યારે વળે એવું છે. અંતરના જે વર્તમાન દશાની અવસ્થા અંતર સન્મુખ કર, ત્યાં તારું વલણ કર. એ વલણમાં ચુકાદો તારો પરમાત્માનો આવવાનો છે ત્યાં. સમજાણું કાંઈ? આ વલણ કરે છે ને કાંઈક શું? ધંધામાં નહિ? પછી વલણ મળે છે ને. વલણ ચૂકવવું. આ વલણ ચૂકવે છે અહીં. ત્યાં ક્યાં વલણ હતા? ધૂળમાં.

ચૈતન્યઘન ભગવાન આત્મા અનંત લક્ષ્મી, આનંદ અને જ્ઞાનની લક્ષ્મીનો ભંડાર પ્રભુ આત્મા છે આ. એની અંતર દૃષ્ટિ કરતા ત્યાં આત્મા આવો એમ પ્રતીત અનુભવમાં આવે છે. એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને આરાધક અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે શુદ્ધ આત્મા તે જ હું છું એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો...**' ધર્મી ભલે વાણી હો, શરીર હો. હો એને સ્થાને, રહ્યા એને કારણે. મારે કારણે રહેલું હોય તો તે ધ્રુવ તત્ત્વ મારું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલું ધ્રુવમાં આવે છે ને? પ્રવચનસારમાં આવે છે ને ભાઈ નહિ? પાછલી ગાથામાં. મારું ધ્રુવ તો આ છે. બાકી મારી અપેક્ષાએ બધું અધ્રુવ છે. ગાથામાં આવે છે. આહાહા..! હું તો ધ્રુવ છું. ધ્રુવ છું. ચિદાનંદ ભગવાન અનાદિઅનંત એકરૂપ નિત્યાનંદ પ્રભુ, તે હું છું એવી પર્યાયે જેને અનુભવ્યો એ આરાધક છે. શેનો? કે '**નિશ્ચયપૂર્વક વર્તતો થકો...**' એ સમ્યગ્દર્શનનો પણ આરાધક. એ સમ્યગ્દર્શનનો પણ આરાધક. શુદ્ધ ધ્રુવ ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્મા છું એવું જેણે અંતર દૃષ્ટિમાં આરાધન કર્યું એ સમ્યગ્દર્શનનો આરાધક એટલે સમ્યગ્દર્શન છે એને. એ સમ્યગ્જ્ઞાનનો આરાધક, એ જ્ઞાનનો આરાધક. એ આત્મા અખંડાનંદ પ્રભુ એમાં જ્યાં ઉપયોગમાં લીન થયો. આ જ વસ્તુ છે એવી દૃષ્ટિ અને જ્ઞાન પ્રગટ્યા એનું આરાધક. એ ચારિત્રનો એ આરાધક. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એનો અંતર દૃષ્ટિનો અનુભવ એ ચારિત્રનો આરાધક. બાકી દેહની ક્રિયા અને પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ એ કાંઈ ચારિત્ર-ફારિત્ર નથી એમ કહે છે. એય.. શેઠી! રાડ નાખે છે ને માણસ. સાંભળ્યું ન હોય ત્યાં. સાંભળને હવે. તું કોણ છો એની તને ખબર નથી. કોનું સેવન કરવું, કોને આરાધવું અને કોને છોડવા એવી હેય ઉપાદેયની ખબર નથી. એ કહે છે કે એકવાર સાંભળ તો ખરો. આવા અવસરના ટાણા મળ્યા એને ટાણે વધાવી લે સમજણને. સમજાણું કાંઈ? આહાહા..!

'**ચારિત્ર અને તપ...**' એ તપ પણ એને કહીએ. શુદ્ધ ભગવાન આનંદમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને ઈચ્છા નિરોધરૂપી શાંતિનું આરાધન, એની ચારની '**એક ભાવરૂપ...**' પાછું એમ. ચારનું એક સ્વરૂપ. એવો '**નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.**' એ ખરી આરાધનાનો આરાધક કહેવાય છે.

મુમુક્ષુ :- તપની વ્યાખ્યા.

ઉત્તર :- તપ એટલે આત્માના આનંદમાં એકાકાર થવું તે. એ તપ. કીધું ને, દેખોને. '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ...**' ત્રણની એક દશારૂપ, વીતરાગભાવરૂપ, રાગભાવ રહિત, સ્વભાવના આશ્રય સહિત વીતરાગી પર્યાયનો તે આરાધક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! ભારે વાત. સમજાય છે કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા તીર્થંકરદેવ આમ ફરમાવે છે. અને એ તીર્થંકરનું કહેલું કુંદકુંદાચાર્ય ગાથામાં કહે છે. કહો, સમજાણું કાંઈ? એ કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. મુનિ દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય. બે હજાર વર્ષ પહેલા. સાક્ષાત્ ત્યાં મદ્રાસની આ બાજુમાં બિરાજતા હતા. ભગવાન પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાં ગયા હતા. નગ્ન દિગંબર મુનિ, આત્મધ્યાની, આત્માના આનંદમાં લહેરમાં ઝુલવાવાળા. આઠ દિન ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. સમજાણું કાંઈ? એ કહે છે કે જુઓ! ભગવાન પાસેથી આ લાવ્યો છું. એ ભગવાનનો સંદેશ આપે છે ભરતક્ષેત્રને. આહાહા..!

ભરતક્ષેત્રના માનવીને જંબુક્ષેત્ર અહીંના ભરતના ક્ષેત્રના. જંબુનો ભરત, એના જંબુનો મહાવિદેહ. તેમાં જઈ, ભગવાન પાસે આઠ દિ' રહી, સાક્ષાત્ ધ્વનિ સાંભળી. એ ભગવાન એમ કહે છે કે આત્માના શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પ રહિત એની અંતર શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કરવો તે આરાધક અને ધર્મી કહેવામાં આવે છે. એમ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં આમ કહેતા હતા. કહો, સમજાણું કાંઈ? વાત એવી. આ ઓલા પામર જેવાને એમ લાગે આહા.. અમે પામર છીએ. પામર નથી પ્રભુ! તું મહા અનંત પ્રભુ, અનંત આનંદ અને જ્ઞાનની શક્તિનો પ્રભુથી ભરેલો પદાર્થ છો. તને તારી કિંમત નથી.

એ કહે છે કે જેણે શુદ્ધ આત્મા પવિત્ર પુણ્ય-પાપના રાગ વિનાનો, દેહ કર્મ વિનાનો એવો ભગવાન આત્મા છું એવો જેને અંતર દૃષ્ટિમાં અનુભવ થયો, આનંદનું જેને વેદન આવ્યું આત્મામાંથી, તે જીવને સમ્યગ્દર્શનનો આરાધક, તે જીવને સમ્યગ્જ્ઞાનનો આરાધક, તે જીવને ચારિત્રનો આરાધક, તે જીવને તપરૂપી આરાધક-ઈચ્છા નિરોધનો આનંદમાં પ્રગટ કરી અને આનંદનો અનુભવ કરે તેને ચારની આરાધનારૂપ એક ભાવ તેનો આરાધક કહેવામાં આવે છે. આહાહા..! ઓલા ચાર પાછા ભેદ છે. સમજાણું કાંઈ?

ભાઈ! આવા ટાણા મનુષ્યમાં મળશે ભાઈ! બીજે નહિ મળે. આહાહા..! એ નરક ને નિગોદમાં ક્યાંય ગયો એ તારા દુઃખ તું વેદ અને ભગવાન જાણે. બાપુ! તને ખબર નથી તારા દુઃખની. અને એ દુઃખને... એક વિચાર એવો આવ્યો હતો સવારે કે આ દુઃખરૂપ છે પણ ભગવાન દુઃખને ટાળવાની શક્તિવાળો રહીને દુઃખમાં આવ્યો છે. એટલે કે દ્રવ્યપણું શક્તિ .. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામમાં આવ્યો છે એ પર્યાયને સિદ્ધ કરી, પણ તે એવો છે કે એ દુઃખને ટાળવાના સામર્થ્ય રાખીને દુઃખની દશામાં આવ્યો છે. આહાહા..! એય.. એવું વળી વચમાં ચાલતા (આવ્યું). એવો પ્રભુ ચૈતન્ય આનંદ શુદ્ધ છે એવું સામર્થ્ય રાખીને દુઃખમાં આવ્યો છે એટલે એને દ્રવ્યની દૃષ્ટિનું નક્કી થાય અને પર્યાયનું નક્કી થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને ટાળવાવાળો દ્રવ્યનો આશ્રય છે તો ટળશે એવું એને નક્કી થાય. આહાહા..! એ તો બીજા વિચાર આવતા જરી આ (વિચાર આવ્યો).

વિકલ્પ ઉઠે એનો કર્તા ભગવાન છે ને આ... પણ ભગવાન કોઈ નથી, સાંભળને. ભગવાન તું છો. એ વિકલ્પ ઉઠે એનો કર્તા તું, એમ નક્કી જો કર એ પરિણમન વિકારવાળું છે અને દ્રવ્ય સ્વભાવ એનો કર્તા કેમ હોય? જેનામાં એને ટાળવાની શક્તિ છે એ રૂપે થવાની શક્તિ નથી. પર્યાયમાં છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન શુદ્ધ અનુભવમાં જેણે સમ્યગ્દર્શનમાં લીધો, સમ્યગ્જ્ઞાનનું સેવન કર્યું એને સ્વરૂપની સ્થિરતા સ્વરૂપના આશ્રયે પ્રગટી તેણે ચારિત્રનું સેવન કર્યું. અને સ્વરૂપમાં ઉજ્જ્વળ, સોનું જેમ ગેરુ... ગેરુ ગેરુ આવે છે ને? ગેરુ સમજો છો? ગેરુ નથી હોતો? ગેરુ? ગેરુ હોય છે ને? એ સોનાને લાગે તો ઉજળું થાય છે. શોભા આપે છે. એમ ભગવાન આનંદકંદરૂપી સોનું એમાં ઈચ્છાનો નાશ કરીને આનંદની પર્યાય ઉત્પન્ન કરવી એનું નામ ભગવાન તપ કહે છે. સમજાણું કાંઈ?

એવું '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.**' લ્યો. આરાધક થયો એ. આહાહા..! પોતે પરમાત્મ શુદ્ધ ચૈતન્યનો અનાદર કરીને જે પુણ્ય-પાપના વિકલ્પ અશુદ્ધતાનો આદર કરીને પડ્યો હતો તે અપરાધી છે. અને જેણે એ પુણ્ય-પાપનો આદર છોડીને ભગવાન ચિદાનંદનો આદર કર્યો એ નિરપરાધી છે. એ ચારેયની આરાધનાનું એકરૂપ તેણે આરાધન કર્યું છે. એને અલ્પ કાળમાં સંસાર રહિત તેને મુક્તિ થવાની. આ મોક્ષ અધિકાર છે ને! એવા આરાધકને કેવળજ્ઞાન અલ્પ કાળમાં થવાનું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૪, રવિવાર તા. ૨૨-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૭, ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન-૩૭૩**

સમયસાર, મોક્ષ અધિકાર. ૧૮૭ કળશ છે.

**अनवरतमनन्तैर्बध्यते सापराधः**
**स्पृशति निरपराधो बन्धनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो।**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।**

એની વ્યાખ્યા નીચે. અર્થ છે અર્થ. જરી ઝીણું છે. વાત કાલે આવી ગઈ છે એની આ વાત છે.

'**શ્લોકાર્થ :- સાપરાધ આત્મા નિરંતર અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...**' શું કહે છે? સાપરાધ નામ અપરાધ કરનારો આત્મા એ નિરંતર સમય સમયમાં નવા અનંતા પરમાણુઓના કર્મબંધનથી બંધાય છે. પછી સાપરાધ એટલે શું એ ખુલાસો આવશે. ખુલાસો આવી ગયો છે એનો આવશે. પહેલી તો હજી વ્યાખ્યા કરે છે. અપરાધી પ્રાણી (અર્થાત્) આ ભગવાન આત્મા અનાદિ અનંત શાશ્વત તત્ત્વ છે એની જેને ખબર નથી એવો જે અપરાધી આત્મા, એ સમયે સમયે અનંતા કર્મના બંધનને બાંધે છે અને ચાર ગતિમાં રખડવાના મૂળ પાકાં કરે છે.

મુમુક્ષુ :- ચાર ગતિમાં રખડવાના...

ઉત્તર :- આ ચાર ગતિ. નરક અને આદિ ચાર ગતિ છે ને રખડવાની.

મુમુક્ષુ :- મજા પડે.

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. શું દુઃખ છે બધે હોળી છે.

મુમુક્ષુ :- શેઠિયા થાય ત્યારે તો મજા પડે કે નહિ?

ઉત્તર :- આ બધા શેઠિયા રહ્યા. ધૂળેય નથી. કોણ કહે છે? એય..! આ બધા કરોડપતિ કહેવાય લોકો એમ વાતું કરે છે. વાતું કરે છે આ.

મુમુક્ષુ :- જેની પાસે કરોડ રૂપિયા નથી એને પૂછો.

ઉત્તર :- આ પણ દુઃખી છે. એને પણ સખ ક્યાં છે? માને ભલે. કલ્પના કરી કરીને. અમે આમ છીએ ને અમે આમ છીએ. અને જ્યારે ઓલો રોગ થાય ત્યારે તો પ્રત્યક્ષ દેખાય છે શું કહેવાય એ? બ્લડ પ્રેશર. આ..આ..આ.. હલાતું નથી. એ તો વળી પ્રત્યક્ષ દુઃખ

જુદું. પણ અહીંયાં તો આકુળતા જેટલા પુણ્ય અને પાપના ભાવ કરે છે એ બધી આકુળતા ને ગુનો ને અપરાધ છે. આ તો એકલા પાપના પરિણામ કરનારા છે. એઈ.. ન્યાલભાઈ! સમજાય છે કાંઈ? પૈસા રળવા, આ ખાવા ને આમ પીવા ને.. એ વિકલ્પ હોં! કરી શકે નહિ કાંઈ પરમાણુનું. જે વિકલ્પ કરે છે પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ આદિ એ પાપના પરિણામ એ અપરાધ છે, ગુનો છે, દોષ છે. એનાથી નવા અનંતા પરમાણુઓ કર્મના બંધાય છે. એ ઉપરાંત અહીં કહેશે આગળ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ જે ઉઠે છે એ કહેશે આગળ હમણા. અશુદ્ધ સેવી. આ સાપરાધની વ્યાખ્યા છે.

સાપરાધી એટલે પાપના પરિણામ કરનારો અપરાધી છે અને પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત કરું, અણુવ્રત લઉં, ભક્તિ કરું એવા વિકલ્પ એ બધો રાગ છે. એ રાગ ને અશુદ્ધ ભાવ છે. એ અશુદ્ધ ભાવ મારું કર્તવ્ય છે, અશુદ્ધને સેવે છે અને અશુદ્ધપણે આત્માને અનુભવે છે અને એ મારું આચરણ છે એ પ્રાણી મિથ્યાદષ્ટિ અપરાધી ગુનેગાર છે. ભારે પણ આ. વ્રત અને અવ્રતના વિકલ્પ. આ વ્રત પાળું, અણુવ્રત પાળવા ને વ્રત પાળવો એ વિકલ્પ પણ અપરાધ ગુનેગાર છે. લોકોને ભાન નથી બિચારાને. સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એવા કેવળજ્ઞાનીએ ભગવાન આત્માને તો એવો જોયો કે '**उवओगलक्खणो णिच्चं**'. એ આવ્યું છે માથે. જાણવા-દેખવાનું સ્વરૂપ એનું લક્ષણ અને એનું સ્વરૂપ છે. એ સ્વરૂપને ન માનતા, જે કંઈ અંદર પુણ્યના દયા, દાન, વ્રત, અવ્રત, ભક્તિ, પૂજા એવો રાગ અને હિંસા, જૂઠું, રળવું એવો રાગ એ બેય પાપ-પુણ્યના પરિણામ તેને પરમેશ્વર અશુદ્ધ કહે છે. એ અશુદ્ધનું સેવન કરે છે એટલે કે જેની દૃષ્ટિ ચૈતન્યમૂર્તિ અંતર્મુખ શુદ્ધ આત્મા ઉપર નથી અને એવા શુભ અને અશુભ પરિણામ કૃત્રિમ પર્યાયમાં ઉત્પન્ન થયેલા ઉપર એના ઉપર જેની દૃષ્ટિ છે તે અપરાધી ગુનેગાર મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- સાંભળવા આવે..

ઉત્તર :- સાંભળવા કોણ આવે છે? સાંભળે એ તો વિકલ્પ છે. સાંભળે એ શુભરાગ છે. ધર્મ નથી.

મુમુક્ષુ :- કોઈ આવશે નહિ.

ઉત્તર :- આવે ન આવે પણ એને કારણે આવે છે. મફતનો આવે છે એ? એને શુભરાગ હોય તો એ આવ્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ જગતે સાંભળ્યો નથી. ખબર નથી કે શું માર્ગ છે.

કહે છે કે, સાપરાધ. સ-અપરાધ. એની વ્યાખ્યા પછી કરશે હેઠે. આ તો સામાન્ય વ્યાખ્યા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે. '**સાપરાધ આત્મા નિરંતર...**' ક્ષણે ક્ષણે અનંત પુદ્‌ગલ દર્શનમોહનીય કર્મના પરમાણુથી (બંધાય છે). અનંત કેમ લીધા છે? કે ઘણી સંખ્યાએ અને મહામિથ્યાત્વના પરમાણુને તે બાંધે છે. આહાહા..! બહુ ઝીણી વાત છે. ન્યાલભાઈ! આ ન્યાં વખત ગાળ્યા સાત વર્ષ અને ન્યાં બધું મુંડાવ્યું હતું.

મુમુક્ષુ :- ઘડિયાળમાં પણ...

ઉત્તર :- ધૂળમાંય નથી ઘડિયાળમાં ત્યાં. એ તો સંચા એને કારણે ચાલે અને એને કારણે ગોઠવાય. મફતનો વચમાં રાગ કરીને અભિમાન કરે. મેં આમ કર્યું ને મેં આમ કર્યું. એ રાગનો અપરાધ છે. આ એમાં કદાચિત રાગની મંદતા થાય. દયા, દાન, વ્રત, અણુવ્રત, મહાવ્રત એ બધોય વિકલ્પ અને રાગ છે. ધર્મ નથી. રાડ નાખે ને બિચારો. હમણાં તમારો ગયો ઓલો. એ કહે છે કે તમારું આ બધું ઉથલાવી નાખ્યું છે. ઓલાને કહેતા હતા. વાત કરી હતી. એમ કે વાત તમારી સારી લાગે છે. ભાઈ! તેં ધર્મ શું છે એ સાંભળ્યો નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં કહેશે, પછી કહેશો હોં! '**નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.**' એટલી વ્યાખ્યા. બે સૂત્ર બાંધ્યા. નિરપરાધી. હવે પછી સાપરાધી અને નિરપરાધી કોને કહેવો એનું સ્વરૂપ કહેશે. આ તો સિદ્ધાંત બાંધ્યા. નિરપરાધી. નિરપરાધ આત્મા બંધનને કદાપી અડતો નથી. એને કદાપિ કિંચિત્ બંધ થતો નથી. એ તો એ વ્યાખ્યા કરી. હવે અપરાધી કહેવો કોને?

'**જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' આ વ્યાખ્યા. ઝીણી વાત છે ભગવાન! એ આત્મા એવી ચીજ છે કે એને ખબર નથી. સાધુપણું લઈને મરી ગયો ક્રિયા કરીને. એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આ પાળું, આ ન પાળું, આને ન ખાઉં, આને ન ખાઉં, એવો જે શુભ વિકલ્પ છે એ પણ અશુદ્ધ છે. એ '**સાપરાધ આત્મા છે તે તો નિયમથી...**' નિશ્ચયથી '**પોતાને અશુદ્ધ સેવતો થકો...**' આત્માને એ અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપના છે એ મારા છે, એ મારું કર્તવ્ય છે એવી વસ્તુની અંતર દૃષ્ટિના અભાવને લઈને બહિર્મુખના લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવ એ મારા અને એ મારું કર્તવ્ય અને એ જ હું એને સેવતો એ ગુનેગાર મિથ્યાદૃષ્ટિ પાપી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કયા જીવને મારી નાખ્યા?

ઉત્તર :- એના આત્માને મારી નાખ્યો. કોને મારે? પરને કોણ મારી શકે છે? પરનું આયુષ્ય પૂર્ણ થાય તો મરે અને આયુષ્ય ન હોય તો ન મરે. કોણ મારી શકે કોઈને? કોઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જીવાડી શકે છે? સમજાણું કાંઈ? તેની વ્યાખ્યા આ કરી.

'**સાપરાધ આત્મા છે તે...**' વ્યાખ્યા કરી હવે. '**નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' એની વ્યાખ્યા હવે. એ તો શબ્દ છે એટલા. એટલે શું કહ્યું? કે આ આત્મા એની વર્તમાન દશામાં પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ જે ઉઠે છે એ અશુદ્ધ છે-મેલ છે. ન્યાલભાઈ! એ કેમ મેલ છે? કે વસ્તુ જે છે ચૈતન્ય પ્રભુ, એ તો એની વર્તમાન દૃષ્ટિ અંતરમાં વાળતા વસ્તુની દૃષ્ટિ થાય અને દ્રવ્યદૃષ્ટિ થાય ત્યારે નિરપરાધી થાય. એ અંતર વસ્તુની દૃષ્ટિના અભાવને લઈને એની વર્તમાન દશામાં થતાં પુણ્ય અને પાપની વૃત્તિઓને વર્તમાન બુદ્ધિએ આ હું છું (એમ માને છે). કેમ કે અંતરબુદ્ધિ વસ્તુ જે છે એની તો એને ખબર નથી. એથી ખબર નથી કે હું ચૈતન્ય જ્ઞાનાનંદ આનંદ કંદ ભગવાન વીતરાગે જોયો એવો ઉપયોગલક્ષણ હું આત્મા છું. એવી અંતર્મુખની દૃષ્ટિ, વસ્તુ તરફની અંતર દૃષ્ટિના અભાવે બહિર્‌માં ઉત્પન્ન થતાં વર્તમાન દશામાં પુણ્ય અને પાપ, એ વર્તમાન અવસ્થામાં બાહ્ય લક્ષે ઉત્પન્ન થતાં શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, અવ્રત, અણુવ્રત, મહાવ્રત એ બધા વિકલ્પો શુભરાગ પુણ્યબંધના કારણ છે. એને મારા માને છે. કેમ કે એની દૃષ્ટિ આત્મા અખંડ વસ્તુ છે, એની અંતર્મુખ વસ્તુ છે એની દૃષ્ટિની ખબર નથી. એટલે બહિર્મુખે થયેલા વિકલ્પોને મારા માનીને સેવે છે એ ગુનેગાર અપરાધી મિથ્યાદૃષ્ટિ નવા મિથ્યાત્વના અનંતા કર્મને બાંધે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! એ દુનિયા માને કે અમે આમ ધર્મ કરીએ છીએ, વ્રત પાળીએ છીએ, અણુવ્રત કરીએ છીએ. ધૂળેય નથી, સાંભળને હવે. એવા તારા અણુવ્રત એવા અનંત વાર લીધા. સમ્યગ્દર્શનના ભાન વિના અણુવ્રત કેવા અને વ્રત કેવા? હજી આત્મા કોણ છે? શું ચીજ છે? ક્યાં ઠરવું છે? ઠરવાની ભૂમિકા તે કોણ છે? એવી અંતર્મુખની ચીજ ઉપર દૃષ્ટિ પડી નથી અને ત્યાં અંતર્મુખમાં ઠરવું એ તો ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

અનંત કાળમાં એણે આત્મા ભગવાન અંતરની વસ્તુ એની વર્તમાન દશામાં અંતર્મુખ થવાની ચીજને છોડી દઈને વર્તમાન અવસ્થામાં શુભ અને અશુભની વર્તમાન અવસ્થા દૃષ્ટિએ, અંશ દૃષ્ટિએ, પર્યાયદૃષ્ટિએ, વર્તમાન ભાવે શુભ અને અશુભ ભાવનું સેવન કરનાર છે તેને ભગવાન અહીંયાં અપરાધી, મિથ્યાદૃષ્ટિ, ગુનેગાર કહ્યો છે. ન્યાલભાઈ! સમજાય છે આમાં કાંઈ? માંડ માંડ કોણ જાણે ઓલા ઘડિયાળમાંથી આવ્યા.

મુમુક્ષુ :- ના ના એ તો બહુ બુદ્ધિવાળા છે.

ઉત્તર :- બુદ્ધિવાળા છે. છે તો મારા ખ્યાલમાં. નથી ખબર મને? એય..! આહાહા..! રૂપિયા રળતા આવડે માટે બુદ્ધિવાળા નહિ, હોં! એ કાંઈ બુદ્ધિને લઈને રળ્યા નથી. ધૂળેય

નથી કાંઈ. એ તો બધા પરમાણુ આવવાના હતા એ ધૂળ આવે.

મુમુક્ષુ :- એ તો પહેલા પણ બુદ્ધિ હતી ને.

ઉત્તર :- એમ કે પહેલા બુદ્ધિ હતી ને કેમ ન આવ્યા? એમ. એ તો પરમાણુ ઓલી ધૂળ પડી હતી અંદર. પરમાણુ શાતાની પરમાણુ પૂર્વે શુભભાવ કોઈ થયેલા હોય એની શાતાવેદનીયના પરમાણુ બંધાયેલા હોય, રજકણ ધૂળ. એને ખરવાનો કાળ આવે એટલે સંયોગ એવા આવવાના મળે. આત્મા કરી શકે નહિ. આહાહા..! એમાં જે વિકલ્પ ઉઠ્યો મેળવવાનો એ વિકલ્પ છે, રાગ છે અને એનાથી આ મળ્યું એ માન્યતા મિથ્યાત્વ અને મહાપાપ છે. ભારે! અને એ વિકલ્પ ઉઠ્યો એ અશુદ્ધ છે. એમાં કાંઈક કદાચિત્ કોઈ વખતે રાગની મંદતાના, ભગવાનનું નામ સ્મરણ, આ દયા પાળું, વ્રત પાળું, બ્રહ્મચર્ય પાળું એવો ભાવ થયો હોય તો એ પણ એક શુભરાગ છે. ધર્મ નહિ. એ રાગ એ ધર્મ વીતરાગ નહિ. એ રાગને મારો માનીને, મારો માનવાનો હેતુ એ વસ્તુ જે આખી ચૈતન્ય વસ્તુ અખંડ ધ્રુવ ચૈતન્ય આનંદકંદ છે, એના ઉપર દૃષ્ટિના અભાવે એટલે અંતર્મુખની દૃષ્ટિના અભાવે, બહિર્મુખના ઉત્પન્ન થયેલા ભાવને પોતાના માનીને સેવે છે. સમજાય છે કાંઈ? આ તો સીધી સાદી વાત આવે છે. એય.. ન્યાલભાઈ! અમારે ડોસા કહે છે, હવે તો આ બધું એવું આવે છે તો આમ રોકડો સમજી જાય છે. બાપુ! વસ્તુ આવી છે, ભાઈ! તેં સાંભળી ન હોય એટલે કાંઈ બીજી થઈ જાય? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવના મુખમાંથી આવેલી વાણીનું આ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સાપરાધ આત્મા છે તે...**' એમ સિદ્ધ કર્યું. અપરાધ કરનારો આત્મા છે તે. '**તો નિયમથી...**' નિશ્ચયથી '**પોતાને...**' પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓવાળો સેવનાર કર્તા આ મારું સ્વરૂપ એમ માનનારો થકો સાપરાધ છે. આ એની મેળે સમજાય એવું નથી. પુસ્તક તો રાખ્યું હશે ત્યાં. સમયસાર લઈ ગયા છો કે નહિ? પડ્યું હશે. પૈસાની જેમ એ પણ પડ્યું હશે. કહો, સમજાણું કાંઈ? પૈસા તો ફેરવ્યા કરે ભાવથી. ભાવને લઈને કે અહીં ફેરવવું, અહીં દો, આ કરો.. આ કરો ને અહીં કરો. એ મમતા. મુંબઈમાં નાખ્યુંને? શું કર્યું કાંઈક? નીકળ્યા તો કો'ક કહેતું હતું કે અહીં ૩૦ લાખનું નાખવાના છે કાંઈક. ઘડિયાળનું કારખાનું. કો'ક કહેતું હતું. નીકળ્યા તો વાતું કો'ક કરતું હતું કે ન્યાલભાઈ નાખવાના છે બેય. .. ત્રીજો કો'ક નહિ તમારો ઓલો? મૂળજી. સાંભળેલું, એ તો બધું સાંભળેલું નીકળ્યા ત્યારે. ૩૦ લાખનું આ કરવાના, ધૂળ લાખનું આ કરવાના. ધૂળ કોણ કરે? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! એ તારા સિવાયની જેટલી ચીજો છે જડ આદિ એ બધી એને કારણે પરિણમીને અને એને કારણે આવે-જાય, તારે કારણે

નહિ. હવે તારા કારણે જે બહિર્લક્ષે ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપ એ તારે કારણે છે. કેમ કે બહિર્લક્ષ છે માટે. અંતરદૃષ્ટિ નથી માટે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત વિભુતા એવી અનંત શક્તિનો સાગર પ્રભુ દ્રવ્ય વસ્તુ છે. એવી અંતર વસ્તુ ઉપર દૃષ્ટિ નહિ હોવાને લઈને અનાદિથી વર્તમાન પર્યાયમાં પ્રગટ થતાં પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, અણુવ્રત, ભક્તિ, મહાવ્રત એવો જે શુભભાવ કે અશુભભાવ, એ હું કરું છું અને એ મારું કર્તવ્ય છે અને એ મને ઠીક છે એવા અશુદ્ધ ભાવને સેવનારો મિથ્યાદૃષ્ટિ ગુનેગાર અપરાધી પાપી છે. એય..! શશીભાઈ! રાડ નાખી જાય છે. કોઈએ સાંભળ્યું ન હોય. અરર.. આવું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. માર્ગ ત્રણ કાળમાં છે. માર્ગ માર્ગરૂપે હોય કે કોઈ બીજી રીતે હોતો હશે? રીઢો ... થઈ ગયો છે. .. નથી કહેતા? આ નનૂર-નનૂર. નૂર ન મળે. એ ઘણાં વખત પહેલા નાની ઉંમરમાં સાંભળેલું. ઓલી બાઈને એનો ધણી મારતો હતો. લાકડી મારે તો બોલે નહિ. .. સમજ્યાને? નનૂર છે? શું કહેવાય? આ નેતરની સોટીએ (મારે). સાસુ-સસરા બેઠા હોય તો બોલે નહિ. અંદર ઉપર મારતા હતા. હેઠે સાંભળતા હતા. આ તો બધું ઘણું જોયેલું નાટક સંસારનું. ઉંહું કરે નહિ. ઉંહું કરે નહિ. .. એમ કે મિંઢડી? એનો ધણી એમ કહે મિંઢડી. પણ શું શી રીતે બોલે? હેઠે સાસુ-સસરા બેઠા છે અને મેડીએ આને મારે. હવે કરવું શું એને? એમ આ મિંઢડો થઈ ગયો છે. એને સાચી વાત સાંભળવાને મળતી નથી. એમ ને એમ મૂઢ થઈને, સાધુ થયો મરી ગયો પાંચ મહાવ્રત પાળીને. સમજાય છે? આને દુઃખ ન દઉં, આને દુઃખ ન થાય, આની દયા પળે, આનું સત્ય બોલવું, શરીરે બ્રહ્મચર્ય પાળું એ બધો શુભરાગ વિકલ્પ ગુનો છે. આહાહા..! ન્યાલભાઈ! આ ન્યાલનો રસ્તો જુદો છે. આહાહા..!

કહે છે, જુઓ આ વ્યાખ્યા. '**જે સાપરાધ આત્મા છે તે...**' છે ભાઈને આવ્યું છે? જુઓ! '**જે સાપરાધ આત્મા છે તે...**' ... અજાણ્યા માણસ છે. ખબર તો પડે, કોઈ દિ' સાંભળ્યું ન હોય જિંદગીમાં. આ ધર્મ શું કહેવાય એ સાંભળ્યો નથી લોકોએ. માથે બેસનારા દીધે રાખે. એ પાળો અણુવ્રત, પાળો વ્રત, ધર્મ થાશે. ધૂળેય નથી સાંભળને હવે. તને ભાન નથી હજી ધર્મની. જેનું લક્ષ હજી પર ઉપર છે કે આને દુઃખ નથી દેવું, આને આમ કરવું છે, મારે શરીરે... એ બધી વૃત્તિઓ શુભરાગ લાગણી છે. એ લાગણી તે અશુદ્ધ છે અને એ અશુદ્ધને સેવનારો મિથ્યાદૃષ્ટિ પાપી, અપરાધી છે. એમ અહીંયાં ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં કરોડો દેવોની ઉપસ્થિતિમાં ફરમાવતા હતા. કહો, સમજાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? છે? એય..! છે કે નહિ? .. અંદર છે કે નહિ? પુસ્તક લીધું? પુસ્તકથી ખબર પડે. પુસ્તક નથી? નહિ ખબર પડે એને. વાણિયા પણ બિચારા મૂઢ જેવા. ભાન ન મળે. વાણિયા વેપારમાં હુશિયાર ખરા. હુશિયાર ધૂળેય નથી.

મુમુક્ષુ :- સમજવા જેવું હોય.

ઉત્તર :- સમજવા જેવું બધું હોય. પૂર્વના ઓલા પુણ્ય હોય ને એને લઈને પૈસા આવે ને તો (માને કે) આ હુશિયાર છે. સમજ્યા ને? અને પૈસા ન હોય એ ગાંડા કહેવાય અને પૈસાવાળા ડાહ્યા કહેવાય. દુનિયા ગાંડીમાં ગાંડા ખપે.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે અને તે સંતોએ એ વાત (શાસ્ત્રોમાં કહી). કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત બે હજાર વર્ષ પહેલા આ ભરતમાં હતા. ભગવાન પાસે ગયા-સીમંધર પરમાત્મા પાસે. વર્તમાન ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. ત્રિલોકનાથ કેવળી તીર્થંકરદેવ. એની પાસે ગયા, આઠ દિન રહ્યા. મુનિ હતા આત્મજ્ઞાની, આત્મધ્યાની. આઠ દિન ત્યાં રહીને આવીને આ શાસ્ત્ર બનાવ્યા.

ભાઈ! ભગવાન પરમાત્માનું એવું કથન અને ઉપદેશ છે કે જેટલી અંતર વસ્તુ શુદ્ધ ચૈતન્યનો અંતર આશ્રય નથી, અંતર દૃષ્ટિ નથી અને વર્તમાન બહારના લક્ષે જેટલા દયા, દાન, વ્રત, પુણ્ય-પાપના પરિણામ થાય એ પર્યાયમાં-અવસ્થામાં ઉપર થાય છે. સ્વભાવમાં નથી એવા ઉપરને પોતાના માનીને સેવે છે તે મિથ્યાદૃષ્ટિ ગુનેગાર અપરાધી છે. એ નરક ને નિગોદને રસ્તે જનાર છે. ન્યાલભાઈ! રાડ નાખી જાય એવું છે આ. એક દિ'એ સમજાય એવું નથી હોં! ભાગ્યા એક દિ' સાંભળીને. એ નથી સમજાય એવું. એ તો થોડા દિ' સાંભળે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- કેટલા દિવસે સમજાય?

ઉત્તર :- એ કેટલા દિવસની કાંઈ મુદ્દત મરાય છે? ત્યાં મુદ્દત મારી છે ત્યાં ગયા હતા તે? કે આટલા વર્ષ રહેવું છે ત્યાં મુદ્દત મારી છે? હજી નક્કી કર્યું છે ત્યાં કે હવે ક્યારે ત્યાંથી આવવું? જેમાં જેની પ્રીતિ તેને મેળવવાની મુદ્દત હોય નહિ. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે કે અપરાધી અમે કોને કહીએ છીએ? કે જે '**નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે;...**' કહો, દીપચંદજી! શું કરવું આમાં? આહાહા..! અરે.. ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ ચૈતન્ય પિંડ છે. અનંત આનંદ અને જ્ઞાનનો રસ આત્મા છે. તે વર્તમાન અવસ્થાને અંતરમાં જોઈ નથી. વસ્તુ એવી છે તેની તને દૃષ્ટિની ખબર નથી. એ વસ્તુની અંતર દૃષ્ટિના ખબરના અભાવે વર્તમાન દશામાં થતાં વર્તમાનને પોતાના માનીને પુણ્ય-પાપના ભાવને મારા માનીને સેવે છે, ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો અહીંયાં અપરાધી એટલે મિથ્યાદૃષ્ટિ જ કહે છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ. હવે ચારિત્ર તો ક્યાં રહ્યું અને મુનિપણું તો ક્યાં હતું ત્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

'**નિયમથી પોતાને અશુદ્ધ...**' પોતાને એટલે ભગવાન આત્મા તો શુદ્ધ આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ નિર્મળ છે. પણ પોતાને અશુદ્ધ સેવતો થકો પર્યાયમાં વર્તમાન અવસ્થામાં થતાં ભાવને વર્તમાનપણે મારા માનતો સાપરાધી છે. એ ગુનેગાર છે. એ ચાર ગતિના જેલને માટે જનારો ગુનેગાર છે. આહાહા..! અનંત કાળ ક્યાં જશે? ભાઈ! તને ખબર નથી. તું અનાદિનો અનંત કાળ રહેનારો આત્મા છો. એ કાંઈ ૨૫-૫૦ વર્ષ અહીં શરીર મળ્યું માટે (એ કાંઈ કાયમ નથી રહેવાનું). એ મળ્યું છે ક્યાં? એ તો ભિન્ન છે એને કારણે. આ ૫૦-૬૦ વર્ષનું આ. એટલે અનંત કાળ રહેશે (એમ નથી). હજી અનંત કાળ ગયો અને અનંત કાળ છે હજી તારે માથે. એ અનંત કાળ ક્યાં રહેવું છે અને ક્યાં રહ્યો એની તને ખબર નથી.

કહે છે કે ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જે આનંદકંદ વસ્તુ છે એવી અંતરની દૃષ્ટિના અભાવને, વસ્તુની દૃષ્ટિના અભાવને લઈને પર્યાય દૃષ્ટિમાં જે વર્તમાન અંશમાં પુણ્ય અને પાપના ભાવ થાય તેને સેવીને ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ ગુનેગાર અપરાધી છે. સમજાણું કાંઈ? એ જૈન નથી, એને જૈન ધર્મ કહેનાર શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! પુસ્તક ઉપર રાખ્યું છે કે નહિ? બેએ ભેગા રાખ્યું છે. ઠીક. ભાગમાં પણ ભેગું અને અહીં ભેગું? કહો, સમજાણું આમાં? આહાહા..! જુઓને!

'**નિરપરાધ આત્મા...**' હવે નિરપરાધીની વ્યાખ્યા. '**નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.**' વ્યાખ્યા એક-બે લીટીમાં આખી વાત કરી દીધી. આહાહા..! '**નિરપરાધ આત્મા...**' કોને કહેવો? કે એ '**તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર...**' જુઓ ભાષા! ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પો, વ્રત-અવ્રતના વિકલ્પો ઉઠે છે, એનાથી પાર વસ્તુ છે. એવી અંતર વસ્તુને, શુદ્ધાત્મ સ્વરૂપને અંતર દૃષ્ટિએ આત્માને સેવતો, માનતો, અનુભવતો '**ભલી રીતે શુદ્ધ આત્માનો...**' ભલી રીતે કેમ કહ્યું છે? કે આમ શુદ્ધ છું ને શુદ્ધ છું એમ નહિ. વસ્તુ જે છે ચિદાનંદ પ્રભુ જ્ઞાયકમૂર્તિ, સર્વજ્ઞે જેવો આત્માને જોયો ને અનુભવ્યો ને પ્રગટ કર્યો એવો જ આત્મા છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ્યા એ ક્યાંથી આવ્યા? બહારમાંથી કાંઈ આવ્યા છે? એ દયા, દાનના પરિણામ કર્યા એમાંથી આવ્યા છે? એ તો રાગ છે, પુણ્ય છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ શાશ્વત જ્ઞાનકંદ કેવળજ્ઞાનની મૂર્તિ આત્મા છે. એવી શુદ્ધ વસ્તુ વર્તમાનમાં અશુદ્ધતાના પરિણામના લક્ષને છોડી અંતર ચીજના શુદ્ધપણાની દૃષ્ટિ કરી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને આત્માને શુદ્ધપણે, શ્રદ્ધા-જ્ઞાનપણે સેવે છે તે '**શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.**' તે નિરપરાધ છે. એ નિરપરાધ છે. પહેલો છે ને શબ્દ? '**નિરપરાધ આત્મા તો...**' નિરપરાધી એટલે અણઅપરાધી એટલે ગુનો નહિ કરનારો તો '**ભલી રીતે શુદ્ધ આત્માનો...**' જે રીતે વસ્તુનું સ્વરૂપ છે તેવી રીતે અંતર દૃષ્ટિએ આત્માને સેવતો થકો તે સેવનાર હોય છે તે નિરપરાધી છે. વ્યાખ્યા ભારે આકરી. સમજાણું કાંઈ?

બે લીટીમાં આખો સંસાર કેમ અને ધર્મ કેમ બેય આવી જાય છે. દરકાર જ કરી નથી. એણે ધર્મને નામે ગોટાળા જ હલવ્યા છે. અંધાધૂંધી અનંત કાળથી. સમજાય છે? સાધુ નામ ધરાવી અને બહારથી બાયડી-છોકરા છોડ્યા તો અમે થઈ ગયા વ્રતી. ધૂળેય નથી સાંભળને હવે. અંદરમાં મિથ્યાત્વના ત્યાગ વિના ત્યાગ ક્યાંથી આવ્યો તારો? મિથ્યાત્વનો ત્યાગ તો તેને કહે છે કે અંદરમાં શુભ અને અશુભ પરિણામ થાય એની રુચિ છોડીને અંતર્મુખ દૃષ્ટિ કરે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે સમકિત થાય. સમજાય છે કાંઈ? બહુ ધ્યાન રાખે ત્યારે સમજાય એવું છે, હોં! ન્યાલભાઈ! ઘડિયાળ જેવું નથી બહુ .. ફેરવ્યા છે. બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે. ધ્યાન તો રાખે છે હોં! ધ્યાન તો રાખે છે. આવો ધર્મ કેનો હશે? આવો વીતરાગનો માર્ગ છે આ? ભાઈ! અમે તો અત્યાર સુધી દયા પાળવી, ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવા, ફલાણું કરવું, ઢીંકણું કરવું, સામાયિક કરવા, પોષા કરવા, પડિકમણા (કરવા) એવું સાંભળ્યું છે. વળી આ ક્યાંથી નવો ધર્મ કાઢ્યો? એ જુગરાજજી! આ લેતા હતા ને, લ્યોને. એવું હતું કે નહિ? સાંભળ્યું હતું ને એ જ બધું? સામાયિક કરો. પણ શેની સામાયિક? ધૂળની? સાંભળને. એય..! ભગવાનભાઈ! કેટલી સામાયિકું કરી હશે જુઓ એણે? એલા! સામાયિક તે આવી ક્યાંથી? હજી આત્મા અંતર્મુખમાં અનંત આનંદનો કંદ છે એ પુણ્ય-પાપના વિકલ્પો મેલ છે, એનો પ્રેમ અને રુચિ છોડી અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના પત્તો આત્માનો તો ખાધો નથી અને ખાધા વિના ઠરવું એવી સામાયિક આવી ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ આમાં? સામાયિક તો કરી હશે ને? પહેલા કરી હશે. નાના હતા. હવે તો પૈસામાં સલવાઈ ગયા. કહો, સમજાણું આમાં? આહાહા..! પોષા કર્યા હતા. ધૂળના પોષા? પોષાનો અર્થ શું છે? પોષણ કરવું. કોનું પોષણ? પોષણ એટલે ક્યું તત્ત્વ છે કે જે દૃષ્ટિમાં તને આવ્યું છે કે એને પોષવું? સમજાય છે કાંઈ?

અહીંયાં એ કહે છે કે નિરપરાધી આત્મા તો તેને કહીએ કે જે '**ભલી રીતે શુદ્ધ આત્માનો...**' ભલીનો શું શબ્દ નાખ્યો છે? '**સાધુ**' '**સાધુ**'. જેમ છે તેમ રીતે. '**સાધુ**'નો અર્થ જેવું આત્માનું અંતર પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે... કારણ કે પુણ્ય-પાપ આસ્રવ તત્ત્વ છે. શરીર, કર્મ તો અજીવતત્ત્વ છે. ભગવાન આત્મા તો આસ્રવ અને અજીવતત્ત્વથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પુણ્ય અને પાપના પરિણામથી ભિન્ન પોતાના અનંત આનંદના શુદ્ધ સ્વભાવથી અભિન્ન એને અંતર દૃષ્ટિએ આત્માને સેવતો એટલે એકાકાર થતો તેને ભગવાન નિરપરાધી-બિનગુનેગાર કહે છે. એને બંધન થતું નથી અને એને રખડવાનું રહેતું નથી. સમજાણું કાંઈ? કેટલી .. માં નાખી છે! સમજાણું! ભીખાભાઈ!

મુમુક્ષુ :- હુશિયાર માણસ છે ને.

ઉત્તર :- હુશિયાર માણસ છે.

કહો એ વ્યાખ્યા કળશની થઈ ગઈ. હવે શંકાકાર શંકા કરે છે.

'**(હવે વ્યવહારનયાલંબી...**' છે ને અર્થ નીચે? '**(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારને અવલંબનાર તર્ક કરે છે કે :-)**' એટલે શું કહે છે? જેને આ શુભરાગ થાય છે ને? દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો એ શુભરાગ તે ધર્મ છે એમ કરોને પહેલું? પાપનો નાશ થાય એમાં પહેલો એમાં ધર્મ. હવે પાધરો પુણ્ય અને પાપના વિકલ્પ વિના શુદ્ધની સેવા કરો. હવે એ કરતાં પહેલા આ પુણ્ય તો થવા દ્યો. અશુભને ટાળીને શુભ તો સારું છે. એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાણું કાંઈ? ભારે વાત!

'**(વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર...**' મહારાજ! એવા શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે? પાધરી વાત જ તમે કરો છો કે શુભ અને અશુભભાવથી ભિન્ન એવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સેવન કરો તો ધર્મ છે. પણ પહેલેથી એને શું કરવા? પાપના પરિણામથી છૂટવા દયો. એને શુભભાવમાં વ્રતાદિમાં ઊંચો આવવા તો દ્યો. એટલો તો થવા દ્યો. એય.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- દલીલ કરે છે.

ઉત્તર :- દલીલ તો છે ને, અજ્ઞાનીની દલીલ છે. અજ્ઞાની ઘણાં એમ કહે છે કે, પણ આ વ્રત પાળે, અપવાસ કરે, તપસ્યા કરે તો હળવે હળવે ઊંચો આવશે.

મુમુક્ષુ :- નહિતર એ બિચારો કરતો અટકી જશે.

ઉત્તર :- નહીંતર અટકી જશે આવું સાંભળીને. હવે કોણ કરે છે, સાંભળને. એને ભાન પણ નથી હજી ધર્મની. અપવાસ કરે તો લાંઘણ છે. આત્માના અંતર દર્શનના અંતર ભાન વિના એ અપવાસ-બપવાસ બધા લાંઘણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ઉપવાસ-ભગવાન આત્મા શુભ-અશુભના ભાવ વિનાની ચીજ છે એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને ઉપ નામ આત્માના સ્વભાવમાં સમીપમાં ઠરે એને ઉપવાસ કહે છે. બાકી બધાને અપવાસ-માઠા વાસમાં રહેનારો અપવાસ કહે છે. સમજાણું કાંઈ?

વ્યવહારનયવાળો કહે છે કે, મહારાજ! તમારી વાત બહુ આકરી. અરે..! પાધરો શુદ્ધાત્મા!

**'શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...'** આ પાપ લાગ્યા હોય અને મિચ્છામી દુક્કડમ પડિક્કમણા કરીએ, તો પાપનું પ્રાયશ્ચિત થઈને શુદ્ધ થાશે. એય.. ભગવાનભાઈ! સાંજે પડિક્કમણા કરીએ, સામાયિક કરીએ, પોષા કરીએ, ભગવાન... ભગવાન... ભગવાનની માળા ભજીએ તો અશુભ ભાવના પાપનો નિષેધ થઈ અને એટલું શુભભાવ રૂપી અમૃત થશે એટલું તો કરવા દ્યો.

**'પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે...'** શું કહે છે? જે ગુનેગાર છે એને તો અમે એમ કહીએ છીએ કે જે પાપના ભાવ કરે તે સાપરાધી અપ્રતિક્રમણમાં રહેલો છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ, રળવું, .. એવો જે ભાવ એ પાપ છે. એને તો અમે અપ્રતિક્રમણ કહીએ. પણ એનાથી ખસીને શુભભાવમાં આવે એટલું પ્રતિક્રમણ એ તો વ્યવહાર છે કે નહિ? પહેલો એ આવે કે નહિ? એ કહે છે. સાંભળને ભાઈ હવે તારી...

**'કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી,...'** શું કહે છે? મિથ્યાદષ્ટિવાળો જીવ જે પાપ પરિણામ કરે છે એને તો અપ્રતિક્રમણ છે. એને તો અપરાધને દૂર કરનારા નથી. પાપભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, રળવું, આ વ્યાજ ઉપજાવવાનું કામ, આ પૈસાની થડે બેસીને વ્યવસ્થા કરવી એ તો બધા પાપ છે. તો એના કરતા ઓલા બેસીને મિચ્છામી દુક્કડમ વિકલ્પ કરે શુભભાવ તો એટલું પાપ ટળીને એટલું અપ્રતિક્રમણ ટળ્યું પાપનું, એટલું ટળીને શુભ પડિક્કમણું થાય. પછી હળવે હળવે શુદ્ધ થાશે. એમ શિષ્યનો પ્રશ્ન છે. અજ્ઞાનીનો એવો પ્રશ્ન છે. વ્યવહારાલંબીનો. દયા, દાન, વ્રતના પરિણામ, શુભ પરિણામ કરનારાનો આવો એક પ્રશ્ન છે.

**'કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે,...'** આત્મામાં હિંસા, જૂઠું, ચોરી, રળવું ... એ તો પાપ છે અને એ તો ઝેર છે, એ તો ઝેર છે. **'માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરાનારાં હોવાથી,...'** મિચ્છામી દુક્કડમ આ ખોટું છે, એક અપવાસ કરું, સામાયિક કરું, એમાં શુભભાવ થાય તો ઓલો અશુભભાવનો અપરાધ ટળે છે, અશુભભાવનો અપરાધ ટળે છે અને તેથી **'અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે.'** માટે ઓલો વ્યવહાર શુભભાવ છે તે અમૃત છે. અમૃત છે. અમારે તો એ અમૃત છે અને ઓલો અશુભ હતું એ વિષ-ઝેર છે.

મુમુક્ષુ :- શાસ્ત્રનો આધાર આપ્યો છે.

ઉત્તર :- શાસ્ત્રનો આધાર આપ્યો પણ કોને માટે કહે છે? સાંભળને.

**'અમૃતકુંભ છે. વ્યવહારચારાસૂત્રમાં (વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં-) પણ કહ્યું છે કે-'** આમાં દલીલ આપે છે, હોં!

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अदारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।।१।।**
**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।**

શું વ્યવહારનો આલંબી કહે છે તર્ક? કે આ અપ્રતિક્રમણ છે, પાપના પરિણામ તે અપ્રતિક્રમણ, પાપના પરિણામ તે **'અપ્રતિસરણ,...'** પાપના પરિણામ તે **'અપરિહાર,...'** પાપના પરિણામ **'અધારણા,...'** પાપના પરિણામ **'અનિવૃત્તિ,...'** પાપના પરિણામ **'અનિંદા,...'** પાપના પરિણામ **'અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો)...'** પરિણામ તો ઝેરનો ઘડો છે. હવે પુણ્યના પરિણામ. આ શાસ્ત્રમાં એમ કહ્યું છે. એમ કહે છે. શાસ્ત્રનો ભણનારો છે ને? ભાઈ! પુણ્યના પરિણામને અમૃતનો ઘડો કહ્યો છે અને પાપના પરિણામને ઝેરનો ઘડો કહ્યો છે. તો એ પહેલું કરવા દ્યોને. પાધરા તમે પુણ્ય-પાપ રહિત.. પુણ્ય-પાપ રહિત આત્મા છે. સાંભળને હવે. કહી દે, તારી દલીલ કરી લે.

મુમુક્ષુ :- શાસ્ત્ર..

ઉત્તર :- શાસ્ત્ર આધાર શું છે એને ભાન ન મળે. એ તો જ્યાં આત્માનો આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, અંતર્મુખનો અનુભવ થઈને અમૃત જ્યાં પ્રગટ્યા છે આત્મામાં. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અંતરના અવલંબનથી જ્યાં નિરપરાધી પ્રગટી છે, એવા દશાવંતને જરી અશુભ ટળવા માટે આવો શુભભાવ આવે તો આ નિરપરાધી શુદ્ધ દશાને અમૃત કીધું તો ઓલા શુભને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યું છે. નિશ્ચયથી ઝેર છે પણ વ્યવહારે અમૃત જ્ઞાનીને. અપ્રતિક્રમણ ત્રીજી ભૂમિકા. પુણ્ય અને પાપના રાગ વિનાની ચીજ આત્મા અંતર્મુખની દૃષ્ટિએ ઠર્યો છે, શુદ્ધતા અને અતીન્દ્રિય આનંદનો જ્યાં ઉછાળો આવ્યો છે એ ખરેખર અમૃત છે. એને જ્યારે આવા વ્યવહાર પડિક્કમણું વ્યવહાર શાસ્ત્રમાં કહેવામાં આવ્યું હોય તો એને વ્યવહારે અમૃત કહેવામાં આવે છે. આ અમૃત સ્વરૂપ પ્રગટ્યું છે એનો આરોપ આપીને એને અમૃત કીધું. નહિતર તો ખરેખર જ્ઞાનીને એ શુભભાવ આવ્યો પડિક્કમણું કરવા આદિનો એ ઝેર છે.

મુમુક્ષુ :- એટલો દોષ એને માન્ય છે.

ઉત્તર :- રાગ છે ને? વિકલ્પ ઉઠે છે. એ ક્યાં આત્મસ્વરૂપ છે? ભારે વાતું ભાઈ! કહો, ભગવાનભાઈ! હવે તો ઘણાં વર્ષ થઈ ગયા.

હવે ઓલો કહે છે જુઓ! **'પ્રતિક્રમણ,...'** જુઓ! નીચે અર્થ છે. **'કરેલા દોષોનું**

**નિરાકરણ કરવું તે.**' પાપ લાગ્યું હોય તો મિચ્છામી દુક્કડમ આમ કરીને... એટલું તો અમૃત છે કે નહિ ઓલા પાપ છૂટ્યાની અપક્ષાએ? એ પ્રતિક્રમણ શુભભાવ. '**પ્રતિસરણ= સમ્યક્‌ત્વાદિ ગુણોમાં પ્રેરણા.**' શુદ્ધ સમકિત આમ થાય, મિથ્યાત્વ આમ ટળે એવો વિકલ્પ શુભ. જુઓ શુભ વિકલ્પ. એ શુભ વિકલ્પને ઓલો કહે છે કે શાસ્ત્રમાં અમૃત કહ્યું છે પણ નિશ્ચયનું ભાન થયું છે, અનુભવ થયો છે, સ્થિરતા થઈ છે એને આ વ્યવહાર શાસ્ત્રમાં એ ભાવને અમૃત કહેવામાં આવ્યું. માટે આત્માના ભાન વિનાના એકલા શુભ છે એ તો એકલું ઝેર, ઝેર ને ઝેર છે. અને આત્માના અંતર શુદ્ધ દૃષ્ટિના અનુભવ વિના જેટલા પડિક્કમણા આદિના પુણ્ય-પાપ ઉઠે એકલા પાપ ને ઝેર ને બંધનના કરનાર છે. સમજાણું કાંઈ? ત્યારે આ શું કર્યું વાંચતા હશે અમદાવાદમાં? સમજ્યા વિના વાંચતા હશે? ભાઈએ વાંચ્યું હતું ને. તમે કહેતા હતા એક વખત. વાંચ્યું હશે પોતાની દૃષ્ટિએ. એય..! હિંમતભાઈ! એમ સાંભળ્યું હતું. કો'ક કહેતું હતું. ત્યાં વાંચ્યું હતું. પૈસા રળવા ગયા પહેલા.

શું કહે છે? '**પરિહાર = મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ.**' એ કુગુરુ, કુદેવને માનવા (એવી) એની શ્રદ્ધા છોડવી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ શુભભાવ છે, એને આત્મામાં નિશ્ચય પ્રગટ્યું હોય એને અમૃત કહે છે. અમે તો સીધું અમૃત એને જ કહીએ છીએ જાવ. અજ્ઞાની કહે છે. '**ધારણા = પંચ નમસ્કારાદિ મંત્ર,...**' નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. એ બધા શુભભાવ છે. અને અશુભ છે એ ઝેર છે અને શુભભાવ અમૃત છે. એમ અમે કહીએ છીએ. એમ અજ્ઞાની કહે છે, હોં! એ તારા પંચ નોકાર ગણીને મરી જા તો શુભભાવ છે, ઝેર છે, આત્માને લાભકારક નથી. લે. એ શુભભાવ રહિત આત્માની અંતર દૃષ્ટિ ને શુદ્ધતાનું સેવન અને દૃષ્ટિ કર ત્યારે તેને અમૃત અને ધર્મ કહેવામાં આવે છે. પછી નવકાર ગણ તો તે વિકલ્પને વ્યવહારે ધર્મ કહેવાય. વ્યવહારે ધર્મ એટલે નિશ્ચયે ધર્મ નહિ. સમજાણું કાંઈ?

'**પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.**' ભગવાનના દર્શન કરવા, મન સ્થિર થાય. આ પ્રતિમા ભગવાન-ભગવાન. એ શુભભાવ છે કે નહિ? એમાં અશુભભાવ ક્યાં આવ્યો? અમારે દુકાન ને રળવાનું બેઠક ને પાપ ક્યાં છે ત્યાં? ઓલો એમ કહે છે. એ શુભભાવ છે એટલું તો મને ઠીક છે કે નહિ? કહે, ના. ના. ભાઈ! એ તો એકલું આત્માના અંતર દૃષ્ટિના અનુભવ વિનાના એ ભાવ તો એકલા ઝેર, ઝેર ને ઝેર છે. પણ અંતર અનુભવની દૃષ્ટિ થઈને પછી આવો ભાવ હોય તો વ્યવહારે તેને અમૃત, શાસ્ત્રમાં-વ્યવહારનયના શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. ખરેખર તો એ ઝેર છે.

મુમુક્ષુ :- .. સંમતિ થાય તો...

ઉત્તર :- બધી સંમતિ થઈ જાય એક સાથે. કહો, સમજાણું કાંઈ?

**'નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.'** અરે.. આ વિષય નહિ, આ ભોગ નહિ, આ નહિ, આ નહિ. એમ કરીને. એ પણ એક શુભવિકલ્પ છે. ત્યારે ઓલો કહે છે, પણ પાપ ટળ્યું એટલું તો અમૃત છે કે નહિ? કહે, ના. ના. એ આત્માના અંતર અનુભવ વિનાનું એકલું ઝેર છે. આ અનુભવ ને આત્માનું અંતર ભાન થાય તો તે વ્યવહારને વ્યવહાર અમૃત તરીકે કહેવામાં આવે છે. નિશ્ચયથી તો એ ઝેર છે. જુગરાજજી! બહુ આકરું આ. ક્યાં ગયો છોકરો તમારો? છે? આ બધું સાંભળ્યું નહિ હોય કોઈ દિ' આ. શું હશે આ? કહો, સમજાણું આમાં? ત્યાં બધા સામાયિક ને પોષા ને પડિક્કમણાને ધર્મ કહે છે અને અહીં ના પાડે છે. હજી ભાન ન મળે આત્મા (કોણ છે એનું). એ તો વર્તમાન અવસ્થામાં બહિર્લક્ષે ઉત્પન્ન થતાં શુભ અને અશુભભાવ બેય અશુદ્ધ છે. એમાંથી ધર્મ માનવો અથવા એ મારા માનવા એ મિથ્યાદષ્ટિ મૂઢતાને સેવે છે. આ તમારે ત્યાં સાંભળ્યું ન હોય. લ્યો, પૈસા બધા આપીને હુશિયાર છે.. હો હો કરી નાખે લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટેકો આપે છે ત્યાં? આ દલાલ છે. ભાઈ. . તો થોડો. આ શુભ કરો. ભાઈ! શુભ તો વિકલ્પ છે, બાપા! તને ખબર નથી, ભાઈ! પર ઉપર લક્ષ જાય છે કે આ કરું, આ દાન કરું, પૈસા ખરચું, આ કરું, દયા પાળું, પરને દુઃખ ન થાય, આમ કરું, સમજાય છે? સત્ય બોલું, ચોરી ન કરું, શરીરથી બ્રહ્મચર્ય પાળું, વ્રત લઉં. ભગવાન! એ બધો શુભરાગ છે. તને ખબર નથી. એ તો વૃત્તિ ઉઠે છે, વિકલ્પ છે. એ આત્માના અમૃતથી વિરુદ્ધ ભાવ છે. પણ વ્યવહાર શાસ્ત્રમાં એને અમૃત કેમ કહ્યું? કે નિશ્ચય આત્માનું અંતર્મુખ દષ્ટિનો અમૃતનો સ્વાદ જેને અંતર આવ્યો છે, અમૃતપણું જેને સ્વાદમાં સમ્યગ્દષ્ટિને આવ્યું છે. એને જે આવો શુભભાવ હોય તો એને આ અમૃતનો આરોપ આપીને તેને વ્યવહાર અમૃત કહેવામાં આવે. પણ નથી અંતરની દષ્ટિનું ભાન અને એકલા વ્યવહાર વ્યવહાર તો ઝેર, ઝેર ને ઝેર છે લે. ચાર ગતિમાં રખડાવનારું છે. સમજાણું કાંઈ? અહીં તો .. પાસાવાળાને મોટી મોટી કરે. એમ કે દયા પાળે અને વ્રત કરે એય.. મોટા આહાહા..! બહુ ધર્મી... ધર્મી.. બેય માખણ ચોપડે. આહાહા..!

કહે છે, **'નિંદા=આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** પાપ લાગ્યા હોય ને બહુ આકરા? મિથ્યાત્વના, હિંસાના, જૂઠાના. તો ગુરુ પાસે .. થાય અરે..! એવો શુભવિકલ્પ છે. એ પણ એક પુણ્ય છે. ધર્મ નહિ. **'ગર્હા = ગુરુ સાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'**

ગુરુ પાસે કહેવું, મહારાજ! આવા પાપ લાગ્યા છે. એ પણ શુભભાવ છે. **'શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે.'** એ પણ એક શુભભાવ છે. શુભ. સમજાય છે? એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ઓલો કહે છે-શિષ્ય. વ્યવહાર શાસ્ત્રમાં આવા આઠ બોલને અમૃત કહ્યા છે. અને તમે કહો છો કે ઝેર છે. હવે અમારે શું સમજવું? એમ કહે છે ઓલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. લીધી અજ્ઞાનની.

**'ઉપરના તર્કનું સમાધાન આચાર્ય ભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :-'** સમજાણું? અહીં પ્રશ્ન શું છે પહેલો સમજાય છે? જ્યારે આચાર્યદેવે ભગવાને એમ કહ્યું કે, ભાઈ! જેટલો શુભ અને અશુભભાવ છે બેય અશુદ્ધ છે અને બેય ઝેર છે, બેય અપરાધ છે અને એ અપરાધને સેવનારો અપરાધી છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો, કે મહારાજ! આપના વ્યવહાર શાસ્ત્રમાં પણ આવા આઠ બોલના શુભભાવને વ્યવહારનયના શાસ્ત્રમાં એને અમૃત કહ્યા છે. આપ એને ઝેર કહો છો એ શું? શાસ્ત્રમાં આમ કહ્યું છે ને? સમજાણું?

ત્યારે ગુરુ એને ઉત્તર આપે છે કે જો ભાઈ! વિસ્તાર તો અંદર આવશે, કે એ વ્યવહાર શાસ્ત્રમાં જે એ પુણ્યને અમૃત કીધું એ તો નિશ્ચયના અંતર અનુભવની દૃષ્ટિ થઈ છે, અંતર્મુખ સ્વભાવ શક્તિને પ્રગટ કર્યો છે અને અંતર્મુખના સ્વભાવનો સ્પર્શ થયો છે અંતર, એને જે અતીન્દ્રિય આનંદનું વેદન છે તે ખરો ધર્મ છે. એને આવો અશુભથી બચવા જ્યારે આવો શુભભાવ હોય છે ત્યારે એને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યા છે. નિશ્ચયથી તો ઝેર છે. સમજાણું કાંઈ? આહાહા..! દરકાર કરી નથી. પોતાના આત્માની દયા ખાધી નથી. પરની દયા ખાવા નીકળી ગયા. પરની દયા કરીએ ને પરને ઉદ્ધારીએ. હવે તું તો કર તારું પહેલો. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે કે એ જે તારી દલીલ છે એ વ્યવહાર શાસ્ત્રમાં જે અમૃત કહ્યા, એ તો અનુભવી આત્માના આનંદના સેવન કરનારને એવો શુભભાવ આવે એને વ્યવહાર શાસ્ત્રમાં નિશ્ચય દૃષ્ટિવાળાને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ એને પણ નિશ્ચયથી તો ઝેર છે. એ છોડીને ઠરશે ત્યારે મુક્તિને પામશે. સમજાણું કાંઈ? શિષ્ય તો એમ કહે, પહેલેથી આટલી બધી માથાકૂટ? ભારે .. છે. શુદ્ધ સેવો. અંતર પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધની શ્રદ્ધા કરો, અંતર્મુખ સેવો, અંતર્મુખ જાવ, અંતર્મુખનું વલણ કરો. સાહેબ! બહિર્મુખના વલણમાં બે ભાગમાં એક ભાગ તો આવવા દ્યો પહેલો? સમજાણું કાંઈ? પાધરું અંતર્મુખ થાઓ... અંતર્મુખ થાઓ, આત્માની સેવા કરો. ભાઈ! સાંભળ ભાઈ! એ તારા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાખ પડિક્કમણા અને એ કરેલા દોષ અને સમકિતના જેટલા બોલ કહ્યા એ બધા લાખ કરોડ તું કર તો એ વિકલ્પ શુભ છે. એ મારા છે અને મને ધર્મ છે એ માન્યતા તારી મિથ્યાદષ્ટિની મિથ્યાત્વ અસત્ય માન્યતા છે. જૂઠા સેવનારો છો, જૂઠું ખાનારો છો. આહાહા..! ભારે વાતું ભાઈ આ.

મુમુક્ષુ :- આત્મા માટે ઝેર, સંસારને માટે?

ઉત્તર :- સંસાર માટે રખડવા માટે ઝેર. એમ કે સંસારમાં તો સારા કહેવાઈએ કે નહિ? ગાંડાની હોસ્પિટલમાં ગાંડાઓ બીજા ગાંડાને સારા કહે. પોતા કરતા કાંઈક ઠીક હોય ને. ગાંડાની હોસ્પિટલમાં તો બધા સારા જ કહે એને.

આ તો જ્ઞાનીની નિશાળમાં, ધર્મની નિશાળમાં ભગવાન આત્મા અંતર ચિદાનંદ પ્રભુ છે, ભગવાન કેવળીએ કહેલો આત્મા કે જે શરીર, કર્મ તો અજીવ છે અને શુભ-અશુભભાવ તે આસ્રવતત્ત્વ છે. એવા હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના પાપ એ પાપ આસ્રવ છે. એવો જ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ તે બધો પુણ્યાસ્રવ છે. એ બેય આસ્રવતત્ત્વ તે આત્મા નહિ. એને આત્મા માનીને સેવે છે તે મિથ્યાદષ્ટિ ગુનેગાર છે. ચાહે તો સાધુ થઈને ફરે, ચાહે તો હજારો રાણી છોડીને ફરે, આ નાગા બાવા થઈને ફરે. પણ અંદરમાં એ શુભભાવ મારો છે અને એનાથી મને ધર્મ થાય છે, એ સેવનારા ગુનેગાર મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં પડ્યા છે. હજી સમકિતમાં આવ્યા નથી તો વળી સાધુપણામાં ક્યાંથી આવે? આહાહા..! ભારે વાતું આકરી.

એના નિશ્ચય પ્રધાન.. ઓલાએ જ્યારે વ્યવહારનો દાખલો આપ્યો. આચાર્ય હવે નિશ્ચયની વાત કરે છે.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।**
**णप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती च अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।**

નીચે હરિગીત.

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃતિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**

એ ઝેરના ઘડા છે. એ પડિક્કમણાનો શુભરાગ, દયાનો શુભરાગ, એ અણુવ્રતનો શુભરાગ, મહાવ્રતનો શુભરાગ એ ઝેરનો ઘડો છે, એમ કહે છે. આસ્રવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

ઓલું અપ્રતિક્રમણ કહ્યું હતું એ જુદું હોં!

પુણ્ય-પાપના વિકલ્પથી છૂટી અને ભગવાન આત્માને સ્પર્શે છે, શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એના અનુભવમાં આનંદને સ્પર્શે છે એ આનંદની શુદ્ધિ જે પ્રગટી છે એને અહીંયાં પરમાર્થે અમૃતકુંભ કહેવામાં આવે છે. એટલે એ ધર્મનું રૂપ અને સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

ટીકા છે ને? પહેલી વાત તો એ કહે છે. એમ કહે છે આચાર્ય. '**પ્રથમ...**' શબ્દ પડ્યો છે ને પ્રથમ? એ મૂળ વાત એમ છે કે '**જે અજ્ઞાનીજનસાધારણ...**' છે. જેને આત્માનું શ્રદ્ધાનું ભાન નથી. આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છે એવી જેને ખબર નથી, એવો જે બહિર્મુખની ઉઠતી વૃત્તિઓને પોતાનો આત્મા માનીને સેવે છે એવા અજ્ઞાનીજન સાધરણ લોકોને '**અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ...**' એને જે મિથ્યાત્વના, રાગના, પાપના પરિણામ છે એને અપ્રતિક્રમણ અનાદિનું છે એમ કહ્યું. '**તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના...**' એ અશુભભાવ તો આત્માની શુદ્ધિનો અભાવ છે. અશુભભાવમાં તો આત્માની શુદ્ધિનો અભાવ છે. એટલે આત્માના ધર્મનો અભાવ છે. એ તો '**સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...**' એ અંદરમાં હિંસાના ભાવ, જૂઠાના ભાવ, મિથ્યાત્વના ભાવ, પાપના ભાવ, રળવાના ભાવ, ભોગના ભાવ, કમાવાના ભાવ, એ દુકાનની વ્યવસ્થા કરવાના ભાવ એ તો ઝેરનો ઘડો, ઝેરનો ઘડો. સમજાણું? એમાંથી ઝેર જ છે કહે છે એ તો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- મઝા પડે છે એમ કહે છે ને લોકો. મરચાના કીડા હોય ને? મરચામાં ઊપજે. મરચા મરચા હોય છે ને? મરચાનો ભૂક્કો. એ કીડા મરચાનું ઓલું કરીને ઘર કરે. એમાંથી બહાર કાઢવા હોય તો ન નીકળે ઈ. મરચાનો ભૂક્કો હોય ને ઝીણો? .. અંદર બાવા બાજે. અંદર ઈયળ થાય ઈયળ. .. એને એ ઠીક પડે. એમ અજ્ઞાની અનાદિના આત્માના અમૃતને નહિ જાણનારા એકલા મિથ્યાત્વને, અવ્રતને, રાગ ને દ્વેષને, પાપને સેવનારા એ તો ઝેર, ઝેર ને ઝેર છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, કનુભાઈ! શું આ જજપણું કરવાનો ભાવ ઝેર છે એમ કહે છે. ઝેર છે. ઝેર પીવો છો એમ કહે છે.

'**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?**' એની તો અમે વાત કરતા નથી. '**(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા, પાપના હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના એ પાપના પરિણામ તો પહેલેથી છોડવા જોઈએ. એ તો ઝેર, ઝેર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને ઝેર. '**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...**' વ્યવહાર પ્રતિક્રમણ જે છે શુભભાવ. આઠ બોલ કહ્યાને ઓલા? '**તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે...**' શું કીધું છે?

મુમુક્ષુ :- વ્યવહારથી કીધું.

ઉત્તર :- વ્યવહારથીની જ અહીં વાત છે ને.

આત્મા પુણ્યના વિકલ્પના શુભભાવના દયા, દાન, અણુવ્રતના ભાવ એનાથી રહિત છે. એવું જેને અમૃતનું ભાન થયું છે એવા અમૃતના ભાનવાળા જીવને એવો જે શુભભાવ છે (એને) એટલું પાપ ઘટે છે, એટલી અશુદ્ધતા ઘટે છે અને અશુદ્ધ ઘટાડવા તરફ તેની દૃષ્ટિ છે. શુદ્ધને વધારવા તરફ દૃષ્ટિ અને અશુદ્ધને ટાળવા ઉપર દૃષ્ટિ છે. એથી એ જ્ઞાનીને, ધર્મીને, આત્માની ઓળખાણવાળાને એ શુભભાવ '**દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...**' અશુભ ટળે છે ને? એટલું શુભ છે. ઓલા શુદ્ધતાના જોરને લઈને હોં. તો વ્યવહાર અમૃતકુંભ સાચા ઓલાની સામે કીધું. તેં કીધું એ આમ છે. પણ જેને આત્મા જ અંદર પુણ્ય-પાપ વિનાનો શું છે ચીજ અશુદ્ધ સિવાયની, એ શુદ્ધનું જેને ભાન નથી અને એકલા દયા, દાન, વ્રતના પરિણામ કરીને માને છે ધર્મ. એ તો એકલો મિથ્યાત્વભાવ અને ઝેર છે. સમજાણું કાંઈ? એને છોડીને આત્માનો અનુભવ કરવો જોઈએ. અને અનુભવમાં જે આવા શુભ પરિણામ આવે એને વ્યવહારે અમૃત કહેવામાં આવે છે. પણ આ ભાન વિનાના જીવને તો અમૃત પણ કહેવામાં આવતા નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૫, સોમવાર તા. ૨૩-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન-૩૭૪**

મોક્ષ અધિકાર. ૩૦૬-૩૦૭ ગાથા. ટીકા ફરીને.

'**ટીકા :- પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...**' એટલે શું કહે છે? આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું જેને ભાન નથી અને જેની બહિરાત્મબુદ્ધિ મિથ્યાત્વ બુદ્ધિ છે એવા મિથ્યાદૃષ્ટિ છે તેઓના જે પાપના ભાવ હિંસાના, જૂઠાના, તીવ્ર મિથ્યાત્વના એની તો અહીંયાં વાત શું કરવી? '**તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...**' જેને એકલાં અશુભ જ ભાવ વર્તે છે. આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા તો નહિ, પણ વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નથી, તીવ્ર મિથ્યાત્વ છે અને જેને હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, લોભ જગતના દેખાવ માટે જે વિકાર અશુભ પરિણામ કરે છે જગતની મોટાઈ આદિ લેવા, એવા અશુભ પરિણામ તો આત્માના શુદ્ધ સ્વભાવને માટે એમાં તો બિલકુલ અભાવ છે. એ તો પાપ છે. એની તો વાત અમે શું વિચારીએ? સમજાય છે કાંઈ?

'**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?**' તેમનો. એમ. '**(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)**' સમજાય છે? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા, અહિંસાદિ તીવ્ર પરિણામ, પાપના ભાવ એ તો પહેલા છોડવા યોગ્ય છે. એ તો નરક ગતિ અને તિર્યંચ ગતિના કારણ છે એવા પરિણામ. એ પરિણામ તો આર્યજને પહેલા છોડવા જોઈએ. સમજાય છે કાંઈ? '**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...**' પણ વ્યવહારે જે પડિક્કમણાનો શુભભાવ, વિષય-કષાયના ત્યાગનો શુભભાવ, પંચ પરમેષ્ઠીની આરાધના અને પૂજા, ભક્તિ, પ્રતિમાનો એવો શુભભાવ અને પાપ લાગ્યા તેના પ્રાયશ્ચિત લેવા રૂપ જે શુભભાવ તે બધા જેટલા ચરણાનુયોગમાં શાસ્ત્રકારે વ્યવહાર જેને કહ્યો છે એવા શુભ પરિણામ રૂપી જે છે એ તો '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...**' શું કહ્યું?

જેને આત્મા અમૃતસ્વરૂપ છે, અમૃત આનંદસ્વરૂપ છે એવો જ્યાં અનુભવ થયો છે એને તો નિશ્ચય અમૃતની પરિણતિ શુદ્ધ પ્રગટી છે. એને જે વ્યવહારાદિ કહ્યો છે દ્રવ્ય પંચ મહાવ્રતના પરિણામ, પ્રતિમાનું દર્શન, પ્રાયશ્ચિત વગેરે. એવા વ્યવહાર શાસ્ત્રમાં એવા શુભભાવને વ્યવહારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અમૃતકુંભ કહ્યા છે. નિશ્ચય પરિણતિ શુદ્ધ વર્તે છે એથી તેના શુભભાવને તેમાં આરોપ કરીને તેને વ્યવહારે અમૃત કીધું છે.

મુમુક્ષુ :- દોષ મટાડે છે ને.

ઉત્તર :- એ મટાડે છે એનો અર્થ ઈ છે. નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ છે અને અનુભવ છે તેથી શુભભાવ છે એ અશુભને ઘટાડે છે. એમ.

મુમુક્ષુ :- ... ઘટાડે છે.

ઉત્તર :- હા. શુભ જ ઘટાડે છે. અહીં એ લેવું છે. ઓલું તો શુદ્ધ પરિણતિમાં જાય છે. સમજાણું કાંઈ? શુભ પોતે ઘટાડે છે એમ લેવું છે અહીં. ઘટાડવામાં લે છે ને અહીં? સમજાણું કાંઈ?

**'દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે...'** એમ લેવું છે. પંડિતજી! એની શૈલી એને તો નિમિત્ત ઉપર વાત... આ તો સર્વથા શુદ્ધ છે એ તો સર્વથા શુદ્ધ પરિણતિ છે એ તો સર્વથા દોષનો નાશ કરવાની સીધી સ્થિતિ છે. પણ જે શુભભાવ સમ્યગ્દૃષ્ટિનો, ધર્માત્માનો અનુભૂતિ જેને આત્મા અંતર્મુખ થઈને અનુભવ અને દર્શન-જ્ઞાન-ચારિત્ર જેને નિર્મળ થયા છે એને વ્યવહાર શાસ્ત્રમાં ઓલા શુભભાવને અશુભથી બચવા માટે આવતો ભાવ એને વ્યવહારે ઘટાડવામાં સમર્થ છે એમ કહેવામાં આવ્યું છે. વ્યવહારે. વ્યવહારે અશુભથી શુભ .. એટલું. નિશ્ચયથી તો શુભ-અશુભ રહિત થાય તે. કહો, સમજાણું કાંઈ?

ઓલાએ કહ્યું હતું એની સામે જવાબ છે. ઓલો કહે કે પણ વ્યવહાર શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યા છે ને? કે કહ્યા છે કોને માટે? શી રીતે? જેને આત્મા અંતર દૃષ્ટિએ અનુભવ અને આનંદનો સ્વાદ અને અમૃતની પરિણતિ શુદ્ધ થઈ છે. નિશ્ચય મોક્ષમાર્ગની પરિણતિ જ્યાં પ્રગટી છે એને જે શુભ છે એને વ્યવહાર શાસ્ત્રમાં કહ્યું છે કે દોષ ક્રમે ક્રમે ઘટાડવામાં એ નિમિત્ત છે વ્યવહાર તેથી તેને અમૃતકુંભ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો એ ઝેર છે. સમજાણું કાંઈ? પણ ઓલો વ્યવહાર શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યા છે ને એવી એની દલીલ કરી હતી ને? અને કહ્યું છે એ વાત સાચી છે.

મુમુક્ષુ :- સાચું કહ્યું છે એમ ને ત્યાં?

ઉત્તર :- કહ્યું છે એ સાચું કહ્યું છે. સાચું એટલે કહ્યું છે એમ. કહ્યું છે. કહ્યું છે એ સાચું કહ્યું છે. પણ શું કહ્યું છે એનો અર્થ એને ખબર નથી. એને અમૃતકુંભ કહ્યા છે એ બરાબર છે, પણ કઈ રીતે બરાબર છે? વ્યવહાર રીતે અમૃતકુંભ કહ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પકડે શું? ધૂળ પકડે? ત્યાં એ જેમ છે એમ છે. એ પકડે ક્યાંથી?

અહીંયાં અશુભ વંચનાર્થે ટાળવા માટે હોય છે. એમ આવે છે ને શાસ્ત્રમાં? એ અશુભ આવે છે. પંચાસ્તિકાયમાં નથી આવતું? એ વાતની અપેક્ષાએ. છે તો શુદ્ધની દૃષ્ટિનું પરિણમન એને. એને ત્યાં શુભ આવે છે એ અશુભ ટાળવા માટે, અશુભ વંચનાર્થ, અશુભ ટાળવા માટે આવે છે, ક્રમે દોષ ટાળે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો સ્વભાવને આશ્રયે ટળે છે તે શુદ્ધિ છે. અને એને જે વ્યવહાર છે એને ક્રમે દોષ ટાળે છે એમ વ્યવહારનો આરોપ કરીને તેને અમૃત કહ્યું છે. સમજાણું કાંઈ?

'**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ...**' શુભભાવ. એ વિષય-કષાયનો ત્યાગ કરું એવો વિકલ્પ, પંચ મહાવ્રત ભાવ એવો ભાવ, પંચ સમિતિ-ગુપ્તિનો શુભભાવ. સમજાણું કાંઈ? વ્યવહારનું પડિક્કણું વિકલ્પ, વ્યવહાર સામાયિકનો શુભભાવ. ભગવાનની પ્રતિમાનું સ્મરણ અને ભગવાનનું વંદન-નમસ્કારાદિ ભાવ. એ બધા સમ્યગ્દૃષ્ટિ, નિશ્ચય શુદ્ધની પરિણતિવાળાને '**સર્વ અપરાધરૂપી વિષના...**' સર્વ અપરાધરૂપી દોષને સર્વથા ટાળનાર તો શુદ્ધ પરિણતિ છે. પણ આ છે તેઓ '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...**' જોયું! સર્વ દોષનો અભાવ કરવા માટે નહિ. '**ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે...**'

મુમુક્ષુ :- કૌંસમાં મટાડવા લખ્યું છે.

ઉત્તર :- હા, એ લખ્યું છે ને. મટાડવા થયું ને? ક્રમે ઘટાડો કહો કે મટાડો કહો એક જ થયું. એ તો પાઠ છે ને. ઘટાડવામાં એટલે મટાડવામાં. એ તો એકનો એક અર્થ શબ્દ છે. ક્રમે નાખ્યું કેમ કે ઓલો અભાવ નથી એટલે.

મૂળ તો ભગવાન આત્મા, અહીં તો વ્યવહારમાં જેને વ્યવહાર પ્રતિક્રમણ, પંચ મહાવ્રત, વિષય કષાયથી નિવૃત્તિ અને શુભની ચેષ્ટાનો જે શુભભાવ, જેટલા ચરણાનુયોગના શાસ્ત્રમાં જિનવરે કહેલો વ્યવહાર, એવો જે શુભભાવ તે સમ્યગ્દૃષ્ટિ ચારિત્રવંત ધર્માત્માને તે શુભ વ્યવહારે ઘટાડવા વિષના દોષોને... જુઓ! સર્વ ઝેરરૂપ. અપરાધરૂપ ઝેર એના દોષોને ઘટાડવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? અભાવ કરવામાં સમર્થ નહિ. અમૃતકુંભ છે. '**(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...**' એમ સિદ્ધ કર્યું છે ને? સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને પણ અશુભ વંચનાર્થે ટાળવા માટે આવે છે માટે એટલું ટળ્યું છે. ટાળે છે એવી સમર્થતા એનામાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ખરેખર તો શુભ અને અશુભ પરિણામ રહિત જેની દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે, ચારિત્ર છે, વીતરાગી પરિણતિ ઊભી કરી છે સ્વને આશ્રયે, એને આ પરાશ્રયવાળો આવો ભાવ '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...**' સર્વ અપરાધરૂપી દોષના અભાવમાં સમર્થ છે એમ નથી. અભાવમાં

સમર્થ તો શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ? '**(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...**' ભગવાને એમ સંતોએ અનાદિ પ્રવાહમાં વ્યવહારમાં એવું કહેવામાં આવે છે. છે તો એ ઝેર. શુદ્ધ પરિણતિની અપેક્ષાએ તો એ છે ઝેર. પણ વ્યવહારની અપેક્ષાએ આ અમૃતસ્વરૂપ છે તો એને આરોપ કરીને કહ્યું કે આ અમૃત છે એ વ્યવહારે, નિશ્ચયથી તો ઝેર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલો શુભ અહીં. આ શુભભાવ છે એ અશુભને ટાળે છે એટલું. આ કીધું ને વિષનું? મટાડે છે ને? એમ કે સર્વ અપરાધરૂપીનો અભાવ કરે છે એમ નથી કીધું. એને ઘટાડે છે. એ અશુભને ઘટાડે છે એટલું. સર્વ અપરાધ તો શુભ-અશુભ બેય. પણ એ સર્વ અપરાધ જે અપરાધ છે એમાં શુભ છે તે અશુભને ઘટાડે છે એટલું એનામાં સામર્થ્ય છે. બીજું એનામાં સામર્થ્ય છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! એમ વ્યવહાર આચાર, એમ ભગવાનના શાસ્ત્રમાં કહ્યું છે એમ કહે છે. ઓલો કહેતો હતો ને તો એની સામે શું કહે? એમ કીધું, વ્યવહાર શાસ્ત્રમાં આ કારણે કહ્યું છે. અજ્ઞાનીને માટે નહિ. અજ્ઞાનીના એમાં લખાણ વ્યવહારનું છે જ નહિ અજ્ઞાનીને. અજ્ઞાનીને વ્યવહાર હોતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ અર્થ જ એ આવ્યો. ઓલાએ કીધું તેનો ઉત્તર આપે છે. એ આવી ગયું એના અર્થમાં. અમૃતકુંભ કીધો એનો અર્થ શું થયો? કે વ્યવહાર આચારસૂત્રમાં અમૃતકુંભ કહ્યા છે. નિશ્ચયમાં તો એને ઝેર કહ્યા છે. એ ટાળવા જેવા છે, રાખવા જેવા નથી. પણ આવે છે ત્યારે અશુભને વંચનાર્થ માટે છે એમ ગણીને ઘટાડવા સમર્થ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ તો નિશ્ચયના ઉપર અનુભવ અને સ્થિરતામાં છે. ભારે. જગતને ઓલો વ્યવહાર એવો ગળે વળગે છે ને. એમાં વળી શાસ્ત્રમાં આવે. શાસ્ત્રમાં તો આવે ને.

મુમુક્ષુ :- એમાં રાગને...

ઉત્તર :- ... જરીએ હોતી નથી. એ તો નિશ્ચયનો અનુભવ છે, વસ્તુ અખંડ પ્રભુ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ વસ્તુ છે, વસ્તુ છે એમાં દૃષ્ટિ ગઈ છે. વસ્તુમાં દૃષ્ટિ ગઈ તો વસ્તુ ખીલી છે પર્યાયમાં. શક્તિમાંથી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ વગેરે ખીલ્યા છે. એવો નિશ્ચય છે તે ખરેખર સર્વ અપરાધને ટાળવામાં પૂર્ણ સમર્થ છે. એને આવો વ્યવહાર આવે છે તે સર્વ અપરાધ ટાળવાને, ઘટાડવાને સમર્થ છે. અભાવ કરવાને સમર્થ નથી. અશુભને ઘટાડવા સમર્થ છે. સમજાણું કાંઈ? પણ ઓલી દૃષ્ટિ છે એને અહીં છે. એકલો વ્યવહાર ઘટાડે એને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યવહાર વ્યવહાર એને છે જ નહિ ને. સમ્યક્ અનુભવ અને નિશ્ચયના આનંદના સ્વાદ વિના એ એકલો વ્યવહાર પંચ મહાવ્રતાદિનો છે એ તો ઘટાડવાને સમર્થ નથી, એ તો ઝેર જ છે એકલું. સમજાણું કાંઈ?

'**તોપણ...**' ભલે કહે છે કે આમ હો અને આમ કહ્યું છે તોપણ '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...**' પ્રતિક્રમણ એવો જે શુભભાવ. આ વિષય-કષાયનો ત્યાગ વગેરે. અપ્રતિક્રમણ-અશુભભાવ. એનાથી વિલક્ષણ. શુભ અને અશુભભાવથી વિલક્ષણ '**એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી...**' એ ત્રીજી અપ્રતિક્રમણરૂપ. આવું હોવા છતાં વસ્તુનું... ઓલો વ્યવહાર શાસ્ત્રમાં નિશ્ચયવાળાને કહ્યું છે એમ સિદ્ધ કરવું છે. ઓલો કહે છે પણ પહેલો આ કરીએ. વળી શુદ્ધતાની.. પછી શુદ્ધ થશે. એમ એની દલીલ છે. ઓલો કહે છે, પણ આ શાસ્ત્રમાં કહ્યું છે તો પહેલું એ ઘટાડીને નિવૃત્તિ તો પામીએ, વ્યવહાર શુદ્ધિ તો થાય, પછી ઓલી શુદ્ધનું આલંબન કરશું. પાધરું પહેલેથી શુદ્ધનું આલંબન?

તો કહે છે કે ભાઈ, શુદ્ધના અંતરના અવલંબના અને આનંદના શાંતિ વિના આ તારો વ્યવહાર તે એકલો વ્યવહાર કહેવામાં આવતો નથી. ઝેર છે, એકલું ઝેર છે. એની તો અમારે વાત કરવી નથી. આહાહા..! સમજાણું? આવું વ્યવહારે નિશ્ચય દૃષ્ટિવંતને, નિશ્ચયના આશ્રયવંતને આવો વ્યવહારમાં કહેલો ભાવ તે સર્વ અપરાધને ઘટાડવામાં સમર્થ છે એવું હોવા છતાં પણ. હવે એમ છે લ્યો. એય.. પંડિતજી! એય.. દેવાનુપ્રિયા!

આવું હોવા છતાં પણ '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી...**' જેટલા આઠ બોલ છે ને બધા? સમજાણું? ઘણું આવી ગયું. જેટલો ચરણાનુયોગનો વ્યવહાર સમિતિ, વ્યવહાર ગુપ્તિ, વ્યવહાર પડિક્કમણા, વ્યવહાર સામાયિક, વ્યવહાર.. સમજ્યાને? ચોવિસંથો, વ્યવહાર.. કાઉસગ્ગ ને જેટલા બોલો છે એ બધા અશુભ વિનાના શુભભાવાળા એ બધા ચૈતન્યના શુદ્ધ પરિણતિની દૃષ્ટિવંતને અને એવી ભૂમિકામાં આવો વ્યવહાર આવે એને ભગવાને વ્યવહારે અમૃત કીધો છે. કેમ કે તે દોષને થોડો ટાળવા સમર્થ છે. અશુભને ટાળવા સમર્થ છે. શુભ-અશુભ ટાળવા તો શુદ્ધમાં સમર્થ થાય છે. સમજાણું? પણ એ કોને? ઓલી શુદ્ધ પરિણતિ છે તેને. જેને શ્રદ્ધા જ્ઞાન, સમ્યગ્દર્શન જ્ઞાન આત્મ દૃષ્ટિ છે નહિ એને તો એ વ્યવહાર કાંઈ છે નહિ. એકલો ઝેર, ઝેર ને ઝેર (છે). સમજાણું કાંઈ? કહો, જુગરાજજી!

નિશ્ચય અને વ્યવહારની સંધિ કરી અને છતાં એ વ્યવહાર તે ઝેર છે, પણ એને અમૃત આ કારણે કહ્યા. જરી અશુભ વંચનાર્થે. અશુભને ટાળે છે, ટળે છે એ એનું શુભ આવ્યું એટલે ટળે છે, ટાળે છે એમ કહીને એ વ્યવહારે ઘટાડે છે. પરમાર્થે તો એના રહિત જે પરિણતિ છે તે જ કારણ છે. આમ હોવા છતાં પણ. એમ છે ને, જુઓને! '**તોપણ...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તોપણ એટલે શું કીધું? કે આત્મા અંતર વસ્તુને સ્પર્શીને, વસ્તુને સ્પર્શીને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા છે એવા જીવને, એ પરિણતિ જ શુભ-અશુભને ટાળવા સમર્થ છે. પણ એવા જીવને આવો જે શુભ વ્યવહાર હોય છે તે દોષને ઘટાડવા, અશુભને ઘટાડવા સમર્થ છે. સમજાય છે?

ખરેખર આવું હોવા છતાં પણ '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...**' શું કીધું? એ પડિક્કમણું, વ્યવહાર નિવૃત્તિ.. સમજ્યાને? પંચ મહાવ્રતાદિ એનો શુભભાવ. અપ્રતિક્રમણાદિ અશુભભાવ. શુભભાવ અને અશુભભાવથી વિલક્ષણ. એનાથી વિપરીત લક્ષણવાળી '**એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...**' જેમાં (મારે) નિવર્તવું છે કે એવો વિકલ્પ જ્યાં નથી. એવી નિર્વિકલ્પ આત્મદૃષ્ટિ ને સ્થિરતાની રમણતા તે ત્રીજી અપ્રતિક્રમણ દશા છે. એ '**ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને...**' જુઓ હવે. એ ત્રીજી એટલે નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ છે એવી નિર્મળ દૃષ્ટિ ને નિર્મળ શાંતિ જ્યાં સ્થિરતા નથી એ ત્રીજી ભૂમિકાને નહિ જોનારને '**તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય કરતાં હોવાથી વિષકુંભ જ છે.**' એ ઝેર જ છે. સમજાણું કાંઈ? ભારે અટપટું! જરી વ્યવહાર સિદ્ધ કરે છે અને વ્યવહાર ઝેર છે અને એ નિશ્ચયના ભાન વિનાનો વ્યવહાર પણ હોઈ શકે નહિ. એમ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, આવું હોવા છતાં ત્રીજી દશા જે અપ્રતિક્રમણ આદિ. એટલે શુદ્ધ વીતરાગી પરિણતિ. જેમાં ગ્રહણ-ત્યાગ પણ છે નહિ. આ છોડું કે મુકું. આ હિંસા છોડું અને દયા કરું એવો પણ જ્યાં વિકલ્પ નથી. એવી જે ભૂમિકા શુદ્ધ ચૈતન્યને અવલંબે થતી નિર્વિકારી અરાગી વીતરાગી પરિણતિ એવી ત્રીજી ભૂમિ. એને નહિ દેખનાર, એને નહિ પામનાર, ત્રીજીને નહિ પામનાર એવા પુરુષને તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ અપરાધ કાપવારૂપ. જોયું! ઓલું વ્યવહારે કાપવારૂપ કહ્યું હતું ને? એવો એ '**(અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ છે...**' સમજાણું કાંઈ? એ અર્થમાં કીધું. પણ ઓલું નિશ્ચય હતું ત્યારે એને વ્યવહારે દોષ ઘટાડવાને સમર્થ કીધું હતું. પણ જેને એ નિશ્ચયની ભૂમિકાનું ભાન જ નથી, અનુભવ નથી એને એ પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે, ઘટાડવાનું કાર્ય નહિ કરવાને લીધે આ '**વિપક્ષ કાર્ય કરતાં હોવાથી વિષકુંભ જ છે.**' એ સમ્યગ્દર્શન અને આત્માના આશ્રય વિનાના જેટલા પંચ મહાવ્રતાદિ એટલા પરિણામ એકલા ઝેર, ઝેર ને ઝેર. દોષ ઘટાડવાને, ઘટાડવાને સમર્થ નથી. અભાવ કરવાને તો સમર્થ છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પુણ્ય થાય એટલે એ તો સંસાર થયો. એ તો એનું એ થયું. મિથ્યાત્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સહિતનું પુણ્ય છે એટલે એ તો એ પુણ્ય એટલે બંધાણું ને? કાંઈ અબંધ ન થયો, એ તો સંસાર થયો. પુણ્યબંધ એટલે સંસાર થયો. રખડવાની ભૂમિકામાં રખડવાનો ભાવ પ્રગટ કર્યો. એમાં દોષને વ્યવહારે ટાળવાની શક્તિ પણ નિશ્ચયવાળાને હોય છે. જેને નિશ્ચય નથી એને તો વ્યવહારે ટાળવાની શક્તિ હોતી નથી. એકલું બંધનું કારણ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'વિપક્ષ કાર્ય કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...'** જુઓ! જે અપ્રતિક્રમણાદિ એટલે છોડવું ગ્રહવું કાંઈ નહિ. એકલો દ્રવ્ય સ્વભાવ. વસ્તુનો સ્વભાવ વસ્તુ એનો આશ્રય કરી અને જે ભાવ પ્રગટ થયો છે એવી જે ત્રીજી ભૂમિ છે **'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ...'** એ સ્વયં શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ **'હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** જુઓ અહીં. ઓલામાં ઘટાડવું હતું. નિશ્ચયવાળાને વ્યવહાર ઘટાડવું હતું. આ નિશ્ચયવાળાને આ નિશ્ચય **'અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** સમજાણું કાંઈ આમાં? ત્રીજી દશા છે એટલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સ્વને આશ્રયે જે દશા (થઈ) એ તો સર્વ અપરાધને સર્વથા નષ્ટ કરનારી છે. સમજાણું કાંઈ? અને નિશ્ચયના અનુભવની સ્થિરતા દ્વારા જે શાંતિ (થઈ), એને જે શુભભાવ છે એ ઘટાડવાને, જરી ઘટાડવા અશુભ ઘટ્યો એટલું સમર્થ છે. અને ત્રીજી ભૂમિકા વિનાના એ જે ભાવ છે એકલો કાંઈ ઘટાડવાને સમર્થ નથી. એકલું ઝેર છે. આમ છે લ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના. ના. એ તો નિશ્ચયનું ભાન છે.... આ ઠીક કાઢે છે. એ તો નિશ્ચયનો અનુભવ છે એને વ્યવહારને અશુભ વંચનાર્થે વ્યવહારે ઘટાડે એમ કહેવામાં આવે છે. વ્યવહારે ઘટાડે છે. પણ નિશ્ચય નથી એને તો એ પણ છેલ્લે છેલ્લે નથી. છેલ્લે કોને? શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ છે તેને અશુભ ટાળવાની તાકાત રાખે એટલી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એટલી તાકાત છે એનામાં. .. વાત તો શુભ તો સર્વ અપરાધ.. અશુભ થયો તે શુભ થયો. પણ કોને? નિશ્ચય દૃષ્ટિવંતને. હવે નિશ્ચય દૃષ્ટિ એકલી છે સ્થિરતા, એ તો શુભ અને અશુભ બેયને છેદનારી છે. સર્વથા છેદનારી છે. એ તો સર્વથા છેદનારી. ઓલી વ્યવહારથી. કાંઈક ઘટાડવા સમર્થ છે. અહીં સર્વથા છેદનારી છે, સર્વથા અભાવ કરનારી છે. ઓલી થોડી ઘટાડનારી છે. આ વ્યવહાર સમકિતીને લાગુ પડે છે. સમજાણું કાંઈ? એય..!

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- આવ્યો ક્યાં આવ્યો છે? એને અંદર છે એટલો અશુભ એટલો રાગ ઘટે છે ને? કહ્યું છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં કે તત્ત્વદૃષ્ટિ હોય તો તો પુણ્ય કહે એ સાચું. પણ તત્ત્વ દૃષ્ટિ વિના કાંઈ વિષય કષાય નિવર્ત્યો છે કે નહિ? એમ કીધું છે ને એક ઠેકાણે? કહ્યું છે એક ઠેકાણે. કહ્યું પણ એ તત્ત્વદૃષ્ટિ હોય તો તો વ્યવહારે ઘટ્યું છે એમ કહેવાય. સમજાણું કાંઈ? જ્યાં આત્મદૃષ્ટિ નથી ત્યાં વળી ઘટ્યો ક્યાં? એકલો તો ઝેર છે ઈ. એમ વાત છે. એ બધા એને તત્ત્વની ક્યાં હજી (ખબર છે)? આહાહા..! ભગવાન સામું જોયું છે ક્યાં? સામું જોવાની જરૂર છે એ ક્યાં માન્યું છે? આ તો બહારથી આમ ભટક ભટક વિકલ્પ ઉઠે બહિર્લક્ષી એને બધું માનીને છે. ભાઈ! એની વાત નથી આ. સમજાણું?

આત્માના સ્વભાવની માહાત્મ્ય અંતર દૃષ્ટિના અનુભવ વિના જેટલો શુભભાવ મહાવ્રતનો આદિ ચરણાનુયોગના આચરણની ક્રિયા એ એને લાગુ પડતી નથી. એમ કહે છે. અમૃતકુંભ કહ્યું એ લાગુ કોને પડે છે? કે નિશ્ચય જેને આત્મ આશ્રયે શુદ્ધતા પ્રગટી છે એને ઓલા શુભને વ્યવહારે અમૃતકુંભ કહ્યો અને દોષ ઘટાડવા સમર્થ છે એટલું કહ્યું એને. પણ જેને આત્મદર્શન અને શુદ્ધ સ્વભાવ સન્મુખનો અનુભવ નથી, એવા પંચ મહાવ્રતાદિના, ભગવાનની ભક્તિ, પૂજા વગેરે જેટલા ભાવ શુભ છે એ તો બિલકુલ એકાંત કાંઈ પણ ઘટાડવાને, અંશે પણ ઘટાડવાને તેમાં તાકાત છે નહિ. સમજાણું કાંઈ?

‘**સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...**’ જુઓને. ઓલામાં એમ કીધું દોષોને... ‘**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...**’ અહીં સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી. ‘**સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...**’ સાક્ષાત્ સ્વયં નિશ્ચય કીધો. ઓલો વ્યવહાર હતો. આ ભગવાન આત્મા અંદર અમૃતસ્વરૂપ ભગવાન આત્મા અમૃતસ્વરૂપ જ છે. જેનો સ્વભાવ જ અતીન્દ્રિય અમૃત આનંદનો રસ છે. એવા અતીન્દ્રિય આનંદની જેને પરિણતિ પ્રગટ થઈ છે એ સાક્ષાત્ અમૃતકુંભ છે. સમજાણું કાંઈ? અરે..! એને જ્યાં જવું જોઈએ, જેમાં વળવું જોઈએ, જેમાં છે તેમાં જાવું જોઈએ, જેમાં છે ત્યાં જાવું જોઈએ ત્યાં જાતો નથી અને રાગાદિમાં નથી ત્યાં જઈને માને છે કે એમાં છે. હવે શું કરવું? સમજાણું કાંઈ?

કૃત્રિમ જે કાંઈ પુણ્યના પરિણામ ઉત્પન્ન થાય એમાં કાંઈ છે? એમાં આત્મા છે? એમાં જ્ઞાન છે? એમાં આનંદ છે? કાંઈ છે એમાં? સમજાણું કાંઈ? જ્યાં છે આનંદ અને જ્ઞાન એવી તો આત્મવસ્તુ છે દ્રવ્ય સ્વભાવ. એની દૃષ્ટિ વિના, એના આશ્રય વિના એકલા શુભભાવ તો બિલકુલ ઝેરને અંશે પણ ટાળવાને સમર્થ છે નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, એક સમયની કૃત્રિમ પર્યાયમાં વિકલ્પ સિવાય આખું તત્ત્વ જે સ્વરૂપ સન્મુખ થઈને જો

તો એ મહા આનંદ અને જ્ઞાન ને આનંદનું ધામ આત્મા છે. એ આનંદ અને જ્ઞાનનું ધામ એનો આશ્રય કર્યા વિના જે કાંઈ પરાશ્રયથી, શાસ્ત્ર કહે એવા વ્યવહારુ વિકલ્પ ઊભા થાય એને તો વ્યવહારે પણ અમૃતકુંભપણું લાગુ પડતું નથી. અને દોષને અંશે ઘટાડે, ઘટાડે એવું એને લાગુ પડતું નથી. એમ કહે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એને માટે છે.

**'અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** ત્રીજી ભૂમિ જે જ્ઞાનાનંદ વસ્તુ નિર્વિકલ્પ આત્મા છે એવી નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ જ્યાં પ્રગટ્યા છે. સમજાય છે? એ ભૂમિને લઈને **'વ્યવહારથી દ્રવ્ય પ્રતિક્રમણાદિને...'** જેટલું વ્યવહાર પડિક્કમણું દેવદર્શન, પૂજા આદિનો શુભભાવ (આવે) એને પણ તે ભૂમિને કારણે અમૃતકુંભપણું વ્યવહારે સાધે છે. સમજાણું? જુઓ! વ્યવહાર પહેલો મૂક્યો છે.

**'એ રીતે (તે ત્રીજી ભૂમિ)...'** ત્રીજી ભૂમિ એટલે સમજાણું? શુદ્ધ ચૈતન્યની નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ, રમણતા. શાંતિ એટલે વીતરાગ ચારિત્ર. એવી ત્રીજી ભૂમિ જે મોક્ષનો સાક્ષાત્ માર્ગ અને શુદ્ધ પરિણતિ. એ ભૂમિ **'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને...'** એટલે વ્યવહાર પડિક્કમણું, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ વગેરે એને **'પણ અમૃતકુંભપણું...'** એને પણ એટલે? પોતે અમૃત છે. ત્રીજી ભૂમિ. આને વ્યવહારથી અમૃતકુંભપણું સાધે છે. ભારે ઝીણું! કેટલા અટપટા બોલ ઘણાં આવ્યા છે. સમજાય છે કે નહિ આમાં?

ભગવાન આત્મા છે ને પ્રભુ તું. તારા સ્વભાવમાં ભરેલો ભગવાન ભંડાર, એને તેં ખોલ્યો નથી. તો જેટલા તારા શુભાદિ ભાવ છે એની વાત અમે જરીએ અહીં કરતા નથી. એ તો એકલું ઝેર, ઝેર ને ઝેર છે. સર્વથા અપરાધ ટાળવાને સમર્થ નથી પણ અંશે ઘટાડવાને એ સમર્થ નથી. અંશે તો ઘટ્યું ને? એમ કહે છે ને એ? ના. સમ્યગ્દૃષ્ટિ અનુભવ દૃષ્ટિ થઈ છે એની અપેક્ષાએ શુભમાં અંશે શુભને કારણે ઘટ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનેકાંત સાબિત થાય છે.

ઉત્તર :- અનેકાંત સાબિત થાય છે. અનેકાંત કહ્યું ને? અમૃતકુંભ કીધો એનો અર્થ કીધો ને? કે છે તો નહિ. પણ ત્રીજી ભૂમિ વ્યવહારથી દ્રવ્ય પ્રતિક્રમણાદિને પણ ત્રીજી ભૂમિ સ્વરૂપ આશ્રય જે દશા છે એ તો વસ્તુ વાસ્તવિક છે. પણ એ ભૂમિ વ્યવહારથી દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય સામાયિક, દ્રવ્ય ભગવાનની ભક્તિ, પૂજા વગેરે એને પણ ત્રીજી ભૂમિને લઈને આને પણ અમૃતકુંભપણું કહેવામાં આવે છે. સાધે છે એમ કીધું. જોયું! અમૃતકુંભ છે એને સાધે છે. નિશ્ચય તો પેલો અમૃતકુંભ છે. પણ આમાં અમૃતકુંભ છે એમ કહેવામાં

આવે છે.

**'તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.'** લ્યો! સમજાય છે કાંઈ? શરણું હોય તો, કહે છે ભાઈ! તારા સ્વભાવમાં છે. ક્યાંય બહારમાં ગોથા ખાય છે. આ ભગવાન ઊભા હોય અને સામું જોઈશ તો ત્યાં શરણ નથી. કહે છે કે તારા સ્વભાવ સામું જોઈને અનુભવ થયો નિશ્ચય, તો ભગવાન સામું જોયું એ વિકલ્પ જે છે એ ત્રીજી ભૂમિકાને લઈને ઓલાને વ્યવહાર અમૃતકુંભ કહેવામાં આવે છે. લે. કહો, સમજાણું આમાં?

પહેલા અભાવમાં. અત્યારે ભાવમાં કીધું પહેલું. અસ્તિ કરી. હવે અસ્તિ ન કરવી લ્યો. હવે અનેકાંત .. એની અસ્તિમાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંતર્મુખ દૃષ્ટિ કરીને જે અનુભવ શાંતિ, દર્શનાદિ થયા તે ભૂમિકા સર્વ અપરાધને નાશ કરવા સમર્થ છે. અને તે ભૂમિકા વ્યવહારપણે વ્યવહાર પડિક્કમણાને વ્યવહાર અમૃતકુંભ કહેવાને, સાધવાને સમર્થ છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ અમૃતકુંભ છે ઓલાને કીધું અને એ ભૂમિકાને લઈને દ્રવ્ય પ્રતિક્રમણ વ્યવહાર અમૃતકુંભ કહ્યું. અને એ ત્રીજી ભૂમિ જ આત્મા નિરપરાધ સાધે છે. વ્યવહાર તો અપરાધ તો છે પણ ઓલા નિશ્ચયપૂર્વક છે અનુભવની દૃષ્ટિ ને વીતરાગતા એ માટે તેને ઘટાડવા વ્યવહારે અમૃતકુંભ કીધું. બાકી તો એ પોતે તો ઝેર છે નિશ્ચયથી. અશુભ ઘટ્યું ને? શુદ્ધની દૃષ્ટિવાળાને અશુભ ઘટ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? એને ઘટ્યું તે ખરેખર વ્યવહાર ઘટાડે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ. અણવર કહેવાય પણ અણવરને કન્યા ન આપે. ભલેને ઓલો વર હોય દસ લાખનો આસામી અને અણવર હોય કરોડપતિ અને કુંવારો હોય કદાચિત. કન્યા તો ઓલાને આવે. એમ શુદ્ધ પરિણતિને મોક્ષરૂપી કન્યા વરે. એ શુભભાવને વરે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? ખાવાનું મળે ભેગું. પંચોળુ કહે છે ને કાંઈક? શું કહે છે તમારે? પંચોળામાં બેસાડે. પેંડા, બરફી, સાટા મોળા ને ગળ્યા મળે. સાધારણને ન આપે. કહો, સમજાણું કાંઈ? એમાં કાંઈ ધૂળેય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગાળ્યું ખાવી પડે. વાત તો સાચી ને. એ તો કહે. ગાય કહે. સામે .. એને કૂતરી પરણાવો એમ બોલે. ભઈ એ તો ત્યારે. એ તો એવું બધું સાંભળ્યું છે ને બધું. આ પરણીને ફલાણા પરણ્યા એને કૂતરી પરણાવો રે. એવું કાંઈક બોલે. બાયુંને ભાન કે દિ' બિચારીને. અક્કલની... મોટો પરણ્યો ને નાનાને કૂતરી પરણાવો. વર પરણ્યો અણવર કુંવારો હોય તો કહે એને કૂતરી પરણાવો. એમ કહે. એ તો ગળ્યું ખાય તો આવું બધું

સાંભળવું પડે એને. વરને નથી કહેતા? એને એ પણ કહે. વર તારે આવી મોજડી ક્યાંથી? વરની મા મોચીડાને ગઈ હતી. એમ પણ કહે છે ત્યાં. સાંભળ્યું છે કે નહિ? એય..! ભીખાભાઈ! એ બધી વાતું તો સાંભળી છે. મેં કીધું, ગાંડા છે આ બધા.

અમારે ફાવાભાઈના બહેન હતા મોટા. ફાવાભાઈના મોટા બહેન હતા. એના લગન થયા. લગભગ (સંવત) ૧૯૫૭ની સાલની વાત છે હોં. તો એના સગા કહેવાયને સંબંધી એટલે અમે જમવા ભેગા ગયેલા. દેરાસરમાં. દેરાસર છે ને ત્યાં? ઉમરાળા. ત્યાં કરેલું બધું ગાંડાભાઈએ. તમારા રાયચંદ. રાચચંદ તારાચંદ એના લગન હતા. જમવા બધા એ આવેલા. સગા ખરાને. એમાં ઓલાએ છેડો ઝાલ્યો ભાઈએ સાસુનો. અમારે જડી બહેન હતા ને. એનો છેડો જાલ્યો વરે. આપણે કોઈ દિ' જોયેલું નહિ. અને નાની ઉંમર. આપણી ૧૧ વર્ષની ઉંમર તે દિ'. આ શું કરે છે? છેડો ઝાલ્યો. પછી કાંઈક પાંચ-પચાસ રૂપિયા આપે ત્યારે છેડો મૂકે. નહિતર મારા ફટકારે બધા.

મુમુક્ષુ :- એ એનો હક છે. એટલો જમાઈનો હક છે.

ઉત્તર :- પહેલું વહેલું ૫૭માં જોયું હતું. ૫૭માં લગન હતા એ. રાચચંદભાઈના. રાયચંદ તારાચંદ. આ બધું વળી એક એકવાર જોયેલું બધું નજરે, પણ પાકુ હોં! ઓય મારું આ તો પોકળેપોકળ લાગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' આહાહા..! એમ કરીને ઓલો અપરાધ છે, વ્યવહારે અમૃત છે, નિશ્ચયથી ઝેર છે. વ્યવહારને સિદ્ધ કર્યો, મર્યાદા પ્રમાણે નિશ્ચય હોય તો. '**તેના અભાવમાં...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર એની અનુભવ અને દૃષ્ટિ સ્થિરતા વિના '**દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' લ્યો! એ પંચ મહાવ્રતને પાળે ને અઠ્યાવીશ મૂળગુણ પાળે એ બધું ઝેર છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિની વાત છે.

ઉત્તર :- એની વાત છે ને અહીંયાં? એના અભાવમાં પ્રતિક્રમણને .. અપરાધ છે. ઓલાપણે જરી અમૃત કીધું હતું ને વ્યવહારે? તો આના પ્રમાણમાં એને ઝેર કીધું એમ. ઓલું વ્યવહાર અમૃત કીધું હતું. આને વ્યવહાર પણ અમૃત લાગુ પડતું નથી. એમ કહે છે. એની સાથે મેળવે છે.

'**ત્રીજી ભૂમિ...**' વિના.. ઓલાને અમૃત કીધું હતું ને નિશ્ચયવાળાને? ત્યારે અહીં કહે કે ભાઈ એને ત્રીજી વિના દ્રવ્ય પ્રતિક્રમણ એકલું ઝેર જ છે. વ્યવહારે અમૃત પણ એને લાગુ પડતું નથી. વ્યવહારે ઘટાડે છે એવું એને લાગુ પડતું નથી. સમજાણું કાંઈ?

'**અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! ભગવાન આત્મા પોતાની સંભાળે ચડે ત્યારે તેને નિરપરાધપણું પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાડી તો શું છે? .. પાપની ભૂમિ એકલી, ઓલી નિશ્ચયની ભૂમિ એકલી અને નિશ્ચયમાં રહેલો વ્યવહાર ભૂમિ. નિશ્ચયવાળાને વ્યવહારે અમૃતકુંભ કીધો. નિશ્ચયથી તો એ ઝેર છે એને પણ. વ્યવહારે અમૃતકુંભ એને લાગુ પડે છે. એવા ભાન વિનાને એકલો વ્યવહાર પણ લાગુ પડતો નથી. એને વ્યવહાર હોઈ શકતો નથી. માટે વ્યવહાર અમૃત નથી પણ એકલો અપરાધ જ છે. સમજાણું કાંઈ? જુઓ, હવે આવ્યું આ. દાંત કાઢે છે. હવે આવ્યું જુઓ. વાંચો, શું આવ્યું? '**તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.**' લ્યો, આવ્યું આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના, એમ નથી કહેતા. એ તો કહે છે કે.. નિશ્ચયનો અનુભવ અને સ્થિરતા છે ત્યાં આવા હોય છે એનું લક્ષ સ્થિરતા અંદર જવાનું છે એને. ત્યાં રહેવાનું નથી એટલે અહીંથી જઈને ત્યાં જવાનું એની પ્રાપ્તિ માટે આ નિમિત્ત કહેવામાં આવ્યા છે. એમ કાંઈક કહે ને. પ્રાપ્તિનો અર્થ લખ્યો છે ને? એનો અર્થ એ છે. એની પ્રાપ્તિ એટલે એવા વિકલ્પો વ્યવહારના જેને નિશ્ચય છે એને આવે છે અને એને પણ છોડીને એમાં સ્થિરતા થાવું એ એનું લક્ષ છે. આમાં રહેવું એનું લક્ષ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટીકા ચાલે છે. સંસ્કૃતમાં ટીકા ચાલે છે. ઘરનું હિંમતભાઈનું નથી આમાં કાંઈ.

'**તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.**' એટલે શું કીધું? કે જે દ્રવ્યપ્રતિક્રમણાદિ નિશ્ચયનો અનુભવ અને સ્થિરતા છે એને આવા હોય છે. એ પણ એનું લક્ષ છોડીને સ્થિરતા કરવા માટેનું નિમિત્ત ત્યાં હોય છે. ત્યાં રહેવા માટે નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં રહેવું છે એમ તો છે નહિ. પણ સ્થિરતા થતી નથી, અંદર ઉપયોગ શુદ્ધ અને આવો ભાવ શુભ આવે છે. એનો હેતુ એને શુભનું લક્ષ અંદર સ્થિરતા થવા માટે છે એ. અંદર જવા માટે આવ્યું છે. અહીં રાખવા માટે આવ્યું નથી. સમજાણું કાંઈ? આમાંથી કાઢે કાઢવું હોય ઈ. પણ શું કરે છે? બધી ચોખવટ તો પહેલી આવી ગઈ છે. એ જ ખુલાસો આચાર્ય પાછળ હજી વ્યવહારનો ખુલાસો કરે છે.

'**આમ હોવાથી એમ ન માનો...**' જોયું! ટીકા છે, હોં. '**કે (નિશ્ચયનય) શાસ્ત્ર દ્રવ્ય પ્રતિક્રમણાદિને છોડાવે છે.**' એટલે શું એને છોડીને અશુભમાં જવાનું કહે છે એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે નહિ. વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર મહાવ્રતાદિ છોડાવે છે ત્યારે શું કરે છે? '**દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી...**' એટલેથી એને સંતોષ પમાડાતો નથી. વ્યવહાર નિશ્ચયવાળો જીવ એને વ્યવહાર આવ્યો એટલાથી એને રાખતો નથી. '**(-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.**' સમજાય છે કાંઈ? એવા શુભાદિ વિકલ્પો નિશ્ચય સહિત હોવા છતાં તેને છોડીને અંતરમાં જાવું એમ કરાવે છે. સમજાણું કાંઈ? એ છોડાવીને અશુભમાં જાવું એમ કહેતા નથી કાંઈ. સમજાણું આમાં?

દ્રવ્ય વ્યવહાર જેટલો છે એને છોડાવી દે છે એમ છે નથી. ત્યારે? કે એનાથી છોડી દેતું નથી. એટલાથી અટકાવતું નથી. '**તે સિવાય બીજું પણ,...**' એટલે કે શુભભાવથી છૂટી,... અશુભ તો છૂટ્યો હવે એને, પણ શુભભાવથી છૂટીને સ્વરૂપમાં સ્થિરતા કરાવવા માટે આમ કહ્યું છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...**' જુઓ! ઓલો વ્યવહાર છે એ નહિ પણ શુદ્ધ આત્મા, સ્વને આશ્રયે શુદ્ધ ચૈતન્ય ભગવાન પોતાની સ્થિરતામાં, જમવટમાં જામે એ માટે '**એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.**' અતિ દુષ્કર. ભાષા જોઈ! શુદ્ધથી પણ છૂટીને અતિ મહા સ્થિરતા થવી અંદર, નિર્વિકલ્પ વીતરાગતા કરાવવા માટે આ પુરુષાર્થની વાત છે. સમજાણું કાંઈ? છઠ્ઠાવાળાને આવો શુભભાવ થયો એને પણ કહે છે કે અહીં છોડીને અંતરમાં જાવું, અંતરમાં સમાવું મહા પુરુષાર્થ છે. મહા દુષ્કર છે. ઓલી સાધારણ વાત છે. સમજાણું? '**અતિ દુષ્કર કાંઈક કરાવે છે.**' કાંઈક કરાવે એટલે બીજું શુદ્ધતામાં જવા માટે આ કહે છે.

'**આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે-**' '**कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।**' આ નિશ્ચય પ્રતિક્રમણ, હોં! '**(અર્થઃ- અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.)**' આ નિશ્ચય પ્રતિક્રમણ. શુભ અને અશુભ વિકલ્પથી અને તેના બંધનથી તદ્દન છૂટીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા અને આનંદમાં આવે એને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં ભાઈ જેને ફાવે એમ પાછા અર્થ કરીને કરે. શું થાય? ઘટાડવાને સમર્થ છે, એની પ્રાપ્તિને અર્થે છે, એ છોડાવતા નથી. એટલે કરવાનું કહે છે એમ છે? એમ કે એનાથી આઘા જઈને સ્થિરતા કરાવવા માગે છે. એમ છે ભાઈ બધું. કથન આવે ત્યારે નિશ્ચય-વ્યવહારની સંધિ તો કરે ને. વ્યવહાર છે તે હેય છે. નિશ્ચય છે તે ઉપાદેય છે. આમ જ્યાં સુધી ન બેસે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં સુધી એને સત્ય બેસશે નહિ. સમજાણું કાંઈ?

ભાવાર્થ છે લ્યો. એ તો જયચંદ્ર પંડિતનો ભાવાર્થ છે, હોં! હિંમતભાઈનો નથી. '**વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-**' જોયું! ઓલા વ્યવહારના આલંબનવાળાએ, પક્ષવાળાએ કહ્યું હતું કે '**લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે,...**' હવે આ પાપ લાગે એનાથી નિવર્તે એ તો શુભ થવા દ્યોને. એને એ શુભ છે. હિંસા, જૂઠું, ચોરી, મિચ્છામી દુક્કડમ આ પાપ છે એથી નિવૃત્તિ એ શુભ થાય. '**તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે?**' પહેલેથી જ આત્મા પુણ્ય-પાપ વિનાનો શુદ્ધ છે એવો આશ્રય કરવાનું શું પ્રયોજન? સમજાણું કાંઈ? કરતા કરતા થાશે. એમ કહે. ભાઈ! આ પહેલો આ વ્યવહાર શુદ્ધિ તો કરીએ. પછી થાશે. એમ નથી ભાઈ! એ તો પરલક્ષી ભાવ છે. એ સ્વલક્ષી થાશે? એ તો અનંત વાર કર્યું છે. પણ સ્વલક્ષીવાળાને આવો વ્યવહાર આવે છે પરલક્ષી થોડો, એને વ્યવહારે ભાવ પડ્યો છે. સમજાણું કાંઈ? ખરેખર તો ઝેર છે એને પણ. ઈ કહેશે. ઈ કહેશે હોં નીચે.

'**શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે;...**' ઓલો શિષ્ય કહે છે. હવે અશુભ ટળે તો એટલો શુદ્ધ થાય તો પછી શુદ્ધનો આશ્રય કરશું. એમ કહે છે. '**પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.**' આલંબનનો ખેદ. આહા.. આવું આકરું અંદર શુદ્ધમાં જવું! પહેલા આવું શું કરવા કરો છો? પૂછે એને અવલંબન લ્યો, અવલંબન લ્યો, આશ્રય લ્યો. હવે અશુભથી ટળીને શુભમાં આવીએ એટલું શુદ્ધ થાય પછી વળી થઈ રહેશે. કાંઈક હળવા થઈએ, રાગની મંદતાની એવી ક્રિયા હોય પછી શુદ્ધનું આલંબન આવશે. પણ પાધરો-પાધરો શુદ્ધની શુદ્ધની વાતું કરો છો. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેને આચાર્ય સમજાવે છે કે :- જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિ દોષસ્વરૂપ જ છે,...**' લ્યો! સમજાણું? ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ વિકલ્પ રહિત પુણ્ય-પાપના વિકલ્પ વિનાની. એ ચીજનો અંતરમાં આશ્રય કર્યો અને જે વસ્તુ આખું આનંદધામ છે, એ ચીજ છે-વસ્તુ છે, જેમાં અનંત ગુણ શાંતિના કંદ પડ્યા છે. એનો જેણે આશ્રય કર્યો નથી '**તો દ્રવ્યપ્રતિક્રમણાદિ દોષસ્વરૂપ જ છે,...**' સમજાણું?

'**દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે,...**' એકલું દોષ જ છે. '**દોષ મટાડવાને સમર્થ નથી;...**' લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ...**' જુઓ! જ્યાં શુદ્ધ ચૈતન્ય દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય પ્રગટ્યા છે એને વ્યવહારનયે મોક્ષમાર્ગમાં છે. એટલે આવો મોક્ષમાર્ગ પ્રગટ્યો એમાં વચ્ચે આવો વ્યવહાર આવે છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે એને આવો વ્યવહાર હોય છે.

'**નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...**' લ્યો! વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે એટલે? વ્યવહારનય મોક્ષમાર્ગ છે એમ નહિ. પણ મોક્ષમાર્ગ સ્વનો આશ્રય પ્રગટ્યો છે ત્યાં એમાં આવો વ્યવહાર આવે છે. '**કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી,...**' લ્યો! એકલો પંચ મહાવ્રતાદિ અઠ્યાવીસ મૂળગુણ, દેવદર્શન, પૂજા, ભક્તિ, ક્રિયાકાંડ. નિશ્ચયની અપેક્ષા.. સમજાય છે? વિના વ્યવહારનય મોક્ષમાર્ગ નથી. કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી. એકલા વ્યવહારનો પક્ષ મોક્ષમાર્ગમાં વ્યવહારે પણ કહેવામાં આવતો નથી. બંધનો જ માર્ગ છે. ત્યારે કોઈ કહે, પણ નિશ્ચયવાળાને એ વ્યવહાર બંધનો માર્ગ છે? ભાઈ! એને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો. છે તો એ પણ બંધનો માર્ગ. ઓલો એકાંત બંધનો માર્ગ છે. એકાંત એટલે એને વ્યવહારે પણ મોક્ષમાર્ગ કહેવાતો નથી. સમજાણું કાંઈ? ભારે અટપટી વાતું!

'**માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે,...**' લ્યો. ત્યાં વ્યવહારે અમૃતકુંભ કહ્યા હતા ને? '**વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે...**' સમ્યગ્દ્રષ્ટિને આત્માના સ્વભાવ આશ્રયવંતને જે વ્યવહારના કહ્યા હતાં '**તે પણ...**' ખરેખર તો ઝેરકુંભ જ છે. કહો, સમજાય છે કે નહિ આમાં? અટપટું બહુ અટપટી ભાષા.

'**વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે...**' નિશ્ચયવાળાને '**તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે,...**' ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. એની પરિણતિ પણ અમૃતપણે પ્રગટી છે શુદ્ધ. એને વ્યવહાર છે એ તો ઝેર છે. ખરેખર તો જેને વ્યવહારે અમૃતકુંભ કહ્યું હતું વ્યવહાર શાસ્ત્રમાં, એને પણ અહીંયાં નિશ્ચય ઝેર કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? '**કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત,...**' લ્યો! કેમ કે આત્મા તો શુભ-અશુભ વિકલ્પથી રહિત છે. '**આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિક સ્વરૂપ જ છે.**' એમ કીધું અહીં તો લ્યો. શું કીધું? આત્મા તો પ્રતિક્રમણનો શુભ વિકલ્પ, અપ્રતિક્રમણનો અશુભ વિકલ્પ તેનાથી રહિત શુદ્ધ અપ્રતિક્રમણરૂપ છે. શુદ્ધ અપ્રતિક્રમણરૂપ છે. જે પરિણતિ થઈ તેને જ શુદ્ધ અપ્રતિક્રમણરૂપ જ આત્મા કીધો. વસ્તુ

તો છે પણ એ અપ્રતિક્રમણાદિ એ આત્મા છે. શુભ પરિણામ છે એ કાંઈ આત્મા નથી. આત્મા નથી પણ એની ભૂમિકામાં એવો અશુભને ટાળવા .. આવે છે. એથી એને વ્યવહારે દોષ ઘટાડે છે એમ લાગુ પડે છે. સ્વભાવ કરવાની તાકાત ઓલામાં છે. ઈ છે માટે ઓલાને ઘટાડે એમ લાગુ પડે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હિન્દીમાં એમ જ છે.

ઉત્તર :- હા હિન્દીમાં એમ જ છે. એય..! ગુજરાતી ઘરનું કર્યું નથી.

મુમુક્ષુ :- ગુજરાતીમાં ચોખ્ખું કર્યું ને.

ઉત્તર :- ના. ના. એમાં તો બરાબર છે એમ કહ્યું હતું ને. થોડુંક એ વખતે દબાણ હતું. આપણે કાંઈ ઘરનું નાખવું નહિ. એય..! શરૂઆતમાં. શરૂઆતમાં હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત સાચી. પણ આ તો શરૂઆતમાં બહુ હતું. (સંવત) ૧૯૯૫નું ચોમાસુ હતું ને ત્યાં. કહ્યું હતું. ભાઈને કહ્યું હતું. ... અમૃતલાલને. એકવાર રોઈ પડ્યા હતા. કાંઈ નહિ હોં! પહેલું પાછું લોકોને પાછી શરૂઆત છે ને પહેલી?

'**કારણ કે આત્મા...**' ભગવાન શુદ્ધ સ્વરૂપ.. ઓલો તો આસ્રવ છે. શુભભાવ તો આસ્રવ છે.

મુમુક્ષુ :- અશુભભાવને મટાડે.

ઉત્તર :- અશુભભાવ મટાડે પણ નિશ્ચયવાળો છે એને મટાડે છે અંશે એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને નહિ.

ઉત્તર :- અજ્ઞાનીને નહિ. જેને ચૈતન્યનો પત્તો નથી એવો એકલો ઉપર ને ઉપર કર્યા કરે વિકલ્પ... વિકલ્પ... ઉપરથી એને છે નહિ કાંઈ. એ તો દોષ જ છે, ઝેર છે. સમજાણું?

'**શુદ્ધ, અપ્રતિક્રમણાદિ-**' એટલે બધા અશુદ્ધતાના જેટલા પ્રકાર લીધા ને? શુદ્ધ નિર્મળ વીતરાગ પરિણતિ સ્વરૂપ જ આત્મા છે. શુભ વ્યવહાર છે એ કાંઈ આત્મા છે નહિ. અને આત્માને કાંઈ ખરેખર એ સાધન પણ નથી. પણ આ સાધન કરે છે એથી ઓલાને વ્યવહાર સાધનનો આરોપ દેવામાં આવે છે. આ સાધન કરે છે અમૃતનું એથી વ્યવહારને અમૃતકુંભ કહેવામાં આવે છે. અહીં સાધન કરે છે એથી વ્યવહારને દોષ ઘટાડે છે એમ કહેવામાં આવે છે. અહીં જો નથી તો એને દોષ ઘટાડે છે એ કાંઈ લાગુ પડતું નથી. એને વ્યવહારે અમૃત નહિ, એકલો ઝેર ઝેર ને ઝેર. કહો, સમજાણું કાંઈ? એ વ્યવહાર શાસ્ત્રમાં કહેલો જે અમૃતકુંભ એ પણ સમકિતીને માટે નિશ્ચયથી તો ઝેર છે. વ્યવહારથી એને અમૃત કહેવામાં આવ્યું છે. આ રીતે એનું સ્વરૂપ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૬, મંગળવાર તા. ૨૪-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૮-૧૮૯, પ્રવચન-૩૭૫**

સમયસાર અધિકાર છે. મોક્ષ અધિકાર. ૩૦૬-૩૦૭ ગાથાનો અંદર કળશ છે હવે આ. ટીકા આવી ગઈ છે ટીકા. એ ટીકાનો કળશ છે ટૂંકામાં. ૧૮૮ કળશ. છે ને? નીચે અર્થ. ૧૮૮ કળશ. નીચે અર્થ.

**अतो हताः प्रमादिनो गताः सुखासीनतां**
**प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।**
**आत्मन्येवालानितं च चित्त-**
**मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।।१८८।।**

ટીકા આવી ગઈ છે એનો અર્થ છે.

'**શ્લોકાર્થ :- આ કથનથી, સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા) પ્રમાદી જીવોને હત કહ્યા છે...**' આ મોક્ષનો અધિકાર છે. જે કોઈ પાપના મિથ્યાત્વના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવા પાપના અશુભ પરિણામ કરનારા સુખે બેઠેલા એ તો મોક્ષને માટે તદ્દન અનઅધિકારી છે. જેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છે, મિથ્યાદષ્ટિ છે, સ્વરૂપની કાંઈ દૃષ્ટિનું ભાન નથી અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધના પરિણામમાં પડ્યા છે એને તો અહીંયાં હત કહ્યા છે. તમે તો આત્માના મોક્ષના અધિકારી નથી. મિથ્યાદૃષ્ટિ અશુભ પરિણામવાળાની અહીં નિંદા કરી છે.

બીજો. '**ચાપલ્યનો પ્રલય કર્યો છે.**' બીજો બોલ. '**(-વિચાર વિનાના કાર્યનો)...**' આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એના ભાન વિના. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ... છે ને એમાં? '**(અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),...**' એ મિથ્યાદૃષ્ટિનો શુભભાવ. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે અને જેના પરિણામ પાપના છે એ તો મોક્ષને માટે બિલકુલ અનઅધિકારી છે. એ તો સંસારમાં રખડનારા જીવો છે. .. દૃષ્ટિ જેની મિથ્યાત્વ છે, આત્મા શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહ્યો એવો આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને અનંત આનંદ અને જ્ઞાન સહિત (છે), એવું જેને આત્માનું અંતર સમ્યગ્દર્શન નથી, આત્માનું ભાન નથી એ જીવો જેટલી કંઈ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે છે એ પણ મોક્ષના અધિકારી નથી. એ મોક્ષના કારણમાં એને ગણી નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- કાંઈક સાધન તો કરે છે.

ઉત્તર :- ધૂળમાંય સાધન નથી. શું સાધન કરે? કહો, વલ્લભદાસભાઈ! ભાઈ અહીં તો વાત તો એવી (છે). આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! વીતરાગ આત્મા વીતરાગી સ્વરૂપ છે. એનું અંતર વીતરાગ સ્વરૂપ ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે છે? એ વસ્તુ જ એની ખબર નથી એને.

આ તો આત્મા એકલો જ્ઞાન, આનંદ અને શાંતિ એટલે ચારિત્ર એટલે વીતરાગ સ્વરૂપ જ આત્મા વસ્તુ તરીકે છે. સર્વજ્ઞે જોયેલો, કહેલો પરમેશ્વરે એ આત્મા. અન્યો કહે છે એ આત્માનું સ્વરૂપ એણે જાણ્યું નથી. એવો આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન છે. આનંદનો કંદ છે. વીતરાગ સ્વરૂપે પોતે દ્રવ્ય સ્વરૂપ વસ્તુ સ્વરૂપે અકષાયસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો, એવો આત્મા, જેણે અનુભવમાં, દૃષ્ટિમાં લીધો નથી, સમ્યગ્દર્શન નથી અને એકલા દયા, દાન, વ્રત આદિના શુભ પરિણામ કરે છે, એ જીવ પણ ધર્મને માટે અનઅધિકારી છે. ભોગીદાસભાઈ! જરી ઝીણું છે. પુણ્ય બાંધે, સ્વર્ગ આદિમાં જાય, ધૂળ મળે એમાં આત્માને શું? ભેખ પલટે એ તો ચાર ગતિમાં જાય. એમાં આત્માને લાભ શું? એવું તો અનંત વાર મિથ્યાદૃષ્ટિપણે અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો છે. વાત ભાઈ! આ તો વસ્તુ પોતે જ્ઞાનાનંદ વસ્તુ છે. શાંતરસથી ભરેલો અકષાય સ્વભાવ (છે). સમજાય છે?

એવા '**ચાપલ્યનો...**' એટલે? ચાપલ્યનો પ્રલય કર્યો છે. એની વ્યાખ્યા '**આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી,...**' બીજો બોલ થયો. જેને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય સૂર્ય છે એવો જે કેવલ એકલા, કેવલ નામ એકલો જ્ઞાનનો કંદ પ્રભુ આત્મા છે, એવું જેને અંતર પુણ્ય-પાપના રાગ રહિત અનુભવ, સમ્યગ્દર્શન નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવોના જેટલા શુભભાવ છે એ બધા ધર્મને માટે નથી, એ બધા પુણ્યને માટે છે. મોક્ષના અનઅધિકારી છે. સમજાય છે કાંઈ? બે બોલ થયા.

'**આલંબનને ઉખેડી નાખ્યું છે...**' હવે ત્રીજો બોલ. '**(અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...**' જરી ગાથા બહુ ઊંચી આવી છે, ભોગીદાસભાઈ! બરાબર આવ્યા છે તે ગાથા સારી આવી છે. પહેલું તો એમ કહ્યું, '**हताः**' સુખે બેઠેલા. એય.. લહેર કરે છે. પુણ્યના પરિણામ... ખાવા, પીવા, સુખ, દુઃખ કલ્પનામાં વિષય ભોગમાં મિથ્યાદૃષ્ટિ પડ્યા છે એ તો તદ્દન ધર્મને માટે અનઅધિકારી છે. એની શું વાત કરવી? એ તો સંસારમાં અનાદિ રખડે છે. હવે બીજા આત્માના ભાન વિના પણ કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે છે તો એ શુભભાવ છે. એને ધર્મના અનઅધિકારી ગણ્યા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- કરતાં કરતાં આત્મા સમજાય.

ઉત્તર :- કરતાં કરતાં... રાગ કરતાં કરતાં સમજાય? એય..! વાતું એવી છે ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ આમ કહો અને બીજે જઈએ તો બીજી વાત. હવે અમારે કયુ માનવું?

ઉત્તર :- તુલના કરવી પડશે. વાણિયા માલ લેવા જાય તો માલનો ભાવ પૂછે છે કે નહિ? ભાવ પૂછે, ત્રાજવાનો શું કહેવાય? ધડો કરે અને તોલ શું કહેવાય ઓલા? કાટલા. એની સરકારી છાપ છે કે નહિ? એ ત્રણેય નક્કી કરે.

મુમુક્ષુ :- ત્યાં તો છેતરાઈ જાય.

ઉત્તર :- તો અહીં પણ છેતરાઈ જશે નહિ સમજે તો. ત્યાં બરાબર માલને તોળાવે ભાઈ કેટલા ભાવે છે? ભાઈ, સવા પાંચ રૂપયે શેર છે. બરાબર લ્યો. હવે કાંટે ધડો કર. કારણ કે જેની કોર નાખ્યું છે એની કોર કોઈ પા શેર-બા શેર હેઠે લાખ-બાખ ચોડી નથી ને? મીણ ચોડ્યું હોય, લાખ ચોડ્યું હોય. અને એવું રાખે પાછા કેટલાક તો. પહેલું આમ તોલ બરાબર બતાવે. પછી એક લાખ રાખ્યું હોય પા શેર. પછી ઓલા તોલમાં નીચે ચોડી દે. જેની કોર માલ નાખવો હોય ને? એની કોર પા શેર છોડી દે. તો ફરીને નક્કી કરાવે પાછો. આમાં નાખ્યું તેં હવે મને જોવા દે. સમજાણું કાંઈ? એવા થાય છે ને ઘણાં માણસ?

કહે છે કે આત્મા શું ચીજ છે? ભગવાને જે આત્મા કહ્યો છે... આવે છે ને આમાં પણ?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો..

યશોવિજય કહે છે ને? 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.' જેમ સ્ફટિક નિર્મળ છે, એમ ભગવાન આત્માનો સ્વભાવ તદ્દન નિર્મળ શુદ્ધ વીતરાગી આનંદ છે.

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો પ્રબળ કષાય અભાવ રે.

પુણ્ય અને પાપના ભાવ તો કષાય છે, વિકાર છે. ભગવાન જિનવરે એ વિકારના પરિણામ રહિત આત્માનો અનુભવ ને દૃષ્ટિ કરવી અને સ્થિર થવું તેને ભગવાને ધર્મ કહ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત અનેકાંત આમ છે અને બીજી રીતે નથી એનું નામ અનેકાંત. આ કાંઈ ફુદડીવાદ છે? સમજાય છે કાંઈ? 'જે જે અંશે નિરૂપાધિક કહ્યું તે તે અંશે ધર્મ.' ભગવાન ચૈતન્ય જ્યોત સ્ફટિક મૂર્તિ, દેહના રજકણે રજકણ આ તો માટી છે, જડ છે. એ તો એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને રહેલા છે. દ્રવ્ય, ગુણ, પર્યાયે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી રહેલા છે એ તો એના છે. એ કાંઈ આત્મામાં નથી. અને આત્મામાં એક સમયની પર્યાયમાં પણ રહ્યા નથી આ તો. આ તો ભિન્ન છે. કર્મ પણ ભિન્ન છે, શરીર ભિન્ન છે, આ બધી ચીજ તો એની પોતાની સ્થિતિએ ત્યાં રહ્યા છે. એ આત્માના થઈને રહ્યા નથી. એના થઈને એ રહ્યા છે. હવે રહ્યા છે એની અંદર એક પુણ્ય અને પાપ ભાવ. કર્મ પણ કર્મપણે કર્મ થઈને રહ્યા છે, કાંઈ આત્માના થઈને રહ્યા નથી. હવે રહ્યા છે પુણ્ય અને પાપ બે. હવે એને પોતાના માનીને રહે તો એ મિથ્યાદષ્ટિ છે. કારણ કે એ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વને પોતાના માનીને અંદર દયા, દાન, વિકલ્પાદિ કરે તો મિથ્યાદષ્ટિનો શુભભાવ છે. એ ધર્મને માટે અનઅધિકારી છે. સમજાય છે કાંઈ?

**મુમુક્ષુ** :- કઠણ પડે એવું છે.

ઉત્તર :- કાંઈ કઠણ પડે એવું નથી. પણ એને અંદર ગરજ નથી અંદર. એને મારું શું થશે? અરે..! હું ક્યાં જઈશ? આ ચાર ગતિના... આહાહા..! ક્યાં જવાનું શું થશે? નરક અને નિગોદમાંથી નીકળીને માંડ મનુષ્ય થયો છે. અનંત ભવના રખડવામાં ક્યાંય એનો આરો (દેખાતો નથી). આમ આમ ભવ પહેલા જોવે તો ખરો. ક્યાં હતો? ક્યાં હતો? ક્યાં હતો? ક્યાં? ભગવાન કહે છે કે, બાપા! ક્યાંય ભવ વિનાનો નહોતો. ગયા કાળમાં ક્યાંય ભવ વિનાનો નહોતો. ભવ વિનાનો હોય તો આ ભવ હોઈ શકે નહિ. બરાબર ને? ..ભાઈ! ભવ વિનાનો હોય તો ભવ હોય? ત્યારે ભવ વિનાનો નહોતો તો ભવ ક્યા હતા? મોક્ષનો હતો ત્યાં? આ બધા ભવ હતા-ઢોરના ને નારકીના ને કીડાના ને કાગડાના, કોઈ દેવના, મનુષ્યના એવા ભવ અનંત કાળ કર્યા, બાપુ! અનંત કર્યા છે, ભાઈ! તને ખબર નથી. આરો ક્યાં? અંત છે? પહેલી શરૂઆત છે ક્યાંય? કે પહેલો નવો થયો છે? આહાહા..! એવો ને એવો એમ ને એમ, એમ ને એમ, એમ ને એમ. ભવની રાશિ જુઓ તો ક્યાંય ભવનો અંત નથી એવા અનંત ભવ કર્યા છે. કેમ કે એણે પોતાની જાતની સંભાળ કોઈ દિ' કરી નથી.

એટલે પોતાના ભાન વિના શુદ્ધ ચૈતન્યના અનુભવના સમ્યગ્દર્શન વિના એટલે કે મિથ્યાદર્શનપણે જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મનું કારણ નથી. અને એ ધર્મને માટે અનઅધિકારી ગણ્યા છે. બે (વાત થઈ).

હવે ત્રીજું. '**આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...**' હવે ત્રીજી વાત. આહાહા..! પહેલા બે બોલ તો એ આવ્યા કે જેની વસ્તુની દષ્ટિ ભગવાન વીતરાગ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એવો આત્મા શું છે એની દૃષ્ટિ નથી, એ વિપરીત છે. અને વિપરીત ઉપરાંત એકલા સુખમાં લહેર કરે, ખાવા, પીવા, ભોગ, વિષય વાસના, અશુભભાવ. એ તો તદ્દન અનઅધિકારી છે. બીજામાં એમ કહ્યું કે એશ-આરામ કરતો નથી પણ કાંઈક દયા, દાન, ભક્તિ (કરે છે) પણ દૃષ્ટિ મિથ્યાત્વ છે. વસ્તુની ખબર નથી. એટલે એવા મિથ્યાદૃષ્ટિ જીવો કોઈ શુભભાવને કરે છે. દયા, દાન, ભણવું, વાંચવું, મનન આદિ એ પણ બંધના કારણ છે. એ મોક્ષને માટે અનઅધિકારી છે.

હવે ત્રીજો સમ્યગ્દૃષ્ટિ છે. આત્માનું ભાન છે કે હું એક પુણ્ય અને પાપના વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે એનાથી હું જુદો છું. શરીરાદિ તો અજીવતત્ત્વ છે. આ તો માટી છે. એ તો એને કારણે રહ્યા છે. મારામાં નથી, એ તો જુદા જ છે. પણ અંદર પુણ્ય અને પાપ આસ્રવ જે દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ આસ્રવ, હિંસા, જૂઠું પરિણામ અશુભ આસ્રવ, એનાથી એનાથી જુદો છું. એવું આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ થયું છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવને જે દ્રવ્યપ્રતિક્રમણ આદિ વગેરે, દ્રવ્યપ્રતિક્રમણ-આ શુભભાવ. શુભભાવનું પડિક્કમણું સાંજે કરે ને? વિકલ્પ ઉઠે ને. એવા સમ્યગ્દૃષ્ટિને હોં! પડિક્કમણું, પ્રતિસરણ, વિષય કષાયનો ત્યાગનો શુભભાવ, ભગવાનની પ્રતિમાની પૂજા, ભક્તિ, સ્મરણ એવો જે સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ છે એ પણ બંધનું કારણ છે, ધર્મ સ્વરૂપ નથી. ભારે! ભોગીદાસભાઈ! વાતું એવી છે પ્રભુ! શું થાય? એરેરે..! એને કોઈ દિ' શરણ મળ્યા નથી, કોઈ દિ' ગોત્યા નથી. નિરાધાર રખડી રહ્યો છે.

ભગવાન આત્મા અંદર જ્ઞાન સ્વરૂપ છે, ચૈતન્ય જ્યોત છે. કહે છે કે એનું ભાન નથી, એની તો વાત અમે હવે છોડી દીધી. એ કાંઈ અશુભ કરે તોપણ એ ખોટો છે અને શુભભાવ દયા, દાન કરે તો એ તો ખોટો છે. હવે સમ્યગ્દૃષ્ટિ છે. પણ જ્યાં સુધી સ્થિર થઈ શકતો નથી એને શુભભાવ વ્યવહાર પડિક્કમણું, વ્યવહાર સામાયિકનો શુભભાવ, દયા, દાન, ભગવાનની પૂજા એવો શુભભાવ ઘણાં પ્રકારના શુભ અસંખ્ય પ્રકાર છે. શુભના અસંખ્ય પ્રકાર છે. દયાના, દાનના, સત્યના, દત્તના, બ્રહ્મચર્યના એવા એવા શુભભાવ કષાયની મંદતાના, પરોપકારના, કોમળતાના, વાંચનના, શ્રવણના, મનનના, ભણવું, ગણવું, ચિંતવન વગેરે. આત્માનું સમ્યગ્દર્શન અનુભવદૃષ્ટિ છે, ભાન છે કે હું તો રાગ ને વિકલ્પ વિનાની ચીજ છું. એ સ્વરૂપમાં મારામાં રાગ નથી અને હું એમાં ઠરું ત્યારે મારી શાંતિ છે. એવું અંતર ભાનવાળાને પણ જેટલા શુભભાવ દ્રવ્યપ્રતિક્રમણ વગેરે. ઘણાં બોલ કીધા એ શુભભાવ, એને પણ ખરેખર નિશ્ચયથી બંધનું કારણ ગણીને. એ પણ બંધનું કારણ છે, રાગ છે, શુભ છે, પુણ્ય છે, ગણીને હેય કહ્યા છે. સમજાણું કાંઈ? મોક્ષ અધિકાર છે ને? એટલે શુભભાવ

વડે મોક્ષ થતો નથી. એ વડે તો પુણ્ય બંધાય છે. કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! એય.. જયંતિભાઈ! સમજાણું કે નહિ?

આ સમ્યગ્દષ્ટિના શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, જાપ જેટલા ભાવ કરો એ બધો શુભભાવ છે. તે આત્માના અંતરની દષ્ટિને આશ્રયે તે હેય કરવા લાયક છે. છોડવા લાયક છે, બંધનું કારણ છે, પુણ્ય છે, ધર્મ નથી, સંવર-નિર્જરા એ નથી. એય..! ભોગીદાસભાઈ! વાતું આવી છે.

મુમુક્ષુ :- આપ તો સાવ નવરાવી નાખો છો.

ઉત્તર :- પણ કીધું ને કે એને ભાવ છે એ પુણ્ય છે. એને નિશ્ચયથી બંધનું કારણ છે. જો બંધનું કારણ ન હોય તો એ વડે મુક્તિ થવી જોઈએ. મોક્ષ નથી થતો માટે બંધનું કારણ છે. એનાથી ખસીને સ્વરૂપમાં ઠરશે, વીતરાગતા કરશે ત્યારે તેને મુક્તિનું કારણ થશે. એ હેય છે પુણ્ય પરિણામ. ધર્મી સમ્યગ્દષ્ટિના શુભભાવ પણ હેય છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. મિથ્યાદષ્ટિની તો વાત છે જ નહિ. સમજાણું કાંઈ?

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગના દિવ્યધ્વનિમાં આવેલી વાત, ભગવાનના મુખે નીકળેલી ઇન્દ્રોની ઉપસ્થિતિમાં, ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ. ગણધર પણ બિરાજે છે. ત્યાં આ વાત ચાલે છે. એ જ વાત કહે છે. અનંત તીર્થંકરો કહે છે એવી વાણી ભગવાનની આવે છે. એ ભગવાન પાસે આ કુંદકુંદાચાર્ય આઠ દિ' ગયા હતા, ત્યાંથી આવીને આ વાત કરે છે. ભાઈ! માર્ગ આ છે. કહો, સમજાણું આમાં? ભારે કઠણ જગતને.

મોક્ષ શું છે? પણ એને મોક્ષની શું વ્યાખ્યા છે એની ખબર નથી. રાગ અને વિકલ્પથી બિલકુલ છૂટીને એકદમ વીતરાગતા પૂર્ણ થાય એનું નામ મોક્ષ છે. એ મોક્ષ કાંઈ આ પુણ્યના પરિણામ વડે પ્રાપ્ત થાય એમ નથી. એ મોક્ષ સમ્યગ્દષ્ટિને પણ આત્માનું ભાન હોવા છતાં જ્યાં સુધી ઠરશે નહિ એને શુભભાવ આવશે, પણ હેય છે. એને છોડીને ઠરશે, વીતરાગતાપણે ચારિત્ર ચરવું, રમવું, સ્વરૂપમાં. પૂર્ણ રમશે ત્યારે તેને કેવળજ્ઞાન થશે. આવા પુણ્યભાવ દ્વારા એને કેવળજ્ઞાન અને મુક્તિ થશે નહિ. ભારે વાત. સમજાણું કાંઈ?

ત્રણ વાત કરી. ત્રણ થઈને? એક મિથ્યાદષ્ટિનો અશુભભાવ, એક મિથ્યાદષ્ટિનો શુભભાવ અને સમ્યગ્દષ્ટિનો શુભભાવ. ત્રણ પ્રકાર થયા. આ (શરીર) તો પર છે, પ્રભુ! આ તો જડ છે. આને ક્યાં હવે. એના રજકણે રજકણ પોતાની સ્વચતુષ્ટયની અવસ્થામાં પોતે રહેલા છે. આત્માની પર્યાય એટલે અવસ્થામાં તો આ છે નહિ. કર્મ પણ આત્માની અવસ્થામાં નથી. દ્રવ્ય-ગુણમાં તો ન હોય. વસ્તુ ત્રિકાળ દ્રવ્ય છે આત્મા, એની શક્તિઓ ગુણ ત્રિકાળ

છે. એમાં તો એ ન હોય પણ એની એક સમયની અવસ્થામાં પણ કર્મ અને શરીર આ બધી ચીજો નથી. એ તો ભિન્ન ભિન્ન કામ રહી છે. આ તો એની અવસ્થામાં પુણ્ય અને પાપની દશાઓ જે વિકલ્પ ઉઠે છે એ પણ આસ્રવ છે તે દૃષ્ટિ છોડી અને જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ કરી છે એવો જ્ઞાતા-દૃષ્ટા જીવ સમ્યગ્દૃષ્ટિ, એને પણ આવો શુભભાવ આવે અને હોય તો તે પણ ઝેર અને છોડવા જેવો છે એમ અહીંયાં પરમાત્મા કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરવાનું કીધું ને. આ નથી કરવાનું? આહાહા..! મોટો ભગવાન બિરાજે છે ચૈતન્યમૂર્તિ. એની દૃષ્ટિ કરીને એમાં ઠરવું, એમાં ઠરવું એ કરવાનું. આ કરવાનો વિકલ્પ ઉઠે છે જે શુભ છે એ છોડવાનું છે. એવી દૃષ્ટિમાં પહેલું એને સમ્યગ્દૃષ્ટિને છે ખ્યાલમાં. એ ખ્યાલમાં છે તેથી અહીં સમજાવે છે કે એને ખ્યાલમાં છે પણ એ રાગ હેય છે એમ એ માને છે. આહાહા..! ભાઈ! જગતની વાત અને દુનિયા પરમાત્માની વાતનો મેળ ક્યાંય અન્યમતિ સાથે તો મેળ ખાય એવો નથી. ભગવાન ઈશ્વર કર્તા છે અને ભગવાન આમ કરે. હવે કાંઈ નથી. મફતનો માને છે તું. કર્તા પણ કોઈ નથી અને કોઈ ઈશ્વર-બિશ્વર નથી. તું જ તારો ઈશ્વર છો. સમજાણું કાંઈ? જડ પણ સ્વતંત્ર ઈશ્વર છે. શક્તિવાળા ઈશ્વર. એટલે એના જડથી, શક્તિથી પરિણમી રહ્યા છે. એ કાંઈ તારે કારણે નથી. હવે તું પોતે જે છો શુદ્ધ સ્વરૂપે અનાદિ સનાતન સત્ય, એનાથી વિરૂદ્ધ ભાવ જેટલા પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે .... એ બધું બંધનું કારણ છે. એવું જેણે જાણ્યું છે, અનુભવ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિને પણ કહે છે કે તારો ભાવ તને ખ્યાલમાં છે કે આ હેય છે. એ છોડવા જેવો છે. સમજાણું કાંઈ?

અર્થાત્... જુઓ! આલંબન છે ને? એટલે સમ્યગ્દૃષ્ટિને શુદ્ધની દૃષ્ટિ થઈ છે છતાં હજી શુભભાવનું આલંબન આવે છે. તો કહે છે કે એ આલંબનને ઉખેડી નાખ્યું છે. છે ચોથી લીટી? એનો અર્થ કર્યો કે '**સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરે...**' વ્યવહાર પડિકમણું, શુભભાવ, વ્યવહાર સ્મરણ, નામ, જાપ, ભક્તિ પૂજા સમજાય છે? જે કાંઈ શુભભાવની ક્રિયાઓ ગણવામાં આવે, એ બધાનું આલંબન નિમિત્તનું હતું, એને નિશ્ચયથી. નિશ્ચય એટલે ખરેખર, સાચી રીતે '**બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે,...**' દૃષ્ટિમાં ધર્મીને તેને હેય તરીકે જાણવા જોઈએ. આદરણીય તરીકે માને તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! ભારે વાતું આ. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા. બરાબર આ વીતરાગના માર્ગની અંદરનું આવું સ્વરૂપ છે. પરમેશ્વરે જોયું છે, પરમેશ્વરે કહ્યું છે એ રીતે સ્વરૂપ છે. આમાં કોઈની દલીલ

કામ આવે એવું નથી. આહાહા..!

ચૈતન્ય પ્રભુ અનંત જ્ઞાનગુણે ગંભીર, ભગવાન આત્મા અનંત અનંત જેના જ્ઞાનસ્વભાવની ગંભીરતાથી ભરેલો ભગવાન છે. ભગવાન આત્મા.. ગંભીર નથી આવતું ભાઈ ઓલામાં? 'સાગરવર ગંભીરા.' લોગસ્સમાં આવે છે ને? ભગવાન કેવા છે? સિદ્ધ ભગવાન. સાગરવર ગંભીરા. દરિયાના પાણીના જેમ મોજા અમાપ છે એમ ભગવાન આત્માના ગુણો અમાપ છે. એવી પર્યાય પરમાત્મા સિદ્ધને તો પ્રગટ થઈ ગઈ છે. શુદ્ધ દશા પ્રગટ થઈ ગઈ. એ શુદ્ધ દશા પૂર્ણ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. જેવું એનું સ્વરૂપ છે શુદ્ધ એવી પર્યાયમાં અવસ્થામાં પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ જાય એનું નામ મોક્ષ. અને અશુદ્ધતા રહે એટલો સંસાર.

હવે, મિથ્યાદૃષ્ટિને તો એકલો સંસાર જ અશુદ્ધતા તે હું, પુણ્ય-પાપ તે હું, આત્મા હું એ તો એને છે નહિ. એટલે એકલો સંસાર (છે). સમ્યગ્દૃષ્ટિને હું આત્મા શુદ્ધ છું એવી દૃષ્ટિ છે, અશુદ્ધતા હું નથી. છતાં અશુદ્ધતા બાકી છે એટલો પણ એને સંસાર દુઃખરૂપ દશા છે. એ પુણ્ય પરિણામ પણ હેય અને આદરવા લાયક નથી. ભારે ભાઈ. સમજાણું કાંઈ?

**'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય...'** હવે જુઓ અહીંયાં તો મોક્ષ અધિકાર છે ને? **'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની...'** ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્ય, એની પૂર્ણ પ્રાપ્તિ નામ કેવલ્ય દશા ન થાય. ક્યાં હતા વળી કેમ ફેરવી નાખ્યું? ક્યાં છે? છે? હજી એનું જ ચાલે છે અહીં.

**अतो हताः प्रमादिनो गताः सुखासीनतां**
**प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।**

એનું છે. આ તો તાત્ત્વિક વાત છે ને એટલે જરી એનું સ્પષ્ટીકરણ (ચાલે છે). શબ્દો બહુ થોડા છે. પણ એનો ગહન ભાવ ગંભીર છે. બહુ ગંભીર ભાવ છે. છે ને બરાબર?

**'જ્યાં સુધી...'** એટલે શું કહે છે? કે મિથ્યાત્વ ટાળીને આત્માનું દર્શન, શ્રદ્ધા-જ્ઞાન અનુભવ કરવો. પછી પણ રાગ શુભ આવે એને હેય જાણીને એને લક્ષમાં રાખવો. પછી **'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ...'** વીતરાગતા ન થાય **'ત્યાં સુધી આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...'** આત્મા ધ્રુવ ચિદાનંદ ભગવાન આમ ધ્રુવ પડ્યો છે સ્તંભ. જેમ ઓલા થાંભલે બાંધેને ખીલે? ઢોરને ખીલે બાંધે છે ને.

દાખલો એક આપ્યો હતો એ વખતે. ઢોરને ખીલે બાંધે ને? તો ખીલો તો પડ્યો છે આમ ધરબાઈને. પછી આમ આમ હલે ને? તો શું જોર આનું! એમ માણસ માને. ભેંસ હોય ને ૫૦ મણ, ૧૦૦ મણની તો આમ આમ હલેને ખીલે? ભારે જોર છે. પણ એનું

જોર છે કે ઓલો (ખીલો) હલતો નથી એનું જોર છે? સમજાણું? ઓલો હલતો નથી. એમ ચૈતન્ય ધ્રુવ જે છે, ધ્રુવ ચિદાનંદ સદશ્ય સ્વભાવ અનાદિઅનંત એ થાંભલો ધ્રુવ આત્મા ભગવાન છે. એની અંદર પર્યાયને થાંભલે બાંધી કે ત્યાં જા, સ્થિર થા.. સ્થિર થા... સ્થિર થા. આ પુણ્ય પરિણામ પણ છોડવા જેવા છે. આહાહા..! ભારે વાત પણ આ તો.

મુમુક્ષુ :- આ ક્યારની વાત છે?

ઉત્તર :- આ અત્યારની વાત. ક્યારની વાત છે લે! આ જેને ધર્મ અને આત્માને મોક્ષને માર્ગે જવું હોય એની. રખડનાર રખડે છે એને માટે તો કાંઈ નથી. એ તો રખડે છે અનંત કાળથી. અનંત કાળ વીત્યો અને ભવિષ્યમાં પણ અનંત કાળ તો રહેવાનો છે આત્મા. રહેવાનો છે કે નહિ? કે નાશ થવાનો છે? તો અનંત કાળ ક્યાં રહેશે? જેણે જે માન્યું છે તેમાં રહેશે. કે હું પુણ્ય-પાપ છું, અશુદ્ધ છું, મિથ્યાદૃષ્ટિ છું તો એ અશુદ્ધતામાં રહેશે. અને અશુદ્ધતામાં રહીને એમ ને એમ અનંત કાળ ગાળશે. પણ જેણે આત્માની દૃષ્ટિ કરી છે કે હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, પુણ્ય-પાપ હું નહિ. તો એની દૃષ્ટિમાં શુદ્ધતામાં એ રહેશે. અને અશુદ્ધતા છે એ હેયપણે રહેશે. છોડવા લાયક છે એમ રહેશે. અને પછી ઠરશે ત્યારે છૂટી જશે ત્યારે પૂર્ણ શુદ્ધતામાં રહેશે, પૂર્ણ શુદ્ધતામાં રહેશે એનું નામ મોક્ષ. આહાહા..! સમજાણું કાંઈ?

બીજી રીતે. જુઓ! એ વાતને જરી વધારે કરીએ. અનાદિનો આત્મા વસ્તુ તો ચિદ્‌ઘન ધ્રુવ પડી છે આખી. ધ્રુવ. 'નીરખે ધ્રુવની તારી...' એવો શબ્દ આવે છે ને? આનંદઘનજીમાં એવું આવે છે. ધ્રુવ-ધ્રુવ. વસ્તુ અનાદિઅનંત છે ને. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. એમ તત્ત્વાર્થ સૂત્રનું વાક્ય છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. તો સમય સમયની પર્યાય ઊપજે અને પૂર્વની પર્યાય વ્યય થાય અને ધ્રુવપણે કાયમ રહે. એવું તત્ત્વનું દરેકનું સ્વરૂપ (છે). પરમાણુ હો કે આત્મા હો. વસ્તુમાં ત્રણ અંશ. એક નવી અવસ્થા ઊપજે, પુરાની અવસ્થા તે જ વખતે વ્યય થાય-નાશ થાય અને ધ્રુવપણે કાયમ રહે. એવું વસ્તુનું સહજ સ્વરૂપ છે. કોઈએ કરેલું નથી, કોઈએ બનાવેલું નથી, કોઈ એનો કર્તા નથી. સમજાણું કાંઈ?

એમ આ આત્મામાં ઉત્પાદ-વ્યય જે વિકારના થાય, વિકારના ઉત્પાદ થઈને વ્યય થાય, ઉત્પાદ થઈને વ્યય થાય. એની દૃષ્ટિ જ્યાં સુધી વિકાર ઉપર છે ત્યાં સુધી અશુદ્ધતામાં છે, મિથ્યાદૃષ્ટિ છે. એમાં ત્યાં ને ત્યાં રહીને સંસારમાં અનંત કાળ ગાળશે. અનંત કાળ એમ ગાળ્યો અનંત કાળ ગાળશે. હવે ભવિષ્યનો અનંત કાળ પણ જેની દૃષ્ટિ વિકાર ઉપર પુણ્ય અને પાપનું અસ્તિત્વ (ઉપર છે અને) દ્રવ્ય આખું છે શુદ્ધ ચિદાનંદ એની અંતર દૃષ્ટિનો અભાવ છે અને અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપ ઉપર એની દૃષ્ટિ પડી છે. એમ ને એમ મિથ્યાત્વપણે અશુભપણે... શુભપણે... અશુભપણે ગાળશે. ભવિષ્યનો અનંત કાળ એમ ને એમ રહેશે.

જ્યારે ઠરશે જે દિ' કે અશુદ્ધપણું એ હું નહિ. મારું સ્વરૂપ શુદ્ધ ત્રિકાળ છે એવી દૃષ્ટિ કરશે તો દૃષ્ટિ ત્યાં દ્રવ્યમાં ઠરશે. ત્યારે એને ભાવ શુભ બાકી રહેશે પણ એ છોડવા જેવો છે એમ રહેશે. અને પછી જ્યારે શુભ છૂટીને જ્યારે એકલો શુદ્ધ થશે ત્યારે પૂર્ણ શુદ્ધ થઈને અનંત કાળ ગાળશે. આ એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? ભારે વાત! એણે કર્યું છે એની એને ખબર નથી. અને શું કરવાનું છે એની ખબર નથી. એમ ને એમ આંધળે આંધળો. અંધે અંધ. આ તો પર ફરે છે એને કારણે ફરે છે. આ કાંઈ એનામાં આવ્યા નથી. એની પર્યાયમાં-અવસ્થામાં ઉત્પાદ-વ્યયપણે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, મિથ્યાશ્રદ્ધા, એનો નવો ઉત્પાદ થાય અને જૂની મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષનો નાશ થાય. મિથ્યાશ્રદ્ધાનો ઉત્પાદ અને (એનો વ્યય થાય). એમ ને એમ અનંત કાળ એના ઉપર ગયો છે. સમજાણું કાંઈ?

અહીં તો હવે કહે છે, જેની મિથ્યાશ્રદ્ધા છે અને જેને અશુભ પરિણામ છે એની શું વાત કરીએ. અમે તો હવે ધર્મની વાત કરીએ છીએ. અને જેના મિથ્યાત્વ પરિણામ છે અને જેને શુભભાવ છે એની પણ વાત શું કરવા કરીએ અમે? પણ જેને સમ્યગ્દર્શનના પરિણામ છે અને શુભભાવ છે એને પણ છોડવા જેવા છે, સ્વરૂપમાં ઠરવા જેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધા ને? ન કીધી? ચિત્ત થાંભલે બાંધ્યું છે ને. જુઓ! '**આત્મારૂપી થાંભલે ચિત્તને બાંધ્યું છે...**' એટલે કે વર્તમાન અવસ્થાને ધ્રુવમાં સ્થિર કરવી એમ કહ્યું છે. જે પુણ્યના પરિણામ આમ છે એને અંતરથી ખસીને સ્વરૂપને થાંભલે જા, સ્થિર થા તો તને વીતરાગતા થશે અને મોક્ષ થશે. જ્યાં સુધી વિકલ્પમાં પડ્યો (છે) ત્યાં સુધી મોક્ષ થશે નહિ. ભાન છે, સમ્યગ્દર્શન અનુભવ છે. છતાં શુભભાવમાં રહેશે ત્યાં સુધી એની મોક્ષગતિ થશે નહિ. આરેરે..! ભારે વાતું ભાઈ! કહો, ભગવાનભાઈ!

મુમુક્ષુ :- એમાં ના પડાય એવું ક્યાં છે.

ઉત્તર :- પણ ન્યાય વસ્તુ છે એમાં શું? આ ક્યાં કોઈની કરેલી છે? આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. ભગવાન કાંઈ કરે છે? ભગવાને કોઈનું કર્યું છે ભગવાને? સર્વજ્ઞ છે એ તો ત્રિકાળ જાણ્યું છે. કોઈ એક રજકણે એણે કર્યો છે? એક આત્મા ભગવાને બનાવ્યો છે? એ તો જેવું હતું એવું ત્રણ કાળનું સ્વરૂપ છે એવું ભગવાને જાણ્યું. જો કર્તા થાય તો પછી ત્રણ કાળનો જાણનાર રહેતો નથી. સમજાણું કાંઈ?

પ્રશ્ન આવ્યો હતો ને ભાઈ એની સામે? આ નહોતા આવ્યા શેઠિયા સાથે? સુમેરુમલ. વૈષ્ણવ પાછા હતા. ઓલા કલ્યાણ બધા આવે નહિ? કલ્યાણનું આવે છે ને? છાપુ મોટું.

વૈષ્ણવનું છાપું બહુ આવે છે. બહુ ખપે, પચાસ હજાર. એનો મુખ્યમાં વાચનાર બહુ હુશિયાર છે. ભાઈબંધ હતા એના. પણ એને આ શેઠિયાનો પરિચય થઈ ગયો. એમાંથી ફરી ગયો એકદમ. શેઠિયાએ તો દલીલ આપી હતી કે ભાઈ જો, આ જગતમાં આત્મા.. જો ઈશ્વર છે એ કોઈનો કર્તા હોય તો એનો અર્થ એ થયો કે જ્યારે કર્યું એ પહેલાનું જ્ઞાન એને નથી. એટલે વર્તમાન અને ભવિષ્ય એનું જ્ઞાન રહ્યું. પણ ત્રણ કાળનું જ્ઞાન છે એમ ન થયું. જો ત્રણ કાળનું જ્ઞાન છે એવું જો ઈશ્વરને કહો તો વસ્તુ કરેલી ન થઈ. હતી તેમ જાણ્યું. સોભાગભાઈ! જો કર્તા ઠરાવશો તો ત્રિકાળ જ્ઞાન નહિ ઠરે, અને જો સર્વજ્ઞ ઠરાવશો તો ત્રણ કાળના કોઈપણ પદાર્થને કરનારો નથી પણ એનો જાણનાર છે. એટલે વસ્તુ સિદ્ધ સ્વંય એની મેળે સિદ્ધ થઈ ગઈ. કોઈ એનો કર્તા-ફર્તા છે નહિ. ન્યાય સમજાય છે? કર્તા કોણ હોય? કર્તા તું તારો અને ઈ એનો. સૌના સૌ સ્વતંત્ર. પણ એનો એને નિર્ણય નથી. નિર્ણયના ઠેકાણા ન મળે. લચુપચુ.. લચુપચુ... આ ને... આ ને.. આ ને આ.

અહીં તો કહે છે કે જેને આત્મા જેવો છે એવો નિર્ણય થયો. સમ્યગ્દર્શન જે જે અંશે નિરૂપાધિક કહ્યું તે તે અંશે ધર્મ. પણ એને પણ જેટલો બાકી રહ્યો શુભભાવ, સમજાણું કાંઈ? બાપુ! એ બંધનું કારણ છે. મોક્ષનું કારણ નથી. એ માટે એને પણ હેય તરીકે જાણવા જોઈએ. હોય એને હેય જાણે ને. ન હોય એને હેય શું જાણે? હોય છે એને, સમ્યગ્દષ્ટિને એવો ભાવ આવે છે, હોય છે. પણ તે આદરવા લાયક નથી. તે સંવર નિર્જરા નથી, આસ્રવ છે. આહાહા..! એની એણે દયા જ કરી નથી કોઈ દિ' આત્માની. એમ ને એમ મરીને દુઃખી થઈને ચાલ્યો ગયો. કહો, સમજાણું?

**'આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...'** એટલે શું કીધું? કે શુભભાવ છે સમ્યગ્દષ્ટિનો દ્રવ્યપ્રતિક્રમણ આદિ જેટલા વ્યવહાર કહેવાય, એને છોડાવીને તું શુદ્ધ ધ્રુવ છે એમાં ઠર. જ્ઞાનને ત્યાં વાળ, ત્યાં વાળ અને ત્યાં ઠર. શુદ્ધ ધ્રુવમાં ઠર. એ ઠરીશ ત્યારે તારી મુક્તિ થશે. સમજાણું કાંઈ? ભારે! આહાહા..!

મુમુક્ષુ :- વિષય ઝીણો આવી ગયો.

ઉત્તરઃ- વિષય ઝીણો ક્યાં હતો? હવે અહીં તો ચાલે છે, સાડી બત્રીસ વર્ષથી ચાલે છે. અહીં તો બત્રીસ વર્ષ અને સાત મહિના થઈ ગયા અહીં જંગલમાં. બત્રીસ વર્ષ અને સાત મહિનાથી છીએ અહીં. ફાગણ વદ ત્રીજે આવ્યા હતા અહીંયાં. (સંવત) ૧૯૯૧. ભોગીભાઈ! ફાગણ વદ ત્રીજ ૧૯૯૧. ૩૨ ઉપર સાત મહિના થઈ ગયા. અહીં તો બધું ચાલે છે. ધમધોકાર અહીં તો ચાલે છે પહેલેથી. આ કાંઈ અત્યારનું નથી. આમ ને આમ પહેલેથી કહીએ છીએ. બાપુ! આ છે રે આ છે. માનો રે માનો અને ઓળખો-ઓળખો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વિના આરા છે નહિ. દુનિયા માને, વિરોધ કરે, ન કરે એને ઘરે રહ્યા. માર્ગ તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજો પંથ હોઈ શકે નહિ. વીતરાગ પરમેશ્વરના ઘરમાં આ એક જ માર્ગ છે. બીજો કોઈ હોતો નથી. છે જ નહિ ક્યાંય પરમેશ્વર સર્વજ્ઞ સિવાય. આહાહા..!

સર્વજ્ઞ પરમાત્માએ કહેલું સંતો કહે છે. ભાઈ! તું શુદ્ધ ચૈતન્યઘન છોને. વસ્તુ છે ને, વસ્તુ છે ને. તું વસ્તુ છો ને? કે અવસ્તુ? અરૂપી પણ વસ્તુ છો ને. તો વસ્તુ છે તો એમાં વસેલા, વસ્તુ છે એમાં વસેલા, રહેલા શક્તિ-સ્વભાવ છે કે નહિ? તો એમાં રહેલી શક્તિઓ, જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિઓનો પિંડ તું છો. તારા જ્ઞાનની ગંભીરતા, આનંદની ગંભીરતા, શુદ્ધતાની ગંભીરતા અપાર છે. એવા સ્વભાવનો ભરેલો ભગવાન તું આત્મા છો ને, પ્રભુ! એની અનુભવની દૃષ્ટિ કરી હોય તોપણ શુભ ભાવમાંથી ખસીને ત્યાં ઠર. ચિત્તને અંદર જ્ઞાન અને આત્મામાં વાળ. ત્યારે તને મુક્તિ થશે, નહિતર મુક્તિ થશે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**(-વ્યવહારના આલંબનથી...**' જુઓ, અર્થ કર્યો છે. વ્યવહારનું આલંબન છે ને? આ કરું, વ્યવહાર કરું, દયા પાળું, ભક્તિ કરું, તપ કરું, નામ સ્મરણ કરું. એવા '**(-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું...**' અનેક પ્રવૃત્તિઓમાં, પરિણામમાં ચિત્ત ભમતું હતું. શુભભાવમાં. '**તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે...**' ભાઈ! બહારમાં ભમે છે, બહિર્મુખ થાય છે એટલો અંતર્મુખથી ખસી જાય છે. અંતર્મુખમાં આવી જા, બહિર્મુખની વૃત્તિ છોડી દે તો તને સ્થિરતા થઈને અંતર્મુખે મોક્ષ થશે. બહિર્મુખની વૃત્તિથી મુક્તિ થશે નહિ. કારણ કે પ્રવૃત્તિ આમ જાય છે આમ. અને વસ્તુ ભગવાન ચિદાનંદ અંતરમાં છે.

'અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.' શ્રીમદ્‌માં આવે છે ને? છેલ્લો બોલ આવે છે. 'સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત રહે તદ્ ધ્યાન મહી.' છેલ્લા શબ્દ છે. દેહ છૂટી ગયો. ૩૩ વર્ષે. સમજાણું? 'પ્રશાંતિ અનંત સુધામય જે પ્રણમું પદ તે વરતે જયતે.' એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ 'અંતર્મુખ અવલોકતા...' એ છેલ્લો શબ્દ છે.

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર,

ઊપજે મોહ વિકલ્પથી...' વૃત્તિ ઊઠે જ્યાં

ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.
અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.

આ એ વાત છે. આહાહા..!

જેટલો શુભભાવ થાય છે એ બધો બહિર્મુખ છે. અંતર્મુખ નથી. કહો, ભોગીદાસભાઈ! હવે તમારે તો બધું આ સમજવાનું અને કરવાનું છે. કરવાનું તો બધાને ઈ છે. એમાં શું વળી કોઈને શું છે? આત્મા હોય એને બધાને આ કરવાનું છે. કોઈ એમ કહે છે, લ્યો ભાઈ ઓલા. કણબી હોય ને કણબી? કામ સંકેલતા હોય ને, ભરોઠા ભરતા હોય ને. એ રાસવા દિ' રહ્યો. સંકેલો ઝટ. એમ કહે. ઝટ કરો. રાસવા દિ' કહે આપણી કાઠિયાવાડી ભાષામાં. થોડો સૂર્ય ઉગતો રહે ને થોડો. એ રાસવા દિ' રહ્યો સંકેલો ઝટ. ભરોઠા ભરતા હોય ને, ભર ભર મોટા. ખડના ભરતા ભરતા પછી અંધારું પડી જશે પછી ઓલા રાડા કાઢતા કાઢતા વિંછી-બિંછી હશે તો નહિ દેખાય. ઝટ ભરો રાસવા દિ' રહ્યો, હાલો ઘરે. એમ કો'કને રાશ રહ્યો, કો'કને થોડો રહ્યો. આહાહા..! અરે..! એક ક્ષણ પણ ક્યાં છે?

મુમુક્ષુ :- લાખેણી.

ઉત્તર :- લાખેણી ક્ષણ છે, બાપા! આહાહા..! એક ક્ષણ લાખેણી જાય છે. મૃગાપુત્રમાં આવે છે. મૃગાપુત્ર એની મા પાસે રજા લે છે. નીલમણિના પથરા છે હેઠે. એના મહેલમાં છે. જાતિસ્મરણ થાય છે અને સમ્યગ્દર્શન થાય છે પછી કહે છે, માતા!

મારી ક્ષણ લાખેણી રે જાય.
માડી મોરી રે હવે હું રે નહિ રાચું આ સંસારમાં.
માડી મોરી રે હવે નહિ રે રાચુ રે આ સંસારમાં.

મને ભગવાન આત્મામાં અંતર ઠરવાની ભાવના માતા થઈ છે હોં. માતા! રજા દે ને. અને રોવું હોય તો રો. ફરીને મા નહિ કરું, જા. ભોગીદાસભાઈ! કોલ કરાર કરે છે કે માતા! ફરીને અવતાર નહિ ધરું. મા નહિ કરું. ભવ એક વાર.. અમે વનમાં ચાલ્યા જઈશું આત્માના સાધન કરવા. આમાં અમને ક્યાંય રુચિ પડતી નથી. ક્યાંય અમને ગોઠતું નથી. અમારું ગોઠવાનું સ્થાન તો અંદર છે. સમજાણું કાંઈ? એવું ભાન થયું હોય એને પણ શુભભાવને છોડીને ઠરવું એમ અહીં કહેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ...'** એટલે કેવળજ્ઞાન એમ. **'ત્યાં સુધી આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા...'** શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વભાવ તે આત્મા. એમ. એ શુદ્ધ જ્ઞાનમાત્ર. રાગ જે શુભ છે એ કાંઈ આત્મા નથી. દ્રવ્યપડિક્કમણું આદિ જે દ્રવ્યસામાયિક વિકલ્પ ઉઠે છે એ કાંઈ આત્મા નથી. એ તો આસ્રવ છે. એવો ભગવાન આસ્રવ વિનાનો ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એ જ્ઞાનને અંદર લગાવ્યું છે. કારણ

કે તે જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે હોં! આમાં કાંઈ એવી ઝીણી કોઈ બહુ વાતું નથી. એને ગરજ થવી જોઈએ, ગરજ.

‘**અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યાં...**’ એ વ્યવહાર પડિક્કમણું શુભભાવની ક્રિયા બધાને ઝેરના ઘડા કહ્યા. એ આવી ગયું છે, પાછું એની વાત કરે છે. પહેલી આપણે ઉપર કહી ગયા છે. એ શુભભાવ છે. આત્મા અમૃત સ્વરૂપ છે અતીન્દ્રિય આનંદ. એનાથી શુભભાવ (વિરૂદ્ધ) છે, આત્મા અમૃત છે તો આ શુભભાવ ઝેર છે. અશુભ તો ઝેર છે જ. સમજાણું કાંઈ? અંતર્મુખ ચૈતન્ય પ્રભુ તો એકલો અતીન્દ્રિય અમૃતનો સાગર છે. એનાથી સ્વભાવથી વિરૂદ્ધનો શુભ કે અશુભભાવ, અહીં તો કહે છે કે ભાઈ! ભગવાન તો એમ કહે છે કે એ અંતર્મુખ સ્વભાવથી બહાર નીકળેલી જે વૃત્તિઓ છે શુભ, એ ઝેર છે. ઝેરનો ઘડો છે. એમાંથી ઝેર નીકળશે. શાંતિ નહિ નીકળે. આહાહા..! ભગવાન! શાંતિ તો સ્વરૂપમાં છે. ક્યાંય શુભભાવમાં શાંતિ નથી. એ શુભ પોતે આકુળતારૂપ, દુઃખરૂપ (છે), શુભભાવ આકુળતારૂપ કષાય છે. એ વલ્લભદાસભાઈ! આરે.. આરે..! આવી વાતું સાંભળતા લોકોને બિચારાને મળતું નથી. બહારમાં એમ ને એમ જીવન (પૂરું કરે).

મુમુક્ષુ :- એની યોગ્યતા ...

ઉત્તર :- નથી. શું થાય? એની યોગ્યતા વિના શું થાય? આ વસ્તુ એવી છે ને. આ કોઈ ક્યાંય આપી દે એવું છે? કોઈથી મળે એવું છે? કે ભગવાન આવે ને આપી દે. એને સમજીને એને સમજવાને ઉતરવું પડશે. સમજીને સમજવાનું .. અંદર. હવે એ સમજે જ નહિ જ્યાં વસ્તુને. આવી લાગે કે આહાહા..!

ભાઈ! તારી જેટલી વૃત્તિ બહાર ઊઠે છે, ભગવાનના કહેલા વ્યવહાર શાસ્ત્રો જેટલા છે, એમાં જેટલી સામાયિક ને પડિક્કમણા, પ્રૌષધ, વ્રત ને વિકલ્પ ને દયા ને દાન ને ભક્તિ ને પૂજા ને શ્રવણ ને મનન વાંચન ને એ બધા શુભરાગ એ ચૈતન્ય જ્ઞાનમૂર્તિથી બહાર નીકળેલી ચીજ છે. અને તેથી તેને ઝેરના ઘડા કહ્યા છે. રાડ નાખી જાય. એ પુણ્યનો ભાવ ઝેરનો ઘડો છે એમ કહે છે. ભગવાન અમૃતનો ઘડો છે. આહાહા..! આ પુણ્ય એટલે આ બહારના પૈસા મળ્યા એ નહિ, હોં! એ તો ધૂળનું ફળ છે એ તો. આ તો શુભભાવ. પાપ ભાવ છે એ તો ઝેર, ઝેર ને ઝેર છે.

મુમુક્ષુ :- હળાહળ ઝેર છે.

ઉત્તર :- હળાહળ ઝેર છે. એ તો નહિ.

ભગવાન આત્મા શાંત અવિકારી અકષાય સ્વરૂપની મૂર્તિ પ્રભુ શાંતરસ અમૃતરસ છે. એનાથી વિરૂદ્ધ આસ્રવનો શુભભાવ ઉઠ્યો, કહે છે કે એ વિષકુંભ છે. ઝેરનો ઘડો છે. રાડ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાખે કે નહિ આ? માથે આવી ગયું છે. એ આવી ગયું છે. વિષકુંભ છે જુઓને. માથે. પહેલી ગાથામાં આવી ગયું. એ જુઓ ૩૦૬. એના શબ્દાર્થમાં. અથવા ૩૦૬નું આપણે હરિગીત લ્યો. હરિગીત છે ને? ૩૦૬નું હરિગીત. એ મૂળ પાઠ છે એનું હરિગીત છે. ૩૦૬.

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃતિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**

વલ્લભદાસભાઈ! આહાહા..! અરે..! શું થાય? પણ શું એને? પછી કીધું અમૃતકુંભ. શુભથી ટળીને સ્વરૂપમાં ઠરે છે...

**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

એ શુભભાવથી છૂટીને સ્વરૂપમાં ઠરવું તે અમૃતનો ઘડો છે. એ અમૃતના ઘડા આત્મામાં છે. શુભભાવમાં તો ઝેરના ઘડા છે. રાડ નાખે. એક તો પુણ્યના ફળ આમ મળ્યા હોય પૈસા-પૈસા, આ ધૂળની સામગ્રી, શરીર સારું, બાયડી-છોકરા સારા.. આહાહા..! હવે ધૂળેય નથી, સાંભળને! મૂઢ છો? પરમાં તે તારું સુખ હશે? પરને લઈને મજા હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂઢમાંય નથી હવે. ઓલા કહેતા હતા એક ફેરી. પુણ્યથી મળે આ પૈસા અને પૈસાથી પાછો ધર્મ થાય. ધૂળેય ન થાય, સાંભળને! જીવાભાઈ કહેતા હતા ને? જીવા કેવા? જીવા પ્રતાપ. (સંવત) ૨૦૦૬ સાલમાં ગયા હતા ને જ્યારે પાલીતાણા ત્યાં. ત્યાં આવ્યા હતા. જયંતિલાલ મોદી છે ને, ગારિયાધારવાળા નહિ? ત્યાં ઉતર્યા હતા ને. આ મેડી છે ને આ બાજુ? જયંતિલાલ ગારિયાધારવાળા. ત્યાં ઉતર્યા હતા અમે. ત્યાં આવ્યા. બધા હતા. રામજીભાઈ હતા, અમારે પંડિતજી હતા. પંડિતજીએ જવાબ આપ્યો. અરેરે..! કાંઈ ખબર ન મળે. શું કરે? જૈન સંપ્રદાયના વાડા મળ્યા પણ જૈન વીતરાગ શું કહે છે અને વીતરાગનો ધર્મ કઈ જાતનો છે એ સાંભળવા મળે નહિ શું કરે બિચારા? અન્યમતિ જેવા એ છે. આ તો વીતરાગ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવ્યા. એવી વીતરાગી વિજ્ઞાનઘનમાં જામેલાની આ વાત કહેલી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે ને આ? ઝેર છે. માથે કીધું ને. જુઓ!

'**નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યા...**' આપણે ચાલતો અધિકાર. '**અને અપ્રતિક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં...**' અપ્રતિક્રમણ એટલે? શુભભાવથી ખસીને સ્વરૂપમાં ઠરવું એને અમૃતકુંભ કહ્યા. '**તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :-**' તો કોઈ સમજીને ઓલો શુભભાવ છોડીને અશુભ કરે એમ કહ્યું નથી અમે. એ માટે કહ્યું નથી. શુભ છોડીને ઠર એમ કહ્યું છે. એને ઠેકાણે શુભભાવ છોડીને અશુભમાં જા, તો મરી જઈશ પાછો. સમજાણું કાંઈ? ઓલો પુણ્યબંધ છે અને ઓલું તો પાપમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શ્લોક છે. ૧૮૯.

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।१८९।।**

બે અર્થ કર્યા છે ને ઓલાના.

'**શ્લોકાર્થ :- (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...**' જ્યાં પડિક્કમણાનો શુભભાવ આવે, મિચ્છામી દુક્કડમ ફલાણું એ બધી શુભવૃત્તિ છે. સામાયિક કરું, સામાયિક કરું એ શુભરાગ છે. સમજાય છે? ભગવાનનું સ્મરણ આવે પૂજાનું એ શુભરાગ છે. એને જ્યાં વિષ કહ્યું '**ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?**' ત્યાં અશુભ ભાવ, પાપનો ભાવ તે અમૃત ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

ઓલામાં બીજો અર્થ કર્યો છે ને '**सुधा कुतः**'. એવો કર્યો છે ભાઈએ. એમ કે પ્રતિક્રમણાદિ અપ્રતિક્રમણ જે બહારના વિકલ્પ છે એ તો ઝેર છે. ભગવાન આત્મા તો '**सुधा कुतः**' સુધા-અમૃતનો એ ઘડો છે. અમૃતનો એ કુંભ કીધો છે. ગાથા છે ને? '**कुतः**' '**कुतः**' સંસ્કૃત છે. પ્રતિક્રમણ છે. સુધા. આવી ગયું. કહે છે, .... ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈને પછી અશુભ પરિણામથી તો પાછો વળ્યો, પણ શુભ પરિણામથી પાછો વળીને સ્વરૂપની સ્થિરતારૂપી દશા પ્રગટ કરી, ખરું પ્રતિક્રમણ એ છે. જે પુણ્ય-પાપના ભાવથી પ્રતિ-ક્રમ પાછો ફરે છે.

વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચિદ્મૂર્તિ છે આત્મા, એને પુણ્ય-પાપના વિકલ્પથી પાછું પ્રતિક્રમ, પાછું ખસી. બેયથી ખસીને સ્વરૂપમાં ઠરવું એને ખરું પ્રતિક્રમણ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલું તો અશુભથી ખસીને શુભમાં આવ્યો. પણ આ ખરું પડિક્કમણું તો અશુભ-શુભથી ખસીને સ્વરૂપમાં આવવું-ઠરવું એ પ્રતિક્રમણ છે. કહે છે, '**सुधा कुतः**' અમૃતનો કુંભ છે. સંસ્કૃત છે. '**सुधा कुतः**' કર્યો હતો ત્યાં. સુધાનો કૂપ છે. કોણ? ત્રીજી દશા હોં! વસ્તુ તો અમૃતકુંભ છે. પણ એને પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને નિર્વિકલ્પ સ્વરૂપમાં ઠરવું એ અમૃતનો ઘડો છે. સમજાણું કાંઈ? એ '**सुधा कुतः**' એ શબ્દ મળ્યો છે એમાં.

અને અહીં એમ કીધું છે. ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? જ્યાં શુદ્ધની અપેક્ષાએ શુભભાવને ઝેર કહ્યું ત્યાં શુદ્ધની અપેક્ષામાં અશુભભાવ વળી અમૃત ક્યાંથી આવ્યું? પાપના પરિણામ થાય અને હિંસા, જુઠું, ચોરી, ભોગ, વિષય વાસના, મહા... એ ક્યાંથી આવ્યું? આમાં ક્યાં પાછો ગયો? સમજાણું કાંઈ? અમે તો તને શુદ્ધ શ્રદ્ધા કરાવીને, શુભમાંથી ખસીને એમાં ચડાવવા માગીએ છીએ, મોક્ષમાર્ગે જવા માટે કહીએ છીએ. એને ઠેકાણે તું શુભભાવ છોડીને હેઠો જા આઘો, આ તે તારી કઈ ગતિ થઈ? સમજાણું કાંઈ? ભારે.

'**(અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?**' અરે..! અંતર શુભભાવને પણ છોડી સ્વરૂપમાં ઠરવું જોઈએ, નિર્વિકલ્પ આનંદનું વેદન જોઈએ. એવું અમે કહેવા માગીએ છીએ કેમ કે એ મોક્ષનું કારણ છે. તો આ શુભ છોડીને પાછા આ પાપમાં વળગે છે એ ક્યાં તને કહ્યું? અમે ક્યાં કહ્યું છે એને? સમજાણું કાંઈ?

અરે..! '**માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?**' ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ એનો અનુભવ કરીને, અનુભવમાં વૃદ્ધિ કરીને સ્વરૂપમાં સ્થિરતા, સ્થિરતા, સ્થિરતા વધારે કેમ કરતા નથી? સ્વરૂપમાં સ્થિરતા વૃદ્ધિ કેમ કરતા નથી? અને આ શુભમાં રહીને, કાં શુભ છોડીને અશુભમાં જાય છે. અમે હેઠે ઉતરવાનું કહીએ છીએ? અમે તો કહીએ છીએ, શુભભાવ છે, ઝેર છે, છોડવા જેવું છે, એમ કરીને સ્વરૂપમાં સ્થિરતા વધાર. અનુભવની સ્થિરતા વધાર એ માટે કહીએ છીએ. ભારે વાતું પણ. કહો, ભીખાભાઈ! સ્વચ્છંદી હોય છે ને એને ઠીક પડે છે, આ ઠીક. ત્યારે હવે પુણ્ય થાય કે પાપ થાય. અરે..! પુણ્યમાં ફેર છે, સાંભળને. કષાયની મંદતા છે અને પાપમાં તો તીવ્ર કષાય છે. એટલે સમ્યગ્દ્રષ્ટિને પણ પાપ છોડાવીને પુણ્ય અને પુણ્ય છોડાવીને શુદ્ધતામાં લાવે છે.

અરે..! કોઈ શરણ નથી ક્યાં જાય? આહાહા..! દેહમાં રહ્યા ભગવાન અસાધ્ય થઈ જાય. ગજબ વાત છે! એવો ચૈતન્યમૂર્તિ, એને રાગને એકત્વ તરીકે માન્યું છે ને? એથી માન્યતામાં ઘેરાઈ ગયો છે એ. સમજાય છે? પુણ્ય-પાપના વિકલ્પો છે ને, એને ચૈતન્ય ભગવાન સ્વરૂપથી વિપરીત છે એમાં ઘેરાઈ ગયો છે એના ઘેરમાં. એના ઘેરમાં ઘેરાઈ ગયો છે. એક માણસના ઘણા .. ઘેરાઈ જાય છે ને એકલો? એમ ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ છે ને. પણ એ પુણ્ય-પાપના વિકલ્પમાં કાં પુણ્યની અનેક જાતની શૃંખલા શુભભાવની (એમાં) ઘેરાઈ પડ્યો છે. અને માની બેઠો કે હું કાંઈક છું સારામાં. ભાઈ! એને છોડીને પ્રભુ, સ્વરૂપની દૃષ્ટિ અનુભવ થયો. હવે આગળ અનુભવને વધારને. સ્વરૂપનો આશ્રય વિશેષ કરીને આગળ સ્થિરતા કરને.

આ શુભમાં રહેવું એ તો બંધનું કારણ છે. એ અને મોક્ષ તારે જોઈતો હોય એટલે પરમ શુદ્ધરૂપી આનંદદશા રૂપી મોક્ષ, પરમશુદ્ધ દશારૂપી, આનંદરૂપી મોક્ષ એ જો જોઈતો હોય તો સ્વરૂપની દૃષ્ટિપૂર્વક એમાં ઠર, આગળ વધ. એ માટે અમે શુભભાવને ઝેર કહ્યું છે. સમજાણું કાંઈ?

'**નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?**' '**નોર્ધ્વમૂર્ધ્વમ**' છે ને? '**નોર્ધ્વમૂર્ધ્વમ**' જુઓને! '**धिरोहति**' .. ભગવાન! પ્રભુ! તને તો શુભભાવ છોડાવીને સ્વરૂપમાં આરૂઢ કરવા કહીએ છીએ. એ શુભમાં આરૂઢ છો તો એ રાગ છે, ઝેર છે. સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે એમાં આરૂઢ થવા માટે અમે કહીએ છીએ. શુભ ભાવ છોડાવીને અશુભ ભાવમાં લાવવા કહેતા નથી. ઊંચી ભૂમિકા પ્રગટ કરવા માટે કહીએ છીએ. અને તું વળી હેઠે હેઠો ક્યાં જાય છે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે...**' તેમની તો વાત શી કરવી? મિથ્યાદૃષ્ટિના જે પાપના પરિણામ છે, અપ્રિતક્રમણ એટલે પાપના પરિણામ, એની તો શું વાત કરવી? એ તો મિથ્યાત્વ સહિતના ભાવ પાપના. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, કામ, ક્રોધ, રળવું આદિના પાપ.. પાપ... પાપ... એની શું કરીએ વાત? '**અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે...**' લ્યો!

અહીં તો શુભ પ્રવૃત્તિના જે પરિણામ છે શુભના એ દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય સામાયિક, દ્રવ્ય સ્મરણ, ભગવાન આદિ પક્ષ છોડાવવા માટે તેમને દ્રવ્ય પ્રતિક્રમણાદિને નિશ્ચયનયની પ્રધાનતા, સ્વભાવની મુખ્યતા કરીને શુભભાવને ઝેર કહ્યું છે. '**કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...**' લ્યો! ત્યારે ઓલા કહે કે પણ એ શુભ કરતા કરતા શુદ્ધ થાશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એમ આવશે? લસણ ખાઈને ખૂબ.. ઢોકળા ઉપર નથી લસણ નાખતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બને ક્યાંથી પણ?

અહીં તો શુભભાવ છે એ બંધનું સ્વરૂપ છે, કહે છે. સમ્યગ્દૃષ્ટિ એને બંધ જાણે છે. તેથી ત્યાંથી છૂટીને સ્વરૂપમાં ઠરવા માગે છે. લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૭, બુધવાર તા. ૨૫-૧૦-૧૯૬૭**
**કળશ-૧૮૯ થી ૧૯૧, પ્રવચન-૩૭૬**

.. વિષકુંભ કહ્યા છે. સમજાય છે કાંઈ? આત્મા તો એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. એવું અંતર ભાન થયા છતાં આ શુભભાવ એને હોય છે, આ વ્યવહાર પડિક્કમણું, મિચ્છામી દુક્કડમ, આ ને આ હોય છે ને સામાયિક વ્યવહાર અને શુભભાવ. આ વિષય કષાય તે છોડું, શુભભાવ કરું એવો જે ભાવ છે શુભ, એને નિશ્ચયની મુખ્યતાથી ઝેર કહ્યો છે. સમજાણું કાંઈ? આત્મા અમૃતસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એની દૃષ્ટિ થઈને વીતરાગતા જેટલી અંતર સ્વભાવને આશ્રયે પ્રગટી એટલો ધર્મ અને એટલો મોક્ષનો માર્ગ છે. વચમાં જે આ પડિક્કમણું કરું, સામાયિક કરું એવો શુભ વિકલ્પ ઉઠે છે એ બધો પુણ્યબંધનું કારણ અને ઝેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનીને સર્વસ્વ હતું ને? જ્ઞાનીને ક્યાં સર્વસ્વ હતું? અત્યાર સુધી સર્વસ્વ હતું એમ કે આ. એને અજ્ઞાનીને ખબરેય ક્યાં છે આ તો ઈચ્છામી ... મિચ્છામી દુક્કડમ. એમ કરીને નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં ભાવ કરે. સમજાય છે? તીવ્ર વિષય કષાયના પરિણામ ન કરે અને શુભભાવ કરે એ તો બધો પુણ્ય છે, ઝેર છે. અત્યાર સુધી સર્વસ્વ હતું એ વયું ગયું. .. આ કર્યા એ તો બધો શુભરાગ છે.

મુમુક્ષુ :- પલટી ગયા છે.

ઉત્તર :- એ તો કે દિ'ના પલટી ગયા છે. આહાહા..! ખબર નથી. લોકોને ખબર નથી બિચારાને. એમ ને એમ સંપ્રદાયની દૃષ્ટિએ આ સામાયિક કરી, આ પોષા કર્યા, પડિક્કમણા કર્યા, ચોવિહાર કર્યા એ બધો શુભરાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે. આત્માના શાંતિની અપેક્ષાએ તો એ શુભભાવ ઝેર છે. એમ અહીંયાં કુંદકુંદાચાર્ય સ્પષ્ટ કરે છે. કહો, ભગવાનજીભાઈ! આ અત્યાર સુધી સર્વસ્વ હતું ને? એમ કહે છે. ઈ જ હતું. બીજું તો હતું જ નહિ કાંઈ. આહાહા..!

'**શુભપ્રવૃત્તિરૂપ...**' એટલે કે આ હિંસા ન કરું, દયા પાળું, અવ્રત ન કરું, વ્રતનો વિકલ્પ શુભ ભાવ કરું. એ વ્રત પણ એક શુભ વિકલ્પ છે. વ્રત એ આત્માનો સ્વભાવ નથી શુભરાગ એ. આત્માનો સ્વભાવ તો એ શુભ રાગથી રહિત જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ કરીને એમાં સ્થિર થવું તેનું નામ ખરેખર વ્રત અને ધર્મ કહેવાય છે. સમજાણું કાંઈ? શુભ પ્રવૃત્તિ એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરિણામ, હોં! દેહની ક્રિયાની વાત નથી આ. અંદરમાં શુભ પ્રવૃત્તિરૂપ દ્રવ્ય પ્રતિક્રમણ. વ્યવહાર પડિક્કમણું, વ્યવહાર પ્રતિસરણ, વિષય કષાયથી ખસવું. ભગવાનની પૂજા, ભક્તિ, દાન, દયાનો ભાવ એનો પક્ષ છોડાવવા. કેમ કે શુભરાગ છે એ પુણ્ય છે, એ ધર્મ નથી. સમજાણું કાંઈ? એનો પક્ષ છોડાવવા માટે તેમને એટલે દ્રવ્ય પ્રતિક્રમણાદિને તો નિશ્ચયનય નામ સાચી દૃષ્ટિની મુખ્યતાથી ઝેર કહ્યા છે. ઝેરના ઘડા કહ્યા છે.

'**કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...**' એ શુભ વિકલ્પ ઉઠે કે દયા પાળું, ભક્તિ કરું, વ્રત પાળું, પૂજા કરું, આ કરું, આ કરું. એ બધો શુભભાવ બંધનું જ કારણ છે. એમાં કોઈ સંવર, નિર્જરા કે ધર્મ છે નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને જે પંચ મહાવ્રતના પરિણામ આવે એ પણ પુણ્ય અને ઝેર છે. એમ કહે છે.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યને પણ એમ જ છે?

ઉત્તર :- કુંદકુંદાચાર્યને એમ છે. બધા મુનિઓ જેટલા થયા એ બધા એમ માનીને આત્મામાં ઠર્યા છે. વિકલ્પથી છૂટી અને સ્વરૂપમાં ઠર્યા આનંદમાં આવ્યા છે. અતીન્દ્રિય આનંદનું વેદન કરે છે. એનું નામ મુનિપણું અને એનું નામ સામાયિક અને એનું નામ ધર્મ ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લોકો કહે ને કુંદકુંદાચાર્યે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા હતા, મહાવ્રત પાળ્યા હતા. અહીં તો કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે મહાવ્રતના પરિણામ તો ઝેર છે. એણે પાળ્યા હતા? પણ વસ્તુની ખબર નથી. અત્યારે આખી ચીજ જ વીતરાગનો મૂળ માર્ગ છે એ આખો ગુલાંટ ખાઈ ગયો છે. જે અન્યમતને જૈનમત માનીને બેઠા છે. અન્યમત એટલે? રાગનો મત તે અન્યમત છે. વીતરાગમત તે જૈનમત છે. સમજાણું કાંઈ?

'**તેઓ કર્મબંધના જ કારણ છે,...**' પડિક્કમણું કરવું, સામાયિક કરું, આ વિકલ્પ ઉઠે છે બધો એ દયા, દાનનો, મિચ્છામી દુક્કડમનો આદિ જે શુભભાવ છે એ બધું કર્મબંધનું જ કારણ છે. એમાં જરીએ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ નથી. '**અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત...**' પ્રતિક્રમણ એટલે શુભભાવ અને અપ્રતિક્રમણ એટલે અશુભભાવ. એનાથી રહિત '**એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે...**' શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ ઉપયોગ આનંદસ્વરૂપ '**તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમાણદિરૂપ છે,...**' એ નિશ્ચય અપ્રિતક્રમણ સ્વરૂપ છે. શું કહ્યું સમજાણું? હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના એ તો પાપ. એ અપ્રતિક્રમણ એ તદ્દન જૂઠું. હવે શુભ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિનો ભાવ એ વ્યવહાર પ્રતિક્રમણ, એ પુણ્ય, એ ઝેર એનાથી રહિત આત્માના શુદ્ધ ચૈતન્યના અનુભવમાં સ્થિરતા થવી પુણ્યના વિકલ્પ રહિત એને સાચી અપ્રતિક્રમણ દશા એટલે ધર્મદશા કહે છે. કહો, સમજાણું?

**'તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંના અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે.'** ભગવાન આત્મા પોતાનો શુદ્ધ સચ્ચિદાનંદ વિજ્ઞાનઘન. વિજ્ઞાનઘન ચૈતન્ય સ્વરૂપ એનો અનુભવ કરીને એમાં ઠરે, નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરે, નિર્વિકલ્પ આત્માના આનંદના સ્વાદને વેદે એને ખરો અમૃતકુંભ કહ્યો છે. એ અમૃતનો ઘડો છે. બાકી શુભભાવ જેટલી ક્રિયાકાંડમાં ઊભો થાય એ બધો ઝેરનો ઘડો છે. સમજાણું કાંઈ?

**'ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે...'** આચાર્ય કહે છે કે અમે તો એ શુભભાવથી છોડાવી અને શુદ્ધતામાં લઈ જવા માટે **'આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં...'** શુભભાવ જે દયા, દાન, વ્રત, પચ્ચખાણ ભક્તિ આદિ જે શુભ થાય એને ઝેર કહ્યા. એવું **'સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે...'** ઊલટા પ્રમાદી એટલે અશુભ ભાવમાં જાય છે. **'તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-આ માણસો નીચા નીચા કેમ પડે છે?'** હેઠે હેઠે કેમ જાય છે? અમે તો શુદ્ધતામાં લઈ જવા માટે શુભને ઝેર કહ્યું હતું. સમજાણું કાંઈ?

**'ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?'** ભગવાન આત્મા પુણ્ય અને પાપના રાગ રહિત શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ કરીને અનુભવમાં એમ ને એમ વૃદ્ધિને કેમ કરતા નથી? એ આત્માના અંતર વીતરાગી અનુભવને વૃદ્ધિ કેમ કરતા નથી? અને શુભને ઝેર કહેતા એ હેઠે કેમ ચાલ્યા જાય છે? સમજાણું કાંઈ? **'ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી? જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું...'** મિચ્છામી દુક્કડમ દેવું, સામાયિકમાં આ .... મિચ્છામી દુક્કડમ જીવિયા વહોરવીયા... એવો જે મિચ્છામી દુક્કડમ વિકલ્પનો ભાવ એ શુભરાગ પુણ્ય છે. એને ઝેર કહ્યું. **'ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ હોઈ શકે,...'** શુભભાવના અભાવરૂપને, સ્વભાવના સદ્ભાવના અનુભવરૂપ એ અમૃતકુંભ હોય. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનીનું નહિ.'** મિથ્યાદષ્ટિ અજ્ઞાની પાપ કરીને મઝા માને એનું આ પડિક્કમણું, એને અહીંયાં અપ્રતિક્રમણને અમૃતકુંભ નથી કહ્યો. આહાહા..! **'માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં.'** શુદ્ધ શું ને રાગ શું? ભારે વાત. સમજાણું કાંઈ? આ જેટલા વ્રત ને બાર વ્રત ને પંચ મહાવ્રત ને અઠ્ઠાવીશ મૂળગુણનો જે વિકલ્પ ઉઠે છે ને, એ બધો શુભરાગ પુણ્ય છે. એને છોડાવીને અંદરમાં જવા સ્વરૂપની સ્થિરતાના આનંદના અમૃતમાં જવા માટે આ વાત કરી છે. સમજાણું કાંઈ? શુભ ભાવને ઝેર કહ્યા છે માટે છોડીને પાપ કરવા અને આગળ ન જવું એમ કાંઈ કહ્યું નથી. એવું કેમ હોય? સમજાણું કાંઈ?

**'હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છે :-'** શ્લો. ૧૯૦. ૧૯૦ કળશ છે.

**प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः**
**कषायभरगौरवादलसता प्रमादो यतः।**
**अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्**
**मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।१९०।।**

શું કહે છે?

**'શ્લોકાર્થ :- કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** એ સમ્યગ્દૃષ્ટિને પણ આત્મ અનુભવ થયો તેવાને પણ જેટલા વ્રતના વિકલ્પ ઉઠે છે તે બધું આળસ છે અને તે પ્રમાદ છે. આહાહા..! એ કષાયનો ભાર છે, કહે છે. સમજાણું કાંઈ? ઘણાં તો એમાંથી બહુ આમાં લખ્યું છે. .. છે ને. એનો અર્થ પોતે સમયસાર નાટક આમાંથી બનાવ્યું છે કળશમાંથી. બનારસીદાસે. આ કળશની ટીકા છે આમાં. કળશટીકા એમાંથી આ બનાવ્યું છે બનારસીદાસ. એમાં છે જુઓ.

**જે પરમાદી આલસી, તે અભિમાની જીવ,**
**જે અવિકલપી અનુભવી, તે સમરસી સદીવ. ૪૨.**

ઝીણી વાત નાખી છે. આ કળશમાંથી જ કરી છે-પાઠમાંથી. **'જે પરમાદી આલસી,...'** જે કોઈ શુભભાવમાં આવે છે એ પ્રમાદી આળસી છે. **'તે અભિમાની જીવ,...'** હું પુણ્ય કરું છું, શુભ કરું છું, એવો મિથ્યાદૃષ્ટિ અભિમાની જીવ છે. ત્યાં સુધી નાખ્યું ભાઈ આમાં. શુભભાવનો કર્તા થાય, પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એનો કર્તા થાય, માલિક થાય, મેં કર્યું... મેં કર્યું.. મેં કર્યું... મારો ભાવ છે આ, એ અહંકાર મિથ્યાત્વનો છે એ મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે. ભારે ઝીણું (પડે) માણસને. રાડે રાડ પાડે. સોગનઢને નામે રાડ પાડે છે બહાર. આ સોનગઢનું ક્યાં છે? આ તો ભગવાનના ઘરનું છે. કહો, જુગરાજજી!

મુમુક્ષુ :- વિભાવભાવ...

ઉત્તર :- વિભાવભાવ છે, પ્રમાદ છે. પંચ મહાવ્રત અને બાર વ્રતનો વિકલ્પ પણ પ્રમાદ અને વિભાવભાવ છે.

**જે પરમાદી આલસી, તે અભિમાની જીવ,**
**જે અવિકલપી અનુભવી, તે સમરસી સદીવ. ૪૨.**

પહેલા આ કહ્યું જુઓ. ઘણા દોહરા આમાં નાખ્યા છે હોં એમણે.

**સુદ્ધાતમ અનુભવ જહાં, સુભાચાર તહાં નાંહિ,**
**કરમ કરમ મારગ વિષૈ, સિવ મારગ સિવમાંહિ. ૩૫.**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પડિક્કમણું, પ્રતિક્રમણ, સામાયિક આ કરું એવો વિકલ્પ જે ઉઠે છે એ બધો શુભરાગ છે. એ મોક્ષમાર્ગ નહિ.

મુમુક્ષુ :- કર્મ માર્ગ ને?

ઉત્તર :- કર્મ બંધ. કર્મ માર્ગ, કર્મના માર્ગનો શુભભાવ છે. '**સિવ મારગ સિવમાંહિ.**' શુભભાવ વિના આત્માનું શુદ્ધ સ્વરૂપ એનો અનુભવ અને સ્થિરતાની રમણતા તે શિવમાર્ગ શિવમાંહિ છે.

**ઈહિ બિધિ વસ્તુ-વ્યવસ્થા જૈસી,**
**કહી જિનંદ કહી મૈ તૈસી.**
**જે પ્રમાદ-સંજુત મુનિરાજા.**
**તિનકે સુભાચારસૌં કાજા. ૩૬.**

મુનિ હોં! છઠ્ઠા ગુણસ્થાનવાળા. ભાવલિંગી. જેને આત્માનો અનુભવ, આત્માનો આનંદનો સ્વાદ આવ્યો છે. એ ચોથે ગુણસ્થાનથી એને આગળ વધીને છઠ્ઠે ગુણસ્થાને તો પ્રચુર સ્વસંવેદને આનંદ છે. એ પણ મુનિ જ્યારે..

**જે પ્રમાદ-સંજુત મુનિરાજા.**
**તિનકે સુભાચારસૌં કાજા. ૩૬.**

એને શુભ પરિણામ આવે છે એ પ્રમાદ છે, ઝેર છે, નુકસાન કરનાર છે એમ કહે છે.

**જહાં પ્રમાદ દસા નહિ વ્યાપૈ,**
**તહાં અવલંબ આપનૌ આપૈ.**
**તા કારન પ્રમાદ ઉતપાતી,**
**પ્રગટ મોખ મારગકૌ ઘાતી. ૩૭.**

શુભભાવ એ મોક્ષમાર્ગનો ઘાત કરનાર છે. કર્મબંધનનું કારણ છે, વિકાર છે, વિભાવ છે, ઝેર છે.

**જે પ્રમાદ સંજુગત ગુસાંઈ,**
**ઉઠહિં ગિરહિં ગિંદુકકી નાંઈ.**

પ્રમાદ વિકલ્પ ઉઠે છે તે કહે છે,

**જે પ્રમાદ સંજુગત ગુસાંઈ,**
**ઉઠહિં ગિરહિં ગિંદુકકી નાંઈ.**

ગિંદુક એટલે દડો. એમ છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઉઠે છે એ કહે છે કે એ પ્રમાદ છે. આમ જાય ને આમ જાય એ બધી વૃત્તિ ઝેર છે, નુકસાન કરનારી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જે પ્રમાદ તજિ ઉદ્ધત હોંહીં,**
**તિનકૌં મોખ નિકટ દ્રિગ સૌંહી. ૩૮.**

એ રાગ છોડીને સ્વરૂપમાં ઠરે તેને મોક્ષમાર્ગ છે. રાગમાં જેટલો આવ્યો એટલો બંધનો માર્ગ અને કર્મબંધનો માર્ગ છે. બહુ લખ્યું છે ઘણું.

**ઘટમૈ હૈ પ્રમાદ જબ તાંઈ,**
**પરાધીન પ્રાની તબ તાંઈ.**

એ શુભભાવ છે એ પરાધીનતા છે. આહાહા..!

**જબ પ્રમાદકી પ્રભુતા નાસૈ,**
**તબ પ્રધાન અનુભૌ પરગાસૈ. ૩૯.**

જ્યારે રાગ ટળીને સ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ કરે ત્યારે એને અનુભવ થાય. એ અનુભવ રાગ રહિતનો અનુભવ તે મોક્ષનો માર્ગ.

**તા કારન જગપંથ ઈત, ઉત સિવ મારગ જોર,**
**પરમાદી જગકૌ ધુકૈ, અપરમાદિ સિવ ઓર. ૪૦.**

એ રાગને પંથે શુભ દયા, વ્રતને પંથે કહે છે કે જગનો પંથ છે એ તો સંસારનો. '**ઉત સિવ માર જોર,...**' શુદ્ધ સ્વભાવની દૃષ્ટિના અનુભવ સહિત સ્વરૂપમાં સ્થિરતા એ શિવમાર્ગનું જોર છે. '**પરમાદી જગકૌ ધુકૈ, અપરમાદિ સિવ ઓર.**' સમજાણું?

**જે પરમાદી આલસી, જિન્હકૈ વિકલપ ભૂરિ,**
**હોઈ સિથલ અનુભૌવિષૈ, તિન્હકૌં સિવપથ દૂરિ. ૪૧.**

બનારસીદાસે સમયસાર કળશ ટીકામાંથી કાઢીને ખુલ્લી વાત મૂકી દીધી છે. કહો, સમજાણું? એ અહીં આવ્યું ભાઈ ઓલું નહિ? .. લખે છે. ઓલા નયની વાત કરતા હતા ને વિદ્યાનંદજી? અહીં તો જ્ઞાન અને સબ જીવ એકસે ભાસતે હૈં, એમ અહીં આવ્યું છે આ. નિશ્ચય અને વ્યવહારનય સરખો છે એમ નથી અહીં કહેવું. અહીં તો...

**જૈસૈં પુરુષ લખૈ પરવત ચઢિ,**
**ભૂચર-પુરુષ તાહી લઘુ લગૈ.**
**ભૂચર-પુરુષ લખૈ તાકૌં લઘુ,**
**ઉતરિ મિલૈં દુહુકો ભ્રમ ભગ્ગૈ.**
**તૈસે અભિમાની ઉન્નત લગ,**
**ઔર જીવકૌ લઘુપદ દગૈ,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અભિમાનીકૌં કહૈં તુચ્છ સબ,**
**ધ્યાન જગૈ સમતા રસ જગૈ. ૪૪.**

એ નયની વ્યાખ્યા નથી ચાલતી. વીતરાગભાવની વ્યાખ્યા છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ પહેલી કડી.

'**કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...**' આળસની વ્યાખ્યા? એ આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પમાંથી ખસીને શુભ વિકલ્પમાં આવવું એ આળસ ને પ્રમાદ ને કષાય છે. કહો, સમજાણું આમાં? '**તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?**' આચાર્ય મહારાજ કહે છે કે જે નિર્વિકલ્પ આત્મા શુદ્ધ ચૈતન્ય પવિત્ર એનો અનુભવ અને સ્થિરતા તે શુદ્ધભાવ છે. આવો શુભભાવ જે વ્રતાદિનો વિકલ્પ છે એ શુભભાવ શુદ્ધ કેમ હોઈ શકે? સમજાણું કાંઈ?

'**માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ...**' માટે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પ્રભુ આત્મા છે. એમાં એ પુણ્યના વિકલ્પો છે એ સ્વરૂપમાં નથી. માટે ધર્માત્મા સમ્યગ્દષ્ટિ. એ મુનિ કહ્યો છે એને સમ્યગ્દષ્ટિ લખ્યો છે આમાં કળશમાં. ત્યાં એ લખે છે. '**માટે નિજ રસથી ભરેલો...**' ભગવાન આત્મા આનંદના શાંતરસથી અકષાય વીતરાગરસથી ભરેલો આત્મા છે. એના ભરેલા સ્વભાવમાં અંતર સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ, એમાં સ્થિર થતો આત્મા પરમ શુદ્ધતાને પામે છે. એ શુભભાવમાં રહ્યો શુદ્ધતાને પામતો નથી. સમજાણું કાંઈ?

'**માટે નિજ રસથી ભરેલા...**' ભગવાન આત્મા એ કાંઈ પુણ્ય વિકલ્પથી ભરેલો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પડિક્કમણું કરું, આ સામાયિક કરું, વિષય-કષાય છોડું, વિષય-કષાય ત્યાગુ એ બધો શુભ વિકલ્પ છે. એ શુભ વિકલ્પ કાંઈ આત્મામાં નથી, આત્માના રસમાં નથી. એ તો વિકલ્પ ઝેર, રાગ છે. પરને લક્ષે ઉત્પન્ન થયેલી ઉપાધિ છે. નિજ રસથી ભરેલો ભગવાન છે. અહીં ભાષા જુઓ. સમજાય છે? કે એમાં છે શું ત્યારે આત્મામાં? એકલો અકષાય વીતરાગી આનંદરસ પડેલો છે આત્મામાં. એમાં '**નિશ્ચળ થતો...**' એવા આનંદમાં સ્થિર થતો, સ્વરૂપના આનંદમાં, આનંદના અમૃતમાં સ્થિર થતો '**મુનિ પરમ શુદ્ધતાને પામે છે...**' એના વડે પરમ શુદ્ધતાને પામે છે. વ્યવહારના વ્યવહાર રત્નત્રય વિકલ્પ જે કહેવાય એ તો ઝેર છે. એનાથી શુદ્ધતાને પામતો નથી. એમ કહે છે. ભારે આકરું કામ. સમજાણું આમાં?

શેઠિયા કહેતા હતા, ભાઈ. શેઠિયા એક છે ને? એના મામાના દિકરા મોટા ઘણાં કરોડોપતિ. દસ-વીસ કરોડ. તેનો એક દીકરો થયો છે વૈષ્ણવ. મોટી દાઢી ને પાંચ લાખ ગાંધીને ખાતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખરચે. મોટું કામ. અત્યારે લોકો ગાંધીની લાઈને ચડીને વાતું કરે અને કેટલાક તો કહે, વિકલ્પ તોડો... વિકલ્પ તોડો... વિકલ્પ તોડો. પછી એક બાવો કનૈયાલાલ છે ને એના મામાનો દીકરો. કનૈયાલાલ. મોટા કરોડપતિ. ઘણા.. વૈષ્ણવ થઈ ગયો. એક વખત મળી ગયો રસ્તામાં. મોટો બાવો. કનૈયાલાલ ભગવાન કહેવાય છે. કરોડપતિ બાવો થાય તો ભગવાન જ કહેવાયને પછી. પછી શેઠિયાએ કહ્યું, કનૈયાલાલજી! કે આ આત્મામાં હું પૂછું એટલો જવાબ આપો. આ ક્રોધ, માન, માયા, લોભ વૃત્તિઓ ઉઠે છે એ શું છે? ક્યાંથી ઉઠે છે? એટલો જવાબ આપો. એ તો ક્યાંથી ઉઠે? શું થાય છે? વસ્તુ શું છે? એની તો કાંઈ ખબર નહિ.

દ્રવ્ય-ગુણ જે શુદ્ધ ત્રિકાળ છે એમાં જે પર્યાયમાં વિકલ્પ ઉઠે છે એ ક્ષણિક છે, એની અવસ્થા છે એ આત્માની દશામાં થાય છે, સ્વભાવમાં નથી, પરને લક્ષે થાય એવી તો વાત ત્યાં છે નહિ. ઓહો..! શેઠિયા! અલૌકિક વાત. આ કહે છે ને અત્યારે કે વિકલ્પ. પણ વિકલ્પ છે શું ત્યારે? શું છે? શું ચીજ છે? ક્યાં છે? તેનું ક્ષેત્ર કેટલું? ભાવ કેટલો? સ્થિતિ કેટલી? કેમાંથી થાય એમ નક્કી કર પહેલા. વિકલ્પ તોડો. શું વિકલ્પ તોડે? ધૂળ છોડે? વસ્તુની જ ખબર નથી જ્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મને તો ખબર છે ને. વિકલ્પ તોડો. મને ખબર છે ને. એ મૂઢ હતો. એ આવતો' તો વ્યાખ્યાનમાં. વિકલ્પ તોડો... વિકલ્પ તોડો... શું પણ વિકલ્પ તોડે? એ પણ બધા એ જાતના બધા ભેગા થયા છે. લોકોને બિચારાને ખબર ન મળે.

વિકલ્પ એ શું છે? આત્મા વસ્તુ છે એમાં એ છે? એની શક્તિમાં છે? એની દશામાં છે? દશામાં છે તો કેમ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. પરમાત્મા સર્વજ્ઞના માર્ગ સિવાય ક્યાંય દ્રવ્ય-ગુણ અને પર્યાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? .... અહો.. શેઠિયા! અલૌકિક વાત! અલૌકિક શું કહે છે એ પૂછવાનું પાછું નહિ. ભગવાન કહેવાય છે ત્યાં કનૈયાલાલ ભગવાન. દસ કરોડ, વીસ કરોડ. દસ કરોડ તો કે દિ'ના પડ્યા હશે પૈસા. ૨૦-૨૫ રૂપિયાનું સોનું હતું ને તોલો? તે દિ'નું સોનું પડ્યું છે. હીરા-માણેક સોંઘા હતા તે દિ'ના પડ્યા છે. દસ કરોડ તો કે દિ'ના છે. અત્યારે તો 30 કરોડ કેટલા કરોડનું પડ્યું છે એના બાપ પાસે. હવે એનો દીકરો આવો ત્યાગી થાય તો લોકોને એમ થાય આહાહા..! ધૂળેય નથી હવે શું છોડ્યું તે? સાંભળને. હજી વિકલ્પ શું છે? ક્રોધ-માન-માયા શું? બસ એટલું પૂછ્યું. ક્રોધ, માન, માયા, લોભ જે ટાળવો-ટાળવો એ શું છે? ક્યાં છે અને કેમ છે? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે વસ્તુ છે, વસ્તુમાં તો એ નથી. જુઓ! નિજરસથી ભરેલો ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા છે. વસ્તુ જે આત્મા છે એમાં તો એકલો અવિકારી શાંત અને આનંદરસ પડેલો છે. એ એનો ભાવ છે. વસ્તુ છે એનો એ ભાવ છે. એની પર્યાયમાં જે પરલક્ષી પુણ્યના પરિણામ થાય આળસના-પ્રમાદના એ નુક્સાન કરનારા ઝેર છે. એવા પુણ્ય પરિણામથી શુદ્ધતા કેમ પમાય?

'**નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે...**' એ રાગમાં રહ્યો પવિત્રતાને પામતો નથી. સમજાણું કાંઈ? '**અથવા શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.**' એમ વિશેષ કર્યું. '**परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।**' છેલ્લો શબ્દ છે ને? એનો ને એનો બીજો છે. અહીં તો કહે છે કે જેને પ્રથમ સમ્યગ્દર્શન થયું છે એની વાત છે. જેને સમ્યગ્દર્શન એટલે કે પુણ્ય-પાપના વિકલ્પ રહિત, અશુદ્ધતા રહિત એકલો ચિદાનંદ શુદ્ધ છે એવો અનુભવ, અનુભવ અંદરમાં થયો છે, આનંદનો સ્વાદ જેને આવ્યો છે. આનંદમૂર્તિ આ પર્યાયમાં વેદાણો એવો આખો આત્મા આનંદ છે એવું સમ્યગ્દષ્ટિને અંતરમાં પ્રતીતમાં આવ્યું છે. એને જ્યાં શુભભાવ આવે છે એ પણ પુણ્યબંધનું કારણ અને સંસારનો રસ્તો છે. એમ કહે છે. અજ્ઞાનીની તો વાત અહીંયાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**નિજરસથી ભરેલા સ્વભાવમાં...**' ભગવાન આત્મા એના સ્વરૂપ, સ્વ-રૂપ, સ્વભાવમાં તો એકલો આનંદ અને નિર્વિકલ્પ વીતરાગતા ભરી છે. એ વીતરાગતાના ભાવરૂપે આત્મા એમાં જે ઠરે છે એ શુદ્ધતાના વેદનમાં ઠરે છે એ મુક્તિને પામે છે. શુભરાગમાં આવેલો હજી મુક્તિને પામતો નથી. એટલું એને બંધન રહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે...**' ભારથી થાય છે. કષાયનું ગૌરવ છે. વિકાર પરિણામ પંચ મહાવ્રત છે, અઠ્યાવીશ મૂળગુણ સાધુના કે શ્રાવકના બાર વ્રતનો વિકલ્પ એ કષાયનો બોજો છે. એ પ્રમાદ છે. એ પ્રમાદ કષાયના ગૌરવ (અર્થાત્) કષાયના ભારથી થાય છે. '**માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ.**' જ્યાં સુધી શુભ ભાવમાં હોય ત્યાં સુધી એને શુદ્ધ ભાવ હોય નહિ. '**જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...**' જે ધર્માત્મા આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધ આત્મામાં રમે છે. આનંદમાં લીન થઈને શુદ્ધ આત્માનો શુદ્ધઉપયોગ કરે છે '**તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે.**' સમજાણું કાંઈ? જ્યાં સુધી શુભ ભાવમાં મુનિ પણ હોય છે, અંતર કષાય ત્રણ ટળ્યા છે મુનિને. સમ્યગ્દષ્ટિને આત્મ અનુભવપૂર્વક મિથ્યાત્વ અને અનંતાનુબંધી ટળ્યા છે. અને શ્રાવક થાય જે સાચા પંચમ ગુણસ્થાનવાળા, એને તો બે કષાય ટળીને, મિથ્યાત્વ ટળીને સમકિત ઉપરાંત શાંતિ ઘણી થઈ છે. જે સર્વાર્થસિદ્ધને પણ શાંતિ નથી, દેવને, સમકિતીને. એથી પાંચમા ગુણસ્થાનવાળો

શ્રાવક હોય એને એનાથી પણ શાંતિ અંતરમાં ખૂબ વેદાતી હોય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિમાં તો મિથ્યાત્વનો નાશ, ભ્રાંતિનો અને અનંતાનુબંધીનો અભાવ એટલી શાંતિ હોય છે. પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક હોય સાચો એને આત્માના અનુભવની શાંતિ ઉપરાંત બીજો કષાયનો અભાવ થઈને વિશેષ શાંતિ... શાંતિ... શાંતિ.. નિર્વિકલ્પ શાંતિ વેદાતી હોય કે જે સર્વાર્થસિદ્ધના ક્ષાયિક સમકિતીને પણ એટલી ન હોય. ઓલો ચોથે છે અને આ પાંચમે. સમજાણું કાંઈ? એનાથી વધી ગયો છે. એને પાંચમા ગુણસ્થાનનો શ્રાવક કહેવામાં આવે. એવું શ્રાવકપણું ન હોય અને શ્રાવકપણું માને તો મિથ્યાત્વને પોષે છે. કહો, સમજાણું કાંઈ? અને મુનિ થયો એને તો ત્રણ કષાયનો અભાવ (છે). આહાહા..! શાંતિ... શાંતિ... શાંતિ... ત્રણ કષાયના અભાવની જ્યાં શાંતિના શેરડા, આનંદના અનુભવના ભાવ વધી ગયા છે આનંદમાં. પ્રચુર સ્વસંવેદન થઈ ગયું છે. એને પણ આ શુભભાવ જે છે એ નુકસાનકારક છે. કહે છે કે એ છોડીને ઠરશે ત્યારે મુક્તિ થશે. શુભ ભાવમાં રહ્યો પ્રમાદ છે ત્યાં સુધી એની મુક્તિ થાશે નહિ.

‘**હવે, મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :-**’ ૧૯૧.

**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं**
**स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।**
**बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-**
**च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।।१९१।।**

ભાષા તો જુઓ. ભાષા ઓછી પડે છે. તમે જ લખ્યું છે ને? ઓલા નિયમસાર માટે લખ્યું છે ને. ભાષા ઓછી પડે છે. ભાઈએ પરમ દિ’... ‘**च्चैतन्यामृतपूरपूर्णमहिमा**’ ભાષા તો જુઓ! ‘**च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते**’ આહાહા..!

‘**શ્લોકાર્થ :- જે પુરુષ...**’ એટલે આત્મા. ‘**ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય...**’ ભાષા જુઓ. જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ થાય છે તેટલી અશુદ્ધતા થાય છે.

મુમુક્ષુ :- અહીં તો પરદ્રવ્ય લીધું.

ઉત્તર :- હા, ઈ પરદ્રવ્યનો અર્થ ઈ. પરદ્રવ્ય, અશુદ્ધ કરનારું જે પરદ્રવ્ય. પરદ્રવ્યનું લક્ષ કરે તેટલી અશુદ્ધતા થાય છે. સ્વદ્રવ્યના આનંદમાં ઠરે તેને શુદ્ધતા પ્રગટે છે. આહાહા..! કહો, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ પણ અશુદ્ધ છે. કારણ કે એમાં પરદ્રવ્યના લક્ષવાળી શ્રદ્ધા છે વિકલ્પ. પંચ મહાવ્રતના પરિણામ પણ પરના લક્ષે (થાય છે) કે આને દુઃખ ન થાય, આની દયા હોય. એ બધું પરદ્રવ્યના લક્ષવાળી અશુદ્ધતા છે. સમજાણું?

‘**જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પરદ્રવ્ય...**’ છે. અહીં તો સ્વદ્રવ્ય અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરદ્રવ્ય બે સિદ્ધ કરવા છે. પરવસ્તુ અશુદ્ધતા કરાવતી નથી. પરવસ્તુ તો જ્ઞેય તરીકે ભિન્ન છે. પણ અહીંયાં સ્વ શુદ્ધતાનો આશ્રય છોડીને જેટલો પરદ્રવ્યનો આશ્રય કરે છે એટલી ત્યાં અશુદ્ધતા છે. પછી અશુભ ભાવની અશુદ્ધતા હો કે સ્ત્રી-કુટુંબ પરિવારને લક્ષે કે દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષે, પંચ મહાવ્રતના લક્ષે અશુદ્ધ પરિણતિ હો એ બધું અશુદ્ધ છે. સમજાણું કાંઈ?

મોક્ષપાહુડમાં કહ્યું છે, '**सदव्वा हु सुग्गइ होइ परदव्वादो दुग्गइ**' આટલો શબ્દ. કુંદકુંદાચાર્યનો. '**परदव्वादो दुग्गइ**' પરદ્રવ્યનો જેટલો આશ્રય લઈને પરિણામ થાય એ બધા દુર્ગતિનું કારણ છે. દુર્ગતિ એટલે આત્માની ગતિથી વિરૂદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષપાહુડમાં છે. '**सदव्वा हु सुग्गइ होइ परदव्वादो दुग्गइ**' સમજાણું? છે કે નહિ? લાવોને ભાઈ આની સાથે મેળ કરવા. અષ્ટપાહુડ છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો અર્થ કર્યા..

ઉત્તર :- એ ભલે કરે, એ તો .. આ તો પાઠમાંથી. આ તો પાઠ. તમારે ત્યાં છે અષ્ટપાહુડ. એય..! છે ને અષ્ટપાહુડ હશે ત્યાં. અષ્ટપાહુડ છે ને? ષષ્ઠપાહુડ નહિ હોં. મૂળ અષ્ટપાહુડ. અષ્ટપાહુડ હિન્દી-હિન્દી. એ શબ્દ અહીં વાપર્યો અમૃતચંદ્રાચાર્યે. મોક્ષ અધિકાર છે ને આ? મોક્ષપાહુડ. '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' ૧૬મી ગાથા.

**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**
**इय णाऊण सदव्वे कुणइ रई विरह इयरम्मि।।१६।।**

બીજા દ્રવ્યોથી લક્ષ છોડી દે અને સ્વદ્રવ્યમાં સ્થિર થા. એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ઘણી ગાથાઓ. આ શૈલી લીધી. એ શૈલી અહીં લીધી છે અમૃતચંદ્રાચાર્યે. જુઓને. ૧૩મી ગાથા છે. '**परदव्वरओ बज्झदि**' પરદ્રવ્યના લક્ષમાં લીન થાય છે એ કર્મથી બંધાય છે. '**विरओ मुच्चेइ विवहकम्मेहिं। एसो जिणउवदेसो...**' એ વીતરાગનો એવો ઉપદેશ છે. પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો એ ઉપદેશ છે કે જેટલો પરદ્રવ્યના લક્ષમાં જાય તેટલો પુણ્ય-પાપનો શુભાશુભભાવ અશુદ્ધ ઉત્પન્ન થાય. એનાથી તો આત્મા કર્મથી બંધાય. '**विरओ मुच्चेइ**' પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યમાં સ્થિર થઈને દૃષ્ટિની સ્થિરતા કરે તે '**विवहकम्मेहिं**' એવો જિનનો ઉપદેશ છે લ્યો. ૧૪મી ગાથામાં પણ ઈ છે.

**सद्दव्वरओ सवणो सम्माइट्ठी हवेइ णियमेण।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइ।।१४।।**

જે કોઈ '**सद्दव्वरओ**' ભગવાન ચૈતન્યમૂર્તિ આનંદથી ભરેલો એવા આત્મસ્વરૂપમાં નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને આનંદથી રમે છે એ '**सम्माइट्ठी**' તે સમ્યગ્દષ્ટિ જીવ છે. '**सम्मत्तपरिणदो**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવા સમકિતના પરિણમનથી આઠેય કર્મને ખપાવીને મોક્ષ જાય છે. એ ૧૪મી છે.

મુમુક્ષુ :- ૧૪ અને ૧૬, બે

ઉત્તર :- હા બધી ગાથા એ છે. ૧૫માં પણ એ છે. '**जो पुण परवव्वओ मिच्छादिट्ठी हवेइ सो साहु।**' આત્માના દ્રવ્યના આશ્રયને છોડી જેટલો પરદ્રવ્યમાં લક્ષ કરીને રમે છે અને આ રાગ મને લાભદાયક છે (એમ માને છે) એ મિથ્યાદષ્ટિ છે. મોક્ષ અધિકાર છે ને. '**मिच्छत्तपरिणदो पुण बज्झदि दुट्ठट्ठकम्मेहिं।।**' ઓલાની સામે છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, જુઓ! '**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं**' ભગવાન આત્મા ચૈતન્ય આનંદથી ભરેલો પ્રભુ એ જેટલો પોતાના સ્વદ્રવ્યનો આશ્રય કરીને નિર્વિકલ્પ આનંદને અનુભવે તેટલો સંવર ને નિર્જરા ને તેટલો મોક્ષનો માર્ગ. જેટલો પરદ્રવ્યના લક્ષે વિકલ્પ ઉત્પન્ન-ઉત્પાદ કરે, શુભ કે અશુભ એ કર્મથી બંધન થાય. મોક્ષ છે ને અહીંયાં? સર્વને છોડીને. પરદ્રવ્યનું લક્ષ સર્વથી છોડીને. '**પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે,...**' લ્યો! ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત ચૈતન્યમૂર્તિ આનંદનો સાગર એવો નિર્વિકલ્પ વીતરાગસ્વભાવ એમાં જે લીન થાય છે, સ્વભાવની અનુભવ દૃષ્ટિ કરીને તેમાં લીન થાય છે '**તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત...**' લ્યો! તે પુરુષ સર્વ અપરાધ. અપરાધ પહેલા આવ્યું હતું ને? કે પડિક્કમણું આદિ બધું અપરાધ છે, શુભભાવ એ અપરાધ છે, ગુનો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ જાત્રા કરવાનો ભાવ, શુભભાવ બધો અપરાધ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર એને ઘરે રહ્યું. અહીં તો વીતરાગ માર્ગમાં આમ છે. વીતરાગ માર્ગ વીતરાગભાવથી ઊભો થાય છે. રાગ ભાવથી પરદ્રવ્યના લક્ષે ઊભો થતો નથી. દુનિયા માને, ન માને માર્ગ આ છે. ત્રણે કાળ ત્રણ લોકમાં વીતરાગે આ કહ્યું અને આ માર્ગ છે. પહેલા આવી ગયું છે આપણે આટલું અપરાધનું. શુભભાવની જેટલી ક્રિયા છે એ બધો અપરાધ છે, ગુનો છે, અપરાધી છે. આહાહા..! પાપના પરિણામવાળા તો અપરાધી છે. એ કહે છે, જુઓ!

'**તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત...**' એ પુણ્યના પરિણામ જે અપરાધ છે એનાથી રહિત થઈ. કેમ કે પુણ્ય પરિણામ પણ પરને લક્ષે થાય છે. સમજાણું કાંઈ? મહાવ્રત ને અવ્રતના ત્યાગના જે બાર વ્રતાદિ વિકલ્પ છે એ બધા પરને લક્ષે થાય છે. એથી તે શુભભાવ અપરાધ છે. એ '**સર્વ અપરાધોથી રહિત થયો થકો,...**' સમજાણું? '**તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી...**' છે ને? નિશ્ચયથી. '**नियतं**'નો અર્થ છે ને ઈ?

'**नियतं**' '**नियतं**' એટલે નિશ્ચય. નિયત શબ્દ પડ્યો છે અંદર. '**स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।**' નિશ્ચયથી પરના લક્ષ, પરદ્રવ્યના લક્ષથી છૂટી એટલે શુભભાવથી છૂટી અને પોતાના સ્વરૂપના લક્ષમાં લીન થાય છે એ સર્વ અપરાધોથી રહિત થયો થકો.

'**બંધના નાશને પામીને...**' એને નવું બંધન થતું નથી. સ્વરૂપનો આશ્રય-ભગવાન આત્માનો આશ્રય લીધો છે. પ્રભુ આત્મા તો આનંદ ને શાંતિ ને વીતરાગરસથી ભરેલો છે. એને આશ્રયે થયેલો એ કર્મથી મૂકાય છે. '**નિત્ય ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો,...**' લ્યો! ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ, એને આશ્રયે નિત્ય ઉદિત-કાયમ સદા પ્રકાશમાન, જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર.. પ્રકાશમાન. રાગાદિ નહિ, વિકલ્પાદિ નહિ, રાગાદિનો જાણનાર... જાણનાર... જાણનાર... એવો પ્રકાશમાન થયો થકો. ભારે ઝીણી વાત!

'**નિત્ય ઉદિત થયો થકો, સ્વજ્યોતિથી નિર્મળપણે ઊછળતો...**' નિત્ય ઉદિત એટલે શું કહે છે? કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા છે. પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જોયેલો ઉપયોગમય આત્મા. એટલે એકલો જ્ઞાન ને દર્શનમય પ્રભુ. એનો આશ્રય લઈને નિત્ય ઉદ્યોત. કાયમ તેનો પ્રકાશમાન પર્યાય પ્રગટ થાય છે. એને અંધકાર શુભનો પ્રગટ થતો નથી. એમ કહે છે. '**નિત્ય ઉદિત થયો થકો, સ્વજ્યોતિથી...**' સ્વજ્યોતિ પોતાના સ્વરૂપના પ્રકાશથી, ચૈતન્યના તેજથી, ચૈતન્યમૂર્તિ ભગવાન એના અંતરમાં એકાગ્ર થઈને એના પ્રકાશથી '**નિર્મળપણે ઉછળતો...**' શુદ્ધ પરણતિએ નિર્મળપણે પ્રગટતો, ઉછળતો. દરિયો જેમ કાંઠે આવીને જેમ ઉછળે છે. દરિયો, ભરતી. બાઢ-બાઢ. એમ ભગવાન આત્મા મધ્યબિંદુમાં અનંત આનંદ આદિ જ્ઞાનનો ભંડાર છે. એમાં એકાગ્ર થતો પર્યાયમાં ઉછળે છે શુદ્ધપણે. શુદ્ધ સમકિત, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્રની વીતરાગ પરિણતિએ પરિણમતો, ઉછળતો '**જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...**' લ્યો આવ્યું. એ પૂરનો અર્થ પ્રવાહ કર્યો છે ને? બરાબર છે ભાઈ, સવારમાં આવ્યું હતું ને. નૂર ને પૂર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂરનો અર્થ પ્રવાહ છે. પૂર. મૂળ આ તો વાત થાય છે. નદીનું પૂર આવે છે ને નદીનું પૂર. એમ. અને નૂરનું-તેજ તેજ. ચૈતન્યના તેજનું પૂર પ્રવાહ વડે કરીને આત્માનો આશ્રય લઈને પ્રવાહ આત્મા ફાટે છે પ્રકાશમાન. જેમાં શુભ અને અશુભ રાગ હોતા નથી. આહાહા..! ભારે વાતું આ. આમાં કાંઈ વ્યવહાર વ્યવહાર સાધન-ફાધન હશે કે નહિ આમાં? એ સાધન રહી ગયું આઘું. રાગ સાધન હોય કાંઈ વીતરાગ માર્ગમાં? સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

'**(પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો...**' શક્તિના ભંડારમાં પરમાત્મ સ્વરૂપ પડ્યું છે આત્મામાં. તેની એકાગ્રતા દ્વારા અંદર પર્યાયથી પરિણમતો, ઉછળતો, શોભતો શુદ્ધઉપયોગે રમતો '**જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...**' ભગવાન તો જાણનાર-દેખનાર રૂપ અમૃતનો પ્રવાહ છે. અમૃતનું પૂર છે એ તો. આહાહા..! ભાષા પણ સાંભળી ન હોય. સમજાણું કાંઈ? '**સ્વજ્યોતિથી નિર્મળપણે ઊછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...**' એમ. જાણવું-દેખવું એવું અમૃત, એનો પુરનો પ્રવાહ. ઓલો જે રાગનો પ્રવાહ જે વિકલ્પ પરદ્રવ્યના (લક્ષે) ઉત્પન્ન થતો, એનો અભાવ થઈને ચૈતન્યના જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા પોતે, એને આશ્રયે ચૈતન્ય ઉછળતો, ચૈતન્યના અમૃતના પુરથી ઉછળતો. '**તેના વડે પૂર્ણ જેનો મહિમા છે...**' પૂર્ણ શબ્દ છે ને? જુઓ! આટલા શબ્દ છે. ચૈતન્ય, અમૃત, પૂર, પૂર્ણ અને મહિમા. આહાહા..! અમતૃચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ જંગલમાં વસનારા હતા. વનવાસી આત્માના આનંદમાં ઊછળતા હતા. એ પ્રવાહનું પુર આનંદનું પુર ત્યાં ઉછળતું હતું અંદરમાં. કહે છે, આ લખવાનો વિકલ્પ છે એ મારો નહિ. આહાહા..! છેલ્લા કળશો છે ને મોક્ષના.

ભગવાન આત્મા...! ઓલા પુણ્ય-પાપના પરિણામ એને ઝેર કીધા. આને અમૃત કીધો અને ઓલાને મહિમા નહિ તો આનો મહિમા કીધો. એમ. પુણ્ય પરિણામ એ ઝેર છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અને ભગવાન આત્મા અમૃત છે. એ અમૃતના તરફનો આશ્રય કરીને અમૃતનો પ્રવાહ વહે છે પર્યાયમાં. સમજાય છે? ઓલો રાગનો પ્રવાહ ઝેરનો હતો. આ અમૃતનો પ્રવાહ છે. '**તેના વડે પૂર્ણ જેનો મહિમા છે...**' ઓલો રાગ પુણ્ય-પાપ એનો મહિમા (નથી), એ આત્માનો નથી કાંઈ. એ તો અપરાધ ગુનો છે. આહાહા..! એનાથી પોતાની મહિમા માને. રાગની ક્રિયા, કોઈ વ્રતાદિ દયા, દાનના ભાવ શુભભાવ એનાથી મહિમા માને. કહે છે કે મૂઢ છો. મિથ્યાદૃષ્ટિ છો. મહિમા તો તારા ચૈતન્યના પૂરના અમૃતની છે. આહાહા..! એમ કહે છે. ઘણાં થોડા શબ્દોમાં ગંભીર પડ્યું છે.

એનો તો ચૈતન્ય પૂરના રૂપના અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે. રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા વડે એની મહિમા છે? એનાથી તો હિણપ છે. હિણપ છે, એ તો અપરાધ છે, ગુનો છે. આહાહા..! સાંખ્યું જાય એવું નથી કેટલાકને તો. આ શું છે? એવો ભગવાન આત્મા વસ્તુ છે, કહે છે. સર્વજ્ઞપણું આવ્યું ક્યાંથી? બહારથી આવે છે? કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અતીન્દ્રિય અનંત ચતુષ્ટય ક્યાંથી આવ્યા? શું દેહમાંથી આવ્યા? સંઘયણમાંથી આવ્યા? રાગમાંથી આવ્યા? આ પૂર્વની પર્યાય એક સમયની હતી એમાંથી અનંત ચતુષ્ટય આવ્યા? વસ્તુમાંથી આવ્યા છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય અમૃત, ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ એનાથી પૂર્ણ જેનો મહિમા છે. આટલા શબ્દમાં તો ઓલો વિકારનો, ઝેર તેનો પરિણતિ એ વડે ઝેરનો મહિમા છે એ તો. એમાં આત્માની મહિમા નથી. એવો '**શુદ્ધ થતો થકો,...**' એવી જેની મહિમા શુદ્ધતાને આશ્રયે પરમ પવિત્રતા પ્રગટ કરતો '**શુદ્ધ થતો થકો,...**' જુઓ! કર્તા થઈને શુદ્ધ થતો થકો. એમ. '**કર્મોથી છૂટે છે-મુક્ત થાય છે.**' તે જ બંધનથી છૂટીને મુક્તપણાને પામે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જે પુરુષ, પહેલાં સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી...**' આત્મા સિવાય બધા પરદ્રવ્ય તરફનું લક્ષ છોડી દઈ. ત્યાગ એટલે કાંઈ પરદ્રવ્ય ગરી ગયા નથી આત્મામાં. આત્મા તો પરદ્રવ્યના ત્યાગ-ગ્રહણ-રહિત છે. રજકણ કે કર્મના રજકણો એ આત્મામાં નથી. એ તો એમાં છે, એમાં રહેલા છે, જડમાં જડ રહેલા છે. આત્મામાં છે? આત્માની અસંખ્ય પ્રદેશી સત્તા અનંત ગુણનું ધામ એમાં કર્મ ને શરીર ને એમાં રહ્યા છે? એ તો એનામાં રહ્યા છે. જડ જડમાં રહ્યા. આત્મામાં ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- એના પ્રદેશો એનામાં.

ઉત્તર :- એના પ્રદેશો એનામાં, આ પ્રદેશ આમાં છે.

'**સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી...**' એટલે કે પરદ્રવ્ય તરફનો આશ્રય લક્ષ છોડી દઈને. એમ એનો અર્થ છે. '**નિજ દ્રવ્યમાં લીન થાય છે,...**' ભગવાન આત્મા આત્મસ્વરૂપ, સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ પવિત્રધામ, પુણ્યના રાગ વિનાની પરમાનંદ મૂર્તિ એવો જે આત્મા એમાં અનુભવ થઈ એમાં લીન થાય છે '**તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ...**' જુઓ! એ શુભરાગ હતો એ અપરાધ હતો. મહાવ્રતના પરિણામ પણ અપરાધ હતો. એને છોડીને સ્વરૂપમાં સ્થિર થાય. ઉત્કૃષ્ટ વાત છે ને અહીં તો.

'**તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ આગામી બંધનો નાશ કરે છે...**' નવા બંધન એને થતાં નથી. સમજાણું? '**અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી,...**' લ્યો! નિત્ય ઉદિત કીધું હતું ને? પ્રકાશમાન છે. સાધક અપેક્ષાએ નિત્ય પ્રકાશમાન છે અને પૂર્ણ અપેક્ષાએ કેવળજ્ઞાનમાં નિત્ય પ્રકાશમાન છે. નિત્ય પ્રગટ રૂપ કેવળજ્ઞાનને પામી, અંતર જેવું કેવળજ્ઞાન શક્તિરૂપે છે એનો આશ્રય કરીને પર્યાયમાં-અવસ્થામાં કેવળજ્ઞાનને પામી '**શુદ્ધ થઈને, સર્વ કર્મનો નાશ કરી,...**' શુદ્ધ થઈ સર્વ કર્મનો નાશ કરે છે. શુદ્ધ થઈ સર્વ કર્મનો નાશ કરે છે. કર્મનો નાશ થાય તો શુદ્ધ થાશે એમ નથી કહ્યું. ઓલા કહે કે આમથી લ્યો કે આમથી લ્યો. કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન (થાય). એમ નહિ.

મુમુક્ષુ :- કર્મનો નાશ આવી ગયું ને એમાં?

ઉત્તર :- પણ થાય શી રીતે? એવું ઊંધી તે દૃષ્ટિ. કર્મનો નાશ થાય તો આત્માને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(શુદ્ધતા થાય). પણ તું શુદ્ધતા પ્રગટ કર એટલે કર્મનો નાશ થાય જ. કર્મ તો જડ છે. એ ક્યાં તેં કર્યા અને તારા છે એ? એ તો માટી-ધૂળ છે. અજીવતત્ત્વ છે એ તો. અજીવતત્ત્વનો કર્તા-હર્તા આત્મા કે દિ' હતો? અજ્ઞાની પણ ક્યાં કર્તા-હર્તા છે? અહીં તો શુદ્ધ થાય, પોતાના આત્માની પવિત્રતાનો આશ્રય લઈને પવિત્રતા પ્રગટ થાય (એટલે) એ સર્વ કર્મનો નાશ થાય. કહો, સમજાણું?

જ્ઞાનાવરણીયનો નાશ થાય તો જ્ઞાન થાય એમ કહો. અરે.. ભગવાન! સાંભળને. અહીં શુદ્ધતાને પ્રગટ કરે તો જ્ઞાનાવરણીયનો નાશ થાય. એમ લેને. અહીંથી લે ને. અવળી ક્યાં માંડી તે? ઊંધાઈ તે પણ ઊંધાથી માંડે. દૃષ્ટિ વિપરીત છે તો પરદ્રવ્યથી માંડે છે. એટલે તો અહીં ના પાડી. પરદ્રવ્યનું લક્ષ છોડી દે, એમ કહે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય પરદ્રવ્ય છે. એ જડ છે, માટી ધૂળ ઝીણી છે. સમજાણું કાંઈ? અમે શું કરીએ? ભાઈ! કાંઈક માર્ગ, મોહકર્મ માર્ગ આપે તો કાંઈક ધર્મ કરીએ. મૂઢ છો? મોહકર્મ શેનો માર્ગ (કરે)? એ તો જડ છે. તું આત્મામાં પવિત્રતાની અંતર દૃષ્ટિ કર અને શુદ્ધ થા, એ કર્મનો નાશ થયા વિના રહેશે નહિ. કર્મ પડ્યા રહેશે ન્યાં.

**'શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે. આ મોક્ષ થવાનો અનુક્રમ છે.'** સમજાણું? અનુક્રમ કીધો ને. છેલ્લું છે. સર્વ પરદ્રવ્યનું લક્ષ છોડી દઈ, સ્વદ્રવ્યની રતિમાં લીન થઈ, શુદ્ધતા પ્રગટ કરી, રાગાદિના અપરાધ રહિત થઈ, આગામી બંધનો નાશ કરી, નિત્ય પ્રગટ થાય એવું કેવળજ્ઞાન પામી શુદ્ધતા વીતરાગતા પ્રગટ કરી, સર્વ કર્મનો નાશ કરી મોક્ષને પામે છે. કહો, સમજાણું કાંઈ? આ મોક્ષ થવાનો અનુક્રમ છે. લ્યો!

પહેલા મિથ્યાત્વથી મુક્તિ થાય છે ને? બંધના પાંચ પ્રકાર-મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો હજી મિથ્યાત્વનો બંધનો ત્યાગ નથી ત્યાં એને અવ્રતનો ત્યાગ ક્યાંથી આવ્યો? આહાહા..! હજી મિથ્યાત્વનો ત્યાગ શું એની ખબર ન મળે. સમકિતનું ગ્રહણ શું એની ખબર ન મળે. અને થઈ ગયા અવ્રતનો ત્યાગ અને (લઈ લીધા) વ્રત. ક્યાંથી આવ્યા પણ આ?

મુમુક્ષુ :- વ્રત લીધા એણે...

ઉત્તર :- લીધા ધૂળેય નથી વ્રત. મિથ્યાત્વ છે. પહેલું બંધન તો મિથ્યાત્વ છે. પાંચ બંધનમાં-મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો મિથ્યાત્વ એટલે? પુણ્ય-પાપના વિકલ્પની બુદ્ધિ રાખવી અને એ હું છું એમ માનવું અને એનાથી ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિ છોડી એકલો દ્રવ્ય સ્વભાવનો અનુભવ થવો, એવી દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વનો ત્યાગ થાય છે. પછી સ્વરૂપમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઠરે ત્યારે અસ્થિરતાનો ત્યાગ થાય છે. કહો, હજી સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વનો ત્યાગ નથી અને એના વિના ત્યાગ બીજો ક્યાંથી આવી ગયો? એ અહીં કહે છે. અનુક્રમ એ છે એનો. પહેલો મિથ્યાત્વનો ત્યાગ, પછી અવ્રતનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિરતા વિશેષ. પછી સર્વ દ્રવ્ય પ્રત્યેનું લક્ષ છોડીને સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા, એને લઈને કેવળજ્ઞાન થઈને, શુદ્ધ થઈને, કર્મનો નાશ થઈને મોક્ષ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૮, ગુરુવાર તા. ૨૬-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૯૨-૧૯૩, પ્રવચન-૩૭૭**

આ મોક્ષ અધિકાર. ૧૯૨મો કળશ છે. છેલ્લો કળશ છે.

‘**હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે :-**’ જેવો આત્મા સ્વભાવે અંતરમાં શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એવી જ એની વર્તમાન દશામાં પૂર્ણ શુદ્ધતા થવી એનું નામ મોક્ષ છે. જેવું એનું સ્વરૂપ જ અંદર દ્રવ્ય સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ, વસ્તુ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ, અંતર મહા ગંભીર આ જે સ્વભાવો પૂર્ણ બધા છે, એની વર્તમાન દશામાં એ શક્તિનું પર્યાયપણે વ્યક્તપણે પૂર્ણ શુદ્ધ અને આનંદનું થવું એનું નામ મોક્ષ છે. એની વ્યાખ્યા છેલ્લી કરે છે.

**बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।**
**एकाकारस्वरभरतोऽत्यन्तगम्भीरधीरं**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१९२।।**

‘**कलयदतुलं**’ ભેગું એમ લીધું એમાં. અન્યવયાર્થ એમ નહિ હોય. ‘**कलयदतुलं**’ એમ. અનુભવ અતુલ કરે છે એમ જરી અર્થ થાય.

કહે છે, ‘**કર્મબંધના છેદથી...**’ જેણે આત્માના પવિત્ર સ્વભાવનો શુદ્ધનો આશ્રય લઈ, અવલંબન લઈ જેણે કર્મના બંધનને છેદી નાખ્યા છે. સમજાણું કાંઈ? કર્મના બંધનને છેદથી. એ અશુદ્ધતા પણ કર્મબંધ છે ને? અશુદ્ધ પરિણમન. એવું છેદીને ભગવાન આત્મા વસ્તુ છે ને વસ્તુ? દ્રવ્ય છે ને? દ્રવ્ય એટલે પદાર્થ છે. પદાર્થ છે તો એના ગંભીર અચિંત્ય, અનંત સ્વભાવ છે એમાં. અનંત આનંદ છે આત્મામાં, અનંત શાંતિ છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત વીર્ય છે, અનંત સ્વચ્છતા છે. એવા એવા અનંત અનંત શક્તિઓનું સ્વરૂપ, સ્વભાવનો પિંડ એક દ્રવ્ય છે. એનો આશ્રય લઈને જેણે કર્મના બંધનને છેદી નાખ્યા છે.

‘**અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...**’ જેની કોઈ ઉપમા નથી, માપ નથી, પ્રમાણ નથી એવી પૂર્ણ મોક્ષની દશા. જેની દશા જ પૂર્ણ શુદ્ધ થઈ, શુદ્ધ પૂર્ણ થઈ અંતર સ્વભાવના પૂર્ણ આશ્રયમાં રહીને જ્યાં પૂર્ણ દશા થઈ એ અતુલ-એ દશાને તુલના, ઉપમા, માપ કોની સાથે હોય?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- અનુપમ થયું ને? અતુલનો અર્થ અનુપમ થયો.

ઉત્તર :- એ મૂળ તો અતુલ સ્પર્શમાં તો એમ થતું કે ઉપમા વિનાનો અનુભવ છે એમ થતું હતું. ઓલા સ્પર્શમાં. પણ તમે કાંઈ કર્યું નહિ એટલે મારે શી રીતે કરવું? વ્યાકરણવાળાએ પહેલા કરવા જોઈએને. મને ક્યાં વ્યાકરણ આવડતું હતું. અતુલ સ્પર્શ કરે છે શું? અતુલ અનુભવે છે. અતુલ જેની ઉપમા નથી એવી પર્યાય પ્રગટ (થઈ). જ્યાં પૂર્ણ વસ્તુ જ્યાં અંતર આનંદ ને શાંતિ... શાંતિ... શાંતિ... જેનો સ્વભાવ છે, જેનું માપ નથી એવો સ્વભાવ છે. એવી જ એ વસ્તુ જ એવી છે. એવી વસ્તુનો અંતર દૃષ્ટિએ અનુભવ કરી અને પૂર્ણ એકાગ્રતા થઈ તેથી અતુલ વર્તમાન દશાનો આનંદ, જેની તુલના નથી, માપ નથી, એવા આનંદના અનુભવે આનંદને સ્પર્શે છે. કહો, સમજાણું? આ તો એણે અર્થ કર્યો તો આપણે પાછો મેળવવો જોઈએને જરી?

અતુલ સ્પર્શ છે એનો. અતુલ-માપ વિનાનો અનુપમ. જેની દશા સ્વભાવિક શુદ્ધ અને પૂર્ણ થઈ ગઈ. સમજાય છે કાંઈ? મોક્ષ એટલે જ્યાં પૂર્ણ આનંદધામ, જેની પર્યાયમાં પૂર્ણ શાંતિ, પૂર્ણ અવિકારતા, પૂર્ણ આનંદતા, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ વીર્યતા એવો જે '**કર્મ બંધના છેદથી...**' માપ વિનાનો જે '**અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...**' કોણ? પૂર્ણ જ્ઞાન. છેલ્લો શબ્દ છે પાછળ. ઝળહળી ઉઠ્યું. જેમ દીવો આમ ચમકે, (એમ કેવળજ્ઞાન) ઝળહળી ઉઠ્યું. ભગવાન આત્મા ચૈતન્યનો ચમત્કાર. ચૈતન્ય ચમત્કાર છે, જુઓને ચૈતન્ય.

શ્રીમદ્દે કહ્યું છે, સૃષ્ટિને ગુપ્ત ચમત્કારની ખબર નથી. ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર. ભગવાન આત્માનું દ્રવ્ય એટલે વસ્તુનો ગુપ્ત ચમત્કાર છે. એટલો ચમત્કાર છે કે જેમાં બેહદ શાંતિ, બેહદ આનંદ, સ્વભાવ, સ્વ-ભાવ ને ભાવરૂપ વસ્તુ એની શક્તિના સત્ત્વના તત્ત્વનું શું કહેવું? સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા, એમાં પોતે શાંતિ ભરમાર પડી છે અંદરમાં. શબ્દ આવ્યો છે ને શેઠિયાનો. એને તો ખબર નહોતી. મેં કીધું ત્યારે. એમાં છે તમારું કીધું આ. શાંતિ... શાંતિ... શાંતિ... ક્યાંય અંદર આકુળતાનો અંશ નથી, નિરાકુળતાની પૂર્ણતા છે. એવી જે વસ્તુ પોતે વસ્તુ છે વસ્તુ. એનો આશ્રય લઈને જે પૂર્ણ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પૂર્ણ પ્રગટ્યા, કર્મ છેદીને પ્રગટ્યા છે. ઓલાનો વ્યય કર્યો, આનો ઉત્પાદ કર્યો. અશુદ્ધતાનો આદિ વ્યય થયો અને પૂર્ણ શુદ્ધતાની દશા પ્રગટી. દ્રવ્ય તો એવું ને એવું છે. કહો, સમજાણું કાંઈ?

ક્યાંય શાંતિ અને સુખ બીજે નથી, તારા આત્મામાં છે એમ કહે છે. અને એ શાંતિ મોક્ષમાં છે, બીજે ક્યાંય શાંતિ નથી. શાંતિ એટલે સુખ, સુખ એટલે મજા. મજા એટલે? સમજાય છે? આનંદના લહેરની ઉછરંગતા એ મોક્ષદશામાં છે. અને એ મોક્ષદશાની પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શક્તિરૂપે આત્મામાં પડી છે. આ સર્વવિશુદ્ધિ આવશે એમાં આવશે. બંધ મોક્ષ રહિત, પર્યાય રહિત એ તો મોક્ષસ્વરૂપ જ છે ત્રિકાળ. એવો સ્વભાવ જેને પર્યાયમાં પ્રગટ મોક્ષ થયો એની વાત અત્યારે ચાલે છે. સમજાય છે? વસ્તુને આ રીતે નિઃસંદેહપણે પ્રતીત કરવી અને નિઃસંદેહપણે એનો અનુભવ કરવો એ અલૌકિક ચીજ છે. સમજાય છે કાંઈ? અને તે અનુભવ કરવો અને વેદવો એ તો વળી પર્યાય છે. છતાં એ દ્રવ્ય ત્રિકાળ રહે છે એનો આશ્રય કરે, એમાં દૃષ્ટિ લગાવે એટલે આનંદ અનુભવ થાય. એટલે દ્રવ્ય અને પર્યાય બેય સિદ્ધ થાય છે.

એટલે અહીં કહે છે કે દ્રવ્ય વસ્તુ છે એનો અંતરમાં સ્પર્શ કરીને એકાગ્ર થઈને જે કર્મબંધનો છેદીને પૂર્ણ અતુલ અવિનાશી જેનો નાશ (નથી થવાનો). હવે મોક્ષદશા થઈ એ થઈ. અવિનાશી છે. છે ને અક્ષય? ક્ષય નથી હવે. ગતિમાં તો ક્ષય છે. ગમે તેવી ગતિ હોય તોપણ ત્યાંથી સર્વાર્થસિદ્ધનો ભવ હોય તો ત્યાંથી પાછા પડવું (પડે), નીકળવું પડે. આ તો અક્ષય. જે દશા ભગવાન આત્મામાં જેવો ધ્રુવ નિત્ય અવિનાશી હતો એવી એની પર્યાયમાં-અવસ્થામાં, શુદ્ધતા પૂર્ણ અવિનાશી પ્રગટી. એવા મોક્ષને અનુભવતું પૂર્ણ જ્ઞાન ઝળહળી ઉઠ્યું. અરૂપી જ્ઞાનની વાત ચાલે છે હોં આ. ઉપમા એ તો બધી બહાર લાગે છે, ઝળહળી ઉઠ્યું ને એ બધું. ચૈતન્યના તેજ-ચૈતન્યના પ્રકાશ, જેનું અપાર તેજ છે તે પ્રગટ થયું એમ કહે છે.

'**નિત્ય ઉદ્યોતવાળી સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે...**' ભગવાન આત્મા જેવો નિત્ય છે ત્રિકાળ એવી જ એની અવસ્થા નિત્ય પ્રગટ થઈ ગઈ. એ અવસ્થા મોક્ષ એટલે એની નિત્ય દશા પ્રગટ થઈ ગઈ, કાયમ રહેનારી. ઉદ્યોત જેનો પ્રકાશ નિત્ય એવી સહજ અવસ્થા ખીલી નીકળી. જેમ કળી, ગુલાબની કળી જેમ લાખ પાંખડીની કળી આમ બહુ સૂક્ષ્મ હોય એ જ્યાં ખીલે, આમ ખીલી નીકળે છે અંદરથી. એ શક્તિનું હતું એ આમ ખીલી નીકળી. એમ આત્મામાં અનંત આનંદ અને શાંતિ હતી એનો અનુભવ કરીને એ પર્યાયમાં ખીલી ગઈ. અવસ્થા ખીલી ગઈ-આમ પ્રગટ થઈ. સમજાણું કાંઈ? દુનિયાની જે પથરાની, હીરાની, માણેકની વાતું કરે તો એ તો બધું બેસે. આ ન બેસે. એ બધાનું નક્કી કરનાર, જાણનારો બધાની હયાતીનો જાણનારો એ. એ જાણનારમાં કેટલી તાકાત છે એની એને ખબર નથી. ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ, એની અંદરનો અનુભવ કરીને, એકાગ્ર થઈને પ્રગટ મોક્ષ દશા થઈ, કહે છે કે નિત્ય પ્રકાશ જ અવસ્થા-સ્વભાવિક દશા જેની ખીલી નીકળી છે.

મોક્ષ એ અવસ્થા છે. મોક્ષ એ કાંઈ ત્રિકાળી ગુણ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેમ સંસાર વિકારી પરિણામ દુઃખરૂપ એક દશા છે. સંસાર એટલે આત્માની વિકારી

દુઃખરૂપ દશા. એ પણ એક અવસ્થા છે. એ અવસ્થાનો અભાવ કરી અને શુદ્ધ પૂર્ણ મુક્તિની દશા જે પ્રગટ થઈ એ એક અવસ્થા છે-પર્યાય છે-હાલત છે. દ્રવ્યનો-વસ્તુનો એક નિર્મળ પર્યાયરૂપી ભેખ પ્રગટ્યો. એ નિત્ય રહેવાવાળો છે એમ ને એમ. સમજાણું કાંઈ?

'**સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે...**' ખીલી નીકળી છે, આમ ખીલી ગઈ છે. '**એવું એકાંત શુદ્ધ...**' પૂર્ણ જ્યાં મોક્ષ થયો. હવે બિલકુલ કંઈ મેલ છે નહિ. એકાંત શુદ્ધ એમાં એકાંત નહિ થઈ જાય? કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ. એકાંત શુદ્ધ અને અશુદ્ધતા બિલકુલ નહિ. પૂર્ણાનંદનો નાથ પ્રગટ થઈને પૂર્ણ પર્યાયપણે અવસ્થાપણે પ્રગટ્યો એનું નામ મોક્ષ. પોતાનો આત્મા અંદર ખીલી ગયો, પૂર્ણ શાંતિ અને આનંદથી. એકાંત નિર્મળ, એકાંત શુદ્ધ, એકાંત સ્વાધીન, એકાંત સ્વતંત્ર. સમજાણું કાંઈ?

'**(કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા)...**' જે જ્ઞેયાકાર હતા એની વાત રહી નહિ. એકલો જ્ઞાનનો આકાર પૂર્ણ દશા પરિણમી ગઈ. જ્ઞાનનું પૂર્ણ દશારૂપ પરિણમન લોકાલોકને જાણે પણ એ તો પોતે જ્ઞાનનું જ સ્વરૂપ છે. એ કાંઈ લોકાલોકનું સ્વરૂપ નથી. પોતે જ જ્ઞાનના સ્વરૂપે એકાકાર રૂપે જ્ઞાનાકાર રૂપે પરિણમન પૂર્ણ દશા થઈ ગઈ એનું નામ કેવળજ્ઞાન અને એનું નામ મોક્ષ દશા. સમજાય છે કાંઈ?

'**એકાકાર નિજરસની અતિશયતાથી...**' નિજ ચૈતન્યરસ, ભગવાન ચૈતન્યરસ, ચૈતન્યશક્તિ, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યભાવ. એના નિજરસની અતિ એટલે વિશેષતાથી પોતાના સ્વભાવની શક્તિના સામર્થ્યની વિશેષતાથી '**જે અત્યંત ગંભીર...**' અત્યંત ગંભીર છે. એના પેટ બહુ ઊંડા છે. નિર્મળ દશા વીતરાગ મોક્ષ દશા અત્યંત ગંભીર છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને શબ્દો પણ.

'**નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર...**' આહાહા..! આવો ભગવાન પણ એક છાણના પોદળા માટે ખુશી થઈ જાય. અમે રસ્તામાં નીકળીએને. છોડીયું નીકળે સવારમાં. ત્રણ-ચાર છોડીયું હોય તો એક એય.. હારોડી પડી ઈ મારી. નજરે પડે ઈ. ભારે મેં કીધું. નજર પડે ને? જેની પહેલી નજર પડે એ એનું કહેવાય. કીધું, આ ત્રણ લોકનો નાથ આત્મા શું અત્યારે લઈને બેઠો છે? છાણની હારોડી હોય ને હારોડી કહે એ. દેખી એણે પહેલી એ લે. બીજો ન લઈ શકે. પણ ગાય-બાય કોઈ ભેંસ હોય ને એ પોદળો કરે એવું જો નજર એની પડી ગઈ હોય તો એને લેવાય. બીજાને ન લેવાય. અને એમાં જો કાંઈ ફેરફાર થાય તો મારામારી. ત્રણ લોકનો નાથ ક્યાં અટક્યો પણ? કહે છે, પ્રગટ્યો ત્યારે આ રીતે પ્રગટ્યો અને અટક્યો ત્યારે છાણમાં અટક્યો. સમજાણું કાંઈ? આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેની શક્તિનો અપાર ભંડાર છે એ પર્યાયમાં અટક્યો તે વિકલ્પ અને રાગમાં અટક્યો. અટક્યો તે અટક્યો. અટક્યો અને ભટક્યો ચાર ગતિમાં. આહાહા..! એમાં વળી કાંઈક પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે અને એમાંથી કાંઈ છોકરા-બોકરા સારા થાય. ઓહોહો..! શું પણ શું પણ તને? એય..! મોહનભાઈ! એમાં થોડુંક થયું ત્યાં કહે હું મરી ગયો, હું ગરીબ થઈ ગયો. એનો જ ભાઈ કહે છે ઈ. શું થયું પણ તને? આહાહા..! અનંત લક્ષ્મીનો ભંડાર ભગવાન છે ને ભાઈ, તને ખબર નથી. એવી લક્ષ્મીને ખોલ તો પર્યાયમાં અનંતા તને પ્રગટ થાય. એવી અહીં કહે છે અત્યંત ગંભીર. ભાષા જુઓને. ઓલા ગુમડા ઊંડા નથી થતાં? ગુમડા ગંભીર? ગુમડા સમજો છો? જુગરાજજી! ફોડા. બહુ ગંભીર હોય ને? અંદર વાટ નાખે મોટી વાટ નાખે તો અંદર.. ડોક્ટર કહે, ઊંડું બહુ છે, ઊંડુ બહુ છે. અંદર વાટ છ-છ, આઠ-આઠ .. વઈ જાય એવી રાડ નાખે ઓલો, આઘો જાય તો. વાટ નાખે વાટ. આહાહા..! તને ખબર નથી, ભગવાન! તું કેવડો છો.

કહે છે કે તારી દશા... શક્તિની તો ગંભીરતાનું શું કહેવું? પણ તારી દશા જ્યાં પૂર્ણ પ્રગટ થાય તે અત્યંત ગંભીર છે. આ દશાની વાત છે, હોં! આહા..! મોક્ષદશા, સિદ્ધપદ. આત્માની જે શક્તિ છે એ પ્રગટ થઈ છે પૂર્ણ એવું તારું અત્યંત ગંભીર... ગંભીર.. ગંભીર દશા. ધીર, શાશ્વત અથવા એમ ને એમ રહેનારું. એમ ને એમ પર્યાય પ્રગટી એમ ધીરે પણ એમ ને એમ રહેવાનું. આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઉઠ્યું. કહો, સમજાણું કાંઈ? એ આ મોક્ષદશાની વાત ચાલે છે. આહાહા..!

**‘એવું આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું); પોતાના અચળ મહિમામાં લીન થયું.’** પોતાની મહિમા જે હતી એમાં લીન થઈ ગયું. લીન થયું એટલે અનુભવમાં પરિણમી ગયું. અચળ મહિમા. આહાહા..!

**‘ભાવાર્થ :- કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું,...’** જ્ઞાન. વિકારનો નાશ કરી ચિદાનંદ ભગવાન આત્માનો અનુભવ કરી પૂર્ણ દશાને અનુભવતું-વેદતું **‘પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ,...’** સ્વભાવિક અવસ્થા છે એ. સંસાર આદિ રાગ વિકારી અવસ્થા. **‘અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું,...’** એટલે કે જ્ઞેયાકાર (નહિ), એકલો જ્ઞાનાકાર એમ કહે છે. **‘અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું)...’** નિર્મળ પર્યાયની અચિંત્ય શક્તિઓનું સામર્થ્ય જેનો પાર નથી. **‘અને ધીર (આકુળતા વિનાનું)’** અનાકુળ એવું ને એવું રહેનારું. **‘એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.’** પોતાના મહિમામાં, તેજમાં લીન થયું. એનું નામ પૂર્ણ દશા અને મોક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

આ કરવા જેવું કહે છે કે આત્મદ્રવ્યની અંદર અનુભવ કરવા જેવું છે. એનાથી મુક્તિ થાય એવી છે. એમ કહે છે. સમજાણું કાંઈ? બાકી આકુળતા... આકુળતા... આકુળતા.. ભગવાન અનાકુળ આનંદ પ્રભુ, એનો અનુભવ કરવો, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને વેદન કરી પૂર્ણ એકાગ્રતા કરવી કે જેથી મુક્તિ થાય. પછી એને અવતાર હોય નહિ. એ મોક્ષ સુખી, એ સિદ્ધ સુખી છે. બાકી કોઈ પ્રાણી જગતના રખડનારા કોઈ સુખી નથી. દુઃખી, દુઃખી ને દુઃખી.

'**ટીકા :- આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.**' વેષ હતો ને અહીંયાં? ભેખ છે. મોક્ષ પર્યાય સમજાઈ ગઈ કે આ પૂર્ણ દશા આવી હોય.

'**ભાવાર્થ :- રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો.**' જોયું! વસ્તુ અનાદિઅનંત ધ્રુવ. એમાં એક મોક્ષનો સ્વાંગ છે સાદિઅનંત. એમ. સાદિઅનંત. પ્રગટી ઈ પ્રગટી. પણ એ કાંઈ અનાદિઅનંત નથી. અનાદિઅનંત તો ઓલો ... છે પોતે. એની એક દશા પ્રગટ પૂર્ણ થઈ એ સાદિઅનંત છે. એ '**સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.**' જાણી લીધું આ પૂર્ણ જ્ઞાન છે, આમ થાય છે.

હવે થોડો એનો આખો સાર કહે છે.

**જ્યોં નર કોય પર્યો દઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તોઊ છિદૈ નહિ નૈક ટિકારી;**
**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**
**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

મોક્ષના અધિકારનો ટૂંકો સાર. '**જ્યોં નર કોય પર્યો દઢબંધન...**' જેમ કોઈ દઢ બંધનમાં બેડીમાં પડ્યો હતો. આવ્યો હતો ને દાખલો? '**બંધસ્વરૂપ લખૈ દુખકારી,...**' આ બંધનું સ્વરૂપ જાણ્યા કરે દુઃખરૂપ છે... દુઃખરૂપ છે... દુઃખરૂપ છે... દુઃખરૂપ છે. એથી કરીને કાંઈ બંધથી છેદાય નહિ. '**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ...**' એ ચિંતવન કર્યા કરે. બેડીમાં પડ્યો હોય તો હવે છૂટે તો, આમ છૂટાય છે, આમ થાશે, આમ થાશે. એવું ચિંતવન કરે તોપણ બેડીથી છૂટી શકે નહિ.

'**તોઊ છિદૈ નહિ નૈક ટિકારી;...**' બંધનથી નહિ છૂટે. '**છેદનકૂં ગહિ આયુધ ધાય...**' પણ એ છેદનને માટે શસ્ત્ર લઈને બેડીને છેદી નાખે, તોડી નાખે. '**આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,...**' કટકા કરે એના. લાકડા નાખે છે ને લોઢાના? પહેલા હતા. વિંછીયામાં હતું એ. ઝાડનું મોટું હોય. ઝાડનું. એમાં કાણું મોટું હોય એમાં પગ નાખે. ઓલી

કોર તાળુ મારે એવું હતું. વિંછીયામાં હતું ડેલામાં. બહાર દરવાજા મારે. મોટું ખોખું એમાં કાણું પાડે અને પછી ઓલી કોર નાખે અને બેસે ઘડી આખો દિ' બેસવું પડે એની સામે. એ પાછું દિશાએ જાવું હોય ત્યારે ઓલો હોય કે દિ' એને છોડે ત્યારે જવાય. જોયું છે. એમ કહે છે કે એ બેડીનો કંઈ વિચાર કર્યા કરે એમ નહિ. એને છેદે. તલવાર વડે છેદીને બે કટકા કરી નાખે, ફટ જુદું પડી જાય. '**નિશંક કરૈ દુય ધારી,...**' પણ નિઃશંક રીતે બે ધારા જુદા પાડી નાખે.

'**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ...**' એમ બુધ નામ જ્ઞાની. બુદ્ધિ પ્રજ્ઞા ધસાય. પ્રજ્ઞા લીધી છે ને? યોં બુધ નામ જ્ઞાની, બુદ્ધિ નામ પ્રજ્ઞારૂપી ધસાય દુધા કરિ. રાગ અને આત્મા વચ્ચે પ્રજ્ઞા વડે ભેદ પાડી નાખે. હું ચિદાનંદ આત્મા છું, રાગ પુણ્ય-પાપના વિકલ્પો તે મેલ છે. એ હું નહિ. શરીર, કર્મ તો એક બાજુ રહ્યા, પણ પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે એ મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ જ્ઞાન છે. એમ જ્ઞાનબુદ્ધિ વડે બેને જુદા પાડે.

'**આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી યોં બુધ બુદ્ધિ ધસાય...**' બુદ્ધિ લઈને ઘસે અંદર. '**દુધા કરિ...**' બેયને જુદા પાડે છે. '**કર્મ રુ આતમ આપ ગહારી.**' એ રાગને અને આત્માને જુદા પાડીને આત્માને ગ્રહે. ગ્રહે એટલે અનુભવે. કર્મ અને આત્મા ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. રાગ પુણ્ય-પાપ આદિ મેલ છે. બે વચ્ચે ભેદ પાડી. જુઓ! આ મુક્તિની ક્રિયા. ભારે ભાઈ! '**આપ ગહારી.**' પુણ્ય-પાપના ભાવને ભિન્ન કરી પોતાના લક્ષણે કરીને આત્માને ઓળખી અને આત્માનો અનુભવ કરે છે. ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ તેનો અનુભવ કરે તો એને ધર્મ થઈને મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સામે ઊભો હોય કાપવા કેમ જાવું?

ઉત્તર :- એ કાપવા દે ન.. હાથમાં છરી-બરી હોય ને ઓલો વયો ગયો હોય. એવી છરી-બરી સરખી હોય તો આમ આમ કાપતા કાપતા થઈ જાય. ચાલતી .. ખલાસ થઈ જાય. ઓલો સૂઈ રહ્યો હોય. શું કહેવાય એનો? જેલર. એનું કાંઈ નહિ. એ તો દાખલો છે. આ તો દલાલ (છે).

આ તો આત્મા પોતે જ કાપનારો અને પોતે જ બાંધનારો. એમાં કોની સાથે જાવું છે એને? રાગ સાથે ભાઈબંધી કરી હતી એ રાગથી તોડીને સ્વભાવની એકતા કરાવે. એ પોતે ને પોતે કરે, પોતે તોડે ને પોતે જોડે. આહાહા..! કહો, સમજાણું? '**આપ ગહારી...**' આપને અનુભવે, આપને ગ્રહે. એમ. બેને જુદા પાડે. રાગ વિકાર અને આત્માને જુદા પાડીને આત્માનો અનુભવ કરે. આત્મામાં ઢળી જાય, સ્વભાવ તરફ ઢળે, વિકાર તરફથી ઉપેક્ષા કરે. કહો, સમજાણું આમાં? ભાઈ! માર્ગ તો આ છે.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.**' લ્યો, આઠમો અધિકાર પૂરો થયો. હવે સર્વવિશુદ્ધ અધિકાર.

**'अथ प्रविशति सर्वविशुद्धज्ञानम्'**

એના પહેલા જયચંદ્ર પંડિત મંગલિક કરે છે.

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**
**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

કહે છે કે '**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય,...**' ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ છે. શુદ્ધ દ્રવ્ય સ્વભાવ '**સદા આતમારામ;...**' આતમરામ પ્રભુ અનાદિઅનંત શુદ્ધ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ છે. '**પરને કરે ન ભોગવે,...**' એ પરની ગતિ ચાર ગતિ આદિ, એકેન્દ્રિય આદિ કે ગુણસ્થાનભેદને કરે નહિ અને એને ભોગવે નહિ. એ રાગાદિને, કર્મને, એકેન્દ્રિયાદિ, પંચેન્દ્રિયાદિ પર્યાયને કે ગુણસ્થાનભેદને (કરે નહિ અને ભોગવે નહિ). અખંડ જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ એમ લેવું છે અહીં તો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો અનાકુળ આનંદ અને જ્ઞાયકમૂર્તિ ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ... છે... છે... છે... એકેન્દ્રિયમાં પણ એવો ને એવો ધ્રુવ છે. પંચેન્દ્રિયમાં પણ એવો ને એવો છે. મિથ્યાત્વની દશામાં પણ એવો ને એવો છે. એવા તેરમા ગુણસ્થાનની પર્યાય વચ્ચે પણ ધ્રુવ દ્રવ્ય તો એવું ને એવું છે. એક પર્યાયરૂપે કોઈ દિ' થયું નથી. સમજાણું કાંઈ? આ વાત ઝીણી પડે ને માણસને એટલે બીજા રસ્તા પછી ગોતી લે. ક્યાંક જાણે આમથી જડશે.. આમથી મળે. યોગ કરે ને આ કરે. ધૂળના યોગ પણ આત્મા શું છે એને સમજ્યા વિના યોગ નામ જોડાણ શેમાં કરવું? સમજાણું કાંઈ? આ અસ્તિપણું ભાઈ બતાવે છે પહેલા. આવડું અસ્તિપણું એકરૂપ. ચાહે તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયમાં રહ્યો, ચાહે તો ગુણસ્થાનભેદમાં દેખાય. ચાહે તો.. સમજાય છે? રાગાદિમાં દેખાય. વસ્તુ તો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.. અનંત ગુણનો પિંડ સદૃશ્ય ધ્રુવ એકરૂપ... એકરૂપ.. એ કરે ને ભોગવે. એ પરના કરે, પરના રાગાદિનું કરવું એ સ્વરૂપમાં નથી અને ભોગવવું એ પણ આત્માના સ્વરૂપમાં નથી. વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'**જાણે જપિ...**' તોપણ. એમ. જપિ એટલે યદ્યપિ. જાણે ખરું. એમ કહે છે. જાણે ખરું બધું જાણે ખરું. પણ વસ્તુમાં એ કાંઈ છે નહિ. બંધ અને મોક્ષ બેના વિકલ્પોનો ભેદ રહિત ભગવાન આત્મા ત્રિકાળ ધ્રુવ છે. આહાહા..!

'**પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.**' આવે ને આ બધા? નાટક લીધું છે ને એ પ્રમાણે. '**મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા...**' પર્યાયનું ભાન થઈ ગયું કે આ એક સમયની પર્યાયની શુદ્ધ સાદિઅનંત રહેવાવાળી છે. '**પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.**' હવે પૂર્ણ જ્ઞાન એકરૂપ છે એ પ્રવેશ કરે છે. '**રંગભૂમિમાં...**' અખાડો હોય છે ને નાટકમાં અખાડો. એને અહીં રંગભૂમિ કહે. જીવ-અજીવનો અધિકાર આવી ગયો, કર્તા-કર્મનો આવી ગયો, પુણ્ય-પાપનો આવી ગયો, '**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા,...**' આઠેય ભેખ એની પર્યાયનું ભાન કરાવ્યું. '**તેમનું નૃત્ય થયું...**' તેનું પરિણમન બતાવ્યું.

'**પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.**' લ્યો!

'**ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :-**'

મુમુક્ષુ :- .. સ્વાંગ નથી ને?

ઉત્તર :- સ્વાંગ નહિ. આ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ એકરૂપ જ્ઞાયક.

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः।।१९३।।**

ભગવાન જ્ઞાનનો પુંજ છે. જેમ ઢોકડું એકલું રૂનો પુંજ છે. ઢોકડું-ઢોકડું. ઢોકડું સમજો છો? રૂની ગાંઠડી. ગઠ્ઠા. રૂની ગાંઠડી હોય છે ને મોટી? એમાં ૨૫-૨૫ મણના ઢોકડા હોય છે. પછી ત્યાં ..માં વળી ત્યાં દસ-દસ મણની ગાંઠડી બનાવે. એ ગાંઠડી જેમ મજબૂત... મજબૂત... મજબૂત.. આ પણ સાધારણ મજબૂત કરી શકે. એ કાંઈ ઓલા જેવું ન કરી શકે. એમાં પણ .. થાય છે ને મોટી દસ મણ પાટા બાંધીને? પ્રેસમાં. તોપણ અંદર પોલાણ ઘણું છે હોં! અંદર ઘણું પોલાણ છે. આ તો જ્ઞાનની ગાંઠડી છે એકલો આત્મા. જેમાં પ્રવેશ વિકલ્પનો ન થઈ શકે એવો જ્ઞાનનો પુંજ છે પ્રભુ. આ શું? સમજાણું કાંઈ? એ જ્ઞાનનો ધોકડું. અસંખ્ય પ્રદેશી, અનંત ગુણધામ. ... શક્તિ સ્વભાવનું એકરૂપ ત્રિકાળ એવો આત્મા આનંદકંદ છે. સમજાણું? એનું '**મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :-**'

'**શ્લોકાર્થ :- સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...**' લ્યો! કહો, સમજાણું? એ રાગનું કરવું કે રાગનું ભોગવવું એ વસ્તુના સ્વરૂપનો કોઈ ગુણ

જ નથી. એવો ભગવાન આત્મા '**સમ્યક્ પ્રકારે...**' કર્તા-ભોક્તા. હવે અહીં તો હજી ઓલા રાડ નાખે. એ પરનો કર્તા.. પરનો કર્તા.. અરે..! ભગવાન! શું થયું તને આ? આહાહા..! વળી એમ કહે કે વસ્ત્રથી નથી માનતા એ શું? એ એમ કે પરદ્રવ્યથી લાભ-નુકસાન ન માને એને વસ્ત્રથી મુનિપણું માને એમાં શું વાંધો છે? વાત કરે પ્રભુ કેવી પણ! ભગવાન! આવું તને કેમ સૂઝે છે આ? આહાહા..! ભાઈ! તને નુક્સાન કરે છે આ. વસ્તુની સ્થિતિથી ભાઈ એમાં નુક્સાન છે. વસ્તુ એવી નથી. પ્રભુ! એ તો કહે છે.

ઓહોહો..! ચૈતન્ય પ્રભુ જેને રાગનું કરવું, પરનું કરવું તો ક્યાં છે? પણ રાગનું કરવું કે આ ગુણસ્થાનનું ભેદનું કરવું પણ એ સ્વરૂપમાં નથી. આહાહા..! ભાઈ! એવો આત્મા છે, એવો આત્મા છે. એવો તું ધીરજ દઈને પ્રતીત અને અનુભવ નહિ કર તો ક્યાંય શાંતિ, સુખ નથી. લાખ તારા શાસ્ત્રના ટીકા, ટીકાઓ આ કર્યું ને તે કર્યું, ફલાણું કર્યું, મેં આ શાસ્ત્ર ભણ્યો છું, આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે. લે. આ કહ્યું છે. આ સમજ્યા વિના તારા થોથેથોથા છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ માત્ર.. આવે છે ને શ્રીમદ્‌માં. નહિ? કોટી શાસ્ત્ર માત્ર મનનો આમળો. 'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો માત્ર મનનો આમળો, જિનવર કહે છે સૂત્ર તે નિજ સર્વ ભવિ સાંભળો.' શ્રીમદ્ કેટલીક વાર તો ઘણું ઊંચું કહ્યું. પણ એ બહુ સ્પષ્ટ આવ્યું નથીને બહારમાં એટલે લોકો કોઈ માથે કહેનારા રહ્યા નહિ. એટલે એમના અક્ષરથી જેમ પોતાને લાગે એમ વાત કરવા માંડ્યા.

મુમુક્ષુ :- પોતાની રીતે...

ઉત્તર :- એમ કાંઈ (ચાલે)? વસ્તુ છે આ તો, બાપુ! આ કોઈ પક્ષની વસ્તુ નથી. આ તો તત્ત્વ જ આવું છે. સમજાય છે? સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે જે જોયું એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓને! આમાં નથી આવતું? પુણ્ય-પાપમાં. સર્વજ્ઞ અને સર્વદર્શીત્વ ... આવે છે ને ભાઈ! ૧૬૦. ઓલા ... ભાઈ! એ સર્વજ્ઞ સર્વદર્શી છે. તોપણ અટકીને ઊભો છે, હોં! એ સર્વને સર્વ પ્રકારે પોતાને જાણતો નથી. સમજાણું કાંઈ? એને એમ જ વર્ણવ્યું એમાં. કે આત્મા તો સર્વજ્ઞ અને સર્વદર્શી જ છે. આહાહા..! એમ કહ્યું ને? એ અહીં વાત. ૧૬૦. ૧૬૦ છે. એ આવ્યું લ્યો. ૧૬૦.

'**सो सव्वणाणदरिसी**' આહાહા..! એક પદે તો ગજબ કરી છે! લાવો આવો આત્મા છે ક્યાંય કોઈ કહેનાર? છે પહેલું પદ? '**सो सव्वणाणदरिसी**' ભગવાન આત્મા દરેક આત્મા હોં. અભવિનો હો કે ભવિનો. એ તો સર્વજ્ઞાન દર્શી. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**सो सव्वणाणदरिसी**'. એ '**सो**' નામ આત્મા. કોઈપણ આત્મા. સર્વજ્ઞાન દર્શી છે. સર્વજ્ઞ-જ્ઞ

અને દર્શી. સર્વજ્ઞ અને સર્વદર્શી વસ્તુ છે. સમજાણું કાંઈ? જેને આવો આત્મા છે એની ખબર નથી એ બીજા ગમે તેટલા ધ્યાન ને યોગને સાધીને ક્રિયાકાંડ કરે, મરી જાય તો પણ કાંઈ હાથમાં આવે એવું નથી. સમજાણું કાંઈ? જુઓને કેટલું કહ્યું!

'**सो सव्वणाणदरिसी**' એ તો સર્વજ્ઞ અને સર્વદર્શી જ વસ્તુ છે. ઓહોહો..! અહીં તો આ તો સર્વવિશુદ્ધ છે ને ભાઈ આ? એ પૂર્ણ આમ જ છે એ. એ તો આવો ત્રિકાળ સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપ છે એનું. સમજાય છે કાંઈ? બંધ મોક્ષની કલ્પના, વિકલ્પ અને ભેદ જેમાં નથી. એકલો સર્વવિશુદ્ધ જ્ઞાનદર્શનમય પ્રભુ છે. એક એક આત્મા.. એ આત્મા જ આવો એમ કીધું. એમાં પછી ફલાણું-ફલાણું... એવો આત્મા. એમ. સમજાણું કાંઈ? આહાહા..! અરે.. પ્રભુ! એની શક્તિના સ્વભાવની હદ શું હોય? એ તો બધાને જાણે-દેખે તેવું જ પ્રભુ એનું સ્વરૂપ છે. છતાં '**कम्मरएण णियेणावच्छण्णो।**' અહીં પુણ્ય-પાપ અધિકાર છે ને? એટલે પુણ્ય-પાપના વિકલ્પરૂપી પોતાના અપરાધથી ઢંકાયેલો '**संसारसमावण्णो**' પોતે સંસારને પ્રાપ્ત થયો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી એવો પ્રભુ પોતાના અપરાધે પુણ્ય-પાપના વિકલ્પથી સંસારને પ્રાપ્ત થયો છે. તેથી '**ण विजाणदि सव्वदो सव्वं।**' તેથી પોતાના ત્રિકાળી સ્વરૂપને સર્વથા પ્રકારે તે જાણતો નથી. પોતાના સ્વરૂપને હોં! પરને એક કોર (રાખો). સર્વ રીતે સર્વને ન જાણતો. પોતાને નહિ જાણતો એમ કીધું છે ને? જુઓને! '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું,...**' ત્રિકાળ ત્રિકાળ પોતાને જાણવાનો સ્વભાવ અને ત્રિકાળ પોતાને જાણે એ નથી જાણતો કેમ? છે તો ત્રિકાળ જાણનાર-દેખનાર. આહાહા..!

વસ્તુની સત્તાનો, સ્વભાવનો કેટલો મહિમા અને કેટલી પૂર્ણતા એને વર્ણવી નાખી છે અહીં પુણ્ય-પાપના અધિકારમાં. સમજાણું કાંઈ? એ જ અહીં સર્વવિશુદ્ધમાં છે. પુણ્ય-પાપનો વિકલ્પ છે એમાં અટક્યો છે તેથી તે બંધભાવમાં અટકેલો આવો સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ એ પોતાને ત્રિકાળ જે વસ્તુ છે એ પોતે પોતાને જાણતો નથી. સમજાણું કાંઈ? ગંભીર વસ્તુ છે, ભાઈ! વીતરાગ દર્શન છે એ કોઈ સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

આ કીધું શું? આત્મા સર્વજ્ઞ સર્વદર્શી તત્ત્વ છે. ભાઈ! આહાહા..! એ કાંઈ વાડાની વાત નથી. ભાઈ! આત્મા છે. કોઈપણ આત્મા છે. નિગોદનો આત્મા લ્યો. નિગોદનો આત્મા લ્યો. એક અંગૂલના અસંખ્ય ભાગમાં અનંત આત્મા. ભાઈ! જે જ્ઞાન સ્વભાવ, દર્શન સ્વભાવ, સર્વને જાણવું, જે જ્ઞ, દર્શન સ્વભાવ સ્વરૂપ છે. ક્ષેત્રની વિશેષતાનું કામ નથી. એનો સ્વભાવ સર્વજ્ઞ એટલે જ્ઞ એટલે પૂર્ણ, દર્શન એટલે પૂર્ણ. એવો એનો સ્વભાવ છે સર્વજ્ઞ સર્વદર્શી

સ્વભાવ. નિગોદની પર્યાય એનો સ્વભાવ નથી. આહાહા..!

બીજી ભાષાએ કહ્યું, જુઓને! ઓહોહો..! આખો લોક સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવવાળા આત્માથી ભરેલો છે. સમજાણું? આ તો સર્વવિશુદ્ધ છે ને! વસ્તુ ત્રિકાળ સર્વવિશુદ્ધ છે એમ કહે છે. ભાઈ! સર્વવિશુદ્ધ. એ વસ્તુ... વસ્તુ... વસ્તુ... એક સમયનો પર્યાય તેનું લક્ષ છોડી દે. મોક્ષનો પર્યાય નહિ અને બંધનો પર્યાય નહિ. સર્વજ્ઞ સર્વદર્શી સ્વરૂપ આમ ત્રિકાળ એકરૂપ વસ્તુ છે. એવો જ આત્માનો સત્તાનો સ્વતઃ તત્ત્વનો સ્વભાવ છે. આવો આત્મા જેની દૃષ્ટિમાં ન આવે એને સમ્યગ્દર્શન ન થાય.

સમ્યક્ નામ યથાર્થપણું જેવો એ સ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જ્ઞાન સ્વભાવ, દર્શન સ્વભાવ, જ્ઞ સ્વભાવ, સ્વભાવવાન તો આત્મા છે. આવો સ્વભાવ. એમાં પછી પરિપૂર્ણતા બધા ગુણોની આવી ગઈ. એવો જે સ્વભાવ, એની દૃષ્ટિ જ્યારે યથાર્થ અનુભવે સમ્યગ્દર્શન (થાય ત્યારે). બીજી રીતે કોઈ આત્મા અનેક પ્રકારના કહે અને આમ કરે ને તેમ કરે એ બધા આત્માને સમજતા નથી. આ બીજી રીતે. વિકલ્પ તોડો, વિકલ્પ તોડો. પણ એ વિકલ્પ તોડો નાસ્તિ થઈ. એ તો નાસ્તિનું કથન છે, વ્યવહારનું કથન છે, પરમાર્થનું એ કથન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિકલ્પ બને છે..

ઉત્તર :- પણ તોડો એની વ્યાખ્યા શું? વિકલ્પ શું છે? કેમ છે? એ તો રાગાદિની પર્યાય છે ચારિત્રગુણની વિપરીત એ વિકલ્પ દશા. સમજાય છે? તોડવી એટલે શું? વસ્તુ સ્વરૂપ જે આવું સર્વજ્ઞ સર્વદર્શી, એના ઉપર દૃષ્ટિ આપતા વિકલ્પની એકતા તૂટી જાય છે. પછી અસ્થિરતા રહે છે. એ પછી સ્થિર થતાં અસ્થિરતા તૂટી જાય છે. વસ્તુની સ્વરૂપની સ્થિતિ આમ છે. તોડવું પડે છે ક્યાં? તોડવું છે ક્યાં? કાઢવું છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

'**પ્રથમ જ, મંગળરૂપે...**' આ જ્ઞાનપુંજની વ્યાખ્યા આવી. સમજાણું? આત્મા એવો જ્ઞાનનો પુંજ પ્રભુ, એના આત્માના મહિમા એવો જે આત્મા. એમ પાછું. જ્ઞાનરૂપ જ્ઞાનપુંજ આત્મા એમ. સ્વભાવ, સ્વભાવવાન. (એના) મહિમાનું કાવ્ય કહે છે. '**સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...**' લ્યો! વિકલ્પાદિ કરે કે ભોગવે એવું જેનામાં નથી. એવા ભાવોને સમ્યક્ નાશ પમાડીને એટલે જેનામાં નથી. '**પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)...**' એટલે દરેક અવસ્થામાં પદે પદે શબ્દે. કોઈપણ પર્યાયમાં. એકેન્દ્રિયની પર્યાય હોય, બે ઇન્દ્રિયની હોય, ત્રણ ઇન્દ્રિયની હોય કોઈપણ પર્યાયે. પર્યાયે પર્યાયે તો વસ્તુ તો ધ્રુવ એકરૂપ દ્રવ્ય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...**' આ અટકતી અવસ્થા અને છૂટતી બેય પર્યાયથી ભિન્ન એ દ્રવ્ય છે શુદ્ધ. જેમાં બે પ્રકારના ભેદનો વિકલ્પનો અવકાશ પણ નથી. '**બંધ-મોક્ષની રચનાથી દૂર...**' રચના કીધું. એમ છે ને? શબ્દ શું છે એ? '**प्रक्लृप्तेः**' '**प्रक्लृप्तेः**' વિકલ્પથી દૂર, એમ કહ્યું.

મુમુક્ષુ :- વિકલ્પ..

ઉત્તર :- ભેદથી દૂર. બસ ભેદથી દૂર. મૂળ એમ લેવું છે. ખરેખર તો બંધ મોક્ષની રચના એટલે .. નથી એટલે ભેદ કરતો નથી. ભેદથી દૂર. મૂળ તો એમ લેવું છે. ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ જે દૃષ્ટિનો વિષય, જે દૃષ્ટિનો ભેખ એવો ભગવાન એકરૂપ વસ્તુ, ભેદને રચતો નથી એટલે ભેદરૂપી વિકલ્પ જેમાં નથી. એ ભેદ જ જેમાં નથી. બંધ-મોક્ષના બે ભેદ પણ એમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય છે ને. એક સમયની પર્યાય છે એક સમયની. ક્યાં છે એમાં? વસ્તુ વસ્તુ ત્રિકાળ જ્ઞાયક (છે). સમજાણું કાંઈ? પ્રમત્ત-અપ્રમત્તની પર્યાય ના પાડી નહિ છઠ્ઠે? એ તો પહેલેથી શરૂ કર્યું છે. આ તો બીજી રીતે વધારે સ્પષ્ટ કરે છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' વિકલ્પ જડ છે એ રૂપે જ્ઞાયક કોઈ દિ' થયો છે? પ્રમત્ત-અપ્રમત્તની અવસ્થારૂપે અભેદ વસ્તુ કોઈ દિ' થાય છે? એના હોવાપણામાં તો એકલું અભેદપણું જ એનું હોય છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ ઝીણું. માણસને અંદર બહુ અંદર પ્રયત્નથી પકડી શકાય એવી ચીજ છે. આ કાંઈ કોઈ બહારની ચીજ નથી. સમજાણું? આ તો વસ્તુ સ્વરૂપ જ આવું છે. અને વસ્તુ છે એ તો પોતે અખંડ છે ને? અભેદ છે ને? એક છે. તો પછી એના જ્ઞાનાદિ સામર્થ્ય સ્વભાવ પણ અખંડ અને એક પૂર્ણ છે. એ એકરૂપ જ છે, બસ. ત્યાં દૃષ્ટિ દેવાની છે એમ કહે છે. ભેદ અને પર્યાય ઉપર દૃષ્ટિ દેવાની નથી. સમજાણું કાંઈ?

'**સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને...**' એટલે ભેદાદિ ભાવોને. ગુણસ્થાન ભેદ. '**સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...**' એટલે કે તેમાં નથી એમ કરીને '**પદે પદે બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, શુદ્ધ-શુદ્ધ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી...**' આવરણ પણ નહિ અને મેલ પણ નહિ. શુદ્ધ જ શુદ્ધ વિશેષે. આવરણ તો પર રહી ગયું. સમજાણું કાંઈ? '**બન્નેથી રહિત છે એવો),...**' ભગવાન આત્મા શુદ્ધ-શુદ્ધ. ચૈતન્ય દ્રવ્ય એકલો જ્ઞાયકભાવ, અનાદિઅનંત રહેનારું સત્ ધ્રુવ તત્ત્વ એ ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ છે. શુદ્ધ-શુદ્ધ. દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ, વસ્તુ શુદ્ધ. કહો, શું કહે છે આ સમજાય છે કાંઈ? એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માને દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. આત્મા આવો છે.

'**જેનું પવિત્ર અચળ તેજ નિજરસના ફેલાવથી ભરપૂર છે...**' કેવો છે ભગવાન આત્મા? જેનું પવિત્ર અને અચળ-ચળે નહિ એવું તેજ જ્ઞાનનું. જેનું પવિત્ર અચળ ચળે નહિ એવું તેજ ચૈતન્યનું અંદર ધ્રુવ નિજરસ, જ્ઞાનરસ, જ્ઞાનનો આનંદરસ, જ્ઞાનનો સ્વચ્છ ભાવ, જ્ઞાનચેતનારૂપી રસ, જ્ઞાનચેતનારૂપી સમર્થ શક્તિ, એના ફેલાવથી ભરપૂર છે. ત્રિકાળ વસ્તુની વાત છે હોં!

'**જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી...**' ચેતનારૂપી રસનો વિસ્તાર એમાં પડ્યો છે. ભરપુર ભગવાન છે. સ્વભાવના ભાવથી ભરપુર ભગવાન છે. આહા..! એવો અને જેનો મહિમા '**એવો અને જેનો મહિમા ટંકોત્કીર્ણ...**' એવો ને એવો ટંકોત્કીર્ણ. જેનો મહિમા એવો ને એવો. જેવો ને જેવો, તેવો ને તેવો. પ્રગટ છે એ તો વસ્તુ. એવો '**જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**' વસ્તુ આવી છે એમ પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? ઓહોહો..! કેટલી અંદર ધીરજ જોઈએ, કેટલો એને વિશ્વાસનો નિઃસંદેહના ભાવનું જોર જોઈએ! એવા ભાવે આવો ભાવ પ્રતીતમાં આવી શકે છે. મહાપુરુષાર્થથી, નિઃસંદેહ ભાવથી આવો સ્વભાવ એને આ પ્રગટ થાય છે એટલે જે વસ્તુ શ્રદ્ધામાં નહોતી એ પ્રગટ થઈ, જ્ઞાયકભાવ પ્રગટ્યો એમ. પ્રગટ્યો એટલે છે એ છે પણ ભાનમાં આવ્યો. આવો ભાનમાં આવ્યો. સમજાણું કાંઈ? ભેદ વિનાનો, રાગ વિનાનો, પુણ્ય વિનાનો એકલો ભગવાન શુદ્ધ જેવો છે એવો પ્રગટ થાય છે. શ્રદ્ધા-જ્ઞાનમાં સાથે છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુ પ્રગટ થતી નથી. ભાનમાં આવે ત્યારે પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે...**' જુઓ! જુઓ ત્રિકાળી આત્મા શુદ્ધનયનો વિષય છે. પર્યાય નહિ. ભાઈનો પ્રશ્ન હતો ને. ત્રિકાળી જાણનાર અનંત પર્યાયનો પિંડ તે ગુણ અને ગુણ તે દ્રવ્ય માટે પર્યાય આવી ગઈને અંદર? એ તો પ્રમાણનો વિષય છે. વિષય કરનાર કોણ રહ્યું? વિષય કરનાર આવો આમ છે એ પ્રગટ શેમાં થાય? પર્યાયમાં. કે કાંઈ દ્રવ્ય પ્રગટ થાતું હશે? એ તો છે ઈ છે. અંતર દૃષ્ટિ કરતાં પર્યાયમાં ભાન થયું એ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. એ તો ..માં આવે છે ને. જ્ઞાયકભાવ પ્રગટ્યો. આવિર્ભાવ કર્યો. એ તો એમ જ કહે ને, બીજું શું કહે? તિરોભાવ હતો. દ્રવ્ય તિરોભાવ હતો? શ્રદ્ધામાં નહોતો. એ તો છે એ છે. પણ કીધું, જ્ઞાયકભાવ તિરોભાવ હતો એ જ્ઞાયકભાવ આવિર્ભાવ પ્રગટ્યો. શું કહેવું પણ એનો અર્થ. એ વસ્તુ ભગવાન વસ્તુ એક સમયના પર્યાય વિનાની ચીજ ધ્રુવ એ આવિર્ભાવે આવી એટલે કે શ્રદ્ધા-જ્ઞાનમાં આવી. શ્રદ્ધા-જ્ઞાનમાં નહોતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ત્યારે એ વસ્તુ ઢંકાયેલી હતી એટલે એને શ્રદ્ધામાં હતી નહિ. હતી તો હતી. આહાહા..! એ અનંત પુરુષાર્થ માગે છે. સમજાણું? આ કાંઈ વાતે વડા વળે એવું નથી. આહાહા..!

કહે છે... આચાર્યને પણ વર્ણન કરતાં પણ જાણે કાંઈ એવો ભગવાન. કેટલું વર્ણન! અતુલ ક્ષમા, એની અતુલ શાંતિ, અચળ ગંભીર ધ્રુવ એકરૂપ, જેમાં બંધ અને મોક્ષની પર્યાયનો ભેદ જેમાં નથી. ભેદ તો સાદિઅનંત મોક્ષદશા છે અને આ વસ્તુ તો અનાદિ અનંત છે. એકરૂપ અનાદિ-અનંત વસ્તુ તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. અને તે શુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય નામ સમ્યગ્જ્ઞાનનો અંશ તેનો એ વિષય છે. સમજાણું કાંઈ? ભારે. આંખ કામ કરે નહિ, ... કામ કરે નહિ. શાસ્ત્રના ભણતર કામ કરે નહિ ત્યાં.

મુમુક્ષુ :- .. બધું કામ કરાવે.

ઉત્તર :- 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. આહાહા..!

ભાઈ! આ વસ્તુ છે એને જો અંદર. આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી' ભગવાન આત્મા આવો છે એવો એનો પહેલો ખ્યાલ કરે. એ ખ્યાલ કરે એ ખ્યાલ પણ પછી એમાં કામ ન કરે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય જે આવું છે. એ સિવાયનું બીજી રીતે કોઈ કહે તો આત્મા એવો છે નહિ. એક એક આત્માની વાત ચાલે છે આ, હોં! એક એક વાતની કરી ને? સર્વજ્ઞ સર્વદર્શી એક એકનું કહ્યું છે ને? આહાહા..! કુંદકુંદાચાર્યે તો ગજબ વાત મૂકી છે! વસ્તુની સ્થિતિને વર્ણવવામાં.

મુમુક્ષુ :- આપે બહુ સરસ કામ આ ...

ઉત્તર :- કહો, સમજાણું?

**'શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...'** ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પુંજ અભેદ વસ્તુ, એમાં કરવું અને ભોગવવું. મોક્ષની પર્યાયને કરું, બંધની પર્યાયનો વ્યય કરું એવું વસ્તુમાં ક્યાં છે? એમ કહે છે. એ ઉત્પાદ અને વ્યય નથી એમ ઠરાવે છે. એય..! મોક્ષનો ઉત્પાદ થાય અને બંધનો વ્યય થાય એ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! સમજ્યા કે નહિ? કનુભાઈ! આ સમજ્યા વિના ક્યાંય આરા નથી, હોં! એ દુઃખી, દુઃખી થઈને બિચારો રખડે છે. રાંકો થઈને રઝળે છે. **'કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે,...'** વિશેષ કહેશે પછી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૯, શુક્રવાર તા. ૨૭-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૯૩-૧૯૪, ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૩૭૮**

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, સમયસારનો. એના પહેલા કળશનો ભાવાર્થ. કળશ ચાલી ગયો. ભાવાર્થની એક લીટી ચાલી છે. ફરીથી. કહે છે કે જેને ધર્મ કરવો છે એટલે સુખી થવું હોય તો એણે શું કરવું? કે એણે આત્મા જે અનંત કાળથી ધ્રુવ ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ છે એને જ્ઞાનની વર્તમાન દશા દ્વારા એને લક્ષમાં લેવો.

મુમુક્ષુ :- એક જ વાત કરે છે. બીજું કાંઈ કહેતા નથી.

ઉત્તર :- બીજું શું કહે? શું કરવાનું હોય પણ એને? પોતે પોતાને ભૂલ્યો છે તે ભૂલ ટાળીને ભગવાન તરફ દૃષ્ટિ (કરે). પોતે ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ છે. જેના એકરૂપ ત્રિકાળ સ્વભાવમાં.. કહેશે અંદર. એકલા સ્વરસના પ્રવાહથી પૂર્ણ દૈદીપ્યમાન પ્રભુ છે. જેનું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સત્... સત્... સત્... સત્ જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ એ શુદ્ધનયનો વિષય. જુઓ! '**શુદ્ધનયનો વિષય...**' શબ્દ છે પહેલો? એટલે શું કહ્યું? કે વર્તમાન જે રાગ-દ્વેષ અને અલ્પજ્ઞ દશાને જે લક્ષ કરે છે એ વ્યવહારનય છે, એ તો બંધનું કારણ છે. એ બંધન .. એનાથી ઊભો થાય છે. કેમ કે એક સમયની અવસ્થામાં આખું તત્ત્વ આવતું નથી. એથી તત્ત્વ એક સમયનો શુદ્ધનયનો શુદ્ધ નામ સમ્યગ્જ્ઞાનનો જે અંશ, તેનો વિષય એટલે ધ્રુવ ચૈતન્ય પ્રભુ ધ્રુવ એ શુદ્ધનયનો વિષય જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એ તો જ્ઞાનસ્વભાવી, જ્ઞાનપુંજ એવો આત્મા તે શુદ્ધનયનો વિષય છે. અને સમ્યગ્દર્શનનો વિષય તે શુદ્ધ આત્મા છે. એ શુદ્ધનય કહો કે સમ્યગ્દર્શન કહો. નય તે જ્ઞાનની અપેક્ષાએ છે, સમ્યગ્દર્શન તે શ્રદ્ધાની અપેક્ષાએ છે.

જ્ઞાન વર્તમાન ત્રિકાળ જે વસ્તુ છે એને જે જ્ઞાન વિષય કરે છે એ વર્તમાન જ્ઞાન જે વિષય (જે) જ્ઞાન (કરે છે) તેને શુદ્ધનય કહીએ. અને એનો વિષય છે ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવ. અનંત ગુણસંપન્ન એવો આત્મા. '**તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...**' એવો જે ભગવાન આત્મા શુદ્ધનયથી જોતાં ચૈતન્યમૂર્તિ છે એ પરદ્રવ્યની કોઈપણ પર્યાયને કરે કે ભોગવે કે રાગને કરે કે ભોગવે એ એના સ્વરૂપમાં નથી. વલ્લભદાસભાઈ! ઝીણું બહુ. એણે કોઈ દિ' સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પરમાત્માએ '**સવ્વણ્હુણાણદિટ્ઠો જીવો ઉવઓગલક્ખણો ણિચ્ચં**'. ઉપયોગ... ભગવાને આત્માને ઉપયોગ જ્ઞાન, દર્શનનું ..પણે કીધું ને? જ્ઞાનસ્વરૂપ આત્મા. એ જ્ઞાન અને દર્શનસ્વરૂપ જે ઉપયોગ સ્વરૂપ તે ત્રિકાળ આત્મા છે. એમ ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કેવળજ્ઞાનીએ જોયું છે. એવો તું અંતરમાં લક્ષ કરીને જો, કે ધ્રુવ ચૈતન્યમૂર્તિ શુદ્ધનયનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય એ શુદ્ધ ચૈતન્ય છે. એવો જે આત્મા દૃષ્ટિમાં લે, એ આત્મા રાગ અને પરની પર્યાયનો કર્તા કે ભોક્તા નથી. સમજાય છે કાંઈ? જે રાગનો વિકલ્પ કે પુણ્ય-પાપનો વિકલ્પ, વિકાર એનો કર્તા અને એનો ભોક્તા તો એ સ્વરૂપના અજ્ઞાનમાં બેભાનમાં હતો. કેમ કે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપની લાગણી એ સ્વરૂપમાં નથી. એણે નવી પર્યાયમાં ક્ષણિક દશામાં ઊભી કરી અને હું પરિણમું છું એમ માને છે. એ અજ્ઞાની વિકારના પરિણામનો કર્તા અને એ પરિણમ્યું છે એ એનું કાર્ય કહેવાય છે. એ દુઃખદૃષ્ટિ છે, એ પાપદૃષ્ટિ છે, અધર્મદૃષ્ટિ છે. ઝીણું બહુ, વલ્લભદાસભાઈ! વીતરાગમાર્ગ ઝીણો બહુ. આહાહા..!

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે અનંત આત્માને ઉપયોગલક્ષણ-જ્ઞાન અને દર્શનનો પિંડ પ્રભુ જોયો છે. એને જ જે જ્ઞાનનો અંશ અંતર જોવે તે આત્મા વસ્તુ તરીકે જ્યાં દૃષ્ટિ વસ્તુની થઈ તો તે આત્મા પુણ્ય અને પાપના રાગ વિકલ્પ એનો એ કર્તા પણ નથી, એનો ભોક્તા નથી. એટલે કે એ આત્મા કર્તા નથી અને ભોક્તા નથી. એમ જે આત્માની દૃષ્ટિ કરનારો પણ રાગ અને દ્વેષનો કર્તા અને ભોક્તા નથી. દ્રવ્ય નથી એટલે દ્રવ્યની દૃષ્ટિ કરનાર પણ કર્તા-ભોક્તા નથી. એમ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. હવે આમાં ક્યાં નવરો થાય અને આ ક્યાં શોધે? વખત મળતો નથી. જગતના કામ ને નવરો થાય તો પાછો અહીં કાંઈક આ કરું.. આ કરું... આ કરું... અહીં શેઠાઈ અને કાં તો મકાન કરવા કે દેરાસર કરવા કે અપાસરા કરવા, કાં ધર્મશાળા કરવી. એમાં પોતે કાંઈક કરીએ છીએ એમ માને પાછો.

મુમુક્ષુ :- ધર્મનું કામ છે.

ઉત્તર :- ધૂળેય ધર્મનું નથી. આહાહા..! એમાં વિકલ્પ થાય તેનો એ કર્તા થાય. ઓલું તો કરી શકતો નથી. એ તો જડની અવસ્થા પુદ્‌ગલની પરમાણુની છે. અને ઓલો ત્યાંથી શેઠાઈથી નવરો થાય તો અહીં પાછો શેઠ થાય. ભોગીલાલભાઈ!

અહીં તો કહે છે, પ્રભુ! તું એક વસ્તુ (છો) તો એક વાર નજર તો કર અને નજર કરવા જેવી છે એ શું ચીજ છે એનો તો નિર્ણય કર. વસ્તુ ચૈતન્યબિંબ જ્ઞાનનો બિંબ ચૈતન્ય સૂર્ય વસ્તુ છે. જ્ઞાનસ્વરૂપ કીધું ને આત્મા? એ કર્તા-ભોક્તા રહિત છે. એને રાગનું કરવું કે રાગનું ભોગવવું, આ કલ્પના જે સુખની થાય કે આ સુખ (છે), એ કલ્પના થવી અને એનું ભોગવવું એ વસ્તુમાં નથી. અજ્ઞાની અજ્ઞાનભાવે રાગનો કર્તા અને રાગનું વેદન ભોક્તા માની રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ફેરવવું પડે બધું આખું. આખી વાત ફેરવવી પડે એટલે આકરી પડે એને. આહાહા..! મકાનના બારી-બારણા કરે જે નંબરના એ ત્યાં ગોઠવે તો સરખું થાય. અને એ બારીની બહારનું ઉપર ગોઠવી દે અને ઉપરનું અહીં ગોઠવે

તો બધું છોડવું પડે. એટલે ઓલા નંબર લખે એ. નંબર લખે કે આ એકડો-બગડો આ એકડો-બગડો. સુતાર પણ ઓળખે. જ્યાંનું જ્યાં જેમ છે તેમ ગોઠવે તો મકાન સરખું થાય. એમ આત્મા જેવો જેમ છે તેમ દૃષ્ટિમાં લે તો એને સરખાઈ આવે અને શ્રદ્ધા થાય. સમજાણું?

કહે છે કે ભગવાન આત્મા,.. ભાઈ! તું આવો છો. એવી તારી દૃષ્ટિએ તેં તારા આત્માને જોયો નથી, જાણ્યો નથી, માન્યો નથી. એક વર્તમાનમાં દશા, અંશ, ઉઘાડ છે જ્ઞાનનો એ અને રાગ અને દ્વેષ એ હું, એમ માનીને તેનું પરિણમન કરીને, તેનું પરિણમન કરીને હું તેનો કર્તા અને એ મારું કાર્ય. આમ અજ્ઞાનભાવે દુઃખની દશાનો કર્તા થાય છે. સમજાય છે? જયંતિભાઈ! બહુ ઝીણું. આવું જૈન દર્શનમાં એમ હોય કે દયા પાળવી, વ્રત પાળવા. ભાઈ, આ બહુ પૈસાવાળા હોય તો પચાસ લાખ હોય તો દસ લાખ આપી દઈએ. એકદમ આપે નહિ એટલા બધા. પણ કદાચિત્ એમાંથી દસ લાખ આપી દે. પણ આપેય ખરો કો'ક. જુઓને, સોળ લાખ ખર્ચ્યાને હમણાં. પણ એથી ધર્મ નથી. એમાં રાગની મંદતા થઈ હોય તો પુણ્ય છે. અને તે પણ પુણ્ય મેં કર્યું એવી વૃત્તિ છે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- રૂપિયા ગયા અને..

ઉત્તર :- રૂપિયા ક્યાં પણ એના હતા તે ગયા? એ તો જડ હતા. વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- આપ્યા વિના જાય ક્યાં?

ઉત્તર :- એની મેળાએ જાય છે ઈ વાત છે કહે છે. જાય છે એની મેળાએ અને આણે દીધા એ કહેવાનો ભાષાનો વ્યવહાર છે. કેમ કે રજકણોમાં ક્રિયાવર્તી નામનો એક ગુણ છે. એ રજકણો પોતાને કારણે ક્ષેત્રાંતર અહીંથી ત્યાં જાય છે. બીજો માને કે મેં આપ્યા, એ અજીવનો ધણી થાય છે. ધણીનો ધણી થાય છે. અજીવનો ધણી અજીવ છે. એનો ધણી આ થાય છે. એ મિથ્યાદૃષ્ટિ ધણી થાય છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આહાહા..! એણે અંતરના ખેલમાં ખેલાડી આત્મા કોણ છે એવું એણે જોયું નથી. ઊંધો ખેલ કરી ને રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપ, વિકલ્પોની જાળ અને કાંઈક હું કરું છું, કાંઈક હું વધ્યો છું, કાંઈક હું આગળ છું. રખડવામાં. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા '**કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...**' વસ્તુની જ્યાં દૃષ્ટિ થાય. ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ કેવળજ્ઞાન પરમાત્માને જે થયા, અનંત દર્શન, આનંદ પરમાત્મા અરિહંતને થયું એ બધી દશાઓ થઈ ક્યાંથી? અંતરમાં પડી છે. પ્રવાહ અંદર શક્તિનું આખું સત્ત્વ છે એમાંથી કેવળ થાય છે. નહિ કે દયા, દાનના વિકલ્પથી ને નિમિત્તથી ને શરીરમાંથી. વસ્તુ એવી છે આખી પણ એ ચૈતન્યપિંડ જ્ઞાનનો દરિયો છે, સમુદ્ર છે. એમાંથી જ્ઞાન પ્રવાહ વહીને કેવળજ્ઞાન થાય છે. ત્યારે કહે છે કે કેવળજ્ઞાન થવા પહેલા પણ જે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુ છે એ જો એની દૃષ્ટિનો વિષય બનાવે તો એ ચીજ એવી છે કે કર્તા-ભોક્તા કરે. એને ભોગવે એ વસ્તુમાં છે નહિ.

એ તો ઠીક પણ '**બંધમોક્ષની રચનાથી રહિત છે,...**' આહાહા..! વસ્તુ જે છે ધ્રુવ ચિદાનંદ નિત્યાનંદ નિત્ય.. નિત્ય... નિત્ય.. એવો જે દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય એ ચીજમાં આ બંધન રાગનું છે અને રાગનો અભાવ કરીને મોક્ષ થાય છે. એવી પર્યાય છે, એ બે જાતની પર્યાય છે. એ પર્યાય એક સમય સમયની અવસ્થા છે. વસ્તુ છે તે બંધ-મોક્ષની પર્યાય રહિત છે. આરે..! સમજાણું કાંઈ? કેમ કે રાગનું અટકવું એ બંધન છે અને રાગનો અભાવ કરીને પર્યાય નિર્મળ પ્રગટ થવી તે મોક્ષ છે પણ એ મોક્ષ અવસ્થા પણ એક સમયની છે અને બંધ પણ એક સમયનો (છે). બંધનો વ્યય અને મોક્ષની ઉત્પત્તિ, એ બે ઉત્પાદ અને વ્યય ધ્રુવ સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એવો ચૈતન્ય ધ્રુવ વજ્રનો બિંબ આત્મા, એની દૃષ્ટિ કરતાં દૃષ્ટિવંત અને દૃષ્ટિનો વિષય તે બેય રાગ-દ્વેષના કર્તા તો છે નહિ, ભોક્તા છે નહિ પણ બંધ-મોક્ષની રચનાથી પણ જેની દૃષ્ટિના વિષયમાં ધ્રુવ પડ્યો છે એ બંધના વિષય બંધ અને મોક્ષની પર્યાયથી રહિત છે. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે ને ઓલો? દ્રવ્યસંગ્રહમાં નહિ? કે ભાઈ, પુરુષ છે આમ ઊભો. એક પુરુષ છે આમ. હવે એને એક ઠેકાણે બાંધ્યો હોય થોડો. બેડીએ. અને એ બેડી તોડી. તો તો એક ક્ષણ આખા સ્વરૂપમાં, આખા શરીરમાં એક ક્ષણમાં ક્યાંક આમ બેડી હતી એ છૂટી. એટલું. એ પુરુષ જે આખો છે એ બંધાણો નથી અને આખો છૂટ્યો પણ નથી. આખો બંધાય તો અભાવ થઈ જાય. આખો છૂટે તો શું (આખો) બંધાયેલો હતો તે છૂટે? સમજાણું કાંઈ? વાત જ તે વીતરાગની એવી ઝીણીને.

કહે છે કે વસ્તુ જેમ ધ્રુવ.. ધ્રુવ.. ચૈતન્યબિંબ પિંડ (છે). વર્તમાન ઉત્પાદ વ્યયની જે પર્યાય છે એ પર્યાય છે-અવસ્થા છે, એ વિનાની ચીજ ધ્રુવ તેમાં બંધ અને મોક્ષની રચનાની પર્યાયનો પણ ધ્રુવમાં અભાવ છે. વલ્લભદાસભાઈ! સમજાય છે કાંઈ? સમજાય એવું છે હોં! ન સમજાય એવી ચીજ નથી. પણ એણે દરકાર કરી નથી. અરે.. મારું શું થશે? હું ક્યાં જઈશ? અહીંથી ક્યાં જઈશ? વસ્તુની સ્થિતિનું વસ્તુનું શરણ નહિ મળે તો શરણ ક્યાં છે? સમજાય છે કાંઈ?

ભગવાન આખો ચિદાનંદ કંદ પ્રભુ, જેવો વીતરાગે પ્રગટ કર્યો પર્યાયમાં એવો જ એ વસ્તુનો સ્વભાવ અંદર ત્રિકાળ છે. એવી ત્રિકાળી વસ્તુ દૃષ્ટિનો વિષય કરીને, શુદ્ધનયે શુદ્ધને જોઈને જે આત્મા જાણ્યો એ આત્મા તો કર્તા-ભોક્તા વિકારનો તો છે નહિ, પણ તે બંધ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મોક્ષની પર્યાયને રચે એ વસ્તુમાં નથી. તો સમ્યગ્દષ્ટિ જીવ પણ વસ્તુની દૃષ્ટિ કરતા કર્તા-ભોક્તા નથી અને પર્યાયને આને ટાળું અને આને ઊપજાવું એવી દૃષ્ટિ એની હોતી નથી. સ્વરૂપમાં એકાકાર થતાં રાગાદિ ટળી જાય છે અને નિર્મળ દશા થઈ જાય છે. સમજાણું કાંઈ? મોક્ષની પર્યાયને કરું એવું એ જ્યાં ધ્રુવ ઉપર દૃષ્ટિ છે, ધ્રુવ ચૈતન્ય વસ્તુ (છે) એ દૃષ્ટિમાં વિકારનો અભાવ થઈ જાય છે, નિર્વિકારી દશાની ઉત્પત્તિ થઈ જાય છે. બંધ અને મોક્ષની અવસ્થાથી પણ ધ્રુવ તો રહિત છે. કહો, વજુભાઈ! આહાહા..!

'**પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે,...**' શુદ્ધની વ્યાખ્યા કરે છે. ભગવાન આત્મા આ શરીર, કર્મના રજકણો જે માટીના કર્મ આદિના એનાથી તો રહિત જ છે, પણ પરભાવોથી રહિત છે. પરભાવ એટલે વિકલ્પો જે વૃત્તિઓ ઉઠે છે શુભાશુભ, એનાથી પણ સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ ચૈતન્ય પિંડ છે. આહાહા..! એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિથી.

'**પોતાના સ્વરસના પ્રવાહથી...**' પોતા એટલે આત્માના જ્ઞાન, આનંદ આદિ શક્તિનો રસ એટલે સ્વભાવ એનો પ્રવાહ એટલે ધ્રુવ એમ ને એમ રહેવું. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. ધ્રુવ. જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. સમજણ હોં! જ્ઞાનગુણ જ્ઞાનગુણ. જ્ઞાન એટલે આ બહારનું (જ્ઞાન નહિ). ચીજ નહિ. જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ... જ્ઞાનસ્વભાવ... દર્શનસ્વભાવ... દર્શનસ્વભાવ... આનંદસ્વભાવ... આનંદસ્વભાવ... એવો જે જ્ઞાન આદિના સ્વરસમાં બધા ગુણના સ્વરસના પ્રવાહથી એમ ને એમ ટકતો '**પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે...**' પૂર્ણ દેદીપ્યમાન શોભતો-ઓપતો એવો જ્યોતિરૂપ ભગવાન આત્મા છે. આહાહા..! કહો, સમજાણું આમાં? આ સમ્યગ્દર્શનનો વિષય.

અહીં તો સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રને માનો. જાવ સમ્યગ્દર્શન. થઈ રહ્યું, માથાકૂટ મટી ગઈ. એમ નથી ભાઈ! એવા તો દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. અહીં કીધું ને? પરદ્રવ્યથી તો રહિત છે. અને પરદ્રવ્યના ભાવ એના તરફનો ઉત્પન્ન થાય વિકલ્પ શ્રદ્ધા આદિનો રાગ એનાથી પણ રહિત છે. સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ આ પાંચમા આરે. આ બધી હા.. હો..ની હરિફાઈ છે. જુઓને. ધર્મને નામે કેટલી હરિફાઈ છે! ધમાધમ ચલી. યશોવિજયજી કહે છે ને? ધર્મને નામે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે. આ તો આ કરો, શાંતિયજ્ઞ કરો. શું કહેવાય છે બધું? આપણે બહુ આવડતું નથી. ભોગીલાલભાઈને આવડે. શાંતિસ્નાત્ર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્હંત પૂજન, સિદ્ધચક્ર પૂજન. હવે પણ આ ભગવાન કોણ છે એને તો જો હવે. એ પૂજન બધા થયા.

મુમુક્ષુ :- ... હોમ ને હવન ને એ બધું આવે.

ઉત્તર :- એ બધું ચાલે. ચાલે. સંસાર એમ જ ચાલે. એ તો શુભરાગ હોય તો એ ક્રિયા થવાની હોય તો થાય. એની સાથે ધર્મને શું છે? સમજાણું કાંઈ? આહાહા..! જગતને બહારથી સંકેલીને અંદરમાં આવવું ભારે કઠણ પડે. બહાર પાંચ-પાંચ હજાર માણસ ભેગા થાય, દસ હજાર. બખબખિયા ચાલે સરખાઈના. ધૂન વાગે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો બધો વિકલ્પ છે. એ તો રાગની વૃત્તિનું ઉત્થાન વિકલ્પ છે. પુણ્યભાવ છે, ભલે શુભ હોય તો પુણ્યભાવ છે. ધર્મ નહિ.

મુમુક્ષુ :- ઈ ધર્મ નહિ, એ...

ઉત્તર :- ધર્મ નહિ. ધર્મ તો વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજમાં અંતર એકાગ્ર થતાં જે દશા પ્રગટે તેને ધર્મ કહીએ. કહો, સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ!

‘**પોતાના સ્વરસ...**’ એટલે પોતાનું સત્ત્વ. વસ્તુ છે ને એનું સત્ત્વ એટલે જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો જે સ્વરસ, એનો પ્રવાહ એટલે એમ ને એમ રહેવો. એનાથી ‘**પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે...**’ વસ્તુ જ્યોતિરૂપ ચૈતન્ય સર્વજ્ઞ ભગવાને પ્રગટ કર્યો એવો ધ્રુવ સ્વરૂપમાં એવો ને એવો છે. ‘**અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.**’ એવો ને એવો મહિમાવાળો. એમાં કાંઈ ખોડખાપણ આવી નથી. સાતમી નરકમાં રહ્યો અનંત વાર તો એવો ને એવો ધ્રુવ સ્વરૂપ અસંખ્યી પ્રદેશી આનંદકંદ છે. આ નિગોદમાં રહ્યો તોપણ એવો ને એવો ધ્રુવ છે. પર્યાયમાં-અવસ્થામાં ઘાલમેલ થઈ. વસ્તુમાં કાંઈ ફેરફાર છે નહિ. આહાહા..! સમજાય છે?

પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવના મુખમાંથી આ વાત આવે છે. ઇન્દ્રોના સમક્ષમાં સમવસરણમાં પ્રભુ એમ કહેતા હતા. એ વાત આ છે. ભાઈ! તું પ્રભુ છો ને નાથ! તારામાં પૂર્ણ દેદીપ્યમાન અનંત ગુણથી શોભાયમાન વસ્તુ તું છો. એવી જ્યોતિ ચૈતન્યજ્યોત તું છો. ‘**અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.**’ એવી ને એવી તારી મહિમા. મહિમામાં કોઈ દિ’ ઊણપ અને ખામી આવી નથી. વસ્તુમાં ઊણપ અને ખામી નહિ. એ તો પર્યાયમાં-અવસ્થામાં રાગ-દ્વેષ મારા ને આ કરું, તે કરું. એ તો બધા પર્યાયના ખેલ છે. વસ્તુમાં કાંઈ છે નહિ. એવી વસ્તુની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા..!

‘**એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**’ લ્યો! એવો ભગવાન આત્મા પોતાની જે સંપદા ચૈતન્ય શુદ્ધ છે એવો શુદ્ધપણે પર્યાયમાં પ્રગટ થાય છે. એની વ્યાખ્યા કરે છે.

‘**હવે સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, આત્મા કર્તા-ભોક્તાભાવથી**

**રહિત છે એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :-**' લ્યો! ૧૯૪ શ્લોક. ઉપર છે.

**कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।**
**अज्ञानादेव कर्तायं तदभावदकारकः।।१९४।।**

બહુ એક નાના શ્લોકમાં તો ઘણું રહસ્ય ભર્યું છે.

'**શ્લોકાર્થ :- કર્તાપણું...**' પુણ્ય-પાપના વિકલ્પનું કરવાપણું, પરિણમવાપણું, પરિણમવાપણું '**આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી,...**' ચિત્સ્વરૂપ આત્મા, ભગવાન જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એનો, રાગનું પરિણમવું એટલે રાગનું કરવું એ એનો સ્વભાવ નથી. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે, શુદ્ધપણે પરિણમવું એનો સ્વભાવ છે, ભાઈ! રાગપણે પરિણમવું એ એનો સ્વભાવ જ નથી. કરવુંનો અર્થ એ કે પરિણમવું એનો સ્વભાવ નથી. આહાહા..! ભારે વાત! આ તો હજી વ્યવહાર એ મોટો ધર્મ થઈ પડ્યો. કાંઈક વ્યવહાર શ્રદ્ધા, કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પાઠ કરે તો જાણે ઓહો..! ભારે ધર્મ થઈ ગયો. લ્યો! અરે..! જીવન ગયા, ભાઈ! એ જીવન ચાલ્યા જાય છે. આવા અવસર મળ્યા, માંડ માંડ મનુષ્ય થયો છે ઈ. અને એમાં કરવાનું આ છે. એ જો ન કર્યું (તો) ધોયેલ હાથે એમ ને એમ ચાલ્યો જશે. કાંઈ સાથે આવવાનું નથી. એ અજ્ઞાન અને મમતાના પરિણામ છે એ સાથે આવશે. કારણ કે એમાં તન્મય થયેલો છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા રાગનો, પુણ્યનો વિકાર એ રૂપે થવું, એ રૂપે પરિણમવું એ વ્યવહાર દયા, દાનના વિકલ્પનું કર્તાપણે પરિણમવું એ વસ્તુનો સ્વભાવ નથી. '**જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.**' ભગવાન આત્મામાં એ અનુકૂળ ચીજનું લક્ષ કરી અને હું સુખી છું એવો જે સુખનો રાગ, એનું ભોગવવું સ્વરૂપમાં નથી. એ અજ્ઞાનપણે ઊભું કરેલું છે. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એકલા નિજ સ્વભાવના રસના પ્રવાહનું પુર આત્મા. નિજ શુદ્ધ સ્વભાવના ગુણનું પુર આત્મા. એવો આત્મા, એવો ને એવો. એ પુણ્ય-પાપના, દયા-દાનના વિકલ્પ જે છે એ રૂપે પરિણમવું એ વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુનું સ્વરૂપ હોય તો તો કોઈ દિ' વિકાર ટળીને શાંતિ થાય નહિ. સમજાણું કાંઈ? દાખલો કેનો આપે છે? કે '**ભોક્તાપણું સ્વભાવ નથી.**' એમ કીધું. હરખ-હરખ. હરખ-શોકનું વેદવું એ આત્માનો સ્વભાવ નથી. છે ને? '**જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.**' કાંઈ હરખ-શોકને વેદે એ સ્વભાવ આત્માનો હોય? એ તો હરખ-શોક તો દુઃખરૂપ પર્યાય છે. દુઃખરૂપ દશા છે. દુઃખરૂપનું ભોગવવું એ આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન તો શુદ્ધ આનંદકંદ છે ને. એ આનંદને ભોગવે, અતીન્દ્રિય આનંદને ભોગવે એવો એનો સ્વભાવ છે. અને એ અતીન્દ્રિય આનંદને રચે, પરિણમે એવો એનો સ્વભાવ છે. પણ કાંઈ આ રાગ-દ્વેષને કરે અને હરખ-શોક (ભોગવે)? કેમ છે? મજા છે. એમાં કોઈ પાંચ-પચાસ લાખ હોય અને વળી એમાં પાંચ લાખ વધ્યા હોય, દસ લાખ પેદા થાય. એકદમ પૈસા પેદા થાય.

મુમુક્ષુ :- દિવાળીમાં..

ઉત્તર :- દિવાળીમાં નામા લખે છે બધા કે આટલા પેદા કર્યા, પચાસ લાખ હતા એના દસ લાખ વધ્યા, પાંચ લાખનો ખર્ચ ગયો એમ કરીને પંદર લાખ થયા. પાંચમાંથી દસ લાખ (થયા). ધૂળેય નથી, સાંભળને! દુઃખી છો. એય.. ભગવાનજીભાઈ! આપણી પાસે જુઓ વીસ લાખ તો હતા. એમાં આ દસ લાખ વધ્યા અને બે-ત્રણ લાખનો ખરચ ઉપરાંત નીકળી ગયો. છોકરાઓ હુશિયાર ને. છોકરાઓ હુશિયાર. લ્યો, પોતે નવરો થાય તો છોકરો હુશિયાર હોય તો એના વખાણ કરે. મફતમાં અંદર હરખ અને શોક કરે છે, કહે છે. એ શોકનું વેદન આત્માનો સ્વભાવ છે? દુઃખ, શોક તો દુઃખ છે અને હરખ કરવો એ દુઃખ છે, આકુળતા છે. આકુળતાનું વેદન-અનુભવ એ જીવનો સ્વભાવ છે? આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યનું ફળ ભોગવે છે ને.

ઉત્તર :- ધૂળેય ભોગવતો નથી. દુઃખ ભોગવે છે. આહાહા..!

ભાઈ! આ તો તત્ત્વની વાત છે. આ તો મૂળ મર્મની વાત છે. વીતરાગ સર્વજ્ઞ પમરેશ્વર એના મૂળ ધર્મની વાત છે. એ વાત ઝીણી જ હોય, ગંભીર હોય, અચિંત્ય હોય, અપૂર્વ હોય. અહીં તો પરમેશ્વર વીતરાગદેવ એમ કહે છે, ભાઈ! આત્મા જેને કહીએ અમે. એક સમયની અવસ્થા વિનાની જે ચીજ છે. અવસ્થા ભલે હો, પણ એ અવસ્થા તો એક સમયની દશા છે. એ સિવાયનું તત્ત્વ જે ધ્રુવ ચિદાનંદ પ્રભુ, શું એનો સ્વભાવ રાગનું વેદન કરવું અને રાગને કરવું એવો એનો સ્વભાવ હોય? વસ્તુ સ્વભાવ તે એવો હોય? સમજાણું કાંઈ? હરખમાં આવવું અને શોકમાં આવવું, ભગવાન! એ કાંઈ આત્માનો સ્વભાવ છે? આહાહા..! સમજાણું કાંઈ?

'**ભોક્તાપણું સ્વભાવ નથી.**' ત્યારે કહે, આ ઊભું શું થયું? '**અજ્ઞાનથી જ તે કર્તા છે,...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ છે, એનું જ્યાં ભાન નથી, અજ્ઞાન છે. અ-જ્ઞાન ભાન નથી. ત્યાં આગળ રાગ ને પુણ્યની વિકલ્પની વૃત્તિઓનો કર્તા થાય છે. એ અજ્ઞાનનો અભાવ થતાં કર્તા.. ભોક્તા લઈ લેવું. અજ્ઞાનથી તે કર્તા થાય છે. સ્વરૂપ ચિદ્રૂપ જ્ઞાનઘન આનંદ, એના અજ્ઞાનથી, પોતાના ભાન વિના એ પુણ્યાદિના વિકલ્પનો કર્તા અને એ વિકલ્પનો

ભોક્તા અજ્ઞાન દ્વારા થાય છે. વલ્લભદાસભાઈ! ભારે ઝીણું ભાઈ!

મુમુક્ષુ :- અજ્ઞાન ઉપર વજન આવ્યું.

ઉત્તર :- એ પણ અજ્ઞાન અને જ્ઞાન બે ચીજ (છે). બીજી ચીજ શું છે?

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એનું છે. એના સ્વરૂપને ભૂલી અજ્ઞાનમાં એટલે વસ્તુના ભાન વિના એ શુભ-અશુભ વિકલ્પ ઉઠે એનો કર્તા થાય છે. એ અજ્ઞાનથી કર્તા (થાય છે). વસ્તુમાં કર્તાપણું નથી. વસ્તુના ભાન વિના રાગપણે પરિણમવું અને સુખી થાઉં છું હરખ-શોક (થાય) એને ભોગવવું એ અજ્ઞાનને કારણે છે. વસ્તુના સ્વભાવ અને વસ્તુની દૃષ્ટિમાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ ધર્મી તેને કહીએ કે જેને જગતના અનુકૂળ, પ્રતિકૂળતાના રાગ અને દ્વેષની વૃત્તિનું વેદન જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્યાં શુદ્ધ ચૈતન્યનો બિંબ પ્રભુ, એની જ્યાં દૃષ્ટિ થઈ એ ધર્માત્મા, નથી રાગનો પરિણમનારો, નથી હરખ અને શોકનો વેદનારો. આહાહા..! ધર્મીની વસ્તુ, ધર્મી એવો જે ત્રિકાળ આત્મા, એની દૃષ્ટિ થતાં જે ધર્મી થયો, તે ધર્મીનો આત્મા સ્વભાવ શુદ્ધનો પરિણમનાર અને શુદ્ધનો વેદનાર થયો છે. એ અશુદ્ધનો પરિણમનાર અને અશુદ્ધનો વેદનાર, ધર્મી અને ધર્મીના દૃષ્ટિનો વિષય બેય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનથી જ તે કર્તા છે,...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એના અંતર મહિમાના ભાન ન આવ્યા અને એને પર વસ્તુનું, રાગ-દ્વેષના પુણ્યની મહિમા આવતા એ અજ્ઞાનથી તેનું પરિણમન રાગનું કરે છે અને અજ્ઞાનથી હરખ-શોકનું ભોગવવું-અનુભવવું-વેદવું-એ અજ્ઞાન મિથ્યાત્વથી કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાનનો અભાવ થતાં...**' વસ્તુ શુદ્ધ ભગવાન આત્મા, એનું અંતર જ્ઞાન થતાં એટલે કે અજ્ઞાનનો અભાવ થતાં, એટલે કે શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા તેનું અંતર જ્ઞાન થતાં એ રાગનો અકર્તા અને હરખ-શોકનો અભોક્તા છે. સર્વવિશુદ્ધ અધિકાર છે ને! એકદમ સર્વવિશુદ્ધ. ટોટલ માખણ લઈને મૂક્યા છે. ઘણાંને તો એવું લાગે. આ તો એકદમ નિશ્ચય-નિશ્ચય. પણ નિશ્ચય એટલે સાચું. આમાં કાંઈ વ્યવહાર કરીને થાય, વ્યવહાર કરીએ તો થાય એવું તો આવતું નથી. પણ વ્યવહાર એટલે વિકલ્પ રાગ. રાગને કરે ને આત્મા થાય? આત્મામાં છે નહિ રાગનું કરવું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારનું કરી શકાય એ વ્યવહાર.

ઉત્તર :- બહારની તો વાત પણ ક્યાં હતી ધૂળની. બહાર કોણ મીલ-બીલ ચલાવી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શકે છે? ભોગીલાલભાઈએ કર્યા હશે મીલને? કેમ વલ્લભદાસભાઈ! હુશિયાર થઈને ભરૂચમાં દુકાન ચાલે છે ને? એમની દુકાન ચાલે છે કે નહિ? વિકલ્પ કરે. દુકાનનું અમે ધ્યાન રાખીએ છીએ. કોણ છે કે નહિ? તમારે ઓલો છે ને કોણ? ફતેચંદભાઈ? કોણ છે કો'ક?

મુમુક્ષુ :- ફકીરભાઈ

ઉત્તર :- ફકીરભાઈ. એ ત્યાં આવ્યા હતા, પાલેજ આવ્યા હતા. હમણાં ગયા હતા ને આઠ દિ' પાલેજ? ત્યાં. મંદિરનો હતો ને દસ વર્ષનો મહોત્સવ. આવ્યા હતા. પણ આ ફેરે કાંઈક કહેતા હતા પછી હોં. આઠ દિ' રહ્યા હતા. કાંઈક બીજું લાગે છે. બેસે તો પોતાની માન્યતાથી બેસે તો જાણે કાંઈક અમે ધર્મ કરીએ છીએ. આહાહા..! ફકીરચંદભાઈ. ક્યાં છે ને? મૂળ ક્યાંના છે?

મુમુક્ષુ :- ભરૂચના.

ઉત્તર :- આ ફેરી કહેતા હતા કે વાત આ તો બીજી છે. વાત જ બીજી છે ને. સાંભળી નથી, .. નથી. અને અદ્ધરથી ભડકે. ભોગીલાલભાઈ! ઈ વાત ભાઈ કહે છે.

મુમુક્ષુ :- પછી ન ભડકે.

ઉત્તર :- પછી ન ભડકે? વાત સાચી. પછી તો એને ગોઠતું જાય ને. આ સત્ય છે, આ ન્યાય છે. એમ લાગતું જાય ને એને. પણ સાંભળે જ નહિ પહેલું. એય.. નિશ્ચયની વાત છે (એમ કરીને) ભડકે.

મુમુક્ષુ :- કહેનાર...

ઉત્તર :- એ તો એની પાસે હોય એ કહે ને? બીજું હોય શું તે કહે? કૂવામાં હોય એ અવેડામાં આવે. કૂવામાં હોય પાણી અને ઓલામાં .. નીકળે? આહાહા..! બહુ ચીજ એવી.

'**અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.**' આ એક જ સિદ્ધાંત. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ, એનું અંતર જ્ઞાન થતાં એ રાગ અને રાગનો ભોક્તા છે નહિ. રાગનો કર્તા પણ નથી અને રાગનો ભોક્તા પણ નથી. એ રાગનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. પોતાના જ્ઞાનમાં પરિણમે છે દર્શન, જ્ઞાન અને આનંદરૂપ. બસ. આહાહા..!

'**હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :-**' આ ગાથાઓ ક્રમબદ્ધની. વલ્લભદાસભાઈ! આ ક્રમબદ્ધની ગાથાઓ મોટી. હિન્દુસ્તાનમાં હગભગ થઈ ગયું છે ને? આ ગાથા આવી છે તાકડે. ૩૦૮-૩૦૯. ગાથા મૂળ.

**दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।**
**जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।**

**जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।**
**तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।**
**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।**
**कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।**
**उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।**

નીચે હરિગીત.

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**

ગુણ શબ્દે પર્યાય છે. ત્રિકાળ અને વર્તમાન આમાં ક્રમબદ્ધ ઊભું થાય છે. વિશેષથી.

**જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**

ભગવાન પરમેશ્વરે આગમમાં કહ્યા ઈ.

**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

મથાળુ શું છે એનું? જુઓ! '**આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :-**' એનું મથાળું છે. છે ને? સંસ્કૃત એ છે. '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति-**' આ ક્રમબદ્ધ જે કહેવામાં આવે છે અહીંથી. દરેક દ્રવ્યની પર્યાય ક્ષણે ક્ષણે જે પરિણામ થાય,.. પરિણામીનું પરિણામ... આમ છે. કર્તાનું પરિણામ. પરિણામ-કર્મ. કર્તાનું પરિણામ કર્મ. બસ, કર્તાનું પરિણામ કર્મ... કર્તાનું પરિણામ કર્મ. આ તો ઓલા કહે છે ને પરિણામની વાત છે. પણ પરિણામમાં પણ આમ છે. પરિણામમાં પણ કર્તા, પરિણમનારો, પરિણામ, પરિણમનારો પરિણામ... પરિણમનારો પરિણામ... પણ આમ ક્રમબદ્ધ થઈ ગયું છે બધું.

જે પરિણામરૂપી પર્યાય તેનો પરિણમનારો તે વખતનો આત્મા. એ દ્રવ્ય તે પરિણામે પરિણમતું અનન્ય છે. એ પરિણામ અન્ય એનાથી જુદા નથી. એટલે એ થયું કે જે કર્તા પરિણામી છે તે પરિણમતો, જીવ કે અજીવ હો, પરિણામી પરિણમનાર, પરિણમનાર.. દ્રવ્ય દ્રવે છે.. દ્રવે છે.. એ વર્તમાન પરિણામને પરિણમે છે. એ વર્તમાન પરિણામ અને આ પરિણમનાર બે અભિન્ન છે. એમ ને એમ અભિન્ન અભિન્ન એમ ને એમ અનાદિઅનંત છે.

મુમુક્ષુ :- ૧૩ વ્યાખ્યાન થયા હતા.

ઉત્તર :- ૧૩ વ્યાખ્યાન થયા હતા એક ફેરી. બે બીજી વાર થયા હતા. અને આમ ૧૫મી વાર ચાલે છે. એ ૧૬મી વાર થઈ ગયું તે દિ'. અને સભામાં ૧૫મી વાર ચાલે છે આખું સમયસાર. એ ૧૬મી વાર નવું લીધું હતું. શેઠિયા હતા ને? સમજાણું કાંઈ? આ તો ઓલા ક્રમબદ્ધનું ના પાડે એટલે એક બીજો તર્ક ઉઠ્યો મગજમાં.

પરિણામીનું પરિણામ. પરિણામ આમ. પરિણામીનું પરિણામ. પરિણામી પછી. એ જ પરિણામ અને એ જ પરિણમનારો. એ જ પરિણામવાળો પરિણામ... એ પરિણામવાળો એ પરિણામ... એ પરિણામવાળો પરિણામ... એ પરિણામવાળો એ પરિણામ... એય..! આહાહા..!

કહે છે, ભગવાન આત્મા એનું અકર્તાપણું દર્શાવે છે. ઓહો..! સંતોએ જંગલમાં રહીને સત્યને પ્રસિદ્ધ કરવાની કેટલી યુક્તિ દ્વારા પ્રસિદ્ધ કર્યું છે! સમજાય છે? કરુણાબુદ્ધિથી જગત આ તત્ત્વને સમજે, એવા ભાવથી આવ્યો વિકલ્પ તો શાસ્ત્રો રચાઈ ગયા. અહો..! ચોર્યાસીના અવતારમાં રખડતો પ્રાણી ક્યાંય એને શરણ નથી. શરણ ચીજ શું છે એને શરણવાળી ચીજ શું પરિણમે છે વર્તમાન? એ સ્વતંત્ર કર્મનું કાર્ય એનો કર્તા તે સ્વતંત્ર પોતે છે. સમજાય છે કાંઈ?

આવી દૃષ્ટિ થતાં તેના પરિણામ અને પરિણામી, એમ જ્યારે કર્તા પરિણમનારો પરિણામથી અનન્ય છે. એમ નક્કી થતાં એ બધું ક્રમસર પરિણમે. એનું પરિણમનારો પરિણમન પરિણામનારનું પરિણમન એનું. એમ થતાં એની દૃષ્ટિ કર્તા એવો દ્રવ્ય શું છે એના ઉપર જાય છે. એ દ્રવ્ય છે એ રાગ અને પરની ક્રિયાનો કર્તા નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- પ્રથમ તો...**' મૂળ પાઠ. મોટી ટીકા (છે). આના ઉપર આખી ચર્ચા ચાલી છે. આ શબ્દ બતાવ્યો હતો. એક પંડિત હતા, દેવકીનંદન. બહુ શાસ્ત્રના જાણનાર, દિગંબર. પહેલા જ્યારે આવ્યા ત્યારે આ શબ્દ બતાવ્યો હતો. જુઓ! કીધું શું કહે છે આ? સંસ્કૃત છે ને પહેલું ઉપર? '**जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो**' બસ, એક લીટીમાં તો ઘણું ભર્યું છે. એને વાંચતા તો એમ કીધું, ઓહો..!

મુમુક્ષુ :- આગમચક્ષુ.

ઉત્તર :- આગમચક્ષુ સાધુ. સાધુ કોને કહેવા? કે જેને આગમની આંખ હોય. અમે બધા પંડિતો આ રીતે કોઈએ વાંચ્યું નથી. એ તો કાશીમાં ભણેલા મોટા દિગંબરના પંડિતો બહુ હુશિયાર છે. અઢીસો પંડિત લગભગ છે અત્યારે. એ બિચારા ગુજરી ગયા. આવ્યા હતા. શેઠની સાથે આવ્યા હતા. હુકમીચંદ શેઠ આવ્યા હતા ને? સર હુકમીચંદ, એની સાથે આવ્યા હતા. પછી ગુજરી ગયા ઈ.

ભાઈ! આહાહા..! અત્યારના પંડિતો એ બધાય નિમિત્તની પ્રધાનતાથી થાય એ રીતે અમે બધાએ વાંચ્યું છે. પોતાથી થાય સ્વતંત્ર એ અમે વાંચ્યું જ નથી એમ કહેતા હતા બિચારા. ભોગીદાસભાઈ! એ બિચારો સરળ હતો. એક પંડિત હતા. શેઠની સાથે આવ્યા હતા. હુકમીચંદજી આવ્યાને પહેલા? (સંવત) ૨૦૦૧ની સાલમાં આવ્યા, પછી બીજી સાલ આવ્યા, પછી ત્રીજી સાલ. ત્રીજી વખતે હતા? ત્રીજી વખતે હતા. ત્રીજી સાલમાં. પહેલા એકની સાલમાં આવ્યા, પછી બીજી અને ત્રીજી સાલમાં સાથે હતા. સરળ માણસ. આ જે તમે કહો છો એ રીતે તો અમે શાસ્ત્ર વાંચ્યા (નથી), કોઈ પંડિતે વાંચ્યા નથી. એમ બિચારો કહેતો હતો હોં! મોટો પંડિત હોં!

બાપુ! શાસ્ત્રને વાંચવાની અંતર સ્વતંત્ર દૃષ્ટિ જોઈએ. સમજાય છે? અને એ ગુરુગમ વિના સમજાય એવું નથી. આ વસ્તુ આ તો વીતરાગના પેટ છે. સમજાય છે? સર્વજ્ઞના રહસ્ય છે. કેવળજ્ઞાની પરમેશ્વર, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. આહા..! એવી પોતાની પર્યાયને જોઈ એણે તો. એમાં ત્રણ કાળ ત્રણ લોક એમાં જણાઈ જાય છે. એના મુખથી ઈચ્છા વિના નીકળેલી વાણી છે. એને ઈચ્છા હોતી નથી. વીતરાગને ઈચ્છા હોતી નથી. એણે કહેલું તત્ત્વ દ્રવ્યાનુયોગ દ્રવ્ય. છ દ્રવ્યો ભગવાને જોયા, એ છ દ્રવ્યની પર્યાય કેમ થાય છે? એનો કર્તા પોતે સમયે સમયે પરિણામને કરે તે પરિણામ તેનાથી જુદા નથી. વર્તમાન અને ત્રિકાળ બે એક જ આમ કરી નાખ્યું. ત્રિકાળ કરનારો અને પરિણામ વર્તમાન. ત્રિકાળ કરનારો દ્રવ્ય અને વર્તમાન પરિણામ. આ એક આ પ્રમાણે અનાદિથી કર્તાનું કર્મ ચાલે છે. એના પરિણામને કોઈ બીજો કરે કે બીજાના પરિણામને આ કરે એવું વસ્તુમાં છે નહિ. કહો, આ ધંધા-બંધા બધા સરખા કરતા હશે એ કોણ કરતું હશે? એય.. ભીખાભાઈ! હુશિયાર માણસ કરે કે નહિ? એ તમારી સામું જોવે છે. ઈજનેર છે એટલે મકાન-બકાન કરેલા છે એમ? આહાહા..!

અહીં તો કહે છે કે, વસ્તુ જે છે, ચાહે તો જીવ હો કે અજીવ હો, એ પરિણમનાર વર્તમાન પરિણામને પરિણમે, પરિણમનારું તેનું કાર્ય છે. પરિણમનારો તે કર્તા પરિણમનારો છે. બસ! આ રીતે આમ ને આમ અનાદિઅનંત (વસ્તુ છે). સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધ નક્કી થઈ ગયું. આહાહા..! પરિણમનારો એનું આ પરિણામ એમાં કાંઈ બીજો પરિણામ હોય? આ નહિ ને વળી આ. આ નહિ. એનો અર્થ શું પણ? તે કાળનો તે સ્વકાળમાં જે પરિણામ છે તેનો પરિણમનારો તે. પરિણમનાર કર્તા અને પરિણામ તેનું કાર્ય. સમજાય છે કાંઈ? એટલે કોઈપણ આત્મા સિવાયના કોઈ જડના પરિણામ આત્મા કરે એવું હોતું નથી. તેમ આત્માના પરિણામને બીજો કરે એમ રહેતું નથી. સમજાણું કાંઈ?

એટલે પ્રથમ શબ્દ પડ્યો છે. '**तावत्**' છે ને? માણસો વાતું કરતા ન કહે પહેલી? કે પહેલી વાત તો એ છે કે. કહો, આ શેઠિયા-બેઠિયા પહેલી વાતું કરતા એમ કહે. કોઈ પાસે દસ હજાર વીસ હજાર માગતા હોય તો. પહેલી વાત એ છે કે મૂળગી પુંજી લાવ. પછી જા.

મુમુક્ષુ :- મુળગી પુંજી ન દે તો કામનું શું?

ઉત્તર :- પણ વીસ વર્ષથી તમે ખાધું છે. ખાધું પણ પહેલી એકવીસ વર્ષનો વેપાર. પહેલી પુંજી લાવ પહેલી. પછી વાત વ્યાજની. આ વ્યાજમાં પૈસા જાશે અમારા પાંચ લાખ મારા. બે ત્રણ .. જશે આ? એમ થયું હતું ને? આ દામનગર નહિ? ગાયકવાડ સરકારે એવો કાયદો કાઢ્યો હતો. ૪૦-૫૦ વર્ષ પહેલાની વાત છે. એવો કાયદો કાઢ્યો હતો કે જેણે ૨૦ વર્ષ ખાધું હોય એ જમીન છોડી દો શેઠિયાઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ અહીં કાઢ્યો હતો. દામોદર શેઠ ગયા હતા પછી બિચારા. દામોદર શેઠ હતા ને? ભોગીલાલભાઈ! દામોદર શેઠ અહીં. દામનગર નહિ? આ જગજીવન ગોપાલની પેઢી, ભાવનગર. એ દામોદર શેઠ હતા. એ પછી બિચારા ગયા હતા ત્યાં દરબાર પાસે. એ કહે પણ અમારું બધું જાય છે. તો કહે, તમારે માટે એકલો કાયદો છે કાંઈ? ૨૦-૨૦ વર્ષથી મૂળિયાપાટ ગામ હતું. દસ હજારની ઊપજ. એ વખતની આ તો કથા છે. અને એ સિવાય પેદાશ મોટી ગૃહસ્થ માણસ હતા ને. આ તો બધું (જાય છે). ૨૦ વર્ષ જેણે ખાધું હોય એ સોંપી દ્યો ગરાસિયાને. સમૂળગુ સોંપી દો. હવે વ્યાજ-બ્યાજ કેવા?

એમ અહીં કહે છે કે મૂળગી મૂડીની વાત પહેલી લાવત. '**तावत्**' પ્રથમમાં પ્રથમ કહેવું હોય તો મૂળગી મૂડી દ્રવ્યની-પદાર્થની શું છે? દરેક પદાર્થ. આત્મા હો કે પરમાણુ હો. અહીં જીવની પહેલી વાત કરશે. પછી અજીવની લેશે. '**तावत्**' એટલે '**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...**' જુઓ! ક્રમબદ્ધ એવા. આ ક્રમબદ્ધ અમારે પંડિતજીએ શબ્દ મૂક્યો છે. એમાં ખળભળાટ (થઈ ગયો).

મુમુક્ષુ :- હોય એમાંથી મૂક્યો છે ને.

ઉત્તર :- આ પાઠમાં છે કે નહિ અંદર? '**क्रमनियमित**' શબ્દ પડ્યો છે. '**क्रमनियमित**' '**क्रमनियमित**'. '**नियमित**'નો અર્થ બદ્ધ કર્યો. પણ એણે મૂક્યો હશે તે દિ' ખબર નહિ હોય એને કે આ બધો ખળભળાટ '**क्रमनियमित**' માટે થાશે. આ અમારે પંડિત છે. ભોગીલાલભાઈ ખબર છે ને? હિંમતભાઈ. આ એમણે બનાવ્યા છે બધા શબ્દાર્થ શાસ્ત્રના. બહુ હુશિયાર છે. બહુ મગજ છે. સંસ્કૃત-વ્યાકરણ બધું બહુ (આવડે છે). કહો, સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલી એ વાત છે કે મૂળગી મૂડીની પહેલી એ ચીજ છે કે, આચાર્ય મહારાજ પહેલું ફરમાન કરે છે. '**જીવ ક્રમબદ્ધ...**' ક્રમે થતા પરિણામ ક્રમબદ્ધ. જેમ સાંકળ હોય ને સાંકળ? સાંકળમાં મકોડા હોય ને? મકોડા સમજો છો? એક મકોડા પછી બીજો, બીજા પછી ત્રીજો. એ જ્યાં હોય ત્યાં હોય. આડોઅવળો મકોડો ન હોય. આડોઅવળો થઈ જાય તો સાંકળ રહે નહિ. એમ માળા. માળા છે ને માળા? એ જે ઠેકાણે જે મણકો ત્યાં તે ત્યાં... ત્યાં... ત્યાં... ત્યાં.. એમ સળંગ. એમ ભગવાન આત્મા જે સમયનો મણકો એટલે પર્યાય, જે પર્યાય તેના ક્રમમાં આવવાની તે આવી. બીજે સમયે એવી આવવાની તે, ત્રીજે સમયે આવવાની હતી તે. એ પ્રમાણે પારા. આખો માળા આત્મા. અને સમય સમયના પરિણામ તે એનો મણકો. જે મણકો જ્યાં છે ત્યાં તે થશે. આડોઅવળો થશે નહિ. એક જણો એવો તર્કવાળો નીકળ્યો. એય..! આડોઅવળો કરી નાખીએ. અરે..! આડોઅવળો કરીશ તો માળા નહિ રહે, તૂટી જશે, મૂર્ખ. આની સામે તર્ક કરવા નીકળેને પાછા ઘણાંય? આવ્યું હતું ને નહિ કો'કનું? કો'કનું આવ્યું હતું, આપણને યાદ નથી. કો'કનું આવ્યું હતું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- (સંવત) ૧૯૯૯માં દાખલો આપ્યો હતો ને અહીંથી. ૯૯માં પ્રવચનસારનું કહ્યું હતું, પ્રવચનસાર. માળાનો મળકો જ્યાં છે ત્યાં છે. એમ આત્મામાં પૂર્વ અવસ્થા જ્યાં થવાની તે થઈ, ભવિષ્યમાં જે થવાની તે થવાની. એના ક્રમમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. સમજાય છે કાંઈ?

એ મૂળ જીવ ક્રમબદ્ધ. ક્રમે થતાં હારબદ્ધ. હારબદ્ધ પર્યાય ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમસર. જે પર્યાય જે સમયે જે રીતે થવાની, બીજે જે રીતે જેમ થવાની એમ ક્રમસર, ક્રમબદ્ધ, પ્રવાહપુર, પ્રવાહનું પુર પર્યાયનું જે છે લોઢ જેનો જે પર્યાયનો છે તે પર્યાય ત્યાં થવાની. સમજાણું કાંઈ? પાણીમાં લોઢ હોય છે ને? પાણીમાં લોઢ આવે ને મોટા? એક પછી એક પાણીનું મોટું પૂર આવેને તો લોઢ આવે. જે આ પ્રમાણે પહેલો લોઢ પછી બીજો, પછી ત્રીજો, ચોથો એમ ક્રમસર આવે. એમ આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની વર્તમાન દશાનું પરિણમન જે પર્યાયનો પ્રવાહ આવવાનો તે પર્યાય આવે. બીજે સમયે જે આવવાનો હોય તે આવે, ત્રીજે જે આવવાનો હોય એ જ પરિણામ ને એ જ પરિણામી, એ જ પરિણામ અને એ જ પરિણામી. સમજાણું કાંઈ? ત્રણે કાળ. પણ એવી દૃષ્ટિ કરનારો.. આવું જે થાય છે એની દૃષ્ટિ ક્યાં હોય? એની દૃષ્ટિ ક્રમસર પરિણામ થાય એના ઉપર ન હોય. જેમાંથી થાય કોણ છે એ? જ્ઞાયક ચૈતન્ય છું એવી દૃષ્ટિ થતાં ક્રમસર પરિણામનું તાત્પર્ય અકર્તાપણું ત્યાં પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- અકર્તાપણું સિદ્ધ કરવું છે.

ઉત્તર :- અકર્તાપણું સિદ્ધ કરવું છે. હું કરું તો થાય એમ છે નહિ વસ્તુમાં. અશુદ્ધ કરું તો થાય એ નહિ, પણ શુદ્ધ કરું એવો વિકલ્પ પણ નથી એનામાં. શુદ્ધ કરું તો થાય. શુદ્ધ તો થવાની. આમ જ્યાં દૃષ્ટિ આપી કે આ પરિણામ ક્રમસર ચાલે છે એ ક્રમસર ક્યા ઉપર? કે દ્રવ્ય ઉપર. તો દ્રવ્ય શું છે? એ દ્રવ્ય એટલે જ્ઞાયક ભગવાન. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં ક્રમસર પરિણામ થાય એમાં રાગાદિ થાય તેનો પણ અકર્તા થઈને જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હીરાભાઈ ગયા. હીરાચંદ માસ્તર... હીરાચંદભાઈ ત્યાં બેસતા. આ ચેતનજી બેસે છે ત્યાં. નજર ત્યાં (ગઈ તો ઈ) યાદ આવી ગયા. સમજાણું?

'**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' જીવ પોતાના પર્યાયથી. પરિણામો. બહુવચન છે ને? અનંતા ગુણોના પરિણામ છે ને? અનંતા ગુણોના પરિણામ છે ને? વસ્તુ એક અને ગુણ અનંત. એ અનંતના પરિણામથી. એ ગુણનો પ્રવાહ જે પરિણામ છે તે પરિણામથી. તે વસ્તુ તે પરિણામોથી '**ઊપજતો થકો જીવ...**' તે પરિણામથી ઊપજતો થકો, એ પરિણામ દ્વારા ઊપજતો થકો. દ્રવ્ય તો છે. એ '**પરિણામથી ઊપજતો થકો જીવ જ છે,...**' પોતાના પરિણામથી ઊપજતો થકો ક્રમસર જે પર્યાય થાય તે (પર્યાયે) ઊપજતો થકો તે પરિણામ તે જીવ જ છે. એ પરિણામ કોઈ પરના નથી. ભારે ઝીણું, ભાઈ! કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા એમાં અનંત ગુણ છે. સંખ્યાએ, હોં! ગણનાએ. એક, બે, ત્રણ એમ ગણનાએ અનંત છે. ગુણ. વસ્તુ એક, ગુણ અનંત. એ અનંત ગુણનો પ્રવાહ જે પરિણામે ઊપજે છે તે ઊપજતો થકો જીવ જ છે. એટલે એ બીજી ચીજ નથી. '**એ પરિણામોથી ઊપજતો થકો...**' તે પરિણામી '**જીવ જ છે,...**' એ બીજું રૂપ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એક જ

ઉત્તર :- એક જ અભેદ.

એમ જ્યાં દૃષ્ટિ થઈ કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના પ્રવાહે પરિણમતો થકો જીવ છે એમ નક્કી થનારને તે પરિણામ ઉપર દૃષ્ટિ ન રહે. પરિણમનારો કોણ છે? કે પરિણમનારો આત્મા. એ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એમ દૃષ્ટિ આપતા તેના પરિણામનો નિર્મળ પ્રવાહ વહે તે પરિણામનો તે કર્તા અને તે પરિણામ તેનું કાર્ય. છતાં કરું એ પરિણમન નથી. આહાહા..! નિર્મળ પરિણામ કરું એવું નથી. કેમ કે કર્તાના પરિણામ પ્રવાહપણે વહે જ છે. એમાં કરવું એમ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? બહુ ઝીણું.

મુમુક્ષુ :- કરું એ તો વિકલ્પ છે.

ઉત્તર :- વિકલ્પ છે. કરું? આમ કરું? એ તો તરત જ દૃષ્ટિ પર ઉપર ગઈ. પર્યાય ઉપર ગઈ. પર્યાયબુદ્ધિ થઈ. પરિણમનારો ભગવાન વસ્તુ પોતે પ્રવાહપણે પરિણમે છે એ પર્યાયનો ક્રમબદ્ધ પરિણમનારો આ છે. એમ આત્મા ઉપર (દૃષ્ટિ જાય છે). એ અકર્તાપણું સિદ્ધ કરવું છે. એવો એ ભગવાન આત્મા રાગાદિ કે પરાદિનો (કર્તા નથી). ... એ જીવ છે. આહાહા...! સમજાણું કાંઈ? એ આ શરીરના પરિણામને કરતો નથી જીવ, એમ કહે છે. એ પણ એના અજીવના પરિણામ એના ક્રમે પરિણમે આવે છે, એ પરિણામનો કર્તા એ અજીવ છે. આહાહા..!

મુમુક્ષુ :- એને શું ખબર પડે છે?

ઉત્તર :- ખબરની ક્યાં વાત છે? ખબર હોય તો તો એક ચૈતન્ય જ સિદ્ધ થાય. ભગવાને તો પાંચ અજીવ જોયા છે. એક જીવ અને પાંચ અજીવ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્‌ગલ. પાંચ અજીવ છે. અજીવ હોવા છતાં એનો સ્વભાવ ક્રમસર, નિયમસર, વ્યવસ્થિત વહે છે. કહો, સમજાણું કાંઈ?

એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' પરિણામ એટલે પર્યાયો-અવસ્થાઓ-હાલતો-દશાઓ. એનાથી '**ઊપજતો થકો...**' જુઓ! દ્રવ્ય ઊપજતો થકો. આમ દ્રવ્ય પર્યાયે ઊપજતો થકો, દ્રવ્ય વર્તમાન પર્યાયે ઊપજતો થકો '**જીવ જ છે,...**' એ ઊપજવામાં કોઈના બીજા પરિણામ મદદગાર છે તો પર્યાય ઊપજે છે એમ છે નહિ. આ કર્મના પરિણામ કર્મનો ઉદય છે તો પોતે પરિણામે ઊપજે છે એમ નથી એમ કહે છે. એમાં નથી આવ્યું? એઈ.. લખ્યું નથી?

શું કહે છે આ? '**જીવ ક્રમબદ્ધ એવા...**' જેટલા ગુણો છે તેના '**પોતાના પરિણામોથી...**' તેની વર્તમાન અવસ્થાથી '**ઊપજતો થકો...**' ઉત્પાદ કરતો થકો '**જીવ જ છે,...**' એય..! ઈજનેર! એમાં ઓલું કર્મ આવ્યું કે નહિ? કહે છે. કર્મથી ન થાય એવું આવ્યું આમાં? એમ કહે છે. આમાં ક્યાં લખ્યું છે આમાં? પણ શું થયું આ? એના જેટલા ગુણો છે વસ્તુ એક, ગુણ અનંત. એના વર્તમાન પરિણામે ઊપજતો થકો, પોતે ઊપજતો થકો એ જીવ છે. પરને લઈને ઊપજતો થકો એ અજીવ છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, તેની અંતર દૃષ્ટિ કરતાં જે પ્રવાહ પરિણમે છે તેને ધર્મની દશા કહેવામાં આવે છે. એમ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૦, શનિવાર તા. ૨૮-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૩૭૯**

સમયસાર. ગાથા ૩૦૮, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧ ચાર ગાથા. આ ક્રમબદ્ધને સિદ્ધ કરનારી ગાથાઓ છે.

મુમુક્ષુ :- કાલે તો આપ એમ કહેતા હતા કે અકર્તાને સિદ્ધ કરે છે.

ઉત્તર :- એટલે ક્રમબદ્ધને સિદ્ધ કરીને અકર્તાપણું સિદ્ધ કરવું છે ને પાછું એમાં? ક્રમબદ્ધ સિદ્ધ થાય એમાં જ અકર્તાપણું સિદ્ધ થાય. સમજાણું કાંઈ? ખરેખર તો જ્ઞાતા-દૃષ્ટાપણું સિદ્ધ થાય છે. અકર્તાપણું કહેવું એ આમથી વાત છે.

આત્મા અને પ્રત્યેક પદાર્થ. છે ને પ્રથમ. જુઓ! '**પ્રથમ તો જીવ...**' અહીં જીવની પહેલી વાત છે. ક્રમબદ્ધ, ક્રમેસર, ક્રમસર, ક્રમવર્તી, ક્રમસર, ક્રમવર્તી, ક્રમબદ્ધ, ક્રમે થનારા '**એવા પોતાના પરિણામો...**' જીવ પોતે ક્રમસર પોતાના વર્તમાન પરિણામે વસ્તુ વર્તમાન પરિણામે દ્રવતિ, પરિણામે ઊપજતી એ જીવ જ છે. સમજાણું કાંઈ? જીવ વર્તમાન પરિણામે પરિણમતો એમ ત્રિકાળ એમ ને એમ. વર્તમાન ત્રિકાળ. આ ત્રિકાળ દ્રવ્ય અને વર્તમાન. ત્રિકાળ દ્રવ્ય દ્રવતો, વર્તમાન પરિણામે પરિણમતો, ઊપજતો એ જીવ જ છે. એ પરિણામ જીવની સાથે તાદાત્મ્ય છે. એનો અર્થ એ થયો કે એના પરિણામી વસ્તુ એ ક્ષણે તે પરિણામને પરિણમે છે. એ પરિણામ તે જ પ્રકારના પરિણામે પરિણમવું તે કાળે તે પરિણામીનું તે પરિણામ તે તેનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- એમાં ઈ ક્યાં છે.

ઉત્તર :- એમાં ઈ નીકળે છે. એય..! શું કહે છે આ?

જીવ એમ કીધો પહેલો. જીવ. હવે '**ક્રમબદ્ધ એવા...**' ક્રમે ક્રમે થતાં થનારા એવા પોતાના. આત્મ શબ્દ છે ને? આત્મ શબ્દ મૂળ પાઠ છે. આત્મ. એટલે પોતાના પરિણામોથી. પરિણામો કેમ કહ્યું? કે વર્તમાન પણ અનંત પરિણામો છે અને ક્રમે થતાં પણ અનંતા પરિણામો છે. એક સમયમાં પણ જીવના જેટલા ગુણો છે એટલા જ વર્તમાન પરિણામ એ પરિણામપણે આમ ઊપજતો એ જીવ જ છે. તાદાત્મ્ય પરિણામનો દાખલો આપશે. તાદાત્મ્ય પરિણામ એ પરિણામ તેના તદ્રૂપ છે એવો જ એ જીવ છે. સમજાણું કાંઈ?

સામાન્ય જે વસ્તુ છે વસ્તુ, એનું વિશેષપણે જે પરિણામપણે એ ઊપજતો જીવ આમ ઊપજે છે. દ્રવ્ય જે છે વસ્તુ એ પોતાના પરિણામથી સ્વરૂપના ભાવથી જે ગુણોની પર્યાય

તે પણે તે ઊપજતો જીવ જ છે. એ જીવ જ છે. એ પરિણામ જીવના જ છે. જીવની સાથે તાદાત્મ્ય છે. એનો અર્થ થઈ ગયો કે તે કાળે, તે પરિણામે, તે પરિણમવું, તે તેનો સ્વભાવ છે. બીજે કાળે તે પરિણમવું સ્વભાવ, ત્રીજે કાળે તે પરિણમવું... એવો જ એનો ક્રમબદ્ધ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શેની વાત ચાલે છે? ચાલુ એકલાની જ વાત ચાલે છે. ચાલુ પરિણામે ક્રમબદ્ધ એમ ને એમ ચાલુ એમ ને એમ ઊપજતો થકો. એ બધો આવ્યો. ત્રણ કાળ ભેગું થઈ ગયું ને એમાં શું? અહીં તો ચાલુથી વાત છે ને. ઊપજતો થકો. વર્તમાન છે ને. વર્તમાન. પણ ભૂતેય એમ ને એમ વર્ત્યો અને વર્તમાન એમ ને એમ, ભવિષ્યમાં પણ એમ ને એમ છે. આહાહા..! સમજાણું?

બીજી રીતે કહીએ તો આખું જે દ્રવ્ય છે એ દ્રવ્ય સદશ્ય ભલે રહે, પણ તેના વર્તમાન પરિણામપણે પરિણમતો આખું ગુલાંટ ખાય છે. ગુલાંટ એટલે? વસ્તુ જે છે અનંત ગુણનો પિંડ અને એ આત્મા આમ અનંત પર્યાયપણે પરિણમે છે ત્યારે પૂર્વની અવસ્થા જાય છે અને એ પરિણામે આમ પરિણમે છે ત્યારે ખરેખર તો એનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું ગુલાંટ ખાય છે, પલટે છે. દ્રવ્ય એટલે સદશ્યતા હોવા છતાં, પર્યાય દૃષ્ટિની અપેક્ષાએ તે સમયનું તે દ્રવ્ય નથી. બીજે પરિણામે થયું તે સમયનું તે પરિણામ સહિતનું દ્રવ્ય છે, ત્રીજે સમયે જે પરિણામ (થયા) તે પરિણામ સહિતનું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ આ. સર્વવિશુદ્ધ અધિકાર છે આ.

ભગવાન ચૈતન્યમૂર્તિ છે અહીં એ સિદ્ધ કરવું છે. અને તે રાગપણે પરિણમે એમ નથી સિદ્ધ કરવું. એ પરિણામે પરિણમતોનો અર્થ જે વસ્તુ છે એ પોતે જ્ઞાયકસ્વરૂપ છે તે તેના પરિણામે ઊપજતો તે જીવ છે. રાગાદિ પરદયા, પરની ક્રિયા પરમાં ગઈ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને જ્ઞાનના પરિણામે પરિણમતો આત્મા પોતાના પરિણામ એ જ એના પરિણામ છે ખરેખર તો. વસ્તુ દ્રવ્ય જે છે એ પોતાના પરિણામે પરિણમતો પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રના એ વસ્તુની દૃષ્ટિએ તે વસ્તુનો સ્વભાવ એ રીતે પરિણમતો તે જ્ઞાન, દર્શન આદિના જે અનંત ગુણના પરિણામ એ પણે પરિણમતો તે જીવ જ છે. જીવ અભેદ છે એ પરિણામથી. એ પરિણામને ઊપજાવવા પૂર્વની પર્યાય સમર્થ નથી. આમ વર્તમાન લીધું ને? એય..! વજુભાઈ!

આત્મા વસ્તુપણે આમ પરિણમતો તે પરિણમતો દ્રવ્ય પોતે તે પણે પરિણમતો. પૂર્વની પર્યાયને લઈને પરિણમતો કે ભવિષ્યને લઈને પરિણમતો કે પરને લઈને પરિણમતો એ વસ્તુમાં છે નહિ. સમજાય છે કાંઈ? ઝીણું તો છે ને ભાઈ, આખો અધિકાર ઝીણો છે. આ ચૂલિકા

કીધી છે આ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ-વસ્તુ-દ્રવ્ય-જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ. એ પોતે વર્તમાનમાં પોતાના જેટલા ગુણો છે તેના વર્તમાનના અંશ નામ પરિણામોથી ઊપજતો થકો તે જીવ જ છે.

અહીં તો જીવને આ રીતે સિદ્ધ કર્યો છે. ઓલો રાગ અને પુણ્ય એ જીવ છે એમ નહિ, ભાઈ! એય..! ધ્યાન રાખજો. પાછું પરિણામ ઉપર તો આખું એનો અર્થ જ આ થાય છે. વસ્તુ જે છે જ્ઞાયકમૂર્તિ આત્મા. એ જ્ઞાયકમૂર્તિ વર્તમાનમાં દ્રવતો, પરિણમતો, પરિણમતો, પલટતો આખી પર્યાયે, પર્યાયદષ્ટિએ આખું ચક્ર તે સમયે તે પરિણામે ઊપજતો જ્યાં જેની દૃષ્ટિ ક્રમબદ્ધની પર્યાય ઉપર નથી. દ્રવ્ય ઉપર છે.

'**જીવ...**' આ જીવ. એ જીવ પોતે પરિણમતો વર્તમાન પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ આનંદના વર્તમાન પરિણામે પરિણમતો તે જીવ જ છે. એ પરિણામનો કર્તા બીજો નથી, બીજું દ્રવ્ય નથી અને વર્તમાન પરિણામ ક્રમે જે પરિણમતો છે એનો કર્તા પૂર્વની પર્યાય નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! ધર્મની તત્ત્વ દૃષ્ટિ એવી છે.

આ તો સર્વજ્ઞ વસ્તુ છે. વસ્તુ પોતે સર્વજ્ઞ. કહ્યું ને? પહેલું કહ્યું હતું ને? '**सव्वण्हुणाणर्शि**'. ભગવાન આત્મા તે સર્વ નામ પૂર્ણ જ્ઞાન-દર્શનવાળું તત્ત્વ છે. એ પોતે પૂર્ણ જ્ઞાન-દર્શનવાળું તત્ત્વ છે, વસ્તુ છે એ પૂર્ણ.. તેથી શ્રીમદ્દે કહ્યું ને એક ઠેકાણે? કે સૃષ્ટિને ગુપ્ત ચમત્કાર લક્ષમાં નથી. ગુપ્ત ચમત્કાર. થોડા થોડા શબ્દમાં શ્રીમદ્‌માં કેટલી વાર તો ઘણું ઊંચું ભર્યું છે. પણ આ એના માનનારા અને સમજનારા કાંઈકને કાંઈક વાતું કરે ને ઉપરથી (અર્થ કરે). એય..! વજુભાઈ! વસ્તુ બાપુ! આ તો માર્ગ...

સર્વજ્ઞપદ છે જીવ. જીવ સર્વજ્ઞપદ સ્વરૂપ છે. આહાહા..! એટલે કે આત્મા જ્ઞ-સ્વભાવ છે. જ્ઞ-સ્વભાવ કહો કે જ્ઞાયકભાવ કહો, જ્ઞાયકભાવ કહો કે પૂર્ણ જ્ઞાનસ્વભાવ કહો, પૂર્ણ જ્ઞાનસ્વભાવ કહો કે સર્વજ્ઞસ્વભાવ કહો. એવો જે સર્વજ્ઞ સ્વભાવી જીવ પોતે વર્તમાનમાં પરિણમતો તેના અનંત ગુણોના પરિણામે ઊપજતો તે પરિણામ તેના જીવના છે. એ પરિણામ તેના છે, તેનાથી થયા છે, તે બીજાના નથી, બીજાથી થયા નથી. પરદ્રવ્યથી થયા નથી, પૂર્વની પર્યાયથી થયા નથી. કારણ કે વર્તમાનમાં તેના પરિણામે ઊપજતો તે તન્મય જીવ છે. સમજાણું કાંઈ?

શું એમાં કહ્યું? જે આત્મા વસ્તુ છે એવા અનંત દ્રવ્યો. અહીંયાં પહેલા જીવની વાત કરે છે પછી બીજા (દ્રવ્ય). ભગવાન આત્મા જ્ઞાયકભાવનું સ્વરૂપ પ્રભુ આત્મા એ પોતે. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યાં ક્રમબદ્ધનો અર્થ એવો છે કે એ પરનો કર્તા નથી, તેમ રાગનો કર્તા નથી, તેમ પૂર્વની પર્યાય વર્તમાન પર્યાયની કર્તા નથી. તેમ આ પર્યાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે માટે હું વિકલ્પ કરું કે આવી થાય, એવું એમાં નથી. સમજાણું કાંઈ? એય..! ક્યાં ત્યાં બેઠા? આમ આવો ને આમ. શાસ્ત્રીજી છે, અમારે અમૃતલાલભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના પહેલા આવ્યા છે એ તો. કાલે આવ્યા છે. હા. પોપટભાઈ તો આજ આવ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ? કાલે આવ્યા હતા ને? સવારે આવ્યા.

મુમુક્ષુ :- ભેગા મળી ગયા.

ઉત્તર :- ભેગા મળી ગયા. ભેગા મળી ગયા. એ આવ્યા હશે આમથી આમ. કહો, સમજાય છે કાંઈ?

આ તો તત્ત્વનું માખણ છે. ભગવાન આત્મા એના વર્તમાન પરિણામ... હવે એ પરિણામ પરિણમનારો તો દ્રવ્ય છે, વસ્તુ છે. વસ્તુ ઉપર દૃષ્ટિ આપતા એ જ્ઞાયકભાવ છે. જ્ઞ-ભાવ છે, સ્વભાવભાવ (છે). એ પોતે વર્તમાનમાં પરિણમતો તે જ કાળના તે પરિણામે તે પરિણમતો ઊપજતો પોતે તે જીવ છે. એ જીવ છે. રાગાદિએ પરિણમતો નહિ, પરાદિથી પરિણમતો નહિ, આ રીતે જીવનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. રસિકભાઈ! જયકુમારજી! ઝીણું ભારે કે આવો ધર્મ આ!

ધર્મ એટલે એની પર્યાય અને ધર્મી એટલે વસ્તુ, વસ્તુ. હવે વસ્તુ સામાન્ય છે ત્રિકાળ એ વર્તમાનપણે સામાન્ય પોતે વિશેષપણે તે કાળમાં વિશેષપણે તે કાળના ભાવપણે તે સ્વ કાળનું પરિણામ છે તે પણે પરિણમતા ક્રમે ક્રમે તે પરિણામે તે ઊપજે છે. સમજાય છે કાંઈ? આડીઅવળી અવસ્થા હોય નહિ, આડેઅવળે પરિણમવું એ વસ્તુમાં ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? તેથી કહે છે કે મુખ્ય તો એ ભગવાન આત્મા '**જીવ ક્રમબદ્ધ એવા...**' આ મોટી તકરારું આને માટે થઈ છે. પહેલા કહે કે, ક્રમબદ્ધ છે જ નહિ શાસ્ત્રમાં. એમ વળી કહેતા. હવે વળી કહે ક્રમબદ્ધ અને અક્રમ બેય છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો અનેકાંત...

ઉત્તર :- અનેકાંત તે ક્યાં ઘરનું અનેકાંત હશે? એના પરિણામે પરિણમતો તે જીવ છે. બીજી રીતે ક્રમબદ્ધ સિવાય બીજું હોય જ નહિ. એ ક્રમસર જે પરિણામે (પરિણમે),... ક્રમ નામ વ્યવસ્થિત તેની તે પર્યાય તે કાળની તે પણે તે ત્રિકાળી તે તેના અંશના વર્તમાન કાળપણે તે પરિણમતો તે જીવ જ છે. સમજાણું કાંઈ? એવી અંતરમાં જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરતાં તે કાળના પરિણામે પરિણમતો પરિણામ સહિત શુદ્ધ તેને અહીં જીવ કહેવામાં આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..!

હજી આ જીવ કોને કહેવો એની વાત છે આ. સમજાણું કાંઈ? એય..! જ્યોતિ! સમજાય છે કે નહિ આમાં? થોડું થોડું. ઝીણું પડે છે. લે. ક્યાં ગયો તારો જીતુ? શું છે આ? કોલેજિયાને ન સમજાય આ? ન્યાયથી તો સાદી વાત (છે). આમાં તો કાંઈ મોટી નથી. ધ્યાન રાખે ને થોડો ખ્યાલ રાખે. કદાચ પૂછશે સાંજે વળી. .. પૂછે છે, શું સાંભળ્યું તમે? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનનો ગાંઠડો, જ્ઞાન, જ્ઞાયકસ્વરૂપ જ વસ્તુ છે. એની દૃષ્ટિ આપતાં એમાં પરિણામ એનું ક્રમસર જ થાય છે એમ કહે છે. ત્રિકાળી વર્તમાન તે તે પરિણામે પરિણમતો તેને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અજીવ નથી;...**' એટલે કે બીજી ચીજ નથી. એમ. અજીવ નથી એટલે કે બીજી ચીજ કોઈ નહિ. સમજાણું આમાં? ખરેખર તો એ નિર્મળ પરિણામે પરિણમતો તેને અહીં જીવ કહે છે, ભાઈ! એય..! શું થયું વજુભાઈ?

મુમુક્ષુ :- નિર્મળપણે...

ઉત્તર :- એ નિર્મળ પોતે જ છે અને નિર્મળપણાને પરિણમે તેને જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભલે તે કાળે રાગ હો, પણ એ રાગનો પણ જ્ઞાનપણે પોતે જે જાતનો રાગ છે તે જાતના રાગને પોતે જાણતું જ્ઞાન પોતે પરિણમે છે. સમજાણું કાંઈ?

એ '**અજીવ નથી;...**' એટલે કે એના જીવ સિવાયની બીજી જે જાત છે તે નથી. સમજાય છે કાંઈ? આ અસ્તિ-નાસ્તિનું અનેકાંત કર્યું, લ્યો. એ '**ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;...**' એનું નામ અનેકાંત છે. પણ એ જીવના પરિણામ ઊપજતો થકો જીવ પણ છે અને અજીવ પણ છે એમ નથી.

મુમુક્ષુ :- એવું અનેકાંત નહિ?

ઉત્તર :- એવું અનેકાંત ન હોય. એમ વસ્તુ પણ સ્વરૂપે એમ ન હોય. હોય એનું અનેકાંત હોય કે ન હોય એનું અનેકાંત હોય? સમજાણું કાંઈ?

'**એવી રીતે અજીવ પણ...**' આ પરમાણુઓ અને ધર્માસ્તિ આદિ '**ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...**' એ પણ એક દ્રવ્ય છે-વસ્તુ. એ અજીવ પરમાણુ એક એક આ અને આ ધર્માસ્તિ આદિ. '**અજીવ પણ...**' પણ એટલે ઓલું જીવનું કીધું ખરું ને? અજીવ પણ. ક્રમબદ્ધ, એમાં ક્રમસર પરિણામ એ દ્રવ્ય પોતે પોતાના ક્રમસર (પરિણામે પરિણમે છે). આ જ્ઞાયક છે, આ જ્ઞાયક નથી. પણ એ પોતે પોતાના વર્તમાન પરિણામે પરિણમે ક્રમસર એ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કોઈ કહે કે ભાઈ! આ શરીરની આ ઈચ્છા પહેલી આમ હતી તો આમ રાખે, પછી ઈચ્છા થઈ આમ કરું, માટે એ ઈચ્છા વડે આ પર્યાય આમ થઈ એમ નથી. એના પરમાણુ દ્રવ્ય જે છે, દ્રવ્ય વસ્તુ છે અનંત ગુણનો પિંડ છે એ અનંતા ગુણો તે સ્થળે છે આમ પર્યાયમાં પરિણમતા, તે સમયના પરિણામનો, તે પરિણામનો કર્તા તે દ્રવ્ય છે, તે પરિણામ તેનું કર્મ છે. સમજાણું કાંઈ? કર્તા-કર્મની વિશેષ શુદ્ધતા છે. હમણાં વળી સવાર-સાંજ બેય આવ્યું. સવારે કર્તા-કર્મ આવ્યું હતું. ભલે આવે. એમાં શું છે? અધિકાર તો એ છે ને. કહો, સમજાણું આમાં?

પરમાણુઓનો પણ જે પર્યાય પરમાણુ આપણે મુખ્યમાં. ઓલી ચાર તો ઠીક હવે અરૂપી એની... પરમાણુ એક એક રજકણ જે છે તેમાં અનંતા ગુણો છે અને તે દ્રવ્ય અનંત ગુણવાળું દ્રવ્ય દ્રવે છે તે તે પરિણામ તે કાળના તે તે પરિણામે તે ઊપજતું તે અજીવ છે. એટલે કે જીવના પરિણામે તે ઊપજ્યું છે એમ નથી. જીવને જ્ઞાનમાં એમ આવ્યું કે આ શરીર આમ થાય એટલે જ્ઞાનના પરિણામ આમ થયા એ તો પોતાથી આમ થયેલા છે. એથી આની આમ પર્યાય થાય એમ નથી. સમજાણું કાંઈ?

શરીરના રજકણો આદિ આમ જે પરિણમે છે એ પરમાણુ કાયમ રહીને એ પોતે પોતાના અનંતા ગુણોની વિશેષતા, વિશેષ નામ પર્યાય એ પણે પોતે પરિણમે તે કાળે. આના જ્ઞાનને કારણે નહિ, ઈચ્છાને કારણે તો નહિ, પણ પૂર્વની પર્યાયને કારણે નહિ, એ પોતે જ વર્તમાન દ્રવતું પોતાના પરિણામથી ઊપજતું થકું તે અજીવ છે. એટલે કે બીજો ભાવ એને કોઈ મદદગાર છે નહિ. એમ. સમજાણું કાંઈ?

આ કર્તા-કર્મની વ્યાખ્યા બહુ લોકોને કઠણ પડે ને એટલે વિસ્તારથી આચાર્યે કરી છે આમાં. એમાં નડતર જ આખો વાંધો આવ્યો છે કે હું ન હોય તો આ થાય. પણ તું હોય તો તારા પરિણામ નિર્મળ થાય એમ છે અહીં તો. તું હોય તો તારા પરિણામ નિર્મળ થાય. તું હો, છો કેવો? તું તો જ્ઞાયક આનંદ છો. તું હોતા.. તું હોતા.. તારા હોવામાં, હોવાથી વર્તમાન તારા પરિણામ નિર્મળ થાય. તું હોતા એ પરિણામ થાય. તું હોતા પરમાણુમાં પર્યાય થાય એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! ભગવાનની પૂજા કરવી. એ કહે છે કે તું હોતા એ પરિણામ થયા છે એમ નથી.

મુમુક્ષુ :- એ કોણ હોતા થયા છે?

ઉત્તર :- એ પરમાણુ હોતા તે સામાન્ય પોતે વિશેષપણે ઢળતા પરિણમ્યા છે તે કાળે તે પરિણામ તેના થાય. વજુભાઈ! ભારે વાતું! જીવ અને અજીવ બે ભિન્ન છે ત્યાં ભિન્નના પરિણામનો ભિન્ન કર્તા કેમ હોય? જે પરિણમે તે કર્તા, તો પરિણમનારો અજીવ છે. અજીવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતે પરિણમીને વર્તમાન પરિણામનો ક્રમ... ક્રમ... ક્રમ... એના જે પરિણામ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન.. વર્તે છે. એ પ્રમાણે વર્તે છે દ્રવ્ય, તે પ્રમાણે વર્તે છે દ્રવ્ય. સમજાણું કાંઈ?

એ આંગળીની પર્યાયનો આત્મા કર્તા નથી એટલે કે આંગળીની પર્યાય પરિણમતો તે અજીવ છે. જીવ નથી. એટલે જીવના જ્ઞાનથી એ અવસ્થા થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે, ઠેકઠેકાણે અમે કરીએ તો થાય... અમે કરીએ તો થાય. કહો, આ કાપડના મોટા પોટલાના પોટલા ફેરવે એ કોનાથી ફરે છે? એમ કહે છે. દુકાને ફેરવે કે નહિ?

મુમુક્ષુ :- અમારે ઘરાકને શી રીતે બતાવવા?

ઉત્તર :- કહો, ભગવાનજીભાઈ! ભારે! એય..! મોટા પથરાના પથરાના મકાન કર્યા છે અહીં.

મુમુક્ષુ :- વગર મજૂરે.

ઉત્તર :- એમ કે આ મજૂર વિના ફરતા હશે. એય..! હિમંતભાઈ! તમારા ભાઈ પણ અંદર ઠીક નાખે છે. વગર મજૂરે હલતા હશે પથરા. મજૂરની જરૂર પડી નથી ત્યાં ઉપાડવા માટે.

અહીં તો કહે છે કે વગર મજૂરે શું એ મજૂરના શરીરને કારણે પણ એ પથરો ઊંચો થયો છે એમ નથી. એમ કહે છે. એના પરમાણુઓ જ એની તે પ્રકારની તે વર્તમાન અવસ્થાપણે પરિણમતો તે અજીવ છે. કાયમ રહેનારું ત્રિકાળી છે અને વર્તમાન ત્રિકાળનો અંશ વર્તમાનકાળ, ત્રિકાળનો અંશ વર્તમાનકાળ, ત્રિકાળનો અંશ વર્તમાનકાળ. બસ, આ સંધિ છે એની. એવો દરેક રજકણ અને દરેક અજીવ પોતે પોતાના ક્રમબદ્ધના જે આવનારા, થનારા તે કાળના, તે પરિણામપણે ઊપજતો થકો તે અજીવ છે. સમજાય છે કાંઈ? આવી વાતું ભારે, ભાઈ! આમાં શું ધર્મમાં આવશે? એઈ..! ધર્મમાં એ કે એના પરિણામ એનાથી થાય, તારે તેમાં જોવાનું નથી અને કરવાપણું નથી. તારે જે થાય તેને તારામાં રહીને જાણવા જેવું છે. એમ તારામાં રહીને જાણવા જેવું છે. જ્ઞાનમાં રહીને જાણવા જેવું છે. આહાહા..! ભારે વાતું આકરી. સંસારમાં રહેવા અને કર્તા ન માનવું.

મુમુક્ષુ :- સંસારમાં રહ્યો જ નથી ને.

ઉત્તર :- સંસારમાં રહ્યો નથી. એ તો કહે છે કે રાગમાં રહ્યો નથી ને, સાંભળને! હવે સંસાર ક્યો તારો બીજો? ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વભાવમાં રહેલ છે. જ્ઞાયકસ્વભાવ જેનું સ્વરૂપ, ત્રિકાળ જ્ઞાયક જ છે એ તો. એ ત્રિકાળ જ્ઞાયકનું પરિણમન થાય તે જ્ઞાન ને દર્શન ને આનંદના પરિણામરૂપે પરિણમન તેને જ અહીં જીવ કહેવામાં આવે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? સમ્યગ્દર્શન અને જ્ઞાન-ચારિત્ર એના કાળે થાય, એને કાળે થાય. ત્રિકાળી જીવનું શક્તિરૂપ આખું સત્ત્વ તેના વર્તમાનકાળે તે જ પરિણામ થાય. ઓલા કહે, કાળે નહિ. આડેઅવળે કાળે થાય. અરે.. ભગવાન! તને ખબર નથી.

મુમુક્ષુ :- એનો કાળ નિશ્ચત નથી.

ઉત્તર :- નિશ્ચિત નથી તો નિશ્ચિત દ્રવ્ય નથી, એનો અર્થ. ત્રિકાળ અંશનું સત્ત્વ આખું એકદમ ઢળતું વર્તમાન એની શક્તિ જે અંશ છે, જે અંશ છે તે જ અંશપણે પરિણમવાની તેમાં શક્તિ છે અનાદિની એમ ને એમ પડી છે આમ. સમજાણું કાંઈ? આ તો જૈનદર્શનના તત્ત્વનું, સત્ત્વનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. એ છે કે નહિ તત્ત્વો? અજીવ છે કે નહિ? અને છે તો કાયમ રહેનારા છે કે નહિ? રહેનારા છે તો કાંઈ વર્તમાનપણે થાય એમ થાય છે કે નહિ? એ કાયમ રહેનારા તત્ત્વો વર્તમાનપણે કાંઈક થાય એમ છે કે નહિ? તો વર્તમાનપણે થાય છે તે થનારા થાય તે અજીવ છે. એ થનારા પરને લઈને થાય છે અને આડાઅવળા થાય છે એમ પણ નથી. પણ આડુંઅવળું વસ્તું શું પણ એની અસ્તિ? એટલે શું એનો અર્થ?

એકદમ જ્ઞાતા-દૃષ્ટા આત્મા છે. બસ. એ જ્ઞાતા-દૃષ્ટા થાય રાગને જાણનાર રાગને સ્પર્શ્યા વિના. અજીવની જે પર્યાય તે કાળે તેની તે થાય એને સ્પર્શ્યા વિના જાણે એવો જ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સમજાણું કાંઈ? એટલે અજીવની કોઈ પર્યાય. ઓલો કહે, અમે આમ કરીએ, ઓલો કહે આમ કરીએ. ઓલો સઈ એમ કહે કે કપડું એને આપ્યું કોટ કરવા, પણ એ સઈ કરે ત્યારે થાય.

મુમુક્ષુ :- એની મરજી થાય ત્યારે થાય ને?

ઉત્તર :- એની મરજી થાય ત્યારે. આવા ને આવા ક્યાંથી? એમ કહે, પહેલા કપડું આપ્યું પછી વળી એની મરજી થાય ત્યારે (કરે). ત્યાં સુધી પડ્યું રહે. એ સઈને આધારે છે કોટ થાવો એ.

મુમુક્ષુ :- વચમા ઉંદરડો ખાઈ જાય તો?

ઉત્તર :- ઉંદરડો ખાઈ જાય... એ પણ લખ્યું છે એણે. અનાજને માટે લખ્યું છે. અનાજને વાવવું હોય પણ અનાજને કોઈ ઉંદરડા ખાઈ જાય, કોઈ ફલાણું થઈ જાય. આવા ને આવા લખાણ (કરે). અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! ભગવાનને એ શોભે છે? ભાઈ! તારી શોભા છે આમાં? જુઓને! સવારમાં આવ્યું હતું ને? શું આવ્યું હતું? શોભે છે, એ જ્ઞાન-દર્શનથી શોભે છે. પોતાના શુદ્ધ પરિણામના કર્તાપણે શોભે છે. પરના કર્તાપણે શોભતો નથી. એની એ શોભા જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શરીરની સુંદરતાએ શરીર શોભે

છે. શરીરને દાગીના અને કપડા નાખવા એ શોભે એ કાંઈ શોભા કહેવાય? એમ કહે છે. એમ આ પણ આત્માની આત્માથી શોભા છે. રાગ ને આદિ કપડા પહેરાવીને એનું કાર્ય માનીને આ શોભા કહેવાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... અમુકને કપડા, અમુકને દાગીના...

ઉત્તર :- કોણ..? કપડાની પર્યાય કપડાને તે કાળે જે રીતે ભાંગવાની હોય આમ થવાનું.. આમ થવાનું... આમ થવાનું... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી .. હવે મજૂર જેવાને કપડા પહેરાવો જોઈ, કાળોમશ જેવો લાગતો હોય બહારથી. શું કહેવાય ઓલો? સીદી. સીદીને ગમે તેવા કપડા પહેરાવો, પણ શરીરની સુંદરતા ભગવાનની જુઓને સાંભળી નથી? આવ્યું નહોતું આપણે? ભગવાનની પહેલેથી લાવણ્યતા જ એવી છે કે વગર કપડે અને વગર દાગીને શરીર લાવણ્યતાવાળું દેખાય. એ એના પરમાણુનો પર્યાય ધર્મ છે.

મુમુક્ષુ :- એ તો ભગવાનની આપે વાત કરી.

ઉત્તર :- પણ એ ભગવાન નહિ, એનો અર્થ જ ઈ થયો કે શરીરના પરમાણુ પોતે પોતાથી શોભા છે. પરને લઈને એમાં શોભા નથી. સમજાણું કાંઈ? શરીર જ એવું છે ને જુઓને! કુંડળ જેવા કાન, આંખ આમ જોઈએ. બધો દેખાવ જ એવો છે. એમ આત્મા પોતાના આનંદના જ્ઞાનસ્વભાવે પરિણમે એ એની શોભા છે. રાગપણે પરિણમે અને અજીવને પરિણમાવે એ તો છે જ નહિ, પણ રાગપણું પરિણમવું તો એનો અર્થ થયો કે વિકારી આત્મદ્રવ્ય છે તો વિકારીના અંશપણે આમ આવ્યો છે. સમજાય છે? એવું વસ્તુના સ્વરૂપમાં નથી.

કહે છે કે '**એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના...**' જોયું! ક્રમસર '**પોતાના પરિણામોથી ઊપજતું...**' અજીવનો એક એક રજકણ, દાળ, ભાત, શાક, મકાન, પાણી, મોસંબી, આંગળી, વાણી એનો એક એક પરમાણુ ક્રમસર થનારા પરિણામોથી ઊપજતું થકું. એ કહે છે કે ક્રમસરનો અર્થ એમ નહિ. એનો અર્થ કે એક પછી એક. પણ ક્રમસરનો અર્થ આના પછી આ જ થાય એમ નહિ. પણ એનો અર્થ શું પણ? વસ્તુ છે ત્રિકાળ ચિદાનંદ ભગવાન. એના નિમયસર વર્તમાનકાળનું દ્રવવું, પરિણવવું, થવું એ વસ્તુના કાળે તેનું પરિણમવું તે પર્યાયનું થાય છે. એવી દ્રવ્યની વ્યવસ્થા અને દ્રવ્યનું સ્વરૂપ છે. એને જોવાનું જ્ઞાયક ઉપર છે. એને જોવાનું જ્ઞાયક ઉપર છે. જ્ઞાયક ઉપર જોતાં તેના પરિણામ નિર્મળ થાય છે. તેને અહીં જીવ અને ધર્મની પર્યાયવાળો જીવ કહેવામાં આવે છે. ઓલું તો ભગવાન ભગવાન

ભજો. કાં અંદર વિકલ્પ આવે એને તોડો. પણ શું તોડે પણ? વસ્તુમાં જ વિકલ્પ નથી ને. તોડે કોને? એ જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છે એમ દૃષ્ટિ આપતાં એ તો વિકલ્પ દૃષ્ટિ પર ઉપર, રાગ ઉપર ને એક અંશ ઉપર હતી એથી અંશબુદ્ધિમાં રાગની ઉત્પત્તિ અજ્ઞાનભાવે હતી. એ વસ્તુની દૃષ્ટિભાવે કે વસ્તુના સ્વભાવભાવે નહોતી. એ વસ્તુ ભગવાન ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એમ દૃષ્ટિ કરતાં રાગના પરિણામની ઉત્પત્તિ ન થતાં જ્ઞાતા-દૃષ્ટાના પરિણામની ઉત્પત્તિ થવી એનું નામ જીવ અને એનું નામ ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ!

એક જણો કહેતો હતો ઘણાં વખત પહેલા. પ્રોફેસર. આવી વાતું આ સોનગઢની ઓરડીમાં થાય છે? મોટો પ્રોફેસર હતો. બોટાદનો પ્રોફેસર મોટો હોં! (સંવત) ૧૯૯૨ની સાલ. ૨૦ વર્ષ કેટલા થઈ ગયા? ૩૧. અડધો કલાક ચર્ચા (ચાલી). બેઠા હતા હીરાભાઈના મકાનમાં. પછી કહે, આવી વાતું આવી ... થાય છે! અમારે પ્રોફેસરે પણ અમારે નિરુત્તર થાવું પડે છે તમારા ન્યાય આગળ. શું નામ નહિ ઓલા? ભાવનગર. બસ એ. એ પછી અહીં બોલ્યા હતા હોં! એલા આ એક અહીં મહારાજ છે! આ ઝુંપડી નાની સો વર્ષની જૂની છે તમારી. તે દિ' ૬૮ વર્ષની. તે દિ' ૬૮નું જૂનું હતું. આ ૩૨ થઈ ગયા. સો થઈ ગયા પૂરા. એ કહે, આવું મકાન જીર્ણ ભુક્કો મહારાજ એક છે અંદર. વાત કરે છે તો પ્રોફેસરોને અમારે પણ નિરુત્તર થાવું પડે એવું કાંઈક કહે છે. અને સોનગઢ જેવું નાનું ગામડું, એની વળી નાની જૂની ઝૂંપડી. વાત કરે છે, શું કરે છે આ? પણ બાપુ! આત્મા નાનો નથી અને નાના ગામડામાં રહેલો પણ નથી. એય..! એ ઝૂંપડીમાં પણ રહેલો નથી. ઝૂંપડી ઝૂંપડીમાં રહી, આત્મા આત્મામાં છે.

એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાયકમૂર્તિ જ્ઞાનનો સૂર્ય છે. એવું અંતર ભાન થતાં તે જ્ઞાયક પોતે વર્તમાન પર્યાય પર્યાય અવસ્થા રૂપાંતર થઈને તે કાળે તે પરિણામપણે પોતે થાય છે. અને તે જ પરિણામે તે થાય છે. બીજે સમયે બીજા પરિણામે તે જ થાય છે. ત્રીજા સમયે ત્રીજા પરિણામે તે જ થાય છે. સમજાય છે કાંઈ? એવો આત્મા જ્ઞાયકમૂર્તિ ભગવાન, એની અંતર દૃષ્ટિ કરતાં એના નિર્મળ પરિણામ ઉત્પન્ન થાય તેને ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

અજીવ. કાંઈ ન મળે. અજીવના પરિણામ અજીવથી થાય. તું ક્યાં અધિકારી થઈ ગયો એનો? અમે આ મંદિર બનાવ્યા, આ પુસ્તક બનાવ્યા. કહો. અમે બે કલાક સમજાવ્યું ભાષા. પણ ભાષા ક્યાં તારી હતી તે તું સમજાવ? સાંભળને. ભાષાના પરમાણુમાં પણ તે કાળે તે જ પર્યાય પરિણમવાનો કાળ હતો તે પરિણમ્યા છે. એ પૂર્વને કારણે નહિ, તારે કારણે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો નહિ, નહિ ને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ પ્રત્યેક અનંત પરમાણુઓ જે ભિન્ન ભિન્ન તત્ત્વો છે એ અનંત પરમાણુઓ અનંતપણે રહીને, અનંતપણે રહીને પોતાના વર્તમાન પરિણામે ઊપજતા થકા તે તે અજીવ તે અજીવ છે. તે તે અજીવ તે અજીવ છે. એમ જ્ઞાનમાં નક્કી કરતાં એ પરનો જાણનારો છે પણ પરનો કરનાર-હરનાર નથી. આહાહા..! કહો, સમજાણું? આ તો મોટો .. છે ને આમ જાણે. એમાં પાંચ-પચાસ લાખ પેદા થઈ જાય, કરોડ બે કરોડ આવી જાય, નાની ઉંમરનો થઈ જાય ને એને .. આવી જાય અંદરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય હુશિયારી નથી. મૂરખ છે.

મુમુક્ષુ :- માણસ કહે, હુશિયાર છે, આપ કહો છો કે મૂરખ છે.

ઉત્તર :- શરીરમાં... બીજા કહે કે આમ ન થાય. એ તમને શું ખબર પડે? એમ એનો અર્થ. કેમ રળાય અને કેમ પેદા થાય એ અમને ખબર પડે. ધૂળેય નથી, મૂરખ છો મોટો. સાંભળને હવે. પરની પર્યાય કરે? એ તારામાં છે એ? પરની પર્યાય એ તો પૈસાના રજકણોને તે રીતે પરિણમીને તે કાળે તે પર્યાય થઈને ત્યાં નજીકમાં આવવાના હતા. એ તારે કારણે આવ્યા નથી, તારે કારણે રહ્યા નથી, તારા થઈને રહ્યા નથી. હશે એ બરાબર હશે? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ભ્રમણામાં રહે છે.

ઉત્તર :- આ બાયડી-છોકરા તો આત્માના થઈને રહ્યા છે કે નહિ? એના શરીર તો રહ્યા છે કે નહિ એના શરીર? આની પર્યાયમાં આવ્યા છે એ? આના થઈને રહ્યા ત્યારે કહેવાય કે આની પર્યાયમાં આવે તો આના થઈને રહ્યા કહેવાય. એ તો એના થઈને રહ્યા એનામાં. એનું પરિણમન એને થઈને રહ્યું છે. એનું પરિણમન તારે થઈને રહ્યું છે એમ છે નહિ.

... આપણે ધ્યાનમાં રાખ્યું. ઠંડી તો થઈ ગઈ હતી. બે દિ'થી ખ્યાલ તો હતો કહે. કાંઈક અંદર ફેર છે. પણ ધ્યાન ન રાખ્યું. એકદમ ડોક્ટર પાસે ગયા ને. બે દિ'થી કાંઈ કાંઈ થાતું હતું ખરું પણ હવે ધ્યાન..

મુમુક્ષુ :- એવો ભાવ આવે ખરા.

ઉત્તર :- આવે તો વિકલ્પ છે એ. એને લઈને ત્યાં થયું છે? તે કાળે તે પર્યાય તે જ રીતે પક્ષઘાત નામ પરમાણુની ગતિ નહોતી થવી ને ઠીક થવી તો તે પરિણામે ઊપજતા પરમાણુ છે એ. સમજાણું કાંઈ? આમ અભિમાન છોડી દે કહે છે. ભાઈ! પરની પર્યાય અનંત છે અને અનંતનું અભિમાન કરીશ તો અનંતાનુબંધીનો ભાવ છે કષાય. અને અનંતનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અભિમાન કરીશ તો મિથ્યાત્વ પોતે અનંત દોષવાળું છે. મિથ્યાત્વ પોતે અનંત દોષવાળું અસત્ય છે એ. અને અસત્યમાં અનંતતા આવી જાય છે આવી. બધા પરમાણુનું, આનું હું કરું છું, હું (કરું) તો આ થાય છે. ભાઈ! તારામાં અનંતી અસત્યની મિથ્યાત્વદશા થાય છે. સમજાણું? અને એ એની પર્યાય થાય, મારી પર્યાય હું (કરું), એમ અંતર થતાં એને અસત્યની દૃષ્ટિ નાશ થાય છે અને સત્ય દૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ?

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** જીવ નથી એટલે જીવના કોઈ અંશે તે થયું નથી. સમજાણું કાંઈ? કાંઈક પ્રેરણા તો હશે કે નહિ? આમ થાય, આમ થાય. આ ખોખારો ખાય અંહંહંહં.. લ્યો, એમાં આત્માના પ્રદેશની થોડી પ્રેરણા ખરી કે નહિ આમાં? લ્યો, આમ કરે તો આ થાય છે. તાણીને કરે તો બળખો નીકળે. હળવે હળવે ઉં..ઉં.. કરે તો નીકળે કાંઈ? એ તાણીને કોણ કરે અને હળવેથી કોણ કરે? સાંભળ તો ખરો કહે છે. એ તો બધા અવાજની પર્યાયો તે પરમાણુનો તે કાળે તે પર્યાયે પરિણમવાનો એનો કાળ છે. પરિણમે છે. ક્રમસરમાં એ જાતની દશા થવાની છે એની. તારા કોઈ પ્રદેશના કારણે ઈચ્છાથી કે આમ પ્રેર્યા માટે આમ થયું એ ત્રણ કાળમાં વાત છે નહિ. એ અજીવ તે જીવ નથી એમ કહે છે.

અજીવમાં જે પર્યાય જે કાળે તેના પરિણામ થયા તે જીવને લઈને નથી. તેથી તે જીવ નથી પણ અજીવ છે. આહાહા..! બધું અભિમાન નીકળી જાય એવું છે આમાં તો મફતનો જ્યાં હોય ત્યાં 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' લ્યો! કેમ હશે? કાંતિભાઈ! એવું હશે? આ બધા વિમાન.. નામા લખે, બાપા! મફતના પગાર આપતા હશે હજાર, અગ્યારસો, બારસો. સારા નામા લખે, મોતી દાણા જેવા અક્ષર હોય લ્યો. મોતીના દાણા જેવા અક્ષરપણે પરિણમ્યા છે પરમાણુ કે આ જીવનો અંશ ત્યાં પરિણમ્યો છે? કે જીવના અંશની અસ્તિમાં એ પરિણમ્યું છે? એ તો એની અસ્તિમાં, પરમાણુની અસ્તિમાં, હયાતીમાં તે પરિણામે તે પરિણમેલા છે. તારે કારણે નહિ. જીવ નહિ એનો અર્થ કે તારે કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત.

ખરેખર તો સાધકમાં જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં તે પરિણામે પરિણમતું જ્ઞાન, તે જ પરિણામે તે જ વખતે જે રાગ હતો એ રાગ નિમિત્તથી થયો નથી અને તે રાગ અહીં જ્ઞાનના સ્વભાવથી થયો નથી, તેમ રાગ આવ્યો માટે અહીં જ્ઞાન તેનું ઊપજ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાયક સ્વભાવપણે જાણતો, દેખતો, પરિણમે છે એ પોતાના જ્ઞાન-દર્શન, આનંદ આદિની પર્યાયપણે પરિણમે છે. એ રાગને તે જ પ્રકારના રાગનું જ્ઞાન છે, તે રાગ છે માટે અહીં જ્ઞાનનું પરિણમન આમ થયું એમ નથી. એ રાગ છે માટે અહીં જ્ઞાનનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણમન આમ થયું એમ નથી. એ તો જ્ઞાયક છે માટે જ્ઞાનના પરિણામ અને શુદ્ધના પરિણામનું પરિણમન થયું. એ ત્રિકાળ દ્રવ્યનું પરિણમન તે તેનાથી થયું છે. રાગને લઈને નહિ. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એમાં આવી ગયું બધું. ભારે વાત! ઓહોહો..!

વીતરાગ શાસ્ત્રની કથની અલૌકિક અલૌકિક વસ્તુ!! સર્વજ્ઞના જ્ઞાન અને એના વચનો, એના કહેવાયને નિમિત્તથી. અલૌકિક વાત છે. ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! એ પરમાણુની કોઈ અવસ્થામાં તારું હોવાપણું ક્યાં ગયું? તારો હોવાપણાનો વર્તમાન અંશ તે પરમાણુની કોઈ અવસ્થા તે કાળે તેની (થાય એમાં ગયો છે)? એમ કે પહેલી કેમ આમ નહોતી? એમ પાછા કહે છે. આમ કેમ થઈ? જુઓ. આ દાળ હોય ને તુવેરની? બરાબર ચડી ન હોય તો નાખે જેરણી અંદર. જેરણી સમજ્યા? જેર કરે ઓલા બરાબર. એટલે એને જેરણી કહે. જેરણીનો અર્થ એટલે જેર કરે. જેર કરે એટલે ફિંદી નાખે. હવે લોઢાની થઈ છે. હવે તો નહિ કાંઈક? લોઢાની જેરણી છે કે નહિ? એમ કહે છે. આપણે ક્યાં જોઈ છે? કો'ક કહેતું હતું. એના વિના ઓલી દાળ જરી જરી કઠણ રહી ગઈ હોય તો તૂટે? એમ ને એમ નાખે તો એનો ધણી ધૂળ કાઢી નાખે. આવું આવડ્યું હજી તુરની દાળ કરતા પણ નથી આવડતી? અને આ મહેમાન આ તો સાસરો આવ્યો છે આ છોકરાનો તો ભારે કડક છે. છોકરા કરતા છોડીનો સાસરો આકરો હોય. દબાયેલો હોય ને. આવ્યો છે ને આવું કરી નાખ્યું આ? છૂટાસમાણી જેવું? જેરણી-બેરણી કરી છે કે નહિ? ખારો-બારો નાખ્યો હતો કે નહિ અંદર? શું કહેવાય એ? સોડા-બોડા નાખે ને થોડાક? સોડા નાખે એટલે સરખું થાય. ભગવાનજીભાઈ! આરે..! ભારે વાતું ભાઈ! એ સોડાથી કહે છે કે દાળ થાતી નથી, એ જેરણીથી તૂટીને એકરસ થઈ નથી એમ કહે છે. એય..! ન્યાલભાઈ!

ભાઈ! એ તો પરમાણુએ પરમાણુ એનો એક એક વર્તમાન તેના પરિણામથી ઊપજતો થકો તે અજીવ જ છે. બીજા અજીવને કારણે નહિ અને બીજા જીવને કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવું વીતરાગી વિજ્ઞાન, જેને અંદર બેસે એનું કલ્યાણ થઈ જાય. જન્મ-મરણ રહે નહિ, જન્મ-મરણ. આહાહા..! સમજાણું કાંઈ? એનો આત્મા પોકાર કરતો આવે. જન્મ-મરણ કેવા? એના ઘરે રહ્યા.

અહીં કહે છે, **'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** આમાં કેટલા અર્થ ઊંધા કરે. ક્રમબદ્ધનો અર્થ એવો નથી કે એક પછી એક થાય. ત્યારે? એક પછી એક પર્યાય થાય. પણ આવી જ થાય. પણ આવી ન થાય ત્યારે કેવી થાય ત્યારે હવે? પણ આવી ન થાય ત્યારે કેવી થાય? એનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? એ વસ્તુ છે એ વર્તમાન પરિણામપણે પરિણમે છે, બીજે સમયે વર્તમાન પરિણામપણે (પરિણમે છે), ત્રીજે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમયે વર્તમાન (પરિણામપણે પરિણમે છે). એ વર્તમાન જેનું છે તે તેનું હોય. સમજાણું કાંઈ?

આવું અજીવનું સ્વરૂપ છે એવું જ્ઞાનનું, આત્માનું સ્વરૂપ જાણી અને પોતામાં તે પ્રકારે તે અજીવના પરિણમનને તે પ્રકારે થયેલા તેનાથી છે એમ જાણે એનું નામ સ્વપરપ્રકાશક સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો અમે કરી દીધું, અમે ધ્યાન રાખનારા, અમે વ્યવસ્થા કરનારા, અમે જુઓ કેટલું કામ સરેડે ચડાવી દીધું. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- છે જ નહિ.

ઉત્તર :- છે નહિ. સરેડે ચડાવે. સરેડે નથી ગામ એક? સરાડિયા. ગામ છે એક સરાડિયા. અમે ઉતર્યા હતા એક ફેરી સ્ટેશન સરાડિયામાં. સ્ટેશન છે ને. બહાર ત્યાં ઉતર્યા હતા.

મુમુક્ષુ :- પોરબંદર જતા.

ઉત્તર :- પોરબંદર જતા વખતે. નહિ ઓલો શેરો કર્યો હતો? ઘણાં માણસ સાથે... રેલ પણ ત્યાં સુધી જાય છે. પછી રેલ આઘી નથી જતી. રેલ ત્યાં સુધી જાય છે. જુઓ, અહીં સરેડિયા સુધી અહીં આવી. બીજી રીતે સરેડે ચડવા જાવ તો રેલ આગળ નહિ ચાલે. એમ જેના જે પરિણામ તે તે દ્રવ્યના તે કાળે થવાના તે થાય. એનો બીજો કોઈ કરે કે અમે આમ કરી દીધા, અમે આમ કરી દીધા, મિથ્યાત્વ અસત્યને સેવે છે. અસત્યને માનતા આત્માના સત્યની શાંતિનું ખૂન થાય છે. આહાહા..! પણ આ ગાયન-બાયન આવે અને આ રેકોર્ડિંગ ઉતરે. ઓલા રેકર્ડ શું કહેવાય એને? રેકર્ડ. ઉતરે છે ને આ? કોઈ બોલનાર હુશિયાર હોય અને ઓલા ઉતારે છે. રેડિયોમાં. એ તો ગાયન હુશિયાર હોય ને ઉતારે કે નહિ એમાં? એને પૈસા આપે નહિ પોણો સો રૂપિયા, સો રૂપિયા, બસ્સો રૂપિયા આપે. હુશિયાર હોય તો પાંચસો હોય. બહુ કંઠ મીઠો હોય આમ ધ્રુજતો હોય. ટોપી વાગતો હોય એવો કંઠ હોય. પણ એ કંઠ તો જેવો કરે એવો થાય કે નહિ? આ માણસ તો વાતું કરે છે નહિ? કે ‘દૂધ, સાકર, એલચી, વરિયાળી ને દ્રાક્ષ, જો ગાયાનો ખપ કરે તો પાંચેય વસ્તુ રાય.’ એવું આવે છે. માણસ વાતું કરે છે. આવે છે કે નહિ? એવું સાંભળ્યું છે, નાની ઉંમરમાં બધું સાંભળતા. ‘દૂધ, સાકર ને એલચી, વરિયાળી ને દ્રાક્ષ, જો ગાયાનો ખપ કરે...’ પાંચેય રાખ તો તારો કંઠ સારો થાશે. સાચી વાત હશે? પછી ઓલામાં આવે નહિ? ‘તેલ મરચુ ને આમલી...’ ‘હિંગ મરચું ને આમલી...’ પછી? ‘સોપારીને તેલ, જો ગાયાનો ખપ કરે તો પાંચેય વસ્તુ મેલ.’ કેટલું આમાં સાચું હશે? દુનિયાના ગોળા જ બીજી જાતના. કેમ મોહનભાઈ! શું હશે? એય..! મોહનભાઈ! આ બધા તમે ગાતા, બહુ ઓલામાં

ગાઓ છે. એ તો કહે છે, જડની અવસ્થા બાપા! એ તો પરની અવસ્થા તારાથી થાતી નથી. એમ કહે છે અહીં. એ તો માટીની અવસ્થા તે જડનો ધ્વનિનો પર્યાય તે કાળે અવસ્થા પરિણમવાને કાળે થાય. આત્મા એમ માને કે મારાથી થાય તો મોટો અસત્યનો સેવનાર છે. એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

દૃષ્ટાંત આપે છે. '**કારણ...**' હવે આ બે વાતને સિદ્ધ કરીને એટલે છએ દ્રવ્યને સિદ્ધ કર્યા ખરેખર તો. સમજાય છે? છ દ્રવ્યમાં એક જીવ છે ભલે અનંતા અને ઓલા પાંચ અજીવ છે. એ પોત પોતાના પર્યાય (કરે). પણ એનું ભાન ક્યારે થાય? કે જ્ઞાયક ઉપર દૃષ્ટિ આપતા જે પરિણામ ઊપજે તે પરિણામ યથાર્થ થાય તેને સમ્યગ્દર્શન, જ્ઞાન કહે છે. એમ ને એમ ક્રમબદ્ધ-ક્રમબદ્ધ માન્યા કરે (અને) ક્રમબદ્ધમાં અકર્તાપણું ન આવે તો ક્રમબદ્ધ એણે માન્યું નથી. સમજાણું કાંઈ? થવાનું હોય એ થાશે. એક જણો કહેતો હતો, ભાઈ! થવાનું હોય એ થાશે. પણ વેશ્યાનો ભોગ? પણ એ થવાનો હોય તો થાય છે. ઓહો..! મરી જઈશ પણ. થવાનું હશે એ થશે એની દૃષ્ટિ તો આત્માના જ્ઞાયક ઉપર હોય છે. અને જ્ઞાયક ઉપર હોવાથી તેના નિર્મળ પરિણામ થાય તેનો જાણનાર અને રાગ જરી થાય એનો પણ જાણનાર છે. એને ઘણો મંદ રાગ થાય એને. સમજાણું કાંઈ? અને તે પણ રાગનું જ્ઞાન ઉત્પન્ન થતું તે જ્ઞાન ઊપજે છે. રાગને કારણે નહિ. દેહની ક્રિયાને કારણે નહિ. આવી જ્યાં દૃષ્ટિ આત્મા ઉપર નથી અને એમ કહે કે થવાનું હોય એ થયું, આમ થયું. સ્વચ્છંદી થઈને મરી જશે ચોર્યાસીના અવતારમાં. પત્તો નહિ લાગે ક્યાંય. સમજાણું કાંઈ? ભારે વાત.

'**કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' દાખલો પણ એવો. એઈ..! શું કહે છે? એ કંકણ-કંકણ. એટલે કડું. કડું આદિ ઊપજે છે ને. એ કડું ઊપજે છે એ '**સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' એ સુવર્ણ પોતે કંકણ આદિના પરિણામે ઊપજે છે. એ સોનીના હાથથી નહિ, સોનીના હથોડાથી નહિ અને એરણથી નહિ. છે? જુઓ! અંદર છે કે નહિ?

'**કારણ કે જેમ (કંકણ આદિ...**' વીંટી, કુંડળ, કડું, હાંસડી આમ રાખે ને લટકતી. સોનાના ઝીણા-ઝીણા લટકે છે ને આમ કરીને. ઈયરીંગ. લટકે છે. ઈયરીંગનું આપણને નામ નહોતું આવડતું. આ ઈયરિંગ છે ને લાંબા લાંબા? એ બધા જે એના પર્યાયપણે પરિણમે છે એ પરમાણુ પોતે પોતાની પર્યાયપણે સુવર્ણપણે પરિણમે છે. એ હથોડીથી નહિ, સોનીથી નહિ. કહો, સમજાણું કાંઈ? વસ્તુ છે ને જગતની એ? કંકણ આદિ પરિણામોથી. પરિણામ એટલે અવસ્થા. '**ઊપજતા એવા) સુવર્ણ અને કંકણ આદિ પરિણામો સાથે...**' સોનાને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે કંકણ આદિ પર્યાય સાથે તાદાત્મ્ય છે. ત્રિકાળી વસ્તુનું વર્તમાન પરિણામ એની સાથે તાદાત્મ્ય છે. પરના પરિણામ સાથે તદ્રૂપ તાદાત્મ્ય એકરૂપ નથી. સમજાણું કાંઈ?

કુંભાર ઘડાનો કર્તા એમ છે જ નહિ, કહે છે. માટીને માટીના પરિણામરૂપે ઊપજતો ઘડો એ માટી સાથે તે પરિણામનું તાદાત્મ્ય છે. એ ઘડાના પર્યાયને ઉત્પન્ન કરનારો તે માટી છે. કુંભાર નહિ. સમજાણું કાંઈ? '**(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ...**' જે કાંઈ કુંડળ, વીંટી. '**તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' લ્યો! સમજ્યાને? આમાં તો (એમ આવ્યું), જોયું? એ તો પરિણામ સાથે તાદાત્મ્ય છે એમ કહે છે એય..! આ દાખલો આપ્યો ને ઓલું ક્રમબદ્ધ ઉડાડી દે છે. પણ એનો અર્થ જ એ છે ભાઈ! તને ખબર નથી. શબ્દ તો પડ્યો છે એમાં. નહિતર તે તે વર્તમાન પરિણામ સાથે તે ત્રિકાળીને તાદાત્મ્ય છે. પછીના અને પહેલાના પરિણામ સાથે વર્તમાન તાદાત્મ્ય ક્યાં છે? પરની સાથે તો તાદાત્મ્ય તદ્રૂપે નથી પણ જે પરિણામ વર્તમાન થયા તેની સાથે એ સિવાય ગયા અને થશે એની સાથે વર્તમાન તાદાત્મ્ય ક્યાં છે? એનું વર્તમાન-વર્તમાનરૂપ જ તાદાત્મ્ય છે. એ દ્રવ્યનું વર્તમાન પરિણામ રૂપે ચીજ એ તાદાત્મ્ય છે. સમજાય છે? એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

અહીં તો દાખલો સોનાનો આપ્યો. સોનું પોતે વર્તમાન જે દાગીનાપણે થાય છે તે તે દાગીનાની અવસ્થાથી તે સોનું તાદાત્મ્ય છે. એને કાંઈ હથોડીએ ઘસ્યું માટે આ દાગીનો થયો છે (એમ નથી). સમજાણું કાંઈ? ગોદિકા કહેતા ભાઈ, કે અમારી પાસે નીલમ હોય આટલા નાના નાના. ઘસે. એની એક .. ઘસે. ત્રણ-ચાર હજાર રૂપિયા, મહિને ત્રણ-ચાર હજાર આપે છે એને. લે છે. પછી એ કહે, કરવાને બેઠા હોય અમારે આટલું ઘસવું ન હોય. એક જરીક ઉપરનો ભાગ આમ કાઢવો હોય, એના ઠેકાણે ચોસલું નીકળી જાય ફડાક દઈને. એ અમારા અધિકારની વાત નથી. અને પાછું હોય લાખની કિંમત અને પચ્ચીસ થઈ જાય છે. પચ્ચીસ હજાર. કોઈ વખતે એમ પણ થાય અને કોઈ વખતે પચ્ચીસ હજારના લાખ પણ થાય છે. સમજાણું કાંઈ? એનો કારીગર આવ્યો હતો. લાવ્યા હતા અમારી પાસે. આ કારીગર કામ કરે છે પહેલેથી. નાના બાળકથી. એને હવે બીજો વધારે પગાર આપે છે. પગાર એટલે? વધારે આપે છે. મને આ શેઠે પાળ્યો છે. મેં એનું અનાજ ખાધું છે. બીજા વધારે આપે (તોપણ) મારે બીજે ન જવાય. હું તો એનું જ કામ કરવાનો. ઈ કહે કે અમે બેય બેઠા હોય. એ હુશિયાર માણસ અને આ પણ બેસે. પણ જે નીલમની કટકી અહીંથી જરી કાઢવી જોઈએ આટલી કાંઈક ખુણો દેખાતો હોય. એ જ્યાં કાઢવા જાય તો ફટ ડગળું નીકળી જાય મોટું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર સાંધ હોય ને એટલી. પચ્ચીસ હજારની કિંમત થઈ જાય. લાખની કિંમતની. એમાં કરે કોણ? આ તો બતાવવું ઈ છે. કોણ કરે એને? એના તે પર્યાયના ઉત્પન્ન કાળે તે પરમાણુ તે રીતે ઊપજ્યા તે હથોડીથી નહિ, છેદવાથી નહિ, એને કારણે નહિ. એવી વાત છે. દેખાય છે પણ એને એ માનતો નથી. હું કરી દઉં છું, હું કરી દઉં છું. સમજાણું કાંઈ? ચોખા પાકે છે એ પોતાની પર્યાયથી ચોખા પાકીને પરિણામથી તે ચોખા તાદાત્મ્ય છે. એ પાણી ઊનાથી, અગ્નિથી એ પરિણમ્યા નથી, પાકા થયા નથી એમ કહે છે. કહો!

મુમુક્ષુ :- ચૂલા ઉપર મૂક્યા વિના?

ઉત્તર :- ચૂલો કોણ મૂકે? ક્યાં મૂકે? દરેક રજકણ સ્વતંત્ર (છે) ત્યાં પોતે પોતાના પરિણામે પરિણમે છે એમાં વળી બીજો કરે શું? બીજાથી થાય શું? આકરી વાત છે, ભાઈ! જ્ઞાનમાં તો જે થાય છે તેને જાણે. આમ થયું કેમ? અને આમ કેમ ન થયું? એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. એ જ રીતે તે પરિણામ પરિણમવાના તે જાણે. સમજાણું કાંઈ? પાણી વિના કંઈ ચોખા ચડે? એમ વળી એક જણો કહે. હવે સાંભળને, ચોખાનો એક એક રજકણ એને કારણે પાકો થાય છે. શું કહે છે આ? એના પરિણામ એની સાથે તાદાત્મ્ય છે. વર્તમાન ત્રિકાળ સાથે તાદાત્મ્ય છે તો વર્તમાનનો કર્તા ત્રિકાળી છે. ત્યાં બીજો ક્યાંથી આવ્યો? પાણી ક્યાંથી આવ્યું અને અગ્નિ ક્યાંથી પાકે? એ તો સંયોગદષ્ટિ છે અજ્ઞાનીની.

સ્વભાવદષ્ટિમાં જે પરમાણુ તે કાળે જે પર્યાયે પરિણમવાના તે પરિણમવાના, પરિણમવાના અને પરિણમવાના. એમાં બીજાને લઈને નહિ. આહાહા..! સમજાણું આમાં? કહો, રસિકભાઈ! સાચું હશે આ બધું? આ બધા આવે છે આ શું હશે? તો વળી એક જણો કહે છે લ્યો, ભાઈ! ઘડો સારો કરવો હોય તો સારા કુંભારને શું કરવા બોલાવીએ? એય..! સારા ઈજનેરને શું કરવા બોલાવે, વજુભાઈને? કુંભારને બોલાવે નહિ ગામના. કે ભાઈ આ અમારે મકાન કરવું છે કરી દ્યો નકશો.

બાપુ! ભગવાન! તને ખબર નથી. બાપુ! તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છો. જે પરમાણુની તે પ્રકારે ત્યાં ત્યાં તે વર્તમાનપણે પરિણમવું ત્રિકાળનું જે છે પરિણમવાનું તે પ્રમાણે થાશે. એના અધિકારમાં કોઈની ઘાલમેલ... શું કહે છે એ? ઘાલમેલની બીજી ભાષા છે ને? હસ્તક્ષેપ. એવી ભાષા કરે છે લોકો બહાર. આપણને તો ખબર નથી. હસ્તક્ષેપ. હસ્તક્ષેપ ન હોય એમાં. એનો હાથ અંદર જાય અને ફેરફાર કરે એવું નથી. ત્યારે આ કો'ક છોડે એને ઠપકો આપવો કે નહિ? કહો, આ છોકરો ચા અને દૂધ લઈને આવતો આમ ફર્સ્ટ ક્લાસ. એમાં છોડીનો સસરો બેઠો હોય તો કડક કડક માણસ આમ હોય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


...સ્વરૂપ છે. ફેરફાર કાંઈ કરવો એ આત્માનું સ્વરૂપ છે નહિ. જુઓ! સમજાય છે? દરકે પદાર્થ પોત પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે. જીવ જીવ અને પરમાણુ પરમાણુ. પોતપોતાની વર્તમાન પર્યાયથી તાદાત્મ્યરૂપ છે. પરની સાથે કાંઈ એકરૂપ કોઈ દિ' ત્રણ કાળમાં થયા નથી. એમ અંતરમાં જ્ઞાન કરવું, ભેદજ્ઞાન કરવું, પરથી જુદાઈનું ભાન કરવું એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૧૧, રવિવાર તા. ૨૯-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૩૮૦**

સમયસાર. સર્વવિશુદ્ધ અધિકાર. ૩૦૮, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧ની ટીકા. ફરીને એનો મેળ કરવા જુઓ ટીકા. '**પ્રથમ તો...**' વાત આવી ગઈ છે અડધી પણ થોડી લઈએ છીએ. ઘણી આવી ગઈ છે. '**પ્રથમ તો જીવ...**' આ જીવ જે છે, આત્મા જે છે એ '**ક્રમબદ્ધ એવા...**' પોતાની વર્તમાન અવસ્થા જે થાય છે-હાલત;.. વસ્તુ પોતે ધ્રુવ તરીકે છે અને એનું પરિણમન છે. પરિણમન એટલે અવસ્થા-દશા, એ દશા આત્માની ક્રમસર થાય છે. ક્રમસર નામ જે સમયે જે અવસ્થા થવાની તે સમયે તે થાય, બીજે સમયે જે થવાની તે થાય, ત્રીજે સમયે જે થવાની તે થાય. એવા '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' પોતાની વર્તમાન દશાના ભાવથી. પરિણામ કહો, પર્યાય કહો, પરિણતિ કહો એ બધી એક અવસ્થા છે.

જે વસ્તુનું ધ્રુવપણું રહીને વર્તમાન પરિણામમાં પરિણતિ નામ અવસ્થા કહો, પરિણામ કહો, પરિણતિ કહો એ પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. એ પરિણામને બીજો કોઈ ઊપજાવતો નથી. એના નિયમસર, ક્રમસર, સમયસર થતાં પરિણામમાં એ જીવ ઊપજતો થકો, વસ્તુ દ્રવ્ય જે ધ્રુવ છે એ પર્યાયપણે પરિણમતું થકું, વર્તમાન અવસ્થામાં તે ઢળતું થકું, ક્રમે ક્રમે તે પરિણામમાં ઊપજતો એ જીવ ઊપજે છે. જુઓ ભાષા.

ખરેખર તો જીવ જે જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય છે એના ઉપર દૃષ્ટિ આપતા તે જીવ પોતાના નિર્મળ પરિણામે ક્રમસર પરિણમતો તે જીવના જ પરિણામ છે. સમજાણું કાંઈ? એના પરિણામ-પર્યાયને-ઊપજવા માટે કોઈ નિમિત્ત અને પરની અપેક્ષા નથી. તેમ તેની વર્તમાન અવસ્થાને ઊપજવા માટે પૂર્વની અવસ્થાની પણ તેને અપેક્ષા નથી. વર્તમાન આ .. જે ધ્રુવ ચૈતન્ય છે એની અંતર દૃષ્ટિ આપતા તે જીવ પોતે પોતાના વર્તમાન જે શક્તિમાં પર્યાયની તાકાત પડી છે તે તે તાકાત તે સમયે તે અવસ્થાપણે પરિણમતો નિર્મળપણે એ પોતે જીવનું સ્વરૂપ છે ઈ. ખરેખર તો અહીંયાં સંવર અને નિર્જરાના વીતરાગી પરિણામે પરિણમતો જીવ છે એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :- ખરેખર...

ઉત્તર :- ખરેખર. કો'ક એમ કહે કે ભાઈ, અમે રાગને પરિણમતો કહ્યો હોય તો. એમ. ભલે રાગ પણ એની અહીં વાત નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો ભગવાન આત્મા... કહે છે, કારણ-કાર્ય નથી. આત્મા વસ્તુ છે, ચૈતન્યવસ્તુ છે, ધ્રુવ છે એમાં અનંત શક્તિ, ગુણ, શક્તિ, સત્ત્વ, સ્વભાવ વસ્તુનો ત્રિકાળ સ્વભાવ એ સાથે રહેલો ત્રિકાળ છે. એ વસ્તુ ઉપર દૃષ્ટિ આપતા, તે જીવ ઉપર દૃષ્ટિ આપતા તે જીવ પોતાના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પરિણામે પરિણમતો પરિણમતો થતો, થયો થકો એ જીવમાં અભેદ પરિણામ થાય છે. એથી તેને જીવ કહેવામાં આવે છે. એનું લક્ષ પર ઉપર (નથી રહેતું). અજીવમાં એમ નહિ ચાલે. અજીવમાં સામાન્ય વાત છે. આ તો જીવમાં વાત છે. સમજાણું કાંઈ?

એ '**અજીવ નથી;...**' એટલે કે ખરેખર તો એ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ તે જ આત્મા. એ પોતે અંતર્મુખ દૃષ્ટિ કરતા તે પરિણામ તે ક્ષણના જે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન પરિણમતા એ જીવ છે, એ અજીવ નથી. અજીવ નથી એટલે ખરેખર તે રાગ પણ નથી, ખરેખર તે પરના પરિણામપણે પરિણમ્યો એમ પણ નથી. ઝીણું ભારે ભાઈ. સમજાણું કાંઈ? આહાહા..! '**એવી રીતે અજીવ પણ...**' પરમાણુઓ આ રજકણ આ જગતના શરીરાદિ જડ, વાણી આ પરમાણુ છે. આ તો ઘણા રજકણનો પિંડ છે. એનો એક એક પોઈન્ટ જે છે એ જગતનું તત્ત્વ છે શાશ્વત. તે પરમાણુ અજીવ પણ અને બીજા પણ અને .. '**અજીવ પણ ક્રમબદ્ધ...**' તે દ્રવ્યનો સ્વભાવ તેના પરિણામમાં ક્રમે ક્રમે જે દ્રવવું, ઢળવું, થવું, વળવું. જે પરિણામપણે પરિણમતો ક્રમસર પરમાણુઓ એ '**પોતાના પરિણામથી ઊપજતો થકો અજીવ જ છે,...**' આ શરીરાદિની પર્યાય ઊપજે છે ઈ શરીરના રજકણોથી ઊપજે છે, આત્માથી નહિ. સમજાણું કાંઈ? આ વાણીની પર્યાય ઊપજે છે એના ક્રમમાં એ ભાષાવર્ગણાના રજકણો છે એ રજકણોમાં એક સમયમાં શબ્દરૂપ પર્યાયનું થવા કાળે ક્રમસર થાય છે તે તે અજીવના પરિણામે (પરિણમતું) તે અજીવ છે. બીજાના કારણે થયેલું નથી કે જેથી તે બીજાનો અંશ તેમાં કહેવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જીવ બોલ્યો એમ કહેવાય છે.

ઉત્તર :- એ ભાષા બોલે ભાષા. બોલે કોણ? અરેરે..! સમજાણું કાંઈ? ભાષા કોણ બોલે? ભાષા જડની પર્યાય છે. લોકોને તત્ત્વની ખબર નથી. શું આ તત્ત્વ છે. તત્ત્વ પોતાની જાતને વાળવી અને ક્ષણે ક્ષણે અવસ્થા-દશામાં કામ એ કામ કર્યા જ કરે છે. કોઈપણ પદાર્થ કામ વિનાનો એટલે કે એની વર્તમાન દશા વિનાનો હોય નહિ. તો કહે છે કે અજીવ પણ તેના કાર્યરૂપે પરિણમતું તે અજીવની પર્યાયમાં અભેદ છે. એની પર્યાય બીજો જીવ કરી દે? કહો, સમજાણું કાંઈ? આ શરીરને આમ આત્મા હલાવે એ ત્રણ કાળમાં બને નહિ. ભાષા આત્મા કરે એ ત્રણ કાળમાં નહિ. નહિતર એના પરિણામમાં જીવનો અંશ જતા એ

જીવ થઈ જાય. એમ છે નહિ. એના પરિણામમાં તો અજીવ પોતે છે એ પરિણામમાં આવે છે. આહાહા..! ભારે ઝીણું ભાઈ! કહો, હસમુખભાઈ! આવું પણ સમજવું શું કરવું? (એમ) કહે છે.

કહે છે કે, ભાઈ! આ વસ્તુ જે તારા સિવાય અનંત છે બીજી એ બધા તેની વર્તમાન અવસ્થાએ થતાં, પરિણમતા ક્રમસર આવતા ક્રમસરમાં જે એના પરિણામની યોગ્યતા તે પણે પરિણમતા તે તેના તત્ત્વમાં છે. તેનાથી છે, તેના થઈને રહ્યા છે. એ તારા થઈને રહ્યા નથી અને તારા થઈને તે તારામાં તારે કારણે પરિણમતા નથી. ચંદુભાઈ! બહુ ઝીણું છે, ભાઈ!

સર્વજ્ઞનો સ્વભાવ આત્માનો એવો છે એ જગતના જે પદાર્થો, જે ક્ષણે જે પર્યાયે પરિણમે છે તે જ તેનું કાર્ય છે અને તેનો કર્તા તે દ્રવ્ય એટલે વસ્તુ છે. આમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આવો ધર્મ. આ ધર્મ કરવો એમાં આ શું સમજવું? પણ ધર્મ કરવો એટલે શું ભાઈ? અનંત કાળમાં અપૂર્વ દૃષ્ટિ કરી નથી કે આત્મા ચૈતન્યઘન, આનંદઘન, વિજ્ઞાનઘન છે એની અંતરમાં એની દૃષ્ટિ કરીને નિર્વિકલ્પપણે અનુભવની દૃષ્ટિ કરી નથી એને માટે આ વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા...! જડના જે ક્ષણના, જે ક્ષણે તે પરિણામે પોતે અજીવ પરિણમતું અજીવ જ છે. એમાં જીવ કોઈ રીતે અંશ આપતો નથી કે જેથી તેનું પરિણમવું જીવને લઈને થાય. બિલકુલ નહિ. અજીવને લઈને અજીવ પ્રવાહપણે પરિણમતા પોતાની પર્યાયપણે અજીવ ઊપજે છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, આ કહે ને, વાવ ખોદાવી, કૂવા ખોદાવ્યા, જળ .. સડક બંધાવી. બધું કહે છે કે જૂઠે જૂઠી તારી વાત છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ડુંગરા તોડી તોડીને રેલ કાઢી.

ઉત્તર :- ડુંગરા તોડીને રેલ કાઢી હેઠેથી. નથી આવતી? રેલ ઘણી આવે છે રસ્તામાં. અમારે તો ઘણી (આવી). નવ હજાર માઈલ ફર્યા છીએ ને. મોટા મોટા આવે. હેઠેથી જાય. અહીં હેઠેથી નીકળે છે, અહીંથી આ નીકળે છે, અહીંથી આ નીકળે છે. સો-સો માઈલ જાતા. હમણા જઈ આવ્યા નહિ? પાંચ-છ હજાર માઈલ. ... જયપુર ને ત્યાં. કાંઈકની જાતી હોય, એમાં કાંઈક કાંઈકનું એક્સિડેન્ટ થઈ ગયા હોય, કોઈ મરી ગયા હોય, કો'કનો ટાંગો તૂટ્યો હોય. .. કંઈક દેખાય. પણ શું થયું? જે થવાનું હતું ઈ થયું. આહાહા..! સમજાણું કાંઈ? ...

એક એક પરમાણુ પોઈન્ટ જે છે એવા અનંતા રજકણો જગતમાં છે. જો આના ટૂકડા કરે ને તો એના ટૂકડા નાના એટલા થાય કે એના અનંત ભાગ થાય. એટલા અનંત ટૂકડાનો

આ પિંડ દેખાય છે આ. સમજાય છે? એ એક એક ટૂકડો પોતાની વર્તમાન અવસ્થાએ પલટતો પલટતો ક્રમસર પર્યાયમાં જે આવવાની તે પર્યાય તે પરિણમે છે. બીજા પરમાણુને લઈને નહિ, આત્માને લઈને નહિ, પૂર્વની પર્યાયને લઈને નહિ. ચંદુભાઈ! આહાહા..! એને દુકાનમાં એવો રસ પડે ને, એવી મજા આવેને અંદરથી. આહાહા..!

ભગવાન! તારે શું કરવું છે? તું કર કે વર્તમાનમાં આ મેં કર્યું, આ મેં મૂક્યું એવા સંકલ્પ-વિકલ્પ. સંકલ્પ-વિકલ્પ એ દુઃખરૂપ દશા છે. એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી, વસ્તુની દૃષ્ટિએ એ વસ્તુનું પરિણમન નથી. એ રાગ-દ્વેષનું થવું એ ચૈતન્યની પરિણતિ જ નથી એ. પરનું તો કરતો નથી કાંઈ. કોઈ દિ' કર્યું પણ નથી અને કરી શકશે પણ નહિ. આત્મા સિવાય આ શરીર, વાણી, મન દેશના કામ કોઈ દિ' ત્રણ કાળમાં એ કરી શકતો નથી. કેમ કે સ્વતંત્ર એ પદાર્થો છે તે પદાર્થનું ટકીને બદલવું તેના કાળે તેની શક્તિથી થાય છે. પણ તું એમાં ઘાલમેલ કરવાનો વિકલ્પ કર. મેં આમ કર્યું.. મેં આમ કર્યું... મેં આમ ન કર્યું હોત તો આમ થાત. એવા સંકલ્પ ને વિકલ્પ જે વિકાર તે દુઃખરૂપને કરે છે. એ પરિણતિ ખરેખર ચૈતન્યની છે નહિ. એ પરભાવ છે. સમજાણું કાંઈ?

જીવ પોતાના પરિણામે ઊપજતો. એને જોવાનું ક્યાં રહ્યું? જીવ ઉપર, દ્રવ્ય ઉપર. એમ કહે છે. જીવ પોતાના પરિણામે ઊપજતો એ જીવ જ છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય એવો આત્મા તેનું પરિણમન ખરેખર તો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ આદિનું પરિણમન તે જીવ જ છે. સમજાણું? અને અજીવનું પરિણમન ક્ષણે ક્ષણે રજકણ આદિનું, કાળ આદિનું અરૂપી છે એનું પણ. '**ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...**' પોતાના. પોતાના સ્વરૂપના પોતાના પરિણામથી ઊપજતો થકો તે બધા અજીવ છે. તારા કારણે એ અજીવના પરિણામ થાય છે (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સંકેલવું આકરું પડે માણસને.

બધું હુશિયારીથી કામ કરતા હોય, હુશિયારી કાંઈક જાતી હશે કે નહિ પરમાં? વાણીમાં કાંઈક જ્ઞાન આવતું હશે કે નહિ? એ વિના ઓલાને સમજાય શી રીતે? લ્યો! વાણીમાં કાંઈક બીજાને સમજાય છે તો જ્ઞાન સમજાય છે કે નહિ એને? તો જ્ઞાન સમજાવવામાં નિમિત્ત થાય છે કે આમાં કાંઈક જ્ઞાન હશે કે નહિ વાણીમાં? કહે છે કે ભાઈ! તને ખબર નથી. બાપુ! વાણી તો વાણીના જડની અવસ્થા પરિણમવાની છે. વાણી તો જડના પરિણામે પરિણમતી અજીવ છે. એમાં જ્ઞાન પણ નથી અને એ બીજાને જ્ઞાન થાય એવી એનામાં તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તે વાત પણ જગતથી ઊંધી બહુ. કહો, ..ભાઈ! દુનિયાની હુશિયારીના પાણી ઉતરી જાય એવું છે બધું. આ તો એમ માને કે અમે આમ કર્યું.. અમે આમ કર્યું... શું કર્યું? ગુલાબચંદભાઈ! કૂતરાને હાંક્યા? બોલતા હતા. પણ કાંઈક

આવી ગયા લાગે છે હોં અંદર. આ બહારથી આવ્યા છે કાંઈ? ના. ના. મને ખબર છે. કૂતરા આવી ગયા બહારથી. મેં કીધું, તપસી રાખ્યા છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

અરે..! ભગવાન! તું ક્યાં છો? કહે છે. તું તો તારા પરિણામે પરિણમતો ત્યાં તું છો, એમ કહે છે અહીં તો. પરના પરિણામે પરિણમતો તું ત્યાં નથી, પણ રાગના પરિણામે પરિણમતો તું ત્યાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એના પરિણામી પદાર્થ જે ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ વસ્તુ છે એ પોતે પ્રવાહપણે એનામાં શુદ્ધતા પડી છે. શુદ્ધપણાના પરિણામે ઊપજતો થકો એ શુદ્ધ જીવ છે. સમજાણું કાંઈ?

અને આ શરીરાદિ, આ વસ્તુઓ, આ પુસ્તક-બુસ્તક છે કે નહિ? આ પુસ્તક આમ બંધાણું છે કે નહિ આ કાગળ-બાગળ? આ તપસી આપે છે કે નહિ? આ કોણ આપે છે? તપસી! લ્યો, આ સમયસાર પૂઠું બાંધ્યું કેવું સરસ જુઓ. આમ.. આમ.. આમ.. આત્મા વિના થાતું હશે? કે આત્મા વિના થાતું હશે? કહે છે કે એનો એક એક રજકણ તેની તે તે અવસ્થાએ થતો થકો ત્યાં રહેલો છે. તારા આત્માને કારણે ત્યાં અવસ્થા થાય છે એમ છે નહિ. તત્ત્વજ્ઞાનની ગુફા ઊંડી છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! તને ખબર નથી કે તું કોણ છો અને પર કોણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રત્યક્ષ...

ઉત્તર :- પ્રત્યક્ષ ક્યાં હતું? એની આંખ્યું આંધળી એમાં પ્રત્યક્ષ કોને કહેવું?

આત્મા પોતાની સત્તામાં હોવાપણામાં બદલતો તેનામાં પરિણામ નામ અવસ્થા કરે છે. રજકણો રજકણની સત્તામાં રહીને તેના પર્યાય (કરે છે). આ તો પ્રત્યક્ષ આમ છે. હવે આ રીતે પ્રત્યક્ષ નહિ ને બીજી રીતે પ્રત્યક્ષ માને (તો) આંધળો છે. કનુભાઈ! આહાહા..! કહો ભાઈ! નથી કહેતા? કે ભાઈ, સારું પકવાન-બકવાન કરવું હોય, સારી ચીજ કરવી હોય તો સારી બાઈને બોલાવો એમ કહેતા હશે કે નહિ? કે ફુહડને બોલાવો એમ કહેતા હશે?

મુમુક્ષુ :- એમ જ હોય ને. જેને ન આવડતું હોય એને બોલાવે?

ઉત્તર :- ન આવડતું હોય એને બોલાવે? .. આઠ વર્ષની છોડી હોય એની માએ લાપસી કેમ કરી? કેમ લાપસી થાય? એ લાપસી થતાં એમાં વેલણું ચલાવવું પડે નહિતર લોચા થાય. એ ખબર ન હોય ને લાપસી કરવા બેસી જાતી હશે?

મુમુક્ષુ :- એની મા પણ ના પાડે.

ઉત્તર :- એ ના પાડે એને. શીખ્યા વિના કરીશ નહિ. લોચા થઈ જશે. થતાં થતાં એને આમ વેલણું ચલાવવું જોઈએ થોડીવાર મૂકીને પછી. નહિતર ઓલા લોચા થઈ જશે. ગાંઠા બાજી જશે અંદર. હુશિયાર બાઈથી થાતું હશે કે નહિ? એઈ..! વીરચંદભાઈ! શું થાતું

હશે? આહાહા..! ભાઈ! .. ભારે આ. એય.. શું હશે આમાં? એય..! ભીખાભાઈ! શું હશે આ? એ ત્યાં કહેવાય ઝવેરાતમાં આમ ને આમ ને તેમ ને તેમ ઢીકણું-ઢીંકણું. કેમ હશે આમાં? બાબુભાઈ! આ તમારો કાકો હુશિયાર છે કે નહિ? એક્લા કરીને. જુઓ! છોકરા નહોતા ને છોકરા થયા બધું કર્યું. ન હોય તો શું કરો? તમને .. આપવી પડે. આ તો ત્રણ થયા બીજા. એને કાંઈક કળા કરી હશે ત્યારે આવું થયું હશે કે નહિ? આ તો ભારે જફ્ફા. એય..! હિંમતભાઈ! ગપે ગપ છે બધા. એ જડની પર્યાય જડના કારણે થયા કરે છે. એને આત્મા કરે ને મેં કર્યું માટે આમ થયું એ વાતમાં એકેય દોકડો સાચો નથી. પોપટભાઈ! શું હશે આ?

બાપુ! અહંકાર ઊડાવ, ભાઈ! એ દેહાભિમાન જડાભિમાન છે. એ જડના પર્યાયને હું કરું એ જડનું અભિમાન છે. જડમાં હું છું એવો એને અહંકાર છે. સમજાય છે કાંઈ? એ શરીરના, ધંધાના, વેપારના કામમાં હું હુશિયાર છું માટે આ થયું એમ માનનાર જડનો અભિમાની એટલે જડમાં હું છું. અહંમાં. એમ. હું આ છું એમ માનનાર જડાભિમાની છે. જડાભિમાન અભિમાન કરે છે હોં! છતાં જડનું કરી શકે છે એમ નથી. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- ... લખવો કે ન લખવો?

ઉત્તર :- કોણ લખે છે જજ? કહો, ડોક્ટરે ઈંજેક્શન આપવું કે ન આપવું? એય..! છગનભાઈ! ધૂળેય આપી શકતો નથી. ડોક્ટર એટલે કોણ? એ તો આત્મા ભિન્ન છે. આ .. ઊંચું નીચું થવું એ રજકણની સત્તા અસ્તિત્વ છે કે નહિ આખું તત્ત્વ? અને છે એનું કાંઈ બદલવું થાય છે તે તેના અસ્તિત્વથી થાય કે આત્માના હોવાપણાથી ત્યાં કાંઈક થાય છે? આત્માના હોવાપણા વિના થાય? આત્માના હોવાપણામાં ત્યાં એનામાં થાય, જડના હોવાપણામાં જડને લઈને થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો હાથથી ઈંજેક્શન આપતું હશે?

ઉત્તર :- કોઈ આપતું નથી. ઈંજેક્શન ઈંજેક્શનને કારણે (લાગે છે). હાથેય ત્યાં કામ કરતો નથી. એમ કહે છે અહીં તો. દુનિયાથી બહુ ઊલટું ભાઈ! ઊંધાથી ઊંધું. દુનિયા ઊંધી એનાથી આ ઊંધું. એટલે બીજું સવળું એમ. આહાહા..!

ભગવાન! તું જો તો ખરો એકવાર. આત્મા સિવાય કોઈપણ પદાર્થમાં અહં કરનારો રાગાદિ, પુણ્યાદિમાં અહં કરનારો એનો અર્થ કે હું રાગરૂપ છું એમ માને છે. જેમાં અહંપણું માને છે કે મારાથી થયું એમાં એ હું છું એમ માનનારો માન્યા વિના આ હું છું એમ માની શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં તું છે ત્યાં તે નથી, જ્યાં તે છે ત્યાં તું નથી. નહિતર હું ને તું બે ક્યાંથી આવ્યા? ઓલાપણે થયું હતું ને ઓલા હું, તું ને તે. ભાઈ

આપણે એક હતા ને? પરમહંસ .. માધવાનંદ. આપણા રાજકોટના હતા ને? તમે નથી ઓળખતા? છબીલભાઈ! મોતીલાલજી હતા ને. આ નહોતા મોતીલાલજી દશાશ્રીમાળી વિષ્ણુ હતા. પછી બાવા થઈ ગયા હતા. કાંઈ ભાન ન મળે. બાવા થઈને લૂગડા ફેરવે. આવ્યા હતા બાવા થઈને બિચારા. મેં કીધું, તારી કાંઈક ભૂલ છે કે નહિ? આત્મામાં ભૂલ શી? ભૂલ તો માને નહિ વેદાંતવાળા. એક જ ભૂલ હોય. પણ કાંઈ ભૂલ ન હોય તો ટાળવું શું? તો ભૂલ ન હોય તો આનંદ છે? આનંદ નથી ત્યારે શું છે ત્યાં? દુઃખ છે. દુઃખ છે એ છે? એવું માનવું તો પડશે. એમ અહીં બોલતા હતા. પણ શું માનવું પડશે? જો આ માનવા જાય તો તમારી એકેય વાત રહેતી નથી. એમ માનો કે આત્મામાં દુઃખ છે તો એ આત્મા વિકૃતરૂપ પરિણમ્યો છે, આત્માનો સ્વભાવ અવિકૃત છે. એ વિકૃતને ટાળવો, પરિણમવું, બદલવું, ટકીને રહેવું આ બધું સિદ્ધ થતાં આખી વાત ઊડી જશે. એક જ આત્મા છે એમ નહિ રહે. સમજાણું કાંઈ? એમ માનવું તો પડશે. માનવું પડશે એટલે શું પણ?

આત્મા પોતાના સ્વરૂપને ભૂલી અને અનંત કાળથી પરના કાર્યો કરું એના અભિમાનમાં એટલે એમાં હું છું એમ માની અને એને છોડવા માગતો નથી. અને રાગ ને દ્વેષરૂપે પરિણમીને વિકલ્પરૂપે થઈને તે હું છું, જાણે હું છું તો આ થયો છું, હું છું તો આ થાય છે, એમ માનીને રાગને છોડવા માગતો નથી. પણ હું છું તો જાણનાર થાય છે, રાગાદિ નહિ ને પર આદિ નહિ, એમ એણે કોઈ દિ' જાણ્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...**' રજકણો અજીવના ક્ષણે ક્ષણે જે બદલાય છે તે તે પર્યાય એટલે અવસ્થા તે અજીવ છે. અજીવની અવસ્થા અજીવ છે. '**જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' સોનાની ગાંગડી સોનું એ પોતે કંકણ, કુંડળ, કડી આદિથી થાય તો તે સોનું જ છે. અને તે પોતે સોનું તેના કુંડળ કડારૂપે, પરિણામપણે-પર્યાયપણે-અવસ્થાપણે-ઢળતું પરિણમેલું છે. એ હથોડીને, સોનીને લઈને નહિ. હથોડી ને સોનીને લઈને હોય તો હથોડીના અને સોનીના પરિણામ એમાં સોનામાં પર્યાયમાં આવવા જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ પડે એવું છે.

ઉત્તર :- દાખલો કઠણ પડે એવો છે. કોઈ દિ' સાંભળ્યો (ન હોય). પાટી ઉપર ધૂળેય નાખી નથી કોઈ દિ' સાચી વાતને માટે. એમ ને એમ મૂર્ખાઈ સેવીને જિંદગીયું ગાળી. એય.. ડોક્ટર! આવી વાત છે અહીં તો. આકરી પડે એવી. માણસને ઊંચો કરી નાખે એવી છે જરી તો. ઓલી વાત નથી? એક આવે છે ને, નહોતું કહ્યું એ? કહે 'એક સુખિયા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે. ન આવે અકળામણનો અંત એ મૂરખમાં મુખિયા.' જેને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું, પરના પરિણામનો હું કર્તા નથી અને મારામાં રાગાદિ થાય તેનાથી રહિત મારી દશા છે શુદ્ધ ચૈતન્યમૂર્તિની, એવું અંદરમાં ભાન વિના તેને સુખ હોઈ શકે નહિ. અને એ સંતોએ એક જ્ઞાની જ સુખી છે જગતમાં. 'એક સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.' આ બધા પરનું કરું છું અને પરથી થાય છે અને પુણ્ય-પાપ મેં કર્યા, એ બધા દુરિજન દુઃખીયા છે. કપુરભાઈ! ભારે ભાઈ!

મુમુક્ષુ :- પૈસાવાળાને દુઃખી કહેવા?

ઉત્તર :- પૈસા કોને કહેવા? એના ક્યાં હતા પૈસા? એ તો જડના છે. હોય તો એની સાથે રહેવા જોઈએ. આવે છે આની સાથે? લઈને આવ્યા છે અહીં? શું લઈને આવ્યા છો? આવે છે? તમારી પાસે આવ્યા? મમતા છે. મારી પાસે આટલું છે, મારી પાસે આટલું. મારી પાસે છે. તારી પાસે .. એ ક્યાં છે? એ તો પરમાં રહ્યું. રાગ મારી પાસે છે એમ માનનાર પણ મૂઢ છે એમ કહે છે. તારી પાસે તો આનંદ અને જ્ઞાન છે. એને ઠેકાણે રાગ મારી પાસે છે? સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- સબક થઈ જાય એવું છે.

ઉત્તર :- સબક થઈ જાય એવું છે. ગાંડી દુનિયાએ સાંભળ્યું નથી સત્ય.

કહે છે કે, અજીવના પરિણામે ઊપજતા એ બધા પરિણામ અજીવમય છે. જેમ સોનાથી ઊપજતા પરિણામ સોનામય છે. કે હથોડીમય છે? કે સોનીમય છે? સમજાણું કાંઈ? '**(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને...**' એમ. આ તો દાખલો આપ્યો છે. ઓલા બે કીધા ને સામાન્ય પછી બધું કરી નાખ્યું. સર્વ દ્રવ્યો, સર્વ પદાર્થો જેટલા અનંત આત્માઓ અને અનંત રજકણો છે એ બધા '**પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' તે તે આત્મા અને તે તે જડ વર્તમાન અવસ્થાપણે થતાં તે તે અવસ્થાવાળું તે તત્ત્વ છે. એમાં તાદાત્મ્ય છે. તે અવસ્થા-આત્માની અવસ્થા આત્મા સાથે તાદાત્મ્યરૂપ છે, જડની અવસ્થા જડ સાથે તાદાત્મ્યરૂપ છે. સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યોને...**' જગતના કામ થવામાં મારો જરીએ ભાગ નથી, હોં! મારો થોડો ભાગ રાખજો. થોડો ભાગ. મેં તમને કીધું હતું ને. એટલું સલાહકાર થઈને એટલું તો રાખજો. તમારા કામ થયા એની સલાહ લેવા આવ્યા હતા કે નહિ મારી? એટલા પુરતું તો કામમાં મને ઊભો રાખજો. ઊભું રહેવું છે ને તારે હજી પરના પરિણામમાં? તારો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એના પરિણામમાં તો તારે ઊભું રહેવું નથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'સર્વ દ્રવ્યોને...'** એટલે જેટલા જગતમાં અનંતા પદાર્થો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે દીઠા છે, કેવળજ્ઞાની પરમાત્માએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકમાં છ દ્રવ્ય પરિણમતા દેખ્યા છે. અનંત આત્માઓ, અનંતા પરમાણુઓ, એક આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, અસંખ્ય કાળાણુઓ એ બધા પોતપોતાના પરિણામ સાથે તદ્રૂપ છે. આહાહા..!

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** હવે અહીં શું કહે છે જરી? કે ઊપજે છે તો કાંઈ પરને પણ ઊપજાવવાનું (કરે છે કે નહિ)? માણસ કહે છે ને? એક ગાયનો ગોવાળ તે બે ગાયનો ગોવાળ ભેગો.

મુમુક્ષુ :- પાંચનોય હોય.

ઉત્તર :- પાંચનો. ભાઈ, એકને ચારવા લઈ જવી છે ને બે ભેગી લઈ જાય. એમ પોતે ઊપજે છે ને તો પરને પણ ઊપજાવે થોડું ભેગું કરે તો? આ લોકોમાં નથી કહેવાતું? કે ભાઈ, બે ગાયુંનો ગોવાળ એમ પાંચ ગાયુંનો ગોવાળ. એય..! છે કે નહિ વાણિયા-બાણિયા. ગાયું લઈ જતા હોય ને બે-ચાર ગાયું? એમાં બે-ચાર ગાયું ભેગી એક મારી ગાય રાખ. રાખ ને. બે ગાયનું રાખે સાથે ત્રણનું. તારે ભેગું ચરાવવું છે ને? એમ કહે છે કે આત્મા જ્યારે પરિણામથી ઊપજે છે તો પરને પણ ઊપજાવે. એમાં બે ભેગાને કરે તો વાંધો શું છે?

**'જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એમ. **'તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** પણ પર પરિણામનું કામ એ કરે અને આત્મા કર્તા થાય એવી વાત કોઈ રીતે પરદ્રવ્યની સાથે સાબિત થતી નથી. પોતાના પરિણામનું કામ કરે તો એની સાથે પરના પરિણામને કરે એવું પણ ભેગું હોય તો શું? કે ના. **'પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે...'** જડ-પરમાણુ આદિ સાથે **'કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** એ અજીવનું કાર્ય આત્માનું અને આત્મા તેનો કારણ અને એ તેનું કાર્ય તે વાત સાબિત થતી નથી. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનમૂર્તિ તે કારણ થાય અને જડની પર્યાયની વિચિક્ષણતા જ્ઞાની હોવાને લઈને એ જડમાં પરમાં વિચિક્ષણતાના કાર્ય સારા થાય, એમ આત્મા કારણ અને એ કાર્ય એવી રીતે સાબિત થાતું નથી. એમ છે નહિ. હુશિયાર વકીલ હોય તો બોલીને ... આમ સરખું થાય કે નહિ? રામજીભાઈને બહુ લોકો કહેતા. રામજીભાઈ કહે, તમે ત્યાં બોલતા હતા તો બીજાને જીતાવ્યા હતા કે નહિ? અને અહીં કહો કે જીતાવી શકતા નથી. પરને જીતાવી શકતા નથી. આ ક્યાંથી વળી થઈ ગયું તમારું? એય..! છાપામાં આવ્યું હતું ને? તે દિ' ૨૦૦-૨૦૦ રૂપિયા લેતા અને તે દિ' તમે બીજાને જીતાવતા અને હવે કહે બીજાનું કરી

શકાય નહિ. એ ક્યાંથી શીખ્યા આવું? કોણ જીતાવે? સાંભળને! ગપેગપ્પ હતું ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..! હુશિયાર માણસ પાસે શું કરવા સલાહ લેવા જાય? તો કાંઈ કાર્યમાં ફેર પડે. સલાહ દેનારને લઈને તો થાતું હશે કે નહિ? કહે છે કે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અજીવની સાથે...**' એટલે પરમાણુના કોઈપણ કાર્યમાં આત્માનું કારણપણું છે એ વાત સિદ્ધ થતી નથી, એ વાત સાબિત થતી નથી. ન્યાયથી એ વાત બેસતી નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? '**કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...**' હવે પાછું જુઓ! દ્રવ્ય પોતપોતાના પરિણામ (સાથે) તાદાત્મ્ય કહ્યું. તાદાત્મ્ય કીધું પહેલું. હવે ઉત્પાદ્ય-ઉત્પાદક નથી એમ સિદ્ધ કરે છે. '**કારણ કે સર્વ દ્રવ્યોને...**' દ્રવ્ય એટલે આત્મા અને દ્રવ્ય એટલે પરમાણુ-આ રજકણે રજકણ. એ અન્ય દ્રવ્ય સાથે-બીજા દ્રવ્યની સાથે-ઉત્પાદ્ય નામ ઉત્પન્ન કરવા યોગ્ય, ઉત્પન્ન થવા યોગ્ય અને ઉત્પાદક-ઉત્પન્ન કરનારો. ઉત્પન્ન થવા યોગ્ય, આ પરની અવસ્થા ઉત્પન્ન થવા યોગ્ય અને આત્મા ઉત્પન્ન કરનારો. એ ભાવનો અભાવ છે. જડની અવસ્થા ઉત્પન્ન થવાને લાયક અને આત્મા એનો ઉત્પન્ન કરનારો. આ ઉત્પન્ન કરનારો અને ઉત્પાદ્ય એ ભાવનો અભાવ છે. સમજાણું કાંઈ?

કહો, અહીં ઈચ્છા થાય અને હાથ વળે. લ્યો! દાળ-ભાત રોટલી ખાતો હોય કે નહિ? રોટલી આમ વળે ફટ. એમાં ભેગી દાળ આવે આમ. કહો, જ્યાં ઈચ્છા હોય ત્યાં હાથ જાય છે કે નહિ? કહો, આમ બટકું લે. રોટલીનું બટકું. બટકું પણ પાછું એવી રીતે બટકું કાપે કે દાળ રહે પાછી. પોલું કાપે તો નરમ દાળ હોયને. લ્યો! .. કે નહિ એને? અને ઈચ્છા અહીં નાખવાની છે તો ત્યાં જાય છે. અહીં જાય છે? કાનમાં કોળિયો જાય છે? કાનમાં તો કાણું છે ને? આંખમાં કાણું કાંઈ નથી. કહે છે કે સાંભળને ભાઈ! તને ખબર નથી. એ પરમાણુઓની એ સમયની અવસ્થા તે બાજુ થવાને લાયકથી તેનાથી થાય છે. એ પરિણામનું કાર્ય અને આત્માની ઈચ્છા કે જ્ઞાન કારણ, એ વસ્તુ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? ભારે આંધળુ. આ તો પણ દુનિયાથી બહુ ફેર. ગળે ઉતારવું કઠણ પડે માણસને. ગળે ઉતરી જાય, ભાઈ! એ વસ્તુ સત્ય છે ને એ સત્યનો સાહેબો છે, સત્યનો પિંડ છે પ્રભુ તો. સત્યનો પોતે, સત્ય સ્વરૂપનો સંગ્રહનાર છે. અસત્ય એનામાં છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જડના પરિણામનો ઉત્પાદક અને જડ પરિણામ ઉત્પન્ન થવાને લાયક, એમ બે મેળ ખાતો નથી. બેનો સંબંધ છે નહિ. સમજાણું કે નહિ આમાં? એવી વાત આવી તે બરાબર ઝીણી. જુઓ! આ લાકડાને ઊંચું કરવું હોય તો આંગળી જાય લ્યો!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કેમ જાતી નથી ને અહીં (જાય છે)? તો એ પર્યાયનો ઉત્પાદ થવાને લાયક શરીરની (અવસ્થા), એમાં આત્મા ઉત્પાદક તરીકે કાંઈ અંશ-ભાગ-ભાગલો ખરો કે નહિ એનામાં? ના પાડે છે કે નથી. એમ બની શકતું નથી. કારણ કે ક્ષણે ક્ષણે તે પરમાણુના તે કાળે ક્ષેત્રાંતરના- રૂપાંતરના પરિણામ થવામાં તેનું પરમાણુ કારણ છે. આત્માનું જ્ઞાન કારણ છે નહિ. ઓહોહો..! ગાંડા કહે એવું છે હોં! બહાર તો. ગાંડા ભેગા થયા હોય ને બધા? કહે, આ ગાંડા લાગે છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, જ્ઞાનીઓને દુનિયા ગાંડા કહે. અને ગાંડાઓને જ્ઞાની ગાંડા કહે. આ ગાંડાઓ છે પાગલ.

મુમુક્ષુ :- છાપામાં આવ્યું હતું.

ઉત્તર :- આવ્યું છે છાપામાં. એ સોનગઢના માણસોને ગાંડાની હોસ્પિટલમાં મોકલો. ગાંડો થઈશ, પાગલ થઈ જઈશ. સાંભળને! અને પાગલની નિશાળ પછી નિગોદમાં જાય એવી છે. પાગલ નિગોદ બટાટામાં જાય છે. એવા છે પાગલ. સમજાણું? આહાહા..! તત્ત્વનો વિરોધ કરનારા, તત્ત્વનું આરાધન છોડી વિરાધન કરનારા પર્યાયને હીણી કરી નાખે. હીણી કરતા કરતા એની ખાણ જ્યાં ઊપજવાની ત્યાં એ જાશે. જે આ તત્ત્વનું આરાધન કરે છે એ કોઈનો કર્તા નથી. રાગ પણ મારામાં છે નહિ. કોણ ઉત્પન્ન કરે? હું તો મારા નિર્મળ પર્યાયનો ઉત્પાદ્ય અને હું તેનો ઉત્પાદક. એ પણ દ્રવ્યમાં ભેદ કરીએ તો થાય. આવશે. સવારમાં આવશે.

એ પણ પોતાના પરિણામ અને પરિણામી વચ્ચે ભેદ કરીએ, ઉપચાર કરીએ તો થાય. આહાહા..! કર્તા-કર્મનું આવે છે ને એ? એમાં આવશે. પરના પરિણામને ઉત્પન્ન કરે અને આત્મા તેનો ઉત્પાદ કરનારો (એમ નથી). ખેડુ ઉત્પાદક, એમ નથી માણસો (કહેતા)? અનાજ ઉત્પાદ્ય છે. ઉપજવાને યોગ્ય અનાજ છે લ્યો! નથી લોકો કહેતા? કે ભાઈ ખેડુતો ઉત્પાદ કરો, વધારે ઉત્પાદ કરો, વધારે ઉત્પાદ થવાને લાયક કરો. નવી નવી કરો, .. કરો. જંગલમાં એવી ઘણી ખાલી જમીન પડી છે. સમજ્યાને? જાળા-ઝાંખરાની જમીનો. સાફ કરીને વાવો. માણસ વધી ગયા, અનાજ ઘટી જાય છે હવે. ભારે વાત!

મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- શું દેખાય? ધૂળ દેખાય. અભિમાન છે એના. સમજાણું કાંઈ? એ જડની પર્યાયનું ઉત્પાદ્ય એ અને ઉત્પાદક આત્મા કરનારો એમ ત્રણ કાળમાં છે નહિ, એમ કહે છે અહીં તો. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..! લ્યો!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-'** એટલે ઉત્પન્ન થવાને લાયક કાર્ય અને ઉત્પાદક નામ કારણ. એવા કારણ-કાર્યનો અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ચિંતા

જ નીકળી જાય બધી. અરે..! આનું આમ થઈ ગયું, આનું આમ થઈ ગયું. થવું હોય એ થાય છે. મફતનો શેનો મંડ્યો છો? આ તો કહે, મેં આમ કર્યું તો આમ થયું, આમ ન કર્યું તો આમ થાત. એ સંકલ્પ-વિકલ્પની જાળ. દુઃખી થઈ દુઃખમાં પડ્યો છે એ. ભાઈ! તારી દુઃખની દશાનો ઉત્પાદક પણ ખરેખર આત્મા નથી. લે. એ તો આનંદનો ઉત્પાદક અને આનંદ તેનો ઉત્પન્ન થવાને લાયક આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક જણો કહેતો હતો ને ઓલો? કે આ તમારી વાત એકાદને બેસે. લલિતપુર. હવે ભાઈ એકાદને બેસે કે ન બેસે, વસ્તુ ત્રણ કાળમાં આમ છે. માન તો ભલે અને ન માન તો ભલે. વસ્તુ તો આમ છે. બેસે, ન બેસે એની સાથે (શું છે)? ન બેસે અજ્ઞાનીને. અનાદિ કાળના સંસ્કાર ઊંધા છે. સત્યના તત્ત્વોના શું સ્વભાવ શું છે એની એને ખબર નથી. ન બેસે તેથી શું? ન બેસે તેથી કાંઈ સત્ય અસત્ય થઈ જતું હશે? અને સત્યને ઝાઝા માનનારા હોય તો સત્ય થાય, થોડા માનનારા હોય તો અસત્ય છે એવી વ્યાખ્યા છે ક્યાંય? સમજાણું કાંઈ? સત્યને સત્યને કારણે સત્ય નભે છે. કોઈ અસત્યને માનનારાને કારણે આખું સત્ય ખોટું થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! ન્યાયથી તો વાત કરે છે કે જ્યારે પરિણામ અને પરિણામી. પરિણામી એટલે વસ્તુ અને પરિણામ એટલે વર્તમાન દશા. બે જ્યારે તદ્રૂપે તાદાત્મ્ય છે તો તે પોતાના પરિણામથી ઊપજતો તેને પરના ઊપજાવવાનું કાર્ય અને આત્મા તેનું કારણ, એનો અભાવ છે. ઉત્પાદ્ય-ઉત્પાદ કરવાને લાયક, ઉત્પાદક-ઉત્પન્ન કરનારો. એમ કે જડની પર્યાય ઉત્પન્ન થવાને લાયક. બરાબર આમ દાળ, ભાત, શાક આ બધી પર્યાય આવી ઉત્પન્ન થવાને લાયક એનો આત્મા કારણ નથી. આત્મા હતો.. ઓલા કહે છે ને? હુશિયાર કુંભાર હોય તો ઘડો સારો બનાવે. હુશિયાર લેખક હોય તો મોતીના દાણા જેવા નામું લખે. કહે છે કે આ જડની પર્યાય અક્ષર જે છે એ ઉત્પન્ન થવાને લાયક પરમાણુ પોતાના રજકણોનું અસ્તિત્વ છે એનાથી ઉત્પન્ન થઈ. એનો આત્મા ઉત્પાદક છે એ વાત સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? નહિતર બે પદાર્થની એકતાની બુદ્ધિ તેને ભ્રમણામાં નાખશે. આહાહા..! એને પરથી સમેટીને અંદરમાં આવી શકશે નહિ. જેનો આનો કર્તા... આનો કર્તા.. ત્યાં એની દૃષ્ટિ રહેશે. બહિર્બુદ્ધિ રહેશે. બહિર્બુદ્ધિ રહેશે. અંતરમાં આવી શકશે નહિ. સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યોને...'**

મુમુક્ષુ :- સવારથી સાંજ સુધી બધું કરીએ છીએ.

ઉત્તર :- કોણ કરે છે? કોણ કરે છે? કરે છે ખરું. પણ કોણ કરે છે? કર્યા વિના હોય નહિ અને કરનારો કોણ? એનો નિર્ણય કરવાનો અહીં તો છે. જડના કાર્યો થયા વિના

રહે નહિ. પણ કરનારો કોણ? જડ. એ તારાથી થાય છે? પોપટભાઈ! શું હશે આ? ભારે આકરું. દવાની શીશી ડોક્ટરો ફેરવે. .. આ દવા દ્યો, આ દવા દ્યો. માણસને કહે કે એ દવા લાવ, ઓલી ગોળી લાવજે, પ્રવાહી નહિ. એ પ્રવાહી નહિ લે. સડો છે એટલે નહિ લે. ગોળીયુંની દવા લાવજે. એ કાંઈક આત્માનો અધિકાર. કાંઈક... કાંઈક... કારણ હશે તો ત્યાં કાર્ય થાતું હશે કે નહિ? કહો, ચંદ્રકાંતભાઈ!

ના. ભાઈ! તને ખબર નથી ભાઈ! એ જગતના તત્ત્વો તેનું રૂપાંતર થવું કે ક્ષેત્રાંતર થવું તે તેની સત્તામાં તેની સત્તાથી થાય છે. એની સત્તામાં થાય એ તારી સત્તાથી થાય? સાંભળ તો ખરો. એ હોવાવાળા તત્ત્વો છે કે નહિ? કે આકાશના ફૂલ છે. હોવાવાળા તત્ત્વો (છે) એમાં પલટવાની ક્રિયાનું કાર્ય તેના કારણથી થાય છે. તું કારણ અને તે કાર્ય એ વાત કોઈ રીતે ન્યાયથી, લોજિકથી, અનુભવથી અને વસ્તુના સ્વભાવથી સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? બધા સુધરેલા નહિ? મોટા મોટા પાંચ-પાંચ હજારના પગારદાર, દસ હજારના પગારદાર. આમ કરીએ ને તેમ કરીએ. મોટા ગોરા હોય ને ટોપા પહેરીને બેઠા હોય. જુઓ! કાંઈક એની સામે છાપ પડે છે કે નહિ? એનો પ્રભાવ પર ઉપર પડે છે કે નહિ કાંઈક?

ભાઈ! એ સામાના પ્રભાવનું કાર્ય થયું એ આના કારણે થયું કે એનાથી થયું છે? પરને કારણે પ્રભાવ-બ્રભાવ પરમાં પડે તો કઈ ચીજ એમાં ગઈ તે એમાં પ્રભાવ પડ્યો? એની સત્તામાં તે પરિણમન થયું એમાં આ સત્તા ત્યાં ક્યાં ગઈ છે? આ હોવાવાળો ત્યાં હોવાવાળામાં ક્યાં ગયો છે કે એના હોવાવાળામાં કાંઈક કાર્ય આને લઈને થાય? ન્યાય સમજાય છે?

ન્યાય નામ નિ ધાતુ છે. નિ નામ લઈ જવું. વસ્તુની સ્થિતિની જે મર્યાદા તેને જ્ઞાનમાં તે પ્રમાણે લઈ લેવું એને ન્યાય કહેવાય. વિરોધને માને તે ન્યાય નથી પણ અન્યાય છે. કરે અન્યાય અને માને ન્યાય. મૂર્ખાઈ તે કેટલી એની? મૂરખમાં મુખિયો. જ્યાં ત્યાં અમે કર્યા... અમે કર્યા... અમે કર્યા. આને સરેડે ચડાવી દીધા. સરેડે સમજો છો? નથી સમજતા? રસ્તા ઉપર. કામને રસ્તા ઉપર ચડાવ્યું. પછી અમે કરશું પણ એને શરૂઆત કરાવી દીધી કે આમ કરજે. પછી અમે એને એનો બધો .. ચુકાદામાં એ ન્યાય અંદર ... ત્યારે બધા કામ થયા છે અમારે લઈને. ધૂળેય થયા નથી. મરી ગયો તું મફતનો અભિમાનમાં. સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? દુકાનમાં કેમ હશે? કહો. ભગવાનજીભાઈ! છોકરાઓને એમ કહે જો આટલાથી કરવું, આટલું કરવું, વધારે ન કરવું. આટલી મર્યાદા રાખવી. .. રાખવું. આથી વધારે ન કરવું નહિતર આમ થાશે. મફતનો કહે છે, પડે છે. પથરો પાણીમાં નાખે છે. વિષ્ટામાં નાખે. વિષ્ટામાંથી ઊડે છે એને. આહાહા..!

કહે છે કે જગતના કામ અનંત પદાર્થનું અસ્તિત્વ રહીને તેની અવસ્થાઓ વર્તમાન દશારૂપે

થવું તેની દશાનું ઉત્પાદ્ય-યોગ્યતા અને આત્મા તેનો ઉત્પાદક. અથવા બીજા કોઈપણ રજકણની ઉત્પાદ્ય અવસ્થા અને રજકણ બીજો તેનો ઉત્પાદક એ રીતે છે નહિ. અહીં તો સર્વ દ્રવ્યનું કહ્યું છે ને? **'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! આ એક રજકણ છે ને? એનો પોઈન્ટ છે ને છેલ્લો? એ પોઈન્ટ ત્યાં રહેવાને લાયક અને આ આંગળીના નીચેના રજકણો તેના રહેવાને આધારભૂત છે એટલે કારણ છે અને એ પરમાણુનું રહેવું ત્યાં તેનું કાર્ય છે એ સિદ્ધ થતું નથી, કહે છે. એમ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ઝીણું. આ તે કાંઈ ગાંડા હશે? પણ દેખાય છે ને. પણ તને ભાન ક્યાં છે?

એક વસ્તુ છે કે અનેક? તો અનેક છે તે અનેકપણે રહીને અનેકપણાના પરિણામ કરે છે કે અનેક છે તે એકપણે ભેગા થઈને કામ કરે છે? ભેગા થઈને કામ કરે તો અનેક અનેકપણે રહેતા નથી. થઈ રહ્યું. એક થઈને કરે તો અનેક રહેતા નથી, અનેક છે તો અનેકપણે ભિન્ન ભિન્ન રહીને (કાર્ય કરે છે). ચાહે તો ઉપર હોય કે ચાહે તો નીચે હોય કે ચાહે આઘો હોય. એ પોતામાં પોતાને કારણે તે કાર્ય થઈને તે ઠેકાણે પોતાને કારણે ઊભું છે. આનો આધાર પણ એનામાં છે એમ છે નહિ. આહાહા..! ભારે ઝીણું ભાઈ! શશીભાઈ! તત્ત્વનો આ... કેમ જુગરાજજી! કહો, સમજાણું કે નહિ આમાં? એ.. હિંમતભાઈ!

આ દુકાનમાં લોઢાના પરમાણુનું આમ કરવું, તેમ કરવું, એ કાંઈ નથી એમ કહે છે. કાટ લાગવા ન દેવો. માથેથી પાણી પડે તો કાટ લાગી જશે. પાણી ઉપર ન મૂકવું. જ્યાં લોઢું હોય ત્યાં પાણીની ઓલી ન રાખવી. પાણી-બાણી ઉનાળામાં પીવા લાવે કે નહિ? દસ શેર, અધ શેર પાણી. એના ઉપર ન મૂકવું. એના ઉપર ઢોળશે તો પછી કાટ (લાગશે), સડી જશે. લોઢા બગડશે. હેઠલું બગડશે, આ બગડશે. ભારે કામ આકરા, હોં! ભેગા ચાલતા નથી. તેં માન્યા છે. તને ખબર નથી.

ભિન્ન તત્ત્વ ભિન્નપણે પરિણમી રહ્યા એને બીજાને કારણે બીજામાં કાંઈ થાય એ કીધું શું કીધું? સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકનો, કહો આ દુકાનનું આ ધ્યાન રાખીએ તો આ પૈસા-બૈસા મળે એવા પરના કાર્યનો આત્મા કારણ છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી એમ કહે છે. આ દુકાને ઠોઠ નિશાળીયાને બેસાડે તો પેદા થાતું હશે? કાંઈક હુશિયાર માણસ હોય ને ઘરાકને લેવડ-દેવડ આવડતું હોય. કહો, સમજાણું? એક છોકરો હતો ને. આવે છે ને એક? છોકરાને કીધું, જો કોઈને આપીશ નહિ હોં દુકાનેથી. જો હું આહાર કરવા જાવ છું અડધો કલાક બેસજે. કોઈને આપીશ નહિ. ત્યાં એક બાઈ આવી. ભાઈ અધશેર સાકર આપ. પછી કહે, મારા બાપાએ ના પાડી છે. આમ છે ને. કોણ આવ્યું

હતું? એક રાતા લૂગડાવાળી આવી હતી. પણ કોણ રાતા લૂગડાવાળી. એ આવે છે. 'રાતે .. સાગલે ... લઈ પા શેર ખાંડ' પણ કોણ ક્યાં? અમને કાંઈ ખબર નથી. તો શું કરવા તને બેસાડ્યો હતો આ? બાપુ! એના કાર્ય એણે કર્યા નથી. ભારે વાત ભાઈ! આવી કેટલી ભૂલો હશે? આહાહા..!

ભગવાન ભૂલ્યો છે તે પણ ભગવાન ભૂલ્યાની ખડકીમાં ગરી ગયો. ભગવાન ભૂલાની ખડકીમાં ગરી ગયો ભગવાન. આહાહા..! તત્ત્વની વાત 'ગચ્છના ભેદ બહુ નયન નિહાળતા...' આવે છે ને? 'તત્ત્વની વાત કરતા ન લાજે, ઉદર ધરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ ...' સાધુને કહે, તને મોહ નડ્યો મિથ્યાત્વનો. અમારો સંપ્રદાય સાચો છે અને અમારી માનેલી આ વાત સાચી છે. ઊંધી માન્યતામાં ચોંટ્યા.. સમજાય છે? અને ગચ્છની તત્ત્વની વાતું કરે. તત્ત્વનું ભાન હોય ને ગચ્છ ને આ મારો ને તારો હોય નહિ. વસ્તુની સ્થિતિ આવી છે એમ એ તો પોતે જાણે. થવાનું હોય તો આવે. કહો, સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યોને...**' તે એક એક પદાર્થને એક એક આત્મા જુદો અને એક એક રજકણ જુદો '**તેને અન્ય દ્રવ્ય સાથે...**' એકને બીજા સાથે '**ઉત્પાદ્ય...**' ઉત્પન્ન કરવા લાયક અને ઉત્પન્ન કરનારા એવી ભાવનો અભાવ છે. '**તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...**' કાર્યકારણ એટલે શું કીધું? ઉત્પાદ્ય તે કાર્ય છે અને ઉત્પાદક તે કારણ છે. એ બે શબ્દને ફેરવ્યા. ઉત્પાદ્ય તે કાર્ય છે અને ઉત્પાદક તે કારણ છે. જ્યારે પરવસ્તુના ઉત્પાદ્ય થવાના કાર્યમાં આત્મા કારણ અને પરદ્રવ્ય કાર્ય નથી.

'**તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...**' અજીવનું જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. એમ. અજીવને જીવનું કાર્યપણું એટલે કે જીવનું અજીવનું કાર્ય છે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. સમજાણું આ? શરીરની અવસ્થા, બોલવાની અવસ્થા, દાળ, ભાત, શાક લ્યો! જુઓ! આ મોતી ભરે, જુઓ! આ શું કહેવાય આ? તોરણ તોરણ. છોડીયું ભરે કે નહિ એમાં? ધ્યાન કેટલું રાખવું પડતું હશે એમાં? એ કાંઈ સાણસે મોતી પકડાય? ઝીણી આમ લઈ, આમ કરીને આમ ગોતે. લાલ ગોઠવે તો લાલ, પીળું ગોઠવે તો પીળું. મોરની ચાંચ કરવી હોય તો આમ પાતળી, આંખ પીળી, લીલી આમ માથે છોગું. એમ બધા રજકણો ગોઠવે ત્યારે, મોતી ગોઠવે ત્યારે થાતું હશે કે નહિ એમાં? ભગવાનજીભાઈ! એક્કેય ઓલું રહેતું નથી, નહિ? ભાઈ! એ તો પરમાણુ છે ને પ્રભુ! એ રજકણો છે, બાપુ! હોવાવાળા પદાર્થ છે. હોવાવાળો પદાર્થ પરિણમ્યા વિના, કાર્ય કર્યા વિના નવરો એ પદાર્થ રહે જ નહિ. એના કાર્યને એ કરે. એમાં તું હતો વચમાં પડીને મેં આ કાર્ય કર્યું (એમ કહે), ક્યાંથી લાવ્યો આ? એના કાર્યમાં તારું કારણ છે એ

વાત સાબિત થતી નથી. સમજાણું કે નહિ? આહાહા..!

જલેબી પણ જેને આવડતી હોય એને આવડે. જલેબીની ખબર છે ને? નહિતર લોચા જેવી થઈ જાય. આમ સરખી ગુંચળું કરીને નાખે ઘીમાં. જલેબી નહિ? એનો આથો સરખો હોય, એનું ફલાણું હોય, એમ કહે છે માણસ. આપણને ક્યાં..? વાતું કરી હોય ઈ સાંભળી હોય. એનો આથો સરખો હોય અને એ પણ ઘીમાં આમ.. આમ.. નાનું-મોટું ગુંચળુ આવડવું જોઈએ. આમાં .. મોટું મોટું નાખે તો લોચા થઈ જાય. પાછું જરી નાનું સરખું હોય, મોટું આમ કરે, ગુંચળું સરખું પડે ત્યારે જલેબી સરખી થાય. નહિતર લોચો થાય. કહો, એમાં આત્માનો કાંઈ વિચિક્ષણતાનો અધિકાર કાંઈ એક દોકડો ખરો કે નહિ? એ કાર્યમાં આત્માના કારણનો એક અંશ પણ કારણ છે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ!

**મુમુક્ષુ** :- ..

ઉત્તર :- ભાગ પાડે. જુદા રહેતા નથી. તો જુદા રહે નહિ. ભેગા ભેગા તું માન તો તારી ભ્રમણા છે.

અજીવને એટલે અજીવનું કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. અજીવના પરિણામ એ જીવે કર્યા, એ અજીવના કાર્ય જીવે કર્યા, તે તે થતાં તે તે કાળના અજીવના પરિણામે ઊપજતું અજીવ એને જીવે કર્યું એ વાત કોઈ રીતે અંશે પણ સાબિત થતી નથી. સમજાણું કાંઈ? આ એમ જાણે તેને જ્ઞાતા-દૃષ્ટાપણું થઈ જાય. હું કોઈનો કર્તા નથી. હું રાગનો પણ કર્તા નથી. હું તો જ્ઞાયક ચૈતન્ય છું. એવી દૃષ્ટિ થતાં પરના કાર્યનો જાણનાર-દેખનાર થાય. કર્તા છું એવી દૃષ્ટિ થાય નહિ. એવા સમ્યગ્જ્ઞાનને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. નહિતર તો અધર્મ ઊભો થાય છે. પરના કાર્ય હું કરું એ અધર્મ ઊભો થાય છે. એ વાત અહીં વાત લેવામાં આવી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૧૨, સોમવાર તા. ૩૦-૧૦-૧૯૬૭**
**ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૩૮૧**

સમયસાર. ૩૦૮ થી ૩૧૧. એની ટીકા ચાલે છે, ટીકા. છેલ્લો ભાગ છે થોડો. સવારનો અધિકાર જેવો અધિકાર છે. કર્તાકર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિન્દી છે. .. બપોરે કરશું.

જુઓ! શું કહે છે? નીચે છે ટીકામાં. જુઓ! '**તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...**' ચાર લીટી છે. '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...**' શું કહે છે? કે આ આત્મા છે એ અજીવનું કર્મનું કાર્ય કરે એ વાત જ સિદ્ધ થતી નથી. આત્મા તો જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ (છે). એ પરિણામમાં પર્યાયથી પર્યાય થાય પરિણામમાં. પોતાની વસ્તુ જે નિત્ય ધ્રુવ એમાં પર્યાય છે એ પરિણામ થાય છે. એ પરિણામ એનું કાર્ય છે અને આત્મા ધ્રુવ એનો કર્તા એમ કહેવામાં આવે છે. ખરેખર તો પરિણામ પરિણામનો કર્તા અને પરિણામ એનું કાર્ય છે. અહીંયાં તો સિદ્ધ કરવું છે, બે અભેદ સિદ્ધ કરવા છે ને?

વસ્તુ ભગવાન ચૈતન્ય ધ્રુવ અભેદ એ પોતાના વર્તમાન જે પરિણામ છે એ નિર્મળ પરિણામ છે. એ નિર્મળ પરિણામનો કરનાર, નિર્મળ પરિણામ એનું કાર્ય. સમજાણું કાંઈ? નિશ્ચયથી વાત વળી બીજી છે. પરિણામ પરિણામનો કર્તા છે. એ અત્યારે અહીં સિદ્ધ નથી કરવું. સમજાય છે કાંઈ? ધ્રુવ વસ્તુ એક સમયમાં શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ તો પોતાની સદૃશતા ધ્રુવતા કાયમ રાખે છે. એ તો ખરેખર પરિણામ જે વર્તમાનમાં થાય છે એનો પણ એને કર્તા કહેવો એ અપેક્ષાથી વાત છે. સમજાણું કાંઈ?

એકદમ ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, એની જે વર્તમાનમાં પર્યાય નિર્મળ હોં! દ્રવ્યનું લક્ષ કરીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરીને જે દૃષ્ટિના પરિણામ આદિ થયા એ પરિણામ પોતાનું કાર્ય છે અને પરિણામી એનો કરનાર છે. ખરેખર તો એમ છે. પણ અહીંયાં પરદ્રવ્યથી ભિન્ન બતાવવા.. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી ભિન્ન બતાવવા કહ્યું કે આત્મા ચૈતન્ય પ્રભુ પોતાનો શુદ્ધ ધ્રુવ એ પરિણમે છે ને પર્યાયદૃષ્ટિથી? એ અપેક્ષાએ એના વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ધર્મ પરિણામ થાય છે એ ધર્મ પરિણામ એનું કાર્ય અને આત્મા કર્તા છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? જુગરાજજી! આવું ઝીણું પણ ભારે. સવારમાં એ આવ્યું. ઉત્પાદ્ય-ઉત્પાદકનું તો અહીં આવ્યું. ઓલું વ્યાપ્ય-વ્યાપકનું. વ્યાપ્ય-વ્યાપક નહિ. ભારે ભાઈ!

અહીં તો અનંત દ્રવ્ય સિદ્ધ કરવા છે. અનંત પદાર્થ છે એમાં પોતાનો જે આત્મા છે એ ખરેખર તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ એકરૂપ રહેનારો આત્મા એ જ પોતાનું સ્વરૂપ અને એ જ પોતાનું કર્તા અને કાર્ય ત્રિકાળ એકરૂપ જ છે. એમાં દૃષ્ટિ કરવાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે-મોક્ષમાર્ગની પર્યાય-એ પર્યાયનો આત્મા કર્તા અને પર્યાય કાર્ય એ પણ ઉપચારથી, વ્યવહારથી કહેવામાં આવે છે. એ સવારે આવ્યું હતું. સમજાણું કાંઈ? ખરેખર તો એ પરિણામ પરિણામનો કર્તા અને પરિણામ પરિણામનું કાર્ય. ભારે વાત. સમજાણું કાંઈ?

અહીંયાં એ સિદ્ધ કરે છે કે '**(કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...**' જડના પરિણામ પોતાનું કાર્ય અને આત્મા એનો કર્તા નામ કારણ એ સાબિત નથી થતું. '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...**' અજીવના કાર્યનો આત્મા કર્તા, પરિણામ એના કર્તા, જીવના પરિણામ અજીવના પરિણામના કર્તા એ વાત સિદ્ધ થતી નથી. સમજાય છે કાંઈ? '**અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં,...**' જ્યારે ભગવાન આત્મા કર્મ અને જડાદિ રાગાદિનું પર્યાયનું કાર્ય કરનાર નથી એમ જ્યારે સિદ્ધ થાય છે, એવી દૃષ્ટિ કરવાથી તો '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધ હોવાથી,...**' શું કહે છે?

કર્મની પર્યાય, આ શરીરાદિની પર્યાય નિરપેક્ષપણે આત્માની અપેક્ષા રાખ્યા વિના એનું પર્યાય કાર્ય અને એ દ્રવ્ય કર્તા એ પરની અપેક્ષા કર્યા વિના કર્તાકર્મપણું પોતાના દ્રવ્યમાં સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ)...**' જુઓ! અહીં નિરપેક્ષ શબ્દ વાપર્યો છે. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન એની દૃષ્ટિ કરવાથી જે પરિણામ ઉત્પન્ન થયા એ પરિણામ પરની અપેક્ષા રાખ્યા વિના થયા છે. પહેલી વાત. સમજાણું કાંઈ? એ કર્મનો ક્ષય થયો કે કર્મનો ક્ષયોપશમ થયો (એટલે થયા છે એમ નથી). એ લખ્યું છે એમાં કે જ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય એમ લખો છો એ કરતાં આમ સુધારોને. એ તો બધા જે પહેલા બોલ આવ્યા છે એવા રામજીભાઈ માથે નાખી દીધા. ૮૪ વર્ષ થઈ ગયા, ૮૫ વર્ષ તમને. એ બધું આ ગયું ને? આનું લખાણ ગયું. આનું લખાણ ગયું. આને ત્યાં શેઠ આવ્યા હતા ઉદ્‌ઘાટનમાં.

અહીંયાં કહે છે કે ભાઈ! આ આત્મા જે છે વસ્તુ એ વસ્તુ તરીકે તો ધ્રુવ ચૈતન્ય ધ્રુવ, જ્ઞાયકભાવ અનંત અનંત ગુણનું ધામરૂપ આત્મા છે. એ આત્મા પરિણામમાં પર્યાયદૃષ્ટિએ પોતાના પરિણામપણે પરિણમે છે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ, જે નિજ ધ્રુવના લક્ષે, ધ્રુવના ધ્યેયથી પરિણામ જે થાય છે એ પરિણામ પરની અપેક્ષા રાખ્યા વિના એ

પરિણામ એનું કાર્ય છે, આત્મા કર્તા છે. પરની અપેક્ષા એમાં નથી. કહો, સમજાણું કાંઈ? પોતામાં ચૈતન્ય જે શુદ્ધ ધ્રુવ છે એમાં દૃષ્ટિ કરવાથી જે દૃષ્ટિની પર્યાય પ્રગટ થઈ-સમ્યગ્દર્શનની. એ પર્યાય પરની અપેક્ષા કર્યા વિના પર્યાય કાર્ય અને આત્મા કર્તા એમ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? અને કર્મની પર્યાય અને આ શરીર જુઓ આમ ચાલે છે ને પર્યાય? એ પર્યાય પણ આત્મા અંદર છે એના જ્ઞાનની અપેક્ષા રાખ્યા વિના એ પર્યાય પરની દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એ પર્યાયનું કાર્ય અને પરમાણુ એનો કર્તા એમ સિદ્ધ થાય છે. પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે કાર્ય-કારણ સ્વદ્રવ્યમાં સિદ્ધ થાય છે. આકરી વાત ભાઈ! કહો, કપુરભાઈ!

આ બધા કામકાજ કરે છે કે નહિ માણસો? કહે છે કે ના. પરપદાર્થની અવસ્થા પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષપણે તે તે પદાર્થ કાયમ રહીને વર્તમાન પરિણામરૂપી કાર્યનો કર્તા પરની અપેક્ષા વિના છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કરવી અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. મારા પરિણામને પરની અપેક્ષા છે જ નહિ. ફક્ત અપેક્ષા રાખે તો દ્રવ્યની-શુદ્ધ દ્રવ્યની અપેક્ષા છે. સમજાય છે કાંઈ?

ધર્મની પર્યાય જે મોક્ષમાર્ગની પર્યાય છે-સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ, તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. ત્રિકાળ દ્રવ્ય નથી, ત્રિકાળ ગુણ નથી, એ વિકાર નથી, એ પર નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ અને એના જે મોક્ષમાર્ગના પરિણામ જે દ્રવ્ય વસ્તુ છે એમાં લાગવાથી જે પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના થયા એ મોક્ષમાર્ગના પરિણામમાં અન્ય કોઈ દ્રવ્યની અપેક્ષા નથી એમ કહે છે. જ્યારે આત્મામાં કેવળજ્ઞાન થયું તો સંહનન કે મનુષ્યદેહની અપેક્ષાથી થયું એવી અપેક્ષા છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

જો એવું હોય તો લાવો. પહેલા સંહનન ન હોય અને કેવળજ્ઞાન કોઈને ઊપજ્યું હોય તો બતાવો. એમ કહે છે. અને નહિતર એમ બતાવો કે કેવળજ્ઞાનાવરણીય રહી ગયું અને અહીં કેવળજ્ઞાન થયું. એમ બતાવો. એવું કહ્યું છે, આ જૈન ગેજેટમાં લખ્યું છે. અરે..! ભગવાન! ભાઈ! એ તો વ્યવહારની વાત છે, પ્રભુ!

આત્મા પોતાનું સ્વરૂપ ચૈતન્ય સમુદ્ર, ભગવાન આત્મા એની જ્યાં દૃષ્ટિ થઈ, ધ્યેયને જ્યાં પકડ્યું ત્યાં જેટલા પ્રમાણમાં દ્રવ્યમાં એકાગ્રતા થઈ એટલા પ્રમાણમાં રાગથી રહિત મોક્ષના માર્ગની પર્યાય અને મોક્ષ એ પોતાના પરિણામ પોતાથી પોતાના દ્રવ્યની અપેક્ષા રાખે છે એટલી વાત સિદ્ધ કરવી છે અહીંયાં તો. સમજ્યાને? ઓલા પરની અપેક્ષા નથી એટલું સિદ્ધ કરવું છે. અને ખરેખર તો એ પરિણામને દ્રવ્યની અપેક્ષા પણ નથી. આહાહા..!

સમજાણું કાંઈ?

વસ્તુ અનંત ગુણનું ધામ ભગવાન, પોતાના વર્તમાન પરિણામ જે મોક્ષના માર્ગના કરે છે, તો કહે છે કે એ પરિણામ મોક્ષમાર્ગમાં રાગ થાય છે અને નિમિત્ત શરીર સંહનન આદિ છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર છે, એની કોઈ અપેક્ષા રાખ્યા વિના મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય છે. આવી રીતે વસ્તુ સિદ્ધ થાય છે. બીજી કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. કહો, સમજાય છે કાંઈ? જુઓ!

'**(-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' સ્વદ્રવ્યથી જ સિદ્ધિ (હોવાથી). એટલું અહીં સિદ્ધ કરવું છે ને? સમજાય છે? અહીં તો અન્ય દ્રવ્યથી સિદ્ધિ નથી એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! કહે છે કે તારા સ્વભાવમાં ક્યાં ખોટ છે? મોટો સ્વભાવ ભંડાર પડ્યો છે. કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા છે. એવો આત્મા જે દ્રવ્ય છે-વસ્તુ છે-એ બહુ તો વિશેષમાં એમ કહો તો એનું જે પરિણમન... પરિણમન... એનું પરિણમન... એનું પરિણમન.. વર્તમાન પર્યાય એનું પરિણમન... એ દ્રવ્ય વસ્તુ છે વસ્તુ, એનું પરિણમન. દ્રવ્યનું લક્ષ કરીને જે પરિણમન દ્રવ્યમાં થયું એનું પરિણમન એમ કહેવામાં અહીં આવ્યું. તો એ પરિણામનું કાર્ય દ્રવ્ય કર્તા અને એ કાર્ય એટલી વાત સિદ્ધ થાય છે. પણ પરદ્રવ્યની કોઈ અપેક્ષા રાખે અને આ પરિણામ ઉત્પન્ન થાય છે એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એનો અર્થ એ કે તારે પર ઉપર લક્ષ કરવાની જરૂર નથી. સમજાણું કાંઈ? તારો ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ બિરાજમાન છે ને. દેવાધિદેવ છે. તીર્થંકરનો આત્મા છે એવો તારો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માની અંતરમાં દૃષ્ટિ કરવાથી જે પરિણામ નામ મોક્ષમાર્ગ નામ ધર્મની પર્યાય થઈ (તેને પરની અપેક્ષા નથી). ધર્મ પર્યાય છે. ધર્મ કોઈ ત્રિકાળી દ્રવ્ય-ગુણ નથી. ધર્મ એ આત્માની નિર્વિકારી વીતરાગી, અરાગી પર્યાય છે. તો એ પર્યાય સ્વદ્રવ્યથી સિદ્ધ છે. એ પર્યાયની સ્વદ્રવ્યથી સિદ્ધિ છે. એટલું અહીં સિદ્ધ કરવું છે. સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી એની સિદ્ધિ થાય છે. પણ એ પરિણામ પરની અપેક્ષા રાખીને પરિણામ થાય એવું કારણ-કાર્ય સિદ્ધ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમ જયકુમારજી! ભારે ભગવાન! તારી તો મહિમા! અરે..! એ પદાર્થની મહિમા છે દરેકની. એમ ભાઈ અહીં તો કહે છે.

મુમુક્ષુ :- દરેક દ્રવ્યની વાત છે.

ઉત્તર :- હા એમ કહે છે અહીં તો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક એક પરમાણુ.. ઓહોહો..! એક એક રજકણ પોતાની વર્તમાન પર્યાયરૂપી કાર્યને કરનાર હોય તો સ્વદ્રવ્યથી એ પરિણામની સિદ્ધિ થાય છે. વર્તમાન પર્યાયના કાર્યની સિદ્ધિ સ્વદ્રવ્યથી છે. એ પરમાણુના પરિણામની સિદ્ધિ પર રજકણથી નથી, આત્માથી તો નહિ, નહિ ને નહિ. સમજાણું કાંઈ? એક પરમાણુમાં જે ચાર અંશ છે, ચાર ગુણ અંશ ચીકાશ છે અને બીજા પરમાણુમાં બે ગુણ ચીકાશ છે. તો શાસ્ત્રમાં એમ પણ કહ્યું કે બે ગુણ પરમાણુને ચાર ગુણ જે ચિકાશવાળો છે એ પોતા રૂપ પરિણમાવે છે. જુઓ! તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે નહિ? ત્યાં વાત કરી અને અહીં વાત કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવે ને બધે. વસ્તુ સમજાવવી હોય તો શું કરે? નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવે છે. એક રજકણમાં એ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનેક પ્રકારે પર્યાયમાં અનંતગુણા રંગ, ગંધ રસાદિ આદિ હોય છે. સ્પર્શમાં. સ્પર્શમાં બે ગુણ ચીકાશનો અંશ છે અને બીજા પરમાણુમાં ચાર ગુણનો અંશ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અનંત ભલે હોય. પણ એ બે અંશવાળો પરમાણુ એ ચારમાં ભળે તો આ ચાર દ્રવ્ય એને પરિણમાવે છે. પરમાણુ બે અંશને ચાર રૂપે પરિણમાવે છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. અહીં કહે છે કે એ ચાર ગુણની જે પરિણતિ થઈ એ, દ્રવ્ય પોતાના સ્વદ્રવ્યના પરિણામથી સિદ્ધિ થાય છે. એ ચાર અંશ છે તો અહીંયાં ચાર અંશ થયા એવી અપેક્ષા રાખતા નથી.

બીજી વાત કહીએ તો ભગવાન આત્મા જ્યારે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ પ્રગટ થયા એ પોતાના દ્રવ્યના આશ્રયે દ્રવ્યથી સિદ્ધિ થઈ. હવે નવા પરિણામ શુદ્ધિ પ્રગટ કરવી છે, વિશેષ વીતરાગતા, વિશેષ નિર્દોષતા તો એ નિર્દોષતાની સિદ્ધિમાં એ દ્રવ્ય સિદ્ધિ કારણ છે પરિણામમાં. પૂર્વની પર્યાય કારણ નહિ, નિમિત્ત કારણ નહિ. પરની અપેક્ષા વિના પોતાના પરિણામ પોતાથી સિદ્ધ થાય છે. ભગવાનજીભાઈ! ભારે વાતું આવી સાંભળવા મળે નહિ. આહાહા..! કહો, સમજાય છે? ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર, જેને સો ઇન્દ્ર પૂજતા હતા, પોતાના રાગને કારણે. સમજાણું કાંઈ? આહાહા..!

આવા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર,.. આત્મા પણ એવો છે. આત્મા એવો જ છે. જિન સો જિનવર અને જિનવર સો જીવ. જીવ સો જિનવર અને જિનવર સો જીવ. એ આવે છે પરમાત્મપ્રકાશમાં. જેવા જિનવર એવો જીવ, જેવો જીવ એવા જિનવર. તો એમ કહે, અરર..ર..! અમે જિનવર! અરે.. સાંભળ તો ખરો. તારો સ્વભાવ જ જિનવર છે. જિનવરનો અર્થ વીતરાગ સ્વભાવ છે. તારો સ્વભાવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ.. વસ્તુ... વસ્તુ... એ જિનવર જ છે. જીવ અને જિનવર એક જ છે. એ જિનવર ભગવાન આત્મા એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અપેક્ષા કરીને, દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા, તો કહે છે કે એ પરિણામની સ્વદ્રવ્યથી સિદ્ધિ છે. કહ્યું ને? સ્વદ્રવ્યથી જ છે. સ્વદ્રવ્ય પોતાના પરિણામથી એ પરિણામની સિદ્ધિ છે. સમજાણું કાંઈ? પોતાના દ્રવ્યથી પરિણામની સિદ્ધિ છે. એમાં તો બહુ કહી દીધું, ભાઈ! પરદ્રવ્યના પરિણામથી તો સિદ્ધિ નથી પણ એના પૂર્વના પરિણામને કારણે એ પરિણામની સિદ્ધિ નથી. એ તો સ્વદ્રવ્યથી સિદ્ધિ છે. વાહ! વસ્તુ પણ એવી છે. વસ્તુ એવી છે એમાં શું કરે? સમજાણું કાંઈ? શું કહ્યું?

આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! અનંત કાળમાં એણે વસ્તુની મહિમા સાંભળી નથી. મહિમા સાંભળી નથી અને સાંભળે તો એ જાગી જાય, અને જાગી જાય તો એનું કલ્યાણ થઈ જાય. બાકી બીજી લાખ ક્રિયાકાંડ કરે અને રાગ ને પુણ્ય ને આમ ને તેમ અનંત વાર કર્યું. એ આત્મામાં છે નહિ એવા ભાવ કર્યા તો એ ભાવમાં ક્યાં આત્માનો લાભ થયો. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ તો વસ્તુમાં છે નહિ. વસ્તુમાં તો શુદ્ધ ચિદાનંદ ભગવાન આત્મા પડ્યો છે. તો કહે છે કે બહુ અમે કહીએ પરની અપેક્ષા છોડીને તો પોતાના નિર્મળ મોક્ષમાર્ગના પરિણામની સ્વદ્રવ્યથી સિદ્ધિ થાય છે. બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ? ગુરુનો વિનય કર્યો તો અહીંયાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એવી અપેક્ષા નથી એમ કહે છે. શું લખ્યું જુઓને!

'**(-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ)...**' અસ્તિ-નાસ્તિ કરી. '**(-અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે...**' એમ કીધું ને? અને સ્વદ્રવ્યથી સિદ્ધિ. એમ જ થયું ને? કર્તાકર્મની અન્ય નિરપેક્ષપણે એ નાસ્તિથી વાત કરી. તો એનો અર્થ થયો કે સ્વદ્રવ્યથી સિદ્ધિ હોવાથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ અમથો એમાં અર્થ નીકળે ને? '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે સિદ્ધિ હોવાથી,...**' એટલા શબ્દ લ્યો. સમજાણું કાંઈ? આ તો ભગવાનની વાણી છે, ગંભીર છે, ઊંડી અંદર ગંભીર વાણી ભરી છે. આ કાંઈ સાધારણ ચોપડી એમ.એ. ભણી જવાની છે એમ નથી. કે એલ.એલ.બી પાસ થયા અને થઈ ગયા. શાસ્ત્ર વાંચી નાખે પણ શાસ્ત્રનો મર્મ સમજ્યા વિના શાસ્ત્ર શું ભણ્યો? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એ વસ્તુ. અને એ વસ્તુની સન્મુખ થવાથી, એ વસ્તુની સન્મુખ થવાથી જે ધર્મના પરિણામ ઉત્પન્ન થયા તો એ ધર્મના પરિણામની તો સ્વદ્રવ્યથી સિદ્ધિ કહો. પોતાના દ્રવ્યની અપેક્ષા રાખીને પરિણામ પ્રગટ થયા એવી સિદ્ધિ કહો. પણ રાગ અને નિમિત્તથી એ પરિણામ પ્રગટ થયા એવી અપેક્ષા નથી. અને પૂર્વના પરિણામ કાંઈક સમ્યગ્દર્શનાદિ હતા તો વિશેષ પર્યાય વીતરાગની બીજા પર્યાયમાં થઈ એવી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપેક્ષા પૂર્વ પર્યાયની અપેક્ષા પણ એમાં નથી. સમજાણું કાંઈ? કેટલાક કહે, એમ ને એમ સાંભળે છે અને હા. હા. પાડે. અરે..! ભગવાન! હા હા નહિ બાપા! તારા ઘરની વાત છે. તું એવડો મોટો છો કે તારે પરની અપેક્ષા હોય નહિ. સત્‌ના પરિણામને પરની અપેક્ષા શું? સમજાણું?

સત્ ભગવાન આત્મા ગંભીર સ્વભાવથી ભરેલો પ્રભુ, એનો જ્યાં આશ્રય કર્યો તો પરિણામે આશ્રય કર્યો એ પરિણામ પોતાના દ્રવ્યને કારણે સિદ્ધિ કહો. દ્રવ્યની અપેક્ષા રાખીને સ્વનો આશ્રય કર્યો તો પર્યાય ઉત્પન્ન થઈ તો સ્વદ્રવ્ય કર્તા અને એ પરિણામ વર્તમાન પ્રગટ ધર્મ થયો તે એનું કાર્ય. પણ પૂર્વની પર્યાય એટલી હતી તો વર્તમાન પરિણામ થયા એવી અપેક્ષા છે નહિ. અને રાગ એટલો છે તો સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એવી પરદ્રવ્યથી નિરપેક્ષપણે પર્યાય ઉત્પન્ન થાય છે. કહો, જ્ઞાનચંદજી! ભારે વાત ભાઈ! અરે..! આવી વાતું પ્રભુ સત્ છે એને ના કેમ પડાય? સમજાય છે? એ રીતે ચીજ છે, એ રીતે વસ્તુ એમાં ના પાડે તો ચાલે એવું નથી. ના પાડ તો જાય નરકે, હા પાડ તો ચાલ્યો આવીશ. આહાહા..! અરે..! ભગવાન આમ છે એને તું કઈ રીતે કહીશ? સમજાય છે?

ઓલા કહે, ઈશ્વર કર્તા છે જગતના માટે આ થયું છે. ભાઈ! એમ નથી. એમ અહીંયા રાગ કાંઈક હતો, રાગ હતો તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થઈ અથવા પંચ મહાવ્રત આદિના પરિણામ વ્યવહાર છે તો છે તો અહીં સમ્યક્ ચારિત્રની પર્યાય ઉત્પન્ન થાય છે કે સમ્યક્ ચારિત્રની પર્યાય ટકે છે એવા વ્યવહાર રાગની અપેક્ષા એને નથી. ભારે ભાઈ! ભારે વાત. એકલા સિદ્ધાંત ભર્યા છે. છે કે નહિ? એમાં છે કે નહિ? કે ઉપરથી ચાલે છે?

આહાહા..! ભગવાન! પ્રભુ! ચૈતન્ય પુંજ પ્રભુ છે ને. ઓહો..! એની શું મહિમા? એની મહિમા પર્યાયમાં ક્યાંથી આવે? પૂર્ણાનંદની મહિમા પર્યાયમાં કેમ આવે? પર્યાય તો પર્યાય એક સમયની છે. એની મહિમા એમાં રહે છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સૂર્ય ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ એના ઉપર દૃષ્ટિ કરવાથી, ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી, દૃષ્ટિ કરવાનો અર્થ-ધ્રુવ ઉપર લક્ષ કરવાથી જે પરિણામ ઉત્પન્ન થયા તો એ પરિણામ કાર્ય અને દ્રવ્ય કર્તા કારણ કહેવામાં આવે છે એટલી વાત ઠીક છે. અહીં તો એ કહેવું છે ને. નહિતર તો પરિણામ પરિણામનો કર્તા સ્વતંત્ર છે. એ દ્રવ્યની અપેક્ષા-દ્રવ્ય છે તો પરિણામ થાય એવું વસ્તુની સ્થિતિમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઘણું ભરી દીધું છે. એક બે લીટીમાં તો ઓહોહો..!

**'કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** ભગવાન આત્મા. અહીં તો આપણે ધર્મ પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉપર ઉતાર્યું હોં! બાકી છે તો બધાની વાત છે. અહીં તો બધાની વાત છે. સમજ્યા? જુઓ! જુઓ આ લાકડી છે. જુઓ લાકડી. લાકડી છે કે નહિ? આ લાકડી ઊંચી થાય છે. તો એ પરિણામ થયા, એ પર્યાય થઈ વર્તમાન. તો વર્તમાન પર્યાય એના પરમાણુ જે દ્રવ્ય છે એનાથી એ પરિણામ કાર્ય થયું છે અને દ્રવ્ય કર્તા છે એવી સિદ્ધિ કહો. પણ એ પરિણામમાં આ આંગળી હતી તો એ પરિણામ થયા... સમજાણું કાંઈ? અને અહીંયાં નીચે આવી સ્થિતિ હતી તો આમ .... એવી પર્યાય એમાં ઉત્પન્ન થઈ પૂર્વની પર્યાયને કારણે એવી પૂર્વની પર્યાય અને આંગળીની અપેક્ષા રાખ્યા વિના એની પર્યાય પોતામાં પર નિરપેક્ષપણે સ્વદ્રવ્યની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે. ...ભાઈ! કલકત્તામાં ક્યાં મળે એવું છે? ત્યાં તો આ કરો... આ કરો... આ કરો... એય.. દુકાનવાળા વખાણ કરે. બહારની કાંઈ ક્રિયા કરે તો વખાણ કરે, ઓલા કહે આહાહા..! અરે..! ભગવાન! સાંભળને બાપુ!

મુમુક્ષુ :- ધર્મ કરે તો વખાણ તો કરે જ ને.

ઉત્તર :- પણ કોને કહેવો ધર્મ? એય..! ન્યાલભાઈ!

ભગવાન કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલા થયા. દિગંબર મુનિ સંત જંગલવાસી આત્મા આનંદમાં ઝુલનારા. એ કહે છે, ભાઈ! ભગવાન તો એમ કહે છે, ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળના જ્ઞાનમાં એમ આવ્યું કે પ્રત્યેક પદાર્થની વર્તમાન અવસ્થાનું કાર્ય પરની અપેક્ષા વિના થાય છે. અપેક્ષા રાખવી હોય તો સ્વદ્રવ્યની અપેક્ષા કહો. સમજાણું કાંઈ? પણ પર છે તો અહીંયાં થાય છે (એમ નથી). સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે તો અહીંયાં સમ્યગ્દર્શનના પરિણામ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન રૂપી ધર્મની પર્યાય એ રાગ અને નિમિત્તની અપેક્ષા વિના પોતાથી પરિણામ ઉત્પન્ન થાય છે. એ સ્વદ્રવ્યની અપેક્ષાથી. સમજાણું કાંઈ? આ કહે કે ભગવાને જોયો એવો આત્મા આપણે માનવો. પણ ભગવાને શું ભાળ્યું એની તને શી રીતે ખબર પડી? ગુરુદેવે જે આત્મા જાણ્યો એ આપણે જાણવો. પણ એણે શું જાણ્યું એની તને ખબર શી રીતે પડશે?

મુમુક્ષુ :- અમારા ગુરુએ જાણ્યો ઈ સાચો જાણ્યો...

ઉત્તર :- પણ સાચો જાણ્યો એ સાચાપણું એને આવશે ક્યારે? એને સાચાપણું ક્યારે આવશે? એના ખ્યાલમાં આવે કે ઓહોહો..! પરનું પણ લક્ષ છોડીને, એની શ્રદ્ધાના વિકલ્પનું લક્ષ છોડીને, વર્તમાન અવસ્થાનું પણ લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાનનું લક્ષ કરવાથી જે પરિણામ થયા એ પરની અપેક્ષા વિના થયા છે. નિશ્ચયથી તો વસ્તુનો આવો સ્વભાવ છે. વ્યવહારથી કહો. સમજાણું કાંઈ? વસ્તુનો નિશ્ચયથી એવો સ્વભાવ છે. એવી દૃષ્ટિ કરવાથી એને પરનો આશ્રય અને લક્ષ છૂટી જાય છે, સ્વદ્રવ્યનો આશ્રયે રહે છે, પરિણામ ઉત્પન્ન હો. પરિણામ

ઉત્પન્ન હો, ઉત્પન્ન કરવા છે એમ પણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.**' લ્યો! હવે આખો સિદ્ધાંત કહીને '**જીવને...**' છેલ્લો શબ્દ. છેલ્લો. '**જીવને અજીવનું...**' એટલે અજીવના કાર્યનું કર્તૃત્વ એટલે કાર્ય. સિદ્ધ થતું નથી. શરીરની અવસ્થા આત્મા કરે એવી સિદ્ધિ તત્ત્વની દૃષ્ટિમાં હોતી નથી. સમજાણું કાંઈ? વિશેષ તો આ નિરપેક્ષપણે કહ્યું ને? એના ઉપર વધારે જોર છે. સમજનાર જે પરિણામમાં શ્રોતા પરિણમે છે, તો કહે છે કે એ પરિણામ જે ઉત્પન્ન થાય છે એ પરિણામમાં બહુ તો એમ કહો કે સ્વદ્રવ્ય વસ્તુ છે એની અપેક્ષાએ પરિણામ ઉત્પન્ન થયા એમ કહો. સમજાણું કાંઈ? પણ એ વાણી છે અને સાંભળવાનો વિકલ્પ આવ્યો માટે સમ્યગ્જ્ઞાનની, દર્શનની પર્યાય એમાં ઉત્પન્ન થાય છે એવું એમાં છે નહિ. આહાહા..! હળવે હળવે આવતું હોય. આ પછી ઉપકાર નહિ માને અમારો. ઉપકાર તો દ્રવ્યનો હવે છે, સાંભળને. ત્યારે પરનો ઉપકાર એવો વિકલ્પ આવે, પણ વિકલ્પની અપેક્ષા રાખીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનાદિ પ્રગટ થાય છે એમ છે નહિ. રાગની અપેક્ષા રાખતા વીતરાગી દૃષ્ટિ થાય છે એમ છે નહિ. આ વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એમ છે નહિ, એમ કહે છે. બીજી રીતે કહો.. બેય વાતનો ખુલાસો આ ક્રમબદ્ધમાં ... ભાઈ! આ ક્રમબદ્ધ છે ને? ક્રમબદ્ધ ચાલે છે ને? નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત અને ક્રમબદ્ધ પાંચેય બોલ આવી ગયા એમાં. સાંભળો!

જે પરિણામ પ્રત્યેક પદાર્થમાં ક્રમસર-ક્રમબદ્ધ થાય છે. .. એક .. કે દ્રવ્ય જે સામાન્ય એનું વર્તમાનકાળમાં જે અંશ પરિણમન છે સામાન્યનું, એ જ પરિણમન થવાનું એ જ કાળમાં એ એક જ છે. બસ. બીજે સમયે જે થવાનું તે એક જ છે. એવા એવા ક્રમબદ્ધ પરિણામથી નિર્ણય કરે તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. જ્ઞાયક ઉપર જાય છે. તો જ્ઞાયક ઉપર જવાથી જ્ઞાયકની અપેક્ષાથી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણામ થયા એમ જ્ઞાયકની અપેક્ષા રાખીને કહો. પણ એ રાગ હતો અને નિમિત્ત હતું માટે આ પરિણામ થયા એમ છે નહિ. તો ઉપાદાનથી ઉત્પન્ન થયા. નિમિત્ત છે તો ઉત્પન્ન થયા એ રહેતું નથી.

મુમુક્ષુ :- નિમિત્ત નિરપેક્ષ છે.

ઉત્તર :- નિરપેક્ષ. નિમિત્તની નિરપેક્ષતાથી જ આત્મા મોક્ષના માર્ગના પરિણામ ઉત્પન્ન થયા. અહીં મોક્ષનો માર્ગ અને મોક્ષ એમ બધું લઈ લેવું. સમજાણું કાંઈ? એમ વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના આત્મા દ્રવ્યની અપેક્ષા રાખીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તે વ્યવહારની અપેક્ષા વિના નિરપેક્ષપણે પરિણામની સિદ્ધિ થાય છે. કેમ કે વ્યવહાર પણ રાગ અને અચેતન છે. એ છે તો અહીંયા કાર્ય થાય છે એવી સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એય..! હિંમતભાઈ! શું કરવું આમાં? બધા ઝઘડા ઊભા કરે છે

ઝઘડા. એની સાથે હોં!

મુમુક્ષુ :- આપે કહ્યું ને, ક્રમબદ્ધ એની પર્યાયમાં થાવાનું...

ઉત્તર :- એની સાથે કરે. ભગવાન! કોની કરે? એની અપેક્ષા અહીં ક્યાં છે? કે આવું અહીં છે તો ત્યાં પરિણામ થાશે એમ છે નહિ. આહાહા..!

કહે છે કે સિદ્ધિ. '**અન્યનિરપેક્ષપણે...**' મહાસિદ્ધાંત. પરમાણુમાં પણ ઓહો..! આ દાંત હલે છે, હોઠ હલે છે, આ હોઠ હલે છે ને? એ પર્યાય છે. આમ આમ થાય છે ને? એ પર્યાય થાય છે. તો એ પર્યાય આત્માની અપેક્ષા ઈચ્છા કે જ્ઞાનની અપેક્ષા વિના એ પર્યાય થાય છે એમ કહે છે. અને જે ભાષાનો ધ્વનિ ઉઠે છે એ અવાજની ભાષા વર્ગણાની પર્યાય એ કાર્ય ભાષાવર્ગણા કર્તા દ્રવ્યની સિદ્ધિ ... પણ આ હોઠ છે તો ભાષા ઉત્પન્ન થાય છે એમ છે નહિ, એમ કહે છે. કહો, જુગરાજજી! એમાં છે જુઓ! એમાંથી નીકળે છે. દિપચંદજી! આ સાધુ થવાના હતા સમજ્યા વિના. નગ્ન થઈ જાઓ. શું નગ્ન થાય? મિથ્યાત્વના નાશ વિના નગ્ન?

મુમુક્ષુ :- અમને જ્ઞાન તો હતું, ચારિત્ર નહોતું.

ઉત્તર :- ધૂળમાંય જ્ઞાન નહોતું. અજ્ઞાન હતું. એય..! હજી વસ્તુ શું છે અને એમાંથી પ્રવાહ શું આવે છે એ વસ્તુની દૃષ્ટિ કરે તો દ્રવ્યનો પ્રવાહ કેવો આવે છે એની ખબર પડે. સમજાણું કાંઈ? વસ્તુ પવિત્રતાનું નિધાન ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવાથી શુદ્ધનો પ્રવાહ આવે છે. અશુદ્ધના પ્રવાહનું કાર્ય પોતાનું અને આત્મા તેનો કર્તા એમ છે નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! હોય રાગ એ સમયે ક્રમમાં આવનારો, તો એ સમયે રાગનું જ્ઞાન પણ પોતાના પરિણામથી ઉત્પન્ન થાય છે. રાગ છે તો જ્ઞાનના જ્ઞાન પરિણામ ઉત્પન્ન થયા (એમ નથી) એ જ્ઞાનના પરિણામમાં સ્વદ્રવ્યની અપેક્ષા રાખો પણ જ્ઞાનના પરિણામમાં રાગ આવ્યો તો એનું જ્ઞાન કરે છે એવી રાગની અપેક્ષા એમાં નથી. સમજાણું કાંઈ? ભારે વાત. આ એક કુંદકુંદાચાર્યે મહા દિગંબર સંત જૈનધર્મનો ઝંડો હાથમાં લીધો છે. આ વીતરાગમાર્ગ છે, જૈનદર્શન આ છે. આ સિવાય બીજી કોઈ વાત કરે તો ઈ જૈનદર્શન છે જ નહિ. જૈન દર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે કે વસ્તુ તારી વીતરાગસ્વરૂપે છે. અને એ વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી, એને જ્ઞેય બનાવવાથી અને એમાં સ્થિરતા કરવાથી જે પરિણામ થયા એ મોક્ષનો માર્ગ થયો અને કેવળજ્ઞાન થયું એના આશ્રયે. તો એ કેવળજ્ઞાન વ્યવહાર પહેલા હતો માટે કેવળજ્ઞાન થયું એમ નથી. સંહનન મનુષ્યદેહ છે તો કેવળજ્ઞાન થયું એમ નથી. અને મનુષ્યની ગતિ છે તો કેવળજ્ઞાન થયું એવી અપેક્ષા નથી. એ કેવળજ્ઞાનની અપેક્ષાના પરિણામનું કારણ સ્વદ્રવ્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી એને આવું સત્ય ન બેસે, રુચે નહિ અને એને ધર્મ કરવો છે. સમજાણું કાંઈ? આવું સત્ય છે એ રુચે નહિ, શ્રદ્ધે નહિ અને ધર્મ કરવો છે. ધૂળમાંય ધર્મ નથી થતો. મરીને જાય ચાર ગતિમાં રખડવા. સમજાણું કાંઈ?

**'જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.'** લ્યો! છેલ્લું એ બતાવ્યું. ભગવાન આત્મા રાગનો અને પરના કાર્યનો કર્તા નથી એ કઈ અપેક્ષાએ એ અપેક્ષા સિદ્ધ કર્યું. કેમ કે પોતાનો આત્મા પોતાના પરિણામના પ્રવાહમાં પરિણમતો ક્રમસર પર્યાયમાં આવે છે. દ્રવ્ય આવે છે. દ્રવ્ય પરિણમે છે ને. પોતાના પરિણામમાં પર્યાયમાં દ્રવ્ય ઊપજે છે તો દ્રવ્ય એ સમયે ઊપજે છે તો પર્યાયની અપેક્ષા દ્રવ્ય સાથે છે. એ પરિણામની અપેક્ષા રાગ અને નિમિત્તની સાથે નથી. આવી વસ્તુની સિદ્ધિ ત્રિકાળ સર્વજ્ઞના માર્ગમાં, મોક્ષના માર્ગમાં સિદ્ધિ થાય છે. કહો, સમજાણું કાંઈ? મોહનભાઈ! સમજાય છે? આ તો લોજિકથી વાત છે હોં. એમ ને એમ કાંઈ નથી ઘચરપચર. લ્યો ભઈ! ચાલીસ મિનિટ તો થઈ ગઈ. એક લીટીમાં પૂરું થયું. બાકી રાખ્યું હતું ને. નિરપેક્ષપણું રહી ગયું હતું. અહીં સુધી તો આવ્યું હતું. કર્તા કર્મ સિદ્ધ થતું નથી ત્યાં સુધી આવ્યું હતું. સિદ્ધ ન થવાથી કર્તાકર્મપણું અન્યનિરપેક્ષ છે,.. ત્યાંથી બાકી હતું. કહો, સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત.

મુમુક્ષુ :- એમાં પણ પાંચેય

ઉત્તર :- પાંચેય સમવાય આવ્યા. એક બાકી રહ્યું ગયું ઓલું. નિમિત્ત-ઉપાદાન આવી ગયું, વ્યવહાર-નિશ્ચય આવ્યું, ક્રમબદ્ધ આવી ગયું. હવે પાંચ સમવાય શી રીતે આવ્યા? લ્યો, આમાં ને આમાં પાંચેય સમવાય ક્યાં આવ્યા?

પહેલા તો એમ કહ્યું કે ભગવાન આત્મા દ્રવ્ય સત્. પોતપોતાના વર્તમાન પર્યાયના પ્રવાહમાં પરિણમતા ક્રમસર થાય છે. ક્રમસર, અક્રમ દ્રવ્ય ક્રમસરમાં પરિણમે છે. એમાં પરની અપેક્ષા નથી. તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે કે આ પરિણામ ક્રમસર થાય છે કોનાથી? કે દ્રવ્યથી. તો દ્રવ્ય જ્ઞાયક છે. તો જ્ઞાયક છે એવી દૃષ્ટિ જ્યારે થઈ, તો જ્ઞાન પરિણામ થયા. એ જ્ઞાન પરિણામ પોતાના શુદ્ધ ઉપાદાનથી થયા છે. એ રાગ હતો ને પર નિમિત્ત હતું માટે થયું એમ છે નહિ. તો ઉપાદાનથી થયા, નિમિત્તથી થયા નથી. અને એ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી જે પરિણામ થયા તો રાગ હતો, વ્યવહાર હતો તો પરિણામ થયા એમ છે નહિ. તો વ્યવહાર હતો માટે નિશ્ચય થયો એ પણ રહ્યું નહિ. ક્રમબદ્ધ, નિમિત્ત, ઉપાદાન, વ્યવહાર, નિશ્ચય પાંચેય સિદ્ધ થયા. અને રહ્યા પાંચ સમવાય. સમજાણું કાંઈ?

દ્રવ્ય છે પોતાનું શુદ્ધ સ્વરૂપ સ્વકાળની પર્યાય જ્યારે થવાની છે, તો એનું જ્ઞાન ક્યારે થાય? કે દ્રવ્ય જ્ઞાયકભાવ છે એવો પુરુષાર્થ કરી, સ્વભાવ દ્રવ્ય છે, પુરુષાર્થ કરીને સ્વભાવને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિમાં લીધો તો સ્વભાવ અને પુરુષાર્થ બે આવ્યા. જે સમયે ઉત્પન્ન થનારી પર્યાય છે તે ઉત્પન્ન થઈ એમ કાળનું જ્ઞાન થયું. અને ભવિતવ્ય-ભાવ. એ જ ભાવ, એ જ પર્યાયનો એ જ ભાવ, એ કાળનો એ જ ભાવ એવું પણ જ્ઞાન થયું. અને એ જ સમયે કર્મના દર્શનમોહ આદિ ચારિત્રમોહના પરિણમન ખસી ગયું છે, નિમિત્તનું ખસી ગયું છે એવું પણ જ્ઞાન આવી ગયું. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવી છે વસ્તુ, ભાઈ! એને અંતરમાં આવો નિર્ણય કર્યા વિના કદી છૂટકારો થશે નહિ. જન્મ-મરણની ગાંઠ નહિ ગળે. ભગવાન! આહાહા..! અરે..! જન્મ-મરણ કરે છે. જુઓને! આમ રસ્તામાં નીકળીએ છીએ. કાકીડા મરી જાય. કાકીડાને શું કહે છે? સમજ્યાને? કાકીડાને શું કહે છે?

મુમુક્ષુ :- ચોમાસામાં ..

ઉત્તર :- આ જુઓને કાકીડો હતો નહિ રસ્તામાં? કચ્ચરઘાણ. બસ નીકળી, બિચારો નીકળ્યો ત્યાં કચડાઈ ગયો. કોઈ શેવાળ, કોઈ દેડકા. આહાહા..! બહુ ઝપટ લાગેને બસની. માણસ મરી જાય ત્યાં બિચારા (આનું શું ગજુ?) એની સ્થિતિ જ પૂરી થવાના પરિણામની આની અપેક્ષા છે નહિ એમ કહે છે. દેહની સ્થિતિ પૂરી થવામાં એને... શું કીધું? બસ. શું કીધું એ? ખટારો કેરિયર. એ કેરિયર નિમિત્ત થયું તો દેહનું છૂટવું થયું એવી અપેક્ષા નથી એમ કહે છે. એ તો પરમાણુની પર્યાય પોતાથી પોતાના દ્રવ્યના આશ્રયે થવાની હતી તે થઈ. પરની અપેક્ષાથી એ પર્યાય થઈ એમ છે નહિ. ઓહોહો..!

પરજીવ શરીર અને આત્માના સંયોગથી બચે છે. બીજો કહે કે, મેં બચાવ્યો માટે બચ્યો. એમ છે જ નહિ એમ કહે છે. એની જે થવાની પરમાણુ અને આત્માની એ પર્યાય તે ક્ષણે જે પર્યાય થઈ એ પર્યાયનો આશ્રય દ્રવ્ય છે. દ્રવ્યના આશ્રયે પર્યાય થઈ એમ સિદ્ધિ થઈ. પણ બીજાને કારણે એ પર્યાયનો નાશ થયો અને એ પર્યાય... મેં બચાવ્યો માટે બચ્યો એવી આયુષ્યની પર્યાય એની થઈ, એવી પરની અપેક્ષા વિના એની પર્યાયનો વ્યય અને ઉત્પાદ થાય છે. સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંત છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ એમણે જે દ્રવ્યનો સ્વભાવ જ્ઞાનમાં જોયો, એમ છે, અને એમ માનનારને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એમ કહે છે. આનાથી વિપરીત માને તો મિથ્યાત્વ રહે છે અને જન્મ-મરણની ગાંઠ (રહેવાથી) રખડવું પડે છે એને. ચાહે તો ત્યાગી થઈ જાઓ, બાહ્યનો ત્યાગ (કરો), પણ મિથ્યાત્વના ત્યાગ વિના એને ત્યાગ યથાર્થ હોતો નથી. સમજાણું કાંઈ?

**'માટે જીવ અકર્તા ઠરે છે.'** લ્યો! મથાળું હતું ને એ? **'આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :-'** એ કહ્યું. ઓહોહો..! કેટલી વાત .. જયકુમારજી! આહાહા..! સર્વવિશુદ્ધજ્ઞાન. આહાહા..! ભગવાન આત્મા પરની અપેક્ષા રાખ્યા વિના દ્રવ્યની અપેક્ષા, શુદ્ધ ચૈતન્યની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અપેક્ષા રાખીને જે ધર્મની પર્યાય થઈ એ સર્વવિશુદ્ધ થયો. સર્વવિશુદ્ધ થયો. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-**' ભાવાર્થ છે ને એનો ભાવાર્થ? '**સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે.**' આ સિદ્ધાંત લીધો. અનંત પરમાણુ અને અનંત આત્મા. એ અનંત અનંતપણે રહીને, પોતે અનંતપણે રહીને દરેકના પરિણામ પર્યાય પોતપોતામાં બધાની ભિન્ન ભિન્ન થાય છે. સમજાણું કાંઈ? આમાં પણ અનંત પરમાણુ છે આ. એમાં પણ બધા પોતપોતાના પરિણામને કરનારા છે. કેમ કે અનંત '**સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે.**' એક પરમાણુ છે એની પર્યાય બીજા પરમાણુથી જુદી છે. એક નિગોદ શરીરમાં અનંત જીવ છે. નિગોદ-નિગોદ કહે છે ને? આલુ, બટાટા, શક્કરકંદ હોય છે ને? એમાં એક શરીરમાં અનંત જીવ છે. એક એક જીવની પોતાની પર્યાય-પરિણામ-બીજા જીવના પરિણામથી ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? અને એના કર્મના રજકણ જે છે એના એક એક પરમાણુના પરિણામ ભિન્ન ભિન્ન દરેકના છે. કોઈના પરિણામ કોઈની સાથે ભળી જતા નથી. સમજાણું કાંઈ?

અહીં તો વળી હમણાં રાતે ક્યાં ઓલા છોકરા ભેગા થયા હતા. ક્યાંકથી આવ્યા.. ક્યાંકથી આવ્યા.. કાંઈ મેળ ખાતો નથી. માનો આત્મા ક્યાંકથી આવ્યો, બાપનો આત્મા ક્યાંકથી આવ્યો, છોકરાનો ક્યાંકથી, છોકરીનો ક્યાંકથી. અહીં કહે, બાપ-દીકરા. થયા ક્યાંથી આ? એ ઉપરથી બીજી વાત કરવી હતી. મેં કીધું, પર્યાય પર્યાયને મેળ ખાતો નથી. એક પર્યાયથી બીજી પર્યાય ભિન્ન. બે એક થતા નથી. બે પર્યાય થાય છે ને આત્મામાં? ભૂતકાળની થાય છે અને વર્તમાનની, બેનો મેળ નથી. બે મળીને એક થતા નથી. તો આ એક ક્યાંથી થઈ ગયા? આહાહા..! કહો, કેશુભાઈ! સમજાય છે કે નહિ? લ્યો, સવારનું વ્યાખ્યાન ખોયું ત્યાં ... લઈને. સવારમાં હું નીકળ્યો હતો ને તો ભાઈને કહે હમણાં આવીશ. છોકરાને ભલામણ કરી હતી. ક્યાં ગયા? આવ્યા છે કે નહિ કોઈ? તમારો દિલીપ નથી આવ્યો?

આ તો લાખો કરોડો રૂપિયા દેતા મળે એવું નથી. બહાર તો ધૂળ ઘણી મળી હવે એમાં. એય..! ચીમનભાઈ! કરોડોપતિ, ધૂળપતિ ઘણાં દેખાય છે. સવારમાં નહોતું કો'ક વાત કરતું? કો'ક ડોશીને મારી નાખી. એ વળી ૪૦-૫૦ લાખના આસામી. હિંમતભાઈ કહેતા હતા? ભોગીભાઈ. એક એનો માણસ હતો તો મારી નાખી એને. તે દિ' ... હતો ને? મુસલમાનને ત્રણ મારી નાખ્યા. એ માર્યા હશે તે દિ' જ બે ભેગા થયા. તે દિ' બે ભેગા થયા. તુરખિયો ગરાસિયો છે ને આમનો નાથાભાઈનો ભાઈ છે ને નાનો પોલીસમાં? એનો સાળો થાય છે. ગયા હતા એક ફેરી. એની મા એકલા હશે. અને ઓલા માણસને સૂઝ્યું કાંઈક. બાથરૂમમાં ગયો એ.. સર્પ.. એ સર્પ... એમ કરીને બાઈને અહીં બોલાવી. બાઈ આવી તો છરી મારી દીધી. એ પોતે ભાગવા ગયો. પછી દોડી ખરી આઘી પણ પછી પડી ગઈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કોઈ ઘરમાં ન મળે. ઘરનો માણસ .. જુઓને આ દશા. ક્રૂરતા કેટલી! એક એ બન્યું અને ઓલા ત્રણનું બન્યું. એક મુસલમાને ત્રણને મારી નાખ્યા. છોકરાને મારી નાખ્યો. એ પકડાણો, તરત પકડાણો. શું કરે છે? તારી પર્યાય પ્રગટરૂપે તું કરે તો તને સૂઝે છે ને કોઈ નહિ ભાળે એ આવ્યું ક્યાંથી? સમજાય છે કાંઈ? આહાહા..!

એ તો આવે છે ને? પરસમયને જાણતો પરિણમે છે એમ આવે છે ને? સમજ્યાને? રાગાદિ થાય છે જાણતો એટલે જ્ઞાનનો સ્વભાવ છે ને. એને ખબર ભલે ન હોય. પણ એ જાતનું જ જ્ઞાન ત્યાં છે રાગનું. એવી રીતે જ્ઞાનમાં જાણતો રાગરૂપે અજ્ઞાની પરિણમે છે. જ્ઞાની આત્માના સ્વભાવને જાણતો જ્ઞાનરૂપે પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યોના પરિણામ...**' પરિણામ શું હશે આ? આ છોકરાને પરિણામ આવે એ પરિણામ હશે આ? આ છોકરાને પરિણામ નથી આવતું? ઈ હશે આ? અહીં તો સર્વ વસ્તુ જે અનંત છે આત્મા અનંત અને પરમાણુ અનંત, એનો પરિણામ એટલે પરિણતિ. પરિણતિ એટલે વર્તમાન અવસ્થા, અવસ્થા એટલે એની દશા, દશા તે પરિણામ. આખો પરિણામી પદાર્થ તો વર્તમાન પર્યાયમાં ઢળ્યો છે એવા પરિણામને પરિણામ-પર્યાય કહેવામાં આવે છે. ઊપજ્યો ઊપજ્યો કીધું છે ને? દ્રવ્ય ઊપજ્યું. દ્રવ્ય ઊપજ્યું. આહાહા..! દિગંબર આચાર્યોની આવી ટીકા ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ? કે જેમાં આખા સિદ્ધાંતોના સિદ્ધાંતો આમ એક આખા ત્રણ લોકના ન્યાય ઊભા થાય. એક ન્યાયમાં તો આમ બધો આમ એકદમ ફરી વળે ન્યાય બધો. એવા સિદ્ધાંતો. કહો, સમજાય છે?

'**સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે.**' પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુમાં વર્તમાન થતી આવસ્થા તે દરેકના રજકણોની કે આત્માની જુદી જુદી હોય છે. '**પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે;...**' પ્રત્યેક પદાર્થ અનંત છે એ પોતાની વર્તમાન અવસ્થાનો તે દ્રવ્ય કરનાર છે, રચનાર છે. એ '**સૌ દ્રવ્યો કર્તા છે;...**' લ્યો! '**તેઓ તે પરિણામોના કર્તા છે,...**' કોણ? દ્રવ્ય. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના વર્તમાન પરિણામનો કર્તા છે અને '**તે પરિણામો તેમનાં કર્મ છે.**' એ પરિણામ એનું કાર્ય છે. લ્યો! કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે અવસ્થા. અવસ્થા એટલે પરિણતિ. તે તે પરમાણુ અને તે તે આત્માના તે તે સમયના પરિણામ તેનો પરિણામી કર્તા, તે પરિણામ તેનું કર્મ છે. કહો, સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબધ નથી.**' ખરેખર. નિશ્ચય નામ ખરેખર. એટલે વાસ્તવિક રીતે એટલે યથાર્થપણે કોઈ કોઈની સાથે કર્તા-કારણ, કારણ-કાર્ય સંબંધ છે નહિ. ખરેખર કોઈ દ્રવ્યની પર્યાય નામ પરિણામ, કોઈ દ્રવ્યના કર્તાથી આ પરિણામ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એવો સંબંધ છે જ નહિ, એવી વસ્તુ છે જ નહિ. આહાહા..! અભિમાન ઊડી જાય એનું. અનંત પદાર્થની પર્યાય હું કરું, હું હોઉં તો આમ થાય.. હું હોઉં તો આમ થાય. એ હોય તો એમ થાય, તું હોય તો તારામાં થાય. તું હો તો તારામાં થાય, પર હોય તો પરમાં થાય. પરમાં થાય છે એ તારાથી થાય છે? સમજાણું કાંઈ? છોકરો હુશિયાર થાય તો જુઓ, ૨૫-૨૫ લાખ, ૨૦ લાખના ૫૦ લાખ કરી નાખે એકદમ. બે-પાંચ મહિનામાં. તો હુશિયારી ખરી કે નહિ?

મુમુક્ષુ :- એ તો એક રાતમાં થઈ જાય એમાં શું છે?

ઉત્તર :- એક રાતમાં પણ થઈ જાય એમાં શું છે? એક મહિનામાં ૫૦ લાખ થઈ ગયા એક જણાને. એક મહિનામાં ૫૦ લાખ. કહ્યું હતું ને એક? નામ નથી આપતા. એક મહિનામાં ૫૦ લાખ. આ બે લાખનું આપ્યું. બે લાખ.. અહીં વેંચી નાખો. ત્યાં ભાવ વધી ગયેલો છે એના પાંચ લાખ ઊપજે છે. વેચો. પાંચ લાખ ત્યાં ફરીને કહે બીજે દિવસે કહે સાત લાખ ઉપજશે. વેચો. એમ એક મહિનામાં પચાસ લાખ. એ હુશિયારીથી હશે કે નહિ?

મુમુક્ષુ :- ભાવ વધ્યા દેખીતી વાત છે. એમાં શું પણ?

ઉત્તર :- ભાવ કોના વધ્યા? પરમાણુની પર્યાય પર્યાયમાં છે. ભાવ વધ્યા કોના? સોનાનો ભાવ વધ્યો એમ કહે છે ને? સોનાનો ભાવ. પણ ભાવ શું? એ પોતાની પર્યાય છે. વધી-ઘટી ક્યાં છે? કલ્પના થાય. પચ્ચીસ રૂપિયાનું તોલું સોનું સસ્તુ થઈ ગયું. તારી કલ્પના છે ને. એ તો દ્રવ્ય-ગુણ-પર્યાય છે એવા છે.

'**નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે,...**' ઠીક! એ કારણે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે. એ રાગનો કર્તા કહો તોપણ યથાર્થ નથી ઈ. ખરેખર તો રાગ થાય છે ભલે એ સમયે પણ તે સમયે દ્રવ્યની દૃષ્ટિએ તો જ્ઞાતાપણાના પરિણામનો કર્તા જ આત્મા છે. સમજાણું કાંઈ? ભલે રાગ એ પ્રકારનો જ હોય ત્યાં. સમજાણું કાંઈ?

'**પોતાના પરિણામ કર્મ છે.**' લ્યો! આ કારણે જીવ પોતાથી જ પરિણામ કરે છે અને એ પરિણામ થયા તે પોતાનું કાર્ય છે. '**એવી જ રીતે અજીવ પોતાના પરિણામનો જ કર્તા છે.**' લ્યો બીજું. છ દ્રવ્ય. એક કોર જીવ દ્રવ્ય લીધું, એમ અજીવદ્રવ્ય લીધું. પાંચ અજીવ છે, એક જીવ દ્રવ્ય છે. છ દ્રવ્ય છે એમ ભગવાને જોયું. ભગવાન કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. છ દ્રવ્યમાં પ્રત્યેક દ્રવ્યમાં પહેલા જીવ લીધો, હવે કહે છે કે અજીવ પોતાના પરિણામનો જ કર્તા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! દવાથી રોગ મટે એની ના પાડે છે. શું કહે છે?

**'અજીવ પોતાના પરિણામનો જ કર્તા છે.'** આ પરમાણુ અજીવ છે તો પોતાના પરિણામનો કર્તા છે. વળી એ પરિણામ અહીંયા કરે છે, અહીંનો રોગ મટે એ ક્યાંથી આવ્યું? એય..! શું કહે છે? અજીવ. આ અજીવ છે કે શું છે આ માટી? રોગની અવસ્થા અજીવની અવસ્થા છે. તો એ અવસ્થા બીજો અજીવ છે, બીજો અજીવ, એ પરિણામથી આ પરિણામ થાય છે? એય..! કેશુભાઈ! શું છે? લ્યો! ઈંજેક્શન દીધું તો કફ ઓછો થઈ ગયો. કહે છે કે એમ છે જ નહિ, ભાઈ! તને ભ્રમ થયો છે. ઈંજેક્શનના પરમાણુની પર્યાય એ અજીવથી તે અજીવથી થઈ છે. અને અહીંયાં પરિણામ પોતાના પરમાણુથી થઈ છે. અજીવ પોતાના પરિણામનો કર્તા છે. અજીવ અનંત છે. અનંત અજીવ છે તો ભિન્ન-ભિન્ન અજીવ છે. ભિન્ન-ભિન્નના પરિણામ ભિન્ન ભિન્ન થયા એ ભિન્ન પોતપોતાથી થયા છે, પરથી થયા નથી. કપૂરભાઈ! બહુ ઝીણું બહુ પણ. આ ધમાલ. એક તો મુંબઈ ૪૦ લાખનું. અને વળી કલકત્તામાં ૬૦ લાખ, ૬૫ લાખ. એમ છે ને કેટલાકને.. ધમાલ.. ધમાલ.. બસુ અને મોટરું ઊભી રહે ઓલું લાલ-પીળું દેખે ત્યાં. હોય છે ને? કેટલા ભેગા થાય અને વળી પાછા ચાલે. અરે..! ધમાલ. કહે છે કે પ્રત્યેક વખતે તેના પરિણામનો કર્તા તે તે પરમાણુ છે.

મુમુક્ષુ :- લાલ બત્તી થઈ માટે...

ઉત્તર :- માટે અટકી છે મોટર એમ નહિ. દુનિયા તો ભ્રમમાં પડે એવી છે.

**'અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.'** લ્યો! એ રીતે ભગવાન આત્મા પરપદાર્થને પોતાના પરિણામથી કરે એમ કદી બનતું નથી. એવી દૃષ્ટિ કરે તો પરથી દૃષ્ટિ હટીને પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ થાય તો એના પરિણામ નિર્મળ થાય છે એ એનો સાર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૩, મંગળવાર તા. ૩૧-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૯૫, ગાથા-૩૧૨-૩૧૩, પ્રવચન-૩૮૨**

કળશ છે ૧૯૫. ગાથા ચાર થઈ ગઈ ને? એનો કળશ છે.

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः**
**स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः।**
**तथाप्यस्यासौ स्यादि्यदिह किल बन्धः प्रकृतिभिः**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।१९५।।**

શું કહે છે? ભગવાન આત્મા '**નિજરસથી વિશુદ્ધ છે,...**' આત્મા તો પોતાના આનંદ અને જ્ઞાનરસથી ત્રિકાળ શુદ્ધ અને વિશુદ્ધ જ છે. નિજરસ નામ શક્તિ, નિજ સત્ત્વ. ભગવાન આત્મા નિજ સ્વભાવથી શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન જ છે. '**અને સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે...**' અને તેની જ્ઞાનદશા, શક્તિ એનું વ્યક્તપણું અથવા શક્તિ. એની એવી શક્તિ છે કે '**સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે...**' એટલે કે ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો જ વિશુદ્ધ ચૈતન્યનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

પોતામાં જ્ઞાનરસથી ભરેલો પ્રભુ જે ત્રણ કાળ, ત્રણ લોકની જે પર્યાય છે દ્રવ્ય-ગુણ આદિ એને પોતામાં રહીને પોતે જાણે એવો એનો સ્વભાવ છે. કોઈનું કાંઈ કરવું એવો એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? '**લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે...**' એટલે આખો જ્ઞાનસ્વરૂપ ભગવાન એક ક્ષણમાં પણ બધાને જાણવાનો સહજપણે જેનો સ્વભાવ છે એવો એ આત્મા છે.

'**એવો જેનો સ્વભાવ છે, એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો)...**' અકર્તા ઠર્યો. ખરેખર તો ભગવાન આત્મા પોતા સિવાય અન્ય દ્રવ્યની પર્યાય અને પોતામાં રાગાદિની પર્યાય (થાય એ) બધા પરદ્રવ્ય છે. એનો એ કર્તા નથી. એટલે કે તેમાં તેનો પરિણમનાર જ આત્મા નથી. સમજાણું કાંઈ? '**પૂર્વોક્ત રીતે અકર્તા ઠર્યો,...**' પહેલું આ કહેવાણું એ રીતે ભગવાન ચૈતન્ય સ્વભાવ ત્રિકાળ જ્ઞાયક અને શુદ્ધ રસથી ભરેલો પદાર્થ કંઈપણ વિકલ્પને કે પરને કરે એવો એનામાં સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ?

એ જીવ '**(પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા ઠર્યો,...**' આ રાગાદિ વ્યવહારની

ક્રિયાનો વિકલ્પ, એનો પણ કર્તા નથી. કારણ કે વિકલ્પ એનામાં સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? અને ખરેખર તો પર સંબંધીનું જે જ્ઞાન છે એનું પણ કરવું, પરિણમવું એનો એ સ્વભાવ નથી. એ તો સ્વના સંબંધમાં પોતે પોતાના જ્ઞાનથી સ્વપરને પોતામાં પોતાથી જાણે છે એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એવો જે આત્મા તેને આ શું થયું? કહે છે. વસ્તુ તો આવી છે.

ભગવાન આત્મા ચિદ્ઘન આનંદનું દળ એકલો અતીન્દ્રિય રસકંદ ધ્રુવ એમાં રાગ અને પર... સમજાય છે? એવા ભાવનો કર્તા છે એવું એના સ્વભાવમાં નથી. એનું સ્વતઃ સ્વરૂપ જ એવું છે. આ વ્યવહાર રત્નત્રયાદિ જે કહેવાયને વિકલ્પ? એનો કર્તા એ આત્માના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? તો પછી એમ કહે કે આ વ્યવહાર કરતા આત્માને નિશ્ચય થાય. એ વસ્તુમાં જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ચિંતવન, મનન, વિકલ્પાત્મક ધ્યાન એનો એ વસ્તુનો સ્વભાવ તો કર્તા જ નથી. સમજાય છે કાંઈ? શુદ્ધ ધ્રુવ નિર્લેપ ભીંત. એમાં કોઈ રાગની કોતરણી કે એમાં છે જ નહિ. પોપટભાઈ! બહુ ઝીણું. છે એવો એને જાણવો એને કઠણ પડે. છે એવો હોં!

કહે છે કે, અરે..! આવો હોવા છતાં પણ. એમ. વસ્તુ આમ સિદ્ધ કરી છે. તથાપિ છે ને આમાં? ત્રીજી કડી. '**तथाप्यस्यासौ स्वाद्यदिह किल बन्धः**' અરે..! ભગવાન આત્મા જેનો સ્વભાવ જ આનંદ અને જ્ઞાનની નિજ શક્તિનું સત્ત્વ એકલું છે. એવો ભગવાન કોઈપણ સંસારની પરની પર્યાય કે વિકલ્પની અવસ્થા દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પને પણ કરે એવું એના સ્વરૂપમાં જ નથી. એવા ભગવાન આત્માને આ બંધ શું? કહે છે. અરે..! સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ આમાં?

દેહમાં દેવ બિરાજમાન ભગવાન, એ દેવની એવી દિવ્ય શક્તિ છે કે એમાં રાગ અને પરનું કરવું એવો કોઈ ગુણ ને એવો કોઈ સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? આવો સ્વભાવ ભગવાન આત્માનો અનાદિઅનંત એવું એનું સ્વરૂપ જ છે. છતાં '**તેને આ જગતમાં...**' તેને આ જગતમાં. પાછું જગત આદિ બધું સિદ્ધ કરે છે. '**કર્મપ્રકૃતિઓ સાથે જે આ (પ્રગટ) બંધ થાય છે...**' અરે.. આ જડની સાથે સંબંધ થાય છે '**તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.**' અરે.. આવા ભગવાનને આ કર્મના સંબંધ નિમિત્તરૂપે થવું એ તો કોઈ અજ્ઞાન નામ સ્વરૂપના અભાનની કોઈ ગહન મહિમા છે. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવનું જ્યાં અજ્ઞાન છે, અજ્ઞાન છે. એવા અજ્ઞાનની ગહન મહિમા મિથ્યાત્વની છે કે એને કર્મનો સંબંધ થાય છે. સમજાણું કાંઈ?

આચાર્ય તો એમ કહે છે, અરે..! આવો ઠર્યો તોપણ તેને આ શું? ભગવાન આત્મા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધ ચિદાનંદની ધાતુ એટલે શુદ્ધ આનંદને ધરનાર એમાં આ શું? એને આ સંબંધ બંધ, સંબંધ બંધ આ શું? અસંગ ભગવાન આત્મા જેના પરિણમનમાં રાગનું કરવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. ખરેખર તો એના પરિણામમાં એ રાગનું કરવું એ પરિણામનું કાર્ય નથી. સમજાય છે? એના પરિણામમાં તો બધાને જાણવું એ એનું કામ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા, એના પરિણામ સ્ફુરાયમાન થાય તો તો એ તો બધાને જાણે એ પોતામાં રહીને એમ વ્યવહારે કહેવામાં આવે. એવી એ ચીજ છે. એને આ પોતાના સ્વરૂપનું અરે..! પડદો નાખ્યો અનાદિનો. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત એને ન જાણતા એના રાગ ને પર્યાયના અંશબુદ્ધિમાં અટકેલો અજ્ઞાનભાવને લઈને કોઈ ગહન મહિમા અજ્ઞાન ઉત્પન્ન થાય. ભગવાન પણ ગહન છે તો અજ્ઞાન પણ ગહન છે એમ કીધું. આહાહા..! સમજાય છે કાંઈ?

ગહન સ્ફુરાયમાન ચૈતન્યજ્યોત છે, એનું જ્યાં ભાન નથી આમ પડદો માર્યો આડો. આ.. આ.. આ.. ચીજ છે એમ જેને ખબર નથી. એ વર્તમાનમાં કાંઈક રાગ ને વિકલ્પ ને કાંઈક ઉત્સાહ પરમાં અને કાં પોતાના ક્ષયોપશમની વર્તમાન દશાના ધારણામાં ઉત્સાહ (આવે), આવું જે અજ્ઞાન, ગહન મહિમા એની છે. આહાહા..! સમજાય છે કાંઈ? કે જે અજ્ઞાનની ગહન મહિમા તે કર્મનો સંબંધ કરાવે છે. નહિતર સંગ વિનાની ચીજ છે એ તો. આહાહા..! સમજાય છે કાંઈ?

‘**ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...**’ આહાહા..! એ પછી પોતે લખે છે, જયચંદ્રજી. તેનો પાર પમાતો નથી. એ તો ખુલાસો છે જરી. ‘**ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...**’ છે. બેયની વાત કરી. ભગવાન આત્મા તો નિજરસ ને શાંત અને આનંદરસથી ભરેલો પદાર્થ છે. એકલું ઘન-ઘન. જેમાંથી કેવળજ્ઞાનની પર્યાયો અનંતી વહે એવો એ ઘન છે ભગવાન. એ સિદ્ધ જેટલો પણ નહિ. અનંતા સિદ્ધની પર્યાયનો પિંડનો એક ગુણ એવા અનંતા ગુણનો પિંડ પોતે. સિદ્ધની એક પર્યાય કેવળજ્ઞાનની, એવી દર્શનની, એવી આનંદની, એવી અનંતી પર્યાય જે છે એ અનંતી પરિપૂર્ણ પર્યાય જેમાંથી વહે છે, જેની ખાણમાંથી. એવી એવી અનંતી પર્યાયનો પિંડ પોતે વસ્તુ દ્રવ્ય તો એ છે. કે જેમાં.. સમજાણું કાંઈ? પરાવલંબી જ્ઞાનનું કરવું એ પણ જેના સ્વભાવમાં નથી એમ કહે છે અહીં તો. એ તો એના જ્ઞાનમાં પોતામાં રહીને બધું જાણે એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે આ. એને આ અજ્ઞાન ક્યાંથી આવ્યું? એમ કહે છે.

અરે..! જગતમાં એને ભગવાન આવો નિર્લેપ સહજાનંદ પ્રભુ, એને આ કર્મનો સંબંધ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બંધ, સંબંધ બંધ. એ શું છે આ? આ પ્રગટ બંધ થાય છે. જુઓ! છે પાછો બંધ છે એમ સિદ્ધ કરે છે હોં! ભ્રમ નથી. કાંઈ નથી એમ નથી. એમ બે વાત સિદ્ધ કરે છે.

એ ખરેખર અજ્ઞાનનો (મહિમા છે). પોતાના સ્વરૂપની જેને ખબર નથી. હું તે આનંદકંદ અનાકુળ આનંદ સાક્ષાત્ પરમેશ્વર વર્તમાનમાં પરિપૂર્ણ છું. મારામાં તો અનંતા ભગવાનની અનંતી પર્યાય પડી છે એવો હું ભગવાન છું. આહાહા..! એવી જેને પોતાના તત્ત્વની ખબર નથી, એ બેખબરો આ કર્મના સંબંધને કરે એ પણ એક મહિમા છે, કહે છે. અજ્ઞાનની. આહાહા..! સમજાણું કાંઈ? એ ગહન મહિમા સ્ફુરાયમાન થાય છે, ભાષા એમ લીધી પાછી. સમજ્યાને? સ્ફુરતિ છે ને? ઓલામાં પણ સ્ફુરિત હતી ને. સ્ફુરિત. .. સામે સામે નાખ્યું છે. '**विशुद्धः स्वरसतः स्फुरत**' છે ને? બીજી લીટીમાં '**स्फुरत**' છે. ત્રીજી-ચોથી લીટીમાં '**स्फुरति**' છે. એ વાત આમ ગુલાંટ ખાઈને વાત કરે છે. આમ ભગવાન આત્મા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને અને સ્વને પોતે એક સમયમાં જાણે. એ જાણે એ એવો પોતાથી પોતાને જાણે એમાં એ બધું આવી જાય છે. એવો એનો સ્વભાવ સ્ફુરિત જ છે, પ્રગટ છે, પ્રગટ છે. એને ઠેકાણે આ વસ્તુના સ્વભાવનું ભાન ભૂલી, અરે..! અજ્ઞાનની આ તે શું મહિમા કે જે અજ્ઞાન પ્રગટ્યું? જેમાંથી ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો સ્વભાવ જેનો એ પ્રગટવું જોઈએ એને ઠેકાણે અજ્ઞાન સ્ફુરાયમાન ક્યાંથી થયું? સમજાય છે કાંઈ? એ ચૈતન્ય ભગવાનનો આદર ન કરતા કાંઈ પણ પર્યાયનો, રાગનો, નિમિત્તનો અંતરમાં મહિમા કરતું અજ્ઞાન નવા કર્મને સંબંધ કરે છે. કહો, સમજાય છે કાંઈ.

'**ભાવાર્થ :- જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે...**' ઓલું કરવું નથી એમ સિદ્ધ કરવું છે ને? ભગવાન આત્માનું જ્ઞાન સર્વ (જ્ઞેયોમાં) વ્યાપનારુંનો અર્થ? બધાને પોતામાં રહીને જાણનાર છે. એ તો જાણનાર તત્ત્વ છે. ભગવાન આત્મા તો જાણનાર તત્ત્વ છે. એકલો સમજનો પિંડ આત્મા છે. '**સર્વ જ્ઞેયોમાં...**' ત્રણ કાળ ત્રણ લોકના ક્ષેત્ર અને કાળને જે એક સમયમાં જાણે તેવો તેનો સ્વભાવ છે. એવો આ જીવ '**શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી,...**' વસ્તુના સ્વભાવથી તે પરનો કર્તા નથી. એમ. શુદ્ધનયથી એનો અર્થ ઈ. શુદ્ધનય એટલે વસ્તુનો સ્વભાવ. એનાથી તે પરનો-રાગાદિનો કર્તા નથી. '**તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર...**' અજ્ઞાની પામી શકતા નથી. કહો, સમજાણું કાંઈ?

'**(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :-)**' બે ગાથા. ૧૨ અને ૧૩.

**चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।**
**पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।।३१२।।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।**
**अप्पणो पयडीए य संसारो तेण जायदे।।३१३।।**

નીચે હરિગીત.

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.**
**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

'**ટીકા :- આ આત્મા,...**' ટીકા. ભગવાન આત્મા પ્રભુ પરમેશ્વર દેવાધિદેવ આત્મા. '**(તેને) અનાદિ સંસારથી...**' એ અનાદિ સંસારથી. પાછી આ ભૂલ છે એ કાંઈ નવી નથી. જેવી વસ્તુ અનાદિ અનંત ભગવાન પરમાત્મા પોતે છે, એવી એની ભૂલ પણ અનાદિની છે. સમજાય છે કાંઈ? ભૂલ ન હોય ને નવી ભૂલ થાય એ તો બને નહિ. ભૂલ પણ એનામાં અનાદિ (છે). ભગવાન ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ પ્રભુ આત્મા છે. એવો અનાદિ છે એમ એને અનાદિ સંસારથી. કાંઈ સંસારની આદિ નથી. છે સંસારની આદિ? ક્યારથી સંસાર છે જીવની પર્યાયમાં? જ્યારથી જીવદ્રવ્ય છે ત્યારથી સંસાર છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ હોવા છતાં અનાદિથી એની વર્તમાન દશામાં '**સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...**' કારણ આપે છે. ભગવાન આત્મા તો જ્ઞાનલક્ષણે લક્ષિત થઈને જણાય એવો છે. સમજાણું કાંઈ? નિશ્ચિત સ્વલક્ષણ. એ તો જ્ઞાન, ભગવાન જ્ઞાનમૂર્તિ ત્રિકાળ એ વર્તમાન જ્ઞાનથી જણાય એવો છે. અને જડાદિ પર રાગાદિ પુણ્ય-પાપના ભાવ આદિ એ વિકાર લક્ષણથી જણાય એવા છે. એનું દુઃખરૂપ લક્ષણ છે. આત્મામાં પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ થાય, શુભરાગ આદિ એ બધા દુઃખરૂપ જેનું લક્ષણ છે, વિકાર જેનું લક્ષણ છે, વિકૃત જેનું લક્ષણ છે. એવા '**નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...**' બેની જુદાઈનું જ્ઞાન નહિ હોવાને કારણે. જુઓ! બે વસ્તુ સિદ્ધ કરી. એક જ જગતમાં આત્મા છે, ભૂલ નથી અને દોષ નથી. તો પછી ભૂલ ન હોય તો એને આનંદનો પુરુષાર્થ કરીને ધ્રુવને અનુભવવો એ રહેતું નથી. સમજાય છે કાંઈ?

'**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' લ્યો! કહે છે કે ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ, જ્ઞાનના સ્વભાવનું જેમાં ચિહ્ન-એંધાણ-લક્ષણ-એવાથી તે જણાય એ એનું સ્વરૂપ છે. અને રાગાદિ વિકાર દુઃખરૂપ પર્યાય છે. દુઃખરૂપ છે. સમજાય છે? બેના સ્વલક્ષણોનું નિશ્ચિત નામ ખરેખર ભેદજ્ઞાન નહિ હોવાને લીધે. બેની જુદાઈના લક્ષણોના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્વરૂપને નહિ જાણતો આત્મા '**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' (જુદા) જાણ્યા નહિ અને પરને પોતાના એકત્વનો અધ્યાસ કર્યો. રાગાદિ પર્યાય, વિકલ્પાદિ દશા એ હું અને ચૈતન્ય જ્ઞાનાનંદ તે હું નહિ. એવો અનાદિનો અજ્ઞાનનો અધ્યાસ. એ અધ્યાસ કરવાથી પાછો હોં! કોઈ કર્મે કરાવ્યો છે આ એમ નથી. પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી. એમ કહે છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગાદિ દુઃખરૂપ. સમજાણું? આ બાયડી-છોકરા, કુટુંબ દુઃખરૂપ પણ નહિ અને સુખરૂપ પણ નહિ. એ તો એના ઘરના પદાર્થ રહી ગયા બહાર. પણ અંદરના વિકલ્પ જે પુણ્ય અને પાપની, શુભ અને અશુભની જે વૃત્તિઓ ઉઠે એ બધી દુઃખરૂપ વિકારી લક્ષણેથી જાણવા યોગ્ય છે. ભગવાન આત્મા જ્ઞાનલક્ષણે આનંદકંદ શુદ્ધ તેને જાણવાથી ભેદજ્ઞાન જેનું મૂળ છે એવું ન જાણતાં બેના એકત્વનો અધ્યાસ (કરે છે). બેની જુદાઈનું ભાન નહિ તો એકનો અભ્યાસ (છે). એ રાગમાં ઉત્સાહ આવવો. સમજાય છે? ભગવાન જ્ઞાનસ્વરૂપના અંતરમાં ઉત્સાહિત થઈને અંતરમાં અનુભવમાં પ્રવેશ કરવો દ્રવ્યમાં. એમ ન થતાં આમ બાહ્યમાં જે રાગાદિ વિકલ્પ કે એક સમયની પર્યાય ક્ષણિક છે ને? એમાં એ દ્રવ્યનો એની સાથે એકત્વ અધ્યાસ. પરિણામને રાગની સાથે દ્રવ્યના ત્રિકાળી સાથે એકત્વ અધ્યાસ. સમજાણું કાંઈ?

'**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો,...**' એ રાગાદિ અને આ પર્યાય કરું એવો કર્તાપણાના અભ્યાસને લઈને તેને કર્તાપણું ઊભું થયું. કર્તાપણું જેનામાં નહોતું તે ઊભું થયું એમ કહે છે. સમજાણું કાંઈ? '**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' ભાષા જુઓ. એ તો કર્મનો ઉદય તેના લક્ષે રાગ-દ્વેષની ઉત્પત્તિને પામે છે. આમ સ્વભાવને લક્ષે જે ઉત્પાદવ્યયધ્રુવને લક્ષે થવો જોઈએ, ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ એને લક્ષે જે ઉત્પાદવ્યય થાય એમ ન કરતાં એ પરને લક્ષે ઉત્પાદવ્યય જે ભેદની, રાગ ને દ્વેષ ને પુણ્ય અને પાપની વૃત્તિઓ નિમિત્તને આધીન ઉત્પાદવ્યય કરે છે. ધ્રુવનો આશ્રય છોડી દઈને. સમજાણું કાંઈ?

'**પ્રકૃતિના નિમિત્તે...**' એમ કહ્યું ને? પ્રકૃતિ તો કર્મ છે, જડ છે, એના નિમિત્તે. એનું લક્ષ. આમ લક્ષ ધ્રુવ ચૈતન્ય ભગવાન છે તેનું લક્ષ નથી. એથી તેના વર્તમાન પરિણામ પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન-વ્યય થાય છે. વિકારને ઉત્પન્ન કરે અને વિકારનો નાશ, વિકાર ઉત્પન્ન કરે ને વિકારનો નાશ (કરે). ધ્રુવ ભગવાન તો એમ ને એમ છે. એ ધ્રુવ એના ઉત્પત્તિમાં આવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ! એની રમતું પણ કેવી! ને ભૂલ પણ કેવી અને એની દશા પણ, સ્વશક્તિ પણ કેવી! ગોતવા જાય બહારમાં કે આ કર્યું. આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરું... આ કરું... આ કરું... એને કરવું... કરવું... એમાં સખ નથી આવતો એને. કાંઈક કરું તો સખ આવે. પણ કરવું ભૂલી જઈને જ્ઞાનમાં અંતરમાં જઉ તો મને આનંદ આવે એ વાતને એ લક્ષમાં લેતો નથી. પોપટભાઈ! ભારે ભાઈ વાત! એમાં હવે આ બહારની મીઠાશું લેવી.

ક્યાંક પણ એને આત્માના દ્રવ્ય કરતા વર્તમાન અવસ્થામાં અધિકપણું, અધિકપણું પરનું મનાઈ જાય. એક પર્યાયનું અધિકપણું મનાઈ જાય લ્યોને. વસ્તુ ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ ભગવાન એનું અધિકપણું ન ભાસતા એક સમયની દશાનું પણ અધિકપણું ભાસે, એકપણાનો અભ્યાસ તે મિથ્યાત્વભાવ છે. જેઠાલાલભાઈ! સમજાણું આમાં? આવું જૈનદર્શન હશે કાંઈ? ઓલામાં આવે કેટલું, ઈચ્છામિ પડિક્કમણું ઈરિયા... .. ભગવાનજીભાઈ! કર્યું હતું કે નહિ? ઈચ્છામિ પડિક્કમણું. એમાં આવે છે કે નહિ? અરે..! ભગવાન! એ તો વિકલ્પની વાતું છે. એ કાંઈ આત્મા નથી. મિચ્છામિ દુક્કડમ કરું એ બધી વિકલ્પની જાળું છે. આહાહા..!

ભાઈ! ભગવાન! તું તો પૂર્ણાનંદ તારામાં તો અતીન્દ્રિય આનંદનો રસકંદ પૂરો પડ્યો છે. ઠસોઠસ પડ્યો છે. જેમાં વિકલ્પ-પુણ્યનો વિકલ્પનો જેમાં પ્રવેશનો અવકાશ નથી. એ તો નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય શુદ્ધ થાય એમાં પ્રવેશનો અવકાશ નથી અંદર. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા એને અંતરમાં લક્ષમાં છોડી દઈને વર્તમાન અવસ્થાના એક અંશમાં એકત્વ થયો કે રાગના વિકલ્પમાં એકત્વ થયો થકો તેનો કર્તા અને એ મારું કાર્ય જે ભાસે છે તે મિથ્યાત્વભાવે ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! પાછું આમાંથી શું કાઢે? અરે..! ભગવાન! કે જુઓ, પ્રકૃતિ છે એને કારણે એને ઊપજવું-નીપજવું સંસાર કરવો પડે છે. આમાંથી ઈ કાઢે છે. ગાથાએ ગાથાના અર્થ બહાર આવી ગયા ઊંધા. સમજાણું? આમાંથી એ કાઢે છે. ઓલામાં એમ કહ્યું હતું પહેલી ગાથાઓમાં કે જુઓ ભાવાર્થમાં. જયચંદ્ર પંડિતે ક્રમબદ્ધ હતું એમાં લખાણ જોઈએ ક્રમબદ્ધનું એમ નથી લખ્યું. એ હિંમતભાઈ લખ્યું છે ઓલામાં. ક્રમબદ્ધ ક્યાં શબ્દ પડ્યો છે? ત્યાં તો નિયમિત છે. ક્રમ નિયમિત છે. ક્રમ નિયમિત એટલે ક્રમે ક્રમે એના દ્રવ્યમાં એ પર્યાય ઊપજે. ચૈતન્યની પર્યાય જડમાં ન ઊપજે અને જડની પર્યાય.. એનું નામ ક્રમ નિશ્ચય કહેવાય. એય.. હિંમતભાઈ! એવો અર્થ કર્યો છે. અરે..! ભગવાન એમ નથી, ભાઈ!

અહીં તો ક્રમબદ્ધનો પર્યાય સિદ્ધ કરીને તો દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે. અને અકર્તાપણું (સિદ્ધ કરવું છે). કર્તાપણું કેવું? રાગ અને પરનું? જ્ઞાતાદૃષ્ટાપણું. એકલો ભગવાન ચિદાનંદ ભગવાનની દૃષ્ટિ કરતાં તને એ દૃષ્ટિ પોતે જ પર્યાય છે છતાં તેમાં જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? એમ ત્યાં સિદ્ધ કર્યું છે. અને અહીં એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સિદ્ધ કરે છે. પોતે. એમ કીધું ને? સ્વપરના લક્ષણોના ભેદ નહિ હોવાને લીધે એમ કહ્યું હતું. એને એમ કહ્યું નથી કે કર્મના ઉદયના જોરને કારણે, પરને કારણે ત્યાં ઊપજે-નીપજે છે. ઓહોહો..! જીવને પણ એવી કરવી છે ને એને.. એરે.. ભગવાન! તારે આવા અર્થ શાસ્ત્રના કરવા એ પણ એક વિકલ્પ છે એની પણ ઊંધાઈ? આ સવળા અર્થ કરે તો એ વિકલ્પ છે. એ આત્માનું સ્વરૂપ છે નહિ. આહાહા..! જેઠાલાલભાઈ! એની તો પરલક્ષી વસ્તુ છે. આ શાસ્ત્રમાં આમ કહે છે અને આ શાસ્ત્રમાં આમ કહે છે. એ બધો વિકલ્પ છે. આહાહા..! સમજાણું?

કહે છે કે, ભાઈ! એ તો પોતાના સ્વરૂપનું, શુદ્ધ ચૈતન્યનું લક્ષણ જ્ઞાનાદિ આનંદ અને પુણ્ય-પાપના વિકલ્પો, એનું લક્ષણ (આકુળતા). અથવા વસ્તુ ત્રિકાળ છે, અવસ્થા ક્ષણિક છે, એની ભિન્નતાનો ન ભાસ થતાં તે રાગાદિના એકત્વના અભ્યાસથી કર્તા થયો થકો. એમ કહે છે. પહેલું એ સિદ્ધ કર્યા પછી પ્રકૃતિના નિમિત્તે એમ કહ્યું છે. નહિતર પહેલેથી એમ ન કહ્યું પ્રકૃતિના નિમિત્તે થયું. જુઓ, નિમિત્ત કીધું છે કે નહિ? પણ કઈ રીતે નિમિત્ત કીધું? અરે..! ભગવાન! તું આમ ઢળતો નથી. ચૈતન્યના આનંદકંદમાં તારું વલણ નથી, નહિતર વલણ કરવું એ તારું સ્વરૂપ છે. સમજાય છે? આમ વલણ ન કરતાં આમ વલણ તેં કર્યું છે. તેથી તું રાગાદિને અંશબુદ્ધિનો ઉત્સાહ થઈને એકત્વ થઈને કર્તા થયો થકો, કર્તા થયો થકો. હવે કર્મના નિમિત્તમાં લક્ષ ગયું માટે એના નિમિત્તે પુણ્ય-પાપના વિકલ્પો ઉત્પન્ન કરે ને નાશ થાય, ઉત્પન્ન કરે ને નાશ થાય. વિકારનો ઉત્પાદ-વ્યય, વિકારનો ઉત્પાદ-વ્યય. તારી પર્યાયમાં સંસાર પરિણમન વહ્યા કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે...**' અને પ્રકૃતિ પણ. એમ. પરમાણુઓ પણ '**આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે...**' કર્મની પર્યાય ત્યાં થાય છે એમ. જે પુદ્‌ગલો સામાન્ય છે એમાં કર્મની પર્યાય જ્ઞાનાવરણીયની, દર્શનાવરણીયની પર્યાય ઉત્પન્ન થાય, વ્યય થાય, ઉત્પન્ન થાય, વ્યય થાય. એ આનું નિમિત્ત એમાં એને થાય. આનું નિમિત્ત આમાં થાય. એકબીજાનું નિમિત્ત. આ પોતાનું એકત્વ અધ્યવસાય કર્યો છે રાગ સાથે, એક અંશ સાથે એથી એને પ્રકૃતિના નિમિત્તના લક્ષે વ્યય ઉત્પન્ન... વ્યય ઉત્પન્ન... વ્યય ઉત્પન્ન... વ્યયનો પ્રવાહ વહે છે. સંસાર મિથ્યાત્વભાવનો ઉત્પાદ અને વ્યય તેને કારણે વહે છે. કહો, સમજાણું આમાં? ભારે ઝીણું પડે ને. ભાઈ! તને ન સમજાય એવી વાત નથી. અરે..! ભગવાન! તું કેવળજ્ઞાન લેવાની તાકાત રાખે એવો છે ને. અહીં તો એક જરી કાંઈક પ્રતિકૂળતા આવે તો ઠીક પડે નહિ, જરીક જાણપણું ઓછું હોય તો આ... આ... આ... ભણવામાં બરાબર જો નાપાસ થાય તો હાય-હાય. મરી જાઉં. શું છે

પણ તને? પાસ ન થાય તો એમ થઈ જાય લ્યો કે હાય-હાય. બાર બાર મહિના મા-બાપને પૈસા ખર્ચાવ્યા અને આપણે મોઢા હવે શું બતાવશું? બીજા ભાઈબંધો હોય ને એ શું કહેશે? નપાસ થયા? હાય-હાય. કેટલી વાર સાંભળવું આ. એ કરતા નાપાસ થઈને મરી જાઉં. મરી ગયો એમાં શું તારું થયું પણ? આરે.. આરે..! કેટલો નાપાસ થાય છે એ તને ખબર નથી. એમાં તો કેટલા ભવ નરક અને નિગોદના કરવા પડશે. બાપુ! તારા મરણ, તારા આત્માના તેં મરણ કર્યા છે. આહાહા..! અરે..! હું હીણો દેખાઉં. જગતમાં હીણો દેખાઉં. જુઓ! એને હીણો ત્યાં દેખાય તો એને વાંધો આવે છે. પણ અંદરમાં હું હીણો મને માનું છું એ મરણ છે એમ તો કહે. અંદર હીણો તને, પૂર્ણ છો એને હીણો માને એ તારું મૃત્યુ છે. જેઠાલાલભાઈ!

ભગવાન પૂર્ણાનંદના નાથને અંતર આનંદનો કંદ આત્મા, એને હીણો માનવો, રાગવાળો માનવો, અલ્પજ્ઞ પર્યાયવાળો માનવો એ તારું મૃત્યું છે. એય..! કપુરભાઈ! આહાહા..! એ મૃત્યુની તો એને ખબર નથી. સમજાય છે? અહીં જ્યાં બહારની થોડી હીણપ આવી જાય તો એય.. મને હીણો કીધો હોં! જે બોલથી પહેલા બોલાવતા એ બોલની ઢબ ફરી ગઈ હવે એની. એય..! જ્યારે અમે ભણતા હતા ને ભેગા ત્યારે નાપાસ થયોને. ઓલો તો બિચારો જે દૃષ્ટિએ જોતો હોય એ જોવે. પણ એને આખો.. એ તો થાય એમાં શું? આને એમ થઈ જાય કે આ મને હીણપથી જોતા હશે? આ પૈસા ખોટ ખાય એમાં થઈ જાય કે આ મારી ખોટની બીજાને ખબર પડી ગઈ હશે? એય.. બિચારો. અને પૈસાની પેદાશ કાંઈક અધિક થાય તો મારી પેદાશની ખબર પડી હશે કે નહિ આને? ઓણ ૫૦ હજાર પેદા કર્યા, લાખ-બે લાખ કર્યા. મૂરખ છે કે નહિ પણ આ? આનાથી ઓલો અધિક દેખે, તને અધિક આનાથી દેખે એ તું ખુશી થા છો. મૂરખ છો. જેઠાલાલભાઈ! ભારે વાતું આકરી.

ભગવાન! તું પરિપૂર્ણ ચિદ્‌ઘન છો ને. એનો આશ્રય છોડી, એનું લક્ષ છોડી જેનું જે છે તેનો પર્યાય તેનાથી છોડી દઈ અને કર્મના નિમિત્તે ઉત્પત્તિ વિનાશ પામે. અહીં તો આમ છે ચોખ્ખું. શાસ્ત્રોના શબ્દોના અર્થ કરનારો વ્યાકરણવાળો હોય તો એનો અર્થ તો આવો કરે. ભાવની વાત એક કોર રહો. સમજાણું કાંઈ? જીવની ઉંધાઈ છે. ભણ્યાના નામે અભિમાન પાછા. આહાહા..!

અહીં તો કહે છે કે, ભાઈ! આ શાસ્ત્રના ભણતર લાખ કર ને, કરોડ કર તારા. એ વિકલ્પ છે અને દુઃખરૂપ છે. લે. એને ઠેકાણે આવા ઊંધા અર્થ કરે તો બહુ દુઃખી થઈશ. ભગવાન! સમજાણું કાંઈ? આહાહા..! શાસ્ત્રના જાણપણા લાખ કરોડ હોય તો શું પણ? એ ક્યાં આત્માનું જ્ઞાન છે? સમજાય છે? અને જ્યાં ત્યાં એ પાછું બતાવવું કે હું કાંઈક

આમ જાણું છું... હું આમ જાણું છું.. હું આમ જાણું છું. એ પણ દુઃખરૂપ દશા પરની કર્તાપણાની બુદ્ધિ છે. એ પરના નિમિત્તે જ ઉત્પન્ન વ્યય થાય છે. આત્માનું લક્ષ ત્યાં છે નહિ. એય..! ન્યાલભાઈ! ભારે વાતું. આહાહા..!

ભગવાન! તારા તો ભગવાન થવાના લક્ષણ છે. આ રાગ થવાના લક્ષણ તારા કહેવાય? એમ કહે છે. સમજાણું કાંઈ? ચાહે સો યોનિમાં હો. પણ એ તો ભગવાન થવાના લક્ષણવાળો જ આત્મા છે. એને ઠેકાણે આ તને થયું. સ્વપરના લક્ષણોને ભૂલી જઈ બેની એકતાના અભ્યાસમાં કર્તા થયો થકો '**એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો,...**' કેટલા ન્યાય મૂક્યા છે, જુઓને. એ બધાના ન્યાયને ગ્રહણ કરવા, ન્યાયને ગ્રહણ કરવા એ પણ એક જાતનું પરલક્ષી જ્ઞાન છે. લે. હાય.. હાય.. હવે એ ન્યાયમાં પાછો ઓલો થઈ જાય. હજી તો ન્યાય કરતો નથી? ન્યાયથી આમ આ ન્યાય આમ અને આ ન્યાય આમ. ભાઈ! એ પણ હજી પરલક્ષ છે, બાપુ! તારા ન્યાયનો દેનારો અંદર ભગવાન જે છે આ એને જગાડ્યા વિના તને ન્યાય સાચો મળશે નહિ. આહાહા..! આ તો હજી આટલો પણ ન્યાય આપી શકતો નથી, કહે છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, સ્વલક્ષણનું ભેદજ્ઞાન નહિ હોવાથી, પ્રભુ! પરનો અને પોતાનો એકત્વ અધ્યાસ થયો છે, માટે તું કર્તા થયો છો અને કર્તા થયો થકો તને શું થયું હવે? કે '**પ્રકૃતિના નિમિત્તે...**' પરના લક્ષે તારું ઉપજવું વિણસવું. રાગ કર, રાગ જાય, રાગ કર, રાગ જાય, દ્વેષ કર, દ્વેષ જાય, પુણ્ય કર, પુણ્ય જાય. તો આ શુભાશુભ પરિણામની ઉત્પત્તિ અને વિનાશમાં તારું વલણ ગયું છે. એ દુશ્મનના લક્ષે તારી ઉત્પત્તિ થઈ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ તો જડ છે પ્રકૃતિ તો. ભગવાન ચૈતન્યમૂર્તિ છો. એને પરના લક્ષે તારે ઊપજવું-વિણસવું આ તારો સંગ તો તું જો! કોનો સંગ તેં કર્યો? સમજાણું કાંઈ?

ભગવાન અનંત આનંદ પ્રભુ, એનો સંગ છોડી અને આ તું પ્રકૃતિના સંગમાં ગયો, પ્રભુ! શું તેં કર્યું આ? એમ કહે છે. આહાહા..! કે કર્યું એણે ઈ. એના સંગે ઉત્પત્તિ અને વિનાશ પોતામાં કરે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. ભીખાભાઈ! કો'ક દિ' સાંભળે એટલે આ ઝીણું પડે અને આ શું થાય? એમ થાતું હોય. લ્યો.. આહાહા..! જ્યાં હજી આ જાતની વાત જ જ્યાં સમજવામાં અને ખ્યાલમાં પણ ન આવે. અને ખ્યાલમાં, સમજવામાં આવે તો એનાથી આત્મલક્ષ થાય એમ પણ નથી અહીં તો. અરે..! ભગવાન! તું ક્યાં છો એની તને ખબર ન મળે, અને અહીં ક્યાં ચોંટ્યો છો? એમ કહે છે. એમાં અવળે ચોંટ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? જેની સાથે ચોંટ લગાવવી જોઈએ ત્યાં લગાવી નહિ. ભગવાન અખંડાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં ચોંટ

લગાવવી જોઈએ. એને ઠેકાણે અહીં પ્રકૃતિ (સાથે) એકત્વનો અભ્યાસ થયો. જુદા જુદા લક્ષણનું ભાન નહિ એટલે એકત્વનો અધ્યાસ (થયો છે). એમ. બે જુદા લક્ષણનું ભાન નહિ તો બેનું એકનો અભ્યાસ (છે) એમ કહે છે. બેનો એકનો અભ્યાસ માટે પરને લક્ષે ઉત્પન્ન વ્યય, .. મિથ્યાત્વ ઉત્પન્ન કરે, મિથ્યાત્વ જાય. મિથ્યાત્વ ઉત્પન્ન કરે, મિથ્યાત્વ જાય. ભ્રાંતિ ભ્રાંતિ ઉત્પન્ન કરે પહેલે સમયે, બીજે સમયે બીજી ભ્રાંતિ ઉત્પન્ન કરે. આ રીતે તારું વલણ ત્યાં ચક્કરમાં ગયું છે. એમ કહે છે. આ મિથ્યાત્વની જ વાત છે હોં! અહીં તો પ્રકૃતિના નિમિત્તે આ. રાગાદિની અહીં વાત નથી. મિથ્યાત્વબુદ્ધિ થઈ ગઈ તારી. આહાહા..!

'**પ્રકૃતિ પણ...**' હવે એમ કહે છે. ઓલા પરમાણુઓ કર્મના પણ. અમથા કર્મપણે નહોતા એવા પરમાણુઓ પણ આ બાજુના નિમિત્તના સંબંધમાં. એને ક્યાં ખબર છે કે અહીં રાગાદિ નિમિત્ત છે? એ તો વાત આ તો સમજાવે છે. ઓલાને કીધું, '**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' એટલે એને ખબર છે? આત્માને કે હું પ્રકૃતિને... અહીંયાં આમાં સંગ છોડ્યો એટલે આના સંગે એને વિકારની ઉત્પત્તિ મિથ્યાત્વની થઈ. મિથ્યાત્વ જાય છે અને મિથ્યાત્વ થાય છે, મિથ્યાત્વ જાય છે ને મિથ્યાત્વ થાય છે. મિથ્યાત્વ જાય અને મિથ્યાત્વ થાય.

ત્યારે કહે છે, '**પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે...**' હવે તો એને ખબર હશે પરમાણુને. નિમિત્તે કીધું એટલે. ભાઈ! એ તો પરમાણુનો એ વખતે એવો સ્વભાવ છે કે જે પરમાણુ કર્મ થવાને લાયક હોય છે તે આ વિકારના પરિણામનું નિમિત્ત અને તે કર્મપણે પરિણમે છે. આ પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે '**ઉત્પત્તિ-વિનાશ પામે છે...**' એ દાખલો આપ્યો છે. જુઓ! આમાં નિમિત્તે કીધું નિમિત્તથી થાય છે. આ દરેક દાખલા હવે બહુ આવી ગયા છે. અરે.. ભગવાન! શું કરે છે? પ્રભુ! તને શું થયું આ? આહાહા..!

ભાઈ! તને ન શોભે આ. એમ કહે છે. સમજાણું? સારો માણસ કહે ને? બાપ હોય એના છોકરાને, દીકરા! આ ન શોભે આપણને. આ બહાર.. બેટા! ન શોભે બાપા. આપણા ખાનદાનના ઘર કહેવાય. આપણા ખાનદાનના ઘરે આવું ન હોય. એમ ભગવાન કહે છે, હે નાથ! આત્મા! તારું તો ખાનદાન ઘર છે. પોપટભાઈ! આહાહા..! તારામાંથી તો આનંદ સ્ફુરે એવું તારું ઘર છે. એવા ઘરને છોડીને બહારચલો એકત્વબુદ્ધિએ ક્યાં થયો છો તું? અને એને લઈને બહારચલાને લઈને ઉત્પન્ન અને વિનાશ (થાય છે). સંગમાં એવી સ્ત્રી મળે વાઘરણ કે એવી. સમજ્યાને? તો એના લક્ષે રાગ કર્યા કરે. માંસ લાવવું, આ ખાવું કર્યા જ કરે ને પછી. સમજાણું કાંઈ? આહાહા..!

સાધુ હતો એક. ઘણાં વર્ષ પહેલા. મુહપતિ રાખે હોં! અને ઘરે રાખેલી .. ..માં રજોણું,

મોઢે મુહપતિ અને ભેંસ ચારવા જાય, માથે ભારો. લાવવું હોય ને, ખડ લાવવું હોય તો ક્યાંથી લાવે? ઘરે બાવડ બેસાડેલી. પાળિયાદમાં હતું આ. એ થયો બાવડને સંગે. તો બધું કરવું પડે એના સંગે. એના સંગે ત્યાં શું થાય? ત્યાં ધંધો ને વેપાર થાય ત્યાં? આમ કરવું પડશે, આ ભેંસ રાખવી પડશે, આ ફલાણું કરવું પડશે, આપણે ખાવું શી રીતે? મુહપતિ, કાખમાં રજોણું, માથે ભારો અને ભેંસ ચારવા જાય. આરે..! આ જોને. પરના સંગે ઉત્પત્તિ ને (નાશ). હવે એ રાતે ફાનસ લઈને ચંદ રાજાનો રાસ વાંચવા જાય. અને આવે વાણિયા ભેગા થઈને વાત સાંભળવા. ત્યાં હતું. સંભળાવે છે ને. પહેલા એવું જ ચાલતું. ફાનસ લઈ ઘરેથી અને બજારમાં આવે ચોકમાં. અને કંઠ-બંઠ એવો હોય તો ચંદરાજાનો રાસ વાંચે. આ ચંદરાજા છે ને? આભાપુરી. એ બધું બનાવેલું. આભાપુરી એટલે આકાશ અને ચંદરાજા એમ બધી બનાવેલી કથા. રાતે બોલે તો વાણિયા ભેગા થાય તો આહાહા..! વાહ! વાહ! કરે. આહાહા..! જુઓને! કર્યું છે એવું ને.

અહીં કહે છે કે એલા ફતવા તેં ઊભા કર્યા. આવા ફતવા ઊભા કર્યા. એમ તેં આત્માના આનંદને છોડી દઈને. અરે..! બેના એક અભ્યાસે તેં ફતવા ઊભા કર્યા મિથ્યાત્વના ઉત્પત્તિ અને મિથ્યાત્વના વ્યય. આ તેં શું કર્યું? સમજાણું કાંઈ? પ્રકૃતિ પણ એ પ્રમાણે થાય ને. ઓલો કહે એમ કરે ને. ... કર્મ પણ એવી પર્યાય ઊપજે. જેવા અહીંયાં પરિણામનું નિમિત્ત (પામે) એવા પરિણામે (પરિણમે). જ્ઞાનાવરણીયપણે, દર્શનાવરણીયપણે. અહીં મુખ્ય તો દર્શનમોહનીયની વ્યાખ્યા છે, હોં!

પરમાણુઓ પણ દર્શનમોહનીયપણે પરિણમે અને એ પર્યાય નાશ થાય અને વળી બીજી પર્યાય દર્શનમોહપણે પરિણમે. એ પણ પરમાણુમાં પણ સમયે સમયે નવું નવું પરિણમન છે ને? દર્શનમોહપણે પરિણમનારા પરમાણુઓ એક સમયની જ પર્યાય હોય છે. બીજે સમયે પાછી એ પર્યાયનો વ્યય થઈને એ પરમાણુમાં દર્શનમોહનીય પર્યાયની ઉત્પત્તિ થાય છે. દર્શનમોહ કર્મ દર્શનમોહ. સમજાણું કાંઈ?

એ '**પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે. (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે.)**' મિથ્યાત્વ પરિણામ જીવે કર્યા, પોતાના સ્વને ભૂલી બેના એકત્વ અધ્યાસમાં એ મિથ્યાત્વ પરિણામને અનુસારે પ્રકૃતિ પણ તેને અનુસારે પોતાની પર્યાયને પરિણમે છે. પરિણમે છે ઉપાદાન પોતાને લઈને હોં! પાછું આને લઈને પરિણમે છે એમ નહિ. આત્માના પરિણામ અનુસાર કીધું. પણ પરિણમે છે પોતે પોતાથી. ભારે આવું.

'**એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...**' જોયું!

આ રીતે જો કે ભગવાન આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મનો અભાવ છે. પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એમ કહેશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ એમ કહેશે.

આત્મા વિકાર પરિણામને કરે એ કર્મને લઈને કરે એમ નથી. તેમ વિકાર પરિણામ કરે માટે કર્મની પર્યાય થાય એમ નથી. નિમિત્ત નૈમિત્તિક છે. સમજાણું કાંઈ? આમાં કર્તામાં નાખે છે. અહીં તો કર્તાપણાની ના પાડે છે. એ સિદ્ધ કરવું છે. છે ને. અશુદ્ધતા પણ બડી એની. વીર્ય પણ આમ જાય છે ને ગતિમાં. એટલું ગતિમાં (જાય કે) નિગોદ સુધી ચાલ્યો જાય એવી ગતિ કરે છે. આહાહા..! વીર્ય આમ ગતિ કરે તો કેવલજ્ઞાન પામીને પૂરો પડી જાય. સમજાણું કાંઈ?

કહે છે, '**એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...**' એટલે શું કીધું? કે કર્મનું નિમિત્ત છે એણે આત્માના વિકાર પરિણામ કરાવ્યા એમ નથી. અને વિકાર પરિણામ જીવે કર્યા માટે કર્મની પર્યાય આ વિકાર પરિણામ કરે છે, કર્મની પર્યાય વિકાર પરિણામ કરે છે એમ નથી. સમજાણું કે નહિ આમાં કાંઈ? '**એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...**' લ્યો! એ બેની વચ્ચે શું છે એ વાત જરી. સાધારણ.. કે ભગવાન આત્મા પોતાના લક્ષણને ભૂલી રાગાદિના લક્ષણને ભૂલી બેના એકત્વ અધ્યવસાયથી રાગાદિનો કર્તા થતાં તે કર્તાપણે થવાથી કર્મના નિમિત્તના લક્ષે એટલે આ લક્ષ નહિ અને આ લક્ષે વિકારપણે ઉત્પન્ન અને વ્યયપણાને પામે છે. અને પ્રકૃતિ પણ આના નિમિત્તે પોતાની યોગ્યતાથી ઉત્પત્તિ વ્યયને પામે છે. છતાં એકબીજા એકબીજાના કોઈ કર્તા કાર્ય નથી. એમ.

કર્મને લઈને, નિમિત્તને લઈને અહીં થયું માટે કર્મ કર્તા અને વિકારી કાર્ય એમ નથી. અને વિકારી પરિણામ થયું માટે ત્યાં કર્મ પર્યાય થઈ તો વિકારી પરિણામ કર્તા અને કર્મ પર્યાય કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? છે એમાં જુઓને પાઠ જુઓ. '**આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-**' તોપણ '**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી...**' હવે આ પરસ્પર નિમિત્તનો અર્થ આ છે. અહીં પોતે મિથ્યાત્વ કર્યું એટલે ત્યાં આગળ નિમિત્ત પરમાણુમાં પણ એ પર્યાય થવાની લાયકાતથી એ પરમાણુ થયા. અને મિથ્યાત્વનો ત્યાં ઉદય આવ્યો પર્યાયમાં, જડમાં આણે પરલક્ષે પોતાના ભાવમાં મિથ્યાત્વભાવનો ઉત્પાદ કર્યો. બસ, આટલો સંબંધ છે. પણ છતાં વિકાર કર્તા એણે કર્મ બાંધ્યું અને કર્મનો ઉદય આવ્યો માટે આણે વિકાર કર્યો એવો કર્તાકર્મ (સંબંધ) છે નહિ. સમજાણું કાંઈ? સમજમાં આવે છે કે

નહિ સમજમાં?

આ રીતે '**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી...**' પરસ્પર હોં! એકબીજાથી પાછું. પોતાના આનંદ સ્વભાવને જ્ઞાનસ્વભાવના લક્ષણવાળો પ્રભુ, એને ભૂલીને જેટલા વિકલ્પો પુણ્ય-પાપના ઉઠાવે તે મિથ્યાત્વભાવના ભાવ છે. અને મિથ્યાત્વભાવનો ભાવપણે ઉત્પન્ન થતો, વ્યય થતો કર્મના નિમિત્તમાં લક્ષ જતાં આમ થાય છે અને કર્મનો યોગ્ય થવાને પરમાણુઓ પણ દર્શનમોહનીય પર્યાયપણે આ પરિણામને અનુસારે પોતામાં કર્મની પર્યાયપણે ઊપજે અને વ્યય, ઉપજે અને વ્યય (થાય છે). ત્યાં પણ કાંઈ પરમાણુની કર્મની પર્યાય બે સમય રહેતી નથી. કર્મ વસ્તુ છે માટે ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ છે માટે ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિનો ઉત્પાદ વ્યય એક સમયમાં છે એમ નથી. ... સમજાણું કાંઈ? ત્યાં પણ દર્શનમોહનીય પર્યાય જે પરિણમી છે એક સમયમાં એ બીજે સમયે એનો વ્યય થઈને નવી પર્યાય દર્શનમોહપણે પરિણમે છે. ઉત્પાદ અને વ્યય ત્યાં પરમાણુઓમાં કર્મમાં પણ તેના પોતાને કારણે મિથ્યાત્વના પરિણામનું નિમિત્ત, ઉપાદાન પોતાનું તે પરિણમી રહી છે. આવું ભારે ઝીણું, કહે છે. હવે આ તો જાડી વાત. આમાં છે શું? આ તો સાધારણ વાત છે. એને સમજવાની દરકાર ન મળે. આહાહા..!

ભગવાન ચિદાનંદ પ્રભુ સૂક્ષ્મ ચૈતન્ય ધ્રુવ, એને જ્યાં અનુભવવો, એને દ્રવ્યમાં દૃષ્ટિ ગઈ અને ધ્રુવ સ્વરૂપ ભગવાનનો અનુભવ કરવો, અનુભવ તો પર્યાયનો થાય છે. પણ એ ધ્રુવનો અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. સમજાણું કાંઈ? એને ઠેકાણે આ શું છે એવું પણ જ્યાં એને સમજાય નહિ તો એનું લક્ષ સ્વભાવ તરફ જઈને આ ભાવને ટાળશે શી રીતે? સમજાણું કાંઈ?

'**બંનેને બંધ જોવામાં આવે છે,..**' જોયું! બંનેને બંધ જોવામાં આવે છે. ઓલી પણ કર્મપર્યાયપણે પરિણમ્યો એ પણ બંધ એકલા પરમાણુમાં વિકાર પર્યાય થઈ ને એ જાતની? એ બંધ એનો. અને અહીં પણ વિકારના પરિણામનો આને બંધ. બંનેને અરસપરસ બંધ દેખવામાં આવે છે. આહાહા..! '**તેથી સંસાર છે...**' આહાહા..! આનું નામ સંસાર છે. ભગવાન આત્મા પોતાના આનંદરસને ભૂલીને કોઈપણ અંશમાં, રાગમાં એકત્વબુદ્ધિનો, અધિકપણાનો અભ્યાસ કરતા એ ભાવનો કર્તા થઈને નિમિત્તને આધીન મિથ્યાત્વ પરિણામને ઉત્પન્ન કરે અને મિથ્યાત્વનો નાશ કરે એ સંસાર છે. સંસાર ક્યાંય બહાર રહેતો નથી. આત્માની પર્યાયને છોડીને સંસાર ક્યાંય બહાર રહેતો નથી. સમજાણું કાંઈ? અને મોક્ષ પણ આત્માના સ્વભાવને છોડીને મોક્ષ ક્યાંય બહાર રહેતો નથી. મોક્ષ જ છે આત્મા. ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ ભગવાન અસંગ પદાર્થ પ્રભુ પોતે છે. એની ધ્રુવની અંતર દૃષ્ટિ કરતાં જે ધર્મ પ્રગટ થાય એ મોક્ષ છે. મોક્ષનો માર્ગ તે જ મોક્ષ છે. આ કર્મના નિમિત્તે લક્ષે ઉત્પન્ન થાય,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાત્વનો ભાવ ભ્રમ છે ને એકત્વનો અધ્યાસ છે. એકત્વના અધ્યાસવાળો રાગ. પછી જ્ઞાનીને જે રાગ થાય એ રાગ ખરેખર નથી. જ્ઞાનીને તો જ્ઞાન જ થાય છે. રાગ થતો જ નથી. સમજાય છે કાંઈ?

**'તેથી સંસાર છે...'** આથી રખડવાનો ભાવ એની દશાનો ઊભો થાય છે. **'અને તેથી જ તેમને કર્તાકર્મનો વ્યવહાર છે.'** જુઓ! હવે વ્યવહાર કહ્યો હોં! નિશ્ચય તો છે જ નહિ એમ કીધું. નિશ્ચયથી તો છે નહિ, પણ વ્યવહારે આમ કર્તાકર્મ કહેવાય. નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોવાથી વ્યવહારે તેનો આ કર્તા, એનો આ કર્તા. વ્યવહારે એટલે ખોટી રીતે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! પહેલી તો ના પાડી કે કર્તાકર્મ ભાવનો અભાવ છે.

મુમુક્ષુ :- ત્યારે તો વ્યવહાર કહેવાણો.

ઉત્તર :- ત્યારે વ્યવહાર કહેવાણો. ખરેખર તો વિકારીભાવ કર્મે કરાવ્યા નથી અને કર્મની પર્યાય જીવના પરિણામે કરી નથી. આવું જેનું સ્વરૂપ છે કે જે એકબીજાના કર્તા-કાર્ય છે નહિ. તોપણ આ નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોવાથી બંનેને બંધ જોવામાં આવે છે. **'તેથી સંસાર છે અને તેથી જ તેમને કર્તાકર્મનો વ્યવહાર છે.'** ભાષા જુઓ. આથી વ્યવહારથી એમ કહેવામાં આવે કે જીવે કર્મ કર્યું અને કર્મે વિકાર ઉપજાવ્યો એ વ્યવહારથી નિમિત્ત નૈમિત્તિક સંબંધને કારણે કહેવામાં આવે છે. ખરેખર એકબીજાનો કર્તાકર્મ (સંબંધ) છે નહિ. આવું જો જ્ઞાન કરે તો પરથી દૃષ્ટિ હટીને સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય. તો તેને સમ્યગ્દર્શન થઈને મુક્ત દશા પ્રગટ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૧૪, બુધવાર તા. ૧-૧૧-૧૯૬૭**
**શ્લોક-૧૯૬, ગાથા-૩૧૪-૩૧૫, પ્રવચન-૩૮૩**

**जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।**
**अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।।३१४।।**
**चदा विमुंचए चेदा कम्मफलमणंतयं।**
**तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।।३१५।।**
**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શન તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

'**ટીકા :- જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...**' હું એક જ્ઞાનસ્વભાવી આત્મા ચૈતન્ય ધ્રુવ છું એવું જેને અંતર ભાન નથી અને રાગાદિ, પુણ્યાદિ જે છે એ બધા વિકારી પરપદાર્થ છે. એવું સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના લક્ષણનું નિશ્ચિત જે લક્ષણ છે, તેનું જેને ભેદજ્ઞાન (નથી). જુદાપણાનું ભાન નથી. હું એક જ્ઞાનસ્વરૂપે ભગવાન છું, રાગરૂપે પરવસ્તુ છે. સમજાય છે કાંઈ?

એવું જેને ભેદજ્ઞાન નથી તે '**પ્રકૃતિના સ્વભાવને-**' જડ પ્રકૃતિ એવું જે કર્મ, '**કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી,...**' પોતાનો જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય છે એવું ભાન નથી અને રાગાદિ પર છે એવી એને ખબર નથી. એથી તે પુણ્ય અને પાપના વિકલ્પોમાં પરિણમે એ પ્રકૃતિનો સ્વભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? '**પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' જેને ભાવબંધ થાય છે. અને નવા કર્મબંધનું એ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

સ્વ-પરના લક્ષણના સ્વભાવને ન જાણતો એવો અજ્ઞાની કે જે પ્રકૃતિનો સ્વભાવ છે. ખરેખર પુણ્ય અને પાપ વિકલ્પો એ બધો પ્રકૃતિ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એને '**કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' એ બધા પરિણામો વિકારી કે પરલક્ષી થયેલો ક્ષયોપશમભાવ એ બધો પ્રકૃતિનો ખરેખર સ્વભાવ (છે), આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એના બેના લક્ષણને જુદા નહિ જાણતો. એ પ્રકૃતિના સ્વભાવને પોતાના માનતો, તે પણે ઊપજે

અને વિણસે છે. સમજાય છે કાંઈ? પોતાનો ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકસ્વભાવ એને છોડી દઈને પર્યાયબુદ્ધિ જીવ પુણ્ય અને પાપના વિકલ્પો અને તે પ્રકારનો ભાવ, તેને પોતાના જાણીને પરિણમે છે તે બંધનું કારણ છે. એને છોડતો નથી, એને એ છોડતો નથી.

'**ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...**' જ્યાં સુધી આમ (એકત્વ) છોડતો નથી ત્યાં સુધી એને સ્વ ભગવાન પૂર્ણાનંદ ચૈતન્યઘન છું અને પર આ બધી અનેક પ્રકારની વિકલ્પ દશા અને પર્યાયનો પર તરફનો ઉઘાડ આદિ એ બધું પર છે. બેના એકત્વજ્ઞાનથી, બેના એકપણાના જાણપણાથી તે અજ્ઞાયક છે, અજાણ છે, મૂઢ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકની એટલી વ્યાખ્યા છે?

ઉત્તર :- એકની આટલી વ્યાખ્યા છે.

આ વસ્તુ છે ચૈતન્ય, એની અંતરમાં દૃષ્ટિ જે ધ્રુવ ઉપર એના લક્ષણથી જવી જોઈએ એ ન કરતા એને વર્તમાનની પર્યાયમાં થતો વિકલ્પ અને પુણ્ય-પાપ એ પ્રકૃતિનો સ્વભાવ (છે), એ ચૈતન્યનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? અથવા એની પર્યાયમાં ક્ષયોપશમ કીધોને? એક સમયની અવસ્થા જે ક્ષયોપશમ છે એનાથી મને ઠીક પડે છે. એટલો હું છું. સમજાય છે? અને એ ઉઘાડના ભાવથી પણ મારી વિશેષતા છે, એ વડે મારી પ્રસિદ્ધિ છે બહારમાં, એવું જેને પર અને સ્વની એકતાનું અજ્ઞાન છે, જુદાઈનું ભાન નથી તે અજ્ઞાની છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી કર્તા છે એમ સિદ્ધ કરવું છે ને અહીં. સમજાણું કાંઈ?

'**સ્વપરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...**' ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ અખંડાનંદ પ્રભુ ભિન્ન છે અને એક સમયનો વિકલ્પ રાગાદિ તે એક સમયની અવસ્થા પરલક્ષી એ પણ વસ્તુથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? એને પોતાના મારું છે એમ માનીને એના સ્વભાવપણે પ્રકૃતિના વિકારપણે, સ્વભાવપણે પરિણમે છે તેથી તે અજ્ઞાન છે.

'**સ્વપરના એકત્વદર્શનથી મિથ્યાદૃષ્ટિ છે...**' પહેલું અહીંથી ઉપાડ્યું છે-અજ્ઞાનથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સ્વ એટલે ચિદાનંદ અભેદ અખંડ પ્રભુ અને પર એટલે આ બધા વિકલ્પો આદિ એનું એકત્વદર્શન, બેની એક શ્રદ્ધા. બે તે હું છું એવી એની શ્રદ્ધાને લઈને '**મિથ્યાદૃષ્ટિ છે...**' લ્યો, આ રીતે મિથ્યાદૃષ્ટિ છે. બહારની મિથ્યાદૃષ્ટિ એક કોર રાખી. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને એ બધી એક કોર રાખી વાતને. સમજાણું? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને માને અને જે વિકલ્પ છે-રાગ, એમાં પણ ધર્મ માને એ મિથ્યાદૃષ્ટિ એ વળી જુદી રાખી. અહીં તો આ વિકલ્પો જે પર તરફના છે, પર તરફનો ખ્યાલ એ સ્વ તરફના ભાન વિના બેને એક માનીને (પરિણમે છે) તે જીવ મિથ્યાદૃષ્ટિ છે-અસત્યદૃષ્ટિ છે. એ દુઃખના વેદનમાં મિથ્યાદૃષ્ટિ દુઃખના વેદનમાં પડ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'સ્વપરના એકત્વદર્શનથી...'** એમ લીધું હતું કે નહિ? જ્યાં સુધી એમ લીધું હતું. ત્યાં સુધી એમ. ત્યાં સુધી. આમાં એમ નથી લીધું કે કર્મનું એને આમ જોર છે ત્યાં સુધી આમ છે. સમજાણું કાંઈ? એને કર્મનું જોર છે માટે તે અજ્ઞાની છે એમ નથી લીધું. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- કેમ ન લીધું?

ઉત્તર :- એમ છે નહિ. નથી લીધું. એમ હોય નહિ.

પોતે જ પોતાના સ્વભાવની ભૂલથી એ રાગાદિ અને વર્તમાન દશા હું છું એટલો માનનારો એ પોતે માન્યું છે. એ કાંઈ કોઈએ મનાવ્યું છે અને કોઈ કારણે માન્યું છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? એ પોતે મિથ્યાદષ્ટિ.. ઓલાપણે જ્ઞાનનો ઉદય આકરો છે માટે બેનું ભેદજ્ઞાન નથી માટે અજ્ઞાયક છે એમ નથી. અને દર્શનમોહનો તીવ્ર ઉદય છે માટે મિથ્યાત્વનું નિમિત્ત ઉત્પન્ન થાય છે એમ નથી. ઘણાં તો એમ કહે છે કે એને ભગવાન તો મળ્યા સાચા. તમે કહો કે નિમિત્તથી લાભ નથી, નિમિત્તથી લાભ નથી. એ મળ્યા પણ એને દર્શનમોહનો ઉદય હતો અંદર. એ નિમિત્તે એને રોક્યો છે ત્યાં. સમજાણું કાંઈ? એમ છે નહિ. પોતે જ રોકાયેલો છે. પોતાના પરમેશ્વર પદને, પોતાના પરમેશ્વર પદને પોતે ભૂલ્યો છે. એની ભૂલ છે. એ ભૂલ પણ નિમિત્તની અપેક્ષા વિના નિરપેક્ષપણે એણે કરી છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? કાંઈ કષાયની મંદતાના પરિણામ થાય દયા, દાન, ભક્તિ આદિ એને એમ થઈ જાય કે મેં આ કર્યું કાંઈક ઘણું. અને હું કાંઈક કરું છું. એમ જે વિકારી પરિણામને અને પોતાને એક શ્રદ્ધે છે તે મિથ્યાદષ્ટિ છે. નવરંગભાઈ! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? પરની અહીં વાતેય નથી અત્યારે. પરનો કર્તા-હર્તાની અહીં વાત નથી. અહીં તો આ છે માટે તે મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અખંડ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, પરમેશ્વર પદે બિરાજમાન છે આત્મા. એને પુણ્ય-પાપના વિકલ્પની મીઠાશમાં જેનું વેદન છે અને એ તે હું છું, એમ બેની એક માન્યતામાં પડ્યો છે તેને મિથ્યાદષ્ટિ કહે છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો એમ પણ નથી લીધું કે ભાઈ, એને કાળ પાક્યો નથી માટે મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? એ નથી પાક્યો એનું કારણ આ છે, કે પોતે રાગાદિ પરિણામ જે મલિન અને મેલ અથવા પર તરફનો વિકાસનો ઉઘાડ જે બંધનું કારણ છે. બંધનું નિમિત્ત છે. એ કાંઈ આત્માને શાંતિનું કારણ નથી. એમાં એકત્વપણે માનેલો તે જીવ મિથ્યાદષ્ટિ છે. આમ કહ્યું છે. સમજાય છે કાંઈ? પછી ચાહે તો મોટો દિગંબર સાધુ બહારમાં હો, અંદરમાં મહાવ્રતના પરિણામ જરી દ્રવ્યલિંગના અંદર હો પણ તે વિકલ્પ અને આત્મા બે એક છે એમ માને છે, તે સ્વ-પરના ભેદજ્ઞાનનો એને અભાવ છે. તેથી તેને સ્વ-પરની એકતાનો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;...'** જુઓ ભાષા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો સાગર, આનંદની મૂર્તિ છે પ્રભુ. એવા પરમેશ્વર પદને એને રાગાદિની સાથે જોડી દે છે. વિકલ્પની સાથે એને જોડી દે છે. એથી જ્યાં સુધી પર ને પોતાના એકત્વનું પરિણમન છે. છે ને? સ્વ-પરની એકત્વપરિણતિ છે. પરિણતિ છે. પર્યાયમાં રાગ અને આત્મા એક (છે) એવી જેની દશા છે. ચાહે તો શુભરાગ હો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો પણ એ વિકલ્પ અને રાગ ને આત્મા એક છે એમ માનીને પરિણતિ કરે છે તે અસંયતી છે. કહો, સમજાણું કાંઈ? બહારમાં એમ દેખાય કે જાણે આ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળે છે અને બહારમાં નગ્ન છે. પણ એની વસ્તુનું અંદરમાં ભાન ન મળે. ચિદાનંદ ભગવાન આત્મા આનંદકંદ નિર્મળાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ છે. એને રાગના કણની સાથે પણ કાંઈ સંબંધ નથી. પંચ મહાવ્રતનો વિકલ્પ કહેવાય જે અજ્ઞાનીને એની સાથે સ્વરૂપને કાંઈ સંબંધ જ નથી. અને સંબંધ માને છે એ એકત્વ અસંયત પરિણતિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અસંયમી છે, અવ્રતી છે. રાગનો ત્યાગ એને છે નહિ. રાગનો વિકલ્પ અને ભગવાન નિર્વિકલ્પ વીતરાગ આનંદ સ્વરૂપ, બેની એકત્વ પરિણતિથી તે અસંયત છે. અસંયત છે. સમજાય છે કાંઈ? અસંયતની બીજી વ્યાખ્યા એમ નથી કે આ બહારની હિંસા કરે છે, ફલાણું કરે છે અને આને હણે છે એમ નહિ. સમજાય છે કાંઈ? આ લડાઈ કરે છે માટે અસંયત છે. એમ નહિ. અંદરમાં રાગના વિકલ્પની જે જાત, એને આત્માના અંતરમાં એકત્વ માને છે એવી એકત્વ પરિણતિ નામ અવસ્થા છે તે જ અસંયતપણું છે. સમજાણું કાંઈ?

**'અને ત્યાં સુધી જ...'** એમ. આવું છે ત્યાં સુધી **'પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...'** લ્યો! પરનો અને પોતે ભગવાન આત્મા આનંદ પ્રભુ અને રાગાદિ મેલ એ બેના એકત્વના અધ્યાસથી, બેના એકપણાની ટેવથી, બેના એકપણાની ટેવ અને આદતથી એવા કરવાથી તે કર્તા છે. એ વિકારના પરિણામનો કર્તા છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ પણ ઝીણું પણ આમાં. બહાર નજરે દેખાય નહિ અને અંદર નજર કરે નહિ.

**'અને જ્યારે...'** એ અવળાની વાત કરી. અનાદિનો કર્તા ક્યાં સુધી કેમ છે? કે જ્યાં સુધી તે રાગાદિ વિકલ્પને પર સંબંધીનો ક્ષયોપશમ આદિને આત્માની સાથે એકપણે માને છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, એકત્વ અધ્યવસાયના કારણે તે અસંયતિ છે. ત્યાં સુધી તે રાગાદિનો કર્તા એટલે પરિણમનારો છે. સમજાણું કાંઈ? **'અને જ્યારે આ જ આત્મા,...'** એમ. પાછું લીધું ને? જ્યાં સુધી આ આત્મા એમ હતું ને પહેલા? એનો એ આત્મા એમ. **'જ્યારે આ જ આત્મા, (પોતાના અને પરનાં જુદાં**

**જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને લીધે,...**' હું તો એક આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું એવું મારું સ્વરૂપ છે. એવું લક્ષણ સ્વનું છે અને પુણ્ય-પાપ વિકલ્પાદિ દયા, દાન, વ્રતાદિના વિકલ્પો તે પરલક્ષી વસ્તુ ઝેર દુઃખદાયક છે. સમજાણું કાંઈ?

એમ '**(પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત...**' નિશ્ચિત-નિર્ણય થયેલા અંદર સ્વભાવરૂપ એ દશા છે બેયની. એવા '**સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે,...**' હું એક જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ આનંદકંદ છું એવું જ્ઞાન હોવાને લીધે અને એમાં રાગાદિ નથી તેની નાસ્તિનું જ્ઞાન હોવાને લીધે. સમજાણું કાંઈ? હું તો ચૈતન્ય ધ્રુવ જ્ઞાનમૂર્તિ છું. જ્ઞાયકભાવે બિરાજમાન પરમેશ્વર હું પોતે છું. હું પોતે પરિપૂર્ણ પરમાત્મા છું. એવી દૃષ્ટિ થવાથી અપૂર્ણતા અને રાગની એકત્વબુદ્ધિ છૂટવાથી. સમજાણું કાંઈ?

'**આત્મા (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે,...**' તેને છોડે છે. સમજાવાની શૈલી તો શું કરે? છોડે છે એનો અર્થ કે હું એક અખંડ જ્ઞાનની મૂર્તિ આનંદ છું એવી જે અંતર દૃષ્ટિ થતાં તે એકત્વબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. એકત્વબુદ્ધિ છૂટી જાય છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. વાણી તો ભાઈ! શાસ્ત્ર તો શાસ્ત્રભાષાએ વાત કરે ને. એની રીત જેવી હોય એવી. સમજાણું કાંઈ? લ્યો!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ પરિપૂર્ણ પરમાત્મા હું પોતે છું. એવી રાગ અને અલ્પજ્ઞથી ભિન્ન પડીને પૂર્ણાનંદ પ્રભુ આત્મા, એનું ભેદજ્ઞાન પરથી થવાથી એ પ્રકૃતિના સ્વભાવને કે જે પોતાને બંધનું નિમિત્ત છે. એટલે કે જે અલ્પ જ્ઞાન અને રાગ-દ્વેષાદિ એ બંધના કારણો છે તેને છોડે છે એટલે કે સ્વભાવ ઉપરનો આશ્રય લેતા તે ભાવ છૂટી જાય છે. સમજાણું કાંઈ? પોતાને બંધનું કારણ છે તેને છોડે છે. સમજાવે શું? ઓલાને ગ્રહે છે... સમજ્યાને? આને એકત્વ કરે છે, ત્યારે આ છોડે છે એમ કહે છે.

'**ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી...**' જુઓ! વિભાગજ્ઞાન શબ્દ પડ્યો છે. સ્વપરના ભેદજ્ઞાનથી. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છું. રાગાદિ અને પર સંબંધી તરફના વિકલ્પોથી ઉત્પન્ન થતાં અને વિકલ્પની મંદતાથી ઉત્પન્ન થતો જ્ઞાનનો ક્ષયોપશમભાવ આદિ.. આહાહા..! એ મારું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? '**કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે,...**' કેમ? કે '**સ્વપરના વિભાગજ્ઞાન...**' સ્વપરના ભાગ પાડ્યા. ભાગ પાડ્યા એમ કહેવું છે એ પણ સમજાવવા માટે. પોતે જ જ્યાં અખંડ ધ્રુવ ચૈતન્ય ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે બે ભાગ પડી જાય છે. એને વિભાગજ્ઞાનથી એમ કહેવામાં આવે છે. આ રાગ છે અને આ હું છું એમ કાંઈ બે પ્રકારનો વિકલ્પ કરે તો ત્યાં ભેદ પડે છે? સમજાણું કાંઈ?

'આ વિકલ્પ છે એ પરલક્ષી છે અને હું આ છું' એવા બે પ્રકાર એ તો સમજાવવાની શૈલી છે. પણ પોતે વસ્તુ જે અખંડ ધ્રુવ ચૈતન્યમૂર્તિ, એના ઉપર આરૂઢ થયેલો, શ્રદ્ધા-જ્ઞાનથી તેના અંતરમાં સ્વીકાર થઈ ગયો એ રાગાદિને છોડે છે એટલે પરથી તેને ભેદજ્ઞાન થયું છે. સમજાણું? જ્ઞાયક છે. તેને જાણનાર-દેખનાર છે. એ જ્ઞાયક વસ્તુ ત્રિકાળ છે. જ્ઞાયક, જાણનાર-દેખનાર, જ્ઞાયક જાણનાર-દેખનાર. એની અવસ્થામાં જે જાણવું-દેખવું થાય તે પણ જ્ઞાયકની સાથે અભેદ છે. સમજાણું કાંઈ? આનું નામ સમ્યક્જ્ઞાન. જ્ઞાયક એટલે એનું નામ સમ્યક્જ્ઞાન. સમજાણું કાંઈ? કોઈ શાસ્ત્રના ભણતર કર્યા, ઉઘાડ કર્યો કે સમજાવવાની શક્તિ ખીલી એ કાંઈ જ્ઞાન નથી.

અહીં તો પરથી જુદો પડીને જ્ઞાયકનું જ્ઞાન કરે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આ એક વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાન કેમ થતું નથી? એ પહેલી વાત કરી કે ક્યાંક પરમાં એકત્વપણે રોકાઈ જાય છે. કાંઈક પોતાના ઉઘાડના ક્ષયોપશમભાવનો પણ મહિમા રહી જાય છે એને. સમજાણું? અને એ પણ પ્રસિદ્ધિમાં આવે કે હું કાંઈક જાણું છું વધારે એવું પ્રસિદ્ધિનું શલ્ય જે છે એની સાથે એકત્વબુદ્ધિ એને થઈ ગઈ છે. સમજાણું કાંઈ? એથી એને આત્મપ્રસિદ્ધિ થતી નથી. એમ છે. આહાહા..!

'**સ્વપરના વિભાગજ્ઞાનથી જ્ઞાયક છે,...**' ઓહો..! સાધારણ જ્ઞાનની ધારણામાં બોલો થયા થોડા ત્યાં એને એમ થઈ જાય કે હું કાંઈક વધ્યો છું. એ વધ્યો છું એમ માને છે તે એકત્વબુદ્ધિમાં અજ્ઞાન છે. સમજાણું કાંઈ? અહીં તો બે વાત કરી ને? જુઓને! સ્વપરના વિભાગની. ભગવાન આત્મા એકલો જ્ઞાનરસ અને ચૈતન્યરસ પ્રભુ એના તરફની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે આ રાગાદિ અને તે તરફની એકત્વબુદ્ધિ છૂટી ગઈ. તેથી તેના વિભાગ પાડ્યા. બેના વિભાગ. સમજાણું કાંઈ? તેથી જ્ઞાયક છે. તેથી તે જ્ઞાયક છે, તેથી તે જ્ઞાની છે, તેથી તે ધર્મી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્વપરના વિભાગદર્શનથી દર્શક છે...**' જુઓ! હવે શ્રદ્ધામાં લીધું જોયું! નહિતર તો દર્શનમાં તો એકલો ધ્રુવ વિષય છે. પણ અહીં સમજાવવું છે ને જ્ઞાનપ્રધાનથી. '**સ્વપરના વિભાગદર્શનથી દર્શક છે...**' સમજાણું? મિથ્યાદૃષ્ટિની સામે લીધું છે ને આ? આ તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં કાંઈ (દર્શન) ઉપયોગની વાત નથી. ભગવાન આત્મા અભેદ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે અને આ રાગાદિ મારા નથી અને એ અલ્પજ્ઞ દશા (છે) એટલો પણ હું નથી. એમ સ્વપરના ભાગલા પાડવાથી દર્શક છે એમ કહે છે. એનો અર્થ એ કે સ્વ તરફ ઢળ્યો ત્યારે પરનો ભાગ રહી ગયો બહાર એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આમ વસ્તુ જે છે એક સમયમાં અનંત અનંત ગુણનો પિંડ આત્મા વસ્તુ છે

ને? પદાર્થ છે કે નહિ? ધ્રુવ છે ને? ધ્રુવ છે ને? સત્ છે ને શાશ્વત છે. એવા શાશ્વત પદાર્થની અંતર દૃષ્ટિ થતાં,... છે એ દૃષ્ટિ પર્યાય. સમજાય છે કાંઈ? પણ પર્યાયને અંતરમાં વાળતા. વાળતાનો અર્થ એ. આ પર્યાય છે ને વાળું છું. એ પણ પર્યાય પર બુદ્ધિ (છે). એમ નહિ. પણ એને સમજાવાની શૈલી શું હોય? ઉપયોગ જે રાગમાં એકત્વપણે હતો, તે ઉપયોગને ઉપયોગસ્વરૂપ જે ત્રિકાળ છે તેમાં વાળ્યો. સમજાણું કાંઈ? આ એનું નામ સમ્યગ્દર્શન રતન છે. ઓલાનું નામ સમ્યગ્જ્ઞાન જ્ઞાન રતન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વપરના વિભાગદર્શનથી દર્શક છે...**' જ્ઞાનપ્રધાનથી કથન છે ને એટલે બેના બે ભાગ પાડ્યા હતા. અંદર આવે છે આગળ. સ્વપરને શ્રદ્ધે છે. પોતામાં રહીને પરને શ્રદ્ધે છે. .. એનો અર્થ છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એને બે ભાગ પાડીને પોતાના અંતર સુખનો સુખનો સાગર ભગવાન આત્મા, એનામાં દૃષ્ટિ પડતાં પરથી દૃષ્ટિ હઠી જાય છે એને અહીંયાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પોપટભાઈ! બહુ ઝીણું. તત્ત્વ ઝીણું છે. વીતરાગનો માર્ગ એટલે કે વસ્તુનો માર્ગ... વસ્તુ જ એવી છે. એમાં વીતરાગે કરી છે ક્યાં? વીતરાગ તો જાણી છે કે આમ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યના આનંદનું પુર છે. આહાહા..! એવા આનંદના પુરના આત્માને રાગ-વિકલ્પથી ભિન્ન પાડતા દર્શક છે. બેને વિભાગ કરતા તે દર્શક-શ્રદ્ધાવંત છે. તેને દર્શક નામ શ્રદ્ધાવંત કહેવામાં આવે છે અને એ સાચો દેખનારો છે એમ કહેવામાં આવે છે. દર્શક છે ને? આંખથી જોવું અને બહારની પર્યાયથી પરને જોવું એ દર્શક નહિ, કહે છે. સમજાણું કાંઈ? એવું ઝીણું તત્ત્વને કે લોકોને એવું થઈ જાય કે આ પણ એનું કોઈ સાધન બીજું હશે કે નહિ? આવું કરવા પહેલા બીજું કોઈ સાધન? આ જ કરવાનું એનું સાધન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

જે જે જ્યાં સાધન છે તે તે ત્યાં બાધક છે. આવે છે ને? નય-નિક્ષેપ-પ્રમાણથી જે જાણપણું કરે ને? નય-નિક્ષેપ-પ્રમાણથી. એ પણ ત્યાં બાધક છે. આહાહા..! જુઓને! નયથી, ન્યાયથી, નિક્ષેપથી, પ્રમાણથી આવો છે, આવો છે ને આવો છે ને આવો છે. સમજાય છે કાંઈ? એ પણ પરલક્ષી ભાવ છે. એ પણ સ્વરૂપના સન્મુખ થવામાં બાધક છે. એનાથી કાંઈ લાભ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત છે. લોકોને તો એમ કે આ તો બધો વ્યવહાર (ઉડી જાય છે). પણ વ્યવહાર જ એનામાં નથી અહીં તો કહે છે. વ્યવહારથી જુદો પડે એવો વિભાગદર્શન તેને શ્રદ્ધા કહે છે. એમ કહે છે. જુદો પડે ત્યારે એને જુદો પાડવામાં આ વ્યવહાર સાધન થાય? શિવલાલભાઈ!

અહીં તો એકલો ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એના તરફ ઢળતા, એના

તરફ ઉપયોગને વાળતા રાગથી ભિન્ન પડી ગયો અને વર્તમાન ક્ષયોપશમના અંશ જેટલો પણ નહિ એમ ભિન્ન પડી ગયો. સમજાણું કાંઈ? એવી શ્રદ્ધાને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. અહીં તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો. એય.. ઉત્તમચંદભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તો સમકિત છે. નવ તત્ત્વને શ્રદ્ધો એ સમકિત છે.

અરે.. ભગવાન! ભાઈ! સમ્યગ્દર્શન એટલે તો કોઈ અપૂર્વ ચીજ છે. એ તો પરમેશ્વર થઈ ગયો. પરમેશ્વર હાથ આવ્યો. કહો, સમજાણું? પરમેશ્વર હાથ આવ્યો. ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા જેમાં અનંતા સિદ્ધો પડ્યા છે. અનંતી સિદ્ધની પર્યાય પડી છે એમાં. એવો જે આત્મા વસ્તુ એને પ્રતીતમાં લીધો એ તો પરમેશ્વરના ભેટા થયા. સમજાય છે કાંઈ? એવી શ્રદ્ધાની પરિણતિને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એમાં આ કષાયની મંદતાના પરિણામ એ કાંઈ મદદ કરતા હશે કે નહિ? તો પછી કરવા શું કરવા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે તો એ જુદા માટે છે એ. પહેલેથી એનામાં ભિન્ન પડવું જોઈએ કે હું તો એ લક્ષણથી મારું સ્વરૂપ જ જુદું છે. આમ સ્વરૂપમાં એ રાગાદિ, મંદ કે તીવ્ર એ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એવા નિજ ભગવાન આત્મા એને અંતર પકડતા એટલે કે તે ધ્રુવ ધ્રુવને પકડતા જે ભેદ પડી ગયો એવી શ્રદ્ધાને અહીંયાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પોપટભાઈ! ભારે.

જેટલી જે ચીજની કિંમત છે તેટલી કિંમતનો હજી એના ખ્યાલમાં પણ પહેલો ન આવે અને ઓછી કિંમતે લેવા માગે તો એ મળે નહિ. કહો, સમજાય છે કાંઈ? પાંચ લાખનો હીરો, પાંચ પૈસા, પાંચ રૂપિયે કે પાંચસો રૂપિયા, પાંચ હજાર આપે તો કાંઈ મળતો હશે? એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદનો પ્રભુ નાથ એવો આત્મા છે અંદર. એના ઉપર દૃષ્ટિ આપતા, એના ઉપર દૃષ્ટિ આપતા-એ વસ્તુ ઉપર, જે પરથી ભાગ પડી ગયો પોતાની શ્રદ્ધા (થઈ કે) 'આ હું આત્મા' એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? પહેલા જ્ઞાનની વાત હતી. અહીં એવી રીતે લીધી.

'**અને સ્વપરની વિભાગપરિણતિથી...**' આહાહા..! ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ સ્વભાવ સુખસાગર પ્રભુ છે. આત્મા સુખનું નિધાન છે. એવો સુખના સાગરનો સ્વાદ આવતા જે પરને અને સ્વની એકતા તૂટીને પરિણતિ નિર્મળ થઈ, એ '**સંયત છે;...**' એ આનંદની પરિણતિ થઈ એને અહીં સંયત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એને સંયત નામ એને સાધુ કહે છે. અહીં તો જાણે બહાર લૂગડા ફેરવ્યા કે અમુક થયું તો ઓલો નગ્ન થયો તો થઈ ગયા સાધુ. લ્યો!

અહીં તો પહેલા પરથી અને સ્વથી ભિન્ન પડીને થયેલું જ્ઞાન, સ્વને પરથી ભિન્ન થયેલું દર્શન, એમાં પણ પછી રાગથી ભિન્ન પડીને પરિણતિ થઈ શુદ્ધ નિર્મળ. રાગ રહિત વીતરાગી પરિણતિનું પરિણમન. જુઓ! વિભાગપરિણતિ. છે ને? રાગથી ભિન્ન પડેલી પરિણતિ નામ આત્માની દશા. આ તો ઓલો રાગ છે એ ચારિત્ર અને સંયત છે કહે છે. અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! એ દુઃખથી મૂકવાનો રસ્તો નથી. એ વિકલ્પ પોતે દુઃખ છે. એ મહાવ્રતના પરિણામ એ પોતે દુઃખ છે. જુગરાજજી! આહાહા..! મહાવ્રતના પરિણામ.. ઓલો કહે કે મહાવ્રતના પરિણામ પાળ્યા માટે ચારિત્ર થયું. ઓહોહો..! ભગવાન! પરલક્ષની વૃત્તિ છે એ. એનાથી સ્વલક્ષે પોતાના પરિણતિને એનાથી જુદી પાડીને શુદ્ધ પરિણતિ કરે એને સંયત નામ એને ચારિત્ર અને સંયતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આવી વાતું મગજમાં પેસે નહિ. પેસે નહિ શું, કેવળજ્ઞાન લઈ શકે એવો છે ને પેસે નહિ એમ કોણ કહે એને? સમજાણું કાંઈ? એક સમયમાં ઉલ્લસીને કેવળજ્ઞાન ઝડપથી લે. આહાહા..! એવો ભગવાન ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એક સમયની પર્યાય જેના દ્રવ્યમાંથી વહે છે. એવી તો અનંતી પર્યાય જેમાંથી વહે.

એવો ભગવાન આત્મા પરની પરિણતિથી ભિન્ન પડી અને શુદ્ધ પરિણતિ વિભાગ પરિણતિ થતાં એ વિકલ્પની દશા જે પંચ મહાવ્રતાદિ છે એનાથી જુદી થઈને શુદ્ધ પરિણતિનો વીતરાગી આનંદના અંશની શુદ્ધતાની પરણતિ (પ્રગટ થાય) તેને સંયત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? માટે ચારિત્ર દુઃખરૂપ છે, કષ્ટદાયક છે એમ માનનારા ચારિત્રને સમજતા નથી. સમજાણું કાંઈ? લ્યો વળી સંયતમાં એ આવ્યું. હું ચારિત્ર પાળવું ભાર... શું કહે? સમજ્યા ને? ધાર છે. ખડગની ધાર છે, તલવારની ધાર છે. બાપુ! મીણને દાંતે લોઢાના ચણા ચાવવા એવું એકવાર મહાવ્રત પાળી તો જુઓ, અપવાસ કરી તો જુઓ. ભારે વાત કરે છે આ. શું છે આ? બાપુ! એ તો રાગ છે અને એ તો દુઃખ છે. તને ખબર નથી. બહિર્વૃત્તિ ઉત્પન્ન થાય આને આમ કરું, આને આ પાળું, આને દુઃખ ન (આપું), એ બધો દુઃખનો ભાવ છે. એ સંયત નહિ, એ ચારિત્ર નહિ. એ સ્વઘરમાં આવ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે;...**' બેના એક ભાગથી (એકત્વ) તે સંયત છે એ તો અસંયત કીધું હતું. વિકલ્પ જે રાગ છે શુભ દયા, દાન આદિ શુભઉપયોગ, એનાથી ભગવાન આત્મા એકત્વની પરિણતિથી તો તેને અસંયત કહ્યો છે. અહીં તો શુભભાવ છે.. કાંઈક થાય છે સંયતપણું. એવી રીતે આત્માને ઠગે છે. પોતે પોતાને ઠગે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે, ભગવાન આત્મા પોતાના ઘરમાં રમણતામાં આવ્યો અને રાગના ઘર જેણે છોડી દીધા અંદરથી. એવી જે આત્માની શુદ્ધ પરિણતિની વીતરાગી દશા (થઈ) એને સંયત કહેવામાં આવે છે. એ સંયતનો ધરનાર તે સંયમી. કહો, સમજાણું કાંઈ? આવા સંયતને ધરે તે સંયમી કહેવાય. કહો, નટુભાઈ! આવું તો સાધુપણું આકરું થઈ પડશે. લેશે નહિ કોઈ, (એમ) કહે. હતું કે દિ' એનામાં? હજી સાંભળ તો ખરો. સાધુપણું કહેવું કોને એની હજી તને ખબર નથી. કહો, ઉત્તમચંદભાઈ! વજુભાઈ! લ્યો, આવું સંયત છે. આહાહા..! ભારે વાતું ભાઈ!

**'અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.'** જોયું! એ ત્રણેય થઈને. ત્રણેયનું છે ને? સ્વપરના વિભાગનું ભેદજ્ઞાન તે જ્ઞાયક, સ્વપરના વિભાગનું દર્શન તે સમકિત અને સ્વપરની વિભાગપરિણતિ. એટલે પાછો ઓલો રાગથી ભિન્ન પડીને શ્રદ્ધા ભલે કરી અને રાગથી ભિન્ન પડીને સ્થિરતા કરે ત્યારે સંયત થાય છે. એમ. સમજાણું કાંઈ? **'સ્વપરની વિભાગપરિણતિથી સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી...'** ભગવાન આત્મા આનંદ અને શાંતિના પૂરમાં પરિણમતો પ્રભુ, રાગની શ્રદ્ધા અને જ્ઞાન અને રાગની એકતાથી પરિણતિ જુદી પડી તેથી તે આત્મા રાગનો અકર્તા છે એટલે કે રાગનો પરિણમનારો નથી. તે સંયત અને દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમનારો છે. કહો, સમજાણું કાંઈ? **'ત્યારે જ...'** ત્યારે જ એમ પાછું. ત્યારે જ, એ સિવાય નહિ. જ્યારે આમ કરે ત્યારે જ. એમ છે ને? માથે માંડ્યું છે ને? **'અને જ્યારે આ જ આત્મા,...'** એમ કરીને કહ્યું ને?

**'અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી...'** ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો અને સ્વરૂપની શુદ્ધ પરિણતિ દ્રવ્યને આશ્રયે થઈ ત્યારે તે રાગાદિનો પરિણમનાર નથી એટલે કર્તા નથી. કહો, સમજાણું કાંઈ? આ તો સર્વવિશુદ્ધ અધિકાર છે. **'અકર્તા છે.'** લ્યો! કર્તા-અકર્તાની વ્યાખ્યા બે ગાથામાં મૂકી. ઘણું ટૂંકામાં આખું સ્વરૂપ મોક્ષમાર્ગનું મૂક્યું, લ્યો. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહેવા? એની વ્યાખ્યા કરી. કહો, સમજાય છે કાંઈ? આ દસલક્ષણી પર્વમાં વાંચે છે ને હરવક્ત? સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ, તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. એ તો ખૂબ વંચાય છે દસલક્ષણી પર્વમાં. કેમ જયકુમારજી!

કહે છે કે ભાઈ! પણ એ સમ્યગ્દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શન એટલે શું? સમજાણું કાંઈ? તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શન એટલે કે પરથી ભિન્ન પડીને પોતાના અખંડાનંદ પૂર્ણની પ્રતીતિએ પરિણમ્યો, પૂર્ણની પ્રતીતિએ પરિણમ્યો એવી શ્રદ્ધાને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ?

**'અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો...'** એકપણાનો અધ્યાસ નામ તે છૂટી જવાથી **'નહિ કરવાથી અકર્તા છે.'** પોતે નહિ કરવાથી અકર્તા છે. એમાં કોઈ આ કર્મ છૂટ્યું તો આમ થયું (એમ નથી). તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન ક્યારે થયું? કે દર્શનમોહ છૂટ્યો તો થયું. જ્ઞાયક ક્યારે થયો? કે જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ થયો તો થયું. ચારિત્ર ક્યારે થયું? કે ચારિત્રમોહનો ક્ષયોપશમ થયો તો થયું. એમ છે નહિ. એમ કહ્યું છે? એમાં ક્યાંય નામેય સંભાર્યું નથી.

ભગવાન! તારી પાસે ક્યાં સમૃદ્ધિ ઓછી છે? સમજાય છે? તારી તો એક એક પર્યાયમાં કેવળજ્ઞાન જ્યાં પરિણમી રહ્યું એવી તો તારી તાકાત! ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એક સમયની પર્યાય તો તારા એક સમયની દશાનું સામર્થ્ય છે. આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકને જાણે અને પોતાને ત્રિકાળી જાણે એવી એક સમયની પર્યાય. એટલી તો એની તાકાત. એવા અનંતી અનંતી પર્યાયનો ભંડાર ભગવાન આત્મા. એટલી કેવળજ્ઞાનની લક્ષ્મી આખા કેવળ એટલે એકલા જ્ઞાનની લક્ષ્મી. સમજાય છે કાંઈ? એવા અનંત અનંત શ્રદ્ધા સમકિત, ક્ષાયિક સમકિતની પર્યાયો, ક્ષાયિક સમકિતની પર્યાયો. એવી અનંતી અનંતી પર્યાય તારા શ્રદ્ધાગુણની પર્યાયમાં પડી છે બધી. એવા એવા અનંતા ગુણનો પિંડ પ્રભુ છો તું. એમ કહે છે. સમજાણું કાંઈ?

યથાખ્યાત ચારિત્ર જે અકષાય ચારિત્રના પરિણતિ જે છે, અકષાય હોં! એવી એક સમયની પરિણતિ જે શુદ્ધ સિદ્ધની આદિ શુદ્ધ પરિણતિ, એવી અનંતી અનંતી પરિણતિ, એવી શક્તિ, પર્યાયો ચારિત્રગુણમાં પડી છે. આત્માના ચારિત્રગુણમાં પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક સમયનું અનંતુ વીર્ય-એક સમયમાં અનંતુ બળ આત્મામાં જે પ્રગટે, અનંત વીર્ય જે સ્વરૂપની રચનાનું કેવળજ્ઞાન રચે, એવી જે એક સમયની વીર્યની દશા, એવી અનંતી વીર્યની દશાઓ તારા એક વીર્યગુણમાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? કોણ જાણે ક્યાં હશે આવું? એની એને ખબર ન મળે. બહાર ગોતવા જાય ધૂળને. કાંઈક જો નિધાન નીકળ્યું હોય ને પાંચ-દસ લાખનું સરખું ત્યાં તો ખુશી થઈ જાય. ગાંડો ઓલો ઉંદર ફરેને માથે? ઓહોહો...! શું છે પણ? આ ઉંદર હોય ને? બહુ મુછાળા હોય ઉંદર ત્યાં ઊપજે પછી ન્યાં માથે. એટલા આસપાસમાં ઊપજે એટલે માથે ફરે. બોલી તો શકતું ન હોય, મમતા બહુ હોય. સમજ્યાને? એટલે પછી આસપાસમાં ભોંયરામાં ઊપજે અને પછી ફરે અને જોવે.

મુમુક્ષુ :- ખુશી થાતો હશે?

ઉત્તર :- ખુશી થાય.

શાસ્ત્રમાં તો એવો લેખ છે. વનસ્પતિની વેલડી છે ને? વનસ્પતિની વેલડી. એ વેલડીનો પણ એવો અંદર અવ્યક્તપણે એવો સ્વભાવ છે કે જ્યાં નિધાન હોય ને એની કોર વેલડી જાય. એય..! મમતા છે ને અંદર અવ્યક્તપણે ઘણી? એવો પાઠ છે, હોં! નિધાન પડ્યું હોય ને ક્યાંક હેઠે, તો જ્યાં ઊપજ્યું આસપાસમાં વેલો ચાલે આમ એના ભણી જાય.

મુમુક્ષુ :- ત્યાં ખોદે તો નીકળે ને?

ઉત્તર :- નીકળે ક્યાં? એક જણે કર્યું હતું એવું. આવું શાસ્ત્રમાં આવે છે તો એક જણે કર્યું હતું. કોકે કહ્યું, તમારા ઘરમાં નિધાન છે. નિધાન પરખવું હશે તો ઘરમાં વાવવ્યો વેલો. ઘરમાં વાવ્યો વેલો. પથરા-બથરા ક્યાં પહેલા હતા. પહેલા તો ઓલા મકાન હતા ને, ગારના મકાન. અને એમાં...

મુમુક્ષુ :- ફળિયામાં

ઉત્તર :- ફળિયામાં નહિ. ઘરમાં. ત્યારે ઘરમાં નિધાન હતું એમ કહેતા હતા. એ બધું નામ-ઠામની ખબર છે, ગામની. એ વેલો વાવ્યો, વેલો વળ્યો, ખોદ્યું તો ન નીકળ્યું કાંઈ. પણ એ ત્રણ બાજું ભીંત હોય તો ક્યાંક વળે તો ખરીને પછી? આમ ઊંચું ન જાય. એ તો ખુલ્લું ક્યાંક એવું હોય અને સહેજે ઊપજ્યો હોય, એને આધાર ક્યાંય ન હોય ત્યારે અવ્યક્તપણે એને પરિગ્રહ સંજ્ઞા છે ને એટલે એની કોર આમ વેલો જાય. એને ક્યાં ખબર હતી? પણ એવો સ્વભાવ છે એમ શાસ્ત્ર કહે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો મમતા...

ઉત્તર :- એ મમતા કેટલી છે એમ કહે છે. જીવોને ભાન નથી, મન નથી. પણ ઓહોહો..! એ જ્યાં નિધાન હોય એની કોર વળે. ખુલ્લા મેદાનમાં એવો ઊપજેલો હોય તો એની કોર.. કુદરતી વેલાની ગતિ જ એની કોર થાય. જસુભાઈ! એવી પરિગ્રહ સંજ્ઞા એમાં પડી છે. આહાહા..!

અહીં તો પાકો મોટો થયેલો હવે એમાંથી જ્યાં પૈસા કાંઈક દેખે તો ફર્યા કરે, એની ઉપર ફર્યા જ કરે. આહાહા..! આ મોટો પરિગ્રહ કેવળજ્ઞાન લક્ષ્મીનો ભંડાર ભગવાન તું છો. જુઓને! આ ધનતેરસમાં લખે ને? ફલાણાનો ભંડાર હજો, ધૂળનો ભંડાર હજો. આવે છે ને કાંઈક? શાલિભદ્રની ૠદ્ધિ હજો. શાલિભદ્રની ૠદ્ધિ નાખીશ ક્યાં તું? ૯૯ પેટી .. હતી એને. કેટલી દાગીનાની અને કેટલી કપડાની એવું કાંઈક હતું. નાખીશ ક્યાં? સમાશે નહિ તારે. આ તો પડેલી છે તારી પાસે. શાલિભદ્રની નહિ. કેવળજ્ઞાનની ૠદ્ધિ તારી પાસે પડી છે. ઈ માગને. કે જેમાંથી મળે એવું છે.

ભગવાન આત્મા અંદરમાં નજરું નાખે નિધાનમાંથી પ્રગટ થાય એવો આત્મા નિધાન

છે. સમજાય છે? એવા આત્માનું ભાન થતાં તે રાગાદિનું પરિણમન કરતો નથી, રાગને જ્ઞાન માનતો નથી, રાગને શ્રદ્ધા માનતો નથી, રાગને ચારિત્ર માનતો નથી. એટલે અકર્તા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સર્વવિશુદ્ધ...

ઉત્તર :- સર્વવિશુદ્ધ છે ને. એકલું જ્ઞાન થયું એટલે ખલાસ. એકલું જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન એ પર્યાય, એ જ્ઞાનરૂપે પરિણતિ, જ્ઞાનરૂપે પરિણમે, શ્રદ્ધારૂપે પરિણમે, શાંતિરૂપે પરિણમે એનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. લ્યો! આ મોક્ષનો માર્ગ આ છે.

'**ભાવાર્થ :- જ્યાં સુધી...**' જુઓ! આ ચૌદસને પાછલે દિવસે ભગવાન મોક્ષ પધાર્યા છે. સમજાય છે? આમ તો આહારનો ત્યાગ જ છે. પણ બે દિ' સ્થિર થઈ ગયો યોગ. પાવાપુરી. પાવાપુરી છે ને ઓલું જળાશય? ત્યાં જળમંદિર છે ને? ત્યાં બે વાર જઈ આવ્યા છીએ, હમણા જઈ આવ્યા. ત્યાં મોક્ષ પધાર્યા છે. પણ એટલામાં.. સમજાણું? ભગવાન ગયા છે એટલે કહે છે કે એટલો બધો ખાડો કેમ થઈ ગયો? કે ભગવાન મોક્ષ પધાર્યા ને પછી પાછળથી રાખ થઈ ને રાખ શરીરની ને બધી? તો લોકો લેવા માંડી રાખ. લેતા લેતા ખાડો થઈ ગયો. એટલે બહુ ધૂળ પણ લઈ ગયા. માણસને તો પાછી ભ્રમણા હોય ને. ભગવાનની રાખ ને ધૂળ નાખીએ તો આપણા ભંડાર ભરાય. તેથી આવે છે ને? નથી બોલતા? એ ભાષા આવે છે. લક્ષ્મી આવી ને અળસ જાવ ને... એવું આવે છે ને? કંઈક ભાષા બોલે છે. અળસ જાવ ને લક્ષ્મી આવો. અળસ જાવ ને લક્ષ્મી આવો. એવું બોલે. છોકરો.. હોય ને. એવી વાર્તા સાંભળી છે. આપણે ક્યાં? ... કાળું ...? ચૌદસને દિ' આળસ જાવ ને લક્ષ્મી આવો, આળસ જાવ ને લક્ષ્મી આવો. કો'કને એમ પણ કે કે લક્ષ્મી જાવ અને આળસ આવો. અળસ લ્યોને. એવું થઈ ગયું છે હોં કેટલાકને. અમે તો નાની ઉંમરમાં (સાંભળ્યું છે).

મુમુક્ષુ :- એ તો બોલવામાં ફેર પડી ગયો.

ઉત્તર :- બોલવામાં ફેર પડી ગયો હતો એવો. એનો ખ્યાલ છે. કો'ક કરતા કરતા સાંભળ્યું. પણ એલા આ શું બોલો છો તમે આ? બોલે એમાં શું થઈ ગયું? અળસ જાવ અળસ. આળસ નહિ હોં! અળસ. અળસ. નિર્ધનતા જાવ અને સધનતા આવો. પણ નિર્ધનતા એટલે કે અજ્ઞાનની નિર્ધનતા છે. સધનતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સધનતા છે. એ અળસ જાવ અને સધનતા આવો એ વાત છે.

ભગવાનને જાણે કેવળજ્ઞાન તો હતું જ, એનો મોક્ષ થયો. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં'. એ જ સમયે સિદ્ધ થયા, એ જ સમયે ત્યાં (બિરાજમાન થયા). ચૌદસની પાછલી

રાત છે હોં પાછલી. ત્યારે દિવાળી કરીને દેવોએ. ઓલા કહે કે દિવાળીને દિ’ પાછલી રાતે મોક્ષ પધાર્યા. બીજો સંપ્રદાય કહે. તો પછી દિવાળી ક્યાં આવી? સમજાણું? ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા સવારમાં (ત્યારે) ઈન્દ્રોના આસન ચળ્યા, ઈન્દ્રો આવ્યા અને .. ચકચકાટ કરીને અંદરથી,.. અહો..! ભગવાન મોક્ષ પધાર્યા... મોક્ષ પધાર્યા... અનાદિ શાંત દશા થઈ ગઈ. સિદ્ધની સાદિ અનંત થઈ ગઈ. એ સંસારની અનાદિ શાંત થઈ ગઈ. ... આહાહા..! ઈન્દ્રો આવીને લોકના નાથ અર્ધ લોકના આદિ બધા ઈન્દ્રો આવીને (કહે છે), ખમા નાથ! પ્રભુ મોક્ષ પધાર્યા. કાલે હતા પ્રત્યક્ષ, આજ થઈ ગયા પરોક્ષ. આમ શરીરની અપેક્ષાએ જુએ છે ને બહારથી? એની એ દિવાળી છે. દિવાળી એનું નામ છે દિ’ વાળ્યો જેણે. એ આત્માનો દિવસ નામ સ્વકાળને વાળીને પૂર્ણતા કરી એનું નામ દિવાળી છે. સમજાણું કાંઈ? બાકી તો બધું સમજવા જેવું લાડવા ખાઈને દિવા બાળે બહારના. એને દિવાળી થાતી હશે એમાં? હારબંધ દીવા કરે છે ને બધા તેલ ને ઘીના. ઘી નાખે.

મુમુક્ષુ :- ... ઈલેક્ટ્રિક થઈ ગયું.

ઉત્તર :- ઈલેક્ટ્રિક.. જે કરે ઈ. એમાં ક્યાંય નથી કહે છે ધનતેરસ ને દિવાળી. દિવાળી તો અહીં છે. સમજાણું?

તારી સ્વકાળની દશાને અંતરમાં વાળ. એ પણ પર્યાય ઉપર લક્ષ કરીને એમ નહિ. ભગવાન ધ્રુવ બિંબ પ્રભુ છે એનું માહાત્મ્ય આવતા પર્યાય ત્યાં વળી જાય છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? દિવાળીએ બાર મહિનાની પેદાશ થઈ હોય ને? એનો આંકડો કરે ત્યારે ખુશી થઈ જાય. પચીસ લાખ પોર હતો. દસ લાખ વધ્યા અને બે લાખનો ખર્ચ પણ એમાંથી નીકળી ગયો. ઉપરાંત દસ વધ્યા, પચ્ચીના થયા પાત્રીસ. કોને ઘરે પણ? એ તો પરને ઘરે થયા. તારે શું છે પણ? મૂર્ખાઈ ભરેલો છે ને? ડહાપણ ભરેલું કામ તો આ છે કે જેને પર તરફનો વિકલ્પ થાય તેનાથી તે ચીજ હું ભિન્ન છું. મારે અને રાગને સંબંધ નથી તો લક્ષ્મી ને બાયડી છોકરાને ક્યાં સંબંધ હતો ક્યાંય. સમજાણું કાંઈ? એ પરની સાથે સંબંધ તોડે તેને નવો બંધ થતો નથી. અને પરની સાથે સંબંધ કરે તેને નવો બંધ થાય છે. આ એનો આ સાર છે.

**‘જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે;...’** લ્યો! વિકારી ભાવને, પરલક્ષી ભાવને પોતાના જાણીને સ્વલક્ષમાં આવ્યો નથી એટલે તે રીતે પરિણમે છે. **‘એ રીતે મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે.’** લ્યો! જુઓ! કર્તા થઈને નવા કર્મનું બંધન કરે છે. **‘અને જ્યારે**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી,...**' ત્યારે તે કર્તા થતો નથી. ભેદજ્ઞાની થયેલો તે કર્તા થતો નથી. '**તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદષ્ટાપણે પરિણમે છે.**' અહીં તો પરિણમન લઈ લીધું.

'**એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-**'

**भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।**
**अज्ञानादेव भोक्तायं तदभावदवेदकः।।१९६।।**

કર્તા રાગના વિકલ્પનું પરિણમવું એ આત્માનું સ્વરૂપ જ નથી.

'**શ્લોકાર્થ :- કર્તાપણાની જેમ ભોક્તાપણું...**' એ રાગનું વેદન કરવું એ આત્માનું સ્વરૂપ જ નથી એમ કહે છે. આહાહા..! એ સુખ-દુઃખની કલ્પના થાય અને એ કલ્પનાને ભોગવે એ આત્માનો સ્વભાવ જ નથી. એ તો બધો વ્યભિચાર છે. આહાહા..! પરલક્ષીને પરવસ્તુને અને લાડવાને ભોગવે છે એ વાત અહીં છે નહિ. પરને શું ભોગવે? એ તો ધૂળ છે. આત્મા અરૂપી છે અને એ તો રૂપી છે. બાયડી-છોકરાના શરીર કે એનો આત્મા પર છે. એને શું આત્મા ભોગવે? એમ લાડવા દાળ-ભાત જડ છે એને શું ભોગવે? એમ મકાન ને પૈસાના ઝવેરાત ને એ પર છે એને શું ભોગવે? ફક્ત અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ થાય તેને ભોગવે એ જીવનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા, '**કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્યનો...**' ચૈતન્ય પ્રભુ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્માનો '**સ્વભાવ કહ્યો નથી.**' એમ કહે છે. એને ભગવાને કહ્યો નથી એમ કહે છે. '**स्मृतः**' છે ને? ભગવાને કહ્યો નથી. પરમેશ્વર ત્રિલોકનાથ, સર્વજ્ઞદેવ પરમાત્મા જેને ત્રિકાળ જ્ઞાન હતું, એમણે એમ કહ્યું છે કે ભગવાન આત્મા, જેમ રાગાદિનો આત્મા કર્તા નથી તેમ રાગાદિનો ભોક્તો પણ ભગવાન આત્મા નથી. એમ ભગવાને જોયું છે, ભાળ્યું છે અને એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ત્યારે કેમ થાય છે? '**અજ્ઞાનથી જ તે ભોક્તા છે,...**' સ્વરૂપનું ભાન નથી એથી રાગાદિના પરિણામને વેદીને અમે સુખી છીએ એમ મૂઢ અજ્ઞાનથી માને છે. સમજાણું કાંઈ? એ વિશેષ વાત છે. લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૦)), બુધવાર તા. ૨-૧૧-૧૯૬૭**
**શ્લોક-૧૯૬, ગાથા-૩૧૬, પ્રવચન-૩૮૪**

આ સર્વવિશુદ્ધ અધિકાર છે. આત્મા સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એનો તો આનંદ સ્વભાવ છે. એ આનંદસ્વભાવી આત્મા '**કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્યનો સ્વભાવ કહ્યો નથી.**' ભગવાને. જેમ આત્મા રાગાદિનો કર્તા નથી. એવો એનો સ્વભાવ જ નથી. પુણ્ય-પાપના વિકલ્પો અથવા જે વ્યવહાર કહેવાય શુભાદિ ભાવ, એનું કરવું એ આત્માના સ્વભાવમાં નથી. એના દ્રવ્યમાં નથી, એના ગુણમાં એવી કોઈ શક્તિ નથી. સમજાય છે? તેથી તે આત્મા રાગાદિ વિકલ્પનો કર્તા નથી.

જેમ કર્તા નથી તેમ ભોક્તા પણ ચૈતન્યનો સ્વભાવ નથી. રાગ-દ્વેષ ને હરખ-શોકનું ભોગવવું, એ વસ્તુ જ્ઞાતા-દ્રષ્ટા એવો ભગવાન એનો એ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? પરવસ્તુને ભોગવવું એ તો છે જ નહિ. આ લાડવા, દાળ, ભાત, શાક, મકાન, સ્ત્રી એનું તો (ભોગવવું) છે જ ક્યાં? એ તો પરવસ્તુ છે. એને તો અડતો પણ નથી. પણ જે પર્યાયમાં અનાદિથી વિકારને અડતો હતો, સ્પર્શતો હતો, વેદતો હતો એ વસ્તુનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? પર્યાય નામ અંશ બુદ્ધિમાં (એ વેદતો હતો). એ સ્વભાવ નથી એનો કોઈ. દ્રવ્ય અને ગુણ નથી એમાં કોઈ ભોગવવું. હરખ શોકને ભોગવવું, સુખ-દુઃખની કલ્પનાને ભોગવવું એવો કોઈ દ્રવ્ય એટલે શક્તિવાન કે એની કોઈ શક્તિ એવી નથી. ફક્ત પર્યાયમાં અંશમાં રાગ અને દ્વેષ, હરખ શોકને ઉત્પન્ન કરીને ભોગવું છું એમ અજ્ઞાની અજ્ઞાનપણે માનતો હતો. સમજાય છે કાંઈ?

'**કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ...**' ભગવાન આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ કહ્યો નથી એમ છે. '**न स्वभावोऽस्य स्मृतः**' સમજાણું કાંઈ? એને આત્મા કહીએ. એમ કહે છે. આત્મા એને કહીએ કે જે હરખ-શોકને રાગને કરે નહિ અને ભોગવે નહિ એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? અને ત્યારે એણે આત્માને જાણ્યો એમ કહીએ. આત્મા વસ્તુ છે એ ચિદ્ઘન આનંદકંદ એવી વસ્તુ છે એ રાગની કર્તા નથી, તેમ હરખ-શોકની ભોક્તા નથી. એવું ક્યારે થાય? કે વસ્તુપણાનું ભાન થતાં, એ વસ્તુ જ આવી છે એવું ભાન થતાં તેની પર્યાયમાં જે અજ્ઞાનપણે રાગનો અને વિકારનો ભોક્તા હતો, એ વસ્તુમાં નથી. એ તો પર્યાયબુદ્ધિના અજ્ઞાન અંશમાં હતું. સમજાણું કાંઈ?

કહે છે કે પરવસ્તુનો ભોક્તા છે જ નહિ. આ શરીરનો. આ તો માટી છે. કર્મ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જડ છે. એનો પણ આત્મા ભોક્તા નથી, હોં! કર્મનો ભોગવનારો અજ્ઞાનપણે પણ નથી, એમ કહે છે. અજ્ઞાનપણે તો પોતાના આનંદ સ્વભાવને ભૂલી ચૈતન્યગંજ પોતે આનંદનો પિંડ પોતે છે એને ભૂલીને પર્યાયમાં રાગનું કરવું અને હરખ-શોકનું વેદવું એ તો અંશબુદ્ધિમાં અજ્ઞાનમાં હતું. વસ્તુમાં નથી. એથી વસ્તુના સ્વભાવની દૃષ્ટિ થતાં આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદ છે એવો વસ્તુનો સ્વભાવ, એનું ભાન થતાં જ્ઞાની રાગ ને હરખ-શોકનો કર્તા-ભોક્તા છે નહિ.

અહીં તો ચૈતન્યનો સ્વભાવ નથી એનો અર્થ ઈ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવ હરખ-શોકનો ભોક્તા નથી એનો અર્થ ઈ છે કે જે ચૈતન્ય ભગવાન આત્મા આનંદમૂર્તિ શુદ્ધ છે એવું જ્યાં ભાન થયું, એથી જ્ઞાની એ હરખ-શોકનો ભોક્તા નથી. એમ. ચૈતન્ય સ્વભાવનું હરખનું ભોગવવું નથી એનો અર્થ એ કે જ્ઞાની એ હરખ-શોકનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! નવરંગભાઈ! કહો, હવે આમાં માથું દુઃખે ને આમ આમ થાય (એની) ના પાડે છે. એનું તો નહિ. આ બ્લડ પ્રેશર થાય ને આ થાય ને આમ થાય. એ તો જડની પર્યાય છે. એને તો આત્મા કોઈ દિ' અડ્યો પણ નથી. આ તો એના સ્પર્શમાં જે વસ્તુનો સ્પર્શ કર્યો નહોતો, વસ્તુ જે ચૈતન્યમૂર્તિ એનો સ્પર્શ હતો નહિ-અનુભવ, એથી એની પર્યાયમાં રાગ અને હરખનું વેદન સ્પર્શમાં એક સમયની પર્યાયમાં હતું. એ અજ્ઞાનભાવે હતું. બેભાન ભાવે હતું. સ્વરૂપના અજાણ ભાવે હતું. ભગવાનજીભાઈ! આ બધા ભોગવે છે ને. ખાઈ-પીને લહેર કરે છે ને.

મુમુક્ષુ :- દિવાળીનો દિવસ છે એટલે...

ઉત્તર :- દિવાળીના દિવસ છે એટલે ભોક્તા યાદ આવ્યું વધારે. લાડવા ખાય છે ને. શું કહેવાય? બરફી ને ઘુઘરા ને ફાફડા. ખાતો હશે આત્મા? ભાઈ! એ ખાય એમ માને એ આત્મા નથી. માને હોં! ખાતો તો નથી. પણ હું પરને ખાઉં છું એવું જે માને એ તો આત્મા નથી. આહાહા..! અને રાગ-દ્વેષ, હરખ-શોકને હું ખાઉં છું-અનુભવું છું એ આત્મા નથી. એમ કહે છે. ..ભાઈ! આહાહા..! કહો, ભીખાભાઈ! કહો હવે કોની પાસે હરખ પ્રસિદ્ધિ કરવી? કહે છે. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ એ તો પૂર્ણ આનંદ અને જ્ઞાનની ખાણ છે. એ ભગવાન આત્મા જેમ રાગનો, વિકલ્પનો, વ્યવહારનો ખરેખર વ્યવહાર રત્નત્રય કહે ને? એનો પરિણમનારો નથી. પરિણમનારો નથી એટલે કર્તા નથી એમ કહે છે. એ તો શુદ્ધ ચૈતન્યનો પરિણમનારો છે. સમજાણું? એને આત્મા કહીએ. એમ ભગવાન આત્મા હરખ-શોકનો ભોગવનારો નથી. હરખ-શોકને ભોગવે એ આત્મા નહિ, અણાત્મા છે. આહાહા..!

પોપટભાઈ! ભારે વાતું ભાઈ! છ ખંડના રાજમાં ચક્રવર્તી રહે. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. ના. તને દેખવાની દૃષ્ટિની ખબર નથી, ભાઈ! જ્યાં ભગવાન દૃષ્ટિમાં આવ્યો, ચૈતન્ય પરમાત્મા પોતે છે એમ જ્યાં અનુભવમાં આવ્યો એને પરનું ભોગવવું તો અજ્ઞાનમાં પણ નહોતું. એને વર્તમાનમાં તો એને હરખ-શોકનો કોઈ વિકલ્પ ઉઠે એનો એ ભોક્તા છે નહિ. તને ઓલું ગોતવાનું કીધું હતું, કાઢ અંદરથી. એ કહે, આહાહા..! હવે ભવભ્રમણનો ત્રાસ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! ભવભ્રમણનો ભાવ, કહે છે કે એ આત્મા નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભવભ્રમણનો ભાવ એ મારો, (એમ માનનારો) એ આત્મા નહિ. નવરંગભાઈ! એ આત્મા નહિ. અણાત્મા છે. આહાહા..! તેમ હરખ-શોકનો અનુભવ તે આત્મા નહિ. આહાહા..! કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ... પણ છે ને? ઓલું કર્તા કીધું ખરું ને? જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્ય ભગવાન ચિદ્રૂપ પરમાત્મા પોતે એવા આત્માનો જ.. પાછી વ્યાખ્યા કરી. કે આ ચૈતન્યનો એટલે ચિદ્સ્વરૂપ આત્માનો. એમ. એ તો જ્ઞાનરૂપ છે, ચૈતન્યરૂપ છે, આનંદરૂપ છે. જ્ઞાનનો સૂર્ય છે. એવો આત્મા એ હરખ-શોકનો વિકલ્પનો પણ અનુભવનારો-વેદનારો નથી. કહો, કેશુભાઈ! સમજાય છે આમાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. એ વાત આવી. સંસાર ત્રાસ અને મોક્ષની પર્યાય ઉત્પન્ન બેય એની દૃષ્ટિમાં જ નથી. ભગવાન, અહીં કીધું ને જુઓ. એ આવશે. અર્થમાં આવશે. અર્થમાં લેશે. અહીં ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એ હરખ-શોકને ભોગવે એ તો જડ છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનાનંદ પ્રભુ એ હરખ-શોક વિકાર જે અચેતન, જેમાં ચૈતન્યનો અંશ નથી એને ભોક્તા અને હું ભોગ્ય, એ ભોગવવા લાયક અને હું એનો ભોગવનાર એ આત્મા ન કહેવાય, એને આત્મા જ કહેતા નથી. સમજાણું કાંઈ?

**'અજ્ઞાનથી જ તે ભોક્તા છે,...'** એનું સિદ્ધ કર્યું હવે. ભોક્તા છે ને? હરખ-શોકના વિકલ્પનું વેદન છે ને? એ સ્વરૂપના અભાનમાં, અજ્ઞાનમાં એ ભાસે છે. સમજાણું કાંઈ? સ્વરૂપ ચિદાનંદ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એકલા સિદ્ધનો પિંડ, સિદ્ધની પર્યાયનો પિંડ આત્મા છે. એ આત્મા રાગને ભોગવે, હરખ-શોકને વેદે, એમાં ઠીક લાગે, કહે છે એ તો અજ્ઞાનથી છે. સમજાણું કાંઈ? ક્યાંક એને રાગમાં પરની વસ્તુના લક્ષે પ્રમોદ આવી જાય અને એ પ્રમોદનો અનુભવ (થાય) એ અજ્ઞાનથી છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન **'અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.'** લ્યો, સિદ્ધ કર્યું. એ અજ્ઞાન નામ વસ્તુના સ્વરૂપનું ભાન નહોતું. એ નિર્વિકલ્પ આનંદનો કંદ આત્મા છે એનું ભાન નહોતું

એટલે હરખ-શોકના વેદનમાં આવતો અજ્ઞાની. એ અજ્ઞાનનો નાશ અંશનો થતાં ત્રિકાળી આનંદકંદ છું એવા આત્માનો અનુભવ થતાં એ હરખ-શોકનો અભોક્તા છે. સંસારી પર્યાય ઉદયનો અભોક્તા એમ કહે છે. એ ઉદયભાવનો અભોક્તા, ઉદયભાવનો અકર્તા એમ કહે છે. સમજાણું કાંઈ? પરમ સ્વભાવ ભગવાન આત્મા, એ ઉદયભાવ કહેવાય છે ને? બોલો કેટલાય કહેવાય છે. ફલાણાના ઢીકણાના, એક નથી ત્યાં એકવીસ ક્યાંથી આવ્યા? કહ્યું ને, આત્મા એક અને બાવીસ પરિષહ ક્યાંથી આવ્યા? એટલું બધું સહન કરવાનું બાવીસ પ્રકાર? આત્મા એક અને બાર પ્રકારના તપ, આત્મા એક અને બાર પ્રકારની ભાવના. આ શું કહે છે? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, એનો અંતર અનુભવ અને એની પ્રતીત-આત્માની પ્રતીત, આ આત્મા એમ ભાન થતાં તે હરખ-શોકનો ઉદયભાવ છે એનો એ અનુભવનારો આત્મા નથી એટલે જ્ઞાની નથી. સમજાણું કાંઈ? આ કામ બહુ આકરા.

'**અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.**' વસ્તુ તો અભોક્તા છે. અજ્ઞાનનો નાશ થતાં એ અભોક્તાપણું અનુભવમાં આવે છે. પરનું અભોક્તાપણું આવે છે. સ્વના આનંદનું, શાંતિનું ભોક્તાપણું આવે છે. એ તો નકારથી વાત કરી છે. સમજાણું? એ શ્લોકમાં હવે કહે છે.

'**હવે આ અર્થને ગાથામાં કહે છે :-**'

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।।३१६।।**

શું કરે હવે એ? કર્મફળને જાણે એમ કહ્યું પાછું. જાણે. જાણે. જાણવું એનું ક્યાં? શું કરે પણ? અહીં નથી થતું તો જાણે એમ કહેવામાં આવે છે.

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

લ્યો, ઉદય આવ્યું જુઓ અહીં. ઉદય આવ્યું. ઓલામાં ભોક્તાની સામાન્ય વ્યાખ્યા હતી ને, ભાઈ! આ ઉદય આવી ગયો.

આહાહા..! ઉદયભાવ, વિકૃતભાવનું કરવાનું, વેદવું સ્વરૂપમાં ક્યાં છે? સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન એ ઉદયભાવને કરે, વેદે એ તો અણાત્મા છે. ચાર ગતિમાં રખડનાર તે અણાત્મા છે. આહાહા..! ભવમાં ભ્રમણ કરે તે અણાત્મા છે એમ કહે છે. ભગવાન આત્મા રખડે? સમજાણું કાંઈ? એ તો પોતાના આનંદ સ્વરૂપમાં સ્થિર થઈને આનંદને અનુભવે. એને આત્મા કહીએ. નવરંગભાઈ! જુઓ હવે આવ્યું.

'**ટીકા :- અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' એક શુદ્ધ ભગવાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ, એકરૂપ ચૈતન્ય શુદ્ધ, જે છઠ્ઠી ગાથામાં આવ્યું છે તે. સમજાણું કાંઈ? કહ્યું હતું ને શિષ્યે? મહારાજ! એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ? છઠ્ઠી ગાથાથી ઉપાડ્યું છે. એવો તે શુદ્ધ ભગવાન શુદ્ધ કોણ છે કે જેને જાણવો જોઈએ? કહે છે કે ભાઈ! એ જેટલી પર્યાયના અંશો રાગાદિના કે રાગના અભાવરૂપ, એ પર્યાયથી ભિન્ન જે જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા છે, એને પરના લક્ષથી જુદો પાડીને સેવે એને શુદ્ધ કહીએ. અમથો શુદ્ધ છે એમ નહિ. સમજાણું કાંઈ?

શુદ્ધ આત્મા એને કહીએ કે જે પ્રમત્ત-અપ્રમત્તની દશાઓ, ગુણસ્થાનની દશાઓ-અવસ્થાઓ, એનું લક્ષ છોડી અને દ્રવ્ય સ્વભાવ છે તેનું સેવન કરે. વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય મૂર્તિ છે તેની સેવા કરે, ઉપાસના કરે. ઉપાસના કરે એને એ દ્રવ્ય શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને! કઈ રીતે મૂકી છે અલૌકિક વાત પણ! સાધારણ શબ્દોમાં પણ ક્યાં વાતને... દરબાર ખડો કર્યો છે. આહાહા..! એકલો પ્રભુ છે. એને પ્રમત્ત-અપ્રમત્તના વિકલ્પો ક્યાં છે? અને પ્રમત્ત-અપ્રમત્તની દશાઓ ક્યાં છે?

ત્યાં તો એમ લઈ લીધું છે કે જો એ અવસ્થા વિકારાદિપણે થાય તો જ્ઞાયક તે જડ થઈ જાય. એ તો ચિદ્દ્ઘન છે. એ પ્રમત્તપણે એમ કેમ થાય? એ અવસ્થાપણે કેમ આવી જાય? એ તો જ્ઞાયક સ્વરૂપ ભગવાન છે. એને પણ શુદ્ધ ક્યારે કહીએ? એ તો છે શુદ્ધ પણ શુદ્ધ એના ખ્યાલમાં આવ્યા વિના શુદ્ધ ક્યાંથી આવ્યો? ખ્યાલમાં તો આ પર્યાયમાં અશુદ્ધ અને રાગાદિ છે. એને શુદ્ધ ક્યાંથી આવ્યો? એ રાગાદિ એનાથી લક્ષ છોડી અને ધ્રુવ ચૈતન્ય ભગવાનની સેવા પર્યાયમાં આ બાજુ ઢળે, આ બાજુથી ખસે અને આ બાજુ ઢળે ત્યારે તેને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. ભારે આકરું, ભાઈ!

અહીં તો હજી ઝઘડા દયાના ને દાનના. આહાહા..! ઓલા તેરાપંથીનું પુસ્તક છે ને? એમાં કેટલું લખ્યું છે! ઝઘડા બધા. ચાલે છે કે નહિ ત્યાં? બાબુભાઈ ક્યાં ગયા? તમારે ચાલે છે ને અમદાવાદમાં? ઓલા કહે, દયા, દાન ઉથાપે અને ઓલો કહે દયામાં ધર્મ થાય, ઓલો કહે, દયામાં પાપ થાય. બચાવવું એ પાપ, આ કહે કે બચાવવું એ ધર્મ. અરે.. ભગવાન! શું કહે છે તું ભાઈ? એ બચાવવાનો વિકલ્પ શુભ છે. સમજાય છે? પુણ્ય છે. પણ પુણ્ય એ મારી ચીજ છે એમ માનનાર તે આત્મા નથી, એમ કહે છે અહીં તો. ભારે વાત! જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ચાલે છે.

ઉત્તર :- ચાલે છે ને ત્યાં? ચાલે છે. એ આવ્યું હતું. જરી આવ્યું હતું થોડું. આહાહા..! હવે ઝઘડા-બઘડા મૂકને ભાઈ પડતા. અહીં જાને અંદર. એ દુનિયા તો દુનિયામાં રહેશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ આત્મા એમ શબ્દ વાપર્યો છે પહેલો. શુદ્ધ. એકરૂપ ત્રિકાળ ભગવાન આત્મા, તેના જ્ઞાનના અભાવને લીધે. આ વસ્તુ છે. એમ નથી કાંઈ કહ્યું કે ત્યાં દર્શનમોહના ઉદયને કારણે આમ છે ને ફલાણાને કારણે આમ છે. એ કાંઈ છે જ નહિ. વસ્તુ પોતે જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન છે એનું જે જ્ઞાન. એમ. આત્મા જે શુદ્ધ છે તેનું જ્ઞાન. આ વસ્તુ છે, આ વસ્તુ છે એવું જ્ઞાન. એના અભાવને લીધે. સમજાણું કાંઈ? એમ કહી શુદ્ધ અસ્તિથી પહેલું સ્થાપ્યું. શુદ્ધ અસ્તિ. ઓલા કહે છે ને કે વિકલ્પ તોડો. વિકલ્પ પણ તોડે કોણ? તોડે કોણ? એ તો નાસ્તિથી વાત છે. અસ્તિ શું ચીજ છે? સમજાણું કાંઈ? એનું ક્ષેત્ર કેટલું? એના ભાવની સીમા કેટલી? સમજાણું કાંઈ? તો દ્રવ્ય ઈ. અસંખ્ય પ્રદેશી એક દ્રવ્ય. અનંત ભાવનું એકરૂપ, અનંત ગુણનું એકરૂપ. સમજાણું કાંઈ? ત્રિકાળ છે એ તો આવી ગયું. વસ્તુ એમ ને એમ છે.

એવો આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન, એના જ્ઞાનનો અભાવ. બસ! એટલી વાત છે. વસ્તુ છે ચૈતન્ય દ્રવ્ય એનું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન, વસ્તુનું જ્ઞાન, શુદ્ધનું જ્ઞાન, એ જ્ઞાનનો અભાવ. એટલે પર તરફનું જ્ઞાન. આ જ્ઞાનનો અભાવ. રાગાદિના જ્ઞાનમાં રોકાયેલો '**સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' દેખો! અહીંયાં '**આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' સ્વ નામ ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય છે અને પર તે રાગાદિ વિકલ્પ છે એના એકત્વજ્ઞાનથી. સમજાણું કાંઈ?

ખરેખર તો એના વિકલ્પ તો ઠીક પણ એનામાં ક્ષયોપશમનો અંશ જે વિકારનો વર્તે એટલા અંશ સાથે એકત્વબુદ્ધિ અથવા એટલો હું છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સ્વ આખો અભેદ વસ્તુ છે અને પર, જેટલા વિકલ્પાદિ ક્ષયોપશમનો અંશ છે વિકાર એ પરના એકત્વજ્ઞાનથી, એ બધું હું છું. સમજાણું કાંઈ? '**સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' જુઓ! એકત્વજ્ઞાન તો આવ્યું પાછું.

મુમુક્ષુ :- મિથ્યાજ્ઞાન કર્યું.

ઉત્તર :- હા પણ એકત્વજ્ઞાન કર્યું ને? જ્ઞાન થયું કે નહિ? પેલો કહે, જ્ઞાન ન હોય. પણ જ્ઞાન તો કરે છે ઊંધું. નથી કરતો એમ હોય?

'**સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' ત્યાં પણ કીધું હતું ને બીજી ગાથામાં. પરસમય. પરને રાગને પોતાપણે જાણતો રાગરૂપે પરિણમે છે. એમ બીજી ગાથાએ શરૂ કર્યું છે. આ બધો એનો વિસ્તાર છે. બાર ગાથામાં સંક્ષેપમાં કહ્યું છે. એનો વિસ્તાર છે ... ઓહોહો..! સમજાણું? ધર્મીને વસ્તુનું ભાન છે ત્યાં કહે છે કે શરીર ઉપર અગ્નિના ઘા પડતા હોય અને તલવારની બરછી પડતી હોય ઉપર. સાતમી નરકનો સંયોગ (હોય). એનું એને વેદન નથી. એનું તો

નથી પણ તે તરફનો જરી જે અણગમાનો વિકલ્પ છે તેનું પણ એને વેદન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પણ વેદન કોને છે? કે સ્વપરના એકત્વજ્ઞાનને લઈને.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એને બીજા અંશ સાથે મેળવીને જે જ્ઞાન કરે છે અને '**સ્વપરના એકત્વદર્શનથી...**' ભગવાન શુદ્ધ વસ્તુ છે ધ્રુવ, એને અને રાગાદિને પોતાને એક માનીને અદર્શનથી એકત્વદર્શનથી. એકપણાની માન્યતાથી. ભગવાન દ્રવ્ય સ્વભાવ ભિન્ન નિર્લેપ તત્ત્વ છે, એને પર સાથે એકત્વ માનવું તે મિથ્યાદર્શન છે. '**અને સ્વપરની એકત્વપરિણતિથી...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય એવો અને પર. '**સ્વપરની એકત્વપરિણતિથી...**' એને એકરૂપે દશાથી, દશાથી.

'**પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' કેમ કે એ પોતે સ્વપરની ભિન્નતાનું ભાન નથી તેથી સ્વમાં સ્થિત નથી. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન-ધામ, સુખધામ, ચૈતન્ય ધામ એવો આ આત્મા અને રાગાદિ વિકલ્પ બેય ભિન્ન છે એમ ભાન નહિ હોવાથી, બેની શ્રદ્ધા એકત્વ હોવાથી, બેમાં એકત્વ થઈને રાગરૂપે પરિણમન કરતો હોવાથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત છે. એ તો રાગ ને દ્વેષ ને વિકલ્પ ને હરખ શોકના ભાવમાં સ્થિત છે. આહાહા..! શરીરમાં સ્થિત છે, કર્મમાં સ્થિત એમ નથી હોં! પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત છે. પ્રકૃતિ જડ, એનો સ્વભાવ, અહીં જે એના લક્ષે થતો વિકાર. એવા વિકાર. ત્યાં એમ કીધું ને? કર્મપ્રદેશમાં સ્થિત છે. અહીં પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત છે. પ્રકૃતિ તો જડ છે. પણ જડનો સ્વભાવ નિમિત્તપણે અહીં વિકાર થવું એ જડનો સ્વભાવ છે. આત્માનો સ્વભાવ નથી. એમ કહે છે. આત્મા આનંદ સ્વભાવ તો આનંદપણે પ્રગટ થાય. એમાં રાગપણું, અચેતનપણું પ્રગટ થાય એવો એનો સ્વભાવ છે? એથી એને પ્રકૃતિ તો નિમિત્ત છે, એ તો પર છે હોં. એના લક્ષે ઉત્પન્ન થયેલો જે હરખ-શોક એમાં જે સ્થિત છે. હરખના વિકલ્પમાં, પર્યાયમાં એ વિકલ્પની વૃત્તિ ઉઠી એમાં જે સ્થિત છે.

'**પ્રકૃતિના સ્વભાવને પણ...**' એમ. પ્રકૃતિના સ્વભાવને પણ એટલે પોતે તો છે પણ આના સ્વભાવને પણ. એમ. હુંપણે હુંપણાને અનુભવતો નથી, પણ રાગને પણ હુંપણે અનુભવતો, એમ. સમજાણું કાંઈ? આ દિવાળીની વાત ઝીણી છે, ભાઈ! એવી કોઈ વાત નથી કે ઝટ દઈને આ લાડવા કર્યા અને ખાધા. આમ લહેર કરે જુઓને માણસો. નવા લૂગડા પહેરે, દાગીના પહેરે, વળી મોઢા આગળ નાખે અહીં. એક આ નાખે, એક આ નાખે. .. હોય ને... સોનાની. ભૂતડાને શણગારવું છે. મરી ગયેલું મડદું. મડદું છે આ તો અચેતન-અચેતન. અહીં તો રાગ અચેતન છે તો આ વળી અચેતન તો અચેતન તો કેવો અચેતન! આહાહા..! સમજાણું કાંઈ?

એ રાગ ને હરખનો વિકલ્પ તે અચેતન છે. જ્ઞાનના અંશનું કિરણ એમાં રાગ અચેતનમાં ક્યાં છે? આ તો મડદું ચોખ્ખું છે. આ તો મડદું એકલા રજકણનું બનેલું મડદું છે. આહાહા..! એ મડદાને શણગારવું ભાઈ! આ રાગનો શણગાર મારો એ માન્યતા પણ અજ્ઞાનીની છે એમ કહે છે અહીં. એ રાગના શણગારમાં સ્થિત થયો, '**પ્રકૃતિના સ્વભાવને પણ હુંપણે અનુભવતો...**' એમ. પોતાને હુંપણે (અનુભવતો નથી). જે પર છે એમ. પોતાનો જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ છે એને ભૂલીને રાગ અને પુણ્ય-પાપના વિકલ્પોને પણ અનુભવતો. એમ. એને પણ અનુભવતો. જે પર એનામાં નથી એને પણ અનુભવતો. એમ. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ!

મુમુક્ષુ :- સુખની...

ઉત્તર :- એ સુખની કલ્પના એટલે દુઃખને વેદે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમે પૈસે ટકે સુખી છીએ, કુટુંબે સુખી છીએ, બધી રીતે હામ, દામ ને ઠામ અમારી પાસે છે. અમે આત્મા છીએ એમ નહિ. પોપટભાઈ! ક્યાં ગયા? ઉત્તમચંદભાઈ! છે કે નહિ? કહો, સમજાણું કાંઈ? મૂરખ છો કહે છે. હામ, દામ, ઠામ તારી પાસે ક્યાંથી આવ્યા? તું તો આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છો. એમાં વળી હામ, દામ, ઠામનો પુરુષાર્થ?

એક ફેરી ત્યાં એમ પ્રશ્ન ઉઠ્યો હતો. ઘણાં વર્ષ પહેલા. પંચાધ્યાયીમાં આવે છે એક બોલ કે આત્મા પુરુષાર્થ કરી શકતો નથી. એવું આવે છે. એટલે શું? એક પુરુષાર્થ કરીને એકલો વિકલ્પ પુરુષાર્થનો કરે તો ક્યાં આત્મા મળે એવું છે? એવી ગાથા છે. જુઓ, પુરુષાર્થ કરી શકતો નથી. ભાઈ! એ બીજી વાત છે. તું ક્યાં ઉડાડે છે? પુરુષાર્થ એકલો વીર્યનો ગુણભેદ પાડીને હું પુરુષાર્થ કરું એવું એના સ્વરૂપમાં ક્યાં છે? એકલો પુરુષાર્થનો પિંડ છે. એકલું બળ બળ પિંડ કહો. એકલો અનંત એવી પર્યાય વીર્યની જે અનંતી એનો પિંડ છે એ તો. એમાં એક સમયનો પર્યાય જુદો પાડીને આ કરું એવું એનામાં છે નહિ.

અહીં તો કહે છે કે એ રાગમાં આમ કરું છું... આમ કરું છું... એ પ્રકૃતિનો સ્વભાવ છે. વ્યભિચારી સ્વભાવ છે. આહાહા..! શુદ્ધ ભગવાન આત્માના અજ્ઞાનને લઈને સ્વપરના એકત્વના જ્ઞાનથી, સ્વપરની એકત્વની શ્રદ્ધાથી અને સ્વપરની એકત્વની પરની પરિણતિ. જુઓ! એ રાગની અને હરખની પરિણતિ જ પરની છે એમ કહે છે. પહેલેથી ઉપાડ્યું ને? એકત્વ પરિણતિ. સ્વપરની એમ લીધું છે ને? ભાઈ! '**સ્વપરની એકત્વપરિણતિથી...**' એનો અર્થ કે ભગવાન જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની પરિણતિ તો નિર્મળ હોય. એને ઠેકાણે રાગની જે પર પરિણતિ વિકલ્પ જે મેલ જે શુભ ને હરખનો વિકલ્પ, એ સ્વથી પર ભિન્ન છે. એ સ્વપરની એકત્વ. બેની એકત્વ પરિણતિથી આ હું છું એમ પરિણતિથી. સમજાણું કાંઈ?

'**સ્વપરની એકત્વપરિણતિથી...**' પર એટલે ઓલા જડ નહિ, હોં! રાગનો વિકલ્પ તે પર. સમજાણું કાંઈ? એ '**પ્રકૃતિના સ્વભાવમાં...**' એટલે વ્યભિચારી ભાવને, જે સ્વભાવથી નહિ ઉત્પન્ન થયેલો, સંગમાં ઉત્પન્ન થયેલો, પરસંગથી ઉત્પન્ન થયેલો એવો વ્યભિચાર. પુણ્ય અને પાપ, હરખ અને શોક આદિ વિકલ્પ એવા વ્યભિચાર ભાવ, એવા '**સ્વભાવને પણ હુંપણે અનુભવતો...**' આત્માપણે વેદતો, આત્માપણે અનુભવતો, '**(અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ આ હું છું એમ અનુભવતો થકો)...**' રાગ અને હરખ તે હું છું એમ વેદતો. '**કર્મફળને વેદે છે-**' એ તો કર્મના વિકારના ફળને વેદે છે. એ આત્માનું ફળ નથી. આત્માના આનંદના ખેતરમાંથી તો આનંદ પાકે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો એનો ક્યારો જ અનંત આનંદથી ભરેલો છે. એમાંથી તો આનંદ, અતીન્દ્રિય આનંદ, શાંતિ પાકે. એને છોડીને આ કરું છું, રાગ અને હરખનો વિકલ્પ જે છે એ તો કર્મફળ છે. જેને પર કહ્યો, જેને ઉદયભાવ કહ્યો, જેને પ્રકૃતિનો સ્વભાવ કહ્યો, જેને કર્મનું ફળ કહ્યું. આટલા શબ્દ વાપર્યા. સમજાણું કાંઈ? '**વેદે છે-ભોગવે છે;...**' લ્યો! અજ્ઞાની પોતાના આનંદ સ્વરૂપને જે ત્રિકાળી આનંદ છે, ત્રિકાળી આનંદ સ્વરૂપ જ છે, એને ભૂલી અને પ્રકૃતિનું ફળ, પ્રકૃતિનો જે સ્વભાવ, જડનો જે સ્વભાવ, હરખ-શોક અને પુણ્ય-પાપ એ જડનો સ્વભાવ, એ પ્રકૃતિનો સ્વભાવ, એ કર્મનું ફળ, એ ચૈતન્યનું ફળ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**કર્મફળને ભોગવે છે;...**' લ્યો! આ સંસાર. સમજાણું કાંઈ? આનું નામ મિથ્યાત્વભાવ અને અધર્મભાવ. એ અધર્મભાવ બહારમાં થાતો નથી. બહારથી થતો નથી. સમજાણું આમાં? ભગવાન આત્મસ્વભાવને ભૂલી એ જેમાં નથી એમાંથી પ્રકૃતિનો ભાવ ઊભો કર્યો પર્યાયમાં અને એને હુંપણે અનુભવવું, એ મારાપણે વેદવું એ અજ્ઞાનીનું ભોગવવું છે. એ અજ્ઞાની એને ભોગવે છે. દાળ, ભાત, શાક, રોટલી, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે સ્ત્રીના શરીરને કોઈ ભોગવે એ ત્રણ કાળમાં બનતું નથી. માણસ તો કહે છે ને, ભાઈ! પૈસા મળ્યા, ઈશ્વરે આપ્યા તો ભોગવે ને? શું ધૂળ ભોગવે? આત્મા ભગવાન ધૂળને ભોગવે? એના મેલને ભોગવે અજ્ઞાનપણે. સમજાય છે? એના મેલને ભોગવે અજ્ઞાનપણે. પણ પરને ભોગવે? એમ થાય કે ભાઈ હવે રળી ચૂક્યા, ૫૦ વર્ષ થયા, ૬૦ વર્ષ થયા. ૨૫ વર્ષ રળ્યા, હવે ખાઈશું, હવે ભોગવીએ. પુણ્યને ભોગવીએ. આહાહા..!

એ તો અહીં પ્રશ્ન થયો હતો. બસ આવી લાગે છે અત્યારે. ઘણાં વર્ષ પહેલા થયો હતો. ૮૨. ૭૭ પછી નીકળ્યા હતા. ૮૬. ૮૬-૮૬. પુણ્યનું ફળ શું? એમ પૂછ્યું હતું. મેં કીધું, પુણ્યનું ફળ આ ઢગલા ધૂળના આપે ઈ. ત્યારે ભોગવે? ભોગવે એ પાપ. ઈ પુણ્યનું

ફળ નહિ. ... પ્રશ્ન થયો હતો. ૮૨ની સાલ વાત છે. ૪૧ વર્ષ. ૮૬. ૧૪ ને ૨૩ કેટલા થયા? ૩૭ વર્ષ થયા. ૮૬ એટલે. ૭૭માં આવ્યા હતા પહેલા. પણ એ વખતે ત્યાં ગયા નહોતા. વળાના ઉતારામાં હતા ૮૬માં. ૮૨માં આવ્યા. ૭૭ ને બે વાર ગયા હતા. ૮૩-૮૩. ૮૩માં. ૮૬માં તો હરગોવિંદભાઈના મકાનમાં હતા. ઓલી કોર છે ને મકાન? ૮૩માં વડાના ઉતારામાં હતા. ૭૭માં દવાખાને હતા. દવાખાને ઉતર્યા હતા. ૮૩માં. પુણ્ય એટલે શું? મેં કીધું, પરમાણુ પડ્યા હોય તો આ બહારના ઢગલા દેખાય. એને ભોગવેને? કીધું, ભોગવે તો પાપ છે. સમજાણું? શું ભોગવે? જડને ભોગવે? કલ્પના કરે કે હું પુણ્યશાળી છું અને મને પુણ્ય મળ્યા છે. અમે પૂર્વે કર્યા હતા એ અમને મળ્યા છે. એમ કરીને અજ્ઞાની રાગને, હરખને ભોગવે. એ મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે. આહાહા..! ભારે આકરી વાત! એ આત્મા નહિ. કેમ? એ તો પહેલા કહેવાઈ ગયું કે આત્મા એનો ભોક્તા નથી. ભોક્તા નથી તે આત્મા. ભોગવે તે આત્મા નહિ. આહાહા..!

હવે જ્ઞાની. હવે સવળી વાત લે છે. એક જ ગાથામાં બે છે ને. એક જ ગાથામાં બે છે. જ્ઞાની નામ ધર્મી. '**શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે...**' ધર્મીને તો શુદ્ધ આત્મા એકલો ચિદ્‌ઘન આત્મા પરમાનંદની મૂર્તિ એ હું છું, એવા જ્ઞાનને લઈને '**શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવ...**' જોયું ને? ઓલામાં અભાવ હતો. આમાં સદ્‌ભાવ છે. '**આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે...**' એમ કીધું છે, હોં! જ્ઞાનની પર્યાય છે એ પર્યાય છે. અને શુદ્ધ આત્મા છે એ ત્રિકાળી દ્રવ્ય છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા એ વસ્તુ છે અને એનું જ્ઞાન થયું એ વર્તમાન દશા છે. બે બોલ છે ને? જુઓને.

'**જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે...**' (પહેલામાં) અજ્ઞાનને કારણે એમ હતું ને? અને શુદ્ધ જ્ઞાનના અભાવને લીધે, એમ હતું ને? શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે. અહીં શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે. ધર્મીને તો શુદ્ધ આત્મા જ જ્ઞાનમાં વર્તે છે. જ્ઞાનની દશામાં-પર્યાયમાં આ શુદ્ધ આત્મા જ વર્તે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં એટલે? એ પર્યાય શુદ્ધ આત્માને સ્વીકારે છે. એ પર્યાય રાગને સ્વીકારતી નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવ...**' નામ હયાતીને લીધે. સદ્‌ભાવ.

'**સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' સ્વ તે શુદ્ધ પ્રભુ આત્મા છે. રાગાદિ તે પર વિકાર છે. એવા જ્ઞાનથી. છે ને? એ બેને ભેગા નાખીને જ્ઞાનથી કહ્યું. શ્રદ્ધામાં એમ લેશે. સર્વવિશુદ્ધ જ્ઞાન છે ને (એટલે) જ્ઞાનથી વાત કરી. નહિતર દર્શનનો વિષય તો એકલો અભેદ છે, ધ્રુવ છે. પણ અત્યારે જ્ઞાનથી વાત કરે છે ને? દર્શન છે સમ્યક્ એનો વિષય તો એકલો ધ્રુવ

ચૈતન્યમૂર્તિ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, શુદ્ધ ભગવાન આત્મા એનું જ્યાં જ્ઞાન છે, એની હયાતીને લીધે '**સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' શુદ્ધ ધ્રુવ ચૈતન્ય તે હું છું. અને રાગ તે મારામાં નથી એવું ત્યાં પરિણમન વર્તે છે. મારામાં નથી એવું એમ નથી ત્યાં. સમજાણું કાંઈ? રાગાદિ મારામાં નથી એટલે નાસ્તિપણે, એના નાસ્તિપણે પરિણમન છે, અને શુદ્ધ આત્માના અસ્તિત્વપણે જેનું જ્ઞાન છે. ભારે ઝીણું. માણસે પછી ગોતી નાખ્યો ધર્મ અવળો, સોંઘો-સોંઘો. આવું અંદર ઝીણું પડે ને એટલે ધર્મ ગોતી નાખ્યો કે આ દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ ધર્મ. જાય રખડવા ચાર ગતિમાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનો શુદ્ધ સ્વભાવ, એનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એમ વિભાગજ્ઞાન. એમ કીધું ને? વિભાગ નામ ભેદજ્ઞાન. સ્વપરના ભેદજ્ઞાનથી, વિભાગજ્ઞાનથી. વિભાગનો અર્થ કે આ વિકલ્પ છે તે પ્રકૃતિ સ્વભાવ છે, આ આનંદ છે તે હું છું. એવું સહજ જ્ઞાન અંદર વર્તે છે. તો ભાષા તો એમ જ કહે ને? વિભાગ. આ રાગ છે ને આ હું છું. એમ વારંવાર થયા કરે છે ત્યાં? સમજાણું કાંઈ? અને રાગ થયો પછી વિચારે કે આ રાગ મારો નથી. એમ હશે? અહીં તો પહેલેથી એ વખતે જ કહે છે. '**સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' રાગ આવી ગયો. આ રાગ નહિ મારો. પણ એ તો નવો પાછો વિકલ્પ ઉઠ્યો. સમજાણું કાંઈ? જે સમયે રાગ થાય એ સમયે કાંઈ ટળાય છે? એમ કહે છે. એમ કહે છે. પણ એ જ સમયે ટળે છે. સાંભળને. ટળે છે એટલે જુદો પડે છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ વખતે ભેદજ્ઞાન થાય છે ને?

ઉત્તર :- સ્વતંત્ર છે. આમ જ્યાં ઢળ્યું છે તો રાગ એમાં આવતો નથી. ટાળવો છે ક્યાં ને ઉઘાડવો છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? શૈલી તો ભાઈ એવી છે જરી સૂક્ષ્મ છે. એણે એ પ્રયાસ-પ્રયત્ન કર્યો નથી ને એટલે એને ખ્યાલમાં આ બધું માથા ને હાથ, આ બધું ધૂળ, આ બધું ભાળ્યું છે પણ ઓલો કોણ છે અંદર એને ભાળ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સ્વપરના વિભાગના જ્ઞાનને લીધે. લ્યો! આ એનું નામ જ્ઞાન. સ્વપરનો વિભાગ એનું નામ જ્ઞાન. '**શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્‌ભાવને લીધે...**' પહેલી એમ વાત કરી. પછી '**સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' એમ.

મુમુક્ષુ :- શુદ્ધ આત્માનું જ્ઞાન ક્યુ કહેવાય?

ઉત્તર :- આ કહેવાય કે સ્વ અને પર એમાં નથી. સ્વની શુદ્ધતામાં આ રાગાદિ નથી. એવું સહેજ તેનું પરિણમન છે. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ? અને '**સ્વપરના**

**વિભાગદર્શનથી...**' જુઓ, આવ્યું. આ શ્રદ્ધા. સ્વપરના વિભાગરૂપ દર્શન. સ્વ અખંડ અભેદ છે આત્મા એવું દર્શન. અને પર એમાં નથી એવી શ્રદ્ધા એમાં આવી જાય છે. સમજાણું કાંઈ?

'**સ્વપરના વિભાગદર્શનથી...**' સ્વ એવો આત્મા જ્ઞાનમૂર્તિ એકલો ચૈતન્યઘન અને પર એટલે રાગાદિ પર. બેના જુદાપણાની શ્રદ્ધા. એ જુદાપણાની શ્રદ્ધાનો અર્થ કે સ્વભાવ તરફ વળ્યો છે એટલે આ આનામાં નથી એવી શ્રદ્ધા એમાં થઈ જાય છે. સમજાણું કાંઈ? '**અને સ્વપરની વિભાગપરિણતિથી...**' ભાષા દેખો! એ ભગવાન આત્મા '**સ્વપરની વિભાગપરિણતિથી...**' શું કહે છે? આ ચારિત્ર. ભગવાન શુદ્ધ પ્રભુ આત્મા અને રાગાદિ ઊઠે છે ને ઓલો પંચ મહાવ્રતનો (વિકલ્પ) આદિ? એ પર છે. સમજાય છે કાંઈ? મુનિને જે પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ વિકાર છે, પર છે. એનાથી ભિન્ન હું ચૈતન્ય શુદ્ધ એમાં ઢળતા જે પરિણતિ થઈ એ સ્વપરના વિભાગથી પરિણતિ થઈ છે. સ્વપરના એકત્વથી એ પરિણતિ નથી. અરે.. ભગવાન! પણ એટલો અર્થ કરે છે ને. એવું કરે છે ને. જાણે સોનગઢવાળાએ તો શું કરી નાખ્યું? ગુનો કર્યો હોય એવું કરે છે.

ભગવાન! તને ખબર નથી, પ્રભુ! આ વાતે આવ્યા વિના તારા નિવેડા નથી. ગમે એટલા તું શાસ્ત્રના ઊંધા અર્થ કર કે ગમે તેવા કર. પણ આ સમજ્યા વિના તારા નિવેડા નથી. તારા અગિયાર અંગના ઉઘાડના ક્ષયોપશમ ત્યાં તોળાય એવા નથી. હવે તારા અત્યારના સોળ ક્ષુલ્લક આ તૈયાર આવી ગયું. સોળ પુસ્તક. હવે સોળ શું? લાખ હોય ને. શું છે ત્યાં? એની સાથે શું? 'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો માત્ર મનનો આમળો.'

મુમુક્ષુ :- કોટી એટલે કરોડ કહે છે.

ઉત્તર :- કરોડો. આવે છે ને? 'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો માત્ર મનનો આમળો.' ઉતાર્યો, હું કાંઈક ભણ્યો, મને કાંઈક આવડે છે જ્ઞાન. આ સાચા જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય પણ એનું અભિમાન તે પણ મિથ્યાત્વ છે. પર્યાય છે, એ તો પર્યાયબુદ્ધિ થઈ. આ તો ખોટા જ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે.. છે. એટલે સ્વપરના વિભાગની પરિણતિ છે. ચારિત્ર લેવું છે ને અહીંયાં? ભગવાન આત્મા ચૈતન્યઘન આનંદની પરિણતિ છે. અને રાગથી રહિત પરિણતિ છે, રાગથી ભિન્ન પરિણતિ છે. એ વિકલ્પ જે પંચ મહાવ્રતના ઉઠે અઠ્ઠાવીસ ગુણના મુનિને, એવો જે વિકલ્પ એનાથી વિભાગ. વિભાગ ભાગ પડીને જુદી પરિણતિ છે. એક છે નહિ. ચારિત્રની ધારાની પરિણતિ અને રાગની પરિણતિ બે ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે મહાવ્રત પાળ્યા હતા ને? અરે..! સાંભળ! એ તો વ્યવહારનયના કથનો આવે ત્યારે એમ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે. મહાવ્રત પાળે, દોષ લાગવા દે નહિ. વાત તો વ્યવહાર આવે ત્યારે શું આવે? કથન તો એમ જ આવે ને. સમજાણું કાંઈ? મહાવ્રત અંગીકાર કરે એમ આવે, લ્યો. રાગની ક્રિયા કરતા હશે? મુનિ થઈને મહાવ્રત અંગીકાર કરે. સર્વસાવદ્યયોગના પચ્ચખાણ. મહારાજ! મને દ્રવ્યલિંગ આપો, મને ભાવલિંગ આપો. ચરણાનુયોગમાં એમ આવે. સમકિતી હોય જ્ઞાની, એ પણ મુનિ ધર્માત્મા સમકિતી ચારિત્રવંત.. પ્રભુ! મને દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો. એ ઓલો વિકલ્પ ઉઠ્યો છે ને કે મને દ્રવ્યલિંગ એટલે પંચ મહાવ્રતને ગ્રહણ કરવાના ભાવ અને સ્વરૂપની સ્થિરતા કરાવો. કરાવો એ કહે. લ્યો. ત્યાંથી થાતા હશે? આહાહા..!

મુમુક્ષુ :- ગુરુ આપે.

ઉત્તર :- ગુરુ આપી દેતા હશે? એની પાસે હશે એની પર્યાય? પણ વ્યવહારના કથનની પદ્ધતિ એવી છે. એમાં એમ કહેવામાં આવે છે. એટલે કે એમ નથી, પણ વસ્તુ પોતાની પરિણતિ કરે છે ત્યારે અહીંયાં આપ્યું એમ કહેવામાં આવે છે વ્યવહાર ભાષા એવી છે. ચરણાનુયોગમાં આવે છે. પ્રવચનસારમાં હોં એમ કહે. મહારાજ!... સમકિતી હોં! ક્ષાયિક સમકિતી હોય. પ્રભુ! મને દ્રવ્યલિંગ, ભાવલિંગ અંગીકાર કરાવો. ઉપકાર કરો, અનુગ્રહ કરો, પ્રભુ! આહાહા..! એવો એક વિકલ્પ ઉઠે છે. છતાં તે વિકલ્પના પરિણમનથી ભિન્ન પરિણમન છે. એકત્વ નથી. એને વ્યવહારથી એમ કહેવામાં આવે. વ્યવહારની ભાષા જ એવી છે. સમજાણું આમાં? ક્યાં ગયા જયંતિભાઈ? ભાવનગર. ત્યાં ઠીક. એ આ બધા સમજવાના હોં. ઓલા પંડિતો તોડી નાખે એવું છે. વ્યવહાર નથી? વ્યવહાર શ્રુતજ્ઞાનનો અંશ છે. એ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. જ્ઞાનનો અંશ છે એ ખોટો છે? વ્યવહાર અભૂતાર્થ છે? એય..! વ્યવહારનયનો વિષય છે તો વ્યવહારનય છે કે નહિ? છે તો વ્યવહારનય શ્રુતજ્ઞાનનો અંશ છે કે નહિ? શ્રુતજ્ઞાનનો અંશ છે એ પ્રમાણ છે કે નહિ? એ અંશ સાચો છે કે ખોટો છે? એય.. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ... લગાવ્યા છે.

ઉત્તર :- હા, લગાવ્યા છે એમાં. લગાવ્યા છે એમાં. આ તો અમારે જયંતિભાઈ કહેતા હતા કે આપણે તો ઉપરથી આ ધારેને થોડું? આવું કેમ આમ માનતા હશે? આપણે તો બરાબર કહીએ છીએ. પણ ઓલા એવા તોડી નાખે એવા કરે ને કુતર્ક. ઓલાએ ન જાણ્યું હોય તો એં.. એં.. થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાકા રાખવા ઈ કઠણ છે. લીટો પાછો ભુંસાય નહિ. એને પોતાને ભાસ્યા વિના તે ભાવનો લીટો નથી ખસતો એમ શી ખબર પડે એને? અત્યારે કુતર્કો એવા લાગ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એ છે ને અનાદિથી એવા છે. જ્યાં સુધી એને અંતરની ઘડ ન બેસે ત્યાં સુધી એ બધા પ્રશ્નો ઉઠે. શાસ્ત્રમાં આમ છે, તેમ છે, જુઓ! ન્યાયનું ભણવું, ન્યાય શાસ્ત્રનું ભણવું. જુઓ! ત્યાં તો એમ કહ્યું, અષ્ટ સહસ્રીને ભણે તો બધો સાર આવી જાય એકમાં. લખ્યું છે ને. અષ્ટ સહસ્રીને ભણે તો ન્યાયના વિષય (છે). ન્યાય વિષયનું જ્ઞાન તો પર તરફનું છે, એ તો વિકલ્પ છે. કહો એમાં બધો આત્મા આવી જતો હશે? એય..! એ તો કથનની પદ્ધતિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરવો. એનો અર્થ એ કે એ છોડીને અંદરમાં એ બતાવે છે કે અખંડાનંદ ભગવાન છે. એવા આત્માનું શરણ લે ત્યારે તેં અષ્ટ સહસ્રીને જાણી એમ કહેવામાં આવે છે. હું ભણ્યો. ...

સ્વપરની એકત્વપરિણતિથી '**પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો...**' ઓલો પ્રવર્તેલો હતો. અનુભવતો હતો એમ છે ને? '**સ્વભાવમાં સ્થિત હોવાથી...**' આ પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો. એ રાગ અને હરખ-શોકથી ધર્માત્મા નિવર્તેલો છે. એનું નામ નિવૃત્તિ છે. નિવૃત્તિ આ બહારથી લઈને બેઠો એ નિવૃત્તિ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ નિવૃત્ત સ્વરૂપ જ છે. એ નિવૃત્તમાં ઓલા રાગથી નિવર્તીને પરિણમન થાય છે તે રાગથી નિવર્તેલો જ્યાં બેઠો હોય ત્યાં એ નિવર્તેલો જ છે રાગથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકાંતમાં જ બેઠો છે ઈ. આહાહા..! કાંઈ એને કોલાહલ નડતા જ નથી. સમજાણું?

'**પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો)...**' ભગવાન આત્માના અંતર પરિણતિએ ચડેલો શુદ્ધ સ્વભાવની રમતે રમતો, એ રાગના વિકલ્પથી ખસી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાવવું હોય તો એમ સમજાવે ને. શું કરે? ખસી ગયો, લ્યો ખસવું એમ હશે એમાં? નિવર્તેલો એટલે એ જ આત્માના અંદર સ્વરૂપના આરૂઢમાં પરિણતિ કરતો રાગથી નિવર્તેલું જ એનું સ્વરૂપ છે એમાં. સમજાણું કાંઈ?

'**હુંપણે અનુભવતો થકો...**' જુઓ! છે ને? '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ હુંપણે અનુભવતો...**' લ્યો! શુદ્ધ ભગવાન આત્મા આનંદસ્વરૂપ એવા સ્વભાવને એકને જ. એકને જ. બે વેદન નહિ. અહીં એમ નથી. સાધકને થોડો રાગાદિ હોય એ અહીં વેદન હોય એને ગણ્યો નથી. એનું વેદન નથી. એના વિનાનું વેદન તે જ વેદન આત્માનું છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ...**' એકને જ. વળી એકાંત નથી થઈ જતું? કેવળી થઈ ગયો? થોડો ઓલો રાગ છે એને વેદે છે એમ નાખો ને. નહિતર અનેકાંત નહિ થાય. એ એકાંત જ છે આ. એ એકાંત એ જ અનેકાંતનું જ્ઞાન કરાવે છે.

સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ હુંપણે અનુભવતો...**' હું જ્ઞાયક ચૈતન્ય છું એવી પરિણતિને વેદતો '**ઉદિત કર્મફળને,...**' રાગને, હરખને, '**તેના જ્ઞેયમાત્રપણાને લીધે,...**' સમજાવે શું? રાગ છે એ જ્ઞેય છે. જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાનનું જ્ઞેય છે એટલે જ્ઞાન જોવે છે કે આ જ્ઞેય છે, આ જ્ઞેય છે? એમ. પણ જ્ઞાનમાં પોતાને જાણતું જ્ઞાન એ રાગને જાણવાના જ્ઞાનપણે પરિણમેલું જ્ઞાન, એને જ્ઞેય છે આ રાગ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો બહુ અભ્યાસ કરે તો સમજાય એવું છે, હોં! એની મેળાએ સમયસાર વાંચી નાખે તો બેસે એવું નથી કાંઈ.

મુમુક્ષુ :- તો શું કરવું?

ઉત્તર :- નિવૃત્તિ લઈને સાંભળવું. કપુરભાઈ! એય.. બાબુભાઈ!

ભગવાન આત્મા.. આહાહા..! કહે છે કે સ્વજ્ઞેય કરે અને પાછું પરજ્ઞેય કરે. બેને કરે. એનો અર્થ છે-ભગવાન આત્મા પોતાના સ્વભાવના સન્મુખના પરિણમનમાં, વેદનમાં છે, ત્યારે રાગ પરજ્ઞેય તરીકે રહી જાય છે. રાગાદિ ભાવ છે થોડો. અહીં તો છે ને? કહેવું છે ને એને? નથી એમ નથી કહેવું. કાંઈ કેવળીની વાત નથી અહીં. આ તો સાધકજીવની વાત છે. સમજાણું કાંઈ?

'**જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે,...**' એ આગળ કાઢી નાખશે પછી. અહીં તો હળવે હળવે આગળ લેતા લેતા કાઢી નાખશે. પરને જાણે છે એમ નહિ અને જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવા ભેદ પણ એમાં નથી. એ તો ક્રમે ક્રમે કહે ને. કાઢી નાખશે. '**પરંતુ તેનું હુંપણે અનુભવાવું અશક્ય હોવાથી,...**' એ રાગનું પોતાપણે વેદાવું અશક્ય હોવાથી તે રાગને વેદતો નથી. તેને ધર્મી અને જ્ઞાની, ધર્માત્મા આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧, શુક્રવાર તા. ૩-૧૧-૧૯૬૭**
**શ્લોક-૧૯૭, ગાથા-૩૧૭, પ્રવચન-૩૮૫**

સમયસાર. સર્વવિશુદ્ધ અધિકાર. ૧૯૭ કળશ. એ ભાવાર્થ આવી ગયો છે એમાં. ૧૯૭ કળશ છે.

**अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको**
**ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।**
**इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां**
**शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता।।१९७।।**

શું કહે છે? અજ્ઞાની એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય છે, આનંદમય છે એવું જેને ધર્મનું ભાન નથી.

મુમુક્ષુ :- અજ્ઞાન શબ્દ...

ઉત્તર :- હા. અજ્ઞાનીનો અર્થ એ છે અજ્ઞાની. અજ્ઞાની એટલે શું? જે આ ચૈતન્ય જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એનો સ્વભાવ, આત્માનો આનંદ અને જ્ઞાન છે એવા ધર્મની જેને ખબર નથી. એટલી એ અજ્ઞાનીની વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે એવું જેને આત્માના સ્વભાવનું ભાન નથી, તેને અહીંયાં અજ્ઞાની કહેવામાં આવે છે. એ '**અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી...**' એટલે શું કહે છે? ધર્મનું એને ભાન નથી. ધર્મ એટલે આત્માનો સ્વભાવ, આનંદ અને જ્ઞાનનું ભાન નથી. એથી કર્મના પ્રકૃતિના નિમિત્તના સંગમાં જે કંઈ શુભ-અશુભરાગ અને હરખ-શોકનો વિકલ્પ જે વિકાર થાય એને એમાં લીન વર્તે છે. સમજાણું કાંઈ? પોતાની સત્તા શુદ્ધ ચૈતન્ય અને આનંદ એવો આત્મસ્વભાવ, એની તો એને ખબર નથી. એથી એ પુણ્ય અને પાપના રાગ અને હરખ-શોકનો વિકાર એને પોતાના માની એમાં લીન થાય છે. '**લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે,...**' વિકારના ભાવનો અજ્ઞાની વેદનારો છે. એટલે કે અધર્મભાવને અનુભવનારો છે. એટલે શું? કે આત્મામાં પ્રકૃતિના સંગના લક્ષે જે શુભ અને અશુભ અને હરખ-શોકભાવ થાય તેને વેદનારો, એને અનુભવનારો તે અધર્મભાવ છે. ઝીણું છે. ડોક્ટર!

મુમુક્ષુ :- નવા માણસને તો ઝીણું પડે.

ઉત્તર :- આમાં સહેલી વાત સાદી ભાષામાં આવે છે ને. કોઈ દિ' પાટે ધૂળેય નાખી

ન હોય એને તો જરી કઠણ પડે થોડું.

મુમુક્ષુ :- આજ આવ્યું હતું, કઠણ છે તો...

ઉત્તર :- આજ સવારમાં જ આવ્યું હતું. કઠણ હતું, કઠણ છે, પરંતુ વિચાર અને આત્માનો અનુભવ કરતા તેનો આત્માનો સ્વાદ આનંદ છે એ આત્મા, એમ આવે છે. એમ સવારમાં આવ્યું હતું. કહો, સમજાણું કાંઈ? ધીરેથી સમજવું. આપણે ક્યાં ઉતાવળથી કરીએ છીએ એકદમ.

અનાદિનો અજ્ઞાની સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એણે જે આત્મા જોયો આ, એ આત્મા તો જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ જ્ઞાન અને આનંદના સ્વભાવને પોતામાં ન અનુભવતો, કેમ કે એને આત્મા જ્ઞાન અને આનંદ છે એવી એને ખબર નથી. એવો જે બેખબરો એટલે અજ્ઞાની પોતાના જ્ઞાન અને આનંદના સ્વભાવની સત્તાના અંતર દૃષ્ટિ નથી, તેથી તેનું જ્ઞાન અંદરમાં રાગ, દ્વેષ અને હરખ-શોકના ભાવ થાય તેને પોતાના માની (પરિણમે છે). ક્યાંક પોતાપણું માનવું તો પડે ને એને? આમ વસ્તુ જે ચૈતન્ય છે, એ જ્ઞાનપ્રકાશ અને આનંદ સ્વભાવ છે એવી જેની સ્વસત્તાનું ભાન નથી અને માનતો નથી, એને આ પુણ્ય-પાપના અને હરખ શોકનો ભાવ થાય તેને પોતાના માનીને અનુભવે છે, વેદે છે, એ દુઃખને વેદે છે, એ અધર્મભાવને વેદે છે. હરગોવિંદભાઈ! સમજાય છે કે નહિ આમાં? કોણ જાણે થોડું-થોડું...

મુમુક્ષુ :- જરાક આમાં ઉપયોગ જોડવાની જરૂર છે.

ઉત્તર :- જોડતા નથી કહે છે. .. એમ કહે છે. કહો, સમજાણું આમાં?

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવના જ્ઞાનમાં એમ આવ્યું અને એ વાણીમાં એમ આવ્યું કે જેને ભગવાન આત્માનો સ્વભાવ, સ્વ-ભાવ, પોતાનો કાયમી-અસલી ભાવ પ્રકાશ ચૈતન્ય અને આનંદ આદિ સ્વભાવ છે એવા આત્માના સ્વભાવના હોવાપણાનું જેને ભાન નથી એને પુણ્ય અને પાપના હરખ-શોકના ભાવમાં પોતાનું હોવાપણું માનીને એને વેદે છે. એથી તે વિકારનો કર્તા થઈને વિકાર મારું કાર્ય છે એમ અનુભવે છે. ભારે ઝીણું. ધર્મ બહારમાં નથી, અધર્મ બહારમાં નથી. અંદરમાં ને અંદરમાં છે એમ કહે છે એમ અહીં.

મુમુક્ષુ :- બેય અંદરમાં?

ઉત્તર :- અંદરમાં ને અંદરમાં. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

જુઓ! શું કીધું? '**અજ્ઞાની...**' એ પહેલો બોલ. અજ્ઞાની એટલે કે પોતાની સત્તા હોવાપણે આનંદ અને જ્ઞાન છે એનું ભાન જેને નથી. કહો, માસ્તર! આમાં તો સમજાય એવું છે ને. ભાષા તો સીધી સાદી છે. ભાષા સાદી છે એમ કીધું છે ને? ભાવ તો એમાં આવે

છે એ જે છે ઈ છે. આહાહા..! અરે..! એણે સત્યને વિરૂદ્ધ કરીને અસત્ય શું કર્યું છે એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ? અનાદિથી. અનાદિ કાળથી ભગવાન આત્મા પોતાના હોવાપણાના, અંતર હોવાપણાના સ્વભાવમાં એકલો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો પ્રકાશ અને શાંતિનો રસ પડ્યો છે. એવા આત્માને ન જાણતાં... અનાદિથી તેના ઉપર નજર નહિ, તેની પ્રતીત નહિ, તેને પરથી ભિન્ન પાડીને અનુભવ્યો નથી. એથી અનાદિ અજ્ઞાની કર્મના નિમિત્તના સંગમાં જે પુણ્ય-પાપના વિકલ્પ એ પ્રકૃતિ સ્વભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ નથી.

એ તો પહેલું કીધું કે આત્માનો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ ને શાંતિ છે. એના હોવાપણામાં- આત્મા છે એના હોવાપણામાં જ્ઞાન, શાંતિ ને આનંદ છે. કાયમ રહેનારું તત્ત્વ તો એનું જ્ઞાન અને આનંદ શાંતિ એ કાયમ અસલી તત્ત્વથી ભરેલો ભગવાન છે એ. એવા આત્માના સ્વભાવને ન જાણતો, પ્રકૃતિના નિમિત્તે થતાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પો જે રાગ એ બધો પ્રકૃતિ સ્વભાવ છે. આત્માનો નહિ. સમજાણું કાંઈ?

બે સ્વભાવ. એક કોર ભગવાન આત્માનો સ્વભાવ અને એક કોર પ્રકૃતિ સ્વભાવ. આ બે વાત. આત્માનો સ્વભાવ તો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ. એ સત્ નામ શાશ્વત, એનામાં જ્ઞાન અને આનંદ અને શાંતિ... શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... શાંતિ... અવિકારી શાંતરસનું સ્વરૂપ તે પોતે આત્મસ્વભાવ. એવા આત્મસ્વભાવની જેને ખબર નથી, જેને શ્રદ્ધા નથી, જેણે એનું જ્ઞાન કરીને એને જ્ઞેય બનાવ્યું નથી એવો અજ્ઞાની. એ પોતાના સ્વભાવને ન જાણતો અજ્ઞાની રાગ અને દ્વેષ પુણ્ય, પાપ, હરખ, શોક વિકલ્પ ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, ભોગનો વિકલ્પ રાગ હો. કે ચાહે તો દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ હો, બેય પ્રકૃતિસ્વભાવ, દુઃખરૂપ સ્વભાવ, પાપ એટલે અધર્મ સ્વભાવ (છે). પાપ કહેતા જરી ઓલું પુણ્ય-પાપનું (સમજે એટલે અધર્મ સ્વભાવ કહ્યું). બેય પુણ્ય-પાપના પરિણામ બેય પ્રકૃતિ સ્વભાવ છે. આત્માનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- વેદાંત સાથે મેળવ્યું.

ઉત્તર :- વેદાંત સાથે નહિ, તેરાપંથી સાથે મળ્યું નથી. પાછું કોઈ એમ કહે. કોઈ સાથે મળતું નથી.

અહીં તો વસ્તુ છે. પોતાના સ્વક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં અને જ્ઞાન આનંદના સ્વભાવવાળું, એવું જે તત્ત્વ છે એની જેને દૃષ્ટિ નથી, એની સ્વ સત્તાના સ્વભાવનો અંતર્મુખ થઈને સ્વીકાર નથી, એને બહિર્મુખ થયેલા પુણ્ય-પાપ અને હરખ-શોકનો સ્વીકાર છે. બસ, આ વાત છે. હરગોવિંદભાઈ! કોઈએ સાંભળ્યું નહિ હોય એવી વાતું છે. આ વીતરાગના ઘરની છે હોં!

જૈનના ઘરની એની એને ખબર ન મળે. વાડામાં જન્મ્યા હોય તોપણ. બરાબર હશે? કહો, જયંતિભાઈ! શું હશે? રળવું, ખાવું આ કરવું કે આ? એ કહે છે કે જે વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપનો અને એમાં ક્યાંક હરખ આવી જાય છે અને શોક આવી જાય છે, એ બધો ચૈતન્યના આત્માના જ્ઞાન આનંદ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

લીન હોવાથી... શું કીધું? '**અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-)...**' લીનનો અર્થ કે જે આત્મા આમ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય એની અંદર મહા સ્વભાવનો ભંડાર દળ, ચૈતન્યદળ, શુદ્ધ દળ છે. એવા આત્મદળની જેને દૃષ્ટિ નથી, એનું જેને અજ્ઞાન છે એને કૃત્રિમ પુણ્ય-પાપના વિકલ્પમાં તેનું લીનપણું છે, કેમ કે તે પોતાના માનીને તેમાં રક્ત થાય છે. આહાહા..! એ દુઃખી અને દુઃખને અનુભવે છે એમ કહે છે. એય..! હરગોવિંદભાઈ! દુઃખને અનુભવે છે કહે છે. ચાહે તો શુભભાવ હો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભ વિકલ્પ એ પણ દુઃખરૂપ ભાવ છે. રાડ નાખી જાય. ઓલા કહે છે ને રાડ નાખી જશે. ... હવે રાડ નાખશે. નાખવા દયોને હવે. એમાં શું છે? વાત તો એની એ છે. જુઓ! અહીં શું કહે છે?

ભાઈ! પણ તું છો કે નહિ? અને છે તો એનો કોઈ કાયમી સ્વભાવ, સ્વરૂપ, ભાવ કાંઈ છે કે નહિ? તો એનો કાયમી સ્વભાવ સ્વરૂપ તો જ્ઞાનપ્રકાશ, આનંદ અને શાંતિનું સ્વરૂપ તે કાયમ છે. એવા નિજ સ્વભાવનો જેને અનાદિથી સ્વીકાર (નથી), મહાસત્તા ભગવાન એના ઉપર જેની દૃષ્ટિ નથી તે સ્વરૂપનો અજ્ઞાની, એ હરખ-શોક અને પુણ્ય-પાપના ભાવને પોતાના માનીને અનુભવી રહ્યો છે. કહો, ભગવાનજીભાઈ!

પરને તો ભોગવતો નથી. પરની અહીં વાત નથી. કાં આત્માના આનંદને વેદે અને કાં દુઃખને વેદે. બે વાત છે. અહીં તો એ સિદ્ધ કરી છે. સમજાય છે કાંઈ? એ રાજા હો, દેવ હો, શેઠ હો, રાંક હો, કંથવો હો, નારકી હો, એ જીવ પોતાના સ્વભાવની શુદ્ધતાનો પરમપવિત્ર ભંડાર ભગવાન, એની અંતરની દૃષ્ટિનું ભાન નથી, એના સ્વભાવનો સ્વીકાર નથી, એના તરફ નજર કરી નથી, એને જોવાને-નિહાળવાને પ્રયત્ન કર્યો નથી. આહાહા..!

એ જીવ અનાદિથી સ્વરૂપનો, પોતાના નિજ સ્વરૂપનો અજ્ઞાની એ હરખ-શોકના વિકલ્પને, રાગને, પુણ્ય-પાપના ભાવને વેદે છે. તે દુઃખરૂપને વેદે છે. તેથી તે અધર્મને અનુભવે છે. આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, મલૂકચંદભાઈ! શું હશે આ? આમાં દુઃખી તો કાંઈ દેખાતા નથી. બહારમાં તો લાલચોળ જેવા દેખાય છે. આ તો માટી છે. ક્યાંય અમને તો દુઃખ લાગતું નથી. એક જણો કહેતો હતો મુંબઈ. આ મહારાજ કહે છે કે તમે દુઃખી છો. પણ

અમે ક્યાં દુઃખી છીએ? અમને તો બે-પાંચ હજારની પેદાશ છે. બે હજારનો ખર્ચ નીકળે છે, બે-ત્રણ હજાર વધે છે. છોકરા બૈરા ઠીક છે, શરીર નિરોગી છે, લૂગડા ધોળા મળે છે. નાહી-ધોહીને સાબુએ બેસીએ છીએ. આમાં દુઃખ ક્યાં છે? દુઃખ છે ક્યાં? એય..! જુગરાજજી! મુંબઈમાં એક માણસ કહેતો હતો કે આ મહારાજ કહે છે, દુઃખી છે. પણ અરે..! તને ભાન નથી. ગાંડો, પાગલ છો. દુઃખ કહેવું કોને એની તને ખબર નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાન જ નથી તો એને સુખ-દુઃખની. આત્મા આનંદમૂર્તિની તને ખબર નથી તો આ દુઃખ છે એની તને ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-)...**' કારણ કે વસ્તુનો કાયમી આનંદ અને શાંતિના સ્વભાવનો બેખબરો. એની જેને ખબર નથી. એ '**સદા વેદક છે,...**' સદા શબ્દ કેમ લીધો છે? એક ક્ષણ પણ અધર્મના વેદન વિનાનો રહેતો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! મૂળ વાત છે આ. મૂળ વાતની એણે કોઈ દિ' ખબર કરી નથી. એમ ને એમ મુઠીયું વાળીને મંડ્યો છે અજ્ઞાન કરવા. આહાહા..!

મુમુક્ષુ :- .. લાભની વાત છે.

ઉત્તર :- આ લાભની વાત છે ને. હમણા અહીંયાં લાભની વાત ચાલે છે. સોળ આના લાભ સવાયા. કહો, ..ભાઈ! લાભ સવાયા વળી કીધું. લાભ સવાયા.

'**અને જ્ઞાની તો...**' લ્યો! આ આવ્યું. સાંભળો. ધર્મી તેને કહીએ અને જ્ઞાની તેને કહીએ અને ધર્મ કરનારો તેને કહીએ કે '**જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી...**' ઓલામાં લીન હતું-રક્ત, ત્યારે આ વિરક્ત. ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ અને આનંદ છું એવું ધર્મીને પોતાના સ્વભાવનું અંતરમાં ભાન થયેલું હોવાથી, ધર્મીને પોતાના જ્ઞાન અને આનંદના સ્વભાવનું ભાન હોવાથી, ભાન થવાથી એ પ્રકૃતિસ્વભાવથી વિરક્ત છે. એને પુણ્ય-પાપનો કોઈ વિકલ્પ ઉઠે છે એનાથી તે નિવર્તેલો અંદરમાં છે. કેમ કે આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એવો જ્યાં અંતર દૃષ્ટિ થઈને અનુભવ થયો છે, એવા જ્ઞાની એટલે ધર્મી પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્ત છે. અજ્ઞાની તેમાં રક્ત છે, જ્ઞાની તેનાથી વિરક્ત છે. અજ્ઞાની તેમાં લીન છે રાગ-દ્વેષમાં, જ્ઞાની તેનાથી નિવર્તેલો છે. જુઓ! આ નિવૃત્તિ. ભારે નિવૃત્તિ, ભાઈ! સમજાણું કાંઈ?

જ્ઞાની એટલે કે ધર્મી એટલે કે ધર્મનો કરનાર એટલે કે આત્મા જ્ઞાન ને આનંદ ને શાંત સ્વભાવ એવો આત્માનો ધર્મ, એને અંતર્મુખ થઈને અનુભવનાર એને ધર્મી કહીએ. સમજાણું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? કે આમ દેરાસરમાં ભક્તિ કરે છે ને આ દયા પાળે છે માટે ધર્મી. એમ છે નહિ. એ ધર્મનું સ્વરૂપ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં અંદરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદની અંતર દૃષ્ટિ કરીને તે ક્ષણમાં થતી વિકલ્પની દશાથી પણ વિરક્ત છે. એનાથી ખસી ગયેલો છે, ખસી ગયેલો છે અને સ્વભાવ તરફમાં સ્થિર થયો છે. સ્વભાવ મારો આનંદ અને જ્ઞાન છે એમાં લીન છે અને વિકલ્પથી વિરક્ત છે. આહાહા..! એ આનું નામ ધર્મ. ભારે વાત ભાઈ! પરોપકાર કરીએ, આનાથી આમ કરીએ. આ ડોક્ટર કરતા હશે કે નહિ? રોગ મટાડે તો પરોપકાર કરે તો આશીર્વાદ મળતા હશે કે નહિ?

મુમુક્ષુ :- ...પોતે ગરીબ છે?

ઉત્તર :- ગરીબ છે રાંકો. એટલે ઓલો કહે, ડોક્ટર બહુ સારુ કરે છે.

કહે છે, ભગવાન! તારી ચીજમાં તો શાંતિ અને અતીન્દ્રિય આનંદ પડ્યો છે એ આત્મા કહેવાય. એને ભગવાને આત્મા કીધો. ભગવાન એને અનુભવીને ભગવાન થયા. સમજાણું કાંઈ? ભગવાન એને અનુભવીને ભગવાન થયા પરમાત્મા કેવળી.

મુમુક્ષ :- મહાવીર ભગવાન ન રહીને સિદ્ધ થયા?

ઉત્તર :- ઈ ફરીને ભગવાન મહાવીર થયા. કેવળી. અને કાલે તો મોક્ષ પધાર્યા છે. સમજાણું કાંઈ?

આમ ચૈતન્ય પ્રભુ અંદરમાં શાંત અવિકારી એટલે વીતરાગ સ્વભાવ, આનંદ એટલે આહલાદ સુખ સ્વરૂપ આત્મા. એનું અંતરમાં દર્શન કરી એટલે કે એની શ્રદ્ધા અને જ્ઞાન કરી અને એમાં એકાગ્ર થઈ. એ આવ્યું છે માથે બધું. એનો કળશ છે. સમજાણું કાંઈ? હું તો એક શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અને આનંદ છું, એવી અંતર્મુખના સ્વભાવની પ્રતીત કરી, એવા સ્વરૂપનું જ્ઞેય કરીને જ્ઞાન કરી એવો અંતર શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થઈને જે વેદન કરે છે એ શાંતિનું અને આનંદનું વેદન છે. એ ધર્મીનું વેદન કહેવામાં આવે છે. કહો, જેઠાલાલભાઈ! લોકોએ તો ક્યાંયનો ક્યાં ધર્મ મનાવી દીધો છે. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... સમજાણું કાંઈ? અરે..! પોતાનો ધર્મ તે પોતામાં હોય કે પોતાનો ધર્મ તે બહારમાં હોય? આ પુણ્ય-પાપના વિકલ્પ એ બાહ્ય બહિર્ભાવ છે. શુભ-અશુભ રાગ દયા, દાન, વિકલ્પના ભાવ એ બહિર્ભાવ છે. અંતર ભાવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એણે કોઈ દિ' કર્યું નથી એટલે એને કાંઈ સૂઝ પડતી નથી. ભાઈ! સૂઝે એ કેમ ન હોય? ચૈતન્ય સ્વભાવ છે ને? જ્ઞાન છે કે નહિ?

આ કોઈપણ ક્ષણે કોઈપણ ચીજને જાણનારો તેને જાણનારો છે કે નહિ? રાગ થયો એને જાણે છે કે નહિ? કે રાગ છે. એ જાણનાર જે છે તે જ્ઞાનમય, આનંદમય છે. એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્માનું જેને અંતરમાં ભાન થઈ અને સ્વરૂપમાં (રક્ત થયો છે). જ્ઞાની કીધો ને? ઓલામાં અજ્ઞાની કીધો. જ્ઞાની તો એટલે કે શુદ્ધ સ્વરૂપના ભાનવાળો તો. એમ. એટલે કે સમ્યગ્દૃષ્ટિ તો. એટલે કે આત્મા જેવો છે તેવો અંતરના ભાનમાં આવેલો એવો જીવ તો. હવે પણ આ નવરાશ ન મળે જગતને. નવરાશ. છે તો નવરો જ સદાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરથી નવરો છે તો નવરો થયો. જુઓને, કીધું ને? કે નવરો છે. પુણ્ય-પાપ અને રાગથી તો નવરો જ છે. નવરો એટલે જુદો જ છે. આહાહા..! સમજાણું કાંઈ? આસ્રવ પુણ્ય-પાપના ભાવ એ આસ્રવભાવ છે. એ આત્માના અંદરમાં નથી. એનાથી તો નિવૃત્તસ્વરૂપ જ આત્મા છે. પણ એ આત્માના સ્વભાવનું ભાન નથી તેને આસ્રવ તે હું છું એમ માનીને વેદે છે સદાય તેને અજ્ઞાન અને અધર્મ કહેવામાં આવે છે. ચાહે તો સાધુ નગ્ન દિગંબર થયો હોય હજારો રાણીને છોડીને. પણ અંદરમાં રાગ ઉઠે છે તે મારું સ્વરૂપ વેદીને અટક્યો છે તે અજ્ઞાની અધર્મમાં પડ્યો છે. બહારમાં તો હજારો રાણી છોડી હોય. સમજાય છે કાંઈ? મોટા નીલમના કિલ્લાઓ હોય, એના બંગલા હોય એ છોડ્યા હોય. છોડ્યા એટલે કે એમાં ન રહેતો હોય લ્યોને એમ. છોડવું તો ક્યાં? પડ્યું છે ત્યાં ને ત્યાં. ક્યાં ગરી ગયું હતું? ત્યાં બેઠો હતો. બેઠો હતો ને માનતો હતો કે હું આમાં બેઠો છું. આ મકાનમાં બેઠો છે ક્યાં? તું તો તારા ક્ષેત્રમાં છો. એ જે ક્ષેત્ર છે અંદર આનંદ અને જ્ઞાનનું એની તો એને ખબર નથી. એટલે પુણ્ય અને પાપ, હરખ-શોકના ભાવમાં બેઠો છે. સમજાણું કાંઈ? વાતું ભારે ઝીણી. એટલે આ વીતરાગનો માર્ગ જગતને બહુ કઠણ પડે. સંભળાવનારા મળે નહિ અને સાંભળે તો પાછું કહે, અરે..! આવો ધર્મ હશે? આવું ધર્મનું સ્વરૂપ હશે? તો પછી અમારે આ રીતે કરવું, આવું કરવું ત્યારે ધર્મ થાય? આ રીતે કરે તો ધર્મ થાય, નહિતર ધર્મ ત્રણ કાળમાં નથી. સમજાણું?

જેને સુખરૂપ થવું હોય, જેને સુખી થવું હોય એટલે કે ધર્મી થવું કહો કે સુખી થવું કહો, એણે આત્મા આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ છે એવું અંતરમાં આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરી, તે પ્રકૃતિ સ્વભાવથી વિરમે છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર છે અને તેથી પુણ્ય-પાપ અને હરખ-શોકથી નિવર્તેલ છે અંદરમાં. એને ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..!

**'પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-'** વિરામ. વિરામ આવે છે ને શું તમારે? અર્ધવિરામ, પૂર્ણવિરામ. આ પૂર્ણવિરામ મીંડુ કર્યું વિરામ પામ્યો છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ ત્યારે પુણ્ય-પાપના ભાવ તે વિરામ પામેલા છે.

કારણ કે એનામાં છે નહિ. એવી દૃષ્ટિ ને જ્ઞાનનો જે અનુભવ, સમજાય છે? તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી. પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે છે ને. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાની વૃત્તિ ઉઠે છે ને? એ પરભાવ છે, એ આત્માનો ભાવ નથી. એ વિભાવ છે, વિકાર છે, એ દુઃખરૂપ છે, એ આત્માના શાંતિથી વિપરીત ભાવરૂપ છે. કહો, સમજાય છે કાંઈ? પાપ ભાવ લાગે એને તો લાગે કે આ વિપરીત છે. પણ પરલક્ષી જેટલા પરિણામ શુભના થાય એ બધાય દુઃખરૂપ છે, આકુળતારૂપ છે, સ્વભાવના ધર્મથી વિરૂદ્ધ રૂપ અધર્મ છે. એને વેદનારો અધર્મી અજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાતું ભાઈ. સમજાણું કાંઈ?

ધર્મી એટલે જ્ઞાની. પોતાના શુદ્ધ સ્વરૂપ... આ એને કરવાનું છે. જો શાંતિ લેવી હોય તો. સમજાણું કાંઈ? લાભ લેવો હોય તો આ છે. ધૂળનોય લાભ નથી બહારમાં. સવારે ... હવે ઓણ પાંચ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ પેદા કરીએ. લાખ-બે લાખે ... ન આવે, મલૂકચંદભાઈના દીકરાને તો. એને વળી પાંચ-દસ લાખ જોવે, વીસ લાખ જોવે, પચ્ચીસ લાખ જોવે. પેદાશના હોં! મૂડી તો ભલે પડી હોય એની પાસે. એ ક્યાં ખરચવી છે કે ખાવી છે? એથી તો કેટલા પણ? કેટલા દુઃખી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પમાં ભટક્યા કરે. શુભ-અશુભભાવ. ઘણો તો અશુભભાવ હોય. ક્યાંક વળી જરી શુભ હોય એમાં ભટક્યો. ભટક્યો તે અંદર લટક્યો ચોર્યાસીના અવતારમાં છે ઈ, એમ કહે છે. સ્વભાવથી આઘો ખસી ગયો. આહાહા..! લટક્યો છે. લટકે ચાર ગતિમાં હવે. ભગવાન સચ્ચિદાનંદ ઉપર તો લટકણ થયું. આ તો મારું મફતની આંગળી છે એ. આંગળી હોય છે ને છઠ્ઠી. છઠ્ઠી આંગળી હોય છે ને? ડોક્ટર! ખબર છે ને આ? એમ ભગવાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિમાં પુણ્ય-પાપનો વિકલ્પ છઠ્ઠી આંગળી કાપી નાખે એ તો. ભારે આકરું કામ. સમજાણું કાંઈ?

ધર્મી જીવ તો એને કહીએ... ઓલામાં આવે ને? 'વૈષ્ણવજન તો એને કહીએ.' અહીં તો ધર્મીજન તો એને કહીએ. શેઠ! જૈનધર્મી તો એને કહીએ. એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈનધર્મ કોઈ વાડો નથી. જૈન એટલે આત્માનો વીતરાગ સ્વભાવ ભરેલું તત્ત્વ છે. એમાં પૂર્ણાનંદનો નાથ પોતે આનંદથી ભરેલ તત્ત્વ સ્વભાવ. એનો અંતરમાં સ્વભાવની એકાગ્રતા કરીને જે વેદે આનંદને આ એને જૈન (કહે છે). જૈનધર્મ તો એને કહીએ કે શાંતિને જે વેદે. જૈનભાવને એટલે કે વીતરાગભાવને વેદે તેને જૈન કહેવામાં આવે છે. અને રાગને એકાંત વેદે તેને અજૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ખબરેય ન મળે, હજી સાંભળ્યું ન હોય કે આ શું કહે છે, હજી શી રીતે બેસાડવું એ એને ખબર ન મળે. ભારે પણ અનાદિનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે કાંઈ મૂંઢ થઈને ફર્યો છે ને. મૂઢતાની ખબર ન મળે કે આ મૂઢતા ક્યાં કરી છે.

મુમુક્ષુ :- .... નજીક છે.

ઉત્તર :- છે નજીક, તું પોતે છે. નજીક ક્યાં? છે જ પોતે. પોતે જ શુદ્ધ આનંદકંદ જ સ્વરૂપ ત્રિકાળ એમ ને એમ પડ્યું છે. એની સામું દૃષ્ટિ કરતો નથી. એને જ્ઞેય બનાવતો નથી અને આ ને આ રાગ ને દ્વેષ. આ ધૂળધાણી વિકલ્પ છે. એને જ્ઞેય બનાવી, એની શ્રદ્ધા કરી અને એમાં લીન થાય છે. બસ! એ અજ્ઞાની. એ અજ્ઞાનીની બીજી બહારની છાપ કોઈ છે નહિ. અગિયાર અંગ ભણ્યો હોય શાસ્ત્રના. સમજાય છે કાંઈ? કષાયની મંદતા એટલી બધી હોય કે વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... એવો લાગે બહારથી. હજારો રાણી છોડીને બ્રહ્મચારી અથવા બાળબ્રહ્મચારી હોય. પણ અંદરમાં આત્માના આનંદની ઉપર દૃષ્ટિ નથી અને વિકલ્પ ઉઠ્યા છે કષાય મંદ આ કરવું, દયા, દાન, એવા પરિણામમાં લીન થયો થકો તે વિકાર અને અધર્મને વેદે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી તો ભગવાન આત્માના સ્વભાવથી, પ્રકૃતિ સ્વભાવ જે વિરૂદ્ધ છે. આત્માના સ્વભાવને જાણનારો પ્રકૃતિના સ્વભાવથી વિરક્ત છે. તેથી '**(-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી)**' જુઓ ભાષા. એ હરખ-શોક અને પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ તો પરભાવ-પરભાવ, પરસ્વભાવ. મારા દ્રવ્યનો સ્વભાવ નહિ, મારી ચીજનો સ્વભાવ નહિ. ભારે વાત! આ વર્ષ બેસતું થાય છે. સવારમાં નહોતા. સવારમાં નહોતા ને? સવારમાં બેસાડ્યું હતું વર્ષ. બીજી જાતનું. હવે તો ચાલતું હતું એ પાછું. આહાહા..!

જેને આમ દૃષ્ટિ થઈ એ તો સ્થિરતા થવાને ચાલવા જ માંડે અંદર. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે. બીજી રીતે તો કહેશે.. શું કહે છે? '**इत्येवं नियमं निरूप्य निपुण**' છે ને? એમ. આવો જ નિયમ, નિશ્ચય છે એમ નિપુણ પુરુષોએ નક્કી કરીને અજ્ઞાનને છોડો એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. '**निपुणै निरूप्य नियमं**'. કહો, સમજાણું કાંઈ? વિચારીને કહ્યું છે ને? બરાબર વિચારીને. શું કહે છે? આ તો શ્લોક છે, અધ્યાત્મ શ્લોક છે. એના એક એક શબ્દમાં ભાવ ભંડાર પડ્યા છે. એ કાંઈ સામાન્ય શબ્દ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મી તો એને કહીએ, ધર્મ કરનારો એને કહીએ કે જેને આત્માનો કાયમી અસલી સ્વભાવનું વેદન અનુભવમાં આવ્યો છે. એ અનુભવમાં આવતા પોતાની શાંતિ અને આનંદ અને અનાકુળ તત્ત્વને વેદતો એ રાગાદિ ભાવથી વિરામ પામેલો તેનામાં નથી એમ વિરામ નાસ્તિપણે પરિણમતો, '**પરનો સ્વભાવ જાણતો હોવાથી-કદાપિ વેદક નથી.**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ધર્મી રાગ અને હરખ-શોકનો કદાપિ અનુભવનાર નથી. સમજાણું કાંઈ? ક્યા ગુણસ્થાનની વાત હશે? એ મોટી આઠમાની હશે? આઠમાની હશે?

અહીં તો પહેલેથી વાત છે, ભાઈ! જ્યાં ભગવાન આત્મા ચૈતન્યના શાંત સ્વભાવના મંદિરમાં પેઠો, ધર્મદૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, ત્યારથી તે આત્મા પોતાના સ્વભાવને વેદતો અને રાગથી વિરામ પામીને પરસ્વભાવ જાણતો. સમજાય છે? તેનો વેદક નથી. એ ધર્મી જીવ રાગ અને પુણ્યનો અનુભવનાર નથી. એ અજ્ઞાની આત્માના આનંદનો વેદનાર નથી. એ રાગ ને દ્વેષનો વેદનાર છે. જ્ઞાની વીતરાગપણાના અંતર સ્વભાવ સન્મુખ દૃષ્ટિ હોવાથી શાંતિ અને જ્ઞાનનો પ્રકાશનો વેદનાર હોવાથી એ રાગ-દ્વેષ અંધકારનો એ વેદનાર નથી. આ કરવાનું. એય..! માસ્તર! વર્ષ બેસતાની આવી વાતું!

ભાઈ! વર્ષ આનું નામ કહેવાય, બાપુ! ભગવાન આત્મા પોતાના ચૈતન્યના આનંદસ્વભાવને સંભાળતો પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે તેનાથી લક્ષને છોડતો. લક્ષને છોડતો. પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ છે તેને વેદતો. રાગનો અને વિકલ્પનો કોઈપણ કદાપિ, કોઈપણ કાળે તે ભાવે વેદક નથી. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? હવે અહીં તો ૩૩-૩૩મું વર્ષ ચાલે છે. ન સમજાય એમ હોય હવે આ? ૩૩ના બે આંકડા પુરા. ૩૩મું વર્ષ બેઠું ને આ? અહીં આવવાનું ભલે.. જુદું પણ ૩૩ વર્ષ તો આ છે ને? સમજાણું અહીં?

**'આવો નિયમ બરાબર વિચારીને-'** ભાષા જુઓ! આવો વસ્તુનો સ્વભાવ છે, નિયમ છે એ બરાબર વિચારીને નક્કી કરીને. લ્યો! **'नियमं निरूप्य निपुणै'**. અજ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવથી ખસી ગયેલી છે અને પોતાનો સ્વભાવ નથી એવા પ્રકૃતિના હરખ-શોકના સ્વભાવમાં ઢળી છે. જ્ઞાનીનો સ્વભાવ આત્માના આનંદ અને શુદ્ધ તરફ ઢળેલી છે દૃષ્ટિ. તેથી તે રાગથી વિરક્ત છે અને સ્વભાવમાં લીન છે. ચાહે સો લડાઈમાં ઊભો હોય સમકિતી. એ વિકલ્પ હો પણ અંતરના સ્વભાવમાં એનાથી નિવૃત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? આનંદના સ્વભાવને જાણ્યો છે કે આત્મા આનંદમય છે. એવા આનંદને સ્વાદના અનુભવમાં જાણ્યો છે. તેથી રાગ ઉઠે છે તે દુઃખરૂપ છે, એનાથી અંતરમાં નિવૃત્તરૂપ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ તો કો'કને થાય. એક જણો કહે. તમે કહો છો એવી વાત તો એકાદને બેસે. લલિતપુર-લલિતપુર. હવે સાંભળને. એકને બેસે કે ન બેસે. વસ્તુ તો આમ છે.

એમ નિયમ બરાબર (વિચારીને). નિયમ એટલે? કે રાગમાં રમણ કરનારો તે રાગનો વેદક છે. આ જ્ઞાનનું ભાન કરનારો એ જ્ઞાનનો વેદક છે. એમ નિયમ વિચાર કરને, નિર્ણય કરને. નિર્ણય તો કર પહેલો. આહાહા..!

**'આવો નિયમ બરાબર વિચારીને-...'** બરાબર ક્યાંથી કાઢ્યું? '**निरूप्य**' માંથી કાઢ્યું. '**નક્કી કરીને નિપુણ પુરુષો...**' અરે..! ડાહ્યા પુરુષો, અરે..! નિપુણ પુરુષો એ રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન તારું તત્ત્વ છે એમ વિચારીને, એનો નિર્ણય કરીને '**અજ્ઞાનીપણાને છોડો...**' એ પુણ્ય-પાપના ભાવ મારા છે એવી અજ્ઞાન દશા છોડો. આહાહા..! આ છોડવાનું અને આ ગ્રહવાનું બેય અંદરમાં ને અંદરમાં છે. ભારે વાત. સમજાણું કાંઈ?

**'આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને...'** એમ ને એમ નહિ. કહે છે, આવો વિચાર કર કે આમ હોય કે નહિ? આમ હોઈ શકે કે નહિ? આમ થઈ શકે કે નહિ? આ રીતે હોય કે નહિ? એમ અજ્ઞાન અને જ્ઞાનનો બરાબર વિચાર અને નિર્ણય કરી, નિપુણ પુરુષો, ડાહ્યા પુરુષો એ રાગની એકત્વબુદ્ધિને છોડો. આહાહા..! એ પુણ્ય અને પાપની લાગણીઓ જે વિકાર છે તેને એકત્વબુદ્ધિને છોડો. ઓહો..! અહીં તો આજ્ઞા કરી, જુઓ! '**त्यज्यतां**' છે ને? ત્યજો. આ તજવું છે, આ તજવું છે. બહારની બાયડી-છોકરા ક્યાં ગરી ગયા છે? એ તો પડ્યા છે એને ઠેકાણે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવની એકાગ્રતા કરે તો રાગથી વિરક્ત થાય. રાગમાં એકાગ્ર કરે એ સ્વભાવથી નિવૃત્ત થયેલો છે. ન્યાયથી સમજાય છે કે નહિ? એય..! જયસુખભાઈ! આ તો ન્યાયથી વાત છે. આમાં કાંઈ એમ નથી કે આ શું? વસ્તુ ભગવાન આત્મા છે. છે એ નિત્ય છે. કેમ કે છે એ સત્ છે. સત્‌ની ઉત્પત્તિ અને સત્‌નો વિનાશ હોઈ શકે નહિ. છે. તો એનો જ્ઞાન અને આનંદ પણ છે. કારણ કે વસ્તુ છે તો એનો સ્વભાવ પણ છે. તો સ્વભાવની ઉત્પત્તિ અને સ્વભાવનો અભાવ એમ કોઈ દિ' હોઈ શકે નહિ. સ્વભાવની ઉત્પત્તિ અને સ્વભાવનો અભાવ. એ આત્મામાં જ્ઞાન અને આનંદનો સ્વભાવ ત્રિકાળ છે. એને ભૂલીને જે પુણ્ય અને પાપ અને હરખ-શોકના વિકલ્પને (કરે છે) કે જે એના સ્વભાવમાં નથી. છતાં એ વિકૃત પરિણામને પોતાના માનીને વેદે અને અનુભવે છે. બસ! આનું નામ સંસાર અને આનું નામ દુઃખરૂપ દશા. નવરંગભાઈ! આહાહા..! કો'ક કહે, આવો ધર્મ કાઢ્યો ક્યાંથી? કો'ક કહે, આવું કાઢ્યું ક્યાંથી? આ સમયસાર પડ્યું હતું કાઢ્યું ક્યાંથી? કાઢ્યું છે ક્યાં? પડ્યો છો તું ત્યાં. સમયસાર જ છો તું. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! '**નિપુણ પુરુષો...**' આહાહા..! આચાર્યની પણ કેવી કરુણા છે, જુઓ! હે ડાહ્યા પુરુષો! વિવેક કરીને '**અજ્ઞાનીપણાને છોડો...**' એ છૂટી શકે છે અને સ્વરૂપનું ભાન થઈ શકે છે માટે છૂટી શકે છે તો જ્ઞાની છોડો. આહાહા..! '**અને શુદ્ધ-એક આત્મામય તેજમાં...**' અને શુદ્ધ એક આત્મમય તેજ. આત્મમય તેજ. શુદ્ધ એક જ્ઞાનપ્રકાશ. ભગવાન શુદ્ધ જ્ઞાન એક પ્રકાશ. '**નિશ્ચળ થઈને...**' એકરૂપ જ્ઞાનપ્રકાશ છે. જે આમ અસ્થિર થાય

એ વિકલ્પ છે. એકરૂપ જે આત્માનો પ્રકાશ '**તેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાને સેવો.**' એ આનંદના અનુભવને વેદો એમ કહે છે. લ્યો, આ આનંદનો અનુભવ. આ વર્ષ બેસતાની લાપસી. માસ્તર! લાપસી નાખે, સરખી નાખે પછી ઓલું ઘી છૂટું થાય. વધારે ઘી હોય તો એને ઠીક પડે. અત્યારે તો મોંઘુ થઈ ગયું. છ રૂપિયાનું શેર. કેટલા શેર થયું? આકરું પડે માણસને. એક રૂપિયાના કેટલા આના થતા હશે, છ રૂપિયાનું શેર એટલે. છૂટું થાય એટલે. ભાઈ! તારામાં તો શાંતિનો દરેડો પડ્યો છે. સમજાય છે? એ દરેડો કાઢ અંદરથી. એનો વિશ્વાસ લાવ.

ભગવાન આત્મા વસ્તુ સ્વભાવે કાંઈ વિકૃત વિકાર સ્વરૂપ હોય એનું? શરીર, વાણી, સ્વરૂપ તો એનું નથી. આ તો પર જડ સ્વરૂપ છે. પણ પુણ્ય-પાપ ને હરખ-શોકનો જે વિકલ્પ નામ વૃત્તિ ઉઠે છે એ કાંઈ એનું સ્વરૂપ છે? એ તો એનું કુરૂપ છે. સમજાય છે કાંઈ? એ કુરૂપના ભાવને હવે છોડ કહે છે. આહાહા..! અને છોડીને છોડવું એમ કહીને પછી? એ તો ઉપદેશમાં તો એમ આવે ને? પણ આમ કરતાં અજ્ઞાનીપણું છૂટી જાય છે. કેમ કરતાં?

'**શુદ્ધ-એક-આત્મામય તેજમાં નિશ્ચળ થઈને...**' ભગવાન ચૈતન્યના તેજ છે. આત્મા ચૈતન્યનું નૂર એનું પૂર છે. એવો ભગવાન આત્માના ચૈતન્યના તેજમાં નિશ્ચળ થઈ, એકાગ્ર થઈ એ '**જ્ઞાનીપણાને સેવો.**' એ શુદ્ધતાના આનંદને સેવો. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવો ધર્મ હશે? પણ અમે તો બીજે સાંભળતા કે આમ કરો... આમ કરો.. આમ કરો... આમ કરો.. લ્યો! દયા કરો, દાન કરો, અનુકંપા કરો, ફલાણું કરો. એ તો હોય છે. શુભરાગ છે એ. આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધ પણ કરવા જોઈએ. આહાહા..! જેવો સ્વભાવ સિદ્ધનો તેવો સ્વભાવ આત્માનો અહીં છે. આવે છે ને 'જેવું શુદ્ધ ..' આવે છે ને ભક્તિમાં? એ આમાં આવ્યું છે ને. ભજનમાં આવ્યું છે. પૂજાની ભક્તિમાં. 'તહાં તહાં ફેર નહિ...' આવે છે ને? ભજનમાં આવે છે. પૂજામાં. નહિ? જેવા સિદ્ધક્ષેત્રમાં વસે એવો આ ભગવાન અહીં એવો જ છે. તારી દૃષ્ટિ ફેરે તને ભાસતો નથી.

એટલે કહે છે કે હે ધર્માત્મા! હવે જ્ઞાનીપણાને સેવોને. આ અજ્ઞાનીપણામાં રાગ-દ્વેષનું સેવન જે અધર્મ હતું એ તો દુઃખરૂપ હતું. હવે આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ કરો, જ્ઞાનીપણાને સેવો. તમને આનંદ આવશે. એ આનંદનો અનુભવ તે આત્મા છે. એ આનંદના એક નમૂને, આનંદના સ્વાદને નમૂને આખો આત્મા અતીન્દ્રિય છે એમ તને પ્રતીતમાં આવી જશે. સમજાણું કાંઈ?

'**હવે, અજ્ઞાની વેદક જ છે એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ અજ્ઞાની**

**ભોક્તા જ છે એવો નિયમ છે-એમ કહે છે) :-**' અજ્ઞાની તો રાગનો જ ભોક્તા છે અને આત્માનો ભોક્તા નથી. ૩૧૭.

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।३१७।।**

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

'**ટીકા :- જેમ આ જગતમાં...**' દૃષ્ટાંત આપે છે. છે ને ટીકા? હરગોવિંદભાઈ! ક્યાં ટીકા છે? ઠીક. '**જેમ આ જગતમાં...**' આ તો આમ સિદ્ધ કર્યું. '**જેમ આ...**' વિદ્યમાન જગત છે એમ સિદ્ધ કર્યું. આ છે. આ છે, છે એને આમ કહેવાય. ન હોય એને આમ કહેવાય? આકાશના ફૂલ આ રહ્યા એમ છે? આકાશના ફૂલ હોય? ન હોય તો પછી આ ફૂલ રહ્યા, એમ હોય એને? આ જગત. છ દ્રવ્યવાળું ભરેલું આ જગત આખું.

એવા જગતને વિષે '**સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...**' એ સર્પ તો ઝેરભાવને પોતાની મેળાએ છોડતો નથી. ન્યાય કેવો આપે છે! તને શાસ્ત્રના જ્ઞાન થયા પણ તને હજી ભાન નથી? એમ કહે છે. એ વાત લે છે અહીં. '**જેમ આ જગતમાં સર્પ...**' જે હોય એ ઝેરભાવને '**પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,...**' ધ્યાન રાખજો આમાં ન્યાય શું આવે છે ઈ. '**વિષભાવ છોડાવવાને સમર્થ...**' કોણ? '**સાકરસહિત દૂધ...**' સાકરસહિત દૂધ મીઠું પાય તોપણ એ ઝેર છોડતો નથી. એ દૃષ્ટાંત છે.

'**તેમ ખરેખર...**' આ તો દાખલો આપ્યો છે અભવિનો, હોં! ઓલા લે કે એ તો અભવિને આવું હોય. ભવિને નહિ. નીચે લખ્યું છે ને. અહીંયાં અભવિનું ઉદાહરણ લખ્યું છે. નીચે લખ્યું છે. એ તો ઓલાનું લખ્યું છે ગૃહસ્થનું. હવે સાંભળને. ન્યાય મેળવવા... આહાહા..!

અહીં તો શું કહેવા માગે છે? ક્યાં સુધી લઈ જવા માગે છે? કે '**જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...**' જે જીવ અલાયક છે. અભવિ એટલે અલાયક. જેને આત્માનું ભાન નથી એવા અભવિ નામ અલાયક જીવ. આ તો સદાય નથી પામતો એનો દાખલો આપ્યો છે. અભવ્ય નામ આત્માના આનંદને નહિ પામવાની લાયકાતવાળા '**પ્રકૃતિસ્વભાવને**

**પોતાની મેળે છોડતો નથી...**' ધ્યાન રાખજો. એ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એ પોતાની મેળાએ છોડતો તો નથી. આહાહા..! '**પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;...**' જુઓ! શાસ્ત્રકાર શાસ્ત્રમાં એમ કહેવા માગે છે. શાસ્ત્રકાર શાસ્ત્રમાં એમ કહેવા માગે છે. વીતરાગી શાસ્ત્ર અનાદિથી એમ કહેવા માગે છે કે પુણ્ય-પાપ અને શુભ ને અશુભ રાગાદિ જે છે એ છોડવા જેવા છે. ઝેર છે. દુઃખ છે. એમ શાસ્ત્રકાર કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! શાસ્ત્ર શું કહે છે એની હજી અહીં તો ગડબડ ઉઠે છે.

અહીં તો કહે છે કે '**પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના...**' ઓલું નિમિત્ત હતું ને ઓલું સાકરનું? '**દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ...**' શાસ્ત્રના જ્ઞાનમાં ખ્યાલ આવ્યો એને જ્ઞાનથી. સમજાય છે? કે આ રાગ-દ્વેષ અને વિકારને છોડાવવાનું કહે છે. શેઠ! આ કીધું ને એમ? '**દ્રવ્યશ્રુતના જ્ઞાનથી...**' કહ્યું છે. એમ કહ્યું.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. ખ્યાલમાં આવ્યો. ઉઘાડ થયો. ઉઘાડમાં ખ્યાલ આવ્યો છે. ક્ષયોપશમભાવ.

અહીં તો કેવી વાત લીધી છે! કે જે જ્ઞાનના એના ક્ષયોપશમ વિકાસમાં દ્રવ્યશ્રુતથી ખ્યાલ આવ્યો કે આ ભગવાન અને વાણી એમ કહેવા માગે છે કે જે પુણ્ય-પાપ અને વિકલ્પ અને હરખ-શોકની વૃત્તિ છે એ ઝેર છે, એ છોડવા જેવી છે. એ એકત્વ કરવા જેવી નથી. એમ ભગવાનની વાણી, વીતરાગની વાણી દ્રવ્યશ્રુતમાં આમ કહ્યું. એવું એણે જાણ્યું ખરું. જ્ઞાન કર્યું, ક્ષયોપશમ ખ્યાલમાં આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. એની તો વાત જ ક્યાં છે? અહીં તો દ્રવ્યશ્રુતનું જ્ઞાન. એનાથી પણ છોડતો નથી. એનાથી પણ છોડતો નથી. પોતાની મેળે છોડતો નથી, પણ એને કાને પડે વીતરાગની વાણી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી એને દ્રવ્યશ્રુત કહે છે. દ્રવ્યશ્રુત. તેને કાને પડી. ખ્યાલ આવ્યો કે આમ કહે છે. આવું ખ્યાલનું જ્ઞાન કરતાં પણ તે ઝેરને છોડતો નથી. આહાહા..! નવરંગભાઈ! જુઓ! કુંદકુંદાચાર્યની રચના! એ ભાવને ટૂંકામાં કહેવાની રીત અને વ્યવહારથી છૂટેલો ધર્મ પામે એવી એક રીત કહેવાની પદ્ધતિ છે.

કહે છે કે એ પકડે છે વ્યવહારને. પુણ્યનો, દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠ્યોને? એને શાસ્ત્રકારના શાસ્ત્રજ્ઞાનમાં તો એમ આવ્યું કે એ છોડવા જેવું છે. એય..! આ ખ્યાલમાં આવ્યું પણ છોડતો નથી. બાહ્ય જ્ઞાન. અભ્યંતર જ્ઞાન ક્યાં? આ તો બહારલક્ષી ક્ષયોપશમમાં આવી ગયું છે કે આમ કહે છે, આમ કહે છે. આવો ખ્યાલ હોવા છતાં જેમ સર્પને દૂધ સહિત

સાકર પાતા વિષ છોડતો નથી, એમ અજ્ઞાનીના ખ્યાલમાં શાસ્ત્રકાર આમ કહે છે એવો ખ્યાલ હોવા છતાં એ ઝેર એવા પુણ્ય-પાપના ભાવને છોડીને સ્વરૂપમાં આવતો નથી. આહાહા..! કષાય મંદતાને કષાય મંદતાને જ્યાં છોડ્યો હતો, હવે આ આના ખ્યાલમાં આવ્યું પણ એનો ખ્યાલ છોડીને અહીં જાતો નથી. જુઓને કેવી શૈલી!

એનો અર્થ એ થયો કે અનંત તીર્થંકરોની વાણી, એની જે વાણીનું સ્વરૂપ, એમાં તો પુણ્ય અને પાપના વિકલ્પો જે છે એ ઝેર છે એમ છોડાવવા માગે છે. નવરંગભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ '**સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,...**' એમ. છે તો દૂધ સાકરનું ઓલું જ્ઞાન છે, એમ જ્ઞાનનો પર્યાય છે.

મુમુક્ષુ :- મીઠું છે.

ઉત્તર :- હા, છે તો મીઠું. પણ એ રાગ છોડીને અંતરની દૃષ્ટિ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આમાં તો ત્રિકાળ નિયમ પણ શાસ્ત્રનો આવ્યો, કે શાસ્ત્રકાર સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણી, વીતરાગના આગમો, શાસ્ત્રો એમ પોકાર કરે છે અનાદિથી. કે ભગવાન આત્મા આનંદમૂર્તિ છે, એનાથી પુણ્યના વિકલ્પો ઝેર છે. એને છોડવાનું કહે છે એવો ખ્યાલ આવ્યો છતાં એ છોડતો નથી.

અહીં તો એમ કહે છે કે જેણે સાંભળ્યું નથી... સમજાય છે કાંઈ? જે શાસ્ત્રો ભગવાને કહેલા એણે સાંભળ્યા નથી, સાંભળવાને મળ્યા નથી, સાંભળતો નથી. એનું તો શું કહેવું? અમરચંદભાઈ! પણ જેને ભગવાનની વાણી દ્રવ્યશ્રુત સાંભળવા મળી અને એના ખ્યાલમાં પણ આવ્યું કે ભગવાન તો આમ કહે છે. સંતો, મુનિઓ આમ કહે છે. પુણ્યનો વિકલ્પ જે રાગ છે એ પાપ અને પુણ્ય બેય ઝેર છે. એ છોડવા લાયક છે. સ્વરૂપ ભગવાન આત્માનો આશ્રય કરવા લાયક છે. એવું એ શાસ્ત્રના ખ્યાલમાં ક્ષયોપશમમાં આવ્યું છતાં, છે તો દૂધ-સાકરની જેવી ચીજ એ. એય..! અંદર એને બેસતું નથી. ગડ બેસતી નથી. આ શું કહે છે આ? સાકરના દૂધ એવું સૂત્ર છે એમ કહે છે. પણ પીતો નથી. પીવે તો એને છોડતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- પીવે એવો જ નથી.

ઉત્તર :- પીવે એવો .. ઓલાની વાત છે જ ક્યાં? કીધું ને પહેલું? એને બિચારાને સાંભળવા મળ્યા નથી, એ જેને કાને પડે છે ભાષા, શાસ્ત્રના આગમો, વાણી, વીતરાગ વાણીમાં આમ જ કહેવાણું છે. કેમ કે રાગની વિકલ્પદશા તે છોડવા જેવી છે. એવું દ્રવ્યશ્રુતનું કથન પોકાર મારીને, દાંડી પીટીને પોકાર કરે છે. કહો, ઉત્તમચંદભાઈ! લ્યો, આનું નામ આગમ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! એની ખબર ન મળે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની દિવ્યધ્વનિ, ત્રિલોકનાથ પરમાત્માને કેવળજ્ઞાન થયું અને આ વાણી છૂટી. એ વાણીથી બન્યા આગમ. એ આગમમાં પોકાર આ છે એમ કહે છે. ચાહે તો એક અંગ હો અને ચાહે તો બાર અંગ હો. એમ આવ્યું હતું ને બધું? બારેય અંગની અંદર એ વિકલ્પ જે પુણ્ય-પાપની વૃત્તિઓ છે તે છોડવા જેવી છે એમ કહેવામાં આવ્યું છે. ક્યાંય પણ રાગનો અંશ રાખવા જેવો છે એવું ભગવાનની વાણીમાં હોતું નથી. આહાહા..! એમાંથી નીકળે છે? ક્યાં છે એમાં?

મુમુક્ષુ :- .. પણ છોડતો નથી.

ઉત્તર :- પ્રકૃતિનો સ્વભાવ. એ પ્રકૃતિનો સ્વભાવ છે એમ કહે છે. ઓલો પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે ને? રાગની મંદતાનો, એ પુણ્યનો વિકલ્પ પ્રકૃતિનો સ્વભાવ છે. એને શાસ્ત્ર કહે છે, એ છોડવા જેવું છે. આદરવા જેવું નથી. એના ઉપર રુચિ કરવા જેવી નથી. એનું લક્ષ છોડવા જેવું છે. આવું એના લક્ષમાં, ખ્યાલમાં આવવા છતાં તે છોડતો નથી. સમજાણું કાંઈ? પાઠમાં તો એમ લીધું છે ને? **'सुट्ठु'**. **'सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।'** એમ. એટલે કે જે રીતે શાસ્ત્ર કહે છે એ રીતે એણે સાંભળ્યું છે. એના ખ્યાલમાં પણ એ આવી ગયું છે એમ કહે છે. દાસ!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, ઈચ્છા વિના પ્રભુને વાણી હોય છે. એને ઈચ્છા હોતી નથી. એ તો વીતરાગ થઈ ગયા. એવી વાણીના રચનાર ગણધરો, એમાં પણ એ રચ્યું છે. અને એ રચેલા શાસ્ત્રો જેના કાન સુધી આવ્યા છે અને ખ્યાલ સુધી પહોંચી ગયો છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મળી ગયું છે. એને ખ્યાલમાં આવી ગઈ છે વાત. એને કાંઈ બેખબરો થયો નથી. એને ખ્યાલમાં આવ્યું છે કે આમ કહે છે.

પણ, આવું છતાં એ પ્રકૃતિના સ્વભાવને છોડવામાં તો નિમિત્તરૂપ દ્રવ્યશ્રુતનું ખ્યાલ એ નિમિત્તરૂપ જ છે. દ્રવ્યશ્રુતનું જ્ઞાન એને નિમિત્તરૂપે તાકાત એવી એનામાં છે. આ બાજુ ઢળીને કરે ત્યારે એ દ્રવ્યશ્રુતના જ્ઞાનને નિમિત્તરૂપે કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

વાહ! કેટલો નિયમ અનાદિનો બતાવ્યો કે અનાદિના તીર્થંકરોની સર્વજ્ઞ પરમેશ્વરો જેટલા છે, થયા, થાશે, થઈ ગયા અનંત, છે વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં અને અનંત થશે. એ બધી વાણીમાં તો એક જ વાત એને આવે છે. ભગવાન વીતરાગ મૂર્તિ આત્મા છે, એને રાગથી ખસી જા. એટલે કે સ્વભાવનો આશ્રય કર, રાગનો આશ્રય ખસેડી દે. એમ ભગવાનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાણીમાં જોર-શોરથી, નગારાની દાંડીએ ઈન્દ્રોની સમક્ષ એ વાત આવી છે. એ ... માટે, ચોથા કાળને માટે હશે, પાંચમાં માટે નહિ એમ હશે? આહાહા..! અરે..! ભગવાન! શું હજી તો તકરારો (કરે છે). હજી તો એ કહે છે, નહિ. શુભભાવથી આમ થાય, શુભભાવથી આમ થાય. એના ખ્યાલમાં તો આવ્યું છે કે શુભભાવથી લાભ નથી એમ ખ્યાલમાં તો આવી ગયું છે. આ તો ખ્યાલમાં નથી આવ્યું એની તો વાત અહીં કરતા નથી. સમજાણું કાંઈ? ઓલાને તો ખ્યાલમાં પણ આવ્યું નથી હજી. શાસ્ત્ર કહે છે શું એનો ખ્યાલ પણ નથી અને એ જાતનો ક્ષયોપશમ પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એનો અર્થ ઊંધો કાઢે.

ઉત્તર :- ઊંધા એટલો ઊંધો. શાસ્ત્રનું જ્ઞાન પણ ઊંધું છે એનું. ક્ષયોપશમવાળું ..વાળું પરલક્ષી ઊંધું છે. આ તો શાસ્ત્રનું જ્ઞાન પરલક્ષી એના ખ્યાલમાં આવ્યું છે કે આ તો આમ કહે છે. પણ એને છોડતો નથી. સમજાય છે કાંઈ?

કેમ છોડતો નથી? '**ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે,...**' સદાય ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાન. એ જ્ઞાનની વ્યાખ્યા કરી. શુદ્ધાત્મ એ વસ્તુ, એનું જ્ઞાન કેવું છે? કે ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ. એની વ્યાખ્યા જરી લાંબી છે. વિસ્તારથી આવશે. ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ જે જ્ઞાન. જુઓ! ઓલું દ્રવ્યશ્રુતમાં કહ્યું હતું એવું અહીંયાં ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ એવું જ્ઞાન, એવો જે આત્મા એનો અભાવ છે. ભાવશ્રુતજ્ઞાનનો અભાવ છે. માટે તે પ્રકૃતિમાં લીન થઈને રાગને છોડતો નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૩, શનિવાર તા. ૪-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૧૭-૩૧૮, પ્રવચન-૩૮૬**

૩૧૭ ચાલે છે. જુઓ, ફરીને લઈએ.

**ટીકા :- 'જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...'** સર્પની અંદર દાઢમાં ઝેર છે. એની દાઢમાં ઝેર (છે). એથી સર્પ વિષભાવને છોડતો નથી. **'અને વિષભાવ છોડાવવાને સમર્થ...'** ઝેર છે સર્પનું એને છોડાવવાને નિમિત્તરૂપ સમર્થ **'એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,..'** એને સાકરસહિત દૂધનું પીણું આપે, સાકરવાળું દૂધ આપે તોપણ તે સર્પ તેના ઝેરને છોડતો નથી. એ દૃષ્ટાંત થયો.

**'તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...'** અભવ્યનો દૃષ્ટાંત છે અહીંયાં. પણ જે જીવ પોતાના સ્વરૂપને પામવાને લાયક નથી એ, પ્રકૃતિસ્વભાવ એટલે કે પુણ્ય અને પાપનો વિકલ્પ અને રાગ તે પ્રકૃતિનો સ્વભાવ એ ઝેર સમાન છે (તેને છોડતો નથી). સમજાય છે કાંઈ? ભગવાન આત્માનો સ્વભાવ તો અતીન્દ્રિય અમૃત સ્વરૂપ છે. અને પુણ્ય અને પાપનો વિકલ્પ જે થાય છે એ, જેમ સર્પને ઝેર છે દાઢમાં, એમ એની પર્યાયમાં આ પુણ્ય-પાપનું ઝેર છે. સમજાય છે કાંઈ? ચાહે તો અશુભભાવ હો, ચાહે તો શુભભાવ હો. પણ એ પ્રકૃતિ સ્વભાવ છે. આત્માના અમૃત સ્વરૂપથી વિરૂદ્ધ ઝેર સ્વભાવ છે. એને પોતાની મેળે છોડતો નથી. અભવ્ય જીવ અથવા નાલાયક જીવ, સ્વરૂપની શાંતિની પ્રાપ્તિને અલાયક જીવ, એની પર્યાયમાં જે પુણ્ય અને પાપનો વિકલ્પ જે વૃત્તિઓ જે વિકાર ને દુઃખ ને ઝેર છે, એને પોતાની મેળે તો છોડતો નથી.

**'અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...'** નિમિત્ત. **'એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી...'** ભગવાનના કહેલા આગમો સર્વજ્ઞ પરમેશ્વર, (એમની) દિવ્યધ્વનિમાં આવેલા આગમો, એ આગમોનો સ્વભાવ એવો છે અને એ આગમોમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પો જે ઊઠે છે એ છોડ. સમજાય છે કાંઈ? આત્મા વીતરાગ સ્વભાવે છે, એનાથી વિરૂદ્ધ શુભ અને અશુભભાવ.. સમજાણું કાંઈ? એ પ્રકૃતિનો સ્વભાવ છે. એને વીતરાગના શાસ્ત્ર એમ કહે છે કે તું એને છોડ. એવું એ નિમિત્ત છે. સમજાય છે કાંઈ? સમર્થ છે. સમર્થ શબ્દે નિમિત્તરૂપ છે. એમ. ભગવાનની વાણી નિમિત્તરૂપ છે. છોડાવવાને સમર્થમાં નિમિત્તરૂપ છે. પણ એ પોતે શાસ્ત્ર એમ કહે છે અને એ શાસ્ત્રની એને ખ્યાલમાં પણ વાત આવી છે-ક્ષયોપશમમાં. જુઓ! **'છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાન...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ. એવા શાસ્ત્રનો એને ખ્યાલ પણ આવ્યો, ઉઘાડ પણ થયો છે. આ શાસ્ત્ર સર્વજ્ઞ પરમાત્માના વીતરાગી શાસ્ત્રો, સંતો, મુનિની વાણી એ એમ કહે છે કે પરલક્ષી જે પુણ્ય અને પાપની વૃત્તિઓ-ભાવ થાય છે એ છોડવા જેવી છે, એ આદરવા જેવી નથી, એ ગ્રહણ કરવા જેવી નથી. એમ એના ખ્યાલમાં દ્રવ્યશ્રુત આમ કહે છે એવો ખ્યાલ આવે છે છતાં. સમજાણું કાંઈ? એમાં તો એ સિદ્ધાંત નીકળ્યો કે વીતરાગની વાણીમાં, સંતોની વાણીમાં, જ્ઞાનીની વાણીમાં એ પુણ્ય અને પાપના ભાવને છોડાવવાનું આવે છે. અને શુદ્ધ આનંદ સ્વભાવ આત્માને ગ્રહણ કરવાનું આવે છે.

મુમુક્ષુ :- વાણી તો સુધરી કહેવાય.

ઉત્તર :- એ જ કહે છે સુધર્યું નથી. ઓલું સાકરવાળું દૂધ પીવે એટલે? એમ પાછું એ છે ને ઓલું? ધર્મની ભાન ક્યાં છે? આહાહા..!

જુઓ! અહીં ક્યાં સુધી વાત લીધી છે! પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ અને એમના સંતો અને સમકિતી બધાની વાણી છે એ આગમ છે, એ ધર્મને માટે નીકળેલી. સમજાય છે? એ વાણીમાં તો એમ જ આવ્યું છે કે આ આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, અનાકુળ આનંદની મૂર્તિ છે આત્મા. એનાથી વિરૂદ્ધ જેટલા શુભ અને અશુભભાવ પરલક્ષી જે ભાવ ઉત્પન્ન થાય તે બધો પ્રકૃતિનો ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધનો સ્વભાવ છે. એને છોડવાનું શાસ્ત્રમાં કહ્યું છે. કોઈપણ શાસ્ત્ર ભગવાનના શાસ્ત્રમાં કોઈપણ પ્રકૃતિનો એક રાગનો અંશ પણ રાખવાનું એમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? રતિભાઈ! જેમ છે એમ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હમણા સાંભળવા માટે. સાંભળવા માટે બંધ કર્યું. કહો, સમજાણું કાંઈ? એના શબ્દાર્થ ત્યાં ઘરે વાંચો તો કાંઈ સમજાય એવું નથી એની મેળાએ.

મુમુક્ષુ :- માટે તો વાંચતા નથી.

ઉત્તર :- ઘરના ચોપડા વાંચે જેમાં તો ઝેર નીકળે એવું છે. ચોપડા એ એમ કહે કે આનું આમ કર, આનું આમ કર, આનું લેણું છે ને આનું દેણું. એકલું ઝેર. આત્માની પર્યાયમાં એકલું પાપનું ઝેર.

અહીં તો કહે છે કે શાસ્ત્ર તરફનું જ્ઞાન કરીને બેઠો છે એ પણ વિકલ્પ ઉઠ્યો છે એ પણ એક ઝેર છે. આહાહા..! કહે છે ઈ એમ કે અહીં છોડ એ વિકલ્પનું જ્ઞાન. સમજાય છે? આહાહા..! એટલે સર્વજ્ઞના અને વીતરાગદેવ જિનેશ્વરના શાસ્ત્રો ત્રણે કાળના જે છે એ શાસ્ત્ર એમ કહે છે-દ્રવ્યશ્રુત, દ્રવ્યશ્રુત (વીતરાગની) વાણી કે જેટલો વિકારનો ભાવ છે એ વાણી એમ કહે છે કે વિકારનો અંશ બિલકુલ વ્યય કરવા જેવો છે, ઉત્પન્ન કરવા જેવો

નથી, છોડવા જેવો છે, ગ્રહણ કરવા જેવો શુદ્ધ ચૈતન્ય મૂર્તિ આનંદ. આહાહા..! એકલો ભગવાન અભેદ ચૈતન્યસ્વરૂપ તે જ ગ્રહણ કરવા લાયક, તે અનુભવ કરવા લાયક છે. એમ વીતરાગની ચાર અનુયોગની વાણીમાં આ આવેલું છે. સમજાણું કાંઈ?

'**એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી...**' જુઓ! દ્રવ્યશ્રુતનું જ્ઞાન એ જાતનું સાકરનું.... પહેલું કીધું ... કીધું. પણ એ નિમિત્ત ક્યારે થાય? કે એ કહે છે એનું લક્ષ છોડી, લક્ષ છોડીને. શુદ્ધ ચૈતન્યનું લક્ષ કરે તો એને એ નિમિત્ત જ્ઞાન થયું એમ કહેવામાં આવે. એ જ્ઞાન તો એ નિમિત્ત આ રીતે જ થવાને લાયક છે એમ કહે છે પાછું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદની મૂર્તિ અભેદ જે છે એનાથી જે વિકલ્પની વૃત્તિઓ સૂક્ષ્મ કે સ્થૂળ કોઈ પ્રકારની ઉઠે એ બધી છોડવા જેવી છે એમ વીતરાગની વાણીના આગમમાં આવ્યું છે. કેમ કે એ દુઃખરૂપ છે, ઝેર છે. આહાહા..! કહો, રતિભાઈ! આ વેપારના, ધંધાના પાપના પરિણામનું શું કરવું? ..ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે, શાંતિથી સાંભળ ભાઈ! જેટલો ભગવાન આત્માનો વિષય, આશ્રય છૂટીને જેટલો પરમાં જાય, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ ઉઠે, દયા, દાનનો, વ્રતનો વિકલ્પ ઉઠે એ બધો ઝેર છે. જેઠાલાલભાઈ! ભારે આકરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરતો નથી કાંઈ. કોણ કરે છે? કોણ કહે છે કરે છે? કોણ કહે છે કરે છે? કોણ કહે છે કરે છે?

મુમુક્ષુ :- પરનું કરે કોણ રાગનું.

ઉત્તર :- રાગને કરે કોણ? જ્ઞાન કરે? આત્મા કરે રાગને? એને આત્મા કહીએ? રાગનો વિકલ્પ કરે અને મારો માને એ તો મૂઢ અજ્ઞાની, અનાત્મા છે. ..ભાઈ આવ્યા છે? શું છે? સાંભળો, સાંભળો. નજીક આવો. સાંભળવા જેવું છે આ નવા વર્ષનું.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં, ચારેય અંગના શાસ્ત્રોમાં, ગણધરના કથનમાં, ગણધરના શાસ્ત્રની રચનામાં એમ આવ્યું છે કે, આત્માની પર્યાયમાં પરલક્ષી જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિનય, પરનો જે ભાવ થાય એ બધો ઝેર છે, છોડવા જેવું છે એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. રાડ નાખે એવું છે ને આ બધા. એય..! કપુરચંદભાઈ! આહાહા..! એમાં થઈ ગયા ધર્મ, ઓલો મનાવે ધર્મ. સાંભળને ભાઈ! ધર્મ તો તારો સ્વભાવ છે. આ પ્રકૃતિસ્વભાવ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય વીતરાગી સ્વરૂપી પ્રભુ આત્મા જ છે. એનો અંતર આશ્રય લઈને જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટે તે ધર્મ છે. તે વીતરાગની વાણીમાં એમ

કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? વીતરાગની વાણીને બહાને કોઈ એમ કાઢે કે જેટલો અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ દયા, કોમળતાનો આવે એ આત્માને શાંતિ અને ધર્મમાં મદદ કરે. એ વીતરાગની વાણી નહિ. એ અજ્ઞાનીની વાણી, અજ્ઞાનને સ્થાપવાની વાણી છે. મલૂકચંદભાઈ! સમજાણું કાંઈ?

કેમ કે વીતરાગ પોતે અજ્ઞાન અને રાગને નાશ કરીને જ્ઞાનને-કેવળજ્ઞાનને પામ્યા. વિજ્ઞાન વીતરાગતા પામ્યા. એવા ભગવાનની વાણીમાં અનંત કાળથી આવ્યું છે, અત્યારે આવે છે અને ભવિષ્યમાં આવશે. ત્રણે કાળના તીર્થંકરોની વાણી એને કહીએ કે જે વાણી આત્માના પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરું... આ કરું... આ કરું.. આ કરું.. કહો, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનયનો વિકલ્પ પણ વીતરાગની વાણીમાં ઝેર તરીકે આવ્યો છે. આવી વાતું ભારે! એય..!

મુમુક્ષુ :- ક્યાં ઊભું રહેવું અમારે?

ઉત્તર :- આત્મા છે ને. આત્મા છે કે નહિ? આત્મા છે કે નહિ? ભગવાન ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! લોકોએ વીતરાગ શું કહે છે અને વીતરાગના સંતોની કેવી વાણી હોય અને શાસ્ત્રની રચનામાં શું આવ્યું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આહાહા..! વીતરાગ તે વીતરાગતાની વાત કરે કે વીતરાગ તે (રાગ) રાખવાની વાત કરે? તો વીતરાગ થયા શું કરવા એ? રાગની વ્યાખ્યા શું પણ પાછી? રાગ તો ન હોય એટલી વ્યાખ્યા થઈ. એ તો શબ્દ થયો. પણ રાગની વ્યાખ્યાનું સ્વરૂપ એટલું છે કે હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના, કામ-ક્રોધનું ભોગવવું એ તો પાપરાગ છે. પણ પરની દયા, દાન, પૂજા, વ્રત, અપવાસ એવો કરું એવો જે વિકલ્પ છે તે પુણ્યરાગ છે. તે બેય ઝેર છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર વાંચવું એ?

ઉત્તર :- શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ ઝેર છે. આ સાંભળવાનો વિકલ્પ ઉઠે એ ઝેર છે એમ કહે છે. એય..! રતિભાઈ! કો'ક દિ' નવરા થઈને આવે. ઉતરવા દ્યોને એના માટે તો ઉતરે છે. એય..! ન્યાલભાઈ! આ કહે છે કે આમાં ઉતરે છે. પણ આ ક્યાં ખાનગી છે? આ તો દાંડી પીટીને તો આ લખાણ લખ્યું છે. ગુપ્ત રાખવા માટે લખ્યું છે? આહાહા..! ભાઈ! તને રુચે ન રુચે એથી તો સ્વતંત્ર છો. પણ જો જિજ્ઞાસા તને ધર્મની સાંભળવા માટે આવ્યો હોય તો તો એ રાગ છે તે ઝેર છે, દુઃખ છે, એને શાસ્ત્ર છોડવાનું કહે છે. કોઈ કાળે, કોઈ પ્રસંગે એ રાગને રાખવો એવી વીતરાગની વાણી હોઈ શકે નહિ. કહો, દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પણ છે કે નહિ એમાં? તો શું છે? ઠીક કર્યું પણ આ મુંબઈથી આવ્યા અહીં. કહો, સમજાણું આમાં?

પ્રભુ! તું તો શાંતરસની વિસ્મયતા પણ એમાં ક્યાં છે? આહાહા..! આ શું? આ કેમ? એવું સ્વરૂપમાં ક્યાં છે? સમજાય છે કાંઈ? ઓહો..! અહીં તો કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય એમાં વંદન અને વિનયનો જે ભાવ ઉઠ્યો વિકલ્પ, વિસ્મય. આહાહા..! આ! એ વિકલ્પ પણ પ્રકૃતિનો સ્વભાવ ઝેર છે.

મુમુક્ષુ :- .. બે ભેદ નહિ?

ઉત્તર :- બે ભેદ તો પુણ્ય-પાપ એ તો બે. પણ આત્માની અપેક્ષાએ બેય ઝેર છે. અહીં તો આત્માની અપેક્ષાની વાત ચાલે છે ને. આ સ્વભાવ અને આ સ્વભાવ-બે વાત ચાલે છે. એમાં મંદ કષાય અને તીવ્ર કષાય એ તો એના કષાયના પ્રકાર પાડવા છે. પણ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ તો બેય પ્રકૃતિસ્વભાવ છે. સમજાણું કાંઈ? કપુરચંદભાઈ! ભારે આકરું જગતને પડે. એ તારી ચીજ જ એવી છે ભાઈ! ત્યાં વિકલ્પ સમાય એવી ચીજ જ નથી. આહાહા..! એ ચીજ એવી નથી.

ભાઈ! તું ચિદાનંદ મૂર્તિ છો. તારા સ્વરૂપમાં તો એકલો અકષાય વીતરાગ સ્વભાવ ભરેલો છે. ભરેલો હોય તો પ્રગટ થશે, કાંઈ બહારથી આવે એવું નથી. એવો વીતરાગ સ્વભાવ ભગવાન આત્મા એના સિવાય વીતરાગની વાણીમાં એમ આવ્યું કે જેટલા વિકલ્પો ઉઠે એ બધું, જેમ સર્પનું ઝેર છે, એમ અમૃત સમાન ભગવાન આત્મામાં એ પુણ્ય પ્રકૃતિનો સ્વભાવભાવનો પ્રકૃતિસ્વભાવ છે. એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નથી એમ કહે છે. એના ગુણનો એ સ્વભાવ નથી. એ તો ઊભું કરેલું પર્યાયમાં પ્રકૃતિસ્વભાવ છે. એને છોડવાને સમર્થ છે. ભગવાનની વાણી, સંતોની વાણી એને રાગ છોડાવવાને નિમિત્તરૂપે સમર્થ છે. આહાહા..! પાણી ઉતરી જાય એવું છે કે નહિ માણસને અંદરથી? કે હાય.. હાય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અંદર છે કે નહિ મોટો જ્ઞાનાનંદ ભગવાન? એમ કહે છે. અંદર ચિદાનંદ પ્રભુ છે. તને ક્યાં સત્તા એમ કે ખાતરી ક્યાં છે એની? એમ કહે છે.

સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચૈતન્ય મૂર્તિ (છે). તેં એમાં જોયું છે ક્યાં? હું કેવડો છું? ક્યાં છું? કેમ છું? એવી એને ખબર નથી. એથી કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ તો આ છે કે જેમાં એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગનો જેમાં અવકાશ નથી. જેની ગંધ નથી એમાં. ગંધ નથી. આહાહા..! માણસને લાગે તો આકરું ભાઈ! શું થાય? કારણ કે એણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કોઈ દિ' આત્માનો સ્વભાવ શું છે અને એ સ્વભાવમાં ટાળવાની શક્તિ કેટલી છે એની ખબર નથી. રાખવાની શક્તિ નથી, અહીં તો ટાળવાની શક્તિ એમ કહે છે. શાસ્ત્ર એમ કહે છે કે એ રાગને છોડ એમ તારી તાકાત છે. રાગને રાખું એવી કોઈ તાકાત તારામાં નથી. સમજાણું કાંઈ? અરે..રે..! આ આત્માની એણે દયા નથી ખાધી. સમજાણું કાંઈ? એમ ને એમ દુઃખી... દુઃખી... દુઃખી...

મુમુક્ષુ :- પોતે પોતાની દયા ખાધી નથી.

ઉત્તર :- પોતે દયા જ ખાધી નથી એની. નીકળી પડ્યો પરની દયા કરવા ને પરનું આ કરવા. બાયડી-છોકરાનું રક્ષણ કરવા ને રળવા. મરી જાય છે ક્ષણે ક્ષણે એ તો રાગ કરીને. ઝેર પીવે છે એ તો. આહાહા..! એય..!

અહીં તો કહે છે કે એ અશુભભાવ ટાળીને કદાચિત્ એને શુભ વિકલ્પ ઉઠ્યો એ પણ ઝેર પીવે છે. આહાહા..! એ કહે છે ને અંદર? .. છે કે નહિ હવે અંદર? આત્મા છે કે નહિ સત્તા? ઈ કહે છે જુઓ! આહાહા..! વસ્તુ છે કે નહિ અંદર ચિદાનંદ પ્રભુ? જુઓ! **'પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;...'** જ્ઞાનથી પણ છોડતો નથી એમ કહે છે. શાસ્ત્રનું જ્ઞાન એમ થયું, શાસ્ત્ર એમ કહે છે એ એને ખ્યાલમાં આવ્યું. દેવાનુપ્રિયા! તો ત્યાં પકડાઈ ગયો પાછો ક્યાંક ક્યાંક અપેક્ષાઓ લગાડીને. આ અપેક્ષા ઢીકણી આમ છે, એ નિમિત્ત પણ છે કે નહિ? એ વ્યવહાર છે કે નહિ? અને એ હોય તો ખરો કે નહિ? એ આવે તો પછી થાય કે નહિ? પહેલો પાછો થાય, અશુભભાવથી પાછો થાય તો શુભભાવ તો આવે કે નહિ? શુભભાવ પછી શુદ્ધમાં જવાય. એવી અપેક્ષા લગાવીને એને છોડવું ગોઠતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આ ભાવાર્થ આ. આ ભાવાર્થ છે.

મુમુક્ષુ :- નયાર્થ શબ્દમાં જ ...

ઉત્તર :- એ નયાર્થમાં જ ભાવ આવી ગયો. નિશ્ચયનયે રાગાદિ છોડવા લાયક (છે) એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય જે વર્તમાનમાં પુણ્ય અને પાપના વિકલ્પો વ્યવહાર તરીકે પુણ્યના વર્તે એ પણ છોડવા જેવું છે એમ વીતરાગની વાણીના દ્રવ્યશ્રુતમાં આવ્યું છે. કહો, સમજાણું?

બીજી રીતે કહીએ તો જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તે વાણી છોડવાનું કહે છે એમ કહે છે. આરે..આરે..! આહાહા..! સમજાણું કાંઈ? એને ક્યાં જાવું આમ અંદર કોઈ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજ ખબર પડતી નથી. અંદર ચિદાનંદ પ્રભુ સૂર્ય ચૈતન્ય મૂર્તિ છે, એની સત્તામાં થાપ દેવી, ... થવું એની કાંઈ ખબર પડતી નથી. સમજાણું કાંઈ? કહો, સમજાણું?

આ તો એક આ લીટીમાં જ વધારે સ્પષ્ટીકરણ છે કે '**પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...**' એટલે કે વીતરાગની વાણીમાં એવું આવે છે કે, એ દ્રવ્યશ્રુતનો એવો સ્વભાવ છે કે, એનું જ્ઞાન થાય એની પર્યાયનો એવો સ્વભાવ છે કે. એનું લક્ષ છોડીને આનંદમાં આવ અને પ્રકૃતિ સ્વભાવ છોડ એમ એના જ્ઞાનમાં અને વાણીમાં એમ આવે છે. સમજાણું કાંઈ? એને પણ સાંભળીને છોડતો નથી. પકડે છે અંદર. અભવી જેવો છે કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, છે ને. .. વિનય કરીએ તો આ થાય. નીચું જોઈને ભડાકા મારતા હોય .. નીચું જોવામાં .. એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છે.. આહાહા..! અરે..! વીતરાગની સભામાં તેં વીતરાગભાવને કોઈ દિ' સાંભળ્યો નથી. સમજાણું કાંઈ? રાગાદિ ભાવને વીતરાગ સ્વભાવમાં સાંભળ્યો એણે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગથી ભરે છે. આહાહા..!

ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું છે ભગવાન! તું તો ભગવાન એટલે (તારી) મહિમા (છે). તારી મહિમા કાંઈ રાગથી છે? પ્રભુ! એ શુભરાગથી તારી મહિમા છે? તારી મહિમા તો વીતરાગસ્વભાવથી છે. સમજાય છે કાંઈ? સર્વવિશુદ્ધ અધિકાર છે તો એકદમ સ્પષ્ટ કરી નાખ્યું છે. આહાહા..! ક્યાં જાવું? પણ છે કે નહિ? એ પ્રશ્ન ઉઠે છે, ઉઠ્યો છે પુણ્ય-પાપના અધિકારમાં. મહારાજ! પ્રભુ! આપ જ્યારે શુભ-અશુભભાવનો નિષેધ કરો છો તો સંતોએ, મુનિઓએ શું કરવું? એને શરણ શું? આ તો પાપ છોડીને શુભભાવ આવે તો કાંઈક એમ થાય કે હું શરણમાં છું, કાંઈક કરું છું. તમે તો કહો છો, પુણ્ય અને પાપ બેય ઝેર છોડવા જેવા (છે). હવે એને શરણ શું? એવો પ્રશ્ન પુણ્ય-પાપના અધિકારમાં શિષ્યનો ઉઠ્યો છે. સમજાણું કાંઈ? ક્યાં જાવું? એમ કીધું છે. આ કહે કે શું કરવું? એ બેયનો ઉત્તર છે એમાં. ક્યાં જાવું એટલે આમ કહેતા હતા એ. આ કહે શું કરવું? એમ. પ્રશ્ન તો ઉઠે ને. આહાહા..!

કહે છે, પ્રભુ! આપ તો પુણ્ય અને પાપના બેય વિકલ્પોની જાતને ધર્મને નામે રાખ્યા હોય, છોડવા જેવા છે એમાં. ત્યારે હવે એણે કરવું શું કરનારને? ભાઈ! એ શરણરહિત નથી. પુણ્ય-પાપના વિકલ્પને છોડે તો શરણરહિત નથી. એને શુદ્ધ સ્વભાવનું શરણ છે. અહીં કહેશે ઈ. અંદર શુદ્ધ ચિદાનંદ ભગવાન આત્મા છે, પરમાત્મ સ્વરૂપ. એ વિકલ્પની દૃષ્ટિ છોડશે તો એને શુદ્ધ ચૈતન્યમાં આવશે એવું શરણ છે, એને બેસવાનું સ્થાન છે, એને રહેવાનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્થાન છે, એ રહેનારના રહેઠાણનું એને સ્થાન છે. આવી ગયું છે નિર્જરામાં. સમજાણું કાંઈ? આહાહા..! બીજી ઢબે પણ વાતું... સમયસાર તે સમયસાર છે. સમયસાર એટલે આત્મા. આત્મા એટલે વીતરાગી પિંડ. આનંદનું ઝરણું. એકલું આનંદનું ઝરણું. આહાહા..!

ભગવાન! કહે છે કે પુણ્ય-પાપનું ઝરણું એ આત્મા હોય? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે. અહીં તો એમ કહે છે. આહાહા..! રાડ નાખે કે નહિ? છોડવા જેવો છે. ષોડશકારણ ભાવના ભાવતા આવે છે કે નહિ? પૂજામાં આવે છે કે નહિ ભક્તિ કરતા? તે પરમ ગુરુ હોય.. પરમ ગુરુ હોય. સાંભળને. પરમગુરુ તે કાંઈ રાગથી થાતું હશે? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પ્રકૃતિનો સ્વભાવ છે. તારો સ્વભાવ નથી. એમ કહે છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે એ ભાવ છોડવા જેવો છે. શ્રુતના ભાવમાં શ્રુતમાં એમ આવ્યું છે કે એ ભાવ છોડવા જેવો છે. છોડીને શરણ શું? જ્ઞાનાનંદ ભગવાન છે ને આખો. વસ્તુ સ્વભાવમાં શાંતિએ બિરાજમાન છે ને. અતીન્દ્રિય આનંદે બિરાજમાન પ્રભુ આત્મા છે. ત્યાં જા. તને શરણ મળશે. રાગમાં શરણ છે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, રતિભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શુભ અને અશુભ બેય પ્રકૃતિનો સ્વભાવ છે. ખરેખર કર્મનો સ્વભાવ છે. ખરેખર અચેતનભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્ય ભગવાન આત્મા અનાકુળ આનંદની મૂર્તિ એ તો મોટું આનંદનું ઝરણું છે. સમજાય છે કાંઈ? એવો અતીન્દ્રિય આનંદ છે. ધ્રુવ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? જાને નજર કરને. ત્યાં નજર કરને. ઠર ને ત્યાં. ઠરવાનું સ્થાન એ છે. પુણ્ય-પાપ સ્વભાવ વિકલ્પ છે એ વીતરાગદેવની વાણીમાં, જ્ઞાનીઓની વાણીમાં, સંતોની વાણીમાં જંગલમાં સિંહ તરીકે આત્માના આનંદમાં વિચરતા હતા, પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે કે એ છોડવા જેવું છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનથી પણ છોડતો નથી;...**' પણ મૂકતો નથી. કાંઈક.. કાંઈક પકડે. કાંઈક પકડે. કાંઈક.. કાંઈક.. કાંઈક... ટેકો જોઈએ કે નહિ? ટેકો-ટેકો કાંઈક માગે છે. કાંઈક ટેકો. એ બહિર્મુખ ભાવ ઉત્પન્ન થયો. અને બહિર્મુખનો અમને અભ્યાસ છે અને બહિર્મુખની ટેવ પડી ગઈ છે. તો એ ટેવમાંથી થોડીક ટેવ ઘટાડી અશુભની અને આ કાંઈક ટેકો છે કે નહિ? ના. જરીએ ટેકો નથી. આહાહા..! પ્રકૃતિનો સ્વભાવ એ શુભ, અશુભભાવ, વાણીનું જ્ઞાન. એટલે વાણી, વાણીનું જ્ઞાન ત્યારે એને કહેવાણું ને? એના ખ્યાલમાં એને આવે છે કે આ એમ કહે છે. આ આમ કહે છે. વીતરાગ આમ કહે છે, દ્રવ્યશાસ્ત્ર એમ કહે છે. શ્રુતની રચના એ રાગના અભાવ કરવા માટે થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ સ્વભાવની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રચના કરવા માટે થઈ છે. રાગની રચના કરવા માટે નહિ. આહાહા..! ભારે! સાધારણ માણસને તો એવું લાગે ને આ કાંઈક. પણ આ ક્યાં કોઈના ઘરની વાત છે? છે તો ઘરની. પણ આ લખેલી છે કે નહિ અહીંયાં? એય.. છે કે નહિ આમાં? નીકળે છે કે નહિ એ વાત? હવે પોતાની દૃષ્ટિએ એના અર્થ કરે એ તો સ્વતંત્ર છે. આમાં બીજી રીતે અર્થ થાય એવો પણ નથી. કોઈ કહે કે આ તો બહુ ઊંચા ગુણસ્થાનની વાત છે. ઊંચાની વાત સાચી. ચોથા ગુણસ્થાનની વાત છે.

મુમુક્ષુ :- બહુ ઊંચું.

ઉત્તર :- ઊંચું એટલે ચોથા ગુણસ્થાનનું. સમજાણું કાંઈ?

'**કારણ કે તેને સદાય,...**' જેણે વીતરાગની વાણી સાંભળી છે. સાંભળવામાં ખ્યાલમાં પણ આવ્યું છે એવો અભવિ. '**તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે,...**' જુઓ! શું કહે છે? શુદ્ધાત્મા ભગવાન શુદ્ધ સ્વરૂપ, એનું જ્ઞાન શું? ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ એવું જ્ઞાન. ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ એવું જ્ઞાન. એ પર્યાય. શુદ્ધાત્મા જે શુદ્ધ સ્વરૂપ છે ધ્રુવ ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ... એ શુદ્ધાત્મા છે. અને ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ જ્ઞાન તે પર્યાય છે. સમજાણું કાંઈ? એમાં નહિ સમજાય કાંઈ ન્યાં. જુઓ તો ખરા લીટીમાં. કેનો અર્થ થાય છે. ઘરે ત્યાં કાંઈ નહિ સમજાય. શું છે? જુઓ, આ અર્થ થાય છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં.

જુઓ! '**કારણ કે તેને સદાય,...**' છે? ૩૧૮. હજી તો ૧૮ તો હવે આવશે. ૧૭. ૩૧૭ ગાથા. ૩૧૭ની ટીકા. કાઢતા કાઢતા વાર લાગશે હજી તો. સમજતા તો વાર લાગે. છે? '**કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ...**' સમજાણું કાંઈ? '**શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે,...**' શું કીધું? કહે છે કે જેને ખ્યાલમાં વાત શાસ્ત્ર આમ કહે છે એવો ખ્યાલ આવ્યો છે છતાં. ઉપશમ નથી ઓલામાં આવતું? એક આવે છે ને કડીમાં? આવું જાણતા ઉપશમભાવને પામતો નથી. હવે આવશે. એ હવે આવશે. હવે આવશે. એ આ વાત કહેવા માગે છે. એ ત્યાં તો સ્પષ્ટ કરશે. આવું જાણતો છતાં.. સમજ્યાને? ઉપશમભાવને પામતો નથી. કહો. કેટલામું?

મુમુક્ષુ :- ૩૮૨.

ઉત્તર :- ૩૮૨ ગાથા. છેલ્લું છે ને? આમાં નથી. નહિ? હિન્દીમાં. '**एततु ज्ञात्वा उपशमं नैव गच्छति मूढः।**' મૂળ પાઠ.

**एयं तु जाणिऊणं उवसमं णेव गच्छदे मूढो।**
**णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो।।३८२।।**

'**एयं तु जाणिऊणं**'. શાસ્ત્ર આમ કહે છે એવો એને ખ્યાલમાં પણ વાત આવે છે. એવા જીવની આ વાત લીધી છે. જેને તો બિચારાને સાંભળવા પણ મળ્યું નથી, શું માર્ગ છે એ કાને પડ્યું નથી, વીતરાગની વાણીમાં શું છે એ વાણી પણ સાંભળવાને આવ્યો નથી એની તો અહીં વાત લીધી જ નથી. સાંભળવા આવ્યો છે, ઘણીવાર સાંભળ્યું છે વીતરાગની વાણી. સમજાય છે કાંઈ? '**जाणिऊणं**' એના ખ્યાલમાં પણ એ આવ્યું છે કે આ શાસ્ત્ર વીતરાગના આમ કહે છે. ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં રચાયેલા પુસ્તકો, શાસ્ત્રો, આગમ આમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવની વાણીમાં આમ આવે છે. એમ એના ખ્યાલમાં આવે છે. '**उवसमं णेव गच्छदे मूढो**' પણ મૂઢ તેના ભાવથી છૂટીને ઉપશમભાવને પામતો નથી. સમજાણું કાંઈ? '**णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो**' કલ્યાણકારી બુદ્ધિને પ્રાપ્ત થતો નથી. એ અકલ્યાણકારી પુણ્યની બુદ્ધિ છે એમાં મને કલ્યાણ થાશે, (એ) અકલ્યાણકારી બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ...**' એ પર્યાય છે. શુદ્ધાત્મા એ દ્રવ્ય છે. એનું જ્ઞાન. ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ એવું જ્ઞાન. એમ. સમજાણું કાંઈ? એ શુદ્ધાત્માનું જ્ઞાન. એમ. ભાવશ્રુત એટલે કે દ્રવ્યશ્રુતમાં જે કહ્યું એવું આત્મા તરફમાં અભેદ થઈને જે શ્રુતજ્ઞાન પ્રગટ થાય તેને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! જે દ્રવ્યશ્રુત છે એનું લક્ષ છોડી દઈ એનો ખ્યાલ છોડી દઈને, શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પવિત્રધામ એનો આશ્રય લઈને જે શ્રુતજ્ઞાન પ્રગટ્યું એને ભાવશ્રુતજ્ઞાન, આત્માનું જ્ઞાન એ શુદ્ધાત્મ દ્રવ્ય, શુદ્ધાત્મ દ્રવ્ય, એનું જ્ઞાન. એ પર્યાય શ્રુતજ્ઞાનની પર્યાય છે. સમજાણું કાંઈ?

એવા શ્રુતજ્ઞાનના '**શુદ્ધાત્મજ્ઞાનના...**' ભાષા જુઓ. બીજું જ્ઞાન કાંઈ નહિ. દ્રવ્યશ્રુતનું જ્ઞાન અહીં ન લીધું. એ તો કાઢી નાખ્યું. '**ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાન...**' ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એને અવલંબે અભેદ દૃષ્ટિ થતાં જે જ્ઞાન પ્રગટ્યું તે જ્ઞાનને શુદ્ધાત્મજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુત લક્ષણ એને ભાવશ્રુત જ્ઞાનનું સ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલા એમ કહે છે કે, કાંઈક હળવું કરો હળવું તો માણસ સમજે. પણ હળવું શી રીતે કહેવું? સાંભળને! પોતે હળવો જ છે. વીતરાગ સ્વરૂપ છે. આ એની દૃષ્ટિ કરવી એ હળવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે અજ્ઞાની '**સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ...**' એટલે લક્ષણ. મૂળ પાઠમાં લક્ષણ છે ને? ભાવશ્રુતજ્ઞાન લક્ષણ. ઓલામાં પણ લક્ષણ છે. અહીં લક્ષણ છે. બરાબર છે. લક્ષણ એટલે સ્વરૂપ. ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ એવું જ્ઞાન. કોનું? કે શુદ્ધાત્માનું. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે, એના તરફનું ઢળેલું નિર્મળ ભાવશ્રુતજ્ઞાન જે અરૂપી અને શાંતિ અને આનંદ લેતું

પ્રગટ થાય તે જ્ઞાન શુદ્ધાત્માનું છે તેનો એને અભાવ છે. સમજાય છે કાંઈ? ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય. એ બધું દ્રવ્યશ્રુતનું જ્ઞાન. એમાં કહ્યું હતું એને તો કર્યું નહિ. સમજાણું કાંઈ? એવા અગિયાર અંગ અને નવ પૂર્વના ખ્યાલને ભણેલો છતાં, કહે છે કે આત્મા ત્રિકાળી શુદ્ધ પ્રભુ છે એને અવલંબીને ભાવશ્રુત નિર્મળ શાંતિ અને આનંદની સાથે જે જ્ઞાન પ્રગટ થાય એવા ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનું જ્ઞાન એનો અજ્ઞાનીને અભાવ છે. નવ પૂર્વનું જ્ઞાન છતાં ભાવશ્રુત જ્ઞાનસ્વરૂપનો એને અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! અને દેડકું હોય, શબ્દોનું જ્ઞાન કાંઈ ન હોય છતાં એ આત્મા અખંડાનંદ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે એને અવલંબે ભાવશ્રુત પ્રગટ્યું શાંતિ સહિત તો તે ભાવશ્રુતજ્ઞાન શુદ્ધાત્માના જ્ઞાનસહિત છે. એ જ્ઞાનસહિત છે. આ ભાવશ્રુતજ્ઞાનમાં અગિયાર અંગનો ભણેલો હોય તોપણ ભાવશ્રુત જ્ઞાન નથી તો જ્ઞાનથી અભાવ છે. મૂળ જ્ઞાનથી અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અજ્ઞાનીપણું છે.**' લ્યો! '**ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ...**' એવું શુદ્ધાત્મ જ્ઞાન. શુદ્ધાત્મ એટલે વસ્તુ, ધ્રુવ ચિદાનંદ પ્રભુ. એનું જ્ઞાન, એનું જ્ઞાન. અનુભવ જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન. એના અભાવને લીધે, દ્રવ્યશ્રુતનું નવ પૂર્વનું જ્ઞાન હોવા છતાં એ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? '**આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે)...**' એથી એવો નિશ્ચય ઠરે છે '**કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે...**' શું કીધું? ભગવાન આત્માના આનંદ અને ભાવશ્રુતના અભાવથી એ અજ્ઞાની એ રાગ અને પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે એનો એ વેદનારો, એનો એ અનુભવનારો છે. એ આત્માનો અનુભવનારો નથી. કહો, સમજાણું કાંઈ? એટલે શું લીધું?

સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે અજ્ઞાની એ પ્રકૃતિસ્વભાવમાં (સ્થિત છે). અહીં તો પુણ્યનો જે વિકલ્પ ઉઠ્યો છે દયા, દાન, વ્રત, ભક્તિ શુભ એમાં સ્થિત હોવાથી એ રાગનો વેદક છે, કર્મનો ભોક્તા છે, વિકારનો ભોક્તા છે, દુઃખનો ભોક્તા છે. આત્માનો ભોક્તા નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? ચંદુભાઈ! આ બધા પૈસાવાળા સુખી-સુખી કહેવાય છે ને. પાંચ-પાંચ, દસ-દસ લાખ રૂપિયા, પચાસ લાખ પેદા થાય હોં! મૂડી નહિ. મૂડી તો વધી ગઈ. મૂડી નહિ. પાંચ લાખની પેદાશ, દસ લાખની પેદાશ. કહે છે કે તારું લક્ષ ત્યાં જાય છે ને, એ અશુભ રાગ (છે). તે અશુભ રાગનું વેદન ભોગવટો કરનાર છે. એ પાપનો ભોગવટો કરનાર છે એમ કહે છે. આહાહા..! શું કહેવું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી અહીં આવીને કહે છે કે દયા, દાનના, વ્રતના પરિણામમાં આવ્યો એ પુણ્યનો ભોગવટો, પ્રકૃતિનો ભોગવનારો એ પણ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અજ્ઞાની એટલે શુદ્ધાત્મ સ્વરૂપ ભગવાન, એનું ભાવશ્રુતસ્વરૂપ જે જ્ઞાન, એના અભાવને લઈને એ અજ્ઞાની રહ્યો થકો, અજ્ઞાની રહ્યો થકો એટલે સ્વરૂપના બેભાનમાં રહ્યો થકો એ વિકલ્પની પ્રકૃતિનો સ્વભાવ જે શુભ-અશુભ રાગ, તેનો તે વેદનારો-ભોગવનારો એટલે કર્મનો ભોક્તા છે. એ આત્માનો ભોક્તા નથી. પરનો ભોક્તા તો નથી. એની તો અહીં વાત છે નહિ. કે ભાઈ આ શરીરને ભોગવે છે કે પૈસાને ભોગવે છે, કે ભાઈ આ મકાન મળ્યા પાંચ-દસ લાખના મોટા, હજીરા આમ બસ એય.. હીંડોળા ખાતા હોય. ઈ તો છે જ નહિ, એને તો ભોગવી શકતો નથી. ફક્ત તેના લક્ષે ઉત્પન્ન થયેલો પાપનો ભાવ અને અહીંયાં ધર્મના બહાને દેવ-ગુરુ-શાસ્ત્રને બહાને લક્ષે ઉત્પન્ન થયેલો પુણ્યનો ભાવ, એને પ્રકૃતિને વેદે છે, એ જડને વેદે છે. આત્માને વેદતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ જડને ભોગવે છે. જડ એટલે રાગ-દ્વેષ એ જડ છે ખરેખર. પ્રકૃતિનો સ્વભાવ છે. લ્યો, એ ગાથા પૂરી થઈ.

'**ભાવાર્થ :- આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-**' કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ એ કર્મનું ફળ છે. શુભ-અશુભભાવ... ભાવાર્થ છે ને? '**આ ગાથામાં, અજ્ઞાની...**' એટલે શુદ્ધાત્મ સ્વરૂપના ભાન વિના કર્મના ફળનો, પુણ્ય અને પાપના ભાવનો ભોક્તા છે. '**એવો નિયમ કહ્યો.**' એ નિશ્ચય ઠર્યો. '**અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે.**' અભવિનું ઉદાહરણ યુક્ત છે. એમ કહે છે. વ્યાજબી છે. કારણ કે ત્રણે કાળે રાગના અનુભવને છોડતો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામગ્રી નહિ. હરખ અને શોક. સામગ્રો કોણ ભોગવતો હતો? ધૂળમાં. સામગ્રી એને ઘરે રહી ગઈ. કહો, સમજાણું કાંઈ? સામગ્રી તો એની પોતાની પર્યાયને વેદી રહી છે. વેદી એટલે અનુભવી રહી છે કે થઈ રહી છે. એમ. એ અનુભવ છે ને? જડનો આવે છે ને? અનુભવ ભોગવવું એની પર્યાયનું છે. જડમાં જડની પર્યાયનું થયું. તારે અહીં ક્યાં હતું અંદર? સમજાણું કાંઈ? આ આઠ કર્મનું ફળ છે. એ વિકારી. આત્મદ્રવ્યનું ફળ નહિ. આહાહા..! ભારે વાત. ..માં મૂકે એવી છે. કહો, સમજાણું આમાં?

શુભ-અશુભભાવ પ્રકૃતિનો પુત્ર છે એમ કહે છે. આત્માનો નહિ. આહાહા..! વાત એકવાર આવી હતી ને કે ભાઈ! શાસ્ત્રમાં બુદ્ધિ જાય એ વ્યભિચારીણી (છે). ત્યાં તો ખળભળાટ થઈ ગયો. રાડ નાખી ગયા. હજી તો આ પુસ્તક બહાર આવશે તો શું રાડ નાખે. નિહાલભાઈનું (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ). એક સાથે બધું ભર્યું. એને તો ક્યાં ઉપદેશ દેવો હતો? એણે તો કો'ક બેઠા હોય ને વાત કરી હોય તો એમાં નાખ્યું. રાડ નાખે લોકો કે હાય.. હાય..! એક તો

સોનગઢવાળા કહે છે અને આ એણે માન્યું. ભાઈ! સોનગઢવાળા કહે છે એ વસ્તુનું સ્વરૂપ છે આ. આવું જ વસ્તુનું સ્વરૂપ છે. ભગવાન એ પોતે આત્મા એમ પોકાર કરે છે. વિકાર તે હું નહિ, હું નિર્વિકારી ચિદાનંદ આત્મા છું. સમજાણું? વિકાર તે અચેતન છે, ઝેર છે, દુઃખ છે. હું આનંદ છું. ત્રિકાળ આનંદ છું. એમ.

કહે છે, અભવ્યનો દાખલો આપ્યો તે વ્યાજબી છે. **'અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે...'** એનો પોતાથી જ સ્વભાવ છે. **'કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન....'** જોયું! **'આદિ બાહ્ય કારણો મળવા છતાં...'** એ શાસ્ત્રનું જ્ઞાન ક્ષયોપશમ થયો, ભણ્યો **'છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...'** ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર પ્રભુ, એના અંતર ભાનના અભાવને લીધે **'કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી;...'** એનો અર્થ કે કર્મના ઉદયને ભોગવે (છે). ઉદય એટલે પ્રકૃતિસ્વભાવ લે છે. એ વિકારને ભોગવવાનો સ્વભાવ છોડતો નથી. સર્પ જેમ ઝેરને છોડતો નથી, એમ અજ્ઞાની પુણ્ય-પાપના વિકલ્પને ભોગવવું છોડતો નથી.

**'માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં...'** જુઓ! હવે ખુલાસો કર્યો. એ શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં. ભણી ગયો ખૂબ, વાતું કરે ખૂબ, લોકોને સમજાવે ખૂબ. **'શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન નથી. **'અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.'** સમજાણું કાંઈ? ભોક્તા જ છે.

**'હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :'** એનાથી સવળું લે છે હવે. એનાથી સવળું લે છે. ઓલું અવળું લીધું.

૩૧૮.

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।।३१८।।**
**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.**

એ વ્યવહારથી વાત કરી છે હોં. અહીં સમજાવું છે ને એટલે.

જુઓ! કડવા મધુર બેય. શાતા-અશાતા. સુખની કલ્પના. આહાહા..! એની ટીકા. ૩૧૮ની.

**'ટીકા :- જ્ઞાની...'** એટલે ધર્મી. આત્મા શુદ્ધ સ્વરૂપનું ભાન છે તે ધર્મી. બીજું જ્ઞાન ઓછું-વત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. ન્યાલભાઈ! આહાહા..! **'જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** એ છે ભાવશ્રુતજ્ઞાન જ નીચે. એટલે

કે ભાવશ્રુતજ્ઞાન અભેદ સ્વરૂપને પકડે છે એટલે ભાવશ્રુતજ્ઞાનને જ અભેદ કહેવામાં આવે છે. લ્યો!

મુમુક્ષુ :- બેય વાત આવી ગઈ.

ઉત્તર :- બેય આવી ગઈ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અખંડ અભેદ છે એને એ જાણે છે માટે અહીં ભાવશ્રુતજ્ઞાનને પણ અભેદ કહેવામાં આવે છે. લ્યો, પંડિતજી બેય આવ્યું. .. એનું એકનું છે. પકડ્યો છે અભેદને ને? દ્રવ્યશ્રુતમાં ભેદને જ પકડીને બેઠું દ્રવ્યશ્રુત. દ્રવ્યશ્રુતનું જ્ઞાન બહારનું. એમ.

આ જ્ઞાન અભેદ ચૈતન્ય ભગવાન આત્મા (એને ગ્રહણ કરે છે). આહાહા..! બોલતા પણ ન આવડતું હોય લ્યો. સમજાણું કાંઈ? સમજાવતા પણ ન આવડતું હોય. પંડિતાઈની પ્રસિદ્ધિ ન હોય કાંઈ. લ્યો! આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યને સ્પર્શીને જે જ્ઞાન પ્રગટ્યું છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા, જેમાં જ્ઞાનનો દરિયો છે, જેમાં જ્ઞાનનો દરિયો છે, એવા જ્ઞાનમાં એકાગ્ર થઈને જે જ્ઞાનનો કંદ શ્રુતજ્ઞાનપણે પરિણમ્યો એ શુદ્ધાત્માનું જ્ઞાન છે એમાંથી ભેદ દૂર થયા છે. એ રાગાદિ પર્યાયાદિ ભેદ એનું એ જ્ઞાન કરતું નથી. એ જ્ઞાન તો અભેદનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? એમાં રાગને જાણશે એમ કહેશે.

'**ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાન...**' શુદ્ધ આત્માનું જ્ઞાન. ભગવાન પવિત્ર શુદ્ધ ચૈતન્ય છે, ધ્રુવ છે, નિત્ય છે, અવિનશ્વર છે. એનું જ્ઞાન, એનું જ્ઞાન. સમજાય છે કાંઈ? શાસ્ત્રના જ્ઞાનની અહીં વાત નથી. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નથી. એમ કહે છે અહીં તો. ... આહાહા..! શાસ્ત્રજ્ઞાનથી રહિત આત્મજ્ઞાન. આત્મજ્ઞાન એટલે આત્મા વસ્તુ ચૈતન્યમૂર્તિ છે એનું જ્ઞાન. તે જ્ઞાનમાં ભાવશ્રુત જ્ઞાનમાં ભેદ દૂર થયા છે. એટલે કે આ રાગ હું છું, આ પર્યાય હું છું એવો ભેદ એમાં છે નહિ.

'**એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવને લીધે,...**' ધર્મીને ભાવશ્રુતજ્ઞાનની હયાતીને લીધે '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' એ રાગાદિથી તો એ વિરક્ત છે ધર્મી. પુણ્યના વિકલ્પો વ્યવહારના ઉઠે છે એનાથી પણ ધર્મી વિરક્ત નામ નિવૃત્ત થયેલો છે. આહાહા..! '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' અત્યંત એટલે કે એનામાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભ્યંતરની વાત છે. બહારમાં ક્યાં ધૂળમાં હતું? બહારમાં વિરક્ત છે. આ બધા લૂગડા, બાયડી છોડે છે ને ગૃહસ્થ? કહો, સમજાણું કાંઈ?

કહે છે, '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' અહીં તો પ્રકૃતિ સ્વભાવની વાત છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને પર કીધો છે અહીં તો. ઓલી તો વાત જ ક્યાં છે હવે? શરીર ને બાયડી-છોકરા ક્યાંય બિચારા એને ઘરે રહ્યા, એને કારણે પરિણમ્યા છે. એ તારે કારણે આવ્યા નથી અને તારે કારણે રહ્યા નથી. એ તો એને કારણે આવ્યા, એને કારણે રહ્યા અને એના રૂપે રહ્યા છે. તારા રૂપે રહ્યા નથી. બાયડી, છોકરા, બંગલા, મકાન, પૈસા એ એને રૂપે રહ્યા છે. તારે રૂપે રહ્યા છે?

મુમુક્ષુ :- ઉપયોગમાં આવે ને.

ઉત્તર :- શું ધૂળ ઉપયોગમાં આવે? રાગમાં આવે. સમજાણું કાંઈ? ભાઈને આજે અહીંથી જવું પડ્યું ને, જુગરાજજી. બહુ રોયા. બહુ રોયા અંદરમાં આવી. મોટો ગૃહસ્થ છે. ઘણા લાખોપતિ હોં! જુગરાજજી નહિ? મારવાડી. ત્રણ મહિનાથી હતા. અહીં બેસતા ને. આમ જુઓ તો સાધારણ દેખાય. પૈસા તો ૪૦-૫૦ લાખ રૂપિયા. બેસે ને. ત્રણ મહિનાથી હતા. અહીં બેસતા મોઢા આગળ. અંદર આવ્યા. માંગલિક સંભળાવો. અને રોઈ પડ્યા. ભેગા મંગળભાઈ રોયા સાથે. મંગળભાઈ હતા કે નહિ? મંગળભાઈ એને હાથ દે. ભાઈ! અરર..! અહીંથી જઈએ છીએ. ભઠ્ઠીમાં જઈએ છીએ. દુકાનમાં. ગૃહસ્થ માણસ છે. મોટી દુકાન છે ત્યાં મુંબઈમાં માર્કેટ છે એની પોતાની. અરેરે..! ભઠ્ઠીમાં જઈએ છીએ. છોકરો આવ્યો હતો ને તેડવા. ભઠ્ઠી છે, બહારમાં વિકલ્પમાં સળગે છે. એય..! જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ભગવાનનું જ્ઞાન શાંત સાગર છે. આહાહા..! એ ભઠ્ઠીમાંથી નીકળી ગયો. વિરક્ત છે. આહાહા..! કષાય-અગ્નિ છે ને ઈ? શુભભાવ પણ કષાય-અગ્નિ છે. એ તો બીજી રીતે વાત કરી છે. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન છે અને વ્યવહારથી મુક્ત છે એમ આવી ગયું છે બંધ અધિકારમાં. સમજાય છે કાંઈ? કેમકે જ્યાં વસ્તુ જ આખી ચિદાનંદ સ્વરૂપ છે એમાં જ્યાં દૃષ્ટિનું વલણ આનંદનું વળી ગયું, રાગનો અભાવ થઈ ગયો. વ્યવહારનો એનામાં અભાવ છે. આહાહા..! એને વ્યવહાર નથી, એનો વ્યવહાર નથી, એમાં વ્યવહાર નથી. કેમ કે એ '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' કહો, રાગાદિથી સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાન સ્વરૂપમાં પોતાનો આશ્રય લીધો છે એ રાગથી અત્યંત વિરક્ત છે અંદર. '**પ્રકૃતિસ્વભાવને સ્વયમેવ છોડે છે...**' લ્યો! એટલે કે રાગાદિ થાય છે ત્યાં એનું લક્ષ, આશ્રય છે નહિ. '**સ્વયમેવ છોડે છે...**' ભાષા તો એમ જ લેને. સમજાવવું શી રીતે? સ્વભાવનો આશ્રય થતાં તે સ્વયમેવ રાગ છૂટી જાય છે. તેને સ્વયમેવ છોડે છે એમ કહેવામાં આવે છે. એનું નામ જ્ઞાની અને ધર્મી, સુખી કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૪, રવિવાર તા. ૫-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૧૮, શ્લોક-૧૯૮, પ્રવચન-૩૮૭**

સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ટીકા. થોડું ચાલ્યું છે ફરીને.

'**જ્ઞાની...**' પહેલા અજ્ઞાનીનું આવ્યું હતું, ૩૧૭માં. એટલે શું કહે છે? કે ધર્મીની દૃષ્ટિ આત્મા આનંદ સ્વરૂપ છે એ ઉપર હોય છે. સમજાય છે કાંઈ? ધર્મીની દૃષ્ટિ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ શુદ્ધ છે એના ઉપર અનુભવમાં દૃષ્ટિ એના ઉપર છે. એથી '**જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...**' ભાવશ્રુતજ્ઞાન એટલે અહીં ભાવશ્રુતજ્ઞાનને અભેદ કીધું છે. વસ્તુ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એકલો જ્ઞાનસ્વભાવભાવ એનું જેણે... જ્ઞાને એને પકડ્યું છે એવા શ્રુતજ્ઞાનને પણ અહીંયાં અભેદ તરીકે કહે છે. એ શ્રુતજ્ઞાન પોતે અભેદ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે જ્ઞાન રાગને, પુણ્યને જે એનામાં નથી તેને પકડતું હતું એ ભેદરૂપ અજ્ઞાનદશા હતી. જે આત્માનું જ્ઞાન પ્રગટ વિકાસમાં છે તે પુણ્ય-પાપના વિકલ્પને લક્ષ કરીને પકડતું તે જ્ઞાન અજ્ઞાન છે. એ અજ્ઞાન છે તે ભેદરૂપ જ્ઞાન છે. ખંડ ખંડ છે ઈ. અને જે જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનો જ્યાં સ્વીકાર, સત્કાર, આદર થઈને જે જ્ઞાન અંતર અભેદમાં વળ્યું તે જ્ઞાન પોતે અભેદ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...**' ભાવશ્રુતજ્ઞાન '**જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના...**' શુદ્ધાત્મ એ વસ્તુ છે વસ્તુ. અને એનું જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન તે જ્ઞાન પર્યાય છે. સમજાય છે કાંઈ? શુદ્ધાત્મજ્ઞાન. એમ શબ્દ છે ને? શુદ્ધાત્મા જે પવિત્ર શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એનું જ્ઞાન કે જે ભાવશ્રુતજ્ઞાન અભેદ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાં જે જ્ઞાનની પર્યાય અભેદ થઈ, જ્ઞાન પોતે જ અભેદ છે એમ કહે છે અહીં તો. એવું જે જ્ઞાનીનું જ્ઞાન એટલે કે જ્ઞાની એવો શુદ્ધાત્મ સ્વભાવ, એનું જ્ઞાન. એ જ્ઞાનના '**સદ્‌ભાવને લીધે,...**' ભાવશ્રુતજ્ઞાન, જે આત્માને નિર્મળ પર્યાયે શ્રુત ભાવજ્ઞાન દ્વારા-સ્વસંવેદન દ્વારા એ આત્માનું ભાન થયું એ શુદ્ધાત્મા, એનું જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન, તે અભેદ. એવા જ્ઞાનની હયાતીને લીધે, એવા ભાવની હયાતીને લીધે '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' શાંતિભાઈ! બહુ ઝીણું છે આ. બહારમાં ક્યાંય પકડાય એવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જવાબ તો સારો વાળ્યો. વાત તો એમ છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીંયાં તો ભાવશ્રુતજ્ઞાન અંતર વસ્તુ જે આનંદકંદ ચૈતન્યમૂર્તિ છે, તેને જે જ્ઞાન જાણે છે, તે જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન (કહે છે). એ શુદ્ધાત્માનું જ્ઞાન, તે અભેદ જ્ઞાન એવી હયાતીને લીધે પરથી અત્યંત વિરક્ત છે. જુઓ! અહીં તો મુક્ત છે એમ કહી દે છે અહીં તો. એય..! એ પુણ્ય-પાપની વૃત્તિઓ જે છે એનાથી જ્ઞાની મુક્ત છે. અત્યંત વિરક્ત છે એનો અર્થ મુક્ત છે. આહાહા..!

અજ્ઞાની રાગ અને દ્વેષના ભાવમાં વિરક્ત છે. વિશેષે રક્ત છે. એમાં રક્ત છે. આ અહીંથી વિરક્ત છે. ત્યાંથી વિરક્ત થઈને અહીં લીન છે એમ કહે છે. સમજાણું કાંઈ? વિશેષે રક્ત રાગમાં હતો. ફેર એટલો છે કે વસ્તુ જે એક સમયમાં શુદ્ધ આનંદમૂર્તિ (છે), એની દૃષ્ટિ છોડીને વર્તમાનમાં પુણ્યનો વિકલ્પ આદિ જે ઉઠે છે એમાં લીન જે છે તે અજ્ઞાન છે. તે અધર્મ છે, તે દુઃખ છે, તે સંસાર છે. એટલે એ મિથ્યાત્વ તે સંસાર છે. જુઓ! એના અર્થમાં આવશે. સમજ્યાને? એ ચાલે છે, જુઓને. કળશ આવશે ને? '**स हि मुक्त एव**' મિથ્યાત્વ તે સંસાર અને સમ્યગ્દર્શન તે મુક્ત એમ છે અહીં કહેવું. આહાહા..!

મુમુક્ષુ :- ...માં લખ્યું છે.

ઉત્તર :- છે ને એમાં અર્થમાં લખ્યું છે ક્યાંક. બનારસીદાસમાં. એ આમાંથી લખ્યું છે. વ્યક્ત છે ખરું ને? અને એના કળશમાં એ આવશે. મુક્ત છે એમ આવશે. કળશ આવશે ને? '**स हि मुक्त एव**' એ આનો જ કળશ છે-આ ટીકાનો. શું કીધું? આ તો ધીરેથી સમજવાની વાત છે આ. ભગવાન આત્મા વસ્તુ તો વસ્તુ ત્રિકાળ છે તે છે. શુદ્ધ ચૈતન્ય ધાતુ પરમાનંદની મૂર્તિ. જેની દૃષ્ટિ એવી ચીજ ઉપર નથી અને તેને અનાદિથી પુણ્ય-પાપના વર્તમાન ઉઠતા વિકલ્પના સ્વાદમાં છે, એની મીઠાશમાં છે તો અજ્ઞાનભાવ છે, એ મિથ્યાત્વભાવ છે, એ સંસારભાવ છે, એ દુઃખરૂપભાવ છે, એ અધર્મભાવ છે, એ બંધભાવ છે.

હવે ધર્મીને એ પુણ્ય-પાપના વિકલ્પની પર્યાય અંશબુદ્ધિ છૂટીને વસ્તુના શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થતાં... અહીં જ્ઞાનથી વાત ઉપાડી છે, ત્રિકાળ ચૈતન્ય ભગવાન આત્માને જે જ્ઞાનથી જ્ઞેય કરીને અનુભવ્યો, એવું જે ભાવશ્રુતજ્ઞાન તે શુદ્ધાત્માનું જ્ઞાન, એ આત્માનું જ્ઞાન. આ રાગનું જ્ઞાન છૂટી ગયું. એ જ્ઞાનની હયાતીને લઈને ધર્મી પરથી એટલે પુણ્ય અને પાપનો જે રાગ છે એનાથી અત્યંત વિરક્ત હોવાથી. આ અમૃતચંદ્રાચાર્ય (કહે છે). '**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**' એમ છે ને? '**वियाणे**' શબ્દ પડ્યો છે ને મૂળમાં શ્લોકમાં? એમાંથી અત્યંત વિરક્તપણું કાઢ્યું. અને અત્યંત વિરક્તમાંથી કળશમાં મુક્તપણું કાઢ્યું. શું કીધું સમજાય છે કાંઈ? વિશેષે જાણે છે ને, એટલે એમાં છે નહિ. મુક્ત જ છે. સમજાય છે કાંઈ?

ધર્મદશા થતાં આત્મા આનંદની ખાણ છે એકલો, એ તો જ્ઞાનની મૂર્તિ એમાં કોઈ રાગાદિ છે જ નહિ. સંસાર નથી. સંસાર કહો કે ઉદયભાવ રાગાદિ કહો. એ રાગાદિ જે ઉદયભાવ, પ્રગટ ભાવ, વ્યક્ત ભાવ સંસાર છે, એ સ્વભાવનું જ્ઞાન થતાં એમાં સંસાર નથી. સંસાર નથી કહો કે આત્માનું જ્ઞાન થતાં રાગથી અત્યંત વિરક્ત કહો. સંસારથી અત્યંત વિરક્ત છે. જેઠાલાલભાઈ! આ કહે કે બાયડી-છોકરા છોડે તો વિરક્ત થાય. સમજાણું કાંઈ? એ તો છૂટા જ પડ્યા છે. ક્યાં ગરી ગયા હતા અંદર? એ તો બિચારા એને કારણે પરિણમ્યા અને આવી ઊભા છે એને કારણે. તારે કારણે જે આત્મામાં નથી એવા પુણ્ય-પાપને... ચૈતન્ય ધાતુ એમાં, આત્મા તો ચૈતન્ય ધાતુ છે. એ તો જ્ઞાન ને આનંદને ધારી રાખે એ આત્મા છે. પુણ્ય-પાપને ધારે એ ચીજ વસ્તુમાં નથી. પણ જે દશાએ, જે ભાવે પુણ્ય અને પાપ મારા એમ ધાર્યું છે એ મિથ્યાત્વભાવ છે, એ અજ્ઞાનભાવ છે, એ સંસારભાવ છે, અધર્મભાવ છે, બંધભાવ છે, એ ભ્રમભાવ છે. એ વસ્તુ અંદરથી રુચિ છૂટીને ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ ભગવાન આત્મા છું એમ પર્યાયનું વલણ અંતર જ્યાં ગયું, આ પર્યાય આમ વળતી હતી એ આમ વળ્યું ઉપયોગથી, ત્યારે કહે છે કે એ ધર્મદશા પ્રગટ થતાં, સમ્યગ્દર્શન પ્રગટ થતાં ધર્મી પરથી અત્યંત વિરક્ત છે. સમજાણું કાંઈ? એ તો વ્યવહારથી મુક્ત છે એમ કહ્યું કહો કે પરથી અત્યંત વિરક્ત છે કહ્યું. બધી એકની એક શૈલી છે.

સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં અંતર જ્ઞાનમાં લીન છે અને વિકલ્પ ઉઠે છે એનાથી ભિન્ન છે. ભિન્ન છે કહો કે મુક્ત છે કહો કે વિરક્ત કહો. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? રજનીભાઈ! આ જુદી જાતનું બેરિસ્ટરપણું છે આ. એણે બેરિસ્ટરપણું છોડી દીધું. આહાહા..! ભગવાન! તું ચૈતન્ય શુદ્ધ આનંદ છો ને. એવું અંતરમાં જ્યાં ભાન થયું, એનું જ્ઞાન કર્યું. જે જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન કર્યું. પુણ્ય-પાપના વિકલ્પો એ કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી, એ તો અંધકારરૂપ છે. એનું જ્ઞાન કરીને રોકાય છે તો એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

તેથી જેનું, જેનું સ્વરૂપ જ જ્ઞાન છે, એનું જ્ઞાન કરતાં એ જ્ઞાનની ભાવશ્રુતજ્ઞાન દશા સ્વભાવને પકડીને જે દશા થઈ તે ધર્મીને પરના લક્ષે ઉત્પન્ન થતાં ભાવો છે, હોં! છે એની વાત છે. અહીં કાંઈ સિદ્ધની વાત નથી. પણ તે અત્યંત વિરક્ત છે. જ્ઞાનના ભાવ ભાનમાં એ રાગનો કોઈપણ વિકલ્પ તીર્થંકર ગોત્રનો ભાવ ઉત્પન્ન હો, એનાથી જ્ઞાની તો વિરક્ત નામ અત્યંત દૂર છે. સમજાણું કાંઈ? અને તે ભાવજ્ઞાનની હયાતીને લીધે. કારણ આપ્યું. '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' એમ પાછું. આ કારણે. એની રીત તો પહેલી પકડે. એના ખ્યાલમાં પણ નથી કે કેમ ધર્મ થાય અને કેમ અધર્મ થાય? સમજાણું કાંઈ? સમજાણું આમાં? મોડા આવ્યા, પા કલાક. ખબર નથી? ટાઈમસર ન આવ્યા ને પાછા. હસુ કહેતો

હતો કે હમણાં આવીશ એક કલાકમાં. સમજાણું આમાં?

વાહ! એક લીટીમાં આખો સંસાર અને મોક્ષ. એવી કોઈ પદ્ધતિ છે કુંદકુંદાચાર્યની અલૌકિક! કથનની પદ્ધતિ જ કોઈ અલૌકિક છે!! આહાહા..! વીતરાગી સંત છે, વીતરાગી સંત છે મુનિ. જંગલના આત્માના પોકાર કરનારા સિંહ છે. એ કહે છે કે ભાઈ! જેને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધની મહાન હયાતી હોવા છતાં જેણે પુણ્ય-પાપના વિકલ્પની જ હયાતીનો સ્વીકાર કર્યો છે એ અજ્ઞાની છે, મિથ્યાત્વી છે, સંસારી છે, અધર્મી છે. જેણે એ પુણ્ય-પાપની હયાતીની ક્ષણિકતા હોવા છતાં ત્રિકાળી ચૈતન્ય ધાતુ ધ્રુવને જેણે અંતરમાં અનુભવ્યો અને જાણ્યો, એ પુણ્ય-પાપના વિકલ્પો હોવા છતાં ધર્મી તેનાથી અત્યંત દૂર છે, વિરક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- આપ ખુલાસો કરો..

ઉત્તર :- આ શું છે? આ. '**પરથી અત્યંત વિરક્ત...**' એકલું વિરક્ત નથી કહ્યું. ઓલી તો વાત આવી ગઈ છે ઓલામાં, અજ્ઞાની દ્રવ્યશ્રુતજ્ઞાન અભવિનો દાખલો આપીને. સમજાણું કાંઈ?

જ્ઞાનનો છૂટો પ્રભુ ચૈતન્યગોળો છે. શરીર, વાણીથી તો તદ્દન જુદો, પણ પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ, તીર્થંકરગોત્રનો વિકલ્પ એ એનાથી છૂટો ગોળો છે. એવું તેનું જ્ઞાન થતાં ભગવાન આત્માનું જ્ઞાન થતાં, તેના જ્ઞાનમાં આવી મહાસત્તાના અનુભવમાં આવતાં એ વિકલ્પ પુણ્ય-પાપની વૃત્તિઓથી તે ધર્મી અત્યંત વિરક્ત, ભિન્ન-ભિન્ન-ભિન્ન છે. એનાથી નિવર્તેલો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એની પ્રવૃત્તિમાં પરિણમે છે એવું જ્ઞાનીનું સ્વરૂપ નથી. ચંદુભાઈ!

પરમેશ્વર ભેટ્યા એ વળી પામરતાનો ધણી કેમ થાય? ભગવાન આત્મા પરમ ઈશ્વર શક્તિનું તત્ત્વ, એનું જ્યાં જ્ઞાન સ્વસન્મુખ થઈને કર્યું, કહે છે કે પરસન્મુખથી થતી વિકૃત દશાઓથી ધર્મી અત્યંત છૂટો છે. એનાથી વિરતી થઈ ગઈ છે. અત્યંત વિરક્ત થઈ ગયો છે, લ્યો! આહાહા..! પુસ્તક આપો પુસ્તક. એય..! છે કે નહિ કો'ક બીજું? વાંચે તો ખરા. ન્યાં એકેય લીટી સમજાય એવી નથી ત્યાં. ક્યાં કીધું?

'**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' આટલા તો કારણ મૂક્યા. આને કારણે '**પ્રકૃતિસ્વભાવને સ્વયમેવ છોડે છે...**' જુઓ આ. અજ્ઞાની રાગને પુણ્યને પકડે છે. ત્યારે જ્ઞાની સ્વભાવના ભાન દ્વારા હયાતીને કારણે રાગથી વિરક્ત હોવાથી રાગને છોડે છે. એટલે એ લક્ષમાં લેતો નથી કે આશ્રય કરતો નથી. આશ્રય અહીં કર્યો છે તો એને છોડે છે. છોડે છે એમ કહેવામાં આવે છે. છોડે એટલે છૂટું જ છે. છોડવું હતું શું? આમ જ્યાં આવ્યો

છે, રાગને છોડે છે એટલે એકત્વ કરતો નથી તેને છોડે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મદશા ભાઈ! ધર્મ એ કોઈ અલૌકિક ચીજ છે! એ કાંઈ સાધારણમાંથી માની લે અને થઈ જાય એવી ચીજ નથી. એને એ જાતની પદ્ધતિની રીતની પણ જ્યાં ખબર ન હોય અને ધર્મ એને થઈ જાય એ ક્યાંથી થાય પણ? સમજાય છે કાંઈ?

સર્વવિશુદ્ધ અધિકાર છે. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પ્રભુ, એનું જ્ઞાન અંતર્મુખ થઈ, સન્મુખ થઈ, અંતર્મુખ કહો કે સન્મુખ કહો, જે જ્ઞાનની હયાતીને કારણે રાગાદિથી તે ધર્મી અત્યંત છૂટો એટલે છૂટેલો છે. વિરક્ત છે. એને કારણે પ્રકૃતિના સ્વભાવને સ્વયમેવ છોડે છે. એટલે એ જ્ઞાનની સ્વભાવ દશામાં રાગને એકત્વ કરતો નથી. એકત્વ કરતો નથી તે છોડે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**સ્વયમેવ છોડે છે...**' ભાષા જોઈ! સ્વયમેવ છોડે છે. આ રાગ છે આને છોડું. એમ હશે? સ્વયં-એવ. સ્વયં-એવ. સ્વયમેવ છે ને? સ્વયં ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છું એવું ભાન હોવાને લીધે રાગથી, વિકલ્પથી જે ભાવે પુણ્ય બંધાય, તીર્થંકરગોત્ર બંધાય, આહારક શરીર બંધાય, સર્વાર્થસિદ્ધનો ભવ બંધાય, સર્વાર્થસિદ્ધનો ભવ એવો જે વિકલ્પ એનાથી તે અત્યંત વિરક્ત છે. એને એ ભાવ પણ નથી અને એ ભાવનું બંધન જ્ઞાનીને છે નહિ.

'**સ્વયમેવ છોડે છે...**' એટલે? એ પોતાના શુદ્ધ સ્વભાવનો આનંદ લેતો એ '**ઉદયમાં આવેલા અમુધર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,...**' એ જ્ઞાનીનો અર્થ કર્યો. અત્યંત વિરક્ત થઈને એને જાણે છે. એમ. '**ઉદયમાં આવેલા અમધુર...**' એટલે પાપના ભાવ દુઃખરૂપ. મધુર મીઠો સ્વાદ શુભનો આવે છે. કર્મફળમાં ઘણાં પ્રકાર છે. જેમ લીંબડાનો સ્વાદ, કાળીજીરીનો સ્વાદ, અફીણનો સ્વાદ હોય છે ને? એ કડવો છે. અને જેમ સાકરનો સ્વાદ, ગોળનો સ્વાદ, ખાંડનો સ્વાદ, શેરડીના રસનો સ્વાદ એ મીઠો છે. એમ અંદરમાં શાતાના મધુર સ્વાદની મીઠાશ, અશાતાના અમધુર સ્વાદની મીઠાશ એ કર્મનું ફળ છે. એ આત્માના આનંદનું ફળ નથી. આહાહા..!

વસ્તુ આત્મા જે છે એની દૃષ્ટિ થતાં, એનો સ્વીકાર થતાં એમાંથી તો અતીન્દ્રિય આનંદનું ફળ પાકે એવું એ આત્મક્ષેત્ર છે. અસંખ્ય પ્રદેશી અનંત આનંદમય એવો જે આત્મા, એ ક્ષેત્ર અને એનો ભાવ, એના એ ક્ષેત્રમાં, એના ભાવમાં તો અતીન્દ્રિય આનંદ પાકે એવું એ ક્ષેત્ર અને એવો એ ભાવ છે. સમજાણું કાંઈ? એવા મધુર આત્માના આનંદના સ્વાદના ભાનને કારણે એ કડવો-મીઠો જે સ્વાદવાળો જે રાગાદિ છે શુભ-અશુભ, એને જ્ઞાતાપણે છોડે છે. એમ કહીને એને જ્ઞાતાપણે રહે છે એમ કહે છે. સમજાણું કાંઈ? છોડે છે માટે

પોતામાં સંસારનો કોઈ સ્વાદ હરખનો કે શોકનો (વેદતો નથી). સમજાણું કાંઈ? એ છ ખંડના રાજ અને છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી હોય, સમકિતી છે એને એના તરફની જરી કોઈ રાગની વૃત્તિ થઈ ગઈ એ મીઠાશને જ્ઞાની વેદતો નથી. સમજાય છે કાંઈ? કેમ કે એમાંથી મીઠાશની દૃષ્ટિ છૂટી ગઈ છે. વિષયોમાં અને વિષયોના વલણના ભાવમાં મીઠાશ છૂટી ગઈ છે અને ભગવાન આત્મા આનંદ સ્વભાવની મીઠાશના સ્વાદ આગળ અનુકૂળ રાગનો સ્વાદ કે પ્રતિકૂળતાનો જરી (દ્વેષ), એ સ્વાદ મધુર કે અમધુર સ્વાદ તેને પોતામાં રહીને પૃથક્ થઈને છોડતો થકો તેને જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ધર્મની ક્રિયાની વાત ચાલે છે. એમ કે ધાર્મિક ક્રિયા આમાં થાય છે કે નહિ? એય..! કાંતિભાઈ! ચોપડા પણ જોવા છે કે દિ' આ? આ ધાર્મિક ક્રિયાની વ્યાખ્યા ચાલે છે. ધાર્મિક ક્રિયા એને કહીએ કે જે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, એની દશામાં એનો સ્વાદ એનો આવે, આનંદનો, શાંતિનો એવી ક્રિયાને ધર્મ અને ધાર્મિક ક્રિયા કહે છે. એવી મીઠાશ ધાર્મિક ક્રિયાના સ્વાદ આગળ ધર્મીને સંસારના સુખ-દુઃખની કલ્પનાની મીઠાશ અંતર આવવા દેતો નથી. આહાહા..! બાયડી-છોકરા-શરીર તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ?

આ તો મધુર અને અમધુર એવું કર્મફળ. હરખ-હરખ અને શોક. શોક પહેલો અમુધર લીધો. પછી મધુર મીઠાશ. આહાહા..! એવો ચક્રવર્તી છ ખંડનો રાજા, એની છન્નુ હજાર સ્ત્રી અને સોળ હજાર દેવો સેવા (કરે), બત્રીસ હજાર રાજાઓ ચામર ઢાળે છે. અને જે વજ્રના સિંહાસન ઉપર અબજો રૂપિયાના દાગીના શરીર ઉપર પડ્યા હોય ને બેઠો હોય. અને શરીર ચૈતન્ય મૂર્તિ ભગવાનથી જુદું મહા તેજવાળી પ્રકાશની મૂર્તિ. મણિરતનની પૂતળી જેવું શરીર. કહે છે કે અંદર આત્મજ્ઞાન અને આત્મભાન થયા છે એને પર તરફનો જરી હરખનો વિકલ્પ (આવે) તેને એ વેદતો નથી. પ્રતિકૂળતામાં જરી શોક આવી જાય એ વિકલ્પ છે એને એ વેદતો નથી. કેમ કે અત્યંત વિરક્ત હોવાથી તેને છોડતો કે તેને સ્વાદમાં ન લેતો, તેને પોતામાં જ્ઞાનમાં રહી જાણે છે. જેઠાભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

એમ સાતમી નરકનો નારકી સમ્યગ્દૃષ્ટિ છે. સાતમી નરકમાં એટલી પ્રતિકૂળતા બહારમાં. કહે છે કે જરીક અંદર અમધુર દુઃખનો વિકલ્પ ઉઠે છે. એ પોતામાં એકત્વ નથી માટે તેનાથી વિરક્ત છે અને માટે તેને છોડે છે અને માટે તેને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મીની રમતું અંતરની છે. એ બહારના જીવો એને કેમ માપ કરી શકે? સમજાણું કાંઈ? અજ્ઞાની સાથે ખાતો હોય લાડવા ને... સમજાણું? અને જ્ઞાની પણ ચુરમાના લાડવા ખાતો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય ભેગો. અને કદાચિત એને વળી એમ પણ થોડું હોય કે ભાઈ ઘી થોડું અધશેર લાવો આમાં લાડવામાં ઓછું છે. તાજુ ભેંસનું. એ બટકું કરીને ઘીમાં બોળીને ખાય. એય..! ન્યાલભાઈ! ખાય કોણ? એ ક્રિયા થાય. ખાય નહિ પણ થાય. એ ક્રિયા કાળે જરીક વિકલ્પ જે ઉઠ્યો હોય એનાથી જ્ઞાનીનું વલણ તો અંતર્મુખ છે એટલે બહિર્મુખને તે છોડે છે એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય ને આનંદ પ્રભુ, એનું જ્યાં જ્ઞાન અને એનો સ્વાદ આનંદનો આવ્યો, એની જાતથી વિકલ્પની જાત જ બીજી ભાળે છે એ. સમજાણું કાંઈ? એ સુખ-દુઃખની કલ્પનાની જાત જ મારા આનંદની જાતથી જુદી જાત છે. માટે તેને છોડતો તેને કેવળ જાણે છે. '**જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,...**' એકલો જાણે છે. પણ પરને જાણે છે એવી ત્યાં વાત લે છે. હોં! એ તો પછી આ સમજાવવું છે ને. એ એને માનતો નથી એટલે કેવળ જાણે છે. એ જાણે છે પરને એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. પણ અહીં તો પરને વેદતો નથી માટે જાણે છે એવું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ જાણવા જાતો નથી. પોતાના સ્વરૂપમાં જ જ્ઞાતા-દૃષ્ટાપણે છે. પણ તે વખતે એ જ્ઞાનની પર્યાયનું એવું સામર્થ્ય પ્રગટે છે કે જે જાતનો હરખ-શોકનો વિકલ્પ હોય તેને તે પ્રકારનું જ્ઞાન કરતાં તેને જાણે છે તેમ કહેવામાં આવે છે. એ જ્ઞાન જ એવું પ્રગટે છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું આમાં પડે, હોં! કપુરભાઈ! ઝીણું પડે ને?

મુમુક્ષુ :- ઝીણું છે.

ઉત્તર :- જુઓ! હું ઝીણું કહું તો એ પણ ઝીણું કહે છે. હું તો જરી તૈયારી થવા માટે ઝીણું કહું છું. તૈયારી થવા એટલે બરાબર પકડવાની એકાગ્રતા હોય તો આ પકડાય એવું છે એમ સૂક્ષ્મ કહીએ છીએ. વસ્તુ તો છે એમ છે. પણ કોઈ દિ' ધૂળ પાટીએ નાખી નથી અને થઈ ગયો સાતમી ચોપડીમાં પાસ.

મુમુક્ષુ :- ભલામણથી.

ઉત્તર :- ભલામણ ઓલા શેઠિયાના છોકરા હોય ને તો શું કહેવાય એ? ચડાવા કરી કરીને ચડી જાય. સમજ્યાને? તલકચંદભાઈ કહેતા. છે ને તલકચંદ આપણે? લાઠીના. શેઠિયાના દીકરા એટલે બહુ ભણે નહિ. શેઠિયા જાય .. ચડાવો કરીને. સાચી પરીક્ષા કરવા બેસે તો પણ ત્રીજી ચોપડીનું આવડતું નથી અને સાતમીમાં કોણે બેસાડ્યો આને? પાસ ધૂળેય થયો નથી. મફતનો ચડાવા કરી ઉપાડ્યો ત્યાં. થોડાક દિ'માં આવ્યો ઓલો ડેપ્યુટી.. સમજાણું? કોણે સાતમામાં બેસાડ્યો છે? ત્રીજી-ચોથી ચોપડીનું હજી ભાન જોઈએ એટલું તો આને ભાન નથી. સાહેબ! થોડો નાપાસ હતો પણ હવે થોડા થોડા આંકડા ચડાવી અને ૩૩ ટકે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાસ કરી દીધો છે. ૩૩ ટકા હોય છે ને? કેટલા હોય છે? એમ કહે છે માણસ. આપણને ક્યાં ખબર છે. તે દિ' એવું કાંઈ નહોતું. ત્યાં તો અમારે જે પાસ થવાનું ૩૩ ટકાએ નહિ અહીં તો સાચે સરખે પાસ થતા. ઓછા-બોછાની વાત કેવી ત્યાં?

મુમુક્ષુ :- ટકા-બકા નહોતા.

ઉત્તર :- ટકા-બકા નહોતા. એ વખતે આ જાતનું આવું નાપાસ થવું એ વાત જ સપનામાં નહોતી. સમજ્યાને? પાસ અને તે પણ ઉગ્રપણે. બીજી વાત ... નાપાસ થવાની વાત નહિ. ઓછે દોકડે વાત નહિ. હવે આ બધું સાંભળીએ છીએ. આવું મોંઘુ છે ને આમાં આમ થાય ને તેમ થાય.

અહીં કહે છે, ઓહો..! કેટલી વાત લીધી છે! સ્વયમેવ છોડે છે. પ્રગટ થતી પર્યાયની નબળાઈને લઈને જે હરખ-શોક આવે તેને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે, કેવળ જાણે. કેવળ એકલું તેનું જ્ઞાન જ પોતામાં પ્રગટ થાય છે. એનો સ્વાદ આત્મામાં આવે છે એમ બિલકુલ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! અમૃત રેડ્યા છે ને ટીકા કરીને અમૃતચંદ્રાચાર્યે!

'**પરંતુ જ્ઞાન હોતાં...**' હવે કહે છે. આ અસ્તિથી વાત કરી. '**પણ જ્ઞાન હોતાં...**' એટલે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, ધામ, ચૈતન્ય ધામ, આનંદ ધામ છે. એને જ્યાં અંતર પ્રાપ્ત કર્યો ભાનમાં, એવું જ્ઞાન હોતાં '**પરદ્રવ્યને હુંપણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...**' નાલાયક છે. આહાહા..! એ ધર્મી સંસારના સુખ-દુઃખની કલ્પનાને ભોગવવા અલાયક છે. સમજાણું કાંઈ? પર વસ્તુને ભોગવવાને તો દરેક પ્રાણી અલાયક છે. પણ હરખ-શોકને ભોગવવાને માટે અજ્ઞાની લાયક પોતે માને છે માટે છે. ધર્મી પોતાના શુદ્ધ સ્વરૂપના અંતર વલણના ભાન દ્વારા જ્ઞાન હોતાં.. એમ શબ્દ છે ને? ભાન હોતાં. એ આત્મા શુદ્ધ ચૈતન્ય એવું ભાન હોતાં, એ વિકાર હરખ શોકના ભાવને '**પરદ્રવ્યને...**' એ પરદ્રવ્ય છે. એ હરખ-શોકની કલ્પના ઉઠે એ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. પરદ્રવ્ય એટલે કાંઈ શરીર, કર્મની અહીં વાત નથી.

અહીં તો વિકારી પરિણામ જે દયા, દાન, વ્રતાદિના કે હરખ-શોકના થાય, શુભાશુભ.. તેને જ્ઞાન હોતાં, રાગ અને આત્માનું ભિન્ન જ્ઞાન હોતાં અને પોતાના ભાનમાં આવ્યો એ જ્ઞાની, એવા જ્ઞાનને લઈને, પરદ્રવ્યને એ પુણ્ય-પાપના હરખ-શોકના વિકલ્પને '**હુંપણે અનુભવવાની અયોગ્યતા...**' છે. કારણ કે હુંપણું તો ચૈતન્યના શુદ્ધ આનંદમાં હુંપણું આવ્યું છે. પુણ્ય-પાપના રાગમાં હુંપણું જ્ઞાનીને રહ્યું નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાન હોતાં...**' સ્વદ્રવ્યનું જ્ઞાન હોતાં, પરદ્રવ્ય એવો જે વિકલ્પ હરખ-શોકનો. છ ખંડના રાજ અને ઈન્દ્રના ઈન્દ્રાસન. ૩૨-૩૨ હજાર, ૩૨ લાખ વિમાન, કરોડો અપ્સરાઓ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ આત્માના અભાનમાં એ રાગને ભોગવવા લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ કે જ્યાં નિર્મળ શુદ્ધ ચૈતન્યનું ભાન-ધર્મદશા થઈ એને એવા અધર્મભાવને ભોગવવાને અલાયક છે. આહાહા..! ચંદુભાઈ! ભારે વાત ભાઈ! આહાહા..! ઓલા કહે, અમે અનુભવીએ, અમે ખાઈએ-પીએ, પૈસા મળ્યા. અમે ખાઈએ, પીએ, અનુભવીએ. એ અનુભવ કરીએ. ખાઈને પૈસા સફળ કરીએ, ભોગ કરીએ. મૂઢ છો કહે છે. સાંભળને. એંઠા ચાટીને ખાય માને છો. એ તો એંઠા છે પુણ્ય-પાપના વિકલ્પ. હરખ-શોકનું તો એંઠ છે. એંઠનો અનુભવ કરીને માને કે અમે આવા ભોક્તા છીએ. પાગલ છો, કહે છે. ગાંડો થઈ ગયો છો. તારી ઘરની સંપદાની ખબર નથી. ઘરની સંપદા ચૈતન્ય પ્રભુ એવું જ્યાં જ્ઞાન થયું, એ જ્ઞાન હોતાં હરખ શોકના વિકલ્પને જ્ઞાની ભોગવવાને અલાયક છે-નાલાયક છે. આનંદને ભોગવવાને લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યને હુંપણે...**' હુંપણું તો અહીં જ્ઞાનાનંદમાં છે. વિકલ્પની વાત નથી હોં! અહીં તો હુંપણાના અસ્તિત્વની પ્રતીતિ તો અહીં છે. એટલે પુણ્ય-પાપનો હરખ-શોકનો વિકલ્પ જે છે,.. અહીં વેદવાની ભોક્તાની વાત છે ને? હરખ અને શોક. આહાહા..! એવા પરદ્રવ્યને મારાપણે. હુંપણે એટલે મારાપણે. હુંપણે આમ મારું ... '**અનુભવવાની...**' વેદવાની '**અયોગ્યતાથી...**' એ હરખ-શોકના ભાવને ધર્મી વેદવાને અલાયક હોવાથી '**વેદતો નથી.**' અલાયક હોવાથી વેદતો નથી. ઓહોહો..! અહીં થઈ ગયો મુક્ત? આહાહા..! સાંભળને. એથી તો આમાં મુક્ત કહ્યું. સમજાણું કાંઈ?

'**વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત...**' એ હરખ-શોકની વિકલ્પની જે લાગણી છે એ પ્રકૃતિસ્વભાવ છે. આત્માનો સ્વભાવ નહિ. એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય ભગવાન ભિન્ન ચૈતન્યમૂર્તિ છે. પ્રકૃતિસ્વભાવ એટલે કે કર્મસ્વભાવ એ હરખ-શોકનો વિકલ્પ એ પ્રકૃતિસ્વભાવ છે. એ પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી ધર્મી તેનો અણઅનુભવનાર છે. એટલે વેદક નથી. અવેદક છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી પદને સાધ્યું છે. છન્નું કરોડ ગામ. કહે છે, બહારથી એમ કહે, અહો..! આ ચક્રવર્તીપદ સિદ્ધ થયું માટે આજ હરખ મનાવો છ ખંડમાં. એમ કહે ચક્રવર્તી હોં! દેવોને કહે કે આપણે છ ખંડ સાધ્યા છે. નિહાલભાઈમાં એક આવે છે કે ચક્રવર્તી છ ખંડ સાધે છે કે અખંડ સાધે છે? છ ખંડ કરે છે કે અખંડ કરે છે? લખ્યું, પેલા છ ખંડ સાથે મેળવ્યું છે. છ પ્રકારના ખંડને સાધે છે? રાગને ખંડ ખંડ કરીને એને સાધે છે? ભગવાન આત્મા અખંડ પ્રભુ છે તેના એ સાધક છે. એ બહાર એમ કહે હોં! મહોત્સવ મનાવો. ચક્રવર્તી પદ પ્રાપ્ત થયું છે. સમજાણું કાંઈ? અને જ્યારે પ્રાપ્ત થાય છે, સમકિતી છે. ઓલા વૈતાલ

પર્વત ઉપર. વૈતાલ નહિ, સુમેરુમલ. વૈતાલ તો વચમાં છે. છેલ્લો પર્વત છે ને ઓલી કોરનો? છ ખંડ સાધ્યા સુમેરુમલ પર્વત. અનંત ચક્રવર્તીઓ થયા એના નામો એમાં લખેલા હોય કેટલાક કાળના. માર્ગ હોય નહિ. નામનો માર્ગ ન હોય એવો ડુંગરો ... છ ખંડ સાધે છે. હાથમાં મણિરતન લે છે. દેવ સોળ હજાર તેનાતમાં છે. ૩૨ હજાર જેને ચામર ઢાળે છે. આહાહા..! હું એક ચક્રવર્તી છ ખંડ મેં સાધ્યા છે. છ ખંડમાં રહેલા દેવો પણ મારે વશ છે. પણ ઓલું પૂર્વનું નામ ભુંસાડે છે ને? નામ ખાલી નથી. ઘણાં થઈ ગયા અને જગ્યા થોડી.

અરે..! પૂર્વે છ ખંડના ધણીએ જ્યાં લખ્યું હશે નામ એ વખતે એણે હરખે લખેલું એ મારે ભૂંસાડવું પડે છે. સમજાય છે? અને આમ હરખના માર્યા જ્યાં (લખે છે).. પણ એ હરખનું વેદન નથી એમ કહે છે. આ કેવી વાત! એય..! રતિભાઈ! હરખનું વેદન નથી, કહે છે. છ ખંડ સાધ્યા? ના. હું તો અખંડ ચૈતન્યનો સાધક છું. આ વિકલ્પ ઉઠ્યો છે ને? કે એ મારો નથી. આ લખે છે કોણ? કોણ લખે? એ તો જડની પર્યાય છે. લખે કોણ? એ તો પરમાણુની પર્યાય ત્યાં થાય છે. તમે લખો છો ને? કે હું ક્યાં છું એમાં? હું જ્યાં છું ત્યાં આ નથી અને આ છે તેમાં હું નથી. હુંપણે કીધું ને અહીંયાં? સમજાણું કાંઈ? બહારમાં એમ લે. આહાહા..! ભારે વાતું ભાઈ!

જેની નજરુંમાં આત્મા જ્યાં પ્રગટ થયો છે એની નજરમાં હરખ-શોકની કિંમત કાંઈ રહી નથી. કિંમત જ રહી નથી. તુચ્છ... તુચ્છ... તુચ્છ... સમજાય છે? એ જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક છે. વેદતો નથી, અનુભવતો નથી. ઓહોહો..! ત્યારે બધું આ શું કરવા કરે છે? પણ સાંભળને, કરે કોણ? એ તો પરમાણુની પર્યાયમાં થાય છે જે થાવું હોય ઈ. કહો, સમજાણું? એ ગાથાની ટીકા થઈ. એનો ભાવાર્થ ચાલતી ભાષામાં. જરી ટીકાની ભાષામાં ગંભીરતા હોય છે.

**ભાવાર્થ :- 'જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...'** ધર્મી રાગ-દ્વેષ અને હરખ-શોકના પુણ્ય-પાપના આસ્રવના વેદનથી વિરક્ત છે. સમજાણું કાંઈ? ધર્મી પોતાના આનંદ સ્વભાવને વેદતો એ પુણ્ય-પાપ આસ્રવ છે અથવા હરખ-શોક આસ્રવ છે, દુઃખરૂપ છે. એ દુઃખથી વિરક્ત છે. **'તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...'** પોતાના સ્વાધીનપણે, હોંશપણે, હરખપણે તો વેદે નહિ. **'અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'** એટલે કે પર્યાયમાં કમજોરીને લઈને વેદન જરી આવે પણ ખરેખર તેને શુદ્ધ દૃષ્ટિના ભાનની અપેક્ષાએ જોઈએ તો તેનો વેદનારો કહેવાતો નથી. સમજાણું કાંઈ?

**'આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને પોતાનો નહિ જાણતો...'** ધર્મી જીવને

રાગનો વિકલ્પ એક ઉઠે તે પોતાનો નથી. એમ '**પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે-સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી,...**' પોતાના પ્રેમથી તો હરખ-શોકને ભોગવતો નથી. '**અને ઉદયની બળજોરથી...**' એટલે પુરુષાર્થની કમીથી, ઉદયના નિમિત્તમાં જોડાણના પુરુષાર્થની કમીથી '**પરવશ થયો...**' રાગ જરી હરખ આવ્યો, પરાધીન થયો. '**પોતાની નિર્બળતાથી ભોગવે...**' અહીં તો જરી સમજાવ્યું છે, હોં! ખરેખર તો ભોગવે તો છે જ નહિ એમ સિદ્ધ અહીં તો કર્યું છે. અહીં તો એને થાય છે ને જરી, એટલે ભોગવે એમ કહેવામાં આવે છે. એ વેદાય છે ને? જરી વેદે છે ને? એ જડમાં નથી વેદાતો એટલું સિદ્ધ કરવું છે. આમ ભોગવે છે છતાં એને ભોક્તા કહેવામાં આવતો નથી. '**તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ,...**' પરવશે અંદરમાં રાગાદિ આવે અને ખેદ-ખેદ ખંડ થાય, સ્વભાવથી છૂટીને રાગને વેદવું તેને ઝેર જેવું લાગે છે. ઝેર પીવા જેવું લાગે છે. એ હરખ-શોકનો ભાવ હરખનો ઝેર પીવા જેવું લાગે છે. એ પરાણે ઝેર પીવું પડે છે. કહે છે કે એનો પીનાર કહેવાતો નથી. સમજાણું કાંઈ?

'**વ્યવહારથી ભોક્તા કહેવાય.**' પર્યાયમાં જરી મચક ખાય છે એટલું દેખીને વ્યવહારથી કહેવાય. '**પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી;...**' સમજાણું કાંઈ? જે હરખ-શોકની વિકલ્પની વૃત્તિઓ જે વેદાય છે એ તો વ્યવહારમાં ગઈ, અભૂતાર્થમાં ગઈ, અભૂતાર્થમાં ગઈ. સમજાણું કાંઈ? આ શુદ્ધનયના સ્વભાવની દૃષ્ટિના વેદનના કથનમાં એ વ્યવહારના કથનનું અહીં કથન છે નહિ. એના અધિકારનું અહીં કામ નથી. '**માટે જ્ઞાની અભોક્તા જ છે.**' સમજાણું કાંઈ? આ માણસ કહે, પણ આવો.. આ કઈ જાત? આખો દિ' ખાય, પીવે, સૂવે, રેશમના ગાદલામાં સૂવે. ચક્રવર્તી ધૂળમાં સૂવા જાતો હશે?

મુમુક્ષુ :- રેશમના ગાદલામાં સૂવે?

ઉત્તર :- હા, બે ગાદલા ઉપર. એક હાથનું આ અને એક હાથનું માથે. એક જણ .. ત્યાં બધું હોય. પાટલા-બાટલા મૂકેલા હોય તૈયાર. ભાઈ કહેતા હતા ને? આપણે કનુભાઈ કહેતા હતા. હરિભાઈના કનુભાઈ. છે? હસમુખ આવ્યો છે કે નહિ? તમારો કનુ કહેતો હતો. ઘણાં વર્ષની વાત છે હોં! (સંવત) ૧૯૯૪માં હશે. ૮૬માં જન્મ છે ને એનો. ૮ વર્ષનો હશે ઘણું કરીને. એ ખબર નહિ કે અમે ત્યાં હતા ત્યારે નહોતો જન્મ એ અપેક્ષામાં. ૮૬માં અમે આવ્યા હતા ને ભાવનગર? એટલે અહીં .. કહેતો હતો. આ મકાન થયું ને જ્યારે ૯૪માં. બહાર બેઠા હતા. મહારાજ! તમે કહો છો કે આવા રેશમી ગાદલામાં સૂતો હોય, ઢોલિયે સૂતો હોય અને ધર્મી! અને આ અમે હેઠે ગાદલા ગોદડા મેલામાં સૂઈએ છીએ તોપણ અમે અધર્મી? આ શું આટલું બધું? એમ પૂછતો હતો. કનુભાઈ પૂછતા હતા. તે દિ' હોં!

૯૪. કેટલા વર્ષ થયા? ૨૯. આ ૩૦ થવા આવ્યા લ્યો. આ .. થયું ને? આ ૯૪માં થયું ને? એવો શું અમારો ગુનો? કે અમે ગોદડે સૂઈએ સાધારણમાં તો કહે, તમે પાપી અને ઓલા રેશમી ગાદલે સૂવે તો કહે ધર્મી. એય..! ભાઈ! તને ખબર નથી. રેશમી ગાદલે સૂતો નથી. સૂતો છે આત્માની શાંતિમાં. એ રાગથી તો ખસી ગયો છે. ભાઈ! તને ખબર નથી. તને દેખાય છે કે આ ગાદલે સૂતો છે. એ તો અંતર સ્વરૂપમાં છે. એ બહાર રાગમાં પણ આવ્યો નથી. રાગમાં આવ્યો નથી તો ગાદલામાં સૂતો છે એ કોણ કહે છે એને?

મુમુક્ષુ :- દલીલની વાત છે ને આ તો.

ઉત્તર :- દલીલ ત્યારે એને બતાવવું શી રીતે? એય..! રતિભાઈ! એ તો નાની ઉંમરના તે દિ' હતા. આઠ વર્ષનો. ભાઈ! દૃષ્ટિમાં ફેર છે. સમજાણું? પકડ પકડમેં ફેર છે. એક મીંદડી ઉંદરને પકડે અને મીંદડી એના બચ્ચાને પકડે. ક્રિયા તો બેય પક્કડની. મોઢામાં લટકતા હોય એમ દેખાય. ઉંદર પણ લટકતો દેખાય મોઢામાં અને એનું બચ્ચું પણ દેખાય. સાત સાત દિ' ફેરવે ને? પક્કડ દેખાય. અંદર પક્કડમાં ફેર છે. સમજાણું કાંઈ? એમ ધર્મીની પક્કડ આનંદ સ્વરૂપ હું શુદ્ધ છું તેમાં છે. અજ્ઞાનીની પક્કડ વિકલ્પ ઉઠે તેમાં છે. આ પક્કડ-પક્કડમાં ફેર છે. નટુભાઈ! ન્યાય સમજાય છે કે નહિ આ?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો! જુઓ! મુક્ત-મુક્ત ક્યારનું કહેવાય છે ને? એ શ્લોક આવ્યો.

**ज्ञानी करोति न न वेदयते च कर्म**
**जानाति केवलमयं किल तत्स्वभावम्।**
**जानन्परं करणवेदनयोरभावा-**
**च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।।१९८।।**

'**શ્લોકાર્થ :- જ્ઞાની કર્મને કરતો નથી...**' આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન અને જ્યાં આનંદનો સ્વાદ છે ધર્મીને, એ રાગને કરતો નથી. પોતાના જ્ઞાનને, આનંદને વેદતો ધર્મી રાગને કરતો નથી. છે? ક્યાં છે? એમાં છે? ઉપર છે ઉપર. '**તેમ જ વેદતો નથી,...**' જ્ઞાની હરખ અને શોકને વેદતો નથી. હરખ-શોકને કરતો નથી, તેમ હરખ-શોકને વેદતો નથી. આત્માના અમૃતના આનંદ આગળ જ્યાં હરખ-શોકનો વિકલ્પ ઝેર ભાસે છે. સમજાણું કાંઈ?

ધર્મી, જ્યાં જ્ઞાન ખજાનો ખુલી ગયો છે, કહે છે. આહાહા..! રાગની એકતામાં તાળા માર્યા હતા. આત્માના ખજાનામાં અનંત શાંતિ, અનંત આનંદ ભર્યો છે. એ રાગની એકતામાં તેને તાળું માર્યું હતું. એ રાગની ભિન્નતા કરતા એ ખજાનો શું છે એનું ભાન (થઈ) આનંદનો સ્વાદ આવી ગયો. આખો આત્મા આવો છે. આખો આત્મા જ્ઞાનમય, આખો આનંદમય,

આખો શાંતિમય. એમ કહો, શાંતિભાઈ! આ શાંતિ હોં! આ ધૂળની શાંતિ નહિ.

મુમુક્ષુ :- કઈ શાંતિ નહિ?

ઉત્તર :- આ નામની શાંતિ નહિ. મારે તો એ કહેવું છે. નામ શાંતિ છે ને. એ નામની નહિ એમ. અને પૈસા-બૈસાના ઘડિયાળનો.. એ શાંતો નથી, દુઃખ છે.

મુમુક્ષુ :- બહુ ખપે.

ઉત્તર :- ખપે તો કોને કહેવું આમાં ખપવું? કહો, સમજાણું આમાં? આ વર્ષ બેસતાની લાપસી પીરસાય છે આ. આહાહા..! એ ભગવાન તારી પાસે તૈયાર છે ને પ્રભુ, અંદરમાંથી આનંદનો સ્વાદ જો ને. એ જો તો ખરો એ શું છે એ ચીજ. કુતૂહલ તો કર, કુતૂહલ તો કર. બીજી જોવા જા છો. આ કેમ હશે? આ કેમ હશે? આમાં શું પરિણામ? આ તો શું છે પણ આ? આટલા આટલા વખાણ કેવળીઓ કરે, મુનિઓ કરે, જ્ઞાની કરે. શાસ્ત્ર કહેતા થાકી જાય. આહાહા..! એવો આત્મા તે આ છે શું પણ? કહો, સમજાણું કાંઈ?

એવો આત્મા શુદ્ધ ચૈતન્યનું ભાન થતાં એ રાગરૂપી કાર્યને કરતો નથી. તેમ હરખરૂપી ભાવને વેદતો નથી. કહો, સમજાણું કાંઈ? લાભ સવાયા. જુઓને, લખે છે ને ચોપડામાં. શાંતિભાઈ! શું લખે? શાળિભદ્રની ૠદ્ધિ હજો.

મુમુક્ષુ :- એ તો પહેલું લખવું પડે.

ઉત્તર :- પહેલું લખવું પડે. મિથ્યાત્વનું સેવન છે. ઓલા તો હૈદરશાહ હાજરાહજૂર લખતા. હવે નથી લખતા. એ પહેલા કુંવરજીભાઈ...

મુમુક્ષુ :- ઘણા વખતથી બંધ કરી દીધું.

ઉત્તર :- ઘણા વખતથી બંધ. એ તો ત્યાં પણ કર્યું. કુંવરજીભાઈની દુકાને બંધ કર્યું. ખુશાલભાઈ હતા ને? (એમણે કહ્યું), આપણે આ ન હોય. એટલે બંધ કર્યું. નહિતર માથે લખે. આમ લીટી આડી (કરે). ચોપડો હોય ને આમ. હૈદરશાહ હાજરાહજૂર. બાપને રોટલા નહોતા મળતા ત્યારે ક્યાં ગયો હતો હૈદરશાહ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માનતા નહોતા.

ઉત્તર :- માનતા તો બધાય માનતા હતા. બધા સમજવા જેવા.

મુમુક્ષુ :- પાકુ નહિ માનતા હોય.

ઉત્તર :- હવે એ પણ બિચારો મરીને ક્યાં ગયો હશે? હૈદરશાહ. ફકીર હતો એ તો. પણ ભોળા ભટ્ટ જેવા ભાન વિનાના. ભોળાનો અર્થ ભાન વિનાના.

મુમુક્ષુ :- ભાન વિનાના ભોળા.

ઉત્તર :- એ ભોળાનો અર્થ જ ભાન વિનાનો. માણસ નથી કહેતા? કે એ તો રાજા

માણસ છે. એટલે ગાંડો ન કહેવા કરતા રાજા કહેવો. એમ. હા. હા. મૂળ તો એમ છે. રાજા માણસ છે. એટલે શું ગાંડો ન કહેવાય, રાજા માણસ કહીને પાગલ કીધો એને. મૂરખ છે એમ કહે. સમજાણું?

મુમુક્ષુ :- રાજા .. કહેવાય ને?

ઉત્તર :- ભાષામાં ભાવ શું છે અંદર? મોટો મૂરખ છે. આહાહા..! નહોતું કહ્યું એક ફેરી ત્યાં?

એક સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.
ન આવે અકળામણનો અંત, મૂરખમાં મુખિયા રે.

જેને હરખ-શોકના વેદનમાં પોતાપણે માન્યું છે, મૂરખમાં મોટા શિરોમણી છે. મૂરખના શિરોમણી. કહો, આવે છે કે નહિ? મોહનભાઈ! ઓલામાં આવે છે ને? પણ ઈ આ હોં! ઓલા શબ્દો કહે એમ નહિ. 'એક સુખિયા જગતમાં રે સંત, દુરિજન દુઃખીયા' જેણે ભગવાન આત્માને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને આત્માના આનંદનું ભાન છે, સ્વાદ છે એ સંત છે, એ સુખિયો છે. એ સિવાય આ જગતની અંદરમાં છ ખંડના રાજમાં પડ્યો દુરિજન છે. જેણે રાગ અને પુણ્યના હરખ-શોકને પોતાનો માનીને વેદે છે એ દુરિજન મૂરખના શિરોમણી છે.

એ અહીં કહે છે. '**જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી,...**' એ મૂરખમાં આવતો નથી. હરખને વેદે તે મૂર્ખાઈમાં આવે છે એમ કહે છે. જેઠાલાલભાઈ! '**કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.**' લ્યો! એ તો રાગનો, હરખનો વિકલ્પ છે એ કર્મનો સ્વભાવ, ચૈતન્યનો નહિ. એમ કેવળ જાણે છે. પછી વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૫, સોમવાર તા. ૬-૧૧-૧૯૬૭**
**શ્લોક-૧૯૮, ગાથા-૩૧૯, પ્રવચન-૩૮૮**

૧૯૮ ચાલે છે ને? કળશ ૧૯૮. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ધર્મીને ક્ષણે ક્ષણે સર્વવિશુદ્ધતા વધે છે. કેમ? કે '**જ્ઞાની કર્મને કરતો નથી...**' જ્યાં આત્માના શુદ્ધ આનંદની રુચિ થઈ છે એને રાગ કરવાની રુચિ રહેતી નથી. કર્મ શબ્દે પુણ્ય-પાપના વિકલ્પો. નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય શુદ્ધ એવો જે આત્મા અંતરમાં રુચ્યો છે, દૃષ્ટિમાં પડ્યો છે, આનંદધામ એવા અંતરના સંયમને લઈને ધર્મીને રાગનો પ્રેમ અને રાગની રુચિ થતી નથી. જેમાં પોતાની હયાતી માને છે તેમાં તેનો પ્રેમ છે.

મુમુક્ષુ :- ધર્મીને બધાયમાં રુચિ હોય કાંઈ?

ઉત્તર :- હોતી નથી. કહે છે માણસો. રાગાદિમાં મારી હયાતી નથી પછી જેમાં હયાતી નથી એનો પ્રેમ કેમ હોય? સમજાય છે કાંઈ? અનાદિથી તો અજ્ઞાનમાં સ્વરૂપના ભાનની હયાતી નહોતી ત્યારે તો ત્યાં પુણ્ય-પાપ ને આ બધી હયાતીમાં હું છું, એમ માનીને વિકારના કામના પરિણામને કરતો હતો. જેમાં પોતાપણું માન્યું છે એમાં એ વીર્યને ફોરવતો હતો. આ પુણ્ય અને પાપના વિકલ્પો જે વિકાર અને વિભાવ અને રાગ, એને પોતાના માનેલા, એમાં હયાતી સ્વીકારેલી. એથી અજ્ઞાનમાં તે હયાતી જેમાં પોતાની માની છે તેને કામ મારા છે એમ તે માનતો. સમજાય છે કાંઈ?

રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ રહિત, વસ્તુ શુદ્ધ ચૈતન્ય શાંત, આનંદરસરૂપ છે. એવું જ્યાં અંતરમાં રુચિ અને અનુભવમાં ભાન થયું, એવા ધર્મીજીવને કર્મને-કર્મને, રાગને કરતો જ નથી. જેમાં મારી હયાતી નથી તે મારું પરિણમન નથી. સમજાણું કાંઈ? '**તેમ જ વેદતો નથી,...**' ધર્મી, આત્માના શુદ્ધ સ્વભાવની સન્મુખની અંતર આનંદની દૃષ્ટિ હોવાથી ધર્મીને હરખ-શોકનું વેદન નથી. આહાહા..! અજ્ઞાનીમાં અનાદિથી આમ પરમાં જેને ઉત્સાહ વર્તે છે એને લઈને એ હરખ-શોકનું વેદન કરે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્માના ચેતનસ્વભાવનો જ્યાં ઉત્સાહ સ્વભાવની સાવધાની નથી ત્યાં એને અજ્ઞાનમાં પરમાં સાવધાની ક્ષણે ને પળે નિરંતર સદા વર્તે છે. એથી એ પુણ્ય અને પાપના રાગની ક્રિયાના પરિણામનો પરિણમનારો હું છું એમ એ માને છે. અને તે ક્ષણે થતાં અનુકૂળ-પ્રતિકૂળમાં હરખને, શોકને વેદે છે એ અજ્ઞાનીનું વેદન છે. ધર્મીનું વેદન, વેદતો નથી. કેમ? કે જ્ઞાની શબ્દ પડ્યો (છે). હું ચૈતન્ય છું. હું તો રાગના સંગથી પણ રહિત છું. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? એવા અંતરમાં શુદ્ધ ચૈતન્યની હયાતીના અનુભવના ભાનમાં એ વિકાર હરખ-શોકનું વેદન જ નથી એને. સમજાણું કાંઈ?

'**કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.**' એટલે કે આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ અને આનંદસ્વરૂપ (છે), એવું હોવાપણાની સત્તાનો પોતામાં અનુભવ થયો હોવાને લઈને ધર્મી પોતાના જ્ઞાન અને આનંદમાં રહેતો રાગાદિ ને હરખ-શોકનો વિકલ્પ જે થાય એને કેવળ જાણે જ છે. સમજાય છે કાંઈ? '**કેવળ જાણે જ છે.**' એક પર્યાયના વેદનમાં બીજી પર્યાયનું વેદન નથી. એમ કહે છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ વસ્તુ છે. એનું પરિણમન, એનું ભાન થઈને પરિણમન જે પ્રગટ થયું, એ પરિણમનમાં રાગનું પરિણમન ભેગું છે એમ નથી. અને શુદ્ધ સ્વભાવ જ્ઞાન અને આનંદ છે, એના વેદનમાં હરખનું પણ વેદન ભેગું છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હવે આવશે. .. સાધારણ વાત સામાન્ય કરે છે ને. પછી કરણ વેદન.

'**કરણના અને વેદનના એમ કેવળ જાણતો થકો...**' પોતાના જ્ઞાનસ્વભાવી સત્‌નું અસ્તિત્વ પરમાનંદ મૂર્તિ છું એમ પોતાને અંતરમાં ધર્મી સમ્યગ્દૃષ્ટિ જાણતો અને રાગને પણ જાણતો. '**કરણના અને વેદનના અભાવને લીધે...**' વસ્તુના સ્વરૂપના આનંદનું જ જ્યાં પરિણમન અને જ્ઞાનનું પરિણમન છે, ત્યાં ધર્મીને રાગનું કરવું અને રાગનું વેદવું બેનો અભાવ છે. સમજાણું કાંઈ?

'**કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે...**' શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ તે સત્તાનો અનુભવ હોવાથી, ધર્મીને એ સત્તાનો અનુભવ હોવાથી એને રાગનું અને હરખનું, શોકનું અને દ્વેષનું કરવું અને ભોગવવું એ બેનો સ્વરૂપમાં અભાવ હોવાથી. સમજાણું કાંઈ? '**શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય, પુણ્યના અને હરખના વિકલ્પથી ભિન્ન એવો, આત્મામાં નિશ્ચળ રહેતો ધર્મી '**ખરેખર મુક્ત જ છે.**' ખરેખર શબ્દ પડ્યો છે. જોયું! '**स हि**' '**हि**' છે ને? '**हि**' '**તે ખરેખર મુક્ત જ**' '**मुक्त एव**'. '**स हि मुक्त एव**' ભગવાન આત્મા રાગ અને હરખના કરણ અને વેદનના ભાવથી ભિન્ન અસંગ પ્રભુ, એવા અસંગ તત્ત્વની દૃષ્ટિ અને અનુભવને લઈને ધર્મી પોતાના શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો મુક્ત જ છે. કહો, સમજાય છે કાંઈ?

બંધભાવ એવો ભાવબંધ, દ્રવ્યબંધ તો છે જ નહિ પણ ભાવબંધ એવો વિકલ્પ અને હરખ, તે સ્વભાવના ભાવમાં તેના અભાવને લઈને, અબંધ સ્વભાવી ભગવાન આત્માના શુદ્ધ પરિણમનના ભાનને લઈને એ કેવળ મુક્ત જ છે. સમજાણું કાંઈ? '**તે ખરેખર મુક્ત**

**જ...**' પાછો. ખરેખર અને જ. '**हि**' અને '**एव**'. કાંઈક બંધન અને કાંઈક અબંધ છે એમ કહો. અબંધ એટલે મુક્ત અને કાંઈક બંધ છે રાગાદિ થોડો. એ રાગાદિ પરિણામ એ શુદ્ધ ચૈતન્ય પ્રભુ સત્ શાશ્વત આનંદનું ધામ અનાદિઅનંત ચૈતન્યનો અનુભવ હોવાથી એને અંતરમાં તેની દૃષ્ટિ અને તેનું પરિણમન હોવાથી ધર્મીને ખરેખર મુક્ત જ કહેવામાં આવે છે. કેમ? કે રાગથી ભિન્ન છે તો બંધ કથંચિત્ બંધ અને કથંચિત્ મુક્ત એમાં છે નહિ. હરખથી મુક્ત છે તો કથંચિત્ વેદન હરખનું અને કથંચિત્ વેદન આત્માનું એમ છે નહિ. એ આત્માનું જ રાગરહિત અને હરખરહિત કર્તૃત્વ અને વેદન વિનાનો આત્મા છે.

મુમુક્ષુ :- ગુણસ્થાન કેટલામું?

ઉત્તર :- ચોથું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુક્ત જ છે. ચારિત્ર-ફારિત્ર પછી. વસ્તુ અબંધ સ્વરૂપી જ્યાં અનુભવમાં આવી, અનુભવના પરિણામનું પરિણમન અને અનુભવના વેદનનું પરિણમન, બસ. સમજાણું કાંઈ? જેની સત્તામાં હું નથી, તેની સત્તામાં એનું પરિણમન કેમ હોઈ શકે? બંધભાવમાં હું નથી. વેદન રાગના, હરખના વેદનમાં હું નથી. જેમાં હું નથી એમાં એ કેમ હોય? એ પોતે રાગ અને હરખના વિકલ્પથી પાર એવો ચૈતન્ય, એના શુદ્ધ ચૈતન્યના ભાનથી સમ્યગ્દૃષ્ટિ ધર્મી પોતાના પરિણામમાં રાગથી અને હરખથી મુક્ત જ છે. એ સ્વભાવ મુક્ત જ છે. કહો, દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- હાજી સાહેબ! બરોબર છે.

ઉત્તર :- શું બરાબર છે? મુક્ત તો સિદ્ધ થાય ત્યારે થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલા રાગને માટે અયોગ્ય છે એમ આવ્યું હતું ને? અયોગ્ય જ છે. અરે..! પ્રભુ!

મુમુક્ષુ :- હુંપણે અનુભવવાને અયોગ્ય છે.

ઉત્તર :- એ તો અહીં વાત ચાલે છે. હુંપણું જ્યાં છે ત્યાં તેને વેદવું અને અનુભવવું છે. પુણ્ય-પાપના વિકલ્પો અને બાહ્યનો સંગ તો ક્યાંય રહી ગયો. સંગ તો પરમાં રહી ગયો. સંગ તો કે દિ' આત્માને સંગ કેવો? કર્મનો અને બાહ્યનો સંગ જ આત્માને નથી. ફક્ત એના સંગમાં પુણ્ય અને પાપ અને હરખ-શોકનો સંગ છે એટલી અંશદૃષ્ટિમાં પડ્યો અને એનો સ્વીકાર અને એની હયાતીમાં છું એવું માન્યું છે. એને હરખ અને રાગના કરવા અને ભોગવવાનું એની સત્તામાં માન્યું છે આ મારામાં છે, માટે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! આ ધર્મની દશા અને અધર્મની દશાનું વર્ણન છે. આહાહા..!

કહે છે, એક નાસ્તિ કીધી કે કરણ અને વેદનનો અભાવ તે નાસ્તિ કીધી. શેની? કે પુણ્યનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો છે એવું કરવું એનો જેના સ્વભાવમાં અભાવ છે. અને હરખનું વેદન, ઉત્સાહના વેદનમાં મીઠાશ આવવી તે તેના સ્વભાવમાં અભાવ છે. છે શું? '**શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ...**' ભગવાન આત્મા અસંગ પ્રભુ, એવો શુદ્ધ સ્વભાવમાં જેની દષ્ટિનું સ્થાપન થઈને પડ્યો છે '**એવો તે ખરેખર મુક્ત જ છે.**' આમ વ્યવહારે મુક્ત છે, આમ છે ને તેમ છે એમ નહિ. વળી મુક્ત વ્યવહાર ખરેખર મુક્ત જ છે એમ પણ નહિ. '**ખરેખર મુક્ત જ છે.**' સમજાણું કાંઈ? સમ્યક્ એકાંત સ્વભાવમાં ઠરવાથી સમ્યક્ એકાંત એકાંતે ખરેખર મુક્ત જ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- એકાંત લગાવ્યું પાછું.

ઉત્તર :- એકાંત લગાવ્યું પાછું. ખરેખર કહ્યું ને અહીં ખરેખર? અનેકાંત એટલે કાંઈ રાગમાં બંધન છે અને કાંઈકમાં આમ છે એમ છે જ નહિ. એ તો વિશેષપણે જ્યારે જ્ઞાન કરાવવું હોય જ્યારે ચારિત્રના દોષનું, ત્યારે આવે. આ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ..માં નાખ્યું. સમજાણું આમાં? એ શ્લોક થયો-કળશ.

'**ભાવાર્થ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' એટલે શું કહે છે? ભાવાર્થ. ધર્મીને તો આત્માનો સ્વભાવ રુચ્યો છે અને પરિણમ્યો છે અને ગોઠ્યો છે. ધર્મીને તો આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાન સ્વભાવ જ જેને રુચ્યો છે ને પરિણમ્યો છે ને ગોઠ્યો છે. એને રાગને સ્વાધીનપણે પરિણમવું કે ભોગવવું એ એને છે નહિ. ગોઠતી ચીજને સ્વાધીનપણે ભોગવે કરે. રાગ ને હરખ જ્યાં ગોઠતો જ નથી, રુચતો નથી, ખુંચતો છે (એને કેમ ભોગવે?). સમજાણું કાંઈ? '**સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' છે ભાવાર્થ-ભાવાર્થ. ક્યાં છે? શું છે બોલો જોઈ.

મુમુક્ષુ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી.

ઉત્તર :- કર્મનો. એમ. કર્મનો. કર્મના નહિ. ના આવ્યું. કહો, સમજાણું આમાં? કર્મના આવ્યું હતું. કીધું ને મેં. કહો, સમજાણું આમાં?

જ્ઞાની એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અસંગ તત્ત્વનો અનુભવી. એને રાગ અને.. સમજાય છે? હરખને સ્વાધીનપણે, રુચિપણે, ગોઠતાપણે, પ્રેમપણે કર્તા-ભોક્તા નથી. '**કેવળ જ્ઞાતા જ છે;...**' જરી નાખશે થોડું ને એટલે જરી આ લીધું. કેવળ ધર્મી તો રાગ આવે તેને રાગમાં રહ્યા વિના જ્ઞાનમાં જ્ઞાનમાં જ્ઞાન રહીને રાગને કેવળ વ્યવહારે જાણે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો...'** જુઓ! ધર્મી તો શુદ્ધ અબંધ સ્વરૂપ ભગવાન આત્મા છે, એ શુદ્ધસ્વભાવરૂપના પરિણમને લઈને **'શુદ્ધસ્વભાવરૂપ થયો થકો...'** એમ છે. શુદ્ધ સ્વભાવ તો કાયમ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્ય અનંત જ્ઞાન બેહદ સ્વભાવની મૂર્તિ પ્રભુ, પણ એનો અંતર અનુભવ થતાં તેની પર્યાયમાં જે શુદ્ધપણાના સ્વભાવનો અનુભવ થયો એવો શુદ્ધસ્વભાવરૂપ થયો, રાગરૂપ અને હરખરૂપ થયો થકો એમ એનામાં નથી. સમજાય છે કાંઈ? ભારે વાતું! કેટલાક કહે, સિદ્ધની વાતું કેવળીની (હશે). લ્યોને. ક્યા ગુણસ્થાનની? આ તો પહેલા ગુણસ્થાનથી. પહેલું એટલે ચોથું. પહેલું ગુણસ્થાન એટલે ધર્મનું, પહેલું ધર્મીનું એટલે સત્‌નું. પહેલા ગુણસ્થાનની. કોના? ધર્મીના. ઓલું ગુણસ્થાન પહેલું એ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ શુદ્ધ ચૈતન્ય અસંગ તત્ત્વ જ્યાં વિકલ્પની ગંધ નથી, રાગની ગંધ નથી જ્યાં, કર્મની ગંધ તો ક્યાં છે? જે વસ્તુ ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકમૂર્તિ, એવો જ્યાં અંતરમાં ભાનમાં જાગ્યો અને જાગૃત થયો, કહે છે કે એ તો શુદ્ધ સ્વભાવમાં થયો થકો. એ તો શુદ્ધ સ્વભાવરૂપ પરિણમનમાં શુદ્ધ સ્વભાવરૂપ થયો થકો મુક્ત છે. રાગ ને વેદનના વિકારપણે થયો થકો તે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિમાં છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- અજાચી લક્ષપતિ છે.

ઉત્તર :- અજાચી લક્ષપતિ છે. લક્ષપતિ એટલે પોતે સ્વરૂપ છે લક્ષ એનો સ્વામી છે. એમ. લક્ષપતિ-લાખનો પતિ એમ નહિ. લક્ષ એટલે અંતર આનંદ પૂર્ણ છે એના લક્ષનો સ્વામી એ છે. એમ. કહો, સમજાણું કાંઈ? જ્યાં લક્ષ જામ્યું તેનો તે સ્વામી. જેમાંથી લક્ષ ઉઠી ગયું તેનો એ સ્વામી છે નહિ. ચોથાની (વાત) ચાલે છે. એય..! ચીમનભાઈ! એ તો ચારિત્રદોષ .. .. પણ એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. આખી શુદ્ધ વસ્તુ છે કે નહિ? અનંત અનંત ગુણનો પિંડ અનંત સુખધામ પ્રભુ છે. હવે સુખધામનું પરિણમન તો સુખરૂપ થાય કે રાગ ને દોષ ને દુઃખરૂપ થાય? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શાંતરસ અને સુખનું ધામ. જેમાં અંતર જવાથી એ સુખ અને શાંતિરૂપનું પરિણમન થાય કે એ તે રાગ અને હરખરૂપે પરિણમે? એમાં ક્યાં રાગ અને હરખ હતો વસ્તુમાં? કપુરચંદભાઈ! ઝીણી વાતું ભારે બહુ. એના ઘર બહુ ઝીણા અને ઊંચા છે. ભગવાન પોતાના ઘરે આવ્યો. પરઘર ફરતો હતો. પુણ્ય ને પાપ ને હરખ ને શોકના વિકલ્પની હોંશુ અને ઉત્સાહમાં ફરતો હતો. મૂઢપણે પોતાને ભૂલી જ્યાં ત્યાં ભટક વ્યભિચારમાં ભટકતો હતો. સમજાણું કાંઈ? એ પોતે ઘરમાં આવ્યો હવે. અરે..! આ નહિ. મારા સ્વરૂપ તો અસંગ તત્ત્વ છે. એમાં એ વિકલ્પ કરવો, દયા-દાનનો વિકલ્પ કે હરખનું વેદન આમ ઉત્સાહ આવીને

વેદન (થાય) એ બે ચીજ જ મારી ચીજમાં જ નથી. ત્યારે રહી ચીજ જ્ઞાન અને આનંદવાળી, એનું પરિણમન હોવાથી એ શુદ્ધ સ્વભાવરૂપ થયો થકો. એ પર્યાય છે. શુદ્ધ સ્વભાવ તો ત્રિકાળી પણ હવે કેવળ શુદ્ધ થયો થકો એમ કરીને પર્યાયમાં એકલો શુદ્ધસ્વભાવરૂપ થયો થકો. એમ છે. છે લીટી? શું કહે છે? એક કેવળ કોને વજન આપે છે? વર્તમાન પરિણમનને ભાઈ! વર્તમાન પરિણમનને વજન છે એ. દ્રવ્યને નહિ. દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ છે ઈ છે. દૃષ્ટિ પડી, અનુભવ થયો (તો) કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો. એકલો શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા છે એનું શુદ્ધસ્વભાવરૂપ પરિણમન, એકલું પરિણમન શુદ્ધનું થયું થકો '**કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે?**' રાગાદિ થાય અને હરખ થાય એ સ્વભાવને શું કરી શકે? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. સદાય. સદાય.

મુમુક્ષુ :- લડાઈ કરતો હોય તો.

ઉત્તર :- બધે છે. પોતે ક્યાં વિકલ્પ.. એ ભિન્ન પડેલું પરિણમન સ્વભાવ સન્મુખ છે. સમજાણું કાંઈ? ભારે વાતું! ચંદુભાઈ!

બાપુ! વીતરાગ પરમેશ્વરનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ. અલૌકિક વાત છે ભાઈ! એ કાંઈ ધર્મ તે મામુલી ચીજમાં ગણી નાખે એમ નથી. પોતે ભગવાન આત્મા અનંત અનંત શાંતરસ અને આનંદનું ધામ (છે), એમ જ્યાં અંદર ભાન થઈને પરિણમ્યો અને આત્મા થયો. આત્મા આત્મા આત્મારૂપે થયો એમ કહે છે. શુદ્ધસ્વભાવરૂપ થયો થકોનો અર્થ? કે આત્મા જે વસ્તુ છે એ તો મુક્તસ્વરૂપ જ છે. હવે એ આત્મા આત્માપણાની પર્યાય શુદ્ધપણે થયો એ મુક્ત જ છે. સમજાણું કાંઈ?

રાગ અને હરખ એ તો બંધભાવ છે. એ બંધભાવ એ દ્રવ્યના ગુણમાં કોઈ પડખે નથી. દ્રવ્ય અને ગુણ જે વસ્તુ ભગવાન આત્મા પદાર્થ અને એની શક્તિઓ, એમાં ક્યાંય બંધભાવની કોઈ શક્તિ નથી. જ્યાં બંધભાવની શક્તિ નથી એટલે એનો અર્થ કે અબંધભાવસ્વરૂપ બધી શક્તિઓ છે. સમજાણું કાંઈ? એવો આત્મા અંતર અબંધસ્વરૂપી ભગવાન આત્મા, જેને રાગનો અને હરખનો સંગ જ નથી, એવા અસંગ તત્ત્વનો અનુભવ થતાં કેવળ એકલો શુદ્ધસ્વભાવરૂપ થયો થકો. આ મુક્ત શબ્દ પડ્યો છે ને મૂળમાં? એને આ વધારે સ્પષ્ટ કરે છે. કળશમાં છે ને? '**मुक्त एव**' અને પાછો '**हि**' બે છે. પહેલો '**हि**' અને પછી '**एव**'. વચમાં મુક્ત છે. નિશ્ચય મુક્ત જ. નિશ્ચય મુક્ત જ. એમ છે. આહાહા..!

ભગવાન એના ઘરે આવ્યો ને, તો એના ઘરમાં ક્યાં રાગ અને હરખ છે? એ પરઘરના

લક્ષે ફરતો પરિભ્રમણના વિચારમાં. આ વિકલ્પ ને આ ને આ ને આ. એ એનું અસ્તિત્વ ભાવ તો એટલો હું ભાવ છું. ભગવાન આત્મા એક કોર રહી ગયો. ત્યાં તો આ આવી ગયું. આપણે બાયડી, છોકરા, પૈસા, કુટુંબ, મકાન આ બધું. હવે જે ધૂળ જે આત્માની પર્યાયમાં નથી. એ નથી એને મારા કરીને માન્યું, એવો જે મિથ્યાભ્રમ એમાં રાગ-દ્વેષની ઉત્પત્તિમાં ટકી રહ્યો છે ઈ. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો એ ક્ષણે ને પળે દુઃખની દશામાં ઝુલી રહ્યો છે. એકલું અશુદ્ધ અને દુઃખનું જ પરિણમન છે. જ્યાં ઊભો હોય ત્યાં. ચાહે તો ભગવાનના સમવસરણમાં ઊભો હોય, પણ અશુદ્ધના ભાવના પરિણમન ઉપર જેની દૃષ્ટિ છે, ત્રિકાળ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ નથી, તે દુઃખની દશાના પરિણમનને જ કરનારો અને વેદનારો ઊભો છે.

અને ધર્મી, ચાહે સો ભોગના વિકલ્પના કાળમાં હોય, ચાહે તો લડાઈના વિકલ્પના કાળમાં હોય, કે ચાહે તો દયા, દાનના વિકલ્પના કાળમાં હોય.. સમજાય છે કાંઈ? પણ તે આત્મા અબંધ અને અસંગપણે જ્યાં અનુભવમાં આવ્યો છે એનું પરિણમન એકલું શુદ્ધ જ છે એમ અહીં સિદ્ધ કરવું છે. થોડું શુદ્ધ અને થોડું અશુદ્ધ એવું બેપણું છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે?**' એટલે કે રાગ થાય તે જ્ઞાનીના વેદનની શુદ્ધતામાં રહ્યો, જે જ્ઞાની ધર્મની શુદ્ધતામાં રહ્યો એને એ અશુદ્ધતા શું કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે;...**' એટલે કે પર્યાયમાં વીર્યની કમી છે કાંઈક એટલે રાગાદિ થાય. '**ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ.**' અહીં અશુદ્ધતા બિલકુલ નથી એમ કહ્યું, ત્યારે કહે શુદ્ધતા થોડી છે ને. એને જ્ઞાતા છે. જ્ઞાતા છે એ સ્વભાવમાં ઠરતા ઠરતાં એનો પણ નાશ કરીને એકલું શુદ્ધનું પરિણમન એકલું રહી જશે. સમજાણું કાંઈ?

'**હવે આ જ અર્થને ફરી દઢ કરે છે :-**' લ્યો!

૩૧૯.

**ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।**
**जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।।३१९।।**
**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.**

કહો, સમજાણું આમાં? હવે એની ગાથાનો ન્યાય આપે છે. જુઓ! '**ण वि कुव्वइ**' છે ને? આ '**ण वि वेयइ**' એનો અર્થ કરે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ટીકા :- કર્મચેતના રહિત હોવાને લીધે...**' શું કીધું? કે અજ્ઞાની પુણ્ય-પાપના પરિણામની કર્મચેતના સહિત હોવાથી.

મુમુક્ષુ :- '**कुव्वइ**'નો અર્થ કર્યો.

ઉત્તર :- એ '**कुव्वइ**'નો અર્થ કરે છે. કીધું હતું ને પહેલું. '**कुव्वइ**'નો અર્થ છે. એની સામે પહેલું આ '**कुव्वइ**'. અહીં તો '**ण कुव्वइ**'નો અર્થ છે આમાં. પણ પહેલો '**कुव्वइ**'નો અર્થ કરીએ.

અજ્ઞાની પુણ્ય અને પાપના વિકલ્પનો કર્તા, કર્મચેતનાનો કર્તા હોવાથી અને હરખ-શોકના વેદનનો વેદનારો હોવાથી. સમજાણું કાંઈ? એ કર્મચેતના નામ વિકલ્પ શુભ પરિણામ કે અશુભ પરિણામ, એમાં એકલો ચેતાઈ ગયેલો, એકાગ્ર થઈ ગયેલો હોવાથી અને હરખ-શોકના વેદનમાં આનંદને ભૂલીને વેદનમાં એકલો, હરખ-શોકના વેદનમાં આવેલો હોવાથી અજ્ઞાની કર્મચેતના-કર્મફળચેતનાને કરે અને વેદે છે. એ કર્મને જડ કર્મને કરે છે અને પરના કર્મને કરે છે અને પરને વેદે છે એ તો એનામાં છે નહિ. સમજાણું કાંઈ? કહો, ગળે કેમ ઉતરે આમાં? મણિકો ઉપડે એનાથી. આહાહા..! વાત ભારે જગતની વાત! પણ એ મણિકો એ અસ્તિત્વ કોઈ અસ્તિ તત્ત્વ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? છે તે ભળાય કે ન હોય તે ભળાય? તો છે તે ભળાય તો છે એમાં કોઈ બદલવાની, રૂપાંતર થવાની શક્તિવાળું છે? કે બદલવાને રૂપાંતર થયા વિનાની શક્તિ વિનાનું છે? તો રૂપાંતર ને બદલવાની શક્તિવાળું છે તો રૂપાંતરને બધું એનાથી થાય છે. આહાહા..! અહીં એની તો વાત જ નથી અત્યારે તો આ.

અહીં તો ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, આનંદનું ધામ આત્મા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ. એવું જ્યાં ભાન નથી તે અજ્ઞાની શું કરે છે? કે એને પુણ્ય અને પાપના વિકલ્પોને કરે છે અને હરખ-શોકને વેદે છે. બસ! એ સીમા સિવાય, એની પર્યાયની સીમા સિવાય આગળ જઈને કોઈનું કરે અને વેદે એ એની મર્યાદામાં નથી. સમજાણું? આ તો ઊંધી વાત ચાલતી હોય તો એના વખાણ અને સવળી ચાલતી હોય તો વખાણ (કરે). એ તો બધો ગોટો છે એમ કહે છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી કાંઈક કીધું હશે.

જેને ભાન નથી ને? એને મિથ્યાત્વના સેવન ચાલતા હોય તો એના વખાણ કરે. સાચા સેવન હોય એના વખાણ (કરે). એ તો બેનું મિથ્યાત્વનું સેવન છે એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું? દયા, દાનની વાત કરતા હોય તો આહાહા..! વાહ! વાહ! ભારે ધર્મ તમે કહો છો હોં! ભક્તિ-પૂજાની વાત કરે તો ભારે ધર્મ કહો છો હોં! અને અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગથી ધર્મ ન થાય (એમ કહે) તો ભારે પણ તમે કહો છો, હોં! એવા આત્માના સ્વરૂપના જ્ઞાતાપણાના ભાન વિના એવા પ્રસંગમાં તે રાગને કરે અને હરખને ભોગવે અજ્ઞાની એ કરે છે. સમજાણું કાંઈ?

અહીં તો સવળાની વાત છે હોં! ન કરે ન વેદે. અહીં તો કરે-વેદે નાખીને ન કરે ન વેદે એમ લેવું છે. કારણ કે જેની દૃષ્ટિમાં ભગવાન આત્મા મહાન ચૈતન્યધામ, સુખધામ પ્રભુ, એની અંતર દૃષ્ટિ આવી જ નથી. સત્તાના અનુભવમાં સ્વીકાર જ નથી. એનો સ્વીકાર તો ક્યાંક માનવું તો પડશે એણે. હું છું. જેવો છે એવો જ્ઞાન અને આનંદના હોવાવાળું તત્ત્વ છે. તો છે એવી એનામાં માનવાની એક શક્તિ પણ છે ને અસ્તિત્વ? તો આ છે એની ખબર નથી. એટલે પુણ્ય અને પાપ અને હરખ-શોકમાં છું, પુણ્ય-પાપના કરનારો અને હરખ-શોકનો વેદનારો છું એવા અસ્તિત્વને અજ્ઞાની સ્વીકારે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

ત્યારે કહે છે કે ધર્મી. એ ધર્મી જુઓ! માથે આવશે. સમજાય છે? જ્ઞાની આવું કર્મને કરતો નથી તેમ વેદતો નથી પછી આ ત્રીજી લીટીમાં છે. '**કર્મચેતના રહિત હોવાને લીધે...**' આ જ્ઞાની એમ. છે ને અર્થ? ૩૧૯. '**કર્મચેતના રહિત...**' કર્મચેતના એટલે? પુણ્ય-પાપના રાગમાં એકત્વ થવું તેનું નામ કર્મચેતના કહેવામાં આવે છે. કે જે આત્માના સ્વભાવમાં નથી. એવી કર્મચેતના રહિત ધર્મી જ્ઞાન ચેતનાવાળો હોવાથી, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહારનું કરી શકાય એની તો વાત જ ક્યાં છે અહીં. મફતનો સનેપાતિયો બેઠો હોય દુકાને કે એય.. બરાબર આમ કર્યું.. આ કર્યું... આ કર્યું. એ તો મિથ્યા મોટા મહાભ્રમને સેવે છે. અસત્યને પાપને સેવે છે, ઘૂંટે છે.

અરે..! આવો કાળ માંડ મળ્યો છે નીકળવાનો. સમજાણું? દાખલો આપ્યો નહોતો? તળાવમાં લીલ-ફૂગની જાળ. ગોદડું બાંધ્યું હોય ને ગોદડું નહિ? તળાવ ઉપર લીલ-ફૂગની. વેંત વેંતની લીલ-ફૂગ હોં! નીચે કાચબા વર્ષોના વર્ષો .. રહેતા હોય. હવે ઉપર આકાશ છે કે નહિ કે ચંદ્ર છે કે નહિ કોઈ દિ' જોયું નથી. જિંદગીમાં કોઈ દિ' નહિ. એમાં કોઈ વખતે ઓલું દળ હોય એમાં પવન આવ્યો બહુ. ફાટ્યા દળ. ઉપર લીલ-ફૂગ હોય ને? લીલ સમજાય છે? કાઈ. તળાવમાં આટલી આટલી. ફાટ્યું. જાડી ગોદડા જેવી થઈ જાય. એ તો ઘણા મોટા અમથા પડ્યા હોય ને પાણીમાં એમ ને એમ. કોઈ વાપરતું ન હોય. જામતો.. જામતો... જામતો... એમાંથી ફાટે કોઈ વખતે અને કાચબો અંદરમાંથી આમ ઊંચે આવી ગયો હોય તો અરે..! આ શું? આ શું? આ તો કોઈ દિ' આપણા કુટુંબના પરિવારમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઈએ ભાળ્યું નહોતું. કોઈ કહેતા પણ ન હતા કે આ શું છે? આ તો અંધારું અંધારું હતું. સમજાણું? કહેવા ગયો એના કુટુંબીઓને. ત્યાં બિડાઈ ગયું ઓલું ભેગું થઈ ગયું. એલા પણ મેં કાંઈક જોયું છે હોં! શું જોયું છે? ચાલ બતાવ. જાય તો કાંઈ ન મળે. ખોટો લાગે છે તું. ભઈ, મેં જોયું છે કાંઈક હોં! કાંઈક બીજી ચીજ છે.

એમ અજ્ઞાની અનાદિથી રખડતો, આત્માના ભાન વિના પરિભ્રમણ કરતો, એમાં ફાટ અંદર સ્વરૂપનું ભાન થઈને કાંઈક ભાન થયું, માંડ મનુષ્યપણું અનંતે કાળે મળ્યું એમાં ઓળખાણો. અરે..! આ શું? ઓહોહો..! ભૂતકાળ ગયો પરિભ્રમણ.. ક્યાં ક્યાં પરિભ્રમણમાં કયો ભવ? પરિભ્રમણનો ક્યો ભવ? આ ભવિષ્યના ભવમાં ક્યાં જઈશ? સમજાણું? એવો અંદરમાં વિચાર આવતા જે આત્માનું ભાન થયું, ઓહો..! આ આત્મા તો એકલો આનંદ અને શુદ્ધ જ છે. કો'કને કહેવા જાય તો (કહે), પણ એ ક્યાં (છે)? મેં તો ભાળ્યું નથી. તું શું પોતાની વાત કરે છે? પુણ્ય-પાપનો કર્તા નહિ અને હરખ-શોકનો વેદનાર નહિ, એવો તે આત્મા હોય? ગોદડા વળી ગયા છે ને માથે? પુણ્ય-પાપનું કરવું અને હરખ-શોકનું વેદવું એનું મિથ્યાત્વનું ગોદડું પાકું થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

બાપુ! આ તો અલૌકિક વાત છે. લોકોત્તર ધર્મ, અલૌકિક ધર્મ. જે ધર્મની દશાથી જેના અનંતા જન્મ-મરણના અંત આવે. અંત આવે એ તો નાસ્તિથી થયું, પણ જેમાં અનંતી શાંતિ, સમાધિ અને આનંદ લેતું આવે. આહાહા..! ભાઈ! ધર્મ તે કાંઈ સાધારણ ચીજ છે? ધર્મ કોને કહેવો એ દુનિયાને ખબર નથી. સમજાય છે? ભગવાન આત્મા, જેની ગુફામાં અનંત આનંદ અને શાંતિ જેના ક્ષેત્રમાં-ઘરમાં પડી છે. જેના અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એવો કોઈ શક્તિ અને ગુણ નથી. જેમાં હરખ-શોકનું વેદવું એવી કોઈ શક્તિ આત્મામાં નથી. નથી એણે પર્યાયમાં કૃત્રિમ ઊભી કરીને અનાદિથી હરખ-શોકને વેદવો અને પુણ્ય-પાપનું કરવું, એવું એણે ઊભું કર્યું છે ભ્રમજાળ, આ એનું નામ સંસાર છે. એ સંસાર પછી નિગોદમાં હો, કે મનુષ્યમાં હો, .. સંસારમાં દુઃખનું જ પરિણમન કરી રહ્યો છે. સમજાણું કાંઈ?

પણ જ્યારે જ્ઞાની થયો ત્યારે પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ છે એમ ભાન થયું છે. એ કર્મચેતના રહિત છે. ધર્મી તો પુણ્ય-પાપના વિકલ્પનું કરવું એના ગુણમાં અને એના દ્રવ્યમાં નથી. તેથી દ્રવ્ય અને ગુણનું ભાન વર્તતા હોવાથી તે પુણ્ય-પાપની રચના કરે એવું એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'કર્મચેતના રહિત હોવાને લીધે...'** કારણ આપે છે. **'પોતે અકર્તા હોવાથી,...'** કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી કર્મને કરતો નથી. એમ. એની સાથે સંધિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

(કરી છે). **'કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી,...'** જ્ઞાની કર્મને કરતો નથી. બીજી લીટીનો છેલ્લો શબ્દ. સમજાણું કાંઈ? આત્મામાં રાગનું કરવું એવું સ્વરૂપમાં જ નથી. એવા સ્વરૂપનું અંતર ભાન થતાં ધર્મી રાગને રચે એ રહિત હોવાથી, પોતે રાગનો અકર્તા હોવાથી. રાગનો પોતે પુણ્ય-પાપનો, દયા-દાનના વિકલ્પનો જ્ઞાની અકર્તા હોવાથી. કેમ કે તે કર્મચેતના રહિત છે. રાગની રચનાના ભાવથી રહિત છે. માટે અકર્તા હોવાથી જ્ઞાની કર્મને કરતો નથી. એ દયા, દાનના વિકલ્પનું કાર્ય જ્ઞાની માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? તો વળી આ મેં કામ કર્યા દુકાનના ને મેં આ કર્યા ને મેં આ રળી દીધા. ક્યાંય ભ્રમમાં રહી ગયો. કાંઈક સલવાઈ ગયો એ તો વળી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે છે? ધૂળ કરે છે. એને ભાન કે દિ' છે શું કરે છે? જ્યાં બેઠો હોય ત્યાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, સંકલ્પ-વિકલ્પ કરે છે. બીજું કરે છે શું? અને બીજું કરી શકે છે શું? અને બીજું હોઈ શકે છે શું? આ તો બધા પરદ્રવ્ય છે ફાંકા આ જડ, રાખ. આ બધું જડ.. આ બધું જડ. દુકાનના લાકડા ને દુકાનના બનાવેલા માલ, બાલ ને બધા ચોખા ને દાળ ને ભાત ને બધું કાચા વેચતા હોય એ બધું જડ છે. કહો ચા ને સાકર શું હશે? જડ હશે કે નહિ ચા ને સાકર? એ ચા અને સાકરનો એક એક પરમાણુ પોતાના અસ્તિત્વથી પરિણમી રહ્યો છે. એને બીજો કહે કે હું આને બદલાવું એ તો એનામાં નથી, એની તો વાતેય નથી અહીંયાં.

અહીં તો ધર્મીને આત્મામાં રાગનું કરવું એવી કર્મચેતના રહિત હોવાથી, અકર્તા હોવાથી ધર્મી રાગનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. પરના કામ વેપારના કરે છે એ વાત તો છે નહિ. કહો, ચંદુભાઈ! ભારે ધર્મ! રંગના વેપાર-બેપાર કોણ કરે છે ત્યારે આ? ચંદુભાઈ હુશિયાર માણસ કહેવાય. એમ માણસો વાતું કરે છે. રંગનું આમ, રંગનું આ, રંગનું આ રાખે પડિકા. રંગના શું કહેવાય મોટા? ટીપાય એવી લાકડાની. કહો, આ ભાડું-બાડુ ઉપજાવી શકે છે કે નહિ મકાનનું? ત્યાં રહે છે તો ભાડુ-બાડું આપે ને સરખા માણસો. કહે છે કે એ વાત સાચી છે નહિ. એનામાં રાગ કરે એ વાત અજ્ઞાનમાં સાચી છે.

મુમુક્ષુ :- ભાડું ઉઘરાવવું કે નહિ ત્યાં જઈને?

ઉત્તર :- કોણ ઉઘરાવે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ન આપશો, એવા પરમાણુ કોણ કરી શકે? બોલી શકે છે? એ પર્યાય જડની છે. આહાહા..! કાગળમાં પરમાણુ લખાય એ તો પરમાણુની પર્યાય છે. શું આત્મા

કરે છે એને? એ તો ક્યાંય આઘું રહી ગયું. એની તો વાત જ ક્યાં છે આ? એની સીમામાં, એની મર્યાદામાં, એના અસંખ્ય પ્રદેશમાં, એના ભાવની વર્તમાન દશામાં કરી શકે. એ સિવાય આઘો જઈને કર્મના રજકણની પર્યાયને પણ કરે અને વાણીની પણ કરે એ કાંઈ ત્રણ કાળમાં છે નહિ. અજ્ઞાનીની ભૂમિકામાં પણ એ તો છે નહિ. આ કપડું-બપડું સીવી શકતો નથી એમ કહે છે. મોહનભાઈ! કપડું સીવી શકતો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો છોકરા કરે છે એટલે પછી શું કરે? આજીવિકાનું સાધન હોય અને છોકરા કરતા હોય એટલે છોડ્યું, એમ. બીજું શું? કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે અંદરના રાગ અને વિકલ્પ જે છે તેની બુદ્ધિ છોડે અને સ્વભાવની બુદ્ધિ કરે ત્યારે રાગ છોડ્યો તેમ કહેવામાં આવે છે. પર તો છોડ્યો જાતો નથી. એ તો એનામાં પડ્યું છે. છોડવું ક્યાં ને ગ્રહવું ક્યાં? આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! તત્ત્વની વાત એવી છે. જગતને તત્ત્વદૃષ્ટિ વિના આ વાત બેસે નહિ. ગળે ઉતરતું નથી. કીધું ને સવારમાં નહિ? ગળું જડ છે. આ ક્યાં ઉતરે? એ તો જડની પર્યાય છે આ. અવાજનો ધ્વનિ ઉઠે છે એ જડની દશા છે. એ જડનો હોવાથી જડ ઉઠે છે, આત્માનો હાવોથી જડ ઉઠે છે એમ નથી. આત્મા અંદર છે માટે વાણી નીકળે છે એમ છે જ નહિ ત્રણ કાળમાં.

મુમુક્ષુ :- બોલે છે એ બીજો..

ઉત્તર :- બોલે જુદો, જાણનાર જુદો. બોલે એ જડ, જાણે એ આત્મા. બેય જુદા. બોલે એ તો ભાષા જડ છે આ તો માટી છે. બોલે એ તો વાણી છે. બોલે ઈ આત્મા નથી. આહાહા..! અરે.. ભગવાન! વાણીનો ધ્વનિ તે જડ છે.

મુમુક્ષુ :- બોલતી વખતે આત્માથી કરતો હશે.

ઉત્તર :- રાગ કરે કાં જ્ઞાન કરે. બીજું કરે શું? કાં રાગ કરે કે મેં કર્યું, કાં જ્ઞાન કરે કે હું મને જાણતા એને જાણું. બસ. સમજાણું કાંઈ? બાપુ! ધર્મની દશા તત્ત્વની વાત એવી છે. અલૌકિક! એનું ફળ પણ અલૌકિક છે ને!

'**કર્મચેતના રહિત હોવાને લીધે...**' કારણ આપે છે. '**અકર્તા હોવાથી,...**' એમ. તે જ્ઞાની રાગને કરતો નથી. ધર્મી રાગને કરવું એની યોગ્યતામાં જ નથી. રાગ કરવા માટે ધર્મી નાલાયક થયો છે. એ કાલે આવ્યું હતું. અયોગ્ય છે. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય અસંગી વસ્તુ એવી દૃષ્ટિવાન રાગને કરવાને અલાયક છે. સમજાણું? '**અને કર્મફળચેતના રહિત હોવાને લીધે...**' બીજો બોલ આવે છે-વેદન. ધર્મી કર્મફળચેતના રહિત હોવાને લીધે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે શું? કે હરખ અને શોકના જે પરિણામ છે એનું નામ કર્મફળચેતના. હરખ-શોક વિકલ્પ હરખ-શોકનો. એ કર્મફળચેતના. ફળ એ વિકારનું ફળ છે એ હરખ-શોક. એનાથી રહિત હોવાથી. ધર્મી હરખ-શોકના વેદનથી રહિત હોવાથી.

'**પોતે અવેદક (-અભોક્તા) હોવાથી,...**' એમ. ઓલામાં અકર્તા હોવાથી હતું ને? આમાં અવેદક હોવાથી. આહાહા..! અજ્ઞાની જીવ સ્વભાવને કરવાને, ભોગવવાને અલાયક છે. ત્યારે ધર્મી જીવ વિભાવ કરવાને અને ભોગવવાને અલાયક છે. જેઠાલાલભાઈ! ભારે વાતું! આવી સનાતન જૈનદર્શનની સત્ વસ્તુ, પણ એ કાને પડે નહિ, એ કે દિ' સમજે અને ક્યારે કરે? એવો ગૂંચાઈને ગયો હેરાન-હેરાન થઈ ગયો. ચોર્યાસીના અવતારમાં. એમાં વળી કાંઈક પાછું શરીર ઠીક હોય, પૈસાની પેદાશ હોય, પૈસાની મૂડી હોય, એમાં શરીર નિરોગતા હોય, કાંઈક રૂપાળું શરીર હોય, કાંઈક નિરોગ હોય, કાંઈક બુદ્ધિ હોય, જોઈ લ્યો પછી. થઈ રહ્યું ભગવાન આવીને ઊભા રહ્યા. બીજો ભગવાન જોવો છે ક્યાં?

મુમુક્ષુ :- આ બધું સુખનું વર્ણન કરો છો ને?

ઉત્તર :- એ સુખનું વર્ણન છે. ઠીક ને? એક તો શરીર જાણે રૂપાળુ હોય, એમાં વળી કાંઈક બુદ્ધિવાળો હોય. બે. એમાં વળી પેદાશવાળો હોય-ત્રણ અને એક ચોથી મૂડીવાળો હોય અને શરીર નિરોગ હોય. પછી જોવે શું? ઈ અસ્તિત્વ એનું. આહાહા..! આ મૂઢનું આ અસ્તિત્વ. એમાંથી ભગવાન જુદો આત્મા છે એને ભાળવા નવરો ક્યાં છે એ. સમજાણું કાંઈ? આહાહા..! ધૂળનું ઢીંગલું કાંઈક સુંદર હોય, વળી એ નિરોગ હોય, વળી કાંઈક બુદ્ધિનો યોગ હોય ક્ષયોપશમ વિકાસ કાંઈક થોડો. સમજાણું? માથે પેદાશ ચાલી આવતી હોય અને પેદાશ સાથે વળી મૂડીનો આંકડો પણ વધારે હોય જરી. થઈ રહ્યું. પાંચ પરમેશ્વર આવી ગયા એની પાસે.

મુમુક્ષુ :- દુઃખનો સમુદ્ર જ ભર્યો છે.

ઉત્તર :- ભર્યો છે. દુઃખનો સમુદ્ર જ છે દુઃખનો. આહાહા..! કહો, ન્યાલચંદભાઈ! કહો, તમારા છોકરાઓને જુઓને પાંચ-પાંચ લાખની પેદાશ છે મોટી. ભત્રીજાના દીકરા પાંચ-પાંચ લાખ કોટાના આવે. એ સિવાય બીજા આવે. એમાં શરીર નિરોગી હોય. એમાં રોગ હોય તો તો આ શું છે આ તે? પૈસા ઓછા હોય તો (એમ થાય), આવું? આ ગરીબાઈ આ શું છે? પછી પેદા કરવાની શક્તિ ન હોય. તોપણ એમ કહે, આવું? ધામધુમ દુકાન ચાલતી હોય, સંચા ચાલતા હોય, પેદાશ થાતી હોય, મૂડીનો વધારો થાતો હોય, નિરોગતા ટકતી હોય, બુદ્ધિ વધતી હોય ઉઘાડની, શરીર ઠીક હોય. આહાહા..! ભગવાન! ઠીક તો તું છો. તારી કળા તારામાં છે કે તારી ટકવું તારામાં છે? કે તારી પેદાશ તારામાં છે? કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તારી મૂડીનો પૂંજ તારામાં છે? સમજાણું કાંઈ? આહાહા..! આમાં ધર્મ ક્યાં સાંભરે? એ તો અમારા છોકરાઓ છે ને એના ઉપરથી મગજ આવ્યું આ. ઓલા છે ને મુંબઈવાળા. એય..! આમાં ધર્મ શું કરું? છે ને તમારે ભાઈ કેવા? હેમચંદના છોકરા ચાર. જુઓ તો રૂપાળા, જુઓ તો બુદ્ધિવાળા, જુઓ તો નિરોગી, પેદાશ મોટી અને પૈસા ઘણા. અહીં મેં કહ્યું, પણ આ ક્યાંથી આવ્યા અને ક્યાં જશો કાંઈ વિચાર છે? કાગડા-કૂતરામાંથી આવ્યા હશે ક્યાંકથી. અને આ બધા પુણ્ય ખવાઈને ક્યાં જાશો? પણ સાંભળે કોણ? હા-હો દેખાય બધું આમ. આહાહા..! શેઠાઈ! સાહેબ! પધારો, પધારો શેઠ સાહેબ! એમ કહે ઓલો. ઓલા કપડાના ઓલા હોય ને ભાત ભાતના કપડા? ટીંગાડી રાખે ને? બાયું બહુ ભેગી થાય. બાયું સાડલા માટે. ભાત ભાતની બાયું. ભાત ભાતની બાયું અને ભાત ભાતના લૂગડા. ક્યુ કપડું આ તમારે શું કરવું છે? આ મોટા ચાંદલાવાળું, નાના ચાંદલાવાળુ, આ છેડાવાળું, આ ફલાણાવાળું, આ ઢીંકણાવાળું. આહાહા..! આમાં સૂઝ કેમ પડે? હું કોણ છું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાઈ કહે છે. કે છોકરાઓ કરે એમ કહે તો? આપણે કાંઈ કરતા નથી, આપણે જાણીએ-દેખીએ છીએ. ભલે ચાલતો હોય ધંધો. એમ. આહાહા..! એમ ઠગ ચાલે? મીઠાશ વેદાતી હોય અને કાંઈ કરતો નથી એમ માને? એમ તો અહીં કહે છે કે વેદક. રાગને વેદે છે અને એમ કહે કે અમારી પર્યાયમાં કાંઈ છે નહિ અને અમે કાંઈ કરતા નથી. તો મૂઢ છે. સમજાણું કાંઈ? એક કહેતા હતા કો'ક. આ તમે કહો છો એમ દુકાને બેસીને અમે નથી કરતા એમ માનીએ તો? આ શીખ્યા. શું શીખ્યા તમે? પણ દુકાને બેસવાનો ભાવ છે એ વિકાર છે. એનો તો તું ધણી થા છો. પછી હવે એનું આ કરવું હાથમાં છે જ ક્યાં તારા?

મુમુક્ષુ :- બધું કરે પણ વેદે નહિ.

ઉત્તર :- કરે ધૂળેય ન કરે.

અહીં તો કહે છે કે રાગ કરે અને રાગને વેદે નહિ. એમ ત્રણ કાળમાં બને નહિ. પરનું તો કરતો નથી. પણ પરનું કરે એવો વિકલ્પ છે એ કરે અને એને વેદે નહિ, (એમ) ત્રણ કાળમાં બને નહિ. કર્તા અને ભોક્તા એક સમયમાં અજ્ઞાનીને સાથે ને સાથે છે. આવું છે. ત્યાં પોપાબાઈનું રાજ નથી.

જ્ઞાની '**કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની...**' તેમને વેદતો નથી. જ્ઞાની કરતો નથી, આ જ્ઞાની એને ભોગવતો નથી. '**પરંતુ...**' હવે ત્રીજી વાત. '**જ્ઞાનચેતનામય હોવાને લીધે...**' હવે અસ્તિ કહે છે. ઓલી નાસ્તિથી

વાત હતી. જ્ઞાનચેતના. હું તો જ્ઞાન સ્વરૂપ છું. મારામાં આનંદના વેદન સહિત હોં! એ અરાગી પરિણતિ અને અવેદક રાગના વેદનથી રહિત પરિણતિ, એવા આનંદ અને જ્ઞાનના મય હોવાને લીધે '**કેવળ જ્ઞાતા જ હોવાથી,...**' શાંતિ અને આનંદની પર્યાયના વેદનને કારણે કેવળ જ્ઞાતા હોવાથી. કેવળ શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- કેવળ એટલે...

ઉત્તર :- નાખ્યું હતું ને ઓલામાં કેવળ? '**स हि मुक्त एव**' એટલે પછી બધું નાખ્યું એ. '**આ જ અર્થને ફરી દૃઢ કરે છે :-**' એમ કહ્યું છે ને? માથે કીધું ઈ. તે '**શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.**' ધર્મીને જરી રાગાદિ હોય, હરખ આદિ હોય એ ધર્મીને નથી. પણ ભાષા કહેવાય છે. એને જે થાય છે એની પર્યાયની નજીકમાં, એને પોતાના જ્ઞાનમાં રહીને તેને જ્ઞાનને જાણતો, વેદતો તેને જાણે છે. એને વેદતો અને કરતો નથી. એનું નામ સર્વવિશુદ્ધ અધિકાર. સ-વિશુદ્ધતા વધતી જાય છે એનું નામ સર્વવિશુદ્ધ અધિકાર. અશુદ્ધતા ટળતી જાય છે અને અશુદ્ધતાનો સ્વામી નથી. એને અહીંયાં સર્વવિશુદ્ધ અધિકારનો સ્વામી કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૬, મંગળવાર તા. ૭-૧૧-૧૯૬૭**
**ગાથા-૩૨૦, પ્રવચન-૩૮૯**

૩૨૦ ગાથા. શિષ્ય પૂછે છે. '**હવે પૂછે છે...**' એમ છે ને? '**कुत एतत्?**' શા કારણે આત્મા કરતો-ભોગતો નથી. જ્ઞાની કહો કે આત્મા કહો. શા કારણે આત્મા રાગાદિ અને પરનો કર્તા નથી, પરનો ભોક્તા નથી. એવું એનું સ્વરૂપ શા કારણે છે? '**તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :-**'

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

નીચે હરિગીત.

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

જુઓ! વાસ્તવિક આત્મસ્વભાવ એ રાગ ને પુણ્ય-પાપ ને વ્યવહાર આદિથી રહિત છે ઈ. સમજાય છે? વાસ્તવિક ચૈતન્ય સ્વભાવ તો એકલો આનંદ અને જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ (છે). એ દૃષ્ટિથી આત્માને જોતાં એ જ્ઞાની આત્મા એટલે ધર્માત્મા, રાગ ને પુણ્યનો વિકલ્પ છે એનો એ કર્તા નથી, એનો ટાળનાર નથી, એનો ભોગવનાર નથી. તેમ ખરેખર બંધ અને મોક્ષની કર્મ અવસ્થા તેને કરતો, છોડતો નથી. અને ત્રિકાળ વસ્તુ તો બંધ-મોક્ષની પર્યાયથી રહિત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઘણી વાત છે.

ઉત્તર :- બધી ઘણી છે એમાં તો. '**बंध, मोक्खं, अकारयं, अवेदयं कम्मुदयं णिज्जरं**' એટલા બોલ છે એમાં. આ અધિકાર પૂરો થાય છે ત્યાં. જયસેનાચાર્ય કહે છે. મોક્ષ ચૂલિકા. ખરો અધિકાર ઉપર ચાલે છે. ચૂલિકા છે એ. સર્વવિશુદ્ધ. ખરો અધિકાર આ છે.

ભગવાન આત્મા વસ્તુ છે તો કહે છે. દૃષ્ટાંત આપે જુઓ હવે પહેલું. '**જેવી રીતે આ જગતમાં...**' આંખ આંખ. '**નેત્ર દૃશ્ય પદાર્થથી...**' દેખવા યોગ્ય આ પદાર્થથી '**અત્યંત ભિન્નપણાને લીધે...**' આંખ તો આ દેખાય છે એ ચીજથી અત્યંત ભિન્ન છે. '**તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...**' આંખ કોઈની ક્રિયા કરે કે કોઈને વેદે એનામાં આંખમાં સ્વભાવ નથી. '**દૃશ્ય પદાર્થને કરતું નથી...**' દેખવા યોગ્ય પદાર્થને ઊપજાવતું નથી, તેમ દેખવા યોગ્ય પદાર્થને તે ભોગવતું નથી. કોણ? આંખ. દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. એ

તો ન્યાય આપ્યો છે.

'**જો એમ ન હોય તો...**' હવે દાખલો આપે છે. આંખ જે છે, જે આ ચીજ જગતની છે દેખવા યોગ્ય એને દેખે છતાં એ વસ્તુને આંખ ઊપજાવતી નથી. વસ્તુની પર્યાયને ઊપજાવતી નથી. અને આ આંખ વસ્તુની પર્યાયને જાણતા છતાં તેને વસ્તુની પર્યાયને વેદતી નથી, અનુભવતી નથી આંખ. ન હોય તો, એમ ન હોય તો એટલે પરને જાણતા અને દેખતા, કર્તા અને ભોક્તા ન હોય તો અને કર્તા-ભોક્તા થઈ જાય તો?

'**તો અગ્નિને દેખવાથી,...**' આમ અગ્નિ થાય છે. '**સંધુક્ષણની માફક,...**' સંધૂકણ કરનાર, સંધૂકણ કરનાર અગ્નિને સળગાવે છે ને? આ છાણાનો ભૂકો નાખીને સંધૂકણ કરે છે ને? પહેલો ભૂકો સંધૂકણ કરે છે. આખું છાણું અને કઠણ (હોય) એમાં અગ્નિ ન પકડાય. એટલે એ છાણાનો જરી ભૂકો કરે, ભૂકો. આખું છાણું આમ કઠણ હોય ને તો અગ્નિને પકડી ન શકે. એટલે એનો ભૂકો કરીને મૂકે તો આમ અગ્નિ પકડે. સમજાણું કાંઈ? હિન્દીમાં કહેતા હોય ઈ ખરા. શું કહે છે તમારામાં? સંધુકણ લખ્યું ને? સંધુક્ષણ. સ્ત્રી પહેલા કરે ને? અગ્નિ ન હોય ને તો છાણું હોય ને છાણું? આમ સંધુક્ષણ સંધુકણ કરનાર અગ્નિ સળગાવનાર. એ ફૂંક મારે એ વળી જુદું. અહીં તો એ ભુક્કો કરે છે ને? એને સળગાવે છે ને? તમારી શું ભાષા છે હિન્દીમાં? ખબર નથી? એય..! પ્રેમચંદજી! ખબર નથી? હિન્દી નથી કોઈ? આ હિન્દી છે ને. તમારે શું કહે છે? એઈ..! હિન્દીમાં રહે છે ને, ધનબાદ. આ ચૂલામાં પહેલું નાખે નહિ?

મુમુક્ષુ :- હવે છાણા કોણ વાપરે છે, કોલસા જ વાપરે છે.

ઉત્તર :- એ કોલસા હોય તો એનો જરી ભૂકો કરવો (પડે). આખો કોલસો ન પકડી શકે. ચુરો કરે ચુરો થોડો. આ કોલસાના પણ છાણા થાય છે ને? જોયા હતા. હમણાં જોયા હતા. દિશાએ ગયા ત્યાં. આ શું કીધું છાણા? આ મગનભાઈ છે ને. કોલસાના છાણ કરે. ભૂકીના પડ્યા હતા. છાણા પડ્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સંધુકણ કહેવાય. એ પકડી શકે છે.

અહીં તો કહે છે કે જેમ સંધુકણ કરનારની માફક. એટલે અગ્નિને સળગાવનારો '**પોતાને અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક...**' આવી જાય. કહો, કરવાપણાની વ્યાખ્યા છે એ. આંખ આમ દેખે છે. પણ સંધુકણ કરનાર જેમ અગ્નિને સળગાવે છે એમ આંખ બળે છે એમાં? આંખ એને કરી શકે છે અગ્નિને? સંધૂકણ કરનારો કરે. આ કરે છે આંખ? આંખ તો દેખે છે કે આ થાય છે. અગ્નિ આમાં થઈ, અગ્નિ આમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ એમ જાણે છે.

'**અગ્નિનું કરવાપણું અને લોખંડના ગોળાની માફક...**' બીજો દાખલો વેદનનો. '**લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...**' જેમ અગ્નિનો અનુભવ લોખંડ-લોઢાને છે. લોઢું ઊનું થઈ જાય છે ને? તો એને વેદન છે. લોઢામાં ઊનાપણું પેસી જાય છે. એમ અગ્નિનો અનુભવ એટલે આંખ આમ દેખે કે અગ્નિ થાય છે, એને કરે તો ઓલો અગ્નિ સંધૂકણ કરે એવો અગ્નિમય થઈ જાય. એટલે કરતો નથી તેમ તેને વેદતો નથી. અગ્નિ થાય છે એમ જાણે છે. આંખમાં સ્વભાવ છે કે આ અગ્નિ થઈ એમ જાણે, પણ અગ્નિને વેદે છે ઈ? ઉષ્ણતા વેદે છે? ઉષ્ણતા વેદે તો આંખ બળી જાય. સમજાય છે કાંઈ?

'**લોખંડના ગોળાની માફક પોતાને અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય (અર્થાત્ જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...**' એમ કહે છે. ઓલો સંધુકણ જેમ સળગાવે છે ને? એમ અગ્નિને આમ આંખ કરે ત્યાં ઓલી અગ્નિ સળગવી જોઈએ. સળગાવે છે આંખ? '**નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ...**' સંધુકણ સળગાવનારો અગ્નિ સળગાવે છે ને? એમ આંખ સળગાવે અગ્નિને? એમ કહે છે. '**નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...**' સળગવી જોઈએ એ કર્તા અને '**નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...**' પણ આંખને તો કાંઈ થાતું નથી. '**પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)...**' આંખ દેખવા યોગ્ય પદાર્થને કાંઈ ઉત્પન્ન કરે કે એને વેદે એમ બનતું નથી.

'**પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે;...**' લ્યો! દાખલો છે હજી તો, હોં! એ આંખને તો દેખવામાત્રનો સ્વભાવ હોવાથી તે સર્વને કેવળ કેવળ દેખે જ છે. એવી રીતે ભગવાન જ્ઞાનસ્વરૂપ પણ '**(નેત્રની માફક) દેખનાર હોવાથી,...**' એ તો નેત્રની પેઠે દેખનાર છે. '**કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' રાગ અને કર્મ એ બેયથી ભગવાન જ્ઞાનસ્વરૂપ તદ્દન ભિન્ન છે. સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્ય આંખવાળો છે. ચૈતન્ય જ્ઞાન જેની આંખ છે. એ કર્મને અને રાગને કરે એમ એનો સ્વભાવ નથી.

'**દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...**' સમજાણું કાંઈ? ખરેખર રાગને, આ કર્મના બંધનને, કર્મના છૂટવાને કે કર્મના વેદવાને આત્મા કરતો નથી. જ્ઞાન એટલે આત્મા. સમજાય છે કાંઈ? રાગ થાય એને જાણે, જ્ઞાનમાં રહીને. દુઃખનો વિકલ્પ થાય એને જાણે જ્ઞાનમાં રહીને જ્ઞાનને વેદે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ આત્માનું આત્મજ્ઞાન એ રાગને કરે નહિ અને રાગને વેદે નહિ. તો બંધ, મોક્ષ નામ કર્મની પર્યાયને બાંધે અને કર્મની પર્યાયને છોડે એ એના વસ્તુના સ્વભાવમાં છે નહિ. કર્મ એની મેળાએ બંધાય એને આત્મા જાણે, આ છૂટ્યા એને આત્મા જાણે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેવી રીતે જ્ઞાન...**' એટલે આત્મા પણ. એમ. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનવસ્તુ તે આત્મા '**પોતે (નેત્રની માફક)...**' એ તો દેખનાર છે. '**કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' એ જડ કર્મથી અને રાગથી પણ અત્યંત ભિન્નપણાને લીધે '**નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...**' રાગ અને કર્મને કરવું એની આત્માના સ્વભાવમાં અલાયકાત, અયોગ્ય છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્ય આંખ એવી જે વસ્તુ જ્યાં અનુભવમાં અને દૃષ્ટિમાં આવી, એ ચીજ હવે... એ ચીજ કહો કે એ ચીજનો જાણનાર કહો. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્ય પરમસ્વભાવી વસ્તુ એ ચીજ અને એ ચીજનું ભાન થયું એ ભાનવાળો. એ કર્મને બાંધતો નથી, કર્મને છોડતો (નથી). એ તો દેખે છે કે કર્મ બંધાય છે, કર્મ છૂટે એનો એ દેખનાર-જાણનાર છે. સમજાણું કાંઈ? એમ રાગ થાય તેને જાણનાર છે. અને દુઃખનો વિકલ્પ થાય એને વેદનાર નથી પણ જાણનાર છે એમ કહે છે અહીં. કેમ કે વિકલ્પ ને શરીર, કર્માદિ અજીવથી તદ્દન ભિન્ન છે. કેમકે અજીવ અને આસ્રવતત્ત્વથી તદ્દન ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ?

'**અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી,...**' એ અલાયક છે. એ શક્તિ નથી એમ કહે છે એનામાં લ્યો. ઠીક! અયોગ્ય કહો, શક્તિ નથી કહો. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એ શું કરે? એ થાય તેને, ઉદય થાય, કર્મનો ઉદય આવ્યો તેને જાણે. ખરી ગયો એને જાણે. એમ કહે છે અહીં. જુઓ! બધી સમુચ્ચય વાત છે ને. પાઠમાં તો એટલા બધા શબ્દો પડ્યા છે. જુઓને! '**अकारयं तह अवेदयं चेव। जाणइ य बंधमोक्खं**' છે ને? બંધ-મોક્ષને જાણે.

મુમુક્ષુ :- આસ્રવ કરે?

ઉત્તર :- કોણ કરે? આસ્રવને આસ્રવ કરે. આત્મા જાણે. સમજાણું કાંઈ?

ખરેખર તો એની પર્યાયને પર્યાય કરે, શુદ્ધ પર્યાયને પર્યાય કરે. દ્રવ્ય શું કરે? ધ્રુવ પર્યાય છે, ચૈતન્ય વસ્તુ છે, પર્યાય કેમ આવી ગઈ? ઓલી કારણપર્યાય ત્રિકાળમાં. ધ્રુવ વસ્તુ છે અને કારણપર્યાય પણ ત્રિકાળ ધ્રુવ છે. સમજાણું કાંઈ? એ વર્તમાન પર્યાયને એ અંશને અંશી કઈ રીતે કરે? અંશી એમાં આવે છે તે કરે? સમજાય છે કાંઈ? અર્થમાં તો બહુ ઉતાર્યું જયસેનાચાર્યની ટીકામાં. આ ગાથાના અર્થમાં. સકામ, અકામ નિર્જરા. સમજ્યાને? બધું જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ઉદયને જાણે, બંધને જાણે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એ કોને ફેરવે? કોને રાખે? કોને ટાળે? એવું એના સ્વરૂપમાં ક્યાં છે? એવો ચૈતન્ય ભગવાન આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો એ આત્મા તો જ્ઞાન જ કરે છે, કહે છે. બસ. ચાહે તો વ્રતનો વિકલ્પ આવ્યો હોય તો એ જાણવાનું કામ કરે છે-ઉદયને. સમજાણું? છે ને પાઠમાં બધું? ઉદય-ઉદય. '**कम्मुदयं णिज्जरं**' કરવા કરવા વેદનની વાત કરી પણ એમાં બધું આવી જાય છે. એ આવે છે. જુઓ! એ કરણ-અકરણનો ન્યાય આપ્યો.

'**પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી કર્મના બંધને તથા મોક્ષને,...**' જુઓ! છેલ્લી લીટીમાં સમાડી દે છે. કરવા-વેદવાનો તો આંખનો દાખલો આપ્યો. સમજાય છે કાંઈ? ભાઈ! એ ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્ય શું કરે? પ્રકાશે. જ્ઞાન પ્રકાશે. એ હાથને હલાવે? કર્મને બાંધે? કર્મના રજકણ લે? કર્મના રજકણ છોડે? કહો. કેવળી પણ ભાષા બોલવી હોય તો પહેલા શબ્દો ગ્રહે અને પછી છોડે. એમ કેટલાક કહે છે લ્યો! લે છે અહીં બધાય. કહો, સમજાણું કાંઈ? કોને ગ્રહે? કોને છોડે? એ તો ચૈતન્યનેત્રસ્વરૂપ ભગવાન આત્મા. એ કેવળજ્ઞાની પરમાત્મા પણ કોઈને ગ્રહે અને છોડે છે નહિ. આખા લોકાલોકને થતી દશાને જાણે અને દેખે, અનુભવે પોતાના ભાવને. સમજાય છે કાંઈ? કેવળી વાણીને કરે કે નહિ? એની મેળાએ નીકળી જતી હશે વાણી? એ તો અહીં સમ્યગ્દર્શનમાં પણ વાણી કરતો નથી. જડ છે વાણી. આ ક્યાં એની ક્રિયા છે? એની ક્રિયા તો બહુ તો શુદ્ધ પરિણમન થવું તે એની ક્રિયા છે. વસ્તુ તો નિષ્ક્રિય છે. સમજાય છે? વસ્તુ તો નિષ્ક્રિય છે. નિષ્ક્રિય નામ પરિણમનની પર્યાય પણ વસ્તુમાં નથી. છે ને એમાં? લખ્યું છે. એમાં જ લખ્યું છે. શેમાં લખ્યું? બંધ-મોક્ષનો ઓલો દાખલો આપ્યો છે, પરમાત્મપ્રકાશ. '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**'

એકદમ દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા, એ બંધાતો નથી, મૂકાતો નથી, ઉદય એમાં આવતો નથી, નિર્જરા એ કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો નિષ્ક્રિય કહો કે અપરિણામી કહો. પર્યાયનું પરિણમવું એ અવસ્થામાં છે. વસ્તુ છે એ તો ધ્રુવ છે, એ તો અક્રિય છે. અક્રિય એટલે પર્યાયનું પરિણમવું એનામાં નથી. કેવળજ્ઞાનની પર્યાયનું થવું પણ ધ્રુવમાં નથી. ઓલું તો પરિણમન થયું. પર્યાય થાય છે. અક્રિય છે. અક્રિય એટલે અહીં રાગની અપેક્ષા લેવી નથી. પરિણમન પર્યાય તે સક્રિય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ ભાઈ! લોકોને હાથ આવું તત્ત્વ, મળતું નથી એનું મંથન ક્યારે કરે? અને એ શું કરે? અંદર વસ્તુ શું છે? વસ્તુ તો વસ્તુપણે આમ પડી છે આખી એમ ને એમ. એય..! દેવાનુપ્રિયા! શું બરાબર છે? બધા વાંધા ઉઠશે ત્યાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અરે..! ભગવાન! તારામાં કાંઈ માલ છે કે નહિ? એક સમયની અવસ્થા છે પરિણમન. પર્યાયનું પરિણમવું એ તો એક સમયની દશાનો અંશ છે. બંધનો રાગની રાગ અવસ્થા એક સમયની, અરાગ અવસ્થા કેવળજ્ઞાન એક સમયની અવસ્થા. કેવળજ્ઞાન સિદ્ધદશા પણ એક સમયની અવસ્થા છે. શું? રતિભાઈને કહું છું. સિદ્ધદશા એક સમયની તો બીજે સમયે શું સંસારી થઈ જતા હશે? સિદ્ધદશા છે એ આત્મા ઉપર એક સમયની દશા છે એમ કહે છે. શું પકડવું આમાં?

સિદ્ધ છે એ વર્તમાન અનંત જ્ઞાનાદિ પર્યાયનું સ્વરૂપ છે એ તો. સિદ્ધ છે એ એક સમયની પર્યાયનું સ્વરૂપ છે. એ કાંઈ ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ નથી. મૂળ તત્ત્વ જ આખી વસ્તુ છે કે એક સમયની પર્યાયનું પરિણમન છે એ તો વ્યવહાર અને ઉપચાર થઈ ગયો. વસ્તુ છે ત્રિકાળ એકરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ. એ ધ્રુવ પોતે રાગને કરે અને રાગને વેદે, સંસાર ઉદયને કરે અને ઉદયને ટાળે, બંધને કરે અને મોક્ષને કરે એ ધ્રુવ સ્વરૂપમાં છે નહિ. ભારે વાતું આકરી. સમજાણું કાંઈ?

કહે છે, આવો જ્ઞાનમાત્ર સ્વભાવવાળો હોવાને લીધે કર્મના બંધને. અહીં કર્મનો બંધ લીધો છે. કર્મનો સંબંધ થવો એને કે કર્મનું છૂટવું એને આત્મા કરતો નથી. જ્ઞાની કરતો નથી એટલે કે આત્મા કરતો નથી. એ બંધ થાય એને જ્ઞાનસ્વરૂપ નેત્ર જાણે છે કે આમ છે. બસ. એનું જ્ઞાન એનામાં છે. બંધ એનામાં નથી. મોક્ષ-કર્મ છૂટ્યા એનું જ્ઞાન છે. છૂટ્યાની ક્રિયા આત્મા કરતો નથી. જ્ઞાન છે એ પર્યાય છે પાછી. પણ એ પર્યાયમાં એ રાગનું થવું અને ટળવું (થાય છે) એનું જાણવું છે. એ પણ એક સમયની પર્યાયમાં છે. સમજાય છે? જુઓને.

મુમુક્ષુ :- એક સમયની પર્યાય તો ધ્રુવમાં છે નહિ.

ઉત્તર :- ધ્રુવમાં નથી. એ તો મોટો વાંધો ઉઠ્યો છે આખો.

એક સમયની પર્યાયનું પરિણમન છે તો એક સમય પૂરતું જ છે. વસ્તુ જે ધ્રુવ છે એ તો એક સમયની પર્યાય વિનાની ત્રિકાળ વસ્તુ છે. આ ઓલા વેદાંતે પર્યાયનું પરિણમન કાઢી નાખ્યું કે પરિણમન નથી, પરિણમન નથી, કૂટસ્થ છે. એમ નથી. પણ વસ્તુ કૂટસ્થ છે. વસ્તુ છે એ તો એકરૂપ પડી છે આમ સદૃશ્ય સ્વભાવ. સદૃશ્ય નામ હલવું કે પરિણમવું કે બદલવું એમાં કાંઈ છે નહિ. એવો આત્મા એની વર્તમાન દશામાં પર્યાય છે એ તો એક સમયની અવસ્થા છે. આ બધો અભ્યાસ કરે તો સમજાય એવું છે. એમ ને એમ સમજાય એવું નથી. ગાયન તો જોડી દેવાય એમ ને એમ ફટ દઈને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બસ એમ. આ સમજવાની આ વાત છે. આહાહા..! અહીં તો છ બોલ મૂક્યા.

ભગવાન આત્મા વસ્તુ તરીકે આમ શુદ્ધ પ્રભુ એ રાગને અને કર્મને કરે નહિ અને રાગને અને કર્મને વેદે નહિ. આ રાગનો ઉદય આવ્યો એ ઉદયમાં આવે નહિ એટલે ઉદય કરે નહિ. ઉદયમાં આવે નહિ એટલે ઉદય કરે નહિ અને ઉદય ટળે એને કરે નહિ એમાં આવે નહિ, એ જાણનાર ભિન્ન રહે છે. સમજાણું કાંઈ? એમ બંધ-મોક્ષને કરતો નથી. આ કર્મ બાંધે એ આત્મા નહિ એમ કહે છે. આત્મા બાંધતો જ નથી. એ કર્મની પર્યાયનું પરિણમન થયું એને જ્ઞાન જાણે છે કે આમ છે. એની હયાતીમાં તો તે સંબંધીનું જ્ઞાન છે. અને કર્મ છૂટ્યા એમ જાણ્યું એ સંબંધીનું જ્ઞાન એનામાં પર્યાયમાં છે. એટલું જ બસ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગોમ્મટસાર ક્યાં ગયું?

ઉત્તર :- ગોમ્મટસાર રહી ગયું. જ્ઞાનનો વિષય. ... કીધું હતું, કહ્યું હતું તમે, નહિ? જ્ઞાનાવરણીય કર્મ, ઘાતિકર્મ. બધી ભાષા, ભાઈ! શાંતિભાઈને બહુ ચાલે. સામે બરાબર જોઈએ સામે. આ કહે કરોતિ ક્રિયા. એ એમ કહે કરોતિ ક્રિયા કરો છો, ઓલો કહે હું જ્ઞપ્તિક્રિયા કરું છું. કરોતિ ક્રિયા પણ કરી શકતો નથી આત્મા. અને જ્ઞપ્તિ ક્રિયા એટલે શું? હું ક્રિયા કરું, આ કરું એવું વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

વસ્તુ આ ચૈતન્ય ધ્રુવના સ્તંભે જ્યાં પડ્યો, બસ છે. છે એ પર્યાય, એ ધ્રુવને પકડે છે એ. સમજાણું કાંઈ? પણ એ ખરેખર આખો ધ્રુવ કાંઈ એક સમયની પર્યાયમાં આવી જતો નથી. સમય સમયની અવસ્થાનું પરિણમન સ્વતંત્ર થાય છે. સ્વતંત્ર તે સમયની તે પર્યાયની તે યોગ્યતાથી તે થાય છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા શાંતિ... શાંતિ... શાંતિ...નું એકરૂપ જેનું. એમાં આ અંશ છે-વર્તમાન દશા એ જેમાં નથી. તો વળી રાગ અને કર્મને બાંધે ને ભોગવે એ તો સ્વરૂપમાં છે નહિ. એવો ચૈતન્ય ભગવાન જેના સ્વભાવમાં બેહદતા, અપરિમિતતા પડી છે એને પકડવો. એ સવારમાં બાકી રહી ગયું હતું. ભૂતાર્થ પરિગ્રહેણ. તે સ્વરૂપમાં દૃષ્ટિ આપતાં એ દૃષ્ટિ પર્યાયમાં પરિણમી ગઈ. જે આમ પરિણતિ હતી મિથ્યાત્વરૂપે, ભ્રમરૂપે એ આ વસ્તુપણે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એમ અનુભવ થતાં શ્રદ્ધા સમ્યક્‌પણે પરિણમી ગઈ. એવો જે આત્મા તે કોઈને કરે-ભોગવે એવું છે જ નહિ એમાં. એ બહાર નીકળતો નથી કહે છે. ધ્રુવ સ્વરૂપ તો પર્યાયમાં આવતો નથી તો વળી રાગને ટાળવામાં અને બાંધવામાં ક્યાંથી આવ્યો? એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વરૂપ મંથન...

ઉત્તર :- એ તો પર્યાય થઈ. સમજાણું કાંઈ? મંથન વળી આ સ્વરૂપ છે અને હું મંથન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરું એ પણ વિકલ્પ છે પાછો. આ તો અંદરની એકાગ્રતા થાય એ પણ એક પર્યાય છે. ધ્રુવ એકલી એક સમયની પર્યાયમાં આવી જતું નથી. એવો ધ્રુવ ભગવાન આત્મા જ્યાં પરિગ્રહ એટલે એને પકડ્યો, પરિ નામ સમસ્ત પ્રકારે 'આ આત્મા' એમ અનુભવ થયો, ખલાસ! તે જાણવાની ક્રિયા સિવાય એનામાં બીજી ક્રિયા નથી. એ પણ જાણવાની ક્રિયા સ્વતંત્ર પરિણમી રહી છે. કહો, સમજાણું કાંઈ? છ બોલ મૂક્યા છે, છ.

ભગવાન આત્મા નથી રાગને કરતો-વેદતો. નથી બંધને કરતો-છોડતો. બંધને કરતો નથી તેમ બંધને છોડતો નથી એટલે મોક્ષ કરતો નથી. નમો અરિહંતાણંથી વાંધા. એય..! નમો અરિહંતાણં, જેણે આઠ કર્મના વેરીને જીત્યા તે અરિહંત. એય..! કપુરચંદભાઈ! અહીં કહે છે કે આત્મા આઠ કર્મના વેરીને ટાળતો નથી એવો આત્મા છે. કહો, જેઠાલાલભાઈ! નમો અરિહંતાણં. પહેલે પદે વાંધા. કર્મરૂપી વેરીને હણનાર એવા અરિહંત ભગવાનને નમસ્કાર હો. નમો નમસ્કાર. કર્મરૂપી વેરીને હણનાર એવા ભગવાનને (નમસ્કાર). અહીં કહે છે કે કર્મરૂપી વેરીને આત્મા હણતો જ નથી અને આત્માએ કર્મને બાંધ્યા જ નથી. સમજ્યા?

મુમુક્ષુ :- બેય કથન સાચા છે.

ઉત્તર :- એમ છે. ક્યા બેય કથન સાચા? બાંધ્યા એ સાચા અને છોડ્યા એ સાચા એમ ને? એ વ્યવહારે વ્યવહાર કહેવામાં આવે છે. પરમાર્થે વાત સાચી નથી. બેય વાત સાચી છે. નિશ્ચય અને વ્યવહાર.

કર્મના બંધને ભગવાન આત્મા ખરેખર તો ભાવબંધમાં અટક્યો એ વસ્તુનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! આત્માની કઈ ચીજ! ક્યાં અટકીને બેઠો? હજી તો અહીં પરનું કરવું, પરનું ન કરે તો એ જૈન દિગંબર નહિ. આવી સ્થિતિ ભગવાન ઊભી કરી. ઊભી કરી માનીને, હોં! છે નહિ એનામાં. સમજાણું?

**'બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.'** એને આત્મા કહીએ. એકલો ચિદ્‌ઘન જ્ઞાનસ્વરૂપ એમ ભાન થયું એ ઉદયને, નિર્જરાને અને નિર્જરાના ભેદ પાડ્યા બધા પછી અંદર. '**જાણે જ છે.**' એનું નામ આત્મા કહીએ. બાકી કરવા-ભોગવવાની વૃત્તિમાં જાય તે આત્મા છે નહિ. આહાહા..! આવા આત્માનો અનુભવ કરવો એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કોની પાસે મોટપ લેવી છે? કોને એ બતાવવું છે કે હું કાંઈક કરું છું. હું કાંઈક અંદર ધર્મ કરું છું એ બતાવવું છે કોઈને?

આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ એની વર્તમાન પુણ્ય-પાપના વિકલ્પથી દૃષ્ટિ હટાવી અને એક સમયની અવસ્થાની દૃષ્ટિ હટાવી વસ્તુના સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપી, જે થયું એ થઈ ગયું. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. એ જાણવાનું કામ કરે છે. પછી કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કે પણ આ વ્રત કરે છે કે નહિ? વ્રત પાળે છે કે નહિ? વ્રત કરે ને વ્રત પાળે કે નહિ? વ્રતનો વિકલ્પ આવે એને જાણે છે. એ વ્રતનો વિકલ્પ કરતો નથી. વ્યવહારનયના શાસ્ત્રમાં એવું (આવે), વ્રત પાળે, વ્રત કરે, અતિચાર રહિત પાળે, અતિચાર થાય તો ટાળે. પ્રાયશ્ચિત લે. વ્યવહારનું તો ભારે લાંબુ ભાઈ! કહો, જેઠાલાલભાઈ! આવે છે કે નહિ શાસ્ત્રમાં? પ્રાયશ્ચિત લે, વિશેષ એની ભૂમિકાથી કાંઈક વધારે રાગાદિ થયો હોય તો (પ્રાયશ્ચિત્ લે કે) આ નહિ. એ પર્યાયમાં થાવું હોય એ થાવ એનો પણ આત્મા જાણનાર છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ...**' જુઓ ભાષા સરખી થોડી. '**દૂરથી જાણવાનો છે;...**' જુઓ! એટલો ભેદ પાડીને વાત કર. સંધુકણ થાય તે આંખને અડીને થાતું હશે એમાં? આંખ અડે તો થાતું હશે એમાં? એ તો દૂરથી જાણે છે કે આ અગ્નિ થાય છે. ઉત્પાદની અપેક્ષાએ વાત કરે છે. સમજાય છે? '**જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી.**' ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એને રાગાદિ અને પરનું કરવું આદિ છે નહિ. આને શું કહેતા હશે? પણ આમાં મારું લક્ષ એવો ... શુદ્ધ ઉપાદાન એવો શબ્દ પડ્યો છે ને એટલે આમ લગાવી દે. દૂત હતું એ દૂત ઓલામાં છે- સમયસાર નાટકમાં. ઓલું સવારમાં નહોતું આવતું? દિશાએ જંગલ ગયા ત્યારે વિચાર આવી ગયો. એ દૂત છે ઓલામાં. આ છે તે શું કીધું? '**शुद्धज्ञानमप्यभेदेन शुद्धज्ञानपरिणतजीवो वा स्वयं शुद्धोपादानरूपेण न करोति**' શુદ્ધ ઉપાદાનરૂપે ન કરે પણ આમ કરે પાછો. એમ કહે પેલા. એમાં જ કહ્યું છે. (જયસેનાચાર્યદેવ ટીકા). '**शुद्धोपादानरूपेण न करोति न च वेदयति।**' આમ શબ્દ પડ્યો છે. પછી પણ છે. '**सर्वविशुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन कर्तृत्वभोक्तृत्वबंधमोक्षादिकारणपरिणामशून्यो**'. અહીં તો '**बंधमोक्षादिकारणपरिणामशून्यो जीव इति सूचितम्**' બંધના પરિણામ અને મોક્ષના માર્ગના અને મોક્ષના પરિણામથી શૂન્ય ચીજ છે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વેદન કીધું ને? એ જાણપણાનું વેદન છે પર્યાયમાં. પણ વેદનની પર્યાયથી વસ્તુરહિત (છે), વસ્તુ વેદનની પર્યાયથી રહિત છે. ..ભાઈ! બાપુ! આ તો અલૌકિક વાતું છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંત આનંદને ભોગવે એમ કહેવું એ તો પર્યાય છે. કહો, અનંત ચતુષ્ટય પ્રગટ્યા એ તો પર્યાય એક સમયની છે. વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે. એક સમયની પર્યાયમાં કાંઈ ધ્રુવ આવતો નથી. એક સમયમાં જો આવી જાય તો પછી બીજે સમયે અનુભવ કોનો કરવો? સમજાણું કાંઈ? શુદ્ધ ઉપાદાન બે ઠેકાણે આવ્યું. આવે ને. પણ અહીં તો '**मोक्षादिकारणपरिणामशून्यो जीव**' ત્યાં સુધી લીધું. કેવળજ્ઞાનના પરિણામ એનાથી શૂન્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્ય છે. મોક્ષમાર્ગના પરિણામ એનાથી શૂન્ય દ્રવ્ય છે. રાગાદિ ઉદયભાવથી આત્મા શૂન્ય છે. પોતાના સ્વભાવથી ભરેલો પૂરો છે. કહો, અહીં તો બધી વાત લેવી છે ને એક સાથે? '**कम्मुदयं**' જુઓ એમાં. સવિપાક, અવિપાક. સકામ, અકામ. સમજ્યાને? ચાર. ચાર નથી. કેવલ જાનાતિ. બધું આવે છે, ત્યાં વધારે નાખ્યું. પછી શુદ્ધાત્મા...

બંધ-મોક્ષ તો એ પરિણામમાં છે, પર્યાયમાં છે. વસ્તુ છે એ તો ધ્રુવ-ધ્રુવ પિંડલો એકલો છે. ચૈતન્યદળ. આરે..! આ સમજવું માણસને ભારે. હજી હાથ આવે નહિ પરિણામ એને ઠેકાણે પરિણામી ઓળખાવો. પરિણામ હાથ ક્યાં આવે છે? પરિણામ એટલે પણ આ જો ત્યારે ને કે આ અંદર પર્યાય થાય છે એ પરિણામ છે. અને એ સમયની પરિણામની પાછળ રહેલું આખું ત્રિકાળ તે ધ્રુવ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે, '**જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી.**' એટલે જ્ઞાનને નથી. '**કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે.**' કહો, વિકલ્પને કરે અને વિકલ્પને ભોગવે એ માન્યતા જ અજ્ઞાન છે. ચૈતન્ય શુદ્ધ ભગવાન આત્મા પ્રકાશનું નૂર-પૂર આખું. એવો આત્મા એને રાગને કરે અને રાગને વેદે એ માન્યતા અજ્ઞાન છે. ભગવાન આત્મા બહુ કરે તો આનંદને વેદે અને આનંદને કરે. એ પણ પર્યાયની અપેક્ષાએ.

'**અહીં કોઈ પૂછે કે-એવું તો કેવળજ્ઞાન છે.**' તમે તો મોટી વાત કરી, પણ પહેલા શું સમજવું? એ તો કેવળજ્ઞાનમાં પછી કાંઈ કરવું, વેદવું, ભોગવવું નથી. '**બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે,...**' શિષ્યનો પ્રશ્ન છે. '**બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણામ...**' હરખ-શોક અને વેદન કર્તા. એમ. બેયના પરિણમન થાય છે. આત્મામાં કલ્પના સુખની અને કલ્પના દુઃખની અને રાગ અને દ્વેષ વિકલ્પોનું પરિણમન થાય છે પર્યાયમાં.

'**તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે...**' ઓલા મોહની અપેક્ષાએ વાત કરી. પહેલી મોહની અપેક્ષાએ વાત કરી. પછી ત્રણ લીધા. દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મ છે ત્રણ. એના ઉદયથી જ્યાં સુધી અદર્શન. આત્મામાં દર્શન પૂરું નથી '**ત્યાં સુધી અદર્શન,...**' થાય છે. આત્મામાં '**અજ્ઞાન...**' પણ થાય છે. અને વીર્યમાં '**અસમર્થપણું હોય જ છે;...**' ઓલા ત્રણના નિમિત્તે. મોહના નિમિત્તમાં રાગ-દ્વેષ સુખ-દુઃખ થાય છે અને આ ત્રણના નિમિત્તે અદર્શન, અજ્ઞાન અને અસમર્થપણું થાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતાદષ્ટાપણું કેમ કહેવાય?'** સમજાણું કાંઈ? કેવળજ્ઞાન થયા પહેલા આત્મા બસ જાણે-દેખે... જાણે-દેખે... જાણે-દેખે... એમ કેમ કહેવાય? **'તેનું સમાધાન :- પહેલેથી કહેતા જ આવીએ છીએ...'** નયમાં એમ કહ્યું હતું. વ્યવહારને તો (છોડવાનું) પહેલેથી કહેતા આવ્યા છીએ. અહીં તો નિશ્ચયનો પક્ષ છોડાવે છે, ત્યાં એમ કહ્યું. **'પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો...'** જુઓ! જ્યાં મિથ્યાદષ્ટિપણું પર્યાયબુદ્ધિ હતી એ દ્રવ્યબુદ્ધિ થઈ. અંશબુદ્ધિ હતી, રાગબુદ્ધિ હતી, નિમિત્ત બુદ્ધિ હતી, બહિર્બુદ્ધિ હતી, બહિરાત્મબુદ્ધિ હતી. અંતર્બુદ્ધિ ત્રિકાળ જ્ઞાયક આત્માની બુદ્ધિ નહોતી. સમજ્યાને? **'મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો...'** જ્યાં મિથ્યાદષ્ટિનો અભાવ થયો... **'ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો...'** પછી રાગાદિ અસ્થિર થઈ જાય એનો એ સ્વામી નથી એટલે સ્વપણે મેળવતો નથી. એમ. એમ. રાગાદિ થાય અને સુખ-દુઃખની કલ્પના થાય એ સ્વભાવથી ભિન્ન રાખે છે. એ સ્વભાવથી દૂર રાખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો...'** સ્વામીપણું એટલે સ્વમાં એને મેળવતો નથી. શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ એમાં રાગને અને વિકલ્પને મેળવતો નથી, મેળવતો નથી. એ અદ્ધરથી-ઉપરથી કામ બધું ચાલે છે. અંદર સ્વભાવમાં એનો મેળ કરતો નથી. ધર્મી એના સ્વભાવ સાથે મેળવતો નથી. મેળવતો નથી એટલે એકપણું કરતો નથી. દૂરપણે રહીને તેને જાણે છે. આહાહા..! જુઓ! આ તો જ્ઞાતા-દષ્ટા અહીં ચોથે ઠરાવે છે. કેટલા ગુણસ્થાનની વાત ચાલે છે આ? આહાહા..!

મિથ્યા ચોખ્ખું અહીં તો લખે છે. ઓલા કહે, આર્ષ વાક્ય નથી, ફલાણું નથી, એમ કરીને (લખે છે). સાંભળને હવે. મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાન (અર્થાત્) ભગવાન આત્મા પૂર્ણ ચિદાનંદની મૂર્તિ (છે) એવી દષ્ટિ નહોતી અને એક અંશ ઉપર દષ્ટિ હતી અને રાગ ઉપર દષ્ટિ હતી એ મિથ્યાદષ્ટિ હતો. એ અંશ દષ્ટિ ટાળીને સ્વભાવદષ્ટિ થઈ, શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છું એમ ભાન થયું **'ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો...'** પછી તો વિકલ્પ જે પંચ મહાવ્રતનો આવે સમકિતીને એનો પણ એને સ્વામીપણાનો અભાવ છે કે મારી ચીજ છે નહિ. કહો, સમજાણું આમાં? ઓલા (કહે), પંચ મહાવ્રત પાળે એ મુનિ, પંચ મહાવ્રત.. હવે તને ખબર નથી પંચ મહાવ્રત કોને કહેવા. એ તો વિકલ્પ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, આમ કરે એ તો રાગ છે. અવ્રતના પરિણામ છે એ તીવ્ર રાગ છે, વ્રતના પરિણામ છે એ મંદ રાગ છે. બેયને આત્મા કરતો નથી. સમજાણું કાંઈ? આત્મા એને કરે તો આત્મા

એમાં તન્મય થઈ જાય. એ રાગાદિ સાથે આત્મા તન્મય છે જ નહિ. તન્મય માન્યું હતું એ છૂટ્યું એટલે હવે તન્મય થતો નથી. એમ કહે છે. પરદ્રવ્યનો સ્વામી નથી એટલે પરદ્રવ્યમાં તન્મય થતો નથી. આહાહા..!

વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ પોતે છે એ જ્યાં દૃષ્ટિમાં આવી, કહે છે કે હવેના જે વિકલ્પ આદિ થયા એને સ્વભાવ સાથે મેળવતો નથી. માટે સ્વામી થતો નથી. તેથી '**જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી,...**' અંતરના આત્માના અંતર આનંદના પરિણમનની અપેક્ષાએ સ્વતંત્રપણે રાગને કરું એવી એને રુચિ હોતી નથી. સમજાણું? કોઈનો કર્તા-ભોક્તા થતો નથી. આ રાગ કરવા લાયક છે, વિકલ્પ કરવા લાયક છે, ભોગવવા લાયક એવું જ્ઞાનીને હોતું નથી. આહાહા..! ભારે આ તો. કહે, ઊંચા ગુણસ્થાનની વાત છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહેશે ને. એનો ખુલાસો કરશે. સમજાણું કાંઈ?

શાસ્ત્રના ટૂંકા શબ્દો હોય છે ને. '**ववहारोऽभूदत्थो**' હવે શું ... ભગવાન આત્મામાં થતી એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે, લ્યો. એમ કીધું હવે સ્પષ્ટતા તો ઘણી છે એમાં. સમજાણું કાંઈ? અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' લ્યો! એક જ ૧૧મી ગાથા લ્યો. ભૂતાર્થ, ત્રિકાળ એકરૂપ સ્વરૂપ છે તેને શુદ્ધનય કહીએ. તેને શુદ્ધનય કહીએ. એને આત્મા કહીએ. આહાહા..! પર્યાયને આત્મા ન કહીએ એમ કહે છે ત્યાં. લ્યો. એય..! આવ્યું કે નહિ એમાં ભાઈ? એક જ ગાથા અગિયારમી. ઓહોહો..! શાસનનો સ્તંભ. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' પછી આવે છે '**भूदत्थमस्सिदो खलु**' કે જે પર્યાયે ભૂતાર્થનો આશ્રય કર્યો તે સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

ત્રિકાળ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એકરૂપ સ્વરૂપ છે એને જ અહીં શુદ્ધનય કહે છે અથવા તેને જ સાચું સ્વરૂપ આત્માનું કહે છે. એક સમયની પર્યાય એ સાચું સ્વરૂપ આત્માનું નથી એમ કહે છે, લ્યો! એ તો એક સમયની અવસ્થા છે, એ વ્યવહારનયની અપેક્ષાએ બરાબર છે. સમજાણું કાંઈ? પણ નિશ્ચયની દૃષ્ટિએ તો ભગવાન આત્મા એકલો રાગ અને કર્મ ને પર્યાય વિનાની ચીજ છે તેને જ ભૂતાર્થ કહેવામાં આવ્યો છે. એને કથંચિત્ લગાવી દીધું. કથંચિત્ અભૂતાર્થ. ભાઈ! કઈ અપેક્ષાએ? સાંભળને હવે. અભૂતાર્થ જ છે વ્યવહાર. કેમ કે ત્રિકાળ વસ્તુને એ વ્યવહારનય પોતે જાણતી નથી. એકરૂપ વસ્તુ ત્રિકાળ છે તે જ નિશ્ચય છે, તે શુદ્ધનય છે, તે ભૂતાર્થ છે, તે વાસ્તવિક તત્ત્વનું મૂળ અસલ સ્વરૂપ છે. જેઠાલાલભાઈ! જૈનમાં જન્મ્યા એને જૈન શું કહે છે એની ખબર નથી. આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો મૂળ વસ્તુ છે. આ ક્યાં ભગવાને કરેલી છે કાંઈ? છે એવી કહી છે. આમ છે.

કહે છે, '**સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા જ્ઞાની થતો નથી.**' ત્યાં આવ્યું છે ને માથે હેઠે? ધર્મી જીવ આત્માના ભાનવાળો છે એને સ્વતંત્રપણે એટલે આ રાગ કરવા જેવો છે, કરવા જેવો છે, રાગ ભોગવવા જેવો છે એવું તો સ્વતંત્રપણે ધર્મીને હોતું નથી. છે? ક્યાં આવ્યું? રતિભાઈ! એ બધું ત્યાં બેઠા કાંઈ નહિ સમજાય, મિયાગામમાં. કલાક, બે કલાક નવરાશ લઈને વાંચે. પણ શું પોતાની કલ્પનાએ કરે અર્થ.

મુમુક્ષુ :- કલાક, અડધો પોણો કલાક.

ઉત્તર :- પછી કેટલા બેસો? પછી શું કરો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અડધો, પોણો કલાક પછી તરત જ તે? અડધો, પોણો કલાક જ તે? પછી કો'ક કહેતા હતા ને કે બહુ નિવૃત્તિ લે છે ને બેસે છે. કલાક, કલાક, બબ્બે કલાક મંદિરમાં બેસે. વળી એમ કહેતા હતા. પાલેજ જાય ત્યારે. કહેતા હતા ભાઈ. કહો, ચોવીસ કલાકમાં અડધો કલાક તે થોથા જેવો પાછો. સાડી ત્રેવીસ કલાક ઓલામાં (પાપમાં). બેની લડાઈ થાય તો જીતી જાય ઓલી ત્રીવીસ કલાક મોટી છે ખરી ને? આહાહા..! સમજાણું? અહીં તો ચોવીસે કલાક લગની લાગવાની વાત છે. આહાહા..!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ પ્રભુ, એની દૃષ્ટિ ચોવીસ કલાક લગાડવી એ વાત છે. ક્યાંય એનો વિરહ પડવો જોઈએ નહિ. એ કહે છે, જુઓને! કે પોતાના સ્વતંત્રપણે તો કોઈ કાળે એ રાગને કરું એમ છે નહિ. સ્વતંત્રપણે તો વ્યવહાર કરવા યોગ્ય છે અને કરવો છે વ્યવહાર ઈ છે જ નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? પણ અમારે આ બધું આ બાયડી-છોકરાનું કરવું, રળવું-ખાવું કે આ કરવું? કરવું શું અમારે? એય..! મોહનભાઈ! ક્યાં ગયા મહેન્દ્રભાઈ? શું કરવું હવે અમારે? રળવું કે આ કરવું? લ્યો! આ કહે તમે આ કરો.. આ કરો. પણ હવે અમારે બાયડી-છોકરાને નાખવા ક્યાં? પણ બાયડી-છોકરાનું તું કરી શકતો જ નથી એ વાત છે અહીં તો. એ તો પરવસ્તુ સ્વતંત્ર છે. અને એને માટે તું રાગ કર એ રાગ પણ સ્વતંત્ર તું તારે કારણે કરે છે. કાંઈ બાયડી-છોકરા માટે કરે છે? સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ છોકરા પડ્યા પાને શું કરવું? થોડું કરવું પડે કે નહિ? એય.. મલૂકચંદભાઈ! મૂઢ છે. પાને કે દિ' પડ્યા હતા? પાને પડ્યા હતા? તને પૂછ્યા વિના ચાલ્યા જાશે. પૂછ્યા વિના ચાલ્યા જાય છે મરીને. હવે હું જાવ છું એમ પૂછવા આવે છે?

મુમુક્ષુ :- એનેય જાવું નથી હોતું પણ શું થાય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ન જાવું હોય તો પણ એના ક્ષેત્રાંતરનો પર્યાય છે. એ તો ધ્રુવ તો ધ્રુવ છે, પણ પર્યાય ક્ષેત્રાંતર થવાનો હોય એ ક્યાં જાય? સમજાય છે? ધ્રુવ તો ક્યાંય જાતો નથી એમ આવતો નથી. જ્યાં છે ત્યાં છે અનાદિઅનંત. પણ ઓલી પર્યાયમાં જેવી યોગ્યતા હોય એ પ્રમાણે જાય આવે. ત્યાં એને જાવું ન હોય તો. જાવું ન હોય એટલે શું પણ એની વ્યાખ્યા?

મુમુક્ષુ :- કોઈને મરવાની ઈચ્છા હોય?

ઉત્તર :- મરવાની એટલે શું પણ? મરે છે કે દિ'? આત્મા મરે કે દિ'? અવસ્થા બદલે આની અને આ બીજી થાય એને લોકો કહે આ મર્યો અને જીવ્યો. એ તો પર્યાય-અવસ્થાની વાત છે. વસ્તુ અવિનાશી તત્ત્વ છે એ જન્મે ક્યાં અને મરે ક્યાં? આહાહા..!

કહે છે કે સ્વતંત્રપણે તો કોઈને.. સ્વતંત્ર એટલે શું? કે આ આત્માનું ભાન થયું ત્યારે આ રાગ કરવા જેવો છે એવું તો છે નહિ અને ભોગવવા જેવું એવું તો રહ્યું નથી. આહાહા..! સમ્યક્ અનુભવ થયો આત્માના આનંદનો એટલે પછી આ સ્ત્રી સેવવા જેવી છે, મકાન બાંધ્યા એ થોડા ભોગવવા જેવા છે એ જ્ઞાનીને આવતું નથી, હોતું નથી. સ્વતંત્રપણે એ વિકલ્પ આવતો નથી એમ કહે છે.

**'પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે...'** નબળાઈની મચક ખાઈ જાય છે તો એ કાર્ય થાય રાગનું. **'તેનો કર્તા-ભોક્તા તો પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી.'** જેમાં સ્વંત્રપણે રાગના રુચિપણે રાગ કરતો નથી તેને રાગનો કર્તા-ભોક્તા પરમાર્થે કહેવાતો નથી. કહો, સમજાણું કાંઈ? ગધેડા ઉપર બેસાડીને ઓલા કોતવાળ બહાર લઈ જાય તો હોંશ હશે એને ગધેડા ઉપર બેસવાની? શું કરે?

એવું થયું હતું ને કાંઈક દિલ્હીમાં. પરણવા આવ્યો વર. પરણવા આવ્યો. પછી માગ્યું બહુ એ વખતે. એક આ જોઈશે, એક આ જોઈશે, એક શું તમારે કહેવાય? રેડિયો મોટો જોઈશે. ફલાણું જોશે, ઘણું ઘણું માંગ્યું. બધા ભેગા થયા કે ભાઈ! આ ઘર સાધારણ છે ને અને તું આટલું બધું માગે છો. શું છે આ? આ લોકો નહિ પહોંચી શકે. ઓલો કહે, ના. એ વિના પરણું નહિ. ઠીક! માણસ જુવાનિયા થયા ભેગા. ગધેડો લાવ્યા એક. બેસાડ્યો એના ઉપર એને. કર્યું કાળુ મોઢું. ફેરવ્યો. કો'કને ઘરે આવીને નાક કાપવાનું છે તારે? હોંશથી બેઠો હશે ને એ? લગનને પ્રસંગે ગધેડા ઉપર બેસાડીને ગામમાં ફેરવ્યો. હાય.. હાય.. ભાગી જા હવે તારે ઘરે, ગધેડા ઉપર બેસીને વયો જા. કો'ક ગરીબ માણસને હેરાન કરવા આવ્યો. જાવ કન્યાને બીજે પરણાવી દ્યો. ઓલા જુવાનિયા (કહે). એમ હોંશ નથી આને. એવો દાખલો આવે છે હોં શાસ્ત્રમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આ તો બનેલું છે.

ઉત્તર :- આ બનેલું પણ આવો દાખલો શાસ્ત્રમાં આવે છે. એ કોતવાલ જેમ પરાણે કરાવે એમ જ્ઞાનીને થાય. એમ કહ્યું. .. રાગનો પ્રસંગ એવો ઉદય આવે છે ગોઠતું નથી. એવું આવે છે. શ્વેતાંબરમાં દાખલો આવે છે. આમાં પણ આવે છે ક્યાંક ટીકામાં. ઉપાસકાધ્યયનમાં તો બહુ આવે છે. સમજાણું? કોતવાલ બેસાડે પરાણે, એને હોંશ નથી. એમ ધર્મીને કોઈપણ રાગનો વિકલ્પ કરવાની હોંશ જ નથી, ઉત્સાહ જ નથી, પ્રેમ નથી, રુચિ નથી. એમ હરખને વેદવું એનો ઉત્સાહ નથી, પ્રેમ નથી, રુચિ નથી. આવી જાય છે એને જાણી લ્યે છે. આહા..! સમજાણું કાંઈ?

'**વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે...**' ઓલા બંધની વાત છે ને. '**તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી. મિથ્યાત્વ છે તે જ સંસાર છે.**' લ્યો જુઓ આવ્યું અહીં. સમજાણું કાંઈ? એ રાગ અને અંશબુદ્ધિમાં પડેલો મિથ્યાત્વ તે સંસાર છે. '**મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.**' એ તો મુક્તિ... મુક્તિ.. ને મુક્તિ. કેવળજ્ઞાન લીધે છૂટકો થાય છે. એમ કહે છે. મુક્તસ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ થયો દૃષ્ટિમાં, બસ! એની તો એકાગ્રતા જ ચાલુ છે એમાં. રાગનો અભાવ થઈને કેવળજ્ઞાન જ પામશે. એમાં બીજું છે નહિ.

કહો, '**સમુદ્રમાં બિંદુની શી ગણતરી?**' મોટો દરિયો આવડો હોય એમાં એક બિંદુની શી ગણતરી? એમ ભગવાન આખા અનંત આનંદનો કંદ જ્યાં અનુભવમાં આવ્યો એને જરી રાગાદિ ટાળવાનું બાકી છે એની શી ગણતરી? એ તો ટાળીને વીતરાગ થશે. એનો સ્વામી નથી, પ્રેમ નથી, રુચિ નથી, ભોગવવાનો ભાવ નથી. પણ પરાણે કોઈ નબળાઈથી આવી જાય છે એને છોડીને પૂર્ણાનંદને પામશે. એની ગણતરી અહીં ગણવાની છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૭, બુધવાર તા. ૮-૧૧-૧૯૬૭**
**શ્લોક-૧૯૯, ગાથા-૩૨૦ થી ૩૨૩, પ્રવચન-૩૯૦**

આ ૩૨૦ ગાથા ચાલી. એના ભાવાર્થમાં છે. '**વળી એટલું વિશેષ જાણવું કે-**' મૂળ તો એમ કહ્યું કે આત્મા, જેમ નેત્ર આંખથી કાંઈપણ અગ્નિને ઉજવાળતી નથી તેમ અગ્નિનો અનુભવ કરી શકાતો નથી. આંખ તો દેખે ને જાણે. એ કાંઈ અગ્નિને સળગાવે અને અગ્નિથી બળે એમ છે નહિ. એમ આત્મા એ કાંઈ રાગને અને કર્મને કરે કે કર્મને બાંધે કે કર્મને છોડે એ આત્માના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? એ તો ચૈતન્યદૃષ્ટિ, જ્ઞાનદૃષ્ટિ, જ્ઞાનસૂર્ય સ્વરૂપ છે. એને પર્યાયમાં જાણે-દેખે એમ અહીંયાં સિદ્ધ કરવું છે જરી. સમજાણું કાંઈ?

પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એનો અંતર અનુભવ થયે ધર્મીને બંધ થાય છે કે મુક્તિ થાય એ બેયનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાય છે કાંઈ? ઉદય અને નિર્જરાને જાણે-દેખે છે. બંધ અને મોક્ષના પરમાણુ આવે જાય એ પર્યાયને પણ જાણે અને દેખે છે. એવું જ આત્માનું સ્વરૂપ અનુભવ કરવા લાયક છે. એમ કહ્યું. ત્યારે અહીંયાં કહે છે કે '**કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...**' તમે આટલું બધું જ્ઞાતા-દૃષ્ટા કહ્યું એ કોને લાગુ પડે? એ વાત પહેલી થઈ ગઈ છે અર્થમાં. એ તો શ્રુતજ્ઞાનીને પણ લાગુ પડે છે.

'**કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...**' એ તો એકલી નિર્મળ પૂર્ણ પર્યાયરૂપ પરિણમન થઈ ગયું છે. એ તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે. પણ શ્રુતજ્ઞાની નીચેની ભૂમિકાવાળો આત્માનો અનુભવ કરનાર ધર્મી, તે પણ. એમ. '**શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે;...**' શુદ્ધનય એટલે કે આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ છે, એવો દૃષ્ટિમાં લઈને એને અનુભવે છે. સમજાય છે કાંઈ? ભારે! જાણે આમ બોજા જેવું લાગતું હોય એમ લાગે માણસને હોં! કે આ તે શું હશે આવું?

કહે છે કે ભાઈ! તું ચૈતન્ય છો ને. અસંખ્ય પ્રદેશી આનંદકંદ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે તારું. ત્રિકાળી એમ ને એમ છે ઈ. એવા સ્વભાવને અંતરના શુદ્ધનયથી એટલે જ્ઞાનથી. અહીં શુદ્ધનયથી કહ્યું. શુદ્ધનયના અવલંબનથી કહ્યું છે. સમજ્યાને? નહિતર એ પોતે શુદ્ધ સ્વરૂપ જ છે. શુદ્ધ ભૂતાર્થ જે છે એને શુદ્ધનય કીધી છે. અહીં એમ કીધું, ભાઈ! અંતરના જ્ઞાનના પર્યાય દ્વારા આ આત્મા ધ્રુવ છે તેમ જ્ઞાની અનુભવે છે. સમજાણું કાંઈ?

'**આત્માને એવો જ અનુભવે છે;...**' જેવું સર્વજ્ઞને પૂર્ણ ધ્રુવપણું જેમ પ્રગટ થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાયમાં પૂર્ણ શુદ્ધાત્માનો અનુભવ છે એવો જ ધર્મીને શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિએ તેમાં વ્યાપી અને તેને અનુભવે છે. ધર્મી રાગમાં કે પરમાં વ્યાપતો નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, અસંખ્ય પ્રદેશી અનંતગુણધામ એકરૂપ સ્વરૂપ, તેને અંતરમાં દૃષ્ટિ લઈને એને અનુભવે છે જ્ઞાન દ્વારા. એ તો કેવળી જેમ અનુભવે એવો જ આ અનુભવે છે એમ કહેવું છે અહીં. સમજાય છે કાંઈ?

**'પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે.'** કેવળજ્ઞાનની પર્યાયમાં સર્વથા પ્રત્યક્ષ થઈ ગયું છે. અહીંયા આમ પ્રત્યક્ષ એ ગુણ દ્રવ્ય આમ પ્રત્યક્ષ, આમ પ્રત્યક્ષ જ્ઞાનમાં રાગની અપેક્ષા વિના પ્રત્યક્ષ જણાય એટલું નથી. પણ અહીંયાં રાગની અપેક્ષા વિના એ જ્ઞાન આ શુદ્ધ ચૈતન્ય છે એમ પરોક્ષપણે જાણે છે. સમજાણું કાંઈ?

ફરીને. શુદ્ધ ચૈતન્ય વસ્તુને જ્ઞાન દ્વારા પરોક્ષ એટલે આ આત્મા છે અસંખ્ય પ્રદેશી અનંત ગુણ એમ જેના જ્ઞાનમાં નથી-શ્રુતજ્ઞાનમાં. સમજાય છે? પણ આ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એમ અંતર દૃષ્ટિ કરીને પરોક્ષ અનુભવે છે. પ્રત્યક્ષ આ અસંખ્ય પ્રદેશ છે અને અનંત ગુણ છે એવું પ્રત્યક્ષપણું કેવળજ્ઞાનીને છે, એવું આને પ્રત્યક્ષપણું નથી.

મુમુક્ષુ :- એવું એને નથી.

ઉત્તર :- હા એવું નથી. પણ પરોક્ષપણું છે. સ્વસંવેદન પ્રત્યક્ષ પણ છે પણ આ રીતે પરોક્ષ છે એમ. અહીં તો જ્ઞાનથી કહેવું છે ને એટલે? વેદનથી પ્રત્યક્ષ છે એ અહીં નથી લેવું. અહીં તો જ્ઞાનથી જ્ઞાન સાથે મેળવવું છે. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન એની સાથે આમ (મેળવવું છે). સમજાણું કાંઈ? આનંદનું પ્રત્યક્ષનું વેદન છે એને પરની અપેક્ષા નથી એ જુદી વાત છે. પણ જ્ઞાનનો પર્યાય એને આમ પ્રત્યક્ષ જાણે છે કે 'આ વસ્તુ' એમ એને નથી. સમજાણું કાંઈ? એમ કહ્યું ને? જુઓને! **'શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે;...'**

**'માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે એમ જે અંતર અનુભવ થયો એ અપેક્ષાએ તો છદ્મસ્થ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાતા-દૃષ્ટા છે. જાણવા-દેખવાની જ ક્રિયા ત્યાં થાય છે. રાગાદિ હોય તો જાણે છે, ટળે તો જાણે છે, બંધાય તો જાણે છે, છૂટે તોપણ જાણે છે. જાણવું ને દેખવું જ એની ક્રિયા છે એકલી. સમજાય છે કાંઈ?

શું કીધું? ધર્મી એને કહીએ કે જેને આ આત્મા પરમ પવિત્ર શુદ્ધ ચૈતન્ય ધાતુ વસ્તુ, એ અંતરમાં જ્ઞાન દ્વારા અનુભવમાં આવ્યો હોય. ભલે એ પ્રત્યક્ષ ન જાણે કે આ અસંખ્ય પ્રદેશ છે અને આ ગુણ છે. સમજાય છે? ઝીણું ભારે. પરનો કર્તા નથી એમ કહે ત્યારે

હવે આ કરે છે કોણ? કોઈ ઈશ્વર કરતું હશે એમ થાય આમાં? આ શરીર જડાદિમાં.

મુમુક્ષુ :- કોઈ કર્તા તો જોઈએ ને?

ઉત્તર :- કર્તા (જોઈએ) તો આ પરમાણુ નથી વસ્તુ આ? આ વસ્તુ છે કે નહિ? આ પરમાણુ છે એ કરે છે, એની પર્યાય કરે છે. કરે એટલે થાય છે. પણ આ જડ તો કોઈ ચીજ જ નહિ જાણે. એ તો આપણે લઈને થાય, આપણે હોય તો થાય, ન હોય તો ન થાય. આહાહા..! આવા ને આવા. એમ કે શરીર છે આ બધું છે, થાય છે શું ત્યારે આ? કોણ આને કરે? પણ એ કરવાની વ્યાખ્યા શું? એ પરમાણુઓ જગતની આ ચીજ છે વસ્તુ એ પોતે પલટે છે, પલટે છે એની ક્રિયામાં એનું નામ એનું કરવું. જડ એને કરે, આત્મા શું કરે?

હવે અહીં તો રાગ પણ કરે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? અનાદિથી પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાનમાં હોય ત્યારે શું અને અનાદિથી ભાન ન હોય ત્યારે શું? ભાન ન હોય તો રાગ અને પુણ્ય-પાપના પરિણામને કરે અને હરખ-શોકને ભોગવે. એ બીજું કાંઈ કરતો નથી. અહીં તો હવે ધર્મી થયો થકો શું કરે? કે '**શુદ્ધનયના અવલંબનથી...**' એટલું લીધું. '**આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની...**' આત્માનું જ્ઞાન થયું છે કે હું તો શુદ્ધ ચૈતન્ય છું. એવા જ્ઞાન અને પૂરો પૂર્ણ છે આત્મા એવી શ્રદ્ધા, એની અપેક્ષાએ તો ધર્મીને જાણવા-દેખવાપણું જ છે. સર્વજ્ઞ પૂર્ણ જાણે દેખે છે, આ એની જેટલી શક્તિની વ્યક્તતા થઈ છે એ પ્રમાણે જાણે દેખે છે. ભારે વાત સમજવી કઠણ માણસને. આ ધર્મનું આવું (સ્વરૂપ). વ્યવહાર કહે કે આ કરે, આ દયા પાળે, આ ભક્તિ કરે, અપવાસ કરે કેટલું સહેલું થઈ ગયું, લ્યો. એમ માની લેતો પણ ઓલો આખો ભગવાન પડ્યો એની સામું જોયા વિના તું શું કરીશ? સમજાણું કાંઈ? તારા વિકલ્પની જાળું આ કર્યું ને આ કર્યું. અપવાસ કર્યા ને લીલોતરી ખાવી છોડી દીધી, એ બધો અજ્ઞાન અધર્મભાવ છે. એય..! કપુરચંદભાઈ!

ભગવાન! બાપુ! તારી ધર્મદશા તો અલૌકિક છે. ભાઈ! તું ભગવાન છો. ભગવાન મહિમાવંત પૂર્ણાનંદ પ્રભુ પદાર્થ છે. એવા ભગવાનને અંતર દૃષ્ટિથી અનુભવતા, કહે છે કે ધર્મી તો જ્ઞાતા અને દૃષ્ટા જ છે. રાગ કરવું કે છોડવું એના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? તો પછી આ બધા પુસ્તકના કામ કરવા અને આ બધા કબાટ લાવવા ને.. એ આત્મા લાવે છે એમ ના પાડે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણા દિ'થી લાવવાનો ભાવ હતો, તોપણ ન આવ્યો લ્યો! એટલે ઠપકો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને આપ્યો હતો ને? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે છે? એય.. મલૂકચંદભાઈ! ... વયા જશે, આ નહિ કરે.

એ રજકણો છે, ભાઈ! જગતને તત્ત્વના સત્ત્વની ખબર નથી. હું એક સત્ત્વ છું, સત્‌વાળું સામર્થ્યવાળું તત્ત્વ છે કે નહિ આ રજકણો? અસ્તિ છે કે નહિ? આમ દેખાય છે ને? આ જુઓ! આ શું દેખાય છે? આકાશના ફૂલ છે આ? શરીર, વાણી આ બધું જડ. એ વસ્તુ છે એનું કાયમ રહીને એનું પલટવું થાય તે તેનું કાર્ય છે. એનો આત્મા કર્તા થાય એ ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં કહે, મેં કર્યું.. મેં કર્યું... પણ અહીં તો હજી એથી પાર. રાગના પરિણામને પણ કર્તૃત્વબુદ્ધિથી કરે તો કહે છે કે એ ભગવાન આત્માને એણે વિકારમય માન્યો પણ જેવો છે તેવો એણે જાણ્યો નથી. દયા, દાન અને ભક્તિના, પૂજા, દાનના પરિણામ પણ કરે એ વિકલ્પ મારું કર્તવ્ય છે (એમ માને) તો કર્તવ્યનો કરનારો એ રૂપે હોય તો એ રૂપે થાય. એ રૂપે નથી છતાં એમ માને છે કે આ કાર્ય મારું છે એ જ ત્યાં અસત્યદૃષ્ટિ અને ભ્રમ છે. સમજાણું કાંઈ?

જ્ઞાની તો પોતાના જ્ઞાનસ્વરૂપ એનું સ્વરૂપ જ આંખ્યું છે. દૃષ્ટિનો વિષય આપ્યો હતો ને? '**दिट्ठी जहेव णाणं**' એ '**णाणं**' હું આત્મા. સમજાણું કાંઈ? જ્ઞાનચક્ષુ. આત્મા જ્ઞાનચક્ષુ છે. એ જ્ઞાનચક્ષુનું ભાન થતાં એ જ્ઞાનચક્ષુ જાણવા અને દેખવાનું કામ કરે, એ ક્રિયા તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની ક્રિયા કહેવામાં આવે છે. અહીં જરી ફેરફાર છે ચારિત્રની અપેક્ષાએ.

આવું '**જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ...**' થોડો ફેરફાર છે અંદર '**પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો...**' પર્યાયમાં રાગ જેટલો થાય તેટલો વર્તમાન દશામાં શાંતિનો ઘાત છે. જ્ઞાતા-દૃષ્ટાપણું હોવા છતાં જેટલે અંશે અંદર રાગ થાય, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એટલે અંશે શાંતિનો-સ્થિરતાનો ઘાત છે. સમજાણું કાંઈ? '**તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે.**' બેય ભાષા લીધી. શું કીધું? વસ્તુ છે એ ચૈતન્ય પ્રભુ છે જ્ઞાનસૂર્ય. એવું અંતર્મુખ થઈને ભાન થતાં જ્ઞાન અને શ્રદ્ધાની અપેક્ષાએ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. હવે રહ્યું જરી ચારિત્ર. તો પૂર્વના કર્મના નિમિત્તમાં સંબંધ જોડાતાં પુણ્ય-પાપના વિકલ્પ જેટલા થાય તેટલી શાંતિનો ઘાત છે. તેટલી શાંતિનો ઘાત છે. જ્ઞાતા-દૃષ્ટાપણું હોવા છતાં.. સમજાણું કાંઈ? એટલી સ્થિરતાનો ઘાત છે. હો. એક વાત. એને જાણે.

અને '**તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે.**' એટલે? કે સ્વભાવ સન્મુખનો પ્રયત્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાલુ છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યમાં તો સ્થિરતા પૂરી પડી જ છે. એ સ્થિરતા પ્રત્યેનો પ્રયત્ન તો ચાલુ છે દર્શન અને જ્ઞાનને લઈને. એ પુરુષાર્થ પણ ચાલુ જ છે અને ઘાત પણ ચાલુ છે. બે વાત કરે છે. ઘાત થાય છે એને પણ જાણે છે અને પુરુષાર્થ થાય છે એને પણ જાણે છે. સમજાણું કાંઈ? ભારે આવી વાત ઝીણી, ભાઈ! આમ મોટી ઓથ પડી અંદર, અંદર .. ઉઘાડમાં એક સમયની દશા પ્રત્યક્ષ. આ આખો મોટો આમ દેખાય. ઉઘાડમાં એક સમયની શક્તિનો વિકાસ. આવડો મોટો પરમેશ્વર એને દેખવાની દૃષ્ટિ ન મળે. એને આ બધું દેખાય આ.. આ.. આ. કહે છે... રતિભાઈ ગયા લાગે છે. નથી આવ્યા. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદની સ્થિરતા શાંતિ એ તો કાયમ પડેલી જ છે. ધ્રુવ. એનું અંતર ભાન થતાં કે આ આત્મા.. આ આત્મા.. શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એમ વર્તમાન અવસ્થાએ અંતર્મુખ સ્વભાવને જાણ્યો ને જોયો ને અનુભવ્યો ત્યારથી તેને જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ્યું. ત્યારે હવે કાંઈ બાકી છે કે નહિ? છે. જેટલો રાગ થાય છે એટલો પર્યાય શાંતિનો સ્થિરતાનો ઘાત થાય છે. છતાં તે સ્વભાવ સન્મુખનો પ્રત્યન પણ ચાલુ છે. સમજાણું કાંઈ? સહજપણે છે હોં એ.

'**જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે...**' એ ચારિત્રની અપેક્ષાએ હોં! જ્યારે એ રાગનો અભાવ થઈ અને ખરેખર કર્મનો અભાવ થઈ અને અહીં આમ લે છે. કર્મનો અભાવ થશે, એ તો અહીં સમજાવે છે કે જરી રાગ થાય છે એટલે એમાં નિમિત્ત કર્મ છે ને? એમ છે. એટલે એનો નાશ થતાં એ રાગ પણ નાશ થાય છે. '**ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર...**' યથાખ્યાત એટલે જેવું એનું સ્થિર સ્વરૂપ છે, એવું યથાખ્યાત પ્રસિદ્ધમાં-પ્રગટમાં આવી ગયું. શાંતિ પ્રગટમાં આવી ગઈ. સમજાણું કાંઈ?

પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું. પણ સ્થિરતા શાંતિ પ્રગટ નથી. એથી તે સ્વભાવ સન્મુખના પ્રયત્નથી ક્રમે ક્રમે રાગનો નાશ થઈ અને શાંતિની પૂર્ણતા યથાખ્યાત- જેવો શાંત પૂર્ણ ઉપશમરસ છે આત્માનો, એવું જ પર્યાયમાં પૂર્ણ શાંતરસનું પરિણમન થઈ ગયું. એને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. શું કીધું સમજાણું? અહીં કેવળજ્ઞાન શુદ્ધાત્મા સાક્ષાત્ પૂર્ણ છે એની સાથે મેળવવું છે. કેવળજ્ઞાની છે એ તો શુદ્ધાત્માનું પરિણમન પૂર્ણ શુદ્ધ થઈ ગયું. હવે આને પૂર્ણ નથી, પ્રત્યક્ષ નથી, પરોક્ષ છે. શ્રુતજ્ઞાન દ્વારા અંતર આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ ભાન થયું. તો શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. હવે શાંતિ બાકી છે અને કેવળજ્ઞાન પૂર્ણ નથી. ત્યારે કહે છે, એને માટે શું? એ જ્ઞાતા-દૃષ્ટા થયો, જાણનાર-દેખનાર થયો, રાગનો જરી ઘાત છે એ જાણે છે અને સ્વભાવ

(સન્મુખનો) પ્રયત્ન ચાલુ છે એને પણ જાણે છે. હવે એ સ્વભવાનો પ્રયત્ન પૂરો થતાં શાંતિ પૂરી થશે. શાંતિ પૂરી થતાં કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ?

'**અહીં સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે...**' અહીં તો સમ્યગ્દર્શની જીવને જ જ્ઞાની કહેવામાં આવે છે. ઓછું-વત્તું જાણપણું હો કે ન હો એની અપેક્ષામાં નથી. વસ્તુ અખંડાનંદ પૂર્ણ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, અનુભવ થયો એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. પછી કેવળજ્ઞાન ન હોય, અવધિ, મનઃપર્યય ન હોય, શ્રુતજ્ઞાન વિશેષ ન હોય. એની અપેક્ષાએ નહિ. સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે.**' જુઓ! એક સિદ્ધાંત છે. રાગની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ હતું. કેમ કે સ્વરૂપમાં રાગનું એકત્વ એ એનો સ્વભાવ નથી. એ રાગનો વિકલ્પ છે એમાં એકત્વબુદ્ધિ હતી એ મિથ્યાત્વ છે. એનો વ્યય થતાં સ્વભાવના અનુભવની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયું. તેથી તેને મિથ્યાત્વના નાશની અપેક્ષાએ સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી, તેથી તેને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...**' અહીં એ કહેવું નથી એમ કહેવું છે. અહીં એ બતાવવું નથી. અહીં તો ફક્ત આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું ધ્રુવપણું અખંડાનંદ પ્રભુ એની અંતર દૃષ્ટિ કરતાં, 'આ આત્મા' એમ જે અનુભવ થયો અને મિથ્યાત્વ ગયું એટલી અપેક્ષાએ તેને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન સામાન્યની અપેક્ષાએ લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...**' આમ તો બધા જ્ઞાનસ્વરૂપ જ છે આત્મા બધાય. જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. કોઈ રાગસ્વરૂપ છે કે શરીરસ્વરૂપ છે નહિ. એ તો બધા જ જ્ઞાની જ છે એ અપેક્ષાએ. એ અપેક્ષા અહીં લેવી નથી.

'**અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ-**' જુઓ! જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એને પૂર્ણ જ્ઞાની કહેવાય નહિ. ત્યાં સુધી જરી અજ્ઞાન (છે). અજ્ઞાન એટલે અપૂર્ણ જ્ઞાન છે. '**જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.**' લ્યો! એ કેવળજ્ઞાન થવા પહેલા પણ અજ્ઞાન, અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન નહિ, પણ ઓછું જ્ઞાન. ઓછું જ્ઞાન. એ અપેક્ષાએ એને અજ્ઞાનભાવ કહ્યો છે. સમજાણું? અને જ્ઞાનના સ્વભાવની અપેક્ષાએ બધા જીવો જ્ઞાની જ છે. હવે બેય અપેક્ષા અહીં નથી લેવી.

'**માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.**' લ્યો! શું કીધું? જેને રાગ અને પુણ્યનો વિકલ્પ છે તેની સાથે એકત્વબુદ્ધિ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવો જે મિથ્યાદષ્ટિ તેને અજ્ઞાન કહ્યું છે. ચાહે તો અગિયાર અંગનું જ્ઞાન હોય અને નવ પૂર્વનું જ્ઞાન હોય. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનામાં રાગાદિ નથી. છતાં એ વિકલ્પ જે ઉઠે છે એની સાથે એકત્વ બુદ્ધિ છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે, ત્યાં સુધી તેને અજ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એ મિથ્યાત્વના નાશની અપેક્ષાએ, સ્વરૂપના જ્ઞાનના ભાનની પ્રતીતની પર્યાય સમ્યક્ ઉત્પન્ન થવાની અપેક્ષાએ એને જ્ઞાની કહેવાય છે. કહો, આમાં સમજાય છે કે નહિ? કપુરચંદભાઈ! ભારે ઝીણું ભાઈ! જેણે ભગવાન આત્માને જાણ્યો એ જ્ઞાની. અને આત્માને ન જાણ્યો અને જેને હજી રાગની એકતા સાથેનો વિકાસ ગમે તેટલો ઉઘાડ થયો હોય તોપણ તે અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? બસ! એ ૩૨૦ ગાથા પૂરી થઈ.

'**હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-**' જૈનના સાધુ નામ ધરાવે, દિગંબર મુનિ હોય, નગ્ન દિગંબર વીતરાગને માનનારા વ્યવહારથી. જૈન સિદ્ધાંતના અભ્યાસી, શાસ્ત્રના અભ્યાસી અને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના પાળનારા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિગંબર જૈનના સાધુ, એને જૈનના સાધુ કહેવાય.

મુમુક્ષુ :- જૈનમાં...

ઉત્તર :- એમાં પણ ખોટા છે એમ બતાવવું છે.

અહીં તો જૈન એટલે દિગંબર. યથાર્થ વસ્તુ જે છે તે. એમાં થયેલા સાધુ. બીજામાં થયેલા સાધુ તો દ્રવ્યલિંગી પણ એને કહેવાતા નથી. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! વાત એવી છે ભાઈ! ઝીણી છે. અહીં તો દિગંબર સાધુ છે, હજારો રાણીને છોડીને બેઠા છે, અઠ્યાવીશ મૂળગુણ (પાળે છે). આમ એક વસ્ત્રનો તાણો લેવાનો જેને વિકલ્પ નથી, નગ્નપણે રહે છે, માસ-માસખમણના પારણા કરે છે, અગિયાર અંગ અને નવ પૂર્વનો જેને ઉઘાડ છે. અગિયાર અંગનો ઉઘાડ થઈ ગયો છે. એટલો તો શાસ્ત્રનો જેને અભ્યાસ હોય.

'**પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે...**' એવા જીવો પણ રાગને અથવા પર આ શરીરની ક્રિયાને હું કરું છું એમ જે માને છે '**તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-**' સમજાણું કાંઈ? આ તો ઊંચો અધિકાર છે ને સર્વવિશુદ્ધ હવે. ૩૨૦ તો થઈ ગઈ. '**આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-**' લ્યો! શું કહે છે? જુઓ!

**ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।**
**सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षताम्।।१९९।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**मुमुक्षताम्**' શબ્દ પડ્યો છે.

'**શ્લોકાર્થ :- જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા...**' એટલે કે શાસ્ત્રનું જ્ઞાન હો, વ્યવહાર ક્રિયા અને ચારિત્ર હો. સમજાય છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ વ્યવહારે હો. પણ અજ્ઞાન અંધકાર (અર્થાત્) જેને ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ રાગનો કર્તા નથી અને પરની દયાના પાળવાના છ કાયની જીવને રાખવાનો એ કર્તા નથી. કે આ શરીરની આ હલવા-ચલવાની ક્રિયાનો આત્મા કર્તા નથી. '**આત્માને કર્તા માને છે,...**' હું છું તો આ શરીર ચાલે છે અને હું છું તો આ રાગ થાય છે. એમ જેણે માન્યું છે એ પછી જૈનના સાધુ હો તો પણ તે મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયા...**' છે. જેને ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ તો ચૈતન્ય એના અકર્તાપણાનું ભાન નથી. ચાહે તો એ જૈન શાસ્ત્રના અભ્યાસી (હો) અને મોક્ષના અભિલાષી (હોય). જૈન શાસ્ત્રના અભ્યાસી અને મોક્ષના અભિલાષી. મારે તો મોક્ષ માટે કરવું. એમ કહે છે આમાં. સમજાય છે? કોઈ માન માટે, કીર્તિ માટે.. ભાઈ! એ માન માટે, કીર્તિ માટે નથી. એમ કહે છે '**मुमुक्षताम्**' કહેતા. હા. માન માટે, કીર્તિ, માટે આબરૂ માટે કરતો નથી. એક મોક્ષ માટે. પણ ઓલો રાગનો કર્તા થઈને માને છે, મૂઢ છો. સમજાણું કાંઈ? તેથી બે શબ્દ વાપર્યા. શું? '**तमसा ततः**' સામાન્યજનની પેઠે મુમુક્ષુઓ પણ એવા જ છે. અજ્ઞાની છે કહે છે. આહાહા..! મુમુક્ષુ છે ને? ભલે મોક્ષને ઈચ્છતા હોય. એમ લખ્યું છે ને? મોક્ષને ઈચ્છનારા જીવો. .. મોક્ષ થાઓ.. મોક્ષ થાઓ... મોક્ષ થાઓ.. પણ મોક્ષનું ભાન નથી એને. મારે મોક્ષ જ જોઈએ. મારે કાંઈ જોઈતું નથી. એમ ભલે ઈચ્છતા હો. બિલકુલ, કહે છે, માનની ઈચ્છા નથી, બીજી કાંઈ સ્વર્ગનો દેવ થાઉં એવી ઈચ્છા નથી. સમજાણું? પણ એને આ પ્રમાણે જ્યાં રાગનું પરિણમન વિકલ્પ ઉઠે તેનું કરવું પરિણમન તે હું છું એમ માન્યું છે એ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? એ અધર્મી છે.

ધર્મ એવો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ જાણનાર-દેખનાર એવા એને સ્વભાવની ખબર નથી. સ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાન-દર્શન-આનંદ એ જ મારી ચીજ છે. એવી ખબર નથી. અને આ રીતે પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ, છ કાયની જીવની દયાના ભાવ,.. સમજાય છે? પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એમાં એ પરલક્ષી જ્ઞાનનો કર્તા થાય છે અને રાગનો કર્તા થાય છે. કર્તા થાય છે એની દૃષ્ટિ પર ઉપર છે. તેથી તે મિથ્યાદષ્ટિ જેમ અજ્ઞાની જગતનો કર્તા કોઈને માને છે, જેમ એ દૃષ્ટિ મિથ્યાત્વ છે, એમ આ પણ મિથ્યાત્વ જ છે. આહાહા..! આમ ઝીણી વાત છે ભાઈ, હોં!

'**તોપણ સામાન્ય (લૌકિક) જનો...**' લૌકિક લૌકિક કહે છે ને? આ ઈશ્વરે બનાવ્યું.

આ શરીર, આ જગતની રચના ઈશ્વરે કરી. અરે..! ઈશ્વરે કરી તો તો વિકાર થયો ઈશ્વરને. સમજાણું? ઈશ્વર કરે તો તેને વિકાર થયો ઈશ્વરને. એ ઈશ્વર જ હોય નહિ. જ્ઞાતા-દૃષ્ટાપણું એ ઈશ્વર છે. સર્વજ્ઞ સ્વભાવમાં જાણવું-દેખવું એ ઈશ્વર કહેવાય. પણ ઈશ્વર પોતાના શરીરને રચે કોઈ એમ કહે કે ભાઈ કર્યું. તો શું કર્યું? શરીરસહિત થઈને કર્યું કે શરીરરહિત થઈને કર્યું? એની ટીકામાં છે. અધ્યાત્મ તરંગિણી. તરંગિણી છે ને એ? શરીરસહિત કર્યું તો શરીર તો પહેલું બનાવ્યું હશે ને? તો શરીર બનાવ્યું એમાં એનું વીર્ય તો ત્યાં બધું ગયું. શરીરસહિત બનાવ્યું હશે ને આ જગતને? પહેલું શરીર બનાવ્યું, તો રજકણમાં રોકાઈ ગયો કરવામાં ઈશ્વર. એ ઈશ્વર હોઈ શકે નહિ. ત્યારે શરીર બનાવ્યું પછી આ બનાવ્યું. તો પછી શી રીતે બનાવી શકે? શરીરને બનાવવામાં એનું વીર્ય ત્યાં રોકાઈ ગયું. સમજાણું કાંઈ? તો કહે, એની શક્તિ ઘણી હતી. તો અનંત કરે તો જેમ અહીં જીવ કરે છે, રાગ કરે છે એમ એ પણ કર્તા થયો. તો એ પણ ઈશ્વર રહ્યો નહિ.

મુમુક્ષુ :- વીતરાગભાવે કરે તો?

ઉત્તર :- વીતરાગભાવે કર્તા હોઈ શકે? કહે છે ને માણસ કે અનાસક્તિએ કરવું. આપણે કામ કરવા પણ અનાસક્તિએ. પણ એ વાત જ જૂઠી છે. કરે કોણ? પરના કાર્ય કરું એવી બુદ્ધિ જ આસક્તિની મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? બીજાના આપણે ભલા કરી દીએ, બીજાનું આમ કરી દઈએ, છ કાયની દયા પાળી દઈએ. સમજાય છે? સમાજને ઊંચો લાવી દઈએ. .. સંઘ છે સાધુ, સાધ્વી. એને આપણે ઉપદેશ દ્વારા સુધારી દઈએ. એમ જે અજ્ઞાની પરના કામનો કર્તાપણે માને છે, એ અજ્ઞાની જેમ જગતનો કોઈ કર્તા નથી. જગત સ્વતંત્ર પદાર્થ છે જડ અને ચૈતન્ય. છતાં એને કર્તા માનીને માને છે એવો આ કર્તા માનીને માને છે. બેય એક જાતની દૃષ્ટિવાળા છે. સમજાણું કાંઈ?

'**જેઓ અજ્ઞાન-અંધકારથી...**' ઢંકાયેલા થયા થકા. આચ્છાદિત છે ને? ઢંકાઈ ગયા છે. કંઈ પણ આત્માને રાગના અને પરમાણુની પર્યાયનો કર્તા માને તો એને જ્ઞાનસ્વરૂપ આત્મા છે એને ઢાંકી દીધો છે. એ '**આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઈચ્છનારા હોય...**' જોયું! '**મુમુક્ષતામ્**' હોય '**તોપણ સામાન્ય જનોની...**' લૌકિક જનો છે એની '**માફક તેમનો પણ...**' કર્તાપણાથી છૂટકારો નથી. કેમ કે એ પણ હજી રાગને કરું એવી બુદ્ધિ અજ્ઞાનીની છે તો એ રાગને ભોગવવામાં રહેશે એટલે સંસારને ભોગવવામાં રહેશે. એની મુક્તિ થશે નહિ. તે કર્તા થશે, તે ભોક્તા થશે. એટલે સંસારથી રહિત થશે નહિ. આહાહા..!

'**હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છે :-**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।**
**समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काए।।३२१।।**

જોયું! '**छव्विहे काए**' છે હોં આમાં. ટીકામાં પણ છ કાય નાખ્યા નથી, હોં! આત્મા તે કાર્યને કરે છે એટલું જ લીધું છે. સમજ્યાને? જુઓ! પણ પાઠમાં છે એ શબ્દ નથી આવ્યો. સમજાણું?

મુમુક્ષુ :- છ કાય શબ્દ નથી આવ્યો.

ઉત્તર :- હા, નથી આવ્યો. એને સમુચ્ચય લઈ લીધું. જેમ દેવ-માણસને કરે છે એમ કહે છે, એમ આ પણ પરનું કાર્ય કરે છે. એટલે મૂળ પાઠમાં છ કાય છે. ટીકામાં નથી લીધો. સમજાણું કાંઈ? મૂળ તો '**करोति षड्विधान् कायान्**' એમ છે ને પાઠ? પહેલો શ્લોક છે ને, જુઓને. આવ્યું ને? '**लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ**' ઓલીકોર હતું ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. '**छव्विहे काए**'

**लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।**
**लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।**

બસ એટલું. એનો અર્થ કર્યો.

**एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाम दोण्हं पि।**
**णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।**

નીચે હરિગીત.

**જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',**
**ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', ૩૨૧.**

છ કાયને રાખી શકું એમ એનો અર્થ છે. છ કાયના જીવના શરીરને રાખું. મૂળ તો એમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ રાખું એમ. રાખું છું ને? પાળું કહો, રાખું કહો. શ્રીમદ્‌માં આવ્યું ને?

કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
કર્તા ઈશ્વર તે ગણે, ઈશ્વર દોષ પ્રભાવ.

આવે છે ને? એ કડીમાં આવે છે. દોષ આવ્યો એ તો. 'કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' ઈશ્વર તો સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સર્વજ્ઞ એને ઈશ્વર કહીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ઈશ્વર કોઈનું કરે નહિ.

કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
કર્તા ઈશ્વર તે ગણે, ઈશ્વર દોષ પ્રભાવ.

જેમ આ કરે આનું તો એ કરે આનું બધાનું. એ તો કર્તા ઈશ્વર દોષવાળો ઠર્યો. એને કરવાનું તો છૂટ્યું નહિ. જ્ઞાન ને દર્શન અને આનંદમાં રહેવું એ તો રહ્યું નહિ. સમજાણું કાંઈ? એક કડીમાં નાખી દીધું છે શ્રીમદ્‌માં.

**જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',**
**ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', ૩૨૧.**
**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.**
**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.**

આહાહા..! સ્પષ્ટ કરી નાખ્યું છે. સત્યને ખુલ્લુ મૂકી દીધું છે.

'**ટીકા :- જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે,...**' .... મોક્ષની, કેવળની એ પણ એનામાં ક્યાં છે? એ તો અક્રિય છે. સમકિતીને મહાવ્રતનો .. નથી. એમ કહે છે. સમજ્યા ને? .. છે એને મહાવ્રત અને મહાવ્રતના પરિણામ થાય એ સત્ય બોલી શકે. ત્યારે શ્રદ્ધા માટે સમકિતી જૂઠું બોલતો હશે? આ શું કહે છે? એમ કે સમ્યગ્દૃષ્ટિ છે એને મહાવ્રતના પરિણામ નથી, સત્યના પરિણામ નથી, જૂઠા બોલવાના પરિણામે હિંસા છે. ... સમ્યગ્દૃષ્ટિ સાચું કહી શકે નહિ. અરે..! એ તો લૌકિકના અશુદ્ધ પરિણામની અપેક્ષાએ વાત છે. છે તો જેવું કેવળી કહે એવું સમકિતી કહે. એમાં કાંઈ ફેર છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા સ્પષ્ટ જ છે. ભાઈ એમ કહે છે કે આ તો લખ્યું આણે. મૂળ શાસ્ત્રમાં એવી સ્પષ્ટતા નહિ હોય માટે માનતા હશે. એમ ભાઈ કહે છે. સ્પષ્ટતા તો છે પણ એને કાઢતા આવડતી નથી. શાસ્ત્રના ટૂંકા શબ્દો હોય છે ને બહુ. '**ववहारोऽभूदत्थो**' કીધો. હવે શું ... એનો? ભગવાન આત્મામાં થતી એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે લ્યો! એમ કીધું. હવે સ્પષ્ટતા તો ઘણી છે એમાં. શુભ અને અશુભ ભાવ બેય વિભાવ ભાવ. એની એકપણાની માન્યતા અથવા એનાથી લાભનો ભાવ એ મિથ્યાત્વભાવ છે.

... અને ત્રસ. પૃથ્વીના જીવ, પાણીના જીવ, અગ્નિના જીવ, વાયુના, વનસ્પતિના, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, દેવ, મનુષ્ય અને ઢોર. એમ કોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા કહે કે આ જગતના પદાર્થને દેવ-મનુષ્યને ઈશ્વરે કર્યા એમ કહે, એમ કોઈ સાધુ કહે કે હું પણ એ છ કાયના જીવને રાખી શકું છું, બેયની દૃષ્ટિમાં કર્તાપણું ... છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મા હણો, મા હણો એટલે શું પણ? એ તો રાગ-દ્વેષ ન કરો... રાગ-દ્વેષ ન કરો. ભાષા એમ આવે, છ કાયની દયા. ભાષા એમ આવે. પણ એનો અર્થ સમજવો જોઈએ ને? છ કાયની રક્ષા માટે.. એવું આવે છે નિયમસારમાં. નિયમસારમાં આવે છે. સમજાણું? આ તેરાપંથીમાં .. એક મહિનો ચર્ચા ચાલી. એક મહિનો. પ્રશ્ન વ્યાકરણનું એક સૂત્ર છે. ... આ એક શબ્દ. તેરાપંથી કહે, છ કાયની જીવની રક્ષા માટે કહ્યું છે એટલે કે નહિ મારવા માટે કહ્યું છે. તો .. વાળા કહે, છ કાયની જીવની રક્ષા માટે કહ્યું છે એટલે દયા પાળવા માટે કહ્યું છે. એય..! તેરાપંથી અને ..ને એક મહિનો ચર્ચા. એક મહિનો ચર્ચા. ઓહો..! અને જુઓ લોહી ઉકાળા પછી. કહેતા હતા લીલાધરભાઈ કહેતા હતા. લીલાધરજી હતા ને અમારી સાથે. .. ચર્ચા. .. કે જે અહીં દલીલ આવે જવાહરલાલ તરફની ત્યાં ઓલાને લોહી ઉકાળા થવા માંડે. એની જ્યાં દલીલ આવે ત્યાં આને લોહી ઉકાળા. ખાવું ભાવે નહિ. .. એક બીજાને. પાઠ છે એવો ... એવો પાઠ છે. પ્રશ્ન વ્યાકરણમાં. છ કાયના જીવની. છ કાય સમજ્યા? પૃથ્વીના જીવ છે. આ એકેન્દ્રિય પૃથ્વી આ. છે ને આ જીથરીના પથરા ને? એમાં જીવ છે એકેન્દ્રિય. એક એક કણીમાં અસંખ્ય જીવ છે. ભાન લોકોને ક્યાં છે. પાણીના એક બિંદુમાં જીવ છે અસંખ્ય. આત્મા છે એમાં. અગ્નિના એક તણખામાં અસંખ્ય જીવ છે, વાયુના એટલા .. અસંખ્ય જીવ છે. વનસ્પતિના એક કટકો લીમડાનો આટલામાં અસંખ્ય જીવ છે. અને નિગોદનો જીવ .. હોય તો એમાં અનંત જીવ છે. અને બે ઈન્દ્રિય. આ ત્રસ. પૃથ્વી, પાણી, વાયુ, વનસ્પતિ... આ ઈયળ, મકોડા ત્રણ ઈન્દ્રિય. સમજ્યાને? કીડી, મકોડા એ ત્રણેન્દ્રિય, આ માખી, પતંગિયા, ભમરા એ ચૌ ઈન્દ્રિય. ચાર ઈન્દ્રિય હોય છે. એક ઈન્દ્રિયને શરીર હોય, બે ઈન્દ્રિયની જીભ હોય, ત્રણ ઈન્દ્રિયને નાક હોય, ચૌ ઈન્દ્રિયને આંખ હોય, પાંચ ઈન્દ્રિયને કાન હોય એટલે પાંચ ઈન્દ્રિય હોય. એવા જીવો જે છે એ શરીરની અપેક્ષાએ તેને છ કાય કહ્યું છે. એમ આવે છે ને પ્રવચનસારમાં નથી આવતું? છ કાય તે જીવ નથી. એનું જ્ઞાન તે જીવ છે. સમજાણું કાંઈ? છ કાય તે જીવ નથી. છ કાયના શરીરને જીવ કહીએ તે જીવ છે? એમાં જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા તે જીવ છે. એય..! ભગવાનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિતર પેલો કહે, દયા, દાનમાં પાપ માને છે માટે નહિ. એમ કર્યું છે. આ લોકોને.. દયા, દાનના પરિણામ પુણ્ય છે. પણ એ પરનું કરી શકે છે માટે ... એ પ્રશ્ન જ ક્યાં છે બેયને? હિંમતભાઈ! એ પ્રશ્ન બેયને નથી. કરી શકેનો પ્રશ્ન જ ક્યાં છે? આ તો ઓલા કહે છે કે ભાઈ, પરની દયાના ભાવ છે તે પુણ્ય છે. ઓલો કહે પરને બચાવી દઈએના ભાવ તે પાપ છે. એ બેયની મોટી ચર્ચા.

મુમુક્ષુ :- કર્તાબુદ્ધિ રાખીને.

ઉત્તર :- કર્તાબુદ્ધિ રાખીને. બેયને. જેઠાલાલભાઈ! તમારા અમદાવાદમાં ચાલે છે. અહીં આવ્યા હતા. .. બધા વાંચ્યા હતા, હોં! અહીં આવ્યા છે બધા. મોટા મોટા ચોડ્યા છે ને? શું કહેવાય એ?

મુમુક્ષુ :- પોસ્ટર.

ઉત્તર :- હા. મોટા કાગળ. ચાર-પાંચ-છ અહીં આવ્યા હતા. એ સિવાય નાના-નાના બહુ આવ્યા ૧૦, ૧૫, ૨૦, ૨૫ આવ્યા હતા. શું છે કીધું આ અમદાવાદમાં? અરે.. ભગવાન! ઝઘડા છે ઝઘડા. .. દેશનું કામ કરતા ને? મણિલાલ કોઠારી હતા. (સંવત) ૧૯૯૦ની સાલમાં જોરાવર હતા. હું હતો અહીંયાં. તે દિ' તો મોટું હો-હા હતું ને. કાનજી મુનિ એટલે ઓહોહો..! ભગવાન. આની કોરથી હજારો માણસ, ઓલીકોરથી હજારો માણસ. જોરાવર ગયા ત્યાં. એમાં બધા આવેલા મણિલાલ કોઠારી ને એક બીજો હતો. .. ગુરુકુળવાળો. ગુરુકુળવાળો. .. મોઢાની .. એ હતો. બેય. માણસો આ બાજુ હજારો વા છેટું અને આ બાજુ હજારો. ઓહોહો..! મણિલાલ કહે છે કે આ તો એની એવી શક્તિ છે, એવું વ્યાખ્યાન-ભાષણ આપે છે કે બાયું પાસે દાગીના, બંગડીયું હોય એ છોડાવે ત્યાં. પૈસા તો ન હોય. એવું ભાષણ આપે... એવું ભાષણ.. એવું કરી દે આમ. એલા..! તમે કાંઈ સત્તાવાળા છો કે નહિ? કે ભિખારી તમે દાસીયું છો? તમે કાંઈ કરી શકો નહિ? ધણીનો હુકમ થાય તો જ આપી શકો? એવી કાંઈ આપણને બહુ આવડે નહિ ભાષા. એય..! એ કહેતા હતા ભાઈ એવું. આમ સભાની અંદર નામ હજારો બાયું હોય તો ત્યાં ને ત્યાં બંગડીયું કાઢે. પહેરેલી છે ને બંગડીયું? તમારી શક્તિ ખરી? તમારે તાબે કોઈ ચીજ ખરી કે તમે નોકર જ છો? રોટલા ઘડવા, ઘરની રસોઈની પેઠે. એલા રસોઈયાને પણ બસ્સે રૂપિયાનો પગાર મળે છે. રસોયાણીને બસ્સો રૂપિયાનો પગાર મળે. સારો રસોઈયો હોય તો. તમે આ ૨૫ વર્ષથી રસોઈ કરો છો એનું કાંઈ મહિને ગણ્યું તમારું કેટલું? એ કાંઈ દેવાનો હક ખરો કે નહિ તમારો? એય..! કપુરચંદભાઈ! અને પછી બાયું (કહે), લ્યો આ. બંગડીઓ આપે. સમજ્યાને? પહેર્યા હોય ને કો'ક. આત્મા કરી શકતો હશે એ? હવે સાંભળને. આવા ને આવા .. અને

ઉપદેશ જડની પર્યાય તું કરી શકે છે? બાપા! તને ખબર નથી. મણિલાલ કોઠારી હતા, મગનભાઈ! તે દિ' આપણે હતા નહિ? વ્યાખ્યાનમાં આવ્યા હતા. નહિ? બહુ ઘણું માણસ થઈ ગયું હતું. ..ભાઈ તે દિ' ત્યાં હતા. વ્યાખ્યાનમાં. તે દિ' ૩૫-૩૫ આર્જિકાઓ આમ ભરાય. સમવસરણ ભરાય. ૩-૩ હજાર માણસ વઢવાણમાં. ઓહોહો..! કીધું, આ બધો વેષ ઉતરે એટલી વાર છે. તે દિ' કહ્યું હતું હોં! આ વેષ ઉતરે એટલી વાર. બધા ભાગવાના. આમ પૈસા ઉતારાવી દઈએ, આમ કરાવી દઈએ. પણ તું પરનું કરી શકે એ વાત જ ક્યાં હતી? સમજાણું કાંઈ? ભાષાની ક્રિયા તારા અધિકારમાં છે? એ તો જડની અવસ્થા, પરમાણુ છે આ તો માટી છે. ધ્વનિ ઉઠે છે એ તો જડમાંથી ઉઠે છે. તારામાંથી, તારામાં જડ પડ્યું છે અંદર? ઉપદેશ દ્વારા આમ કરીએ. વળી આ લોકો પણ કહે છે ભાઈ, આ તેરાપંથી. ઉપદેશથી અમે ધર્મને પમાડીએ એમાં અમને નિર્જરા થાય. ઉપદેશથી.. બચાવો એમ ન કહ્યું પણ ન મારો, કોઈને ન મારવા, કોઈને ન કરવું, એવો અમે ઉપદેશ દઈએ તો અમને ધર્મ થાય. ઉપદેશથી ધર્મ થાતા હશે? આ ઉપદેશ તો જડ ભાષા છે. અને એમાં વિકલ્પ ઉઠ્યો છે એ પુણ્ય રાગ છે. આહાહા..! એય..!

મુમુક્ષુ :- ... પરંપરા...

ઉત્તર :- હા, એ તો વાત છે. પણ એ હમણાં ફેરવી નાખ્યું. સમજાણું કાંઈ?

પરને કરે કોણ? ભાઈ! તને ખબર નથી. તું ચૈતન્ય સ્વરૂપ છો ને. પરની ક્રિયા કરવા માટે તો પાંગળો છો. આહાહા..! અભિમાન છે ને અભિમાન. અમે આવા ઉપદેશ દીધા ત્યારે આમ દાન આવ્યા. અમે ખંખેરી નાખીએ. કરોડપતિ આવ્યો હોય તો એને એવો ઉપદેશ દઈએ તો લાખ બે લાખ તો ખંખેરી જાણે ફટ દઈને. એલા! લાખ-બે લાખ રૂપિયા પડવા, નીકળવા એ કાંઈ તારા ઉપદેશનો અધિકાર છે? અને તેં વિકલ્પ કર્યો માટે પડે છે એ? સાંભળ તો ખરો. આહાહા..! એ જ વાંધા. ખંખેરી નાખીએ અમે. શું ખંખેરી નાખ? તારા મિથ્યાત્વભાવને રાખ. સમકિતને ખંખેરી નાખ. પરનો કર્તા માનનારા કહે છે કે મૂઢ છે. આહાહા..! એય..!

**'જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ...'** લોકોત્તર એટલે શું? ઓલો મુમુક્ષુ. સમજાણું કાંઈ? મુનિઓ કીધા ને? મુમુક્ષુ ઓલામાં કહ્યા, અહીં મુનિ કીધા. લોકોત્તર હોય. લોકોત્તર એટલે શું? જૈનના સાધુ, વીતરાગના બાનામાં રહેલા નગ્ન દિગંબર મુનિ. સમજાણું? એવા. એક મોરપીંછી અને કમંડળ. દ્રવ્યલિંગ. આમ ભિક્ષા માટે એને માટે પ્રાણ જાય તોય આહાર કરેલો લે નહિ. પણ અંતર અભિપ્રાયમાં આ ક્રિયા, જડની ક્રિયા શરીરની હું કરું છું. કપુરચંદભાઈ! બહુ આકરી વાત છે, ભાઈ!

અને આ શરીર આમ ઊંચું કરીએ તો આ જીવ ન મર્યો. લ્યો. મેં ઊંચું કર્યું શરીર માટે ન મર્યો. એ શરીરની ક્રિયાનો કર્તા થાય છે, પરની પર્યાયનો કર્તા થાય છે એ લોકોત્તર હો. લોકોત્તર કોને કહે? ભાઈ! ઓલો નહિ સામાન્ય. જૈનના દિગંબર સાધુ તેને લોકોત્તર કહે. .. એ વખતે. કુંદકુંદાચાર્ય થયા ત્યારે. ... કહો, સમજાણું?

અહીં તો લોકોત્તર દિગંબર સંત મુનિ. આહાહા..! મોરપીંછી હું ઉપાડી શકું છું. કમંડળ લઈ શકું છું, કમંડળ મૂકી શકું છું. એવો જે પરદ્રવ્યની જડની અવસ્થા તેનો કર્તા થાય ને મેં આમ કર્યું તો આ જીવની રક્ષા કરી. શાસ્ત્રમાં એમ આવે હોં! જ્યારે ચાલતા જીવ નીચે હોય તો પગને ઊંચો કરવો, પાની ઉંચી કરવી, વચ્ચે આમ કરવું. અહીં કહે છે કે એ પાની મેં ઊંચી કરી માટે બચ્યો તો એ તારું કર્તાપણું છે.

મુમુક્ષુ :- .. વિચારભેદ.

ઉત્તર :- ના ના. વિચારભેદ શું હોય? એ તો ત્યાં એવો વિકલ્પ એને હોય કે આમ ન થાય. વિકલ્પથી કાંઈ આ પગ ઊંચો રહે છે? ભારે. યુગપત્ પ્રમાણે, ચોસલા પ્રમાણે જોઈને ચાલવું. એવું આવે.

મુમુક્ષુ :- ઈર્યાસમિતિ પાળવી જ પડે ને.

ઉત્તર :- એ તો વ્યવહારનયના કથન. .. જોઈને ચાલવું. આંખ આમ આમ થાય. એ આંખની ક્રિયા આત્માની છે? આમ.. જોવા થાય એ આંખની ક્રિયા આત્માની છે? સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે ભઈ આ. એને માર્ગ અનંત કાળથી મળ્યો નથી તો કાંઈ મોંઘો હશે કે નહિ? અનાદિ-અનાદિના અનંત ભવ કર્યા. કેટલા કર્યા? અનંતા... અનંતા.. અનંતા... અનંતને અનંત ગુણો તો અનંતા અનંતા એટલા કર્યા. આહાહા..! ક્યાં (અંત છે)? જુઓને આમ. ભાઈ! તને ખબર નથી. તે અનંતા ભવમાં કાંઈક વાત એવી રહી ગઈ છે કે તને તારા સ્વરૂપની ખબર પડી નથી. કર્તા માને લોકોત્તર સાધુ હોય તોપણ મિથ્યાદષ્ટિ છે. એનો વિશેષ ખુલાસો કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૮, ગુરુવાર તા. ૯-૧૧-૧૯૬૭**
**શ્લોક-૨૦૦, ગાથા-૩૨૧ થી ૩૨૩, પ્રવચન-૩૯૧**

૩૨૧ થી ૩૨૩ છે. એની ટીકા. સમયસાર. અધિકાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એમાં એમ આવ્યું છે કે..

'**ટીકા :- જેઓ આત્માને કર્તા જ દેખે છે–**' આત્માને પરપદાર્થનો કર્તા દેખે છે. '**તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...**' આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય શુદ્ધ મૂર્તિ છે. એ આત્મા આ દેહના, છ કાય જીવના કાર્ય કરે બચાવવાના આદિ કે શરીરના કાર્ય, એમ જે કોઈ જૈન સાધુ થઈને કે જૈનમાં રહેલા આત્માને કર્તા દેખે, દેખે કે આનું કાર્ય મેં કર્યું એવો લોકોત્તર એટલે જૈનમાં રહેલા સાધુ હોય કે શ્રાવક નામ ધરાવતા હોય તો '**લૌકિકતાને અતિક્રમતા નથી;...**' લૌકિકજન જેવા જ એ છે. જેમ લૌકિક કહે છે કે ભાઈ! આ કર્યા વિના થાય નહિ જગત. માટે એનો કર્તા કોઈ છે એમ માને છે. લૌકિક. કેમ કે સ્વતંત્ર છે, અનાદિના આત્મા પણ સ્વતંત્ર છે. આ રજકણો, જડ માટી એ પણ સ્વતંત્ર પદાર્થ છે જગતના. એને કરે કોણ? છે એને કરે કોણ અને નથી એને કરે કોણ? એટલે કોઈ કર્તા જગતની ચીજ છે નહિ કોઈ. વસ્તુ અનાદિઅનંત છે. જડ તે જડ અને આત્મા તે આત્મા.

કોઈ કહે છે કે ભાઈ! આત્મા જડમાં શી રીતે કરે? જડ તે જડથી શી રીતે કરે કામ? આત્મા હોય તો જડનું કામ થાય ને? જડ પણ વસ્તુ છે ને આ? શરીરાદિ આ વસ્તુ છે, તત્ત્વ છે અજીવ. એની અવસ્થાનું થવું તે જડને કારણે થાય છે. કોઈ બીજો કરનાર નથી. આત્મા કરનાર નથી તેમ બીજો કોઈ કરનાર નથી. સ્વતંત્ર આ પરમાણુઓ રજકણ પલટે છે. પલટીને એ પોતાનું જ કામ જડ કરે છે. એને અજ્ઞાની એમ માને કે અમે આ કામ કર્યા પરના તે લોકોત્તર એટલે જૈનનો સાધુ હો, નામ ધરાવે દિગંબર. શાસ્ત્રનું જાણપણું હોય, કષાયની મંદતા હોય, તોપણ તે લૌકિક માન્યતાથી છૂટ્યા નથી. મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન આવ્યું. એ તો કહ્યું હતું ને? કાલે પહેલું કહ્યું હતું. પહેલું કહ્યું હતું કે ગાથામાં છે એ ટીકામાં નથી. પહેલું કહ્યું હતું.

મુમુક્ષુ :- ખુલાસો...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આ ખુલાસો આવે છે ને આ. લોકો એમ કહે છે કે ભાઈ, અમે કાંઈ બન્યા વિના થઈએ? પણ છે એને બનાવે કોણ? આત્મા અનાદિ સત્ છે. સત્ છે એને બનાવે શું? બનાવે તો નહોતો ઈ?

મુમુક્ષુ :- પર્યાયને બનાવે.

ઉત્તર :- પર્યાયને બનાવે એ તો એનો દ્રવ્ય બનાવે. પર્યાય એટલે અવસ્થા, હાલત. આ રજકણ છે, હાલત છે જુઓને. પહેલી આની અવસ્થા હતી દાળ-ભાતની, અત્યારે આ થઈ છે, વળી રાખની થાશે.

મુમુક્ષુ :- ખાધા વિના થાય?

ઉત્તર :- ખાય કોણ? પીવે કોણ? એ તો જડની અવસ્થા એને કારણે પલટે છે. અજ્ઞાનીને જડતત્ત્વ જ માનવામાં આવતું નથી. એ જડ જ જાણે કાંઈ (નથી). હું હોઉં તો આ ચાલે, હું હોઉં તો બોલાય, હું હોઉં તો આ ઘર ને મકાન ને બધા થાય. એમ માને છે એ મૂઢ છે.

મુમુક્ષુ :- આમાં કાંઈ મૂઢ નથી કીધા. લૌકિક કીધા છે.

ઉત્તર :- લૌકિક એટલે મિથ્યાદૃષ્ટિ. લૌકિક એટલે મૂઢ અને લૌકિક એટલે જેવી દૃષ્ટિ છે લૌકિકની એવો એ છે. કહો, સમજાણું કાંઈ? આ તો હજી સ્થૂળ વાત છે.

'**લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,...**' એમ કહે. આ દેવ, સ્વર્ગ, નરક બનાવ્યા ભગવાને. એમ કહે. '**અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-**' છ કાયના જીવનું .. સમજાણું કાંઈ? પૃથ્વીના, પાણીના, અગ્નિના, વાયુ, વનસ્પતિના જીવ છે એને એના શરીર છે. તો એ શરીરના કાર્ય અમે કરીએ, અમે છીએ તો શરીરની છ કાયના જીવની રક્ષા કરી શકીએ. આકરી વાત છે ભાઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૈનદર્શન એટલે શું? જૈન એટલે આત્માનું સ્વરૂપ. આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ, શુદ્ધ આનંદકંદ, એનું ભાન થઈને રાગનો અભાવ કરવો એનું નામ જૈન. જૈન કંઈ સંપ્રદાય નથી. સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાદિઅનંત શાશ્વત તત્ત્વ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે ભગવાન આત્મા. એનો અનુભવ દૃષ્ટિ કરી અને રાગ મારામાં નથી એમ જીતવું અને સ્થિરતા દ્વારા રાગનો અભાવ કરવો એનું નામ જૈન. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અહિંસા આવી ગઈ?

ઉત્તર :- અહિંસા આવી ગઈ ને. એ આત્મામાં રાગની ઉત્પત્તિ ન થવી એનું નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહિંસા. એને એમ કે આ છ કાયની દયામાં આવ્યું, એમાં અહિંસા આવી કે નહિ? એ પ્રશ્ન. (છ કાયની વાત આવી ને) એટલે અહિંસા (પૂછ્યું). છ કાયના ગોવાળ, છ કાયના રક્ષક એમ લખે છે ને ઓલા કાગળમાં? ખમાવાનું કરે ત્યારે. શું કહેવાય આ? પડિક્કમણું. આ સવંત્સરી જાય ત્યારે લખે છે ને એકબીજા? સાધુ ઉપર લખે. છ કાયના ગોવાળ, છ કાયના રક્ષક, છ કાયના પિયર. લખે છે? એ તો જગતના જીવ છે. એકેન્દ્રિય, લીલોતરી આદિ, પૃથ્વી, બે, ત્રણ એકેન્દ્રિય આદિ અને એના ઉપર શરીર છે એ જડ છે. જડને જીવને રાખે કોણ અને ટાળે કોણ? એ તો પોતાની પર્યાયથી બની રહ્યા છે. ઝીણી વાત છે ભાઈ! એ જ્યાં ઊભો હોય ત્યાં જીવ બચ્યો તો મેં બચાવ્યો.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ આવે છે.

ઉત્તર :- એ નિમિત્તથી કથન છે. હતો એટલું જ્ઞાન કરાવવા. કહો, સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! એ તો જ્ઞાનસૂર્ય પ્રભુ છે. એ જ્ઞાન શું કરે? દૃષ્ટિનો દાખલો ન આપ્યો? દૃષ્ટિ શું કરે આંખ? આંખ અગ્નિને કરે? અને અગ્નિથી ઊની થાય આંખ?

મુમુક્ષુ :- એને બચાવે નહિ?

ઉત્તર :- કોણ બચાવે કોને? આ તેરાપંથીની જેમ વાત નથી, હોં! ઈ તો એમ કહે છે પરને આહાર-પાણી દેવાનો ભાવ કે કોઈ બચાવવાનો ભાવ એ પાપ છે એમ કહે છે. એમ નથી. અશુભભાવ એમ કહે છે. એમ નહિ. શુભભાવ છે એ. પુણ્ય છે. પણ પુણ્યભાવ છે માટે તેને બચાવી શકે છે એ વાત નથી. એટલી વાત અહીં છે. આહાહા..! મોટો ફેર. પણ વાત એ. જગત અનાદિથી એમ ને એમ આંધળે આંધળો ચાલ્યો જાય છે. સમજાણું? 'કર્તા મટે તો તૂટે કર્મ...' આવે છે ને કાંઈક? 'એ છે મહાભજનનો મર્મ.' આ કર્તા મટે તો શું કાંઈક કહે છે ને ભાષા? અખાનું આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી આવે છે. પહેલું.

મુમુક્ષુ :- કર્તા મટે તો છૂટે કર્મ.

ઉત્તર :- હા એ. એમ બોલોને ભાઈ! યાદ કાંઈ બધું રહે છે કંઈ? 'કર્તા મટે તો છૂટે કર્મ એ છે મહાભજનનો મર્મ.' સમજ્યા ને? એમ છે. 'તું છો જીવ તો કર્તા રહિત, તું છો શિવ તો વસ્તુ ખરી.' એમ આવે છે. સમજાણું? એ અખા ભગત છે. 'કર્તા મટે તો છૂટે કર્મ.' આ હું કરું... હું કરું... હું કરું.. એવું અભિમાન છે ને.

મુમુક્ષુ :- તું કર્તા નહિ, ભગવાન કર્તા છે.

ઉત્તર :- હા એમ કહે તો વ્યવહાર આવ્યો એમાં. 'તું છો શિવ તો વસ્તુ ખરી.' એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી કીધું. તું જો શિવસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છો તો એ વસ્તુ સાચી. કોઈનું કરવું-બરવું છે નહિ. વાત આકરી. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં મનાવ્યું છે ને? અમે આમ કર્યા, અમે આમ કર્યા. અમે આ બોલ્યા. કહો. સમજાણું? અમે આને આમ કર્યું, મદદ કરી. આ બધું હલાવે છે કે નહિ આ બધું જુઓને શું? .. માટે તમારે જાવું પડે છે કે નહિ રૂપિયા ભેગા કરવા? મુંબઈથી. કહો. અહીં તો કહે છે, કોણ રૂપિયા? એ તો જડ ચીજ છે રૂપિયો. પરમાણુ-પરમાણુ અજીવ છે. એનું આવવું-જવું એ જડને પોતાને કારણે છે. એમાં કોઈ એને કરે, બનાવે એમ છે નહિ. જુઓને! આ પક્ષઘાત થાય તો એની ઘણી ઈચ્છા હોય કે શરીર હલાવું. હલે શી રીતે? એની પોતાની ક્રિયામાં એમ નથી થવાનું. પક્ષઘાત થાય. બોલો જરી. શું બોલે?

મુમુક્ષુ :- એ તો અનેકાંત થયું. પક્ષઘાત...

ઉત્તર :- થઈ રહ્યું. બીજાને ન થાય એનો અર્થ થયો. એ એની થવાની ક્રિયા નથી એટલે આત્મા કરવા માગે તો થતું નથી. હાથ ઊંચો કર્યો એં.. એં... એં... એ તો જડની અવસ્થા છે. એ જડનું તત્ત્વ છે. એની શક્તિ એવી છે એવું માનવામાં આવતું નથી. જડ તો જાણે આપણે આધીન છે બધું જાણે. આત્મા કરે તો જડનું થાય, નહિતર એ બધા નમાલા છે એમ માને.

મુમુક્ષુ :- .. કર્મ આપણને હેરાન કરે.

ઉત્તર :- ધૂળ એવી કાંઈ વાત નથી. આજે આવ્યું છે પાછું જૈનદર્શનમાં. એકકોર એમ કે તમે કર્મને નિમિત્ત કહો છો અને વળી કહો છો કે નિમિત્ત એટલે વ્યવહારથી કહેવામાં આવ્યું છે. જુઓ, ફેરફાર આવ્યો. ફૂલચંદજી... અરે..! ભગવાન! શું કરે છે? આને લાકડું એ ગરી ગયું જૈનમાં. કર્મ આત્માને કરાવે, કર્મ આત્માને હેરાન કરે. એ આવ્યું લખાણ ખૂબ. જુઓ! જૈનદર્શન છે. વાંચવા જેવું જરી. એ નવું એણે પોતે નાખ્યું. બેને મેળવ્યું. પહેલા તમારે જૈન તત્ત્વમાં આમ નાખ્યું, ઢીંકણામાં આમ નાખ્યું, પહેલું આમ કહ્યું, ત્રીજા બોલમાં આમ કહ્યું છે. એક કોર નિમિત્ત તમે કબુલ્યું છે, વળી બીજી રીતે કહો છો કે નિમિત્ત તો વ્યવહારે કહેવામાં આવે છે. એમ કરીને નિમિત્ત કાંઈ કરતું નથી એમ કહેવા માગો છો. પણ એમ જ છે. સાંભળને.

આત્મામાં વિકાર કરે છે એ કાંઈ કર્મ કરાવે છે એમ છે? એ પોતે વિકાર કરે તો થાય છે. એ પણ અજ્ઞાનભાવથી. સ્વરૂપનું જ્યાં ભાન નથી કે હું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું. મારી ખાણમાં તો આનંદ અને શાંતિ જ પડી છે. આત્માના અંતર સ્વભાવનું સત્ત્વ તત્ત્વ જે છે એ તો ઘન આનંદનો ઘન છે આત્મા. પણ ક્યાં એને ખબર ન મળે. સમજાણું

કાંઈ? આત્મા આનંદનું ઢીમ છે. ઢીમ શું કહે છે આ? કહે છે ને? ઢીમ થઈ ગયું એમ નથી કહેતા? જામી ગયું.

ભગવાન આત્મા... આ રજકણ આ તો માટી-ધૂળ છે. જગતના અજીવ તત્ત્વો છે. એનાથી ચૈતન્ય ઢીમ છે, આનંદકંદ છે, શાંતરસનો સમુદ્ર છે. એ આત્મા આટલું ક્ષેત્ર ભલે હો પણ અંદર સ્વભાવની બેહદતા છે અંદર. એની એને ખબર ન મળે અને બીજાના માપ કરવા ગયો. કર્મથી આ થાય, ઢીંકણાથી આ થાય. ધૂળેય થાય નહિ, સાંભળને. તું વિકાર કર તો થાય ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે. પણ કર્મને તું બાંધ અને કર્મ તને વિકાર કરાવે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. શું કહે છે? આ પકડવું કઠણ. ગ્રીક-લેટિન જેવી ભાષા લાગે. જગતને અભ્યાસ ન મળે તત્ત્વનો. આંધળે આંધળું એમ ને એમ ચાલ્યું ગયું છે. આહાહા..!

કહે છે કે ભાઈ! તું તો કેવો છો? ચૈતન્ય પ્રભુ છો. તારામાં તો એટલું સામર્થ્ય છે કે જેની સામર્થ્યની અનંતુ વીર્ય જે કેવળજ્ઞાનીને પ્રગટ્યું, પરમાત્મા સર્વજ્ઞ થયાને પ્રગટ્યું, એવું અનંતુ... અનંતુ... અનંતુ... વીર્ય અનંતી પર્યાયના વીર્યનો પિંડ તું છો. કેવળજ્ઞાનીને તો એક સમયની વીર્યશક્તિ પૂર્ણ અનંત સામર્થ્ય પૂર્ણ પ્રગટ્યું. આત્મામાં તો એવી અનંતી પર્યાયનું સામર્થ્ય એક વીર્યગુણમાં પડ્યું છે. એવા સ્વભાવને અધિક તરીકે જાણે તો તો રાગનો પણ કર્તા નથી અને પરનો પણ કર્તા નથી. એ તો સ્વભાવ તરફની દૃષ્ટિનો અનુભવ કરનારો છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી બહારના કર્તાની વાત ચાલે છે અહીં તો. એ કહેશે...

કહે છે કે '**લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,...**' અને આ લોકથી બહાર નીકળેલા જૈનના નામ ધરાવનારાઓ પોતાનો આત્મા તે કાર્ય કરે. એટલે દેવપણું બનાવે, શરીરને રચે. આવે છે ને આ? પહેલા ઊપજે ત્યારે. આહાર બનાવે, શરીર, ઈન્દ્રિય એ. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. છ પર્યાપ્તિ બાંધે છે ને? મરતા પહેલા. ઓલા ભવમાં આવ્યો અહીં માતાના પેટમાં કે અહીંથી કીડીમાં, કાગડામાં ગયો ક્યાંક. ત્યાં પહેલા આહાર લે, પછી શરીર બને, પછી ઈન્દ્રિય બને, શ્વાસ બને, ભાષા બને એવું બધું. છ હોય ત્યાં. એ આત્મા બનાવે કે નહિ એ? ના. એ શાસ્ત્રમાં લખ્યું છે એનો અર્થ કે તું ત્યાં હો ત્યાં એ બને છે એને કારણે. તેને માટે તો આ વાત કરે છે. સમજાણું કાંઈ?

ઓલા ભવમાંથી અહીં માતાના પેટમાં આવ્યો ત્યારે પહેલું કાંઈ હતું નહિ. પહેલો તો એક લોહીનું બિંદુ અને એક વીર્યનું બિંદુ બે હતા. એમાં બીજેથી આવ્યો. હવે એમાં પહેલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમયે બધું કહે છે કે આહાર, શરીર, ઈન્દ્રિયો. આ.. આદિ. શ્વાસ. ભાષા થાય એ અને મન. એ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ બધું પહેલે સમયે ત્યાં રજકણોની પર્યાયની... રજકણોમાં એ શરૂ થઈ જાય. આત્મા તો ત્યાં હોય છે. એણે ભાવ એવો કર્યો હોય છે તો એવી યોગ્યતામાં તે આવ્યો. પણ એ રજકણોનું બંધાવું અને પરણમવું એ રજકણને લઈને આત્મા કરતા નથી એમ અહીં સિદ્ધ કરવું છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાપ્ત જીવ છે જ નહિ. જીવ તો છે એ છે. મગનભાઈ! પર્યાપ્ત ... બાંધ્યું ત્યારે. એ માટે તો આ વાત ચાલે છે. ભગવાને અહીં ઊપજાવ્યો. ભગવાને ઊપજાવ્યો કે તારા ભાવથી આવ્યો છે અહીંયાં? જેવા તેં ભાવ કર્યા એ પ્રમાણે અહીં આવ્યો. અને ત્યાં રજકણો જે પરમાણુ છે, રજકણો માતાના પેટમાં ત્યાં એને રજકણો એને કારણે ત્યાં શરીર બંધાય છે. શરીરના અવયવો જુઓને આ બધા થયા એના પહેલા ત્યાં સાધારણ હતું. પછી આ એનું એન્લાર્જ થયું છે આ બધું. મોટું થયું આ બધું દાળ, ભાત, શાક પડી પડીને આ. આ તો બધું જડનું છે. એ પહેલે સમયે શરીર અને આહાર શરીરની ઈન્દ્રિયની રચના આત્માએ કરી નથી એમ અહીં કહેવું છે. એમ કે દેવને ઓલો બનાવે ને ત્યારે આ કહે દેવની પર્યાયને શરીર ઊપજ્યું ત્યાં મેં દેવની પર્યાય બાંધી, ઊપજી દેવની પર્યાય, મેં નારકીની, શરીરની પર્યાય કરી, આ એકેન્દ્રિયની કરી, પશુની કરી, મનુષ્યની કરી. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મજ્ઞાન સહિત જ્યારે માતાના પેટમાં આવે તોપણ તે આત્મા રજકણનો કર્તા છે એમ અંદર દૃષ્ટિમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મજ્ઞાન સહિત સ્વર્ગમાં જાય અને આત્મજ્ઞાન સહિત સ્વર્ગમાંથી અહીં મનુષ્યમાં પણ કોઈ આવે તો એ રજકણોની આહાર-શરીર શાસ્ત્રમાં એમ કહ્યું કે આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એમ જીવે બાંધ્યા. પર્યાપ્ત બાંધ્યા. અપર્યાપ્તમાંથી પર્યાપ્ત થયો, પૂર્ણ થયું. એ આત્માએ ગ્રહ્યું. આત્માએ આમ શરીર ગ્રહ્યું, એણે ઈન્દ્રિય કરી, ફલાણું કર્યું, ઢીંકણું એવી ભાષા આવે શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- પર્યાપ્ત અને અપર્યાપ્ત.

ઉત્તર :- એ જ કહે છે કે પર્યાપ્ત અપર્યાપ્ત પરમાણુની પર્યાય થઈ છે કે તું થયો છો? તું તો જ્ઞાનસ્વરૂપ છો. બહુ થયો હોય તો તારામાં રાગ-દ્વેષ થયા હોય. પણ એ રજકણની ક્રિયા તું કરે શકે છો? ખબર ક્યાં છે એને? તો તો પછી કરવું હોય તો આવું કાળું શરીર શું કરવા થવા દે? આમ જન્મે ત્યારથી કેટલાકના શરીર એવા હોય છે કે નહિ? એને ભાવ હોય એવો શરીર એવા રચવાનો? કે આવું .. આ થયા અને વળી પાછા શીતળા-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બીતળા નીકળે તો અહીં નીકળે તો બધું સરખાઈ શરીર થઈ જાય. શરમાઈ જાય, બીજાને દેખાડતા. ઈ તો રજકણ જડ છે પરમાણુઓ, એમાં પલટવાની શક્તિથી તે તેને કારણે પલટીને પરિણમી રહ્યા છે. તારે કારણે નહિ. શું થાય? ભ્રમ પણ ગરી ગયો છે ને એને. હું જાણે આ બધું કરી દઉં.

એક દિ' છોકરો કહેતો હતો, ભાઈ! કાળો છોકરો હતો ને કાળો બહુ. કહે આવું શરીર શું કે, આવું હોય રૂપાળું. એને ઓલું ધોળું શરીર... પણ કાળું ને ધોળું એ તો જડની દશા છે. શરીર કાળા એટલે શું હોય? કાળું નહિ, સુંદર હોય. આ તો જડ, માટી, ધૂળ છે. એની અવસ્થા થવી, જેવા એણે પરિણામ પૂર્વે કર્યા હોય એ પ્રમાણે એને નામકર્મના રજકણોની રચના જડમાં સ્વતંત્ર થાય છે. આઠ કર્મ છે. એમાં નામકર્મ છે. જેમ .. ચિતરે ને? કુંભાર. નાના-મોટા વાસણ બધા કરે છે કે નહિ? એમ એ નામકર્મ પરમાણુ છે. એના ઉદયમાં એને જે શરીરની જે અવસ્થા થવી આમ થવું, આમ થવું. જુઓ! કો'કનું માથું આમ મોટું હોય, સમજ્યાને? આંખ આમ રહી જાય, કોઈને આંખ આમ હોય. જોયા છે ને એવા. કોઈના કાન લાંબા હોય, કેટલાકને આ હોય, કોઈને આ હોય. એ બધું પરમાણુઓમાં પૂર્વે એને પરિણામનું નિમિત્ત હતું, પરમાણુ સ્વતંત્ર પરિણમ્યા અને અહીં પણ એ પરમાણુમાં એ પૂર્વનું કર્મ એને નિમિત્ત થયું. એ પરમાણુઓ સ્વતંત્ર પરિણમે છે. જુઓ! આ નાકની અણીમાં બધામાં ફેર હશે. કોઈને એકસરખું નહિ હોય. દરેકમાં. અણીમાં ફેર, આંખમાં ફેર, આ છે ને? એની દરેકની લીટી જુઓ તો દરેકમાં ફેર હશે. કોકની આમ અડીને, કોકની આમ ટૂંકી, કોકને આમ, કોકને આમ. બધામાં ફેર હોય. કારણ કે આત્માદીઠ એના પરિણામ ફેર હતા, ભાવ અને એના કર્મફેર હતા. કર્મ પ્રમાણે એનું નિમિત્તમાં આ બધું પરિણમન સ્વતંત્ર થાય છે. આહાહા..! કોણ કર્તા હશે આમાં? મોહનભાઈ! કર્તા ના પાડે છે. કોઈ કર્તા હશે? કર્તા જડ છે જડનો. એમ કહે છે. કોઈ બીજો કર્તા નથી. જુઓ! લાવો દાખલો એક.

એકલા પરમાણુઓ ધૂળ હોય એને આવી ચામડી બનાવી દ્યો આવી. આવી. લ્યો, પરમાણુ ભેગા નાખીને રોટલીના. આવી બનાવો. બની શકશે? ઈ આ પરમાણુઓ પોતે રજકણો એ અવસ્થાપણે પરિણમ્યા છે. એને ઈશ્વર બીજો કોઈ બનાવી દે અને આત્મા બનાવી દે એમ બની શકતું નથી. આ જુઓ આ રજકણ છે કે નહિ? અવસ્થા આવી છે કે નહિ? એ અવસ્થા રજકણે પોતે બનાવી છે. સમજાણું કાંઈ? એકલો આત્મા હોય અને બીજા પરમાણુ ભેગા નાખ્યા હોય અને ચામડી બનાવી દ્યો આટલી કટકી છૂટી. છૂટા રોટલા નાખો, આ નાખો સમજ્યા. સારા-સારા. સમજ્યાને? એમાંથી કોઈ ચામડીનો કટકો આટલો બનાવો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તમારા હાથની વાત હોય તો. નખ આવો, નાક આવું. ભાઈ! એ રજકણો બાપુ તને ખબર નથી. એ પરમાણુઓ અનંત છે. એ અનંત રજકણોમાં ભિન્ન ભિન્ન અવસ્થા થવાની તાકાત તે પ્રમાણે રજકણો જ એ રચનાને કરે છે. આત્મા એનો રચનારો નથી. સમજાણું કાંઈ? ઓલામાં ભજનમાં આવે રચનાર... શું કાંઈ? 'ઘડનારાને જાણો રે..' એવું ગાયન આવ્યું છે નહિ આપણે? ઓલામાં .. આપણે ગયા હતા ત્યાં. સાયલા પાસે ઓલું ડોળિયા. ડોળિયામાં એક બોલતો હતો બાવો. 'ઘડનારાને જાણો ભાઈ તમે ઘડનારાને જાણો...' એવું આવે છે. ભજન આવે છે કે નહિ? મોહનભાઈ! મોહનભાઈને ખબર હશે. કારણ કે એ બહુ બોલે છે ઓલામાં.

મુમુક્ષુ :- ....

ઉત્તર : એ વાત ખોટી, ઈ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત જ ખોટી છે. એના ભાવ જેવા હતા ને પુણ્ય-પાપના એ પ્રમાણે રજકણો થયા. એમ રજકણ પોતાથી થયા છે એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- એ એમ જ કહે છે, ઈશ્વરે પુણ્ય-પાપ હતું એવા ઘડ્યું.

ઉત્તર :- એના પુણ્ય-પાપ પ્રમાણે તો એનાથી થાય. કોઈ ઈશ્વર આવું શું કરવા ઘડે? એના માટે તો આ સિદ્ધાંત લીધો છે-તત્ત્વ. ઈશ્વર તો પરમાત્મા સર્વજ્ઞદેવ આનંદમૂર્તિ વીતરાગ પરમેશ્વર એનું નામ ઈશ્વર કહેવાય. કો'કનું કરવા જાય તો તો તમે કરો અને એ કરે બેય સરખા થયા. સમજાણું કાંઈ? કાલે કહ્યું નહોતું આમાં? શ્રીમદ્‌માં.

કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.
કર્તા ઈશ્વર તે ગણે ઈશ્વર દોષ પ્રભાવ.

એ તો ઈશ્વરને દોષ આપવા જેવું છે. સમજાણું કાંઈ? બાપુ! ઈશ્વરતા તો મોટપ તો પોતાના જ્ઞાન અને આનંદની ઈશ્વરતા છે. પરને કરવાની ઈશ્વરતા હોય આત્મામાં?

મુમુક્ષુ :- .. કાયાનો ઘડનારો ઘટમાં.

ઉત્તર :- એ ઘટમાં એટલે એ નિમિત્તથી વાત છે. ઘડનારો રજકણે રજકણથી ઘડાણો છે. એ એમાં આવે છે ભજન.

મુમુક્ષુ :- કાયાનો ઘડનારો ઘટમાં.

ઉત્તર :- ઘટમાં એટલે આત્મા ઘડે છે એ નિમિત્તથી કથન છે.

મુમુક્ષુ :- .. હું જાણનારો...

ઉત્તર :- એ તો જાણનારો બસ થઈ રહ્યું, એનો અર્થ એ. જાણનાર સિવાય કરે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અભિમાન કરે. મેં કર્યું... મેં કર્યું.. મેં કર્યું... ધૂળ શું તું કરે? આ તો જડ માટી ધૂળ છે. આહાહા..! રજકણો સડી જાય, લ્યો! બગડી જાય અંદર આત્મા હોય ત્યાં. કેટલા. શું કહેવાય? પરુ થાય છે. શું કાંઈક નથી કહેતા? .. મોટો ડોક્ટર ઓલો. પોપટલાલ ડોક્ટર. કેટલાના કરેલા આવા. લીંબડીના હતા ને મોટા? .. થયું આ. ડોક્ટરને પૂછ્યું. પરુ થાય. હાય.. હાય.. એ તો રજકણોની દશા બાપા! તારી છે? સમજાણું કાંઈ? પણ એને અભિમાન છે ને, આમ કરું ને આમ કરું ને આમ કરું.

મુમુક્ષુ :- હુશિયાર ડોક્ટર હતા.

ઉત્તર :- હુશિયાર એમાં આ પરુ થઈ ગયા, લ્યો હુશિયાર. આ ડોક્ટર નહોતો તમારો પોપટલાલ? એને પરુ થયા લ્યો! એ હુશિયાર હતો. પોપટલાલ હમણાં ગુજરી ગયા ને? ધોળા-રાણપુર. એ પોપટલાલ ડોક્ટર. આ પોપટલાલ ડોક્ટર. એ પણ વિશાશ્રીમાળી અને આ પણ વિશાશ્રીમાળી. સંઘવી. આ તો સ્થાનકવાસી. આમ થયું ને તેમ થયું. મોટા મોટા ડોક્ટર મરી જાય. શરીરની અવસ્થા થવી એને કોણ રોકે? હમણાં નહોતું એક ડોક્ટર કીધું ઓલો કોક હતો દિલ્હીમાં? કોણ હતો?

મુમુક્ષુ :- અન્સારી.

ઉત્તર :- અન્સારી તો મરી ગયો પહેલા. આ તો હમણાં એક લોયા કો'ક છે ને દેશનો નેતા? ઓલો માંદો હતો તો ગયો હતો ઓલો દસ્તુર. દસ્તુર ગયો તો એને પક્ષઘાત થઈ ગયો. પોતાને પક્ષઘાત થયો. કરે શું ધૂળ? અને આપણે અહીં દસ્તુર ડોક્ટર છે ને ભાઈ નહિ? રાજકોટ. એનો બાપ. બાર મહિનાથી પડ્યો છે અસાધ્ય. બાર મહિનાથી અસાધ્ય છે. આ પ્રભુભાઈને લઈને વાત થઈ હતી. કો'ક કહે પણ ઈંજેક્શન દઈ દે ને. હવે ક્યાં સુધી? અરે..! બાપને ઈંજેક્શન દેવાય? સમજ્યાને? અસાધ્ય છે. આમ ભૂંગળીથી આપે છે. એક માણસ રાખ્યો છે સેવા કરે છે. એને કાંઈ ભાન નથી. બાર મહિના લ્યો! એ મોટો ડોક્ટર હતો. એને દીકરો મોટો ડોક્ટર દસ્તુર મોટો. આપણે દસ્તુર નહોતો અહીં ભાવનગરમાં? બસ એ જ. ભાવનગર હતો એ. આ એનો બાપ અત્યારે બાર મહિનાથી પડ્યો છે આમ અસાધ્ય. કાંઈ ખબર ન મળે. પેશાબ આમ નીકળી જાય. ઓલી નાખ્યું હોય. બાપા! એ રજકણ ધૂળની અવસ્થા છે. ભાઈ! તારા કામ નહિ. પણ તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં હોય ત્યાં હું કરું તો થાય. નહિતર ન થાય. મારી નાખ્યો એણે જીવને. એ તો ચૈતન્ય આનંદ સ્વરૂપ છે, એનો અનાદર કરીને આને કરું એવું માનવામાં આવે છે. એનો આદર થાય તો એ જ્ઞાન સ્વરૂપ છે, ચૈતન્ય છે. એ કોને કરે? અરે..ભાઈ! એ વિકલ્પ જે

રાગ છે એને કરે કોણ? જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એની અંતર દૃષ્ટિ થઈ એટલે રાગનો વિકલ્પ આવે, આવે પણ મારું પરિણમન એ છે અને મારી ચીજ છે એમ જ્ઞાની ધર્મી માનતો નથી. આહાહા..! અહીં તો હજી લોકો માને એમ બધા આ પણ માને. અમે કરી દઈએ. બીજાના ઉદ્ધાર કરી દઈએ. છોકરાઓને આમ કરી દઈએ, બાળકોને ઉદ્ધાર કરી દઈએ. સમજ્યા કે નહિ? આકરું કામ છે ભાઈ! જગતથી વિરૂદ્ધ છે આ વાત. વાતું કરે.

મુમુક્ષુ :- યોજનાઓ ઘણી થાય છે.

ઉત્તર :- યોજનાઓ આ કરી ને આ કરી. તે દિ' બતાવ્યું નહોતું? ઢેબરભાઈને. ત્યારે ઢેબરભાઈ કહે, ત્યારે અમે નિમિત્ત થઈએ ને? થયા. થાય ત્યારે નિમિત્ત કહેવાય. એ વિના નિમિત્ત શું થાતો હતો? સમજાણું કાંઈ? આ યોજના કરી ને આ યોજના કરી. એય..! ... ..ભાઈ! યોજના એ કરતા હશે ને તમે લાકડા-બાકડા મૂકો. લાતી. લલિત કરતો હશે તમારો. લાખ-બે લાખના લાકડા રાખવા, આમ ઊભા કરવા. લાકડા ઊભા કરવા છે ને?

મુમુક્ષુ :- લાકડા હતા એમાંથી લાખોની ઊપજ થઈ ગઈ.

ઉત્તર :- હા. એટલામાં ચાર વઢવાણ, જોરાવર અને કાંપ. ત્રણમાં લાતીનો મોટો વેપારી એ છે જુઓ મોટો. વેપારી કહે છે એમ માણસ માને છે. કરે કોણ? સમજાણું કાંઈ? બાપુ! એ તો રજકણોનો, પરમાણુઓનો જેનો સ્વભાવ છે એ પોતાના પ્રવાહરૂપે પરિણમીને તે સ્થિતિમાં ઊભા છે. એનો આત્મા કર્તા નથી. ભારે કઠણ વાત. બાયુંને પણ હુશિયારીનું અભિમાન હોય છે કેટલાકને. અમારા હાથે દાળ સારી થાય, અમારા હાથે ચોખા સારા થાય, અમારે હાથે પુરણપોળી સારી થાય. ધૂળેય ન થાય, સાંભળને હવે. તું કોણ? તું તો આત્મા છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું બને? ધૂળ બને? હવે એ .. રસોડું રસોઈ છે. રસોઈ છે તો બગડી પણ જાય. એમ બોલે છે. ડાહીની દીકરી બેઠી હોય તોપણ બગડી જાય. આ કેમ થઈ ગયું? આપણે નહોતું અહીં? એક ફેરી મેસુબ બગડ્યો હતો ને. યાદ તો રહે કે નહિ? એય..! બગડ્યો હતો. બચુભાઈ હતા ને આ બચુ? મૈસુબ બગડ્યો. હવે? નુકસાન જાય તો સંસ્થાને જાય. પણ બહારમાં ખરાબ કહેવાશે ને? નાખી દીધો ચૂલામાં. આવું સાંભળ્યું હતું, હોં! આપણે કાંઈ જોવા ગયા છે? કો'ક વાતું કરતું હતું. મેસુબ કરવા ગયા એમાં કાંઈક થઈ ગયો કડક. ગમે તે થયું હોય. લોકો ઓલું કરશે.

મુમુક્ષુ :- દાઝી ગયો.

ઉત્તર :- દાઝી ગયો કે કાંઈક હશે. એ તો એની પર્યાય થવાની હોય એમ થાય. શું આત્મા કરે છે એને? એને પછી એમ ને એમ નાખી દીધો એણે અગ્નિમાં નીચે.

મુમુક્ષુ :- .. કડવો થાય

ઉત્તર :- પણ એ ગરીબને બહાર આપે તો એ બિચારા પણ ખાત ને. પણ બહારમાં પાછું એમ થાય ને લ્યો લોકો નિંદા કર્યા કરે ને. આ તો નાખી દીધું થોડું ખબર પડે જાવ બીજું. પણ સારો તો થાય. મલૂકચંદભાઈ ઠપકો આપે નહિતર, લ્યો! આવો કર્યો? બાયુંમાં પણ એવું હોય, હોં! કો'ક એવી ચીજ બગડી ગઈ હોય ને? સંતાડી રાખે. એવું સાંભળ્યું હતું એક ઠેકાણે. બગડેલી ચીજ. જાણે સારી ઊંચી ચીજ કરેલી. બગડી. મૂકી રાખે. ધણીને ખબર પડવા ન દીધી. નવી બનાવી બીજી ચીજ. અહીં તો ઘણાં દાખલા હોય છે ને. આ બહાર પડશે તો આ બધા મહેમાનો આવ્યા છે ને આપણું ઉઘાડું પડી જશે. કેમ વાર લાગી? ભાઈ વાર છે, થોડી વાર છે, થોડી વાર છે. ઓલું એક કોર મૂકી દીધું. ચૂલામાં મૂકી દીધું. કોણ બનાવે? ભાઈ! તને ખબર નથી. પરમાણુ જડની અવસ્થા એને આત્મા કરે એ માન્યતા મૂઢ અજ્ઞાનીઓની છે. આહાહા..! મોહનભાઈ! શું હશે આ?

'**તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-એમ અપસિદ્ધાંતની સમાનતા છે.**' અપસિદ્ધાંત એટલે ખોટો સિદ્ધાંત, ભૂલભરેલો સિદ્ધાંત.

મુમુક્ષુ :- એને સિદ્ધાંત કહેવાય?

ઉત્તર :- સિદ્ધાંત કહેવાય. એને અપસિદ્ધાંત. અપસિદ્ધાંત એટલે ખોટો સિદ્ધાંત. ખોટો નિર્ણય. સમજાય છે? લ્યો આ એમ કહે કે આનું આ કરે. ત્યારે આ કહે, અમે આનું કરી દઈએ, છ કાયનું કરી દઈએ, આનું કરી દઈએ. દુનિયાનો ઉદ્ધાર કરી દઈએ. લ્યો! દુનિયાને તારી દઈએ. બંધ અધિકારમાં ઘણું આવ્યું છે. બંધ મોક્ષ કરી દઈએ પરનો. પરનું તો કાંઈ કરતો હશે? તું તે કોણ? તું તો અંદરમાં.. અમૃતચંદ્રાચાર્યે કહ્યું ને આ ટીકા કહીને, મેં ટીકા કરી છે એમ માનશો નહિ ભાઈ! હું તો આત્મા છું. એ ટીકા થઈ છે શબ્દો બની છે. આવ્યું છે પાછળ છે ને? છે કે નહિ અંદર શ્લોક?

મુમુક્ષુ :- મોટા માણસો એમ જ કહે ને.

ઉત્તર :- .. હોય? વસ્તુની સ્થિતિ વર્ણવી છે. ક્યાં છે? આવ્યું ઈ.

મુમુક્ષુ :- ૬૪૧.

ઉત્તર :- આમાં? જુઓ! '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ...**' જુઓ! આમાં છે. છેલ્લો કળશ.

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**
**र्व्याख्या कृतेयं समयस्य शब्दैः।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ મોહનભાઈને બતાવો મોહનભાઈને. એય..! જોડે કોણ છે? શ્લોક બતાવો શ્લોક. એની ટીકા બતાવો ટીકા. અર્થ છે ને અર્થ? એ જુઓ અર્થ. એ સંસ્કૃત શ્લોકનો અર્થ છે.

'**શ્લોકાર્થ :- પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા કરી છે;...**' આ સમયસારની ટીકા શબ્દોએ કરી છે એમ કહે છે. મોહનભાઈ! આચાર્ય કહે છે, હું નહિ, હું નહિ. બાપુ! હું તો આત્મા છું. અમૃતચંદ્રાચાર્ય જેવા સંત મુનિ જંગલમાં વસતા આનંદકંદમાં. વિકલ્પ આવ્યો એ પણ મારું કર્તવ્ય નથી. આ વાણીની પર્યાય શબ્દોએ કરી છે. છે? આ ટીકા '**આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) કરી છે;...**' શબ્દોએ, પરમાણુએ, મેં નહિ. હું તો '**સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત)...**' છું હું તો. એમાં '**અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' આહાહા..! છે ને? ભાઈ કપુરચંદભાઈ! ભાઈ! આ રજકણો છે. ભાઈ! અક્ષર પણ અનંતા રજકણોનો બન્યો છે. એ અક્ષરને કોણ કરે? માણસને ભારે ભ્રમ છે. અવાજ નીકળે. જાણે અવાજ મેં કાઢ્યો. એ તો કંઠનો, જડનો અવાજ છે. તું છો એમાં જડમાં? તું તો અરૂપી છો.

મુમુક્ષુ :- એક માણસનો બીજાનો અવાજ જુદી જુદી જાતનો હોય.

ઉત્તર :- જુદી જુદી જાતનો. જડની અવસ્થા ભિન્ન ભિન્ન હોય છે. એક જ અવસ્થા હોય? એકજ સરખી હોય? કહો, સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે જેમ આ લૌકિક... સમજ્યાને? કહે છે એમ અજ્ઞાની પણ આત્માને કર્તા માને. બેય એક જાતના ભૂલભરેલા છે એમ કહે છે. બેય એક જાતના ભૂલભરેલા છે. આહાહા..! '**માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે,...**' કારણ કે એ તો કર્તા છે તો નિત્ય રહેશે કરવાપણું. કોઈ દિ' એની મુક્તિ તો થશે નહિ. આ કરું.. આ કરું... જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં ત્યાં એની ઉપસ્થિતિ હોવી જોઈએ. કર્તા માને તો જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં એની હયાતી હોય. એટલે તો ત્યાં ને ત્યાં રખડ્યા કરશે ચોર્યાસીના અવતારમાં. '**આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક,...**' જેવા લોકો કહે છે એની પેઠે '**લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.**' લોકોત્તર નામ ધરાવે પણ અમે કરીએ... અમે કરીએ... અમે કરીએ... ભારે ઝીણી વાત. અમે કરીએ છીએ.. અમે કરીએ છીએ પરનું. અમને પર કરાવે, અમે પરને કરીએ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- કેમ ન કરાવે?. .

ઉત્તર :- હા એ તો વારાફરતી વારા. લોકો કહે છે ને. શું કોનો વારો ભાઈ? કોણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપકાર કોનો કરે? ભારે આકરું જગતને. તો તો પછી આ બધું ઊડી જશે. શું ઉડી જશે? સાંભળને હવે, તું ક્યાં કરતો હતો તે ઉડી જાય? એ થવાનું હશે એ થાશે. ત્યારે થવાનું હશે એ થાશે એ થઈ જશે વળી એમ એને. જ્યાં હોય ત્યાં. નિયતવાદ અને અનિયતવાદ એ આવ્યું હતું. સમજાણું કાંઈ?

ભાઈ! તારે આ માન્યતા છોડ્યા વિના તને શાંતિ નહિ મળે, ભાઈ! જ્યાં ત્યાં હું.. હું.. તારે તારા સામું જોવાનું છે કે અહીં બહાર જોવાનું છે? તારે આનું કરું.. આનું કરું... તો એને બહારમાં જોવાનું રહ્યું, અંદરમાં જોવાનું રહ્યું નહિ. હું કોણ છું અંદર? જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છું. અનાદિથી એવો છું. પણ આ માન્યતાનો ભ્રમ હતો એ ભ્રમ ટાળે એટલે ભગવાન જ છે એ આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

'**(મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.**' લ્યો! જૈન સાધુ હોય દિગંબર. હું આ જીવને આમ કરું છું, આ શરીરના રજકણને સાચવું છું, શરીરની સાવધાની રાખીને આમ કરું છું. જો ભાઈ પથ્ય આહાર લઈએ તો શરીર નિરોગી રહે. એમ માને છે મૂઢ. આહાર આવવો, ન આવવો એ તારા અધિકારની વાત છે? આ તો ઈ વાત કરે છે. છ કાય એટલે પોતાનું શરીર છે ને એમાં પણ. આવો આહાર લઈએ તો આમ થાય, આવું લઈએ તો આમ થાય. સાત્વિક લઈએ દૂધ ને મોસંબી ને સાદા પાણી તો આપણને શરીર સાત્વિકપણે કામ આપે. મૂઢ છો? એ તો પરમાણુની રજકણની અવસ્થા છે. એમાં સાત્વિકપણું આવ્યું ક્યાંથી? ભારે વાત ભાઈ! સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું .. એ બધું મોસંબી-મોસંબી ચડાવે છે. નથી ચડાવતા? રામજીભાઈ. રોટલી-બોટલી અમુક ખાય પણ ખાય છે કે નહિ મહિને કેટલું ઓલું મોસંબી ને શું કહેવાય? ફ્રુટ-ફ્રુટ. એને લઈને રહેતું હશે શરીર સારું? આને ઈ કહેવું છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રજકણની અવસ્થા છે. એમાં શું હોય? ધૂળની અવસ્થાને શું કરે? પરમાણુની અવસ્થા છે રજકણ. એ અવાજ કરે કોણ? કંઠનો ધ્વનિ ઉઠે એ રજકણ છે અહીં પરમાણુ છે આ? એની અવસ્થા થાય એનો ધ્વનિ એનો. આત્મામાં ધ્વનિ છે આ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. ધ્વનિ એમાંથી રજકણો આવતા હશે ધ્વનિ? આ તો ઉતરે છે અંદર સંભળાય છે. આત્મા સંભળાય એવો છે? આ તો અરૂપી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ બધું રજકણનું આવવાનું થાય. એ તો બોલે છે ને આપણે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'એલચી, વરિયાળી ને દ્રાક્ષ જો કાયાનો ખપ કરે પાંચેય વસ્તુ રાખ.' ધૂળમાંય નથી સાંભળને હવે. ગધેડાને ખવરાવ જોઈ. દૂધ ને સાકર અવાજ એં.. એં.. નીકળશે. સમજાણું કાંઈ? દ્રાક્ષ ખવડાવે લ્યો ને. દૂધ ને દ્રાક્ષ અને માવો ને મેવો. ગધેડો તો અવાજ કરશે ઈ કરશે. એ તો રજકણની અવસ્થા એની છે. ઈ નવી ક્યાંથી આવશે? આહાહા..! ભારે ભ્રમ જગતને. ઓલામાં આવે છે ને પછી? 'આંબલીને તેલ.. પાંચેય વસ્તુ મેલ.' એવું આવે છે ને? દૂધ, મરચા ને આંબલી. તેલ, મરચુ ને આંબલી.

મુમુક્ષુ :- હિંગ, મરચુ ને આંબલી.

ઉત્તર :- હિંગ, મરચુ ને આંબલી. સોપારી ને તેલ. એ બધું નાની ઉંમરમાં બહુ શીખેલા સાંભળેલું. લોકો વાતું કરતા હોય. ગુણ ગાવાનો ખપ કરે પાંચેય વસ્તુ મેલ. ગાવાના રજકણ એ તો ધૂળની અવસ્થા છે. આ કાંઈ આત્માની છે? આ અવાજ નીકળે એ ધૂળનો છે. આત્માનો છે? આત્મા તો અરૂપી છે. જ્ઞાનઘન છે. એનામાં આ રજકણ તો ધૂળ દેખાય છે આ. આ દેખાય એ ચીજ છે એ? એ તો અરૂપી છે. ભારે ભ્રમ જગતને. મુનિઓ પણ એમ માને કે આ ઉપદેશની ક્રિયા હું કરી શકું છું, ભાષા હું કરું છું, જેવો કંઠ કાઢવો હોય એવો કંઠ બોલી શકું છું. હળવે તો હળવે. તાણીને તો તાણીને. એવા અવાજની ક્રિયા શરીરની મારી છે એમ માને તે મૂઢ જીવ છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે કહે છે કે બધાને છોડવું પડશે. ઈ કહે છે. સાધુ નામ ધરાવીને પણ આવું માને તો મૂરખ છે કહે છે. તો પછી બધા મૂરખ બીજા તો હોય જ ને. એમ કહે લૌકિકને કહે છે. ઘણાને એમ છે ને? મોટો ત્યાગી થઈ જાય તો એમ જાણે આહાહા..! આમ ભાષણ આપીએ ને આમ ભાષણ કરીએ. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગા કરીએ, આમ કરીએ. ધૂળેય નથી. તું તો આત્મા છો. ભાષા તો જડની છે. તારી ક્યાં હતી તે તું બોલ? આહાહા..! એ અંદર હોય ને મરતા નથી થઈ જતું? ભાઈ, વાચા બંધ છે એમ કહે છે કે નહિ? એમ બંધ છે કે આત્મા બંધ છે એમ કહે છે? વાચા બંધ છે. વાચા નીકળવાની જડની હતી એ વાચા બંધ થઈ ગઈ. જડ બંધ થઈ ગયું. આત્મા તો ભિન્ન છે અંદર. એ તો ક્યાં જાય? સમજાણું કાંઈ? વાચા બંધ છે, ભાઈ વાચા બંધ છે. બોલશો નહિ. પ્રભુભાઈને લ્યોને, પ્રભુભાઈ હતા ને? લ્યોને. સાધ્ય આવી પણ વાચા ન કરી શકે. જડની અવસ્થા થાવાની એ કોણ કરે? બેસવી જગતને કઠણ પડે. જ્યાં હોય ત્યાં ચૈતન્ય અને જડ બે એક માન્યા છે ને. જુદું માનવું (કઠણ પડે).

**'ભાવાર્થ :- જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય...'**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ. સાધુ થયા હોય, દિગંબર સંત જંગલમાં વનમાં રહેતા હોય. '**તોપણ લૌકિક જન જેવા જ છે;...**' સમજાણું કાંઈ? લૌકિક માણસો જેમ બોલે છોકરો કે અમે આમ કરીએ, કુંભાર કહે કે અમે ઘડો કર્યો. સમજ્યા ને? ઘાંચી કહે, અમે તલમાંથી તેલ કાઢ્યું, આ બાયડીયું કહે કે મેં આ રાંધી દીધું, મેં આ રાંધ્યું, ફલાણું કર્યું, ઢીંકણું કર્યું, જેમ લૌકિકો કર્તા માને છે એમ આ મૂઢ જીવ પણ પરનો કર્તા માને છે. એક સરખા છે. એક વર્ગમાં બેસનારા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે...**' જોયું! '**અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો-**' એનો હું કર્તા... એનો હું કર્તા.. તું એનો કર્તા થયો. બેય સરખા થઈ ગયા. '**એમ બન્નેની માન્યતા સમાન થઈ. માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી,...**' પરને કર્તા માને છે ત્યાં સુધી એની મુક્તિ થતી નથી. તેમ મુનિઓને પણ મોક્ષ નથી. એને ધર્મ થતો નથી. અધર્મ થાય છે એમ કહે છે. આહાહા..!

'**જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ,...**' જે કર્તા થશે એના કાર્યના રાગ કરશે. તો રાગનું ફળ એને ભોગવવું પડશે. '**અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?**' રાગ કરે કે મેં આનું કર્યું.. આનું કર્યું.. આનું કર્યું. રાગ કરશે એનુ ફળ ભોગવવું પડશે, ચાર ગતિમાં રખડવું પડશે એને. આત્મા ચૈતન્યમૂર્તિ રાગ કરે નહિ, પરનું કરે નહિ, હું તો જ્ઞાનસ્વરૂપ છું. એવું ચૈતન્યનું અંતર ભાન કરતાં ધર્મ થાય. એને મુક્તિ થાય, એને સંસાર રહે નહિ. કહો, સમજાણું કાંઈ? આવી વાત છે પણ હવે પંડિતોને કેમ બેસતી નથી? મુનિઓને બેસતી નથી. શું કરે? ભણ્યા ગણ્યા.

'**હવે, પરદ્રવ્યને અને આત્માને કાંઈપણ સંબંધ નથી,...**' લ્યો! ભગવાન આત્મા અને આ શરીર જડ એને કાંઈ સંબંધ નથી. એ તો પરમાણુ સ્વતંત્ર માટી જગતની ચીજ. '**માટે કર્તાકર્મસંબંધ પણ નથી-એમ શ્લોકમાં કહે છે :-**' ૨૦૦ શ્લોક છે કળશ માથે ૨૦૦. કળશ છે.

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।**
**कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।।२००।।**

'**શ્લોકાર્થ :- પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય સંબંધ નથી;...**' લ્યો! અહીં તો બધોય સંબંધ નથી. ઓલો નિમિત્ત નૈમિત્તિક સંબંધેય નથી. સંબંધ જ એને ગણવામાં આવ્યો નથી. એ તો જુદાપણું છે. એની સાથે શું? આહાહા..!

મુમુક્ષુ :- કર્તાકર્મપણું નથી એમ બતાવે છે.

ઉત્તર :- અહીં નથી પણાનો અર્થ જ એ છે કે એની સાથે સંબંધ જ નથી. એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અર્થ આત્મા અને શરીર જડ, માટી, સ્વતંત્ર પરમાણુનો પિંડ મોટો. એકલું તત્ત્વ અને આ અનંત રજકણો. ક્યાંનું ક્યાં થાય, જુઓને. એને બધું ખાળવાની ધ્યાન રાખે ત્યાં આ. એ અહીં કેમ થયું? કો'કને વળી પેટમાં થાય, કો'કને વળી લીવરમાં થાય, કો'કને વળી અહીં થાય. આહાહા..! એ રજકણો જે બદલવાના હોય એને કોણ ફેરવે? ડોક્ટરને પણ થાય છે ને કેન્સર. મરી જાય ડોક્ટર પણ. એના શરીરના રજકણોની અવસ્થા શરીર રજકણને કારણે (થાય છે). એને ખબર ક્યાં છે? સડીને ઊભું હોય આમ. આહાહા..!

એક માણસ જીવતો હતો અને ગધેડા જેવી ગંધ મારતી હતી. સડી જાય. નથી આ પાછળ થાતું? પાઠુ. એવું ગંધાતું હતું. વનમાળી શેઠને થયું હતું. ઉમરાળા. વનમાળી શેઠને થયું હતું. .. બિચારા માથે બેસતા. .. ઝટ ઝટ ખાઈ લે. નહિતર એટલું ગંધાય કે ખાતા ખાતા ઊલટી થાય પોતાને. એવું શરીર સડી ગયેલું. વનમાળી શેઠ હતા ને. .. આ બધું સડી ગયું. એટલે રોટલી-દાળ ખાઈ શકે નહિ. વાર લાગે ને? ગંધ મારે. એટલું ગંધ મારે. એકદમ ... ... આ શરીર .. આત્માએ કર્યું છે એને? .. મને ખબર છે ને. અમે જોવા ગયા હતા ને. સાકરચંદ છે એ દિગંબરના મુનિ. એવું રૂપાળું શરીર હતું, સોનાના બટન અને સોનાની કડી અને આ સડી ગયું બધું. અમે ગયા હતા ને છેલ્લે. સાકરચંદ દિગંબર મુનિ. પાલિતાણા. ... આ સડી ગયેલું, બધું સડી ગયેલું. આહાહા..! એ બાપુ! રજકણ છે એની ખબર નથી. પૂર્વનું કર્મ તો એને નિમિત્ત છે. બાંધેલા કર્મો હવે એનું નિમિત્ત છે. રજકણોની તે વખતની અવસ્થા સ્વતંત્ર થવાને લાયક છે. આહાહા..!

ગઢડામાં હતા એક અમારા નાનચંદ શેઠ. નાનચંદભાઈ લાઠીવાળા નહિ? બહુ પ્રસિદ્ધ. નાનચંદભાઈ સૌને લઈ ગયેલા. ઘણા લાખોપતિ. બધા ૨૫-૨૫, ૩૦-૩૦, ૪૦-૪૦ લાખના આસામી છે. આ ઘાસતેલના વેપારી. મોટા ઘણાં વર્ષથી. મારી દીક્ષા પહેલાના એ લોકો. અહીં તો .. નાનચંદભાઈ હતા એના અગ્રેસર. નાનચંદ પારેખ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. .. બધાને લઈ ગયેલા. એની વહુને અમે જોયેલી. બહુ સારી. આ બધું સડી ગયેલું. પૈસા લાખો, અનેક લાખો. છોકરો એકનો એક, બધું કરે. કાંઈ ઈલાજ જ ચાલે નહિ. એક ફેરી .. વહોરવા ગયેલો ને, મોઢું બતાવ્યું. આ બધું કટકા થઈ ગયેલું. બધા લાલ કાણા દેખાય. કાણા જ પડી જાય, ગમે તેટલું કરો તોપણ કાણાં જ પડી જાય અંદરથી. એ રજકણોનો એ જ પર્યાય થવાનો સ્વભાવ છે. તેમાં દવા કાંઈ કામ કરે નહિ. પૈસા એટલા ખરચે. લ્યો! મકાન... સમજાણું? શું કરે? ભાઈ! એ રજકણ છે ભાઈ! તને ખબર નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક એક પરમાણુના અનંતા રંગ-ગંધ આદિ શક્તિઓ ગુણ છે. એનું સમયે સમયે અવસ્થા જે પર્યાય જે કાળે, જે પ્રકારે થવાની તે થવાની, થવાની ને થવાની. એ તારે કારણે અટકે કે તારે કારણે બને એમ છે નહિ. આહાહા..! બાઈ પણ બિચારી બહુ નરમ હતી. હરગોવિંદની બહેન હતી. દામનગરવાળા. પણ આ. ઘણાં લાખો તો એને કાંઈ નહિ હોં. લૂગડા સાદા પહેરે બિચારી. આ બધું સડી ગયેલું. આ વસ્તુ જ નહિ. કટકા થઈ ગયેલા. કોણ જાણે શું થયું. કટકા કટકા થઈને નીકળવા જ માંડે. અહીં સુધી આવેલા કાણા. અહીં સુધી કાણા આવેલા. બોલવાની બોલવાની ભાષા જ નહિ, હોઠ ખવાઈ ગયા, કટકા થઈ ગયા. ખલાસ.

ભાઈ! રજકણોની અવસ્થા છે તે પ્રમાણે પરમાણુનો તે અવસ્થા થવાનો કાળ છે. તેને આત્મા શું કરે? એ ડોક્ટર પણ શું કરે અને આત્મા બીજો શું કરે અને દવા એને શું કરે? એક દવા બીજી પર્યાયને કરે શું? એમ કહે છે. આહાહા..! દૃષ્ટિ ઉઠાવી દે પરની કર્તાપણાની. દૃષ્ટિ પરથી ઉઠશે તો તારું સ્વરૂપ શું એ ઉપર તારી દૃષ્ટિ જશે. હું છું કોણ પણ ત્યારે? આ પરનું કાંઈ કરી શકું નહિ. એ એને કારણે થાય. તો હું છું કોણ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે. એના ઉપર દૃષ્ટિ જતાં પરનું કર્તાપણું અને રાગનું કર્તાપણું બેય ઊડી જાય. એનું નામ ધર્મ અને મુક્તિનો માર્ગ કહેવાય છે. ભારે કઠણ જગતને. મોટી એની તકરારું હવે. મોટા ભણેલા અમે. આવા બે પુસ્તકો બહાર પડ્યા એમાંથી ચર્ચા કાઢે. બીજા ભાગમાં આ ઉત્તર આપ્યો છે, પહેલો આ આપ્યો છે, ત્રીજો આ ઉત્તર. બેયનો મેળ નથી. સોનગઢના પક્ષના પંડિતોનો. અરે..! ભગવાન! શું કરે છે? પ્રભુ! તને... આહાહા..! કાંઈક જાણપણાનો ભાવ આવ્યો ને તો એનું અભિમાન. ક્ષયોપશમ કાંઈક થયો (હોય તો એનું અભિમાન). અરે..! ભગવાન! એટલી એક સમયની પર્યાય પરલક્ષી, એ તો બંધનું કારણ છે. આત્માના અંતર સ્પર્શ થયા વિના જે જ્ઞાન થાય એ બધું જ્ઞાન જ નથી. આહાહા..!

પ્રભુ તો ચિદાનંદ મૂર્તિ છે ને, એકલો જ્ઞાનનો રસ છે ને. એની શક્તિમાં અપારપણું છે. એને સ્પર્શીને જ્ઞાન થાય તે જ્ઞાન. બાકી બધા અજ્ઞાન. એમાં આ ઠેકાણે આટલા. હજી કર્તાપણાના ઉઘાડમાં આમ કહ્યું છે, શાસ્ત્રમાં આમ કહ્યું છે. ભાઈ! બાપુ! વાદવિવાદ રહેવા દે. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' ધર્મમાં આ વાદવિવાદ શા? ભાઈ! તને ખબર નથી. આહાહા..!

કહે છે, '**પરદ્રવ્ય અને આત્મતત્ત્વને...**' છે ને? અર્થ. '**આત્મતત્ત્વને સઘળોય સંબંધ નથી;...**' કહો, હવે શું આમાં? છે અર્થ? એ શ્લોકનો અર્થ છે કે નહિ? ભાઈ મોહનભાઈ! બતાવ્યું? ક્યાં? બોલો જોઈ અર્થ.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- બરાબર. બરાબર. એ એ. બસ. આવ્યું છે કે નહિ?

પરદ્રવ્ય એટલે આ પરવસ્તુ બધી. આ શરીરાદિ બધું પરવસ્તુ કહેવાય. આત્મા ભિન્ન છે એનાથી. આત્માને અને આ પર શરીર, વાણી, મન, આ પૈસા દાળ-ભાત, આ મકાન-બકાન ધૂળ. પરવસ્તુને અને આત્માને સઘળોય એટલે '**(અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...**' ભિન્ન ભિન્ન તત્ત્વ છે. તારે ને એને કાંઈ મેળ નથી. લોકો આપણે કહે છે ને શેઢે ને શું? શેઢે ને સીમાડે મેળ નથી. અમારે ને એને શેઢે ને સીમાડે મેળ નથી. શેઢ ને સીમાડો નજીક હોય કે આ ખેતર. અમારે તો કાંઈ શેઢે ને સીમાડે નથી.

'**એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...**' એમ કહે છે. જ્યારે આત્માને અને પરવસ્તુની કોઈપણ ક્રિયા. દીકરા થાય ને બાયડી-છોકરા થાય. ભગવાન દીકરા આપે પાછા. આવા ને આવા તે કાંઈ મૂઢતાની તે... એનો હરખ મનાવે દીકરાનો. અરે..! દીકરો કે દિ' હતો? એ તો એનો આત્મા અને એના શરીરના રજકણો તો સ્વતંત્ર આવ્યા છે. તારે દીકરો કેવો? દીકરો આત્માને હોય? એ દીકરાનો કર્તા થાય એ મૂઢ છે એમ કહે છે. મેં થયું તો દીકરો કર્યો. તું શું કરે? પણ એ તો આત્મા છે. એ આત્મા તેં કર્યો છે? એના શરીરના રજકણો જડ છે. એને તેં કર્યા છે? આહાહા..! રાગ કર્યો હતો અજ્ઞાનમાં. એ તો એને કારણે આત્મા અને શરીર બે ભેગા થઈને દીકરા તરીકે આવ્યો. પણ ત્યાં વળગે છે. મારો દીકરો. જુઓ મારી સિકલ છે એ બધી આવી છે ત્યાં. તારી સિકલ, તારી સિકલ જડની સિકલ તારી છે? આવા. આ જડની સિકલ તારી છે? આ તો માટી ધૂળ છે. આવી સિકલ મારી છે. તું આત્મા ત્યાં ગરી ગયો? આ જડની સિકલમાં તું આત્મા ગરી ગયો? આ તો માટીની સિકલ છે. પણ અભિમાન તે કેટલા આવ્યા? ચૂર ચૂર કરી નાખ્યો આત્માને આવા અભિમાન દ્વારા. કહે છે કે કાંઈ સંબંધ નથી.

'**કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...**' તો પરના કાર્ય મારા અને હું એનો કર્તા એ તો એમાં છે નહિ. '**આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?**' લ્યો! હવે આટલી તો વાત કરે છે. ઓલો કહે નહિ. પરદ્રવ્યનો કર્તા ન માને તો આમ નહિ. અરે..!

મુમુક્ષુ :- જગતની વાત છે.

ઉત્તર :- એમ જ ચાલે, જગત તો એમ જ છે. ઓહોહો..! પ્રભુ! તું ક્યાં છો ભાઈ? પરના પરમાણુઓ જગતના નથી? અને પર આત્માઓ નથી? અને છે તો તે ટકીને બદલે છે એ તારાથી થાય છે? કે પોતે ટકીને બદલે છે? ભાઈ! તારાથી કાંઈ થતું નથી પરનું. માને છો એ મિથ્યા ભ્રમ છે. '**આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?**' આત્મા પોતા સિવાય પરવસ્તુનું કાંઈ કરે ભલું-ભૂંડું. એ ક્યાંથી હોય? આહાહા..!

**'ભાવાર્થ :- પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી,...'** વસ્તુ સ્વતંત્ર છે. અજીવ સ્વતંત્ર છે. એ જીવ બીજા એ સ્વતંત્ર. કહો, મેં આને શીખવ્યું તો આ જ્ઞાન થયું, મેં આને આમ કર્યું તો એને જ્ઞાન થયું. એ પર જ્ઞાનનો પરની અવસ્થાનો કર્તા થાય. મારી પાસે શીખ્યો ને પાછું મારું અપમાન? શીખ્યો ક્યાં? ભાઈ! એની પોતાની અવસ્થા અજ્ઞાનપણે પણ પર્યાય આવે એ અંદરથી આવે છે. એ કાંઈ બહારથી નથી આવતી. એ શબ્દોથી નથી આવતી. શબ્દોથી આવે છે કાંઈ? સાંભળવાથી આવે છે? અંદર પર્યાય આવે છે એ દ્રવ્યમાંથી આવે છે. એ જાતની યોગ્યતા પ્રમાણે આવે છે. એમાં તેં એને શું કર્યું? તારાથી એમાં શું થયું? કાંઈ સંબંધ નથી. પરદ્રવ્યમાં બધું આવી ગયું. આત્માને અને પરદ્રવ્યને એટલે બીજા આત્માઓ અને બીજા પરમાણુઓ-રજકણો. એનું કર્તાપણું કાંઈ પણ સંબંધ નથી.

**'તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય?'** હવે ઓલો ઘણાં ઓરતા કરે. અરે..! મેં આટલું શીખવ્યું, તમને આ પુસ્તકો આટલા આપ્યા. સમજ્યાને? બીજાને ન આપતા તમને આપ્યા. જુઓ! અમારા ઉપકરણો બીજા સારા હોય એ તમને આપ્યા. તમને કેટલા પાળીપોષીને મોટા કર્યા. છોકરાને પાળીપોષીને મોટા કરતો હશે એનો બાપ. ભણાવ્યું કર્યું નથી? કરતા હશે કે નહિ? નહિ? અહીં તો કહે છે કે એ પરદ્રવ્ય અને પરદ્રવ્યમાં બધા હોં! બીજા આત્મા આદિ. આ આત્માને અને પર આત્માને, આ આત્માને અને આ શરીર, રજકણો જડને કાંઈ સંબંધ નથી. તો પછી તેમને કર્તાકર્મ સંબંધ કઈ રીતે હોય?

**'એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** સમજાણું કાંઈ? કહો, આ ગામને સુધારી શી રીતે શકે? દેશને સુધારી શી રીતે શકે? એમ કહે છે. આ ઓલા પંચશીલ ને કહે છે ને? અમે બરાબર રસ્તા બાંધી દીધા, કૂવા કરી દીધા, ફલાણા કરી દીધા.

મુમુક્ષુ :- આ રહી, અહીં સીમેન્ટની સડક થઈ ગઈ.

ઉત્તર :- સીમેન્ટની સડક નહોતી અને થઈ. અહીં પણ નહોતી. આ જુઓને હમણાં થઈ ને આ? પાલીતાણાની. એ તો એના પરમાણુને કાળે થઈ. એ કરે કોણ? એમ કહે છે અહીં. આરે.. આરે.. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- કરનારનો ઉપકાર પણ ન માનવો?

ઉત્તર :- શેનો ઉપકાર? અભિમાની હતા ત્યાં ઓલા કરનારા. અમે કર્યું.. અમે કર્યું. ઢેબરભાઈને કહ્યું હતું એક ફેરી. વાત તો સાચી લાગે છે. તર્કશુદ્ધ છે. વળી પાછું ફરી જાય. વાત તો તર્કશુદ્ધ ન્યાયથી લાગે છે. એ તો ત્યાં (સંવત) ૨૦૧૦ની સાલ, રાજકોટ. વળી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાછું કહે, નિમિત્ત તો થઈએ. અહીં પ્રશ્ન કર્યો હતો. આ ઓલા પત્રકાર બધા બેઠા હતા. રામજીભાઈ હતા, નારણભાઈ હતા. આ શરીરનો અમારે સદ્‌ઉપયોગ શી રીતે કરવો? એમ પ્રશ્ન કર્યો ઢેબરભાઈએ. અહીં આવ્યા હતા, અહીં લીંબડા નીચે. ૧૫ની સાલ બેઠી આઠ વર્ષ થઈ ગયા. અરે..! શું કહો છો આમાં તમે? શરીરનો સદુપયોગ થાય આ ધૂળનો. આ તો માટી છે. એનો સદુપયોગ કરવો હશે. પરની સેવા-બેવા આનાથી થાતી હશે? બોલે નહિ. તે દિ' પણ તાવ હતો થોડો. તાવ હતો તે દિ' ભાઈ આવ્યા ત્યારે. વર્ષ બેસતાને દિ' આવ્યા હતા. ૧૫ની સાલમાં.

આ આત્માને પરદ્રવ્યનું કાંઈ કર્તાપણું કેમ હોઈ શકે? સમજાણું? હોઈ શકે નહિ. હવે બીજી વાત આ લેશે. કે લોકમાં બોલાય છે ને? આણે કર્યું... આણે કર્યું... બોલાય છે એથી કરીને થઈ ગયું? લોકો તો એમ પણ બોલે કયું ગામ? રાજકોટ. તો રાજકોટ હશે તારું? ઝૂંપડું પણ ન હોય. એમ કહે, ક્યુ ગામ તમારું? રાજકોટ અમારું. અમારું થઈ ગયું રાજકોટ તારું? એમ પરદ્રવ્યનું કર્તાપણું ભાષા આવે કે આ તો ગામ... ભાષા આવી તો થઈ ગયું તારું? એ વિશેષ ખુલાસો કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પાઠકોની નોંધ માટે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com